# પ્રસાદ નં. ૨૦૨

## પ્રવચનસાર ગાથા ૨૪૩

(વૈશાખ વદ ૧, મંગળવાર)

## અજ્ઞાની પરમાં એકત્વબુદ્ધિ કરે છે તેથી મોહી-રાગી-દ્વેષી થાય છે.

આત્મા શરીર, કર્મ વગેરેથી જુદો છે, વિકાર તેનું ખરું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ આત્માને અગ્ર કરી તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરતો નથી, જાણનાર–દેખનારની શ્રદ્ધા નથી તે જીવ શરીર, મન, વાણી, દયા- દાન વગેરે જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે. આત્માના ભાન સહિત વ્યવહાર હોય તે જુદી વાત છે છતાં ધર્મીને રાગાદિની ભાવના નથી. અજ્ઞાની જીવ તો વ્રત કરું, પૂજા કરું તો ધર્મ થશે તેમ માને છે. આમ અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને જાણતો નથી. પોતામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, પુરુષાર્થ ભરેલાં છે એવી શ્રદ્ધા નથી તેથી જ્ઞાનથી ભ્રષ્ટ થતાં અજ્ઞાની થાય છે. જ્ઞાનીને પરપદાર્થ નજીક લાવું કે દૂર કરું એવો અભિપ્રાય નથી જ્યારે અજ્ઞાનીને તો આ ચીજ દૂર કરું, આને લાવું એમ ભ્રાંતિ સેવી મોહી-રાગી-દ્વેષી થાય છે. પરપદાર્થો આવવા કે ન આવવા તે જીવને આધીન નથી. તે જ્ઞેયો તો જ્ઞાનમાં જણાવા યોગ્ય છે છતાં જીવની હોંશિયારીથી પૈસા આવે છે એમ અજ્ઞાની માને છે. કોઈ પદાર્થ કહેતો નથી કે 'મારું રક્ષણ કર.' જડ કર્મ અજ્ઞાનીને કહેતું નથી કે 'તું અજ્ઞાની થા' પણ અજ્ઞાની જીવ સદાય પરમાં તત્પર રહે છે ને સ્વની તત્પરતા ચૂકી જાય છે. અનુકૂળ પદાર્થો નજીક હોય તો ઠીક ને પ્રતિકૂળ પદાર્થોને દૂર કરું એમ રાગ-દ્વેષ કરતો બંધાય છે. કર્મને લીધે રાગ-દ્વેષ થાય છે એમ કહ્યું નથી, પણ પોતે પોતાના અજ્ઞાનને કારણે રાગ-દ્વેષ કરે છે તેથી બંધાય છે પણ મૂકાતો નથી. બીજા શાસ્ત્રોમાં કર્મનું નિમિત્ત તરીકે જ્ઞાન કરવા લખાણ હોય છે. જીવ વિકાર કરે છે ત્યારે કર્મ નિમિત્ત છે તે જ્ઞાનના સ્વ-પર પ્રકાશક સ્વભાવની પુષ્ટિ કરે છે પણ કર્મે વિકાર કરાવ્યો એમ કોઈ શાસ્ત્ર કહેતું નથી. જેને સ્વની ભાવના નથી તે પરદ્રવ્યની ભાવના કર્યા વિના રહેતો નથી. પરને સમજાવું, પરથી સમજી જાઉં એમ માનનાર પોતે જ્ઞાનસ્વભાવી છે તેને ચૂકીને પરમાં રોકાઈ જાય છે તેથી નવાં બંધનથી છૂટતો નથી. આથી પર તથા વિકલ્પ વગેરેમાં એકાગ્ર થવું તેને મોક્ષમાર્ગપણું સિદ્ધ થતું નથી. ।।૨૪૩।।

હવે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેને એકાગ્ર કરી તેમાં લીનતા કરવી તે મોક્ષમાર્ગ છે, એમ આચાર્ય ભગવાન ઉપસંહાર કરે છે :—

## <u>ગાથા ૨૪૪</u>

**નહિ મોહ, ને નહિ રાગ, દ્વેષ કરે નહિ અર્થો વિષે,**
**તો નિયમથી મુનિરાજ એ વિધવિધ કર્મો ક્ષય કરે. ૨૪૪.**

અન્વયાર્થ :—જો શ્રમણ પદાર્થોમાં મોહ કરતો નથી, રાગ કરતો નથી, દ્વેષ કરતો નથી, તો તે નિયમથી (ચોક્કસ) વિવિધ કર્મોને ખપાવે છે.

## <u>શરીર વગેરે સંયોગી પદાર્થોમાં સુખદુઃખ નથી પણ મિથ્યામાન્યતા તે દુઃખ ને સંસાર છે.</u>

આત્મા ને શરીર ભિન્ન છે, શરીર જડ છે, છતાં શરીરથી સુખ માનનાર પોતાને નમાલો—સુખ વગરનો માને છે, ને ચૈતન્યસત્તામાં શાંતિનો અભાવ માને છે. શરીર સુખમાં કામ આવે છે એવી માન્યતા હોય તો શરીર ચાલ્યું જતાં જીવ દુઃખી થઈ જવો જોઈએ પણ અશરીરી સિદ્ધ તો પરમ સુખી છે. શરીર જડ છે. તેની અવસ્થાથી આત્મામાં કાંઈ થતું નથી. છતાં <u>શરીરમાં ફેરફાર થતાં મારામાં થયો એવી અસત્ કલ્પના તે દુઃખદાયક છે.</u> પોતે જાણનાર—દેખનારરૂપે ન રહ્યો. શરીરની સાથે આત્માને એકતા નહિ હોવા છતાં શરીરની સાથે એકતા માની છે તે દુઃખ છે. વળી પૈસામાં સુખ હોય તો પૈસામાં સુવડાવી દ્યે તો ખૂબ સુખી થવો જોઈએ. પૈસાનો આત્મામાં અભાવ છે. અભાવનો ભોગ કેવી રીતે કરી શકે ? તે પ્રત્યેના રાગનો ભોગ કરી શકે. એક આત્મામાં બીજા આત્માનો તેમજ બીજા જડ પદાર્થોનો અભાવ છે. અભાવ છે માટે પૃથક્તા રહે છે. પરને કોઈ ભોગવતું નથી, પણ પરને ભોગવવાનો ભાવ દુઃખ છે. વળી તે ચીજો સંયોગી છે. જેટલો વખત આત્મા રહે તેટલો વખત તે ચીજો રહેતી નથી. જો તેમાં સુખ હોય તો તે વસ્તુ છૂટી જતાં સુખ છૂટી જવું જોઈએ, ને તેમ હોય તો મુનિઓને તથા સિદ્ધોને સુખ છૂટી જવું જોઈએ. પણ એમ બનતું નથી. માટે જે જીવો પર વસ્તુમાં સુખ માને છે તે બધા દુઃખી છે. સ્વની તત્પરતા ચૂકી પરની તત્પરતા કરે છે તે જ પરાધીનતા છે. પરપદાર્થો જ્ઞાનમાં જણાવા યોગ્ય છે ને આત્મા જાણનાર છે. પણ 'હું એનો છું ને એ મારા છે.' એવી ઊંધી માન્યતાથી સંસાર ઊભો કરે છે.

## <u>ધર્મી જીવ મિથ્યામાન્યતા કરતો નથી તેથી તેને મોહ-રાગ-દ્વેષ થતા નથી.</u>

જ્ઞાની જીવ ઊંધી કલ્પના કરતો નથી. જ્ઞાની પરપદાર્થને ભિન્ન માને છે. આત્માનો સ્વભાવ જાણવા-દેખવાનો છે. શરીર, મન, વાણીમાં ધર્મી જીવ એકત્વબુદ્ધિ કરતો નથી, પરપદાર્થમાં તત્પર થતો નથી, પરપદાર્થની અવસ્થા

થાય તેને જાણે છે પણ પર મારાથી તેની અવસ્થા થાય છે એમ જ્ઞાની માનતો નથી. શરીર, કર્મ વગેરે પરપદાર્થો મારા વિષે નથી, હું પરપદાર્થો વિષે નથી. બન્ને પૃથક્ છે. તેથી ધર્મી જીવ મોહ કરતો નથી તેને એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ થતા નથી. અહીં ગાથામાં મુનિની પ્રધાનતાથી વાત કરી છે. મુનિ અસ્થિરતાના રાગ-દ્વેષ પણ કરતા નથી, તેથી બંધાતા નથી.

## બધા સંયોગામાં ધર્મી જીવ જ્ઞાનસ્વરૂપ આત્માની જ ભાવના ભાવે છે.

ટીકા :—જેમ સાકરનું સ્વરૂપ ગળપણ છે, અફીણનું કડવાશ છે તેમ આત્માનો સ્વભાવ જ્ઞાનાત્મકપણું છે. જ્ઞાની એક જ્ઞાનસ્વરૂપ આત્માને જ ભાવે છે. જેને જેની ભાવના હોય તે તેને નિરંતર ભાવે છે. સંસારની ભાવનાવાળા પૈસા મળજો, બૈરાં મળજો, દીકરા મળજો, એવા સંયોગી પદાર્થની ભાવના ભાવે છે. જેની ભાવના ભાવે તેમાં તે તત્પર થાય છે. જ્ઞાનીને તે પદાર્થોની ભાવના હોતી નથી તેને તો એકલા જ્ઞાનસ્વભાવની જ ભાવના છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને ગૃહસ્થદશામાં અલ્પ શુભાશુભ ભાવો હોવા છતાં સંયોગો ને સંયોગીભાવોની ભાવના નથી. તેનો તે સ્વામી થતો નથી, રાગ કર્યો માટે પરમાં ફેરફાર થઈ જશે એમ ધર્મી માનતો નથી. રોગીને દવા પીવી પડે છે પણ કાયમ દવા પીવાની ભાવના નથી. રોગ હોય ત્યાં સુધી દવા લ્યે છે ને નીરોગતા થતાં દવા લેતો નથી તેમ ધર્મી જીવને નબળાઈને લીધે શુભાશુભ ભાવો થાય છે પણ તેની ભાવના ભાવતો નથી. રાગને લીધે પરપદાર્થ ઉપર લક્ષ જાય છે પણ પરથી પોતામાં કાર્ય થાય ને પોતાના રાગથી પરમાં કામ થાય તેમ તે માનતો નથી. જ્ઞાની દરેક વખતે પોતાના જ્ઞાનસ્વભાવને અગ્ર કરે છે, પરને તથા વિકારને અગ્ર કરતો નથી ને જ્ઞાનમાં જે જે જ્ઞેયો જણાય છે તે તે જ્ઞેયોનો આશ્રય કરતો નથી પણ જ્ઞાન સ્વભાવનો જ આશ્રય કરે છે.

## વર્તમાન લૌકિક જ્ઞાનનો ઉઘાડ પૂર્વના કારણે છે, તે વર્તમાન પુરુષાર્થનું ફળ નથી.

અજ્ઞાની જીવને પોતાના જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન નથી તેથી તે પરમાં સુધાર—બગાડ કરવા ઇચ્છે છે. ને જ્ઞાન પોતાથી થાય છે તેમ નહિ માનતાં પરથી જ્ઞાન થવું માને છે. તે કહે છે કે આ વસ્તુ પ્રત્યક્ષ અમોએ કરી દેખાય છે ને ? ભાઈ, તેં શું કર્યું ? તેં અભિમાન કર્યું છે. પરવસ્તુને આમ કરું ને તેમ કરું, તે તારા હાથની વાત નથી. ને પર વસ્તુને જાણવાનો જ્ઞાનનો ઉઘાડ દેખાય છે તે પૂર્વનો ઉઘાડ લઈને આવે છે, તે વ્યક્ત દેખાય છે. તે ઉઘાડ પરવસ્તુને લીધે થયો નથી

તેમ જ વર્તમાનમાં અશુભરાગ—ભણવાનો કર્યો માટે જ્ઞાનનો ઉઘાડ થયો એમ પણ નથી. વર્તમાન લૌકિક ભણતરનો ભાવ તો પાપભાવ છે. અજ્ઞાની માને છે કે અમોએ આટલી મહેનત કરી માટે આટલું ભણતર ચડ્યું. તો શું પાપભાવ કારણ ને જ્ઞાનની ઉઘાડદશા કાર્ય હોઈ શકે ? જો એમ હોય તો તમારી માન્યતા મુજબ વિશેષ પાપભાવથી વિશેષ જ્ઞાન થવું જોઈએ પણ એમ કદી હોઈ શકે નહિ. લૌકિક જ્ઞાનનો ઉઘાડ દેખાય છે તે બધો પૂર્વનો ઉઘાડ વ્યક્ત દેખાય છે. વર્તમાન પાપભાવથી ને જ્ઞાનસ્વભાવના નકારથી જ્ઞાનાવરણીય તેમ જ બીજાં કર્મો બંધાય છે.

## જ્ઞાનસ્વભાવી આત્માથી જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તેને યોગ્ય શાસ્ત્ર નિમિત્ત હોય છે.

વળી ધર્મને નામે પણ કોઈ કહે કે શાસ્ત્રથી જ્ઞાન થાય છે તો તે માન્યતા પણ મિથ્યા છે. ઘણા શાસ્ત્રો વાંચે તો જ્ઞાન થાય એવું વસ્તુસ્વરૂપ નથી. કોઈ પૂછે કે જો શાસ્ત્રથી જ્ઞાન થતું નથી તો સમયસાર કેમ લ્યો છો ને પદ્મપુરાણ કેમ લેતા નથી ?

**સમાધાન :**—ભાઈ, શાસ્ત્રો બધા પર છે. તેને આત્મા લેતો નથી તેમ જ છોડતો નથી. જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન પ્રગટ થાય છે. આત્મા શાસ્ત્ર અને શાસ્ત્ર તરફના રાગથી જુદો છે. જ્યારે જે પ્રકારની જ્ઞાનની લાયકાત હોય ત્યારે તેને યોગ્ય શાસ્ત્ર નિમિત્ત હોય છે. જે વખતે જે નિમિત્ત પોતાના કારણે આવે છે તેને જ્ઞાની જાણે છે પણ જ્ઞાની નિમિત્તને લાવતો નથી. પદ્મપુરાણ આવે તો અધ્યાત્મનું જ્ઞાન થાય નહિ ને સમયસાર આવે તો અધ્યાત્મનું જ્ઞાન થાય, એમ જ્ઞાન પરાધીન નથી. જ્ઞાનપર્યાય છતો પદાર્થ છે. તે જ્યારે છે ત્યારે જે નિમિત્ત હોય છે, તેનું જ્ઞાન કરે છે. અજ્ઞાનીની સંયોગદ્રષ્ટિ છે તેથી આ લીધું ને આ ન લીધું, એમ સંયોગોમાં ઘાલમેલની ભાવના કરે છે, તે જ અધર્મ છે.

## જે મુનિ મોહ-રાગ-દ્વેષ કરતો નથી તે કર્મોથી બંધાતો નથી.

જ્ઞાની સમજે છે કે વર્તમાન જ્ઞાન શાસ્ત્રને લીધે નથી પણ હું જ્ઞાનાત્મક છું, તેમાંથી જ્ઞાન પ્રગટે છે. પરપદાર્થો તેના કારણે આવે જાય છે, હું તેને લઈ મૂકી શકતો નથી, તેથી પરનો આશ્રય કરતો નથી. તે પોતાના આત્મજ્ઞાનથી ભ્રષ્ટ નથી એટલે કે સદાય જ્ઞાનસ્વભાવી રહે છે. કર્મ મંદ પડ્યાં માટે જ્ઞાની થયો એમ નથી પણ જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાનને કારણે જ્ઞાની રહે છે તેથી મોહ-રાગ-દ્વેષ કરતો નથી. પરનું અવલંબન લઉં તો લાભ થાય ને પરનું અવલંબન છોડું તો નુકશાન

થાય, એમ તે માનતો નથી. બહારના પદાર્થો અનુકૂળ કે પ્રતિકૂળ નથી પણ પોતાનો રાગરહિત ચૈતન્ય સ્વભાવ અનુકૂળ છે ને વિકાર પ્રતિકૂળ છે. સાચાં શ્રદ્ધા-જ્ઞાનને કારણે ધર્મી જીવને એકત્વબુદ્ધિના રાગ-દ્વેષ થતા નથી અને જે મુનિ વિશેષ સ્થિરતા લાવી મોહ-રાગ-દ્વેષરૂપે પરિણમતો નથી તે કર્મોથી બંધાતો નથી પણ મૂકાય છે.

અજ્ઞાની કર્મોથી બંધાય છે, જ્ઞાની કર્મોથી બંધાતો નથી. અહીં ચરણાનુયોગ છે. એટલે નિમિત્ત બતાવવું છે. મુનિ પોતાના સ્વરૂપમાં સાવધાન રહે છે તેથી તે બંધાતા નથી.

આ પ્રમાણે આત્મા ચૈતન્યસ્વભાવી છે એને એકને અગ્ર કરી તેમાં શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા કરવી તે જ મોક્ષમાર્ગપણું છે, તેમ સિદ્ધ થાય છે. ।।૨૪૪।।

## આ રીતે મોક્ષમાર્ગપ્રજ્ઞાપન સમાપ્ત થયું.

*

# પ્રસાદ નં. ૨૦૩

## <u>પ્રવચનસાર ગાથા ૨૪૫</u>

(વૈશાખ વદ ૩, બુધવાર)

હવે શુભોપયોગનું પ્રજ્ઞાપન કરે છે. તેમાં પ્રથમ શુભોપયોગીઓને શ્રમણ તરીકે ગૌણપણે દર્શાવે છે :—

**શુદ્ધોપયોગી શ્રમણ છે, શુભયુક્ત પણ શાસ્ત્રે કહ્યા;**
**શુદ્ધોપયોગી છે નિરાસ્રવ, શેષ આસ્રવ જાણવા. ૨૪૫.**

**<u>અર્થ :—</u>**શાસ્ત્રને વિષે (એમ કહ્યું છે કે) શુદ્ધોપયોગી તે શ્રમણ છે, શુભોપયોગી પણ શ્રમણ છે; તેમાંય શુદ્ધોપયોગી નિરાસ્રવ છે. બાકીના આસ્રવ છે (અર્થાત્ શુભોપયોગી આસ્રવ સહિત છે).

## <u>શુદ્ધોપયોગી ને શુભોપયોગીનું સ્વરૂપ.</u>

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. શરીર, મન, વાણી વગેરે પર છે. દયા-દાનાદિ વિકલ્પ ઊઠે છે તેનાથી રહિત અનાકુળ શાંત સ્વભાવની પ્રતીતિ થવી તે પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે. તે સમ્યગ્દર્શન થયા પછી શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા અથવા રમણતા કરવી તે નિશ્ચય સાધુ છે. તે સાધુને સ્વરૂપરમણતા વર્તે છે પણ રાગ વર્તતો નથી. તે શુદ્ધોપયોગી સાધુ અથવા નિશ્ચય સાધુ છે. વળી કોઈ મુનિને આત્માનું ભાન છે તેમ જ કેટલીક સ્થિરતા પણ છે. પરંતુ પાંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે. તે વિકલ્પના તેઓ સ્વામી નથી, પણ વિકલ્પને ટાળી શુદ્ધ સ્વભાવમાં ઠરવા માગે છે. તેથી તેમને વ્યવહાર સાધુ અથવા શુભોપયોગી સાધુ કહે છે. એકાગ્રતા અથવા મોક્ષમાર્ગના બે ભેદ કહ્યા. સાતમેથી સ્વરૂપમાં લીનતા વર્તે છે. વળી છઠ્ઠે પણ મોક્ષમાર્ગ છે. ત્યાં પણ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાયનો અભાવ થયો છે. એટલું ચારિત્ર પ્રગટ્યું છે તેથી છઠ્ઠે ગુણસ્થાને શુભ આસ્રવને ગૌણ કરી વ્યવહાર સાધુ કહેલ છે. અહીં ચારિત્રના નિશ્ચય અને વ્યવહારની વાત છે. દ્રષ્ટિનો નિશ્ચય—હું જ્ઞાનસ્વરૂપ છું, શરીરાદિ ક્રિયા કરી શકતો નથી, રાગ મારું સ્વરૂપ નથી એવી પ્રતીતિ તો ચોથે થઈ ગયેલી છે. અહીં તો તે ઉપરાંતની વાત છે. સ્વરૂપમાં રમણતા તે નિશ્ચય ને શુભ વિકલ્પ ઊઠે તેને વ્યવહાર કહે છે. ચારિત્રધર્મની વાત ચાલે છે. જેને નિશ્ચયદ્રષ્ટિનું ભાન નથી, ચોથું ગુણસ્થાન પ્રગટ્યું નથી, શરીરની ક્રિયાથી અથવા પુણ્યથી ધર્મ માને છે તે બહારથી પાંચ મહાવ્રતાદિ પાળતો હોય તો પણ તે વ્યવહાર સાધુ કહેવાતો નથી.

શુદ્ધ સ્વભાવનું ભાન થયા પછી જે મુનિ પોતાના સ્વભાવમાં લીનતા કરે છે તેને અનાસ્રવ કહ્યા છે એટલે કે તેમને મલિનભાવનું બંધન નથી. ને જે મુનિને સ્વરૂપનું ભાન હોવા છતાં સ્વરૂપમાં ઠરી શકતા નથી. તેથી મહાવ્રતાદિના વિકલ્પ ઊઠે છે, એટલો મલિનભાવ છે માટે બંધન છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે સમયસારમાં દ્રષ્ટિનું ભાન થયું એટલે ચોથે ગુણસ્થાને જ્ઞાનીને નિરાસ્રવ કહ્યા ને અહીં છઠ્ઠે ગુણસ્થાને મુનિને આસ્રવ સહિત કહ્યા. આનું શું કારણ ?

## સમ્યગ્દ્રષ્ટિ દ્રષ્ટિ અપેક્ષાએ નિરાસ્રવ છે. શુભોપયોગી મુનિ અસ્થિરતાની અપેક્ષાએ આસ્રવ છે.

**સમાધાન :—**અનાદિકાળથી જીવ શરીરની ક્રિયા ને પુણ્યમાં ધર્મ માનતો હતો. તે જીવને શરીર મારું નહિ, પુણ્યની ક્રિયા મારી નહિ, હું તો જ્ઞાનાનંદ સ્વભાવી છું એવાં શ્રદ્ધા–જ્ઞાન થયાં ત્યારે તે વિકારનો સ્વામી થતો નથી. તેથી તેને અનંત સંસારના કારણરૂપ મિથ્યાત્વ રાગ-દ્વેષનો આસ્રવ થતો નથી, તેથી દ્રષ્ટિ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનવાળાને સમયસારમાં નિરાસ્રવ કહ્યો હતો ને અહીં ચરણાનુયોગનો અધિકાર છે. મુનિને દ્રષ્ટિ તો છે. આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન છે. ત્રણ કષાયનો અભાવ હોવા છતાં મહાવ્રતાદિનો રાગ ઊઠે છે એટલી પણ મલિનતા છે તે બંધનું કારણ છે તેથી તેને ચારિત્રની અપેક્ષાએ આસ્રવ કહ્યા છે.—એમ અપેક્ષા સમજવી જોઈએ.

## શુભોપયોગી જીવને શ્રમણ કહેવા કે નહિ ?

**ટીકા :—**મુનિને શુદ્ધસ્વભાવનું ભાન છે. તે ભાન સહિત સ્વરૂપરમણતા કરવાની જ પ્રતિજ્ઞા હોય છે પણ તે કરી શકતો નથી કારણ કે અસ્થિરતાના રાગ-દ્વેષ જીવતા છે. ભગવાનની ભક્તિનો—દયાનો વગેરે રાગ વર્તે છે એટલે કે કષાય સંપૂર્ણ ટળ્યો નથી. ચારિત્રમોહનીય કર્મનો ઉદય છે માટે કષાયકણ જીવતો છે એમ કહ્યું નથી. પોતાના સ્વરૂપમાં લીન થતો નથી તેથી રાગ કહ્યો છે. પોતાના આત્માનો સ્વભાવ તો સુવિશુદ્ધ દર્શન અને જ્ઞાનમય છે તેવા આત્મામાં લીનતારૂપ શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિ કે જે સમસ્ત પરદ્રવ્યો ને શુભાશુભ ભાવોથી નિવૃત્તિરૂપ છે, તેમાં લીન રહેવા સમર્થ નથી તે શુભોપયોગી મુનિ છે.

(1) તે મુનિને સ્વરૂપનું ભાન છે, છતાં સ્વભાવમાં ઠરી શકતા નથી પણ સ્વરૂપમાં ઠરવાના કામી છે. ગામની બહાર પાદરમાં ઊભેલો માણસ ગામની

નજીક ગણાય છે તેમ આ મુનિ સ્વરૂપશાંતિમાં ઠરવાના કામી છે તેથી તે શુદ્ધોપયોગની નજીક ઊભેલા છે.

(2) વળી જેમની શક્તિને કષાયે રૂંધી છે. જેમ કોઈ માણસનું ગળું પકડે ને તેનો શ્વાસ રૂંધાય છે તેમ છઠ્ઠે ગુણસ્થાને વર્તતા મુનિને સંજ્વલન કષાય વર્તે છે તે શુદ્ધોપયોગરૂપ દશા થવા દેતો નથી.

(3) જેઓ આત્માનું ભાન હોવા છતાં પાંચ મહાવ્રતાદિના પરિણામમાં અત્યંત આતુર મનવાળા છે. શુદ્ધોપયોગી મુનિ સ્વરૂપમાં લીન થાય ત્યારે મનનો સંબંધ બુદ્ધિપૂર્વક હોતો નથી, પણ છઠ્ઠી ભૂમિકાએ રાગ વર્તે છે તેથી આતુર મનવાળા કહ્યા છે.

આવા શુભ ઉપયોગી જીવો જે શુદ્ધોપયોગની નજીક દશાવાળા છે, જે પાંચ મહાવ્રતાદિ પાળે છે તેઓ શ્રમણ છે કે નથી, તે અહીં કહેવામાં આવે છે.

## પુણ્યથી ધર્મ માનનારા અને મનાવનારા સંસારમાંથી તરવા મુશ્કેલ છે.

અહો ! જુઓ વસ્તુસ્વરૂપ ! દ્રષ્ટિનું ભાન છે પણ હજી પાંચ મહાવ્રતાદિના વિકલ્પો ઊઠે છે તેને મુનિ કહેવા કે નહિ, તેની વાત કહેવાય છે. તો પછી જે જીવો પાપમાં હિત માને ને મનાવે અને પુણ્યથી ધર્મ માને ને મનાવે તે તો સંસારના ઊંડા કૂવામાં પડ્યા છે તેથી પોતે તો પોતાની મેળે નીકળી શકે નહિ પરંતુ બીજાઓને પણ તેને કાઢવા માટે મુશ્કેલી પડે.

## ધર્મના બેદરકાર ને સાંસારિક વિષયોમાં રચ્યા પચ્યા રહેતા જીવો દીર્ઘ સંસારી છે.

કોઈ કહે કે અમારે આ બધી વાતનું શું કામ છે ? પણ ભાઈ, મુનિ કેવા હોય તેની ઓળખાણ તો કરવી જોઈશે ને ? મુનિપણાની વ્યવહારશ્રદ્ધા પણ ન હોય, તેને અંતર અનુભવ તો થાય જ નહિ ને તે વિના મુક્તિ થાય નહિ. જેને આખો દિવસ ખાવું પીવું ને લહેર કરવી છે, જે પાપમાં સુખ માને છે ને જેને રાગની શ્રેણી ચાલ્યા કરે છે તે જીવ તો અનાત્મા છે. તેનો વખત તો રળવામાં, ખાવામાં, પીવામાં જાય છે. પૈસો ટકો, શરીરાદિ મારાં એમ ઘુંટણ કરવાનો વખત મળે પણ આત્મા શું ને કેમ મોક્ષ થાય તેનુ ભાન નથી. પાંચ પચીસ હજાર રૂપિયા ભેગા થયા હોય ને બધા કુટુંબી ભેગા થાય ને જલસા પાણી ઉડાવતા હોય તો પોતાને સુખી માને છે પણ એમાં કાંઈ માલ નથી ને જરા પ્રતિકૂળતા આવે, જરા રોગ લાંબો ચાલે તો વિચાર કરે કે આ જિંદગી કેવી રીતે નભશે ? અરે ભાઈ, એ તો

જડની અવસ્થા છે, તેને રહેવું હશે તો રહેશે. આત્માની ઓળખાણ કર. અહીં તો આત્માના ભાન સહિતના જીવો પાંચ મહાવ્રતાદિના પરિણામોને પણ દુઃખદાયક માને છે ને સ્વરૂપમાં ઠરવાના કામી છે, તેની વાત ચાલે છે. તો પછી જે જીવો એકલા અશુભભાવમાં પડ્યા છે ને આત્માની દરકાર કરતા નથી તે તો દીર્ઘસંસારી છે. માટે ધર્મ કેમ થાય, મુનિપણું કોને કહેવાય, તેની ઓળખાણ કરાવે છે. મોક્ષમાર્ગની અથવા મુનિપણાની શ્રદ્ધા તો સાચી કરવી જોઈએ.

## છઠ્ઠે ગુણસ્થાને અંશે વીતરાગતા છે તેથી શુભોપયોગીને પણ શ્રમણ કહેવાય છે.

ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગનાં સુખને પામે છે. એમ અગિયારમી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવે પોતે જ નિરૂપણ કર્યું છે. તેથી શુભોપયોગને ધર્મની સાથે એકાર્થ સમવાય છે. આત્મામાં ધર્મ અને શુભોપયોગ સાથે હોઈ શકે છે. તેથી શુભોપયોગને ધર્મની સાથે એકાર્થ સમવાય છે. શુદ્ધ આત્માના લક્ષે ધર્મ થાય એવી સાચી દ્રષ્ટિ અને પુણ્યથી પણ ધર્મ થાય એવી ખોટી દ્રષ્ટિ—એ બે સાથે હોઈ શકે નહિ. પણ સ્વરૂપનું ભાન થયા પછી ચારિત્રની પર્યાયમાં અમુક અંશો નિર્મળ અને અમુક અંશો મલિનતાવાળા છે. એમ તે એક પર્યાયમાં બે ભાગ છે. છઠ્ઠે ગુણસ્થાને શુભોપયોગી જીવોને અમુક અંશે વીતરાગતા છે ને અંશે રાગ છે, એમ બન્ને સાથે છે. તેમાં વિરોધ નથી. માટે શુભોપયોગી પણ શ્રમણ છે.

## શુદ્ધોપયોગી નિરાસ્રવ હોવાથી મુખ્ય શ્રમણ છે ને શુભોપયોગી આસ્રવ હોવાથી ગૌણ શ્રમણ છે.

પણ જે પોતાના શુદ્ધસ્વભાવમાં લીન રહે છે તેવા શુદ્ધોપયોગીની સાથે તેઓ સરખી હદના નથી કારણ કે શુદ્ધોપયોગી મુનિએ બુદ્ધિપૂર્વકના રાગ-દ્વેષનો અભાવ કર્યો છે. સંજ્વલનનો અબુદ્ધિપૂર્વકનો રાગ તો દસમા ગુણસ્થાનને અંતે ટળે છે પણ બુદ્ધિપૂર્વક રાગનો અભાવ કર્યો છે માટે સમસ્ત કષાયો ટળ્યા છે, એમ કહ્યું છે, તેથી તેમને નિરાસ્રવ કહ્યા છે. શુભોપયોગી મુનિને છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલનનો તીવ્ર ઉદય વર્તે છે, તેથી તેઓ આસ્રવ છે. આવી રીતે શુદ્ધોપયોગી નિરાસ્રવ છે ને શુભોપયોગી આસ્રવ સહિત છે તેથી શુભોપયોગીને શુદ્ધોપયોગીની સાથે લેવામાં આવતા નથી પણ પાછળથી ગૌણ તરીકે લેવામાં આવે છે.

અહીં ઉપચાર એટલે ખોટા એમ અર્થ ન સમજવો. છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો નાશ કરી અંશે વીતરાગતા છે એવી અણુપચાર દશા છે ને પરિપૂર્ણ વીતરાગતાના કામી છે તેથી શુભ રાગને નિમિત્ત ગણી ઉપચાર કરેલ છે. મુક્તિમાર્ગના અગ્રેસર તો શુદ્ધોપયોગી મુનિ જ છે ને છઠ્ઠા ગુણસ્થાનવાળા શુભોપયોગી અગ્રેસર નથી, તેથી તેમને પાછળ ગણવામાં આવ્યા છે. તો પછી જે જીવ પુણ્યથી ને બાહ્ય ક્રિયાથી ધર્મ માને તે તો ઘણા દૂર છે એટલે કે મિથ્યાદ્રષ્ટિ છે.

**પ્રશ્ન :—**અમો આત્માની શ્રદ્ધા કરીએ પણ ચારિત્રનું શું કામ છે ?

## ચારિત્રના અનાદરમાં આત્માનો અનાદર છે, તેવા જીવની શ્રદ્ધા પણ સાચી નથી.

**સમાધાન :—**દર્શનશુદ્ધિ સહિત ચારિત્રની ભાવના કર. શ્રદ્ધા જો આખા આત્માને પરિપૂર્ણ સ્વીકારે છે તો તેમાં બધા ગુણો આવી જાય છે. તેથી ચારિત્રનો અનાદર ન હોઈ શકે. ચારિત્ર પોતાની નબળાઈના કારણે ન લઈ શકે તે જુદી વાત છે, પણ ચારિત્રનો અનાદર કરવો તે તો આત્માનો અનાદર કરવા બરાબર છે. તેની દ્રષ્ટિ પણ સાચી થશે નહિ માટે ‘‘ચારિત્ર પછી થશે એમ બોલવું પણ નહિ.’’–ભાવના ને શ્રદ્ધા તો પરિપૂર્ણ આત્માની જ ભાવવી. તેમાં બધા ગુણો અખંડપણે પરિપૂર્ણ થાઓ, એવી ભાવના ભાવવી માટે જેમ છે તેમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

*

# પ્રસાદ નં. ૨૦૪

## <u>પ્રવચનસાર ગાથા ૨૪૫</u>

(વૈશાખ વદ ૪ ગુરુવાર)

### <u>સર્વ ક્ષેત્રે-સર્વ કાળે-સર્વે પદાર્થોની પાછળ તેને જાણનારું જ્ઞાન જ એકલું દેખાય છે.</u>

આત્મપદાર્થનો મૂળ સ્વભાવ દુઃખદાયક નથી, પર તરફની લાગણીઓ દુઃખદાયક છે. તે લાગણી વિનાના સ્વરૂપમાં આકુળતા નથી. પરાધીનતામાં દુઃખ છે, સ્વભાવમાં દુઃખ નથી. જેણે દુઃખ ટાળી સુખ પ્રગટ કરવું હોય તેણે શુદ્ધ આત્મસ્વભાવ પ્રગટ કરવો જોઈએ. હું અંતર્મુખ વલણ કરું તો શાંતિ મળે તેમ છે. હું જ્ઞાનસ્વરૂપ છું. મારો આનંદ ક્યાંય ગયો નથી, પણ અજ્ઞાની જીવોને તેની ખબર નથી.

આત્મા જાણનાર—દેખનાર છે, શરીર, પૈસા, રાગ-દ્વેષાદિ બધાને જાણનાર છે. આ જગતમાં એવો કયો પદાર્થ છે કે જેને આત્મા ન જાણે ? એટલે કે કોઈ દ્રવ્ય લ્યો તો એની પાછળ જાણનારું જ્ઞાન છે. કોઈ ક્ષેત્રને યાદ કરશો તો તેની પાછળ પણ જ્ઞાન છે, કોઈ કાળની વાત યાદ કરશો તો તેની પાછળ જ્ઞાન રહેલું છે, કોઈ જુદી જુદી શક્તિઓ યાદ કરશો તો તેની પાછળ જ્ઞાન રહેલું છે. જ્યાં હોય ત્યાં, જે વસ્તુ હોય તેને, ગમે તે વખતે, ગમે તે એની શક્તિઓ હોય પણ પાછળ જ્ઞાન રહેલું છે. પૂર્વે કરેલા અપરાધ કે અહંકાર યાદ આવે, નિર્ધનતા કે સધનતા યાદ આવે, વિકલ્પો અનેક યાદ આવે, કુટુંબીજનોને યાદ કરે, શુભાશુભ ભાવોને યાદ કરે તો તેની પાછળ જ્ઞાન એક જ રહેલું છે. કોઈ કહે કે આ વાત મને યાદ રહેતી નથી તો તે ભૂલી જવાયું છે. એનું પણ જ્ઞાન રહે છે. જ્ઞાનનો પર્યાય ક્યા પળે ને ક્યા ક્ષેત્રે નથી, ને ક્યા જ્ઞેયની પાછળ નથી ? બધે જ્ઞાન જ દેખાય છે.

### <u>તે જ્ઞાન આકુળતામાં નહિ અટકતાં અંશે નિરાકુળતા પામે તો સમ્યક્જ્ઞાન છે.</u>

બધી વસ્તુને યાદ કરતાં પાછળમાં જ્ઞાન રહેલું છે. વિકલ્પો અનેક અને જ્ઞાન એક છે. મિથ્યાદ્રષ્ટિને અજ્ઞાન હોવાથી દુઃખ છે, સાધક જ્ઞાનીને અંશે આનંદ છે. જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞાનની એકતા દેખાય છે તે પર્યાયનું ધામ નિત્યધ્રુવ પદાર્થ છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરે તે સાધક કહેવાય. તે સાધકપણું કેમ હોય ને સિદ્ધ કેમ થવાય તેની વાત ચાલે છે. **<u>વિકારની આકુળતાની જે અનેકતા દેખાય</u>**

**<u>છે તે અનેકતા મટી અનાકુળતાની એકતા થાય તો જ્ઞાનની એકતા થઈ કહેવાય.</u>** દયા-દાનની અનેકતાનું લક્ષ છોડી જ્ઞાનની એકતા સાથે સંધિ કરવી જોઈએ ને હું જ્ઞાનસ્વભાવી શાંત છું, એમ નક્કી કરવું તે સમ્યગ્દર્શન છે. ને ત્યારપછી સાધુપણું હોય છે. જે જ્ઞાન, જ્ઞાન ભાસે છે તે ચૈતન્ય શક્તિમાંથી આવે છે. જાણવાની અવસ્થા પલટે છે ને છતાં જ્ઞાન રહ્યા કરે છે તો કાયમ શક્તિ જ્ઞાનની હોવી જોઈએ. કોઈ પણ જગતના પદાર્થોની સ્થિતિમાં જ્ઞાનની બધે હાજરી છે. જાણનારની હાજરીમાં પોતે સદાય ને પોતાની શાંતિ માટે પરપદાર્થની સદાય ગરજ માને તો મેળ ખાતો નથી. શરીર, મન, વાણી, રાગ-દ્વેષ બધાને જાણવામાં હું ને સુખ માટે તું (તું એટલે શરીર વગેરે પરપદાર્થ) એમ જે માને તેની શ્રદ્ધા સાચી નથી. અંતર સન્મુખ દશા છે ત્યાં જ આનંદ વિના હું નહિ, પૂર્ણ દશા સાધવાનું સાધન ત્યાં જ છે. આનંદમાં તું (પરપદાર્થ) નહિ પણ આનંદમાંય હું એમ નક્કી કરવું પડશે. ચૈતન્યને ઢંઢોળીને જાગ્રત કરવો જોઈએ. જેમ સુતેલા છોકરાને માબાપ જાગ્રત કરે છે તેમ અહીં અનાદિકાળથી મોહ નિદ્રામાં સુતેલા આત્માને જાગ્રત કરે છે કે તું કોણ છે ? હું તો આત્મા આનંદસ્વરૂપ છું એમ વિચારણા કરે. અહો, બધાને જાણનારો છું તો પછી મને દુઃખ ન હોઈ શકે. જ્ઞાન સાથે ખેદ ન હોય. આમ નક્કી કરે તે જ્ઞાનની સાથે અંશે આનંદ પ્રગટ કરે તો જ સમ્યગ્દર્શન ને ધર્મની ભૂમિકા છે. જ્ઞાનની સાથે સર્વથા આકુળતા ને ખેદ રહે તે ધર્મદશા નથી પણ જ્ઞાન સાથે અનાકુળ આનંદદશા અંશે પ્રગટ હોવી જોઈએ. તે દશા જ્ઞાનનું નિત્ય ધામ-શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાથી પ્રગટ થાય છે.

## <u>સ્વરૂપમાં રમણતા કરતા મુનિ મુખ્ય શ્રમણ છે, શુભોપયોગી મુનિ ગૌણ શ્રમણ છે.</u>

આવું ભાન થયા પછી સ્વરૂપમાં વિશેષ લીનતા વધી છે અને અંતરમાં પોતાના જ્ઞાનવ્યાપારને સ્થિર કર્યો છે એવા શુદ્ધોપયોગીઓ શ્રમણ છે અને શુભોપયોગીઓ પણ ગૌણપણે શ્રમણ છે—એમ પરમાગમોમાં કહ્યું છે. જેવી રીતે પરમ શુદ્ધ અને પૂર્ણ જ્ઞાનદશાને પામેલા સિદ્ધ જીવો જ નિશ્ચયથી જીવ કહેવાય છે અને વ્યવહારથી ચાર ગતિમાં રહેલા સંસારી જીવો પણ જીવ કહેવાય છે, પણ જડ કહેવાય નહિ. તેમ સ્વરૂપની અંતર રમણતા કરતા જીવો મુખ્ય સાધુ છે અને સ્વરૂપનું ભાન છે પણ લીનતા કરી શકતા નથી તેથી પાંચ મહાવ્રતાદિના પાલનમાં રહે છે તેવા શુભોપયોગી જીવો ગૌણપણે શ્રમણ છે. કારણ કે શુદ્ધોપયોગી શ્રમણે પોતાના શુદ્ધ આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન ઉપરાંત એકાગ્રતાથી બુદ્ધિપૂર્વકના બધા શુભાશુભ ભાવોનો અભાવ કર્યો છે માટે આસ્રવરહિત છે અને

દયા આદિના પરિણામમાં રહેતા શુભોપયોગીઓ આસ્રવ સહિત છે. તેઓને મિથ્યાત્વના પરિણામ નથી તેમ જ સંસારના સ્ત્રીકુટુંબાદિના અશુભ આસ્રવોના પરિણામ પણ નથી પરંતુ મહાવ્રતાદિના પરિણામ હોય છે, પણ તેનો નિષેધ વર્તે છે ને શુદ્ધમાં ઠરવા માગે છે તેથી ગૌણ સાધુ કહ્યા છે. જે શરીરની ક્રિયાથી ને પુણ્યથી ધર્મ માને ને વસ્ત્રસહિત મુનિપણું મનાવે તે તો મુનિ જ નથી. વીતરાગી મુનિદશા થતાં બાહ્ય નગ્ન દિગંબર દશા સહજ હોય, વસ્ત્રનો રાગ ન હોય, અભક્ષ્ય આદિ ખાવાનો ભાવ હોય જ નહિ, પર જીવને મારવાનો ભાવ ન હોય, આવી સહજ દશા હોય તેવા મુનિ જો સ્વરૂપ લીનતામાં હોય તેને મુખ્ય શ્રમણ કહેવાય ને મહાવ્રતાદિના પરિણામમાં હોય તેને ગૌણ કહેવાય. આ વસ્તુસ્થિતિ છે.

હવે શુભોપયોગી શ્રમણનું લક્ષણ સૂત્ર દ્વારા કહે છે. :—

## ગાથા ૨૪૬

**વાત્સલ્ય પ્રવચનરત વિષે ને ભક્તિ અર્હંતાદિકે**
**—એ હોય જો શ્રામણ્યમાં, તો ચરણ તે શુભયુક્ત છે. ૨૪૬.**

**અર્થ :—**શ્રામણ્યમાં જો અર્હંતાદિક પ્રત્યે ભક્તિ તથા પ્રવચનરત જીવો પ્રત્યે વત્સલતા વર્તતી હોય તો તે શુભયુક્ત ચર્યા (શુભોપયોગી ચારિત્ર) છે.

## મુનિ શુભોપયોગમાં હોય તો અર્હંતાદિની ભક્તિમાં વર્તતો હોય.

**ટીકા :—**જે મુનિ પોતાના સ્વભાવમાં ઠરી શકતો નથી તેને શુભભાવ હોય તો તેની મર્યાદા શું ને કેટલી છે, તે બતાવે છે.

મુનિને તો બધા સંગથી રહિત થવાની ભાવના છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે, શરીર કર્મોથી ભિન્ન છે. પુણ્ય-પાપ એ આત્માનું સ્વરૂપ નથી એવા ભાન સહિત કોઈ પણ પદાર્થોમાં, પુણ્ય-પાપનો કે મનનો સંગ કરવાની ભાવના નથી, સર્વથા અસંગ થવાના કામી છે પણ સર્વથા અસંગ થવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો નથી તેથી થોડા કષાયના વશે એટલે કે અસ્થિરતાના રાગ-દ્વેષના કારણે સર્વથા પોતાના શુદ્ધ આત્મામાં સ્થિર રહેવાને સમર્થ નથી. કર્મને વશ થઈને શુદ્ધાત્માનો અનુભવ કરતા નથી, એમ કહ્યું જ નથી. વળી મુનિના એટલા રાગને પણ કષાયનો આવેશ કહ્યો છે. જે સંજ્વલનનો કષાય છે ને જેનો દ્રષ્ટિમાં તો નકાર વર્તે છે એવા રાગને પણ આવેશ કહ્યો છે તો પછી મિથ્યાત્વ સહિતના રાગ તો ખૂબ આવેશભર્યા ને છોડવા યોગ્ય સમજવા. તેવા મુનિને શુભભાવ હોય તો અર્હંત, સિદ્ધ આદિ પ્રત્યે ભક્તિનો રાગ હોય છે પણ કુદેવાદિ પ્રત્યે ભક્તિનો રાગ હોતો નથી. રાગ કરવા જેવો છે અથવા આવા

પ્રકારનો રાગ કરવો એમ અહીં સ્થાપન કરતા જ નથી. રાગનો નિષેધ વર્તે છે ને તે રાગ તોડી સ્વરૂપમાં ઠરવા માગે છે, એવા મુનિને અલ્પ રાગ વર્તે તો કયા જીવો પ્રત્યે રાગ વર્તે છે તેનું તથા રાગની ભૂમિકાનું જ્ઞાન કરાવે છે.

## શુભોપયોગી મુનિ વસ્તુસ્વરૂપ યથાર્થ પ્રતિપાદન કરનાર પ્રત્યે વાત્સલ્યભાવવાળા હોય.

જે જીવો વીતરાગી શાસ્ત્રમાં રત છે ને શુદ્ધાત્માના અનુભવમાં રહેવાનું પ્રતિપાદન કરે છે, તે જીવો પ્રત્યે વાત્સલ્ય ભાવ શુભોપયોગી મુનિને હોય છે. વીતરાગીશાસ્ત્ર અનુસાર પ્રતિપાદન કરતા હોય, શરીરની ક્રિયાથી કે પુણ્યથી ધર્મ નથી, ધર્મ તો આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી છે એવું કહેતા હોય તેના તરફ વાત્સલ્ય છે પણ જે જીવો પુણ્યથી ધર્મ મનાવે, વ્યવહાર કરતાં કરતાં ધર્મ થાય એમ મનાવે, તેવા મિથ્યાદ્રષ્ટિ જીવો પ્રત્યે અથવા દ્રવ્યલિંગી મુનિ પ્રત્યે વાત્સલ્યભાવ ભાવલિંગી મુનિને આવતો નથી.

અહીં ભાવલિંગી મુનિને શુભભાવ આવે તો કોના તરફ આવે, તે બતાવે છે. પ્રવચનરત જીવો પ્રત્યે ભાવલિંગી મુનિને શુભભાવ હોય ત્યારે વાત્સલ્યભાવ થઈ આવે છે. **કાં તો શુદ્ધાત્મામાં ઠરે ને ન ઠરી શકે તો શુદ્ધાત્માનું પ્રતિપાદન કરવાવાળા તરફ લક્ષ જાય.** એટલે લક્ષમાં લોકોત્તર જીવોને લીધા છે. પણ લૌકિકમાં સામાન્ય શુભ ભાવ કરતા હોય એવા જીવો પ્રત્યે વાત્સલ્ય આવતું નથી તેમ જ સર્વજ્ઞથી વિરુદ્ધ કહેનારા અને શાસ્ત્રથી ઊંધી પ્રરૂપણા કરનારા પ્રત્યે શુભરાગ થતો નથી. દ્રવ્યલિંગીનો અભિપ્રાય અંતરમાં સર્વજ્ઞથી વિરુદ્ધ છે તેથી ભાવલિંગી મુનિને તેઓ પ્રત્યે વાત્સલ્યભાવ આવતો નથી. આથી નક્કી થાય છે કે જે જીવ જૈન સંપ્રદાયમાં જન્મી પુણ્યથી ધર્મ મનાવે, દયા-દાનથી ધર્મ મનાવે, તે જૈનસંઘમાં નથી.

આ પ્રમાણે જે મુનિ સંપૂર્ણપણે સ્વભાવમાં ઠર્યો નથી પણ ત્રણ કષાયના અભાવથી અંશે વીતરાગતા છે ને અંશે શુભરાગ ઉપર કહ્યો તે પ્રમાણે મર્યાદામાં વર્તે છે, તેને જે રાગ રહે છે તે અર્હંતાદિકની ભક્તિનો અથવા શુદ્ધાત્માને પ્રતિપાદન કરવાવાળા પ્રવચનરત જીવો પ્રત્યે વાત્સલ્યભાવ વર્તે છે. આમ શુદ્ધતા સાથે શુભરાગ વર્તે છે તેથી તેમને શુભોપયોગી ચારિત્ર છે.

આથી એમ કહ્યું કે શુદ્ધ આત્માના અનુરાગ સહિતનું ચારિત્ર શુભોપયોગી શ્રમણનું લક્ષણ છે. જે પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ મનાવે, વસ્ત્રસહિત મુનિપણું મનાવે તે તો મિથ્યાદ્રષ્ટિ છે, મુનિ છે જ નહિ.

*

# પ્રસાદ નં ૨૦૫

## પ્રવચનસાર ગાથા ૨૪૬

(વૈશાખ વદ ૫, શુક્રવાર)

## અર્હંતાદિ પ્રત્યે ભક્તિ ને આગમ પરાયણ જીવો પ્રત્યે વાત્સલ્ય શુભોપયોગી મુનિનું લક્ષણ છે

**ભાવાર્થ :—**આત્માનો મૂળ સ્વભાવ આનંદ સ્વરૂપ છે. શરીરાદિ જડ પદાર્થો આત્માથી ભિન્ન છે, દયા-દાનાદિના ભાવો વિકાર છે, તે વિકાર રહિત સ્વરૂપ પવિત્ર છે. તેવી દ્રષ્ટિ કરવી તે ધર્મ છે. તે ઉપરાંત સાધુપણાની વાત ચાલે છે. આત્માના ભાન સહિત શુદ્ધાત્મામાં રમણતા તે સાતમી ભૂમિકામાં હોય છે. તેમાં મુનિ સ્થિર રહેવા સમર્થ ન હોય ત્યારે છઠ્ઠે ગુણસ્થાને આવે છે ને શુભરાગ થઈ આવે છે. તે શુભરાગને તેઓ ધર્મ અથવા ધર્મનો સહાયક માનતા નથી પણ થયા વિના રહેતો નથી. તે વખતે અર્હંતાદિ પ્રત્યે ભક્તિ ને આગમ પરાયણ જીવો પ્રત્યે વાત્સલ્ય ભાવ આવે છે પણ જે જીવ ઈશ્વર કર્તા માને, પુણ્યથી ધર્મ માને, નિમિત્તથી કાર્ય થાય એમ માને, વસ્ત્રસહિત મુનિપણું માને, તે જીવ તો મિથ્યાદ્રષ્ટિ છે. તેના તરફ વાત્સલ્યભાવ આવે નહિ. શુભોપયોગી મુનિને ભક્તિ તથા વાત્સલ્યનો રાગ હોવાથી ચંચળતા છે, તે ભાવ પુણ્ય છે, બંધનો હેતુ છે. તેને શુભોપયોગી ચારિત્ર હોય છે કારણ કે એકલી શુદ્ધદશા નથી પણ અંશે શુદ્ધદશાની સાથે શુભ ઉપયોગ રહેલો છે. આ પ્રમાણે શુદ્ધાત્મ પરિણતિવાળા ને શુભોપયોગી ચારિત્રવાળા એમ બે પ્રકારે મુનિદશાની વાત કરી. વર્તમાનમાં મુનિદશા જોવાને મળવી દુર્લભ થઈ પડી છે. આવી મુનિદશા વિના કેવળદશા થાય નહિ. સર્વજ્ઞ ભગવાને ફરમાવેલો આ માર્ગ છે. તેને સંતો આદરે છે, ઈન્દ્રો માને છે. મુનિઓ ભાન સહિત આનંદના ઝૂલણે ઝૂલતા હોય છે. બાહ્યમાં નગ્ન દિગંબર દશા હોય છે ને ઘડીઘડીમાં અંતર અનુભવ કરીને બિરાજતા હોય છે. ત્યારપછી સર્વજ્ઞદશાને પામે છે. તે કેવળી ભગવાનને આહાર ન હોય, પેસાબ વિષ્ટા ન હોય, પરમ ઔદારિક શરીર હોય, ને તીર્થંકરોને ઇચ્છા વિના વાણી નીકળે ને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે. એવી દશાને તે મુનિઓ પુરુષાર્થ કરીને પામે છે.

હવે શુભોપયોગી મુનિની પ્રવૃત્તિ દર્શાવે છે :—

## ગાથા ૨૪૭

**શ્રમણો પ્રતિ વંદન, નમન, અનુગમન, અભ્યુત્થાન ને
વળી શ્રમનિવારણ છે ન નિંદિત રાગયુત ચર્યા વિષે. ૨૪૭.**

**અર્થ :—**શ્રમણો પ્રતિ વંદન—નમસ્કાર સહિત અભ્યુત્થાન અને અનુગમનરૂપ વિનીત વર્તન કરવું તથા તેમનો શ્રમ દૂર કરવો તે રાગચર્યામાં નિંદિત નથી.

## શુભોપયોગી મુનિને શુદ્ધોપયોગી મુનિને વંદન નમસ્કારાદિ કરવાનો શુભરાગ હોય છે.

**ટીકા :—**જે મુનિ શુભ ઉપયોગમાં હોય છે તેને શુદ્ધાત્માના અનુરાગ સહિત ચારિત્ર હોય છે. પોતાને શુદ્ધાત્મામાં રમણતા કરવી છે પણ રમણતા કરી શકતો નથી ત્યારે રાગ થાય છે તો શુદ્ધાત્મા પ્રત્યે રાગ પોતાના કારણે થાય છે. શુદ્ધાત્મા તો પર છે. પરના કારણે રાગ થતો નથી. પરના કારણે રાગ થાય એમ માને તો મિથ્યાદ્રષ્ટિ છે. ધર્માત્મા મુનિને રાગના કાળે પોતાની કમજોરીથી શુભરાગ થાય છે. શુદ્ધાત્મપરિણતિ પ્રાપ્ત કરી છે એવા મુનિને શુભોપયોગી મુનિ વંદન આદિ કરે છે. જેને વંદન કરે છે તે મુનિઓએ શુદ્ધાત્મપરિણતિ પ્રાપ્ત કરી છે એમ લખ્યું છે. તે ઉપરથી નક્કી થાય છે કે પ્રથમ અશુદ્ધ અવસ્થા હતી ને તેને જ આત્મા માનતો. તેણે સમ્યક્ ભાન દ્વારા ને લીનતા દ્વારા શુદ્ધતા પ્રગટ કરી છે તેવા મુનિને વંદન કરે, ગુણગ્રામ ગાય, નમસ્કાર કરે, માન આપવા ઊભા થાય ને જતી વખતે વળાવવા જાય. આવા પ્રકારના શુભભાવ હોય છે તેમ જણાવે છે. આવા પ્રકારના શુભભાવ થાય છે માટે તે ઊભા થવાની, ચાલવાની કે હાથની ક્રિયા કરી શકે છે એમ નથી. જડની ક્રિયા તો જડના કારણે થાય છે. આત્મા તેનો કર્તા—હર્તા નથી. પણ કેવા પ્રકારનો શુભભાવ હોય છે તે જણાવ્યું છે. વળી તે શુભોપયોગી મુનિ અન્ય મુનિઓની સેવા કરે છે કે જેથી તેમને વિહારાદિમાં થાક લાગ્યો હોય તો દૂર થાય. તે વૈયાવૃત્ત્યની પ્રવૃત્તિ શુદ્ધાત્માની પરિણતિને નિમિત્તભૂત થાય છે. શરીરની પગચંપી કરી શ્રમ દૂર કરે છે ત્યાં પણ હાથની ક્રિયા આત્મા કરી શકતો નથી. સેવાનો રાગ આવે તો લક્ષ જાય છે ને હાથની ક્રિયા હાથના કારણે થાય છે.

૧. વૈયાવૃત્ત્યનો રાગ આવ્યો માટે હાથની ક્રિયા થાય છે, એમ નથી.

૨. હાથની ક્રિયા થાય છે માટે સામેના મુનિને શરીરનો શ્રમ ઊતરે છે, એમ પણ નથી.

૩. સામેના મુનિને શ્રમ ઊતરે માટે શ્રમરહિત શરીરની અવસ્થા તેની શુદ્ધાત્મપરિણતિને મદદ કરે છે, એમ પણ નથી. શુદ્ધાત્મ પરિણતિ કરે છે તો શરીરને નિમિત્ત કહેવાય છે. વીતરાગી પરિણતિ ને શરીરની પર્યાયને કાળભેદ નથી.

અહીં ચરણાનુયોગનો અધિકાર છે. શુભભાવની વાત છે, શુભભાવ વખતે લક્ષ જાય છે ત્યારે જે જે ક્રિયા થાય તેના ઉપર નિમિત્તથી આરોપ કરી કથન કર્યું છે. વંદન આદિની ક્રિયા તો આત્મા કરી શકતો નથી તેવા ભાનસહિત જરા શુભભાવ થાય તેની વાત કરી છે. શુભભાવ થાય તો અલૌકિક મહાત્માનાં ગુણગ્રામ ગાય પણ લૌકિકમાં જે મોટા હોય તેનાં ગુણગ્રામ કે વંદન હોઈ શકે નહિ ને બાહ્યથી ત્યાગી હોય પણ આત્મસ્વરૂપથી વિપરીત માન્યતાવાળા હોય તો તેનાં પણ ગુણગ્રામ કે વંદનાદિ કરે નહિ. આવી રીતે શુભોપયોગી મુનિને શુભભાવ હોય તો ધર્માત્મા પ્રત્યે હોય છે જે નિંદિત નથી એટલે કે તેનો નિષેધ નથી. દ્રષ્ટિમાં તો નિષેધ જ છે પણ અહીં ચરણાનુયોગમાં રાગની ભૂમિકાવાળાને ક્યા પ્રકારનો રાગ હોય છે, તેનું જ્ઞાન કરાવેલ છે.

**<u>પ્રશ્ન :—</u>**મુનિને શરીરમાં થાક લાગે તો શુદ્ધ પરિણતિ થતી નથી તો ભૂખ્યા હોય તેને ધર્મ કેમ થાય ?

## <u>શરીરાદિ બાહ્ય ક્રિયાની સાથે ધર્મનો સંબંધ નથી.</u>

**<u>સમાધાન :—</u>**ભાઈ, થાક તો જડની અવસ્થા છે ને ધર્મ તો આત્માની વીતરાગીદશા છે. પોતે વીતરાગી પરિણામ કરે છે તો શરીરની અવસ્થાને નિમિત્ત કહેવાય છે. સ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે શરીરમાં થાક લાગ્યો હોય અથવા ભૂખ લાગી હોય તો મુનિને તે ઉપર લક્ષ જાય છે. ને થાક ઊતરી જાય માટે અંતરલીનતા થાય છે એમ નથી. પણ પોતે સ્વરૂપમાં લીનતા કરે ને તે કાળે શરીરનો શ્રમ દૂર થયો હોય તો શ્રમરહિત શરીરની અવસ્થા વીતરાગી પરિણતિના રક્ષણને નિમિત્ત છે, એમ ચરણાનુયોગમાં સંયોગની અપેક્ષાએ કથન કરેલ છે ને શરીરની શ્રમરહિત થવાની અવસ્થામાં મુનિનો શુભવિકલ્પ નિમિત્ત છે એમ બતાવેલ છે. ભૂખ લાગી હોય ત્યારે ધર્મ ન થતો હોય ને ખાવાથી ધર્મ થતો હોય તો ખૂબ ખાવાથી કેવળજ્ઞાન થવું જોઈએ. પરવસ્તુથી ધર્મ નથી. જડનો પર્યાય ગમે તે વર્તો, તેની સાથે ધર્મને સંબંધ નથી. મુનિ સ્વરૂપ રમણતામાંથી ખસી ગયા છે તેથી શુભમાં આવેલ છે. છતાં શુભથી ધર્મ નથી. જો શુભથી પણ ધર્મ નથી તો રોટલા ખાવાની ક્રિયા થાય કે ન થાય તેનાથી તો ધર્મ ક્યાંથી હોય ? ન જ હોય.

સ્વભાવનું ભાન કર્યું નથી તેથી ધર્મ થયો નથી. અનંતા ભવો બધી જગ્યાએ કરવા છતાં તારો શુદ્ધ સ્વભાવ એવો ને એવો છે, તે કોઈ દિવસ કરમાયો નથી, તેમાં તૂટ પડી નથી. અસંખ્ય પ્રદેશી તત્ત્વ એવું ને એવું શુદ્ધ છે, તેની શ્રદ્ધા કર તો ધર્મ થાય તેમ છે, બહારના સંયોગો નડતા નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવોને દ્રષ્ટિનું ભાન હોવા છતાં શુભાશુભ ભાવો થાય છે પણ પતંગનો દોર હાથમાં રાખવાની જેમ પોતાની પર્યાયનો દોર તે પોતાના હાથમાં રાખે છે. મુનિઓને શુભરાગની પ્રવૃત્તિ થાય છે, તે અહીં બતાવ્યું પણ સ્વભાવની દોરી હાથમાં રાખે છે. વિશેષ પુરુષાર્થ લાવી તે રાગને ખેંચી વીતરાગ થઈ જશે. ॥૨૪૭॥

હવે શુભોપયોગીઓને જ આવી પ્રવૃત્તિ હોય છે, એમ પ્રતિપાદન કરે છે. :—

## <u>ગાથા ૨૪૮</u>

**ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ—ગ્રહણ શિષ્યો તણું,**
**ઉપદેશ જિનપૂજાતણો—વર્તન તું જાણ સરાગનું. ૨૪૮.**

**<u>અર્થ :—</u>**દર્શનજ્ઞાનનો (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો) ઉપદેશ શિષ્યોનું ગ્રહણ તથા તેમનું પોષણ અને જિનેંદ્રની પૂજાનો ઉપદેશ ખરેખર સરાગીઓની ચર્યા છે.

## <u>(૧) મુનિ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ આપે છે.</u>

**<u>ટીકા :—</u>**શુભોપયોગી મુનિની પ્રવૃત્તિ કેવી હોય છે, તે બતાવે છે. ગૃહસ્થો ધર્મનું સ્વરૂપ સમજવાને કામી છે. અહો, અનંતકાળથી આ જીવ રઝળે છે. હવે મારું હિત કેમ થાય, એમ સંસારથી વૈરાગ્ય લાવી જે ગૃહસ્થો ધર્મ સમજવા માટે આવે ને મુનિને ઉપદેશ દેવાનો વિકલ્પ હોય તો દર્શનજ્ઞાનનો ઉપદેશ આપવો. શિષ્ય અનુગ્રહને લાયક છે ને મુનિને વિકલ્પ આવે ને ઉપદેશ નીકળે તો મુનિએ અનુગ્રહ કર્યો કહેવામાં આવે છે. સામાની પાત્રતા વિના જ્યાં ત્યાં ઉપદેશ દેવા જતા નથી. ગૃહસ્થો ઉપદેશ સાંભળવા આવ્યા છે માટે મુનિને રાગ થયો છે, એમ નથી તેમ જ ગૃહસ્થો આવ્યા માટે ઉપદેશ નીકળ્યો, એમ પણ નથી ને મુનિને રાગ થયો માટે ઉપદેશ નીકળ્યો, એમ પણ નથી પણ મુનિને જો શુભરાગ ઊઠે છે તો કેવા પ્રકારનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે, તેનું જ્ઞાન કરાવે છે. તે મુનિઓ દર્શન જ્ઞાનનો ઉપદેશ આપે છે. “આત્મા જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપ છે, શરીરાદિ જડ પદાર્થ છે, શુભરાગ ઊઠે છે તે વિભાવ છે. તમોને સાંભળવાનો ભાવ થયો છે તે શુભરાગ છે. તે શુભરાગથી જ્ઞાન નથી, તેમ જ ધર્મ નથી. અમારાથી તમોને ધર્મ

થતો નથી. તમો અમારું તેમ જ શુભ રાગનું લક્ષ છોડી તમારા જ્ઞાનદર્શનમય આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરશો તો તમોને ધર્મ થશે. અમારા સામું જોવાથી ધર્મ થશે નહિ.'' આમ શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાનનો ઉપદેશ મુનિઓ આપે. અહીં ચરણાનુયોગમાં પણ કહ્યું કે મુનિએ સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનનો ઉપદેશ આપવો—એમ કહ્યું છે પણ બીજું કાંઈ કહ્યું નથી. જે વ્રતાદિનો શુભરાગ ઊઠે તે તારું સ્વરૂપ નથી, ધર્મને મદદગાર નથી. એમ તું સમજજે. મુનિને રાગ હોય તો આ પ્રમાણે ઉપદેશ કરે છે.

## <u>(૨) મુનિને શિષ્યના ગ્રહણની તથા તેના પોષણની પ્રવૃત્તિ હોય છે.</u>

શુભોપયોગી મુનિને શુભરાગ હોય તો લાયક શિષ્યને દીક્ષા આપે અને તેમના પોષણની પ્રવૃત્તિ ઉપર લક્ષ જાય છે. 'અમુક ક્ષેત્રે જાઓ, આ ઠેકાણે જાઓ' એમ શિષ્યને કહે. કારણ કે સામો શિષ્ય હજી સ્વભાવમાં ઠરતો નથી. પોતાના સ્વભાવનું પોષણ કરી શકતો નથી ને અમુક પ્રકારનો રાગ વર્તતો હોય ને મુનિને ખ્યાલમાં આવે કે અમુક આહાર અમુક ક્ષેત્ર તેને અનુકૂળ પડશે તો શિષ્યની યોગ્યતા અનુસાર તેને પોષણ મળી રહેશે ને શિષ્ય પોતાની ભૂમિકામાં ઊભો રહેશે એવો વિકલ્પ મુનિને આવતાં અમુક જગ્યાએ જાઓ—એમ કહે. તેના આહારાદિ માટે વિકલ્પ આવે. શિષ્ય ટકી રહે ને ભૂમિકા જાળવી રાખે તેમાં વિકલ્પ નિમિત્ત થાય છે. વિકલ્પથી અમુક સંયોગો મળી જશે ને તે મળવાથી શિષ્ય ટકે છે એમ મુનિ માનતા નથી. દરેક વસ્તુ સ્વતંત્ર પોતાના કારણે હોય છે પણ શિષ્યના પોષણમાં મુનિનો વિકલ્પ નિમિત્ત છે, એમ બતાવ્યું છે.

## <u>(૩) મુનિને જિનેન્દ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ હોય છે.</u>

વળી શ્રાવકોને જિનેન્દ્ર ભગવાનની પૂજા કરવાનો ઉપદેશ આપે, આદેશ ન કરે. રાગી દેવની પૂજા કરવાનો અથવા ઘરેણાં સહિત પ્રતિમા હોય તેને પૂજવાનો ઉપદેશ ન આપે પણ જિનેન્દ્રની વીતરાગી પ્રતિમાના પૂજનનો ઉપદેશ કરે. મુનિને ભાન છે કે ઉપદેશ દેવાનો વિકલ્પ ઝેર છે, તે મારું સ્વરૂપ નથી ને તેથી સામો જીવ સમજી જશે, એમ પણ નથી. તે તેની લાયકાતથી સમજે છે. ને ગૃહસ્થોને ઉપદેશમાં એમ કહે કે ''તમો સ્વભાવમાં ઠરી ન શકો ત્યારે શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજા કરવી, જાત્રા કરવી છતાં તે રાગથી ને પૂજાથી ધર્મ માનશો નહિ.'' શુદ્ધ સ્વભાવનું ભાન છે પણ રાગ છે એટલે શુદ્ધસ્વભાવને પામેલા જિનેન્દ્રોનું બહુમાન કરે છે. ઈન્દ્રો પણ પૂજાભક્તિ કરે છે. બહારની ક્રિયા તો જડના કારણે થાય છે. પૂજાનો હેતુ યથાયોગ્ય સમજાવે ને પૂજા કરવાનું કહે.

મુનિને શુભરાગ હોય તો ઉપર પ્રમાણેની પ્રવૃત્તિ હોય છે, તેને શુભરાગ સમજે છે. તેનો દ્રષ્ટિમાં નિષેધ વર્તે છે પણ સ્વરૂપમાં લીન રહી શકતા નથી ત્યારે શુભરાગનું લક્ષ કયી કયી પ્રવૃત્તિ ઉપર જાય છે, એ બતાવ્યું છે. જે મુનિ પોતાના સ્વરૂપમાં ઠરી ગયા છે તેવા શુદ્ધોપયોગી મુનિને ઉપદેશની કે શિષ્ય ગ્રહણાદિની પ્રવૃત્તિ હોતી નથી. ॥૨૪૮॥

*

# પ્રસાદ નં. ૨૦૬

## સમવસરણ મંદિરનો દસમો વાર્ષિક મહોત્સવ દિન

## પ્રવચનસાર ગાથા ૨૪૯

(વૈશાખ વદ ૬, શનિવાર)

હવે બધી પ્રવૃત્તિઓ શુભ ઉપયોગીઓને જ હોય છે. પ્રવૃત્તિ એટલે શું ને તેની મર્યાદા કેટલી, તે જાણવી જોઈએ.

## મિથ્યાદ્રષ્ટિ પણ પરનું કાંઈ કરી શકતો નથી પણ પોતામાં ભ્રાંતિ, રાગ ને દ્વેષની પ્રવૃત્તિ કરે છે.

(૧) આત્મા જ્ઞાનદર્શનસ્વરૂપ છે, તે પરદ્રવ્યની બધી પ્રવૃત્તિથી રહિત છે. પ્ર = વિશેષ, ને વૃત્તિ = પરિણતિ. વિશેષ અવસ્થા. પરપદાર્થોની પ્રવૃત્તિઓ અર્થાત્ વિશેષદશાઓ જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરી શકતો નથી. અજ્ઞાની માને છે કે હું કુટુંબનું કરું છું, દેશની પ્રવૃત્તિ કરું છું, પરની દયા પાળી શકું છું. પણ તે તે પદાર્થોની પ્રવૃત્તિ એટલે વિશેષ પરિણતિ તેનામાં તેનાથી થઈ રહી છે. અજ્ઞાનીનો આત્મા તે પદાર્થોમાં કાંઈ કરી શકતો નથી પણ આ બધા પદાર્થોનું કરી શકું છું એવા મિથ્યાભાવની પ્રવૃત્તિ પોતામાં કરી શકે છે. આત્માની સત્તા પરપદાર્થોની સત્તામાં હોઈ શકે નહિ ને પરપદાર્થોની સત્તા આત્માની સત્તામાં હોઈ શકે નહિ. આત્મા ચિદાનંદ મૂર્તિ છે. શરીર, કર્મ, જડ વેગેરે જુદા પદાર્થો છે. જુદા પદાર્થોનું આત્મા કરે તો બે પદાર્થ એક થઈ જાય છે. શરીર કે કર્માદિનું થવું તે તે દ્રવ્યને આધીન છે. વકીલાતના કે દાક્તરના ભાવ કર્યા માટે પૈસા પેદા થતા નથી. પોતે જ્ઞાનદર્શનસ્વરૂપ છે તેને ભૂલીને હું આટલા રૂપિયા કમાયો એવા અભિમાનની તથા રાગની પ્રવૃત્તિ કરે છે પણ પૈસા આવવા–જવામાં કાંઈ કરી શકતો નથી. આ મિથ્યાદ્રષ્ટિની પ્રવૃત્તિની હદ છે.

## (૨) સમ્યગ્દ્રષ્ટિને ભ્રાંતિની પ્રવૃત્તિ ટળી ગઈ છે પણ શુભાશુભ ભાવોમાં પ્રવૃત્તિ હોય છે.

હવે ચોથે ગુણસ્થાને ધર્મી જીવની પ્રવૃત્તિ :—ધર્મી જીવ જાણે છે કે હું જ્ઞાનદર્શનમય છું. પરપદાર્થોના પરિણામ ફેરવવાની મારી તાકાત નથી. મારામાં મારી નબળાઈથી શુભાશુભભાવો થાય છે. તે થવા છતાં તેના જેટલો હું નથી. હું તો જ્ઞાતા છું, પરની પ્રવૃત્તિ હું કરી શકું છું ને પરથી મને ઠીક થાય છે એવી ભ્રાંતિ ટળી ગઈ છે. અનંતા પદાર્થોનું કરવારૂપ અભિમાન ટળ્યું છે ને ત્રિકાળી સ્વભાવનું

ભાન થયું છે. વળી શુભાશુભ ભાવોનું સ્વામીપણું પણ ટળ્યું છે. આ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિ જીવને ભ્રાંતિની પ્રવૃત્તિ ટળી ગઈ છે પણ શુભાશુભ ભાવોની પ્રવૃત્તિ હોય છે.

પાંચમે ગુણસ્થાને ભ્રાંતિ ટળી ગઈ છે ને તે ઉપરાંત અમુક અશુભભાવોની પ્રવૃત્તિ પણ ઘટી ગઈ છે ને શુભભાવો—વ્રતાદિના પરિણામની પ્રવૃત્તિ હોય છે.

## (૩) શુદ્ધોપયોગી મુનિને શુદ્ધાત્મામાં લીનતારૂપ પ્રવૃત્તિ હોય છે.

હવે શુદ્ધોપયોગી મુનિની પ્રવૃત્તિ :—આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યોત છે એવું ભાન છે. ઉપરાંત ધ્યાનમાં હોય છે. શુદ્ધાત્મામાં રમણતા વધી ગઈ છે તેમને શુભાશુભ ભાવોની પ્રવૃત્તિ હોતી નથી. શ્રાવકને ઉપદેશ આપું કે શિષ્યને દીક્ષા આપું એવી પ્રવૃત્તિ હોતી નથી. આ તીર્થંકર ભગવાન વંદ્ય છે ને હું વંદક છું એવો વંદ્ય—વંદક ભાવ મુનિને હોતો નથી. તેમને માત્ર શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ હોય છે, ને શુભાશુભ ભાવોથી નિવૃત્તિ હોય છે.

## (૪) શુભોપયોગી મુનિને મુખ્યપણે શુભભાવોમાં પ્રવૃત્તિ હોય છે.

હવે શુભોપયોગી મુનિની પ્રવૃત્તિ :—આત્મા શુદ્ધ સ્વભાવી છે એવું ભાન છે. ઉપરાંત અંશે વીતરાગતા પણ થઈ છે છતાં સર્વથા સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યારે પાંચ મહાવ્રતાદિના શુભ પરિણામ હોય છે. શરીરને વસ્ત્રથી ઢાંકું એવા પ્રકારનો રાગ ઊઠતો નથી, નગ્ન દિગંબરદશા હોય છે. તેમને હજી છ કાયની રક્ષાનો ને મહાવ્રતાદિનો શુભરાગ હોય છે. તે શુભરાગની પ્રવૃત્તિ કેટલી હોય છે ને તેની હદ કેટલી, તે હવેની ગાથામાં કહેવામાં આવે છે.

## ગાથા ૨૪૯

**વણ જીવકાય વિરાધના ઉપકાર જે નિત્યે કરે**
**ચઉ વિધ સાધુસંઘને, તે શ્રમણ રાગપ્રધાન છે. ૨૪૯.**

**અર્થ :—**જે કોઈ (શ્રમણ) સદા (છ) કાયની વિરાધના વિના ચાર પ્રકારના શ્રમણસંઘને ઉપકાર કરે છે, તે રાગની પ્રધાનતાવાળો છે.

## મુનિને છકાયના જીવોને દુઃખ દેવાનો ભાવ હોતો નથી.

જે જીવે આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન ઉપરાંત સ્વરૂપ લીનતારૂપ મુનિપણું અંગીકાર કરેલ છે તે મુનિએ સંયમની પ્રતિજ્ઞા કરી છે. શ્રમણસંઘને શુદ્ધાત્મપરિણતિના રક્ષણમાં નિમિત્તભૂત એવી જે ઉપકારપ્રવૃત્તિ તે શુભોપયોગી શ્રમણો કરે છે, તે પ્રવૃત્તિ છકાયની વિરાધના વિનાની હોય છે. કારણ કે તેમણે સંયમની પ્રતિજ્ઞા

લીધેલી છે. તે મુનિનો ચૈતન્યસૂર્ય શુભાશુભ ભાવમાં અટકે છે. તેથી પૂર્ણ વિકાસ દેખાતો નથી. ચૈતન્ય સ્વભાવમાં સર્વથા ઠરે તો કેવળજ્ઞાન પ્રગટે તેમ છે, પણ શુભોપયોગી મુનિ હજી અસ્થિરતામાં એટલે કે શુભરાગમાં વર્તે છે. તે શુભરાગની પણ મર્યાદા છે. પૃથ્વી, પાણી વગેરે પાંચ સ્થાવર ને ત્રસ એમ છ કાયના જીવોને દુઃખ દેવાના ભાવ તેને હોઈ શકે નહિ. સમ્યગ્દ્રષ્ટિને હજી નબળાઈના કારણે અશુભભાવ પણ કદાચિત્ થતા હોય, લડાઈના પરિણામ હોય, છતાં આત્માનું ભાન છે. કોઈ મારો દુશ્મન નથી છતાં દ્વેષના પરિણામ થાય છે. ચક્રવર્તીને રાજ્યવૈભવ હોય, લીલોતરી શાક મોટા પ્રમાણમાં થતાં હોય, એવી અશુભભાવની પ્રવૃત્તિ સમ્યગ્દ્રષ્ટિને ભાન હોવા છતાં હોય છે પણ મુનિને અંતર લીનતા ને વીતરાગતા એટલી વધી છે કે અશુભરાગ ઘણો ઘટી ગયો છે. કોઈ જીવની હિંસા થતી હોય એવો અશુભભાવ મુનિને હોતો નથી ને તેવો આદેશ પણ કરે નહિ. એકેન્દ્રિય જીવને પણ મારવાનો ભાવ મુનિને હોતો નથી. એક જીવ બીજાને મારી શકતો નથી તેમ જ જીવાડી શકતો નથી, એવાં શ્રદ્ધા-જ્ઞાન છે પરંતુ તે પોતાના કારણે બીજા જીવને દુઃખ થાય નહિ તેવો વિવેક મુનિને વર્તે છે. વળી અમારા માટે અમુક શાક બનાવજો એવી વૃત્તિ મુનિને હોતી નથી. સમ્યગ્દ્રષ્ટિને કોઈ વખતે અશુભભાવ પણ હોય છે પરંતુ મુનિ થતાં અંતરલીનતા ઘણી વધી જતાં બાહ્ય પરિગ્રહ ઉપરનો, વસ્ત્ર ઉપરનો રાગ પણ છૂટી જાય છે ત્યારે નગ્ન દિગંબરદશા વર્તે છે. તે સાધુપદ પછી કેવળદશા થાય છે, તે વિના કેવળ પમાતું નથી. અંતર ભાનસહિત લીનતા વધી છે ને રાગ ઘણો ઘટી ગયો છે. રોગ થાય તો મુનિ દવા લાવવાનો ભાવ કરતા નથી. સમ્યગ્દ્રષ્ટિને દવા લાવવાનો ભાવ આવે, પણ મુનિને અશુભ રાગ ઘણો ટળી ગયો છે ને શુભરાગ પણ મર્યાદામાં થાય છે. પ્રતિજ્ઞા તો સ્વભાવની અંદર રમણતાની કરેલી છે, તેથી પરિગ્રહાદિના અશુભભાવો ટાળ્યા છે. પાપના પરિણામનો ત્યાગ વર્તે છે ને શુભ આવે છે તે પણ ધર્માત્મા પ્રત્યેનો આવે છે. આવા સાધુપદ પછી આગળ વધીને કેવળદશા પામે છે. કોઈ કહે કે અત્યારે કેવળજ્ઞાન નથી તો પછી મુનિપણાનું અત્યારે શું કામ છે ? તેનું સમાધાન :— ભાઈ, કેવળજ્ઞાનનું સાધન મુનિપણું છે. તેની સાચી શ્રદ્ધા તો કર. સાચી શ્રદ્ધા વિના સમ્યકદર્શન થાય નહિ. તે વિના મુનિપણું ને મુક્તિ થાય નહિ માટે જેમ છે તેમ શ્રદ્ધા–જ્ઞાન કરવા જોઈએ.

## **શુભોપયોગી મુનિ ચાર પ્રકારના શ્રમણસંઘ ઉપર ઉપકારની પ્રવૃત્તિ કરે છે. ઉપકાર એટલે શું ?**

તે શુભોપયોગી મુનિને શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત એવી ચાર પ્રકારના સંઘને ઉપકાર કરવાની પ્રવૃત્તિ હોય છે. શ્રમણના ચાર પ્રકાર છે.

૧. ઋદ્ધિવાળા શ્રમણ તે **ઋષિ** છે.

૨. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે **મુનિ** છે.

૩. ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે **યતિ** છે અને

૪. સામાન્ય સાધુ તે **અણગાર** છે.

આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે. વળી સાધુ, અર્જિકા, શ્રાવક ને શ્રાવિકાને પણ ગૌણપણે સંઘ કહેવાય છે. એક જીવ બીજા ઉપર ઉપકાર કરતો નથી ને તે ઉપકારની પ્રવૃત્તિથી બીજા જીવની શુદ્ધાત્માની પરિણતિનું રક્ષણ થતું નથી પણ અહીં ચરણાનુયોગનું કથન નિમિત્તથી છે. શુભોપયોગી મુનિને તે પ્રકારનો વિકલ્પ ઊઠે છે ને તે વિકલ્પનું લક્ષ કોના ઉપર જાય છે તે બતાવે છે.

**(૧) ઋષિ :—**જે મુનિને આત્માનું ભાન છે, ઉપરાંત ઋદ્ધિ પ્રગટ થઈ છે. આત્મ ને શરીરની ક્રિયા જુદી છે એમ જાણે છે. ઋદ્ધિ હોવા છતાં તેને ફોરવવાનો ભાવ નથી. શુભોપયોગી મુનિ તેમની વૈયાવૃત્ત્ય કરે છે. તે ઋષિ ઉપર ઉપકાર કરે છે.

(૨) અવધિજ્ઞાની મુનિ સ્વર્ગ, નરક વગેરે જગ્યાને અમુક હદમાં જાણી શકે છે ને મનઃપર્યયજ્ઞાની બીજાના મનના વિચારો જાણી લ્યે છે. તેમની વૈયાવૃત્ત્ય કરે છે. કોઈ બિમાર હોય તો સેવા કરે વગેરે પ્રકારે ભાવ કરે છે. તે મુનિ ઉપર ઉપકારની પ્રવૃત્તિ છે.

**તીર્થંકર ભગવાન પ્રત્યે ઉપકારની પ્રવૃત્તિ :—**જુઓ, આજે સમવસરણ મંદિરનો દશમો વાર્ષિક પ્રતિષ્ઠા મહોત્સવદિન છે ને તીર્થંકરની વાત આવી છે. સર્વજ્ઞ ભગવાન બિરાજતા હોય, ત્યાં બાર સભા સભાય છે, ઓમ ધ્વનિ છૂટે છે, હોઠ બંધ હોય છે, ઇચ્છા વિના આત્માના બધા પ્રદેશેથી અનક્ષરી વાણી નીકળે છે, ભગવાન જમીનથી અદ્ધર ઊંચે બિરાજતા હોય છે. શુભોપયોગી મુનિને રાગ આવે ને ત્યાં વાણી સાંભળવા જાય ને વાણી સાંભળીને ભગવાન કહે છે તેમ પોતે એકાગ્ર થઈ જાય છે. તે તીર્થંકરની સેવા ને ઉપકાર કર્યો કહેવાય છે. પોતાના ચૈતન્યને વર્તનમાં મૂક્યો તેનો આરોપ આવે છે.

(૩) ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં ચડેલા મુનિને જોઈને શુભોપયોગી મુનિ વિચારે કે અહો, ધન્ય તારી દશા ! લીનતામાં આરૂઢ થઈને જે પાછી પડે તે ઉપશમશ્રેણિ ને જે આરૂઢ થઈ પાછી ફરતી નથી ને કેવળદશા પામે છે તેને ક્ષપકશ્રેણિ કહે છે. નાળિયેરની અંદરનો સફેદ ગોળો બહારના છાલા, કાચલી ને રાતડથી જુદો છે તેમ શરીર બહારના છાલા સમાન છે, કર્મ કાચલી સમાન છે, સફેદ ગોળા ઉપરની રાતડ તે પુણ્ય-પાપના વિકારી ભાવ છે. આત્મા તે બધાથી રહિત આનંદકંદ સફેદ ટોપરા જેવો છે. એવા ચૈતન્યગોળામાં લીન થયા છે ને પરિપૂર્ણદશા પ્રગટ થતાં એકલો ચૈતન્યગોળો રહી જાય છે, તેવી દશાની યત્ના કરે છે તે યતિ છે. એવા યતિને જોઈ અહો ધન્ય અવતાર ! હું પણ શ્રેણિ માંડું ને કેવળ લઉં એવી જે ભાવના ભાવે છે તે યતિ ઉપર ઉપકાર કર્યો કહેવાય.

**(૪) સામાન્ય અણગાર** = સામાન્ય સાધુ—આગાર એટલે મકાન વગેરે. તે જેને ન હોય તે અણગાર છે. પરિગ્રહ રહિત તેવા સાધુની વૈયાવૃત્ત્યનો ભાવ તે અણગાર ઉપરનો ઉપકાર છે.

આ પ્રકારની પ્રવૃત્તિમાં રાગની મુખ્યતા છે, તેથી તે પ્રવૃત્તિ શુભોપયોગી મુનિને હોય છે. અહીં 'રાગપ્રધાનપણું' એવો શબ્દ વાપર્યો છે. દ્રષ્ટિમાં રાગ પ્રધાન નથી. દ્રષ્ટિ તો અખંડ જ્ઞાનસ્વભાવપ્રધાન છે પણ સ્વરૂપમાં ઠરી શકતો નથી ને શુભરાગમાં વર્તે છે તેથી રાગપ્રધાન કહ્યો છે.

આવા પ્રકારની લાગણી શુદ્ધોપયોગી મુનિ કે જે સાતમા ગુણસ્થાનથી છે તેને હોતી નથી. તેને મુનિની સેવાનો ભાવ કે ભગવાનની વાણી સાંભળવાનો ભાવ પણ હોતો નથી. સર્વજ્ઞની સભામાં કોઈ મુનિ જાય ત્યારે શુભભાવ હોય ને ત્યાં પુરુષાર્થ ઉપાડે ને સ્વરૂપની લીનતા કરે તો ભગવાનની વાણી સાંભળવા તરફ ઉપયોગ હોતો નથી, તેથી ભગવાનનો અનાદર કરે છે એમ નથી. સ્વરૂપની લીનતા વખતે બિમાર મુનિની વૈયાવૃત્ત્ય કરવાનો ભાવ શુદ્ધોપયોગી મુનિને ઊઠતો નથી તેથી મુનિનો અનાદર કરે છે એમ નથી. અહીં તો મુનિને શુભરાગ આવે તો કેવા પ્રકારનો આવે તેની મર્યાદા બતાવી છે.

*

# પ્રસાદ નં. ૨૦૭

## <u>પ્રવચનસાર ગાથા ૨૫૦</u>

(વૈશાખ વદ ૭, રવિવાર)

## <u>જુદા જુદા ગુણસ્થાને પ્રવૃત્તિની મર્યાદા.</u>

૧. આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે એવું ચૂકીને પરમાં સુખ છે, પુણ્યથી ધર્મ છે એવી માન્યતા જે કરે છે તે જીવની પ્રવૃત્તિ તેની પર્યાયમાં છે. ભ્રાંતિ કરી શકે છે પણ તેની ભ્રાંતિની પ્રવૃત્તિ તેની પર્યાય છોડી પરપદાર્થોમાં ફેરફાર કરી શકતી નથી. આ મિથ્યાદ્રષ્ટિની વાત થઈ.

૨. ચોથે ગુણસ્થાને ધર્મીને આત્માનું ભાન છે. શરીરાદિ ક્રિયા મારી નથી, વિકાર મારું ત્રિકાળી સ્વરૂપ નથી એવું ભાન હોવાથી ભ્રાંતિની પ્રવૃત્તિ ટળી છે પણ શુભાશુભ ભાવોની પ્રવૃત્તિ છે.

૩. પાંચમે ગુણસ્થાને ભ્રાંતિની પ્રવૃત્તિ નથી, આસક્તિ પણ અંશે ઓછી હોય છે, પાપના ભાવો ઘટાડ્યા છે ને શુભવ્રતાદિની પ્રવૃત્તિ હોય છે.

૪. છઠ્ઠે ગુણસ્થાને ભ્રાંતિની પ્રવૃત્તિ નથી તેમ જ અશુભ ભાવની ઘણે ભાગે પ્રવૃત્તિ નથી ને શુભની પ્રવૃત્તિ પણ મર્યાદામાં હોય છે.

૫. સાતમા ગુણસ્થાને બુદ્ધિપૂર્વક રાગનો અભાવ છે. શુદ્ધાત્મામાં લીનતાની પ્રવૃત્તિ છે. ચોથેથી બારમા ગુણસ્થાન સુધી અધૂરી ભૂમિકા છે. ભાન થાય કે તુરત જ સંપૂર્ણ નિર્મળ દશા થઈ જાય એમ હોતું નથી. કેટલીક નિર્મળતા ને કેટલીક મલિનતા હોય છે, તે જાણવી જોઈએ. પરપદાર્થની પ્રવૃત્તિ તો મિથ્યાદ્રષ્ટિ કે જ્ઞાની કોઈ કરી શકતાં નથી.

અહીં છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મુનિને કેટલીક નિર્મળતા છે ને કેટલીક મલિનતા છે. શુભ રાગ હોય છે તેની મર્યાદા બતાવે છે. તે શુભોપયોગી મુનિને સંયમ સાથે વિરોધવાળી પ્રવૃત્તિ ન હોવી જોઈએ.

### <u>ગાથા ૨૫૦</u>

**વૈયાવૃતે ઉદ્યત શ્રમણ ષટ્કાયને પીડા કરે**
**તો શ્રમણ નહિ, પણ છે ગૃહી; તે શ્રાવકોનો ધર્મ છે. ૨૫૦.**

**<u>અર્થ :</u>**—જો (શ્રમણ) વૈયાવૃત્ત્ય માટે ઉદ્યમવંત વર્તતાં છકાયને પીડા કરે તો તે શ્રમણ નથી, ગૃહસ્થ છે; (કારણ કે) તે (છકાયની વિરાધના સહિત વૈયાવૃત્ત્ય) શ્રાવકોનો ધર્મ છે.

## મુનિ વૈયાવૃત્ત્યની પ્રવૃત્તિમાં છ કાયને પીડા કરે તો તે મુનિ રહેતો નથી

પ્રથમ સમ્યગ્દર્શનની વાત કરી. પછી મુનિના રાગની વાત કરે છે કે બીજા કોઈ ધર્માત્મા મુનિ હોય તેને કદાચિત્ રાગ હોય, થાક લાગ્યો હોય તો તેમની વૈયાવૃત્ત્ય માટે લક્ષ જાય છે પણ તે વૈયાવૃત્ત્યમાં પર જીવની હિંસા થાય તેવી પ્રવૃત્તિ હોય તો તેનું મુનિપણું રહેતું નથી. મીઠામાં, અગ્નિમાં, પાણીમાં, વાયરામાં અસંખ્ય જીવો છે ને બટાટા, લસણમાં અનંતા જીવો છે, તેની હિંસા થાય એમ મુનિ પ્રવર્તે નહિ. ભગવતી પૂજા માટે પાણી વગેરેના લાવવું ઇત્યાદિ જે શ્રાવકોનાં કર્તવ્ય છે તે મુનિ કરતો નથી. સામા જીવોની અવસ્થા પણ ક્રમબદ્ધ થઈ રહેલ છે. છ કાયના જીવો જે પ્રમાણે જીવવાના હોય કે મરવાના હોય તે ક્રમબદ્ધ થઈ રહેલ છે. તેને યત્નાથી જીવાડી શકાતા નથી તેમ જ હિંસાના ભાવથી મારી શકાતા નથી. આમ આત્મજ્ઞાન હોવા છતાં મુનિને રાગની મર્યાદા કેટલી હોય તે બતાવે છે. શ્રાવક પોતા માટે દવા લાવે, શરીરની માવજત માટે લીલાં પાંદડાં—આકડા વગેરે ના લાવે. આત્માનું ભાન છે છતાં એટલો રાગ થઈ આવે છે પણ મુનિને તે પ્રકારનો રાગ હોઈ શકે નહિ. મુનિ તે પ્રકારનો રાગ કરે ને આત્માનું ભાન જાળવી રાખે તો શ્રાવકપણું આવે ને ભ્રાંતિ કરે તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. વિષ્ણુકુમાર મુનિના શાસ્ત્રમાં વાત્સલ્ય અંગ બતાવવા વખાણ કરેલ છે. સાતસો મુનિને રાજાના ઉપસર્ગથી બચાવ્યા. એ પ્રમાણે રક્ષણમાં નિમિત્ત થયા. એ વાત્સલ્ય અંગ બતાવવા શાસ્ત્રે વખાણ કરેલ છે પણ પોતે તો મુનિપણું ચૂકી જઈ નીચલી ભૂમિકાએ આવેલ છે. સ્વરૂપનું ભાન ચૂક્યા નથી પણ તેમણે જે ભાવ કર્યા તે મુનિની હદ બહારના હતા. જે મુનિ બીજા મુનિને શુદ્ધ આત્માની લીનતામાં રક્ષણ થાય એવા અભિપ્રાયથી વૈયાવૃત્ત્યની પ્રવૃત્તિ કરતાં પોતાના સંયમની વિરાધના કરે તો ગૃહસ્થદશામાં આવી જાય છે ને પાંચમું ગુણસ્થાન આવવા છતાં મુનિપણું માને તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે.

## મુનિઓએ સંયમ સાથે વિરોધ ન આવે એ પ્રમાણે આચરણ આચરવું.

આથી એમ કહ્યું કે મુનિઓને જે શુભરાગની પ્રવૃત્તિ હોય તે સર્વથા સંયમમાં વિરોધ ન આવે એવી જ રીતે કરવી. વાત્સલ્યભાવ, પ્રભાવનાનો ભાવ, ઉપદેશનો

ભાવ વગેરે ભાવો આવે પણ તેમાંય મર્યાદા હોવી જોઈએ. એટલા તીવ્ર ન થવા જોઈએ કે જેથી પોતાના સંયમના પાલનમાં વિરોધ આવે કારણ કે પ્રવૃત્તિમાં સંયમ જ સાધ્ય છે. દ્રવ્યદ્રષ્ટિમાં સાધ્ય તો પરમ પારિણામિક ભાવ એક જ છે. નિમિત્ત ને કર્મ વિનાનો, પુણ્ય-પાપ કે અંશ રહિત શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય જ ધ્યેય છે. પુણ્યભાવથી કે ઊઘડેલા અંશ જ્ઞાનથી ધર્મ થાય તેમ માનતો નથી. ચૈતન્યના જ આધારે ધર્મ છે. પંચમહાવ્રતાદિના પાલનથી ધર્મ તેમ માનતો નથી. ધર્મ તો ત્રિકાળી દ્રવ્યના જ આધારે છે ને ધ્યેય તો શુદ્ધસ્વભાવ છે, તે જ સાધવાયોગ્ય છે, એવું ભાન ખસતું નથી પણ અહીં મુનિને શુભરાગ મર્યાદામાં આવે છે ને સંયમમાં બાધા ન આવે તેથી શુભ રાગની સંયમ પર્યાય છે માટે સંયમ જ સાધ્ય છે એમ ચરણાનુયોગમાં પર્યાયને સાધ્ય કહી છે. ચરણાનુયોગનો આત્મા જુદો ને દ્રવ્યાનુયોગનો આત્મા જુદો એમ બે આત્મા થઈ જતા નથી. માત્ર કથનપદ્ધતિમાં ફેર છે. ચરણાનુયોગ શુભભાવ ને નિમિત્તપ્રધાનથી કથન કરે છે પણ શુભભાવ થાય છે માટે સામા જીવમાં અવસ્થા થાય અથવા શુભભાવથી ધર્મ થાય એમ ચરણાનુયોગ કહેતો નથી. ચરણાનુયોગ શુભ રાગની મર્યાદા બતાવે છે. શુભરાગ વખતે શુદ્ધનું ભાન છે ને શુભરાગનો નકાર વર્તે છે. જેટલી સ્થિરતા છે એટલો ખરો ધર્મ છે ને રાગને ઉપચારથી વ્યવહારધર્મ કહે છે.

**ભાવાર્થ :—**જે મુનિ છ કાયના જીવોને દુઃખ આપીને વૈયાવૃત્ત્ય આદિની પ્રવૃત્તિ કરે છે તે મુનિ રહી શકતો નથી પણ મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. છ કાયના જીવોને હું બચાવી શકું છું કે મારી શકું છું એમ માનનાર તો મિથ્યાદ્રષ્ટિ જ છે પણ તે પ્રત્યેના ભાવની વાત છે. જેથી મુનિએ વૈયાવૃત્ત્ય આદિની પ્રવૃત્તિ એવી રીતે કરવી કે જેથી સંયમની વિરાધના ન થાય, એટલે કે તીવ્ર રાગ ન કરવો જોઈએ. અહીં એટલું વિશેષ સમજવું કે—જે મુનિ પોતાના શરીરના નિભાવ માટે કાંઈ પણ પાપની પ્રવૃત્તિ કરતો નથી અથવા શિષ્યાદિના મોહથી પણ પાપપ્રવૃત્તિ કરતો નથી તેના માટે તો વૈયાવૃત્ત્ય, ભક્તિ આદિ ભાવોમાં આરંભાદિ કરી પાપભાવ ન કરવો તે તો વ્યાજબી ને શોભાસ્પદ છે.

## જે સંસારમાં સાવદ્યની પ્રવૃત્તિ કરે છે પણ ધર્મનાં કાર્યોમાં ઉત્સાહ બતાવતો નથી તે દીર્ઘસંસારી છે.

પરંતુ જે ગૃહસ્થ બીજે તો પાપની પ્રવૃત્તિને ઇચ્છે છે, સંસારમાં આરંભ-સમારંભ કરે છે પણ પોતાની અવસ્થાને યોગ્ય વૈયાવૃત્ત્ય, ભક્તિ આદિ ધર્મકાર્યોમાં આરંભથી પાપ થશે તેમ માની ધર્મકાર્ય કરતો નથી તો તે ગૃહસ્થને ધર્મકાર્ય હોતું નથી. પોતાને ત્યાં દીકરાના લગ્ન હોય તો મોટા જમણવાર કરે ને

મોટી પ્રવૃત્તિ કરે, ને ભગવાનની પૂજા, ભક્તિના પ્રસંગની વાત આવે તો કહે કે બહુ આરંભવાળી પ્રવૃત્તિ ન કરવી. પૂજામાં નહાતી વખતે તથા મંદિરો માટે બાંધકામ કરાવતાં જીવો હણાય છે માટે આપણે તો છ કાયની હિંસા ન કરવી, એમ દલીલ કરે છે. જ્ઞાની પૂછે છે કે દીકરાંના લગ્ન વખતના જમણવારમાં પાણી ઢોળાતાં ન હતાં ? રસોઈ કરતાં જીવની હિંસા થતી ન હતી ? તે વખતે હિંસાનો વાંધો ન હતો ને ધર્મની વાત આવે ત્યાં હિંસાનું બહાનું કાઢે છે તે જીવને ધર્મનો પ્રેમ નથી. લગ્નમાં પાંચપચીસ હજાર રૂપિયા ખરચી નાખે ને ધર્મના ફાળામાં નોંધાવવા હોય તો કહે કે અમારા પાંચસો રૂપિયા તો ઘણા—એમ કહીને લોભને સેવે છે. પોતાના માટે મકાન આલીશાન બનાવે ને ધર્મ માટેનાં મકાનોની વાત આવે તો કહે કે સાદા રાખશું તો ચાલશે એમ કહી નિરુત્સાહ બતાવે છે. દીકરા-દીકરી પ્રત્યે રાગ વર્તે છે ને તેના માટે પ્રવૃત્તિ બધી કરે છે ને ધર્મનાં કામ કરવાનાં આવે તો કહે કે મને હાલમાં વખત નથી. એમ જ બહાનું કાઢે છે તેને ધર્મની રુચિ નથી, તે મિથ્યાદ્રષ્ટિ છે. તે જીવ સંસારની રુચિવાળો દીર્ઘ સંસારી છે.

## ધર્મી ગૃહસ્થોને ધર્મપ્રભાવના વગેરેના પ્રસંગે કષાય ઘટાડી શુભરાગ આવ્યા વિના રહે નહિ.

ગૃહસ્થો કે જેમને આત્માનું ભાન છે, અરાગીદ્રષ્ટિ થઈ છે, તે જીવોને રાગ હોય તો રાગની કેટલી હદ વર્તે છે, તે બતાવે છે. રાગથી પરનાં કામ થાય છે ને રાગ ન હોય તો પરનાં કામ અટકી જાય છે, તેમ નથી પણ જેને શુદ્ધસ્વભાવની રુચિ થઈ હોય તેને વિકલ્પવાળી દશામાં શુદ્ધસ્વભાવનાં સાધકો પ્રત્યે રાગ થયા વિના રહે નહિ. અહીં તો રાગની દિશા બતાવે છે. ધર્મીને રાગની દિશા કુટુંબ પરિવાર તરફથી અંશે ખસી સાધર્મી પ્રત્યે વળેલી હોય જ છે, તેમ અહીં જ્ઞાન કરાવે છે. તે પ્રસંગોને લીધે નહિ પણ તે તે શુભ પ્રસંગોના સમયે—જેમ કે જિનમંદિરની સ્થાપના કરવી, મુનિઓ માટે વૈયાવૃત્ત્ય વગેરે ધાર્મિક પ્રસંગોએ શુભરાગ, ભક્તિ, યથાશક્તિ દાન, ધાર્મિક પ્રવૃત્તિમાં ઉત્સાહ વગેરે પ્રકારનો આવે. તે જ્ઞાની રાગને ધર્મનું કારણ માને છે અથવા તે શુભરાગથી પરનાં કામ થાય છે એમ નથી પણ રાગીને ગૃહસ્થદશામાં રાગની દિશા કઈ બાજુ વળેલી છે તે બતાવે છે અને તેવા પ્રસંગે જો શુભરાગ ન આવે, યથાશક્તિ દાનાદિ ન કરે, વૈયાવૃત્ત્ય આદિના ભાવ ન કરે ને કુટુંબ માટે પૈસા વાપરતો હોય, ત્યાં લોભ ન કરતો હોય ને ધર્મના કામમાં મંદિરાદિ કરવાથી જીવની હિંસા થાય એમ બહાનું બતાવે ને લોભને પોષે તો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, તેને સમકિત થતું નથી.

**<u>પ્રશ્ન :—</u>**મુનિનું અનુકરણ કરવું કે નહિ ? મુનિ તો છ કાયની હિંસા કરતો નથી તો અમારે પણ છ કાયની હિંસા થાય તેવું કાર્ય શા માટે કરવું ?

## <u>જે ગૃહસ્થ છ કાયની હિંસાનું બહાનું બતાવી તીવ્ર કષાયને પોષે છે તે મિથ્યાદ્રષ્ટિ છે, તેને ધર્મની રુચિ નથી.</u>

**<u>સમાધાન :—</u>**બરાબર મુનિનું અનુકરણ કરવું. મુનિએ બૈરાં—છોકરાં, વેપાર—ધંધા છોડી દીધા છે ને તેમને ગૃહસ્થદશા હતી તે વખતના જે કુટુંબીજનો હોય છે તેના માટે દવા વગેરે લાવતો નથી તથા બીજી પ્રવૃત્તિ કરતો નથી. બરાબર તેનું અનુકરણ કરી તારે પણ બૈરાં—છોકરાં છોડી મુનિપણું અંગીકાર કરવું તથા ગૃહસ્થની પ્રવૃત્તિ છોડી દેવી ને છ કાયની હિંસા ન થાય તેમ કરવું. પણ તારે મુનિપણું તો લેવું નથી ને ગૃહસ્થદશામાં અશુભરાગ ઘટાડી શુભ રાગ કરવો નથી, તે તારી માયા છે. ધર્મના પ્રસંગે કહે કે થવું હશે તે થશે, આપણે ક્યાં પરનાં કામ કરી શકીએ છીએ એમ બહાનું દે છે તો પછી દીકરાને સર્પ કરડે તે પ્રસંગે અથવા વેપારના પ્રસંગે થવું હશે તેમ થશે એમ સમાધાન કેમ કરતો નથી ? ત્યાં તો પ્રવૃત્તિમાં મશગુલ રહ્યા કરે છે. પરપદાર્થની અવસ્થામાં તો થવું હશે તેમ થશે એ વાત તો એમ જ છે. તારા રાગને કારણે તેમાં ફેરફાર થવાનો નથી અથવા રાગ ન કરે તો તેની અવસ્થા અટકી જવાની નથી પણ તારી રાગની દિશા સંસારના કાર્યો તરફ ઢળેલી છે. ને મુનિ આદિ ધર્માત્મા પ્રત્યે વળેલી નથી માટે સમ્યગ્દર્શન થશે નહિ.

સંસારમાં દીકરાનાં લગ્ન હોય ને પોતાની પાસે મૂડી હોય તો મૂડી છાની રહેતી નથી–છૂટથી જમણવારમાં વાપરે, વ્યવહાર મોટા કરે ને પોતાની મૂડીના પ્રમાણમાં બરાબર વાપરે તેમ આત્મસ્વભાવના ભાનવાળા ગૃહસ્થો કે જેમને સ્વભાવની મૂડીનો પત્તો લાગ્યો છે તેવા જીવોને સ્વભાવની વૃદ્ધિનાં નિમિત્તોમાં, ધાર્મિક પ્રસંગોમાં, મુનિના વૈયાવૃત્ત્ય આદિ પ્રસંગે, જિનમંદિર બનાવવા વગેરે પ્રસંગોએ શુભરાગ આવે ને લોભ ઘટાડી દાનાદિ કર્યા વગર તેઓ રહે નહિ.

કોઈ કહે કે રાગનો નિષેધ તો કરો છો તો પછી આ રાગની ભૂમિકા સમજવાની શી જરૂર છે તેને બદલે અમો જેમ સામાયિક વગેરે કરીએ છીએ તેમ કર્યા કરીએ તો ?

## <u>જુદી જુદી ભૂમિકાના યથાર્થ જ્ઞાન વિના સામાયિક હોઈ શકે નહિ.</u>

સમાધાન :–ભાઈ, રાગી જીવ વીતરાગ થયો નથી. સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યારે ધર્મીનો રાગ કઈ દિશા તરફ વળે છે તે જાણવું જોઈએ. રાગ કરવા

જેવો છે અથવા રાગથી ધર્મ થાય છે અથવા રાગથી પરનાં કામ થાય છે એમ આમાં ક્યાં આવ્યું ? તે તો વાત છે જ નહિ પણ પ્રશસ્ત રાગ કેવા પ્રકારનો હોય ને ભૂમિકા કેવી હોય તે જાણવું તો જોઈએ. તેનાં જ્ઞાન-શ્રદ્ધા વિના કેવી રીતે સામાયિક કરીશ ? દેહને બેસાડું છું, વાણી મૌન રાખી શકું છું—તે તો મિથ્યાભાવ છે. તે તો જડની અવસ્થા છે તે જડના કાળે થાય છે. આત્મા જુદો, શરીર જુદું એમ ભાન થયા પછી રાગ હોય તો કેવા પ્રકારનો હોય તે જાણવું તો જોઈએ.

અહીં એમ કહ્યું કે મુનિ વૈયાવૃત્ત્ય આદિનાં કાર્ય માટે તીવ્ર રાગ કરી છ કાયની વિરાધના કરે તો તેનું મુનિપણું રહેતું નથી, પણ તે ગૃહસ્થ થઈ જાય છે ને દ્રષ્ટિ વિપરીત થાય તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. ને શ્રાવક હોય તે પોતાનાં શરીર, કુટુંબ આદિ માટે બધી પ્રવૃત્તિ કરે ને રૂપિયા પણ ખર્ચે પરંતુ ધર્મના પ્રસંગે પ્રભાવના થાય તેમ ન કરે ને છ કાયની હિંસા થશે એમ બહાનું બતાવી પોતાના કષાયને પોષે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. તે સંસારનો રુચિવાળો જીવ છે.

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ. (શ્રીમદ્)**

માટે જ્યાં જેમ હોય ને જેવી હદ હોય તેમ જાણવું ને રાગ ઘટાડી આચરણ કરવું જોઈએ. ll૨૫૦ll

*

# પ્રસાદ નં. ૨૦૮

## <u>પ્રવચનસાર ગાથા ૨૫૦</u>

(વૈશાખ વદ ૮, સોમવાર)

સમ્યગ્દર્શન થયા પછી સાધુ થયેલ જીવને રાગ બાકી છે તેનું લક્ષ ક્યાં જાય છે. તેનું વર્ણન છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર હોય તો સાધુપણું હોય છે, તે સિવાય સાધુપણું નથી. શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક જે સાધુ છે તેમને જે રાગ હોય છે તે બીજાને માટે આવે છે, એમ નથી. પણ જો મુનિને પોતાની મર્યાદા ઉપરાંત રાગ આવે ને છ કાયના જીવોને દુભવવાનો ભાવ આવે તો મુનિપણાથી ભ્રષ્ટ થાય છે ને ગૃહસ્થને પોતાના સ્વભાવનો મહિમા ચૂકીને સ્વભાવના સાધક જીવો પ્રત્યે શુભરાગ થાય નહિ અને લૌકિકજનો પ્રત્યે તીવ્રરાગ આવે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. હવે શુભોપયોગીને શુભરાગની પ્રવૃત્તિ હોય છે તેના બે વિભાગ દર્શાવે છે. આત્માનું ભાન છે, હું શુદ્ધ છું, જગતના બધા પદાર્થોનો જ્ઞાતા છુ ને તે પદાર્થો જ્ઞેય છે. હું જ્ઞાતા–દ્રષ્ટા છું ને તે દ્રશ્ય છે. તેનાથી લાભ—નુકશાન નથી, તેવું ભાન હોવા છતાં જે રાગ રહે છે તેના બે વિભાગ બતાવે છે. જે શુદ્ધાત્મા છે, આત્મપરિણતિમાં લીન છે તે પ્રત્યે ઉપકાર કરવાયોગ્ય છે. તે વાત મૂળ ગાથામાં છે. તેમાંથી ટીકામાં નાસ્તિથી બતાવ્યું છે કે જે શુદ્ધાત્મા નથી પણ નિમિત્તથી કે પુણ્યથી લાભ માને તેમના પ્રત્યે ઉપકાર કરવા યોગ્ય નથી.

## <u>ગાથા ૨૫૧</u>

છે અલ્પ લેપ છતાંય દર્શનજ્ઞાનપરિણત જૈનને

નિરપેક્ષતાપૂર્વક કરો ઉપકાર અનુકંપા વડે. ૨૫૧.

<u>**અર્થ :—**</u>અલ્પ લેપ થતો હોવા છતાં પણ સાકાર-અનાકાર ચર્યાયુક્ત જૈનોને અનુકંપાથી નિરપેક્ષપણે (શુભોપયોગી) ઉપકાર કરો.

## <u>શુભોપયોગીને ધર્માત્મા પ્રત્યે પરોપકાર પ્રવૃત્તિ નિરપેક્ષપણે હોય છે.</u>

ધર્મી જીવ શુભ વિકલ્પથી ધર્મ માનતા નથી છતાં શુભરાગ આવે તો તેની હદ કેટલી ને લક્ષ ક્યાં જાય છે, તે બતાવે છે. ચૈતન્યનાં શ્રદ્ધા–જ્ઞાન થયા પછી ધર્મીની દ્રષ્ટિ ઘણી સૂક્ષ્મ છે. તે સૂક્ષ્મભાનમાં સ્થિરતા વધી છે ને <u>**શુભરાગ કરે છે તેને લીધે પુણ્ય બાંધે છે ને તે શુભરાગ પોતાની શાંતિને રોકે છે માટે**</u>

**<u>જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય આદિ પાપ પ્રકૃત્તિનો બંધ પણ કરે છે. આ પ્રમાણે શુભથી પુણ્ય ને પાપ બંનેનો બંધ પડે છે.</u>**

સાકાર = જ્ઞાન, નિરાકાર = દર્શન. જેણે જ્ઞાન-દર્શનમાં જમાવટ કરી છે તે જૈન છે. જ્ઞાન-દર્શનમાં રમણતા કરે તે જૈન છે, પુણ્ય-પાપની રમણતા નહિ. આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે એવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે ને તેમાં રમણતા તે ચારિત્ર છે. આત્મા જાણનાર–દેખનાર છે. ખરેખર આત્મા પરને જાણતો નથી. સ્વને જાણતાં પર જણાઈ જાય છે. પુણ્ય-પાપ તે હું નહિ, તેમ જ અધૂરી પર્યાય તે હું નહિ; હું તો ત્રિકાળી જ્ઞાયક છું એવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તેમાં રમણતા કરતા હોય તે જૈન મુનિ છે. પેટામાં સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થોને પણ જૈન કહે છે. શુભોપયોગી જીવોને શુભરાગનું અલ્પ બંધન હોવા છતાં જ્ઞાનદર્શનમાં તરબોળ જૈનોને અનુકંપાથી કોઈ પણ બીજી અપેક્ષા રાખ્યા વિના ઉપકાર કરો. કોઈ કોઈનો ઉપકાર કરી શકતો નથી પણ શુભ ઉપયોગીનું રાગ વખતે ધર્માત્મા પ્રત્યે લક્ષ જાય છે. બીજા ધર્માત્માની શુદ્ધ અવસ્થા કાળે શુભઉપયોગીનો શુભભાવ નિમિત્ત છે તેથી ઉપકાર કર્યો કહેવામાં આવે છે. વળી તેમાં બીજી કોઈ અપેક્ષા હોવી ન જોઈએ. શુભોપયોગીનું રાગ વખતે લક્ષ જાય તો ધર્માત્મા પ્રત્યે જાય અને તે પણ તેમને જ્ઞાન-દર્શનમાં નિમિત્ત થાય એવો શુભરાગ હોય છે પણ ધર્માત્મા સિવાય અન્ય તરફ રાગ હોતો નથી, તે વાત ટીકામાં લેશે.

## <u>અનુકંપા પરોપકાર સ્વરૂપ પ્રવૃત્તિ એટલે શું ?</u>

**<u>ટીકા :—</u>**શુભોપયોગી જીવને આત્માનુ ભાન છે. એક જીવ બીજા જીવ ઉપર ઉપકાર કરી શકતો નથી તેમ જ પોતાના શુભરાગથી ધર્માત્માની શુદ્ધતાનું રક્ષણ થતું નથી પણ પોતે સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યારે શુભરાગ ધર્માત્મા પ્રત્યે ઊઠે છે ને ધર્માત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં ઠરે તો શુભોપયોગીનો રાગ નિમિત્ત થયો કહેવાય છે. તે અનુકંપાપૂર્વક પરોપકાર સ્વરૂપ પ્રવૃત્તિ કહેવામાં આવે છે. આવી શુભરાગની પ્રવૃત્તિ ધર્માત્મા પ્રત્યે જ હોય છે. આવી શુભરાગની પ્રવૃત્તિ બંધનું કારણ છે, તો પણ પોતાને શુદ્ધ સ્વભાવનો પ્રેમ છે ને તેમાં ઠરવા માગે છે, છતાં ઠરી ન શકે ત્યાંસુધી શુદ્ધ આત્માના સાધક જીવો પ્રત્યે જ શુભરાગ થાય છે, તેનો નિષેધ નથી. અહીં ચરણાનુયોગ છે એટલે શુભરાગ હોય તો કેટલી હદવાળો હોય ને કોના પ્રત્યે હોય, તે બતાવે છે.

## જૈનો અનેકાંતરૂપી સુદર્શનચક્રથી છ દ્રવ્યોને સાધે છે ને એકાંત માન્યતારૂપી દુશ્મનનો નાશ કરે છે.

હવે તે શુભરાગની પ્રવૃત્તિ કોના પ્રત્યે હોય છે તે કહે છે. ‘અનેકાંત સાથે મૈત્રીથી જેમનું ચિત્ત પવિત્ર થયું છે એવા શુદ્ધ જૈનો પ્રત્યે.’ કેવા છે તે શુદ્ધ જૈનો ?– અનેકાંત સાથે મૈત્રીથી જેમનું મન પવિત્ર થયું છે. અનેકાંત એટલે એક વસ્તુમાં વસ્તુપણાને નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. ચક્રવર્તીરાજા છ ખંડ સાધવા જાય છે ત્યારે સુદર્શન ચક્રથી છ ખંડને સાધી લ્યે છે ને કોઈ દુશ્મન સામો થાય તો સુદર્શન ચક્ર વડે માથું કાપી નાખે છે તેમ ધર્મી જીવ અનેકાંતરૂપી સુદર્શન ચક્રથી છ દ્રવ્યોના વસ્તુસ્વરૂપને યથાર્થ સાધી લ્યે છે– જાણી લ્યે છે. ગુણ-પર્યાય સહિત તેના સ્વરૂપને જાણી લ્યે છે ને આથી વિરુદ્ધ કહેતા હોય તેવા એકાંતવાદીઓનો પરાજય કરે છે એટલે કે પોતામાં એકાંત મિથ્યામાન્યતાનો નાશ કરે છે.

## એકાંત મિથ્યા માન્યતાનો નાશ કરનાર અનેકાંતનું સ્વરૂપ.

એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તેને અનેકાંત કહે છે. વિરોધી ધર્મો વસ્તુનો નાશ કરતા નથી પણ વસ્તુને નિપજાવે છે. તેનાં દ્રષ્ટાંતો :–

હું આત્મા જ્ઞાનસ્વભાવી છું ને પરજીવો અને જડ પદાર્થોરૂપે નથી.

પરપદાર્થો—જીવો ને જડ પર પણે છે ને મારા આત્માપણે નથી.

પર વસ્તુઓ સંયોગરૂપે વર્તે છે પણ મને લાભદાયક કે નુકશાનદાયક નથી.

રાગ-દ્વેષ આદિ મારી અવસ્થામાં મારાથી થાય છે પણ કર્મ અથવા પરપદાર્થથી થતા નથી.

રાગ-દ્વેષ આદિ પર્યાયમાં પોતાના દોષથી થાય છે પણ પોતાના ત્રિકાળી સ્વભાવથી થતા નથી.

રાગ-દ્વેષ આદિ વિકાર વિકારપણે છે ને શુદ્ધસ્વભાવરૂપે નથી.

શુદ્ધ સ્વભાવ શુદ્ધ સ્વભાવરૂપે છે ને વિકારરૂપે નથી.

જ્ઞાનની પર્યાય જ્ઞાનપર્યાયરૂપે છે ને રાગરૂપે નથી.

રાગની પર્યાય રાગપર્યાયરૂપે છે ને જ્ઞાનપર્યાયરૂપે નથી.

એક સમયની પર્યાય એક સમયની પર્યાયરૂપે છે ને ત્રિકાળી સ્વભાવપણે નથી.

એક ગુણ ત્રિકાળપણે છે ને એક સમય પૂરતો નથી.

એક ગુણ એક ગુણરૂપે છે ને આખા દ્રવ્યરૂપે નથી.

એક ગુણ એક ગુણરૂપે છે ને બીજા ગુણરૂપે નથી.

દ્રવ્ય દ્રવ્યરૂપે છે ને એક ગુણ જેટલું નથી.

દ્રવ્ય દ્રવ્યરૂપે છે ને એક પર્યાય જેટલું નથી.

સંસાર એક સમય પૂરતો છે ને ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં નથી.

અલ્પજ્ઞતા અલ્પજ્ઞતારૂપે છે ને સર્વજ્ઞતારૂપે નથી.

સર્વજ્ઞતા સર્વજ્ઞતારૂપે છે ને અલ્પજ્ઞતારૂપે નથી.

આવી રીતે એક વસ્તુ પોતાપણે છે ને પરથી નથી એમ બન્ને ધર્મો સમજે તો વસ્તુ પૂરી થાય છે.

આવા અનેકાંત સ્વરૂપ સાથે મૈત્રી બાંધી જેમનું ચિત્ત પવિત્ર થયું છે એવા ધર્માત્મા પ્રત્યે—વીતરાગી સંતો પ્રત્યે શુભોપયોગીને શુભરાગ થઈ આવે છે.

## ઈન્દ્રિયો મૂળ વસ્તુ જ નથી, તે તો અનંત પરમાણુઓની સ્કંધરૂપ અવસ્થા છે

આત્મા પોતાથી જ્ઞાન કરે છે ને ઈન્દ્રિયોથી જ્ઞાન કરતો નથી–એમ અનેકાંત છે. ઈન્દ્રિયોથી જ્ઞાન કરતો નથી એમ કહેવું તે પણ સંયોગ બતાવવા કથન છે. કેમ કે ઈન્દ્રિયો ખરેખર મૂળ દ્રવ્ય નથી. ઈન્દ્રિયો તો પુદ્‌ગલસ્કંધો છે. અનેક પરમાણુના જથ્થાને સ્કંધ કહે છે, એટલે મૂળ સ્વરૂપ તો પરમાણુ છે માટે ઈન્દ્રિયો જ ખરેખર કોઈ મૂળ વસ્તુ નથી પણ એક એક પરમાણુ સ્વતંત્ર રહેલા છે તે એકક્ષેત્રે સ્કંધરૂપે સ્થૂલ પર્યાયરૂપે અમુક આકારે ભેગા થયા તેને ઈન્દ્રિયનું નામ આપ્યું.

## ઇન્દ્રિયોનું યથાર્થ જ્ઞાન કરવાના ઇચ્છક જીવે પરમાણુ મૂળદ્રવ્યનું જ્ઞાન કરવું પડશે.

હવે આ ઇન્દ્રિયો છે એવો વ્યવહાર પણ કોનો સાચો કહેવાય ? તે વાત કહેવાય છે. ઇન્દ્રિયોનો વિચાર કરતાં સ્કંધનો વિચાર કરે, સ્કંધનો વિચાર કરતાં અનેક પરમાણુની પર્યાયો ભેગી થઈ તેનો વિચાર કરશે, તે પર્યાયોમાંથી એક પર્યાયનો ખ્યાલ કરશે ને પર્યાયનો વિચાર કરતાં પરમાણુ કે જે મૂળ દ્રવ્ય છે તેનો ખ્યાલ કરે તો વસ્તુસ્થિતિ સમજાય તેમ છે. આમ **જેને પર્યાયનું સાચું જ્ઞાન કરવું હોય તેણે, પર્યાયવાન્ ઉપર લક્ષ કરવું પડશે. કોઈ પણ અંશ હોય તે અંશ કોનો ? અંશીના જ્ઞાન વિના અંશનું સાચું જ્ઞાન થશે નહિ, દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું**

**જ્ઞાન યથાર્થ થશે નહિ. ઇન્દ્રિયોનું એટલે પર વસ્તુનું પણ યથાર્થ જ્ઞાન કરવું હોય તેણે તે તે પરમાણુનો મૂળ સ્વભાવ જાણવો જોઈશે. પરમાણુ એક એક સ્વતંત્ર છે, સ્કંધરૂપે હોવા છતાં એક પરમાણુ બીજા પરમાણુના અભાવ સ્વભાવે રહેલો છે, તેનો એક ગુણ બીજા ગુણના અભાવ સ્વભાવે રહેલો છે, એક પર્યાય બીજી પર્યાયના અભાવ સ્વભાવે રહેલી છે એમ પરપદાર્થોના પણ મૂળ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવી પડશે.**

## પરમાણુ દ્રવ્યનું જ્ઞાન કરવાના ઇચ્છક જીવે આત્મા તરફ વળવું પડશે.

પરપદાર્થોનું મૂળ દ્રવ્ય આવું છે એવું નક્કી યથાર્થ કોણ કરી શકશે ? ઇન્દ્રિયો સ્કંધરૂપે છે. અનંતા પરમાણુ છૂટેછૂટા છે. તે પર્યાય, તે પરમાણુ દ્રવ્યની છે અથવા અંશ અંશીનો છે, એમ નક્કી કોણ કરશે ? પરમાણુમાં જ્ઞાન છે ? પરમાણુને તો ખબર પણ નથી. આ ઇન્દ્રિય છે, સ્કંધ છે એવું જ્ઞાન કરનાર તો આત્મા છે. વળી પરમાણુ છે માટે આત્માને જ્ઞાન થાય છે ? ના. જ્ઞાન તો સ્વતંત્રપણે થાય છે. **વળી જ્ઞાન પરમાણુના લક્ષે કરે તો સાચું થશે ? ના. તેના લક્ષે પણ સાચું જ્ઞાન થશે નહિ. એટલે તેણે પોતા તરફ વળવું પડશે ને પોતાનું સ્વરૂપ નક્કી કરવું પડશે.**

## આત્મા સ્વ-પર પ્રકાશક છે એવો યથાર્થ નિર્ણય થતાં પર પ્રકાશક જ્ઞાનમાં પરપદાર્થને જેમ છે તેમ જાણે છે.

પોતે પોતાપણે છે ને ઇન્દ્રિયોપણે નથી એટલે પરથી તો છૂટો પડ્યો છે અને પરલક્ષે જે શુભાશુભ ભાવો થાય છે તે તો વિકૃત છે. તે એક સમય પૂરતા છે. તે મારું સ્વરૂપ નથી એમ અનેકાંત દ્વારા જાણ્યું છે. હવે પર્યાયમાં જે જાણપણું થાય છે તે ઇન્દ્રિયોથી કે પરવસ્તુથી—વિકારથી થતું નથી તો જ્ઞાનપર્યાય કોની છે ? ક્યાંથી આવે છે ? અંશ કોનો ? એમ વિચાર કરતાં દ્રવ્ય તરફ દ્રષ્ટિ ગયા વિના રહેશે નહિ. આમ દ્રવ્ય આત્મા જે જ્ઞાનનો ભંડાર છે તેના વડે જાણવું થાય છે એમ :–

૧. જે દ્રવ્યનું યથાર્થ જ્ઞાન કરે છે તે જીવે પોતાની પર્યાયનું જ્ઞાન યથાર્થ કર્યું કહેવાય.

૨. પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવનો નિર્ણય થતાં સ્વને જાણતાં પરને જાણી લ્યે છે.

૩. જેણે દ્રવ્યદ્રષ્ટિ પોતામાં કરી છે તે જીવ બધા પદાર્થોને દ્રવ્યદ્રષ્ટિથી—મૂળ સ્વરૂપથી જોશે પણ અવસ્થાથી જોશે નહિ.

૪. એટલે જે ઇન્દ્રિયો છે તેમાં મૂળવસ્તુ તો પરમાણુ છે, એમ જોશે ને પરમાણુની અવસ્થા સ્કંધરૂપે થઈને અમુક પ્રકારના સંયોગરૂપે થતાં તેને ઇન્દ્રિય કહેવાય છે, એવો વ્યવહાર જાણશે. છદ્મસ્થ જીવ ભલે પરમાણુને પ્રત્યક્ષ જોતો નથી પણ પરોક્ષ રીતે પરમાણુ (દ્રવ્ય)નું નક્કી કરી શકે છે.

૫. દ્રવ્યદ્રષ્ટિથી જોતાં ઇન્દ્રિયો મૂળ વસ્તુ જ નથી. અનંતા પરમાણુ એક બીજામાં અભાવસ્વરૂપ સ્કંધરૂપ અમુક આકારે પડેલા છે. જ્યારે ઇન્દ્રિયો કોઈ મૂળ વસ્તુ નથી તો પછી આત્માને ઇન્દ્રિયોથી જ્ઞાન થાય વગેરે માનવું તે તો સ્થૂળ ભૂલ છે. જે જીવ દ્રવ્યદ્રષ્ટિ કરે ને બધા પદાર્થોને તેના મૂળ દ્રવ્યથી જુએ પછી સ્કંધ ઇન્દ્રિયો આદિ વ્યવહારથી બોલે તે સંયોગનું જ્ઞાન કરે પણ અંતર નિશ્ચય પ્રગટ થાય તો વ્યવહારનો આરોપ આવે છે.

## પર્યાયદ્રષ્ટિ રાગનું કારણ છે ને દ્રવ્યદ્રષ્ટિ વીતરાગતાનું કારણ છે.

અજ્ઞાની જીવ પરપદાર્થોને સંયોગથી જુએ છે. જે જીવની પર્યાયદ્રષ્ટિ છે તે બધાને અને પોતાને પણ પર્યાયથી જોશે. પર્યાયદ્રષ્ટિવાળાને રાગ થયા વિના રહેશે નહિ. પર્યાયો બદલતાં રાગ-દ્વેષ-મોહ થયા જ કરવાનો કારણ કે તેણે એવડી જ વસ્તુ માની છે. જ્યારે સ્વભાવદ્રષ્ટિવાળો પરના તથા પોતાના મૂળ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ રાખે છે. પર્યાયમાં ફેરફાર થતાં તેને રાગ-દ્વેષ થતા નથી, તે તો પરમાણુની અવસ્થાઓ છે, હું તો જ્ઞાનમાત્ર છું એમ પર ઉપરથી પણ લક્ષ ખસે છે ને પોતામાં રાગ ને ઉઘાડ જે અંશ છે તેના ઉપરની દ્રષ્ટિ ખસી જશે ને દ્રવ્ય ઉપર દ્રષ્ટિ થશે. તેમ થતાં સાચાં શ્રદ્ધા–જ્ઞાન થાય છે ને સ્થિરતા વધતાં વીતરાગતા થાય છે.

## સૂક્ષ્મ પદાર્થોના (દ્રવ્યના) જ્ઞાન વિના સ્થૂળ સ્કંધોનું (પર્યાયોનું) જ્ઞાન મિથ્યા છે.

કોઈ કહે કે 'આ ઘોડો દેખાય છે' પણ કોણ કહે કે આ ઘોડો છે ? ઘોડો મૂળ વસ્તુ નથી. ઘોડાનો આત્મા જુદો રાખી, ઘોડાના શરીરની વાત લ્યો તો આંખ, કાન, ચામડા વગેરે સ્કંધપણે અમુક આકારે ભેગા થયા તેને ઘોડો કહ્યો. વળી જે સ્કંધ છે તે પણ મૂળસ્વરૂપ નથી. સ્કંધો પણ અનેક પરમાણુને બતાવે છે.

મૂળ દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન સાચું હોય નહિ,

પર્યાયના સાચા જ્ઞાન વિના પર્યાયોના સ્કંધનું સાચું જ્ઞાન હોય નહિ,

સ્કંધોના સાચા જ્ઞાન વિના આ ઘોડો છે એમ અજ્ઞાની કહેતો

હોવા છતાં તેનું ઘોડા સંબંધી જ્ઞાન ખોટું છે.

આવા પ્રકારના જ્ઞાન વિના અજ્ઞાની ઘોડાને ઘોડો કહે ને જાણે તો પણ તે ઘોડાને યથાર્થ જાણતો નથી કારણ કે તે વસ્તુ ઘોડો જ નથી. તે વસ્તુ તો પરમાણુઓ છે એટલે મૂળ દ્રવ્યને જોવું પડશે.

એકલી પર્યાયોને જોશે તેનું જ્ઞાન કદી સાચું થશે નહિ માટે તેના મૂળ સ્વભાવી દ્રવ્યોને જાણવાં જોઈશે. અજ્ઞાની તો સ્થૂલને જાણે છે. શી રીતે સ્થૂલને સાબિત કરશે ? સ્થૂલ તો અનંત પરમાણુનો સ્કંધ છે. તેમાં એક પરમાણુ બીજા પરમાણુરૂપે નથી, એક ગુણ બીજા ગુણરૂપે નથી. એક પર્યાય પૂર્વ પર્યાયરૂપે નથી—આમ અનેકાંત જાણતાં મૂળ દ્રવ્યનું જ્ઞાન કરવું પડશે. સૂક્ષ્મ સાબિત થયા વિના સ્થૂલનું જ્ઞાન સાચું થતું નથી.

## <u>સૂક્ષ્મ આત્માનું જ્ઞાન થતાં બીજા દ્રવ્યોનું જ્ઞાન યથાર્થ થાય છે.</u>

સૂક્ષ્મને સાબિત કોણ કરશે ? સૂક્ષ્મ પરમાણુને ખબર છે ? પરમાણુને જાણનાર તો આત્મા છે. પોતાનો આત્મા વિકાર રહિત, નિમિત્ત રહિત, અંશ જેટલો નહિ, ત્રિકાળી શુદ્ધ છું એમ પોતામાં દ્રષ્ટિ કરતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન ખીલતાં પરપદાર્થોનું જ્ઞાન યથાર્થ થાય છે. આમ જોનાર નક્કી કરે છે કે ઘોડા, હાથી, માણસ, સ્ત્રી-પુરૂષો વગેરેના અવયવો મૂળ વસ્તુ નથી. તે તો સ્કંધો છે. વળી તેમાં એક પર્યાયમાં બીજી પર્યાયનો અભાવ છે. એક પર્યાય તેના દ્રવ્યમાંથી આવે છે. આમ દ્રવ્યને દેખે છે. તે ઇન્દ્રિયોને ઇન્દ્રિયોરૂપ જોતો નથી પણ એકેક પરમાણુરૂપે જાણે છે. **<u>તેથી તે ઇન્દ્રિયો વડે જોતો નથી, ઇન્દ્રિયોને જોતો નથી, સ્કંધને જોતો નથી, પરમાણુની પર્યાયને જોતો નથી, પરમાણુના દ્રવ્યને પણ વ્યવહારે જુએ છે. નિશ્ચયથી સ્વને જ જાણે છે, સ્વને જાણતાં પર દ્રવ્યો જણાઈ જાય છે ને પરદ્રવ્યો જણાતા સ્કંધો આદિનું જ્ઞાન વ્યવહારે જેમ છે તેમ કરે છે.</u>**

પોતાને સાચી દ્રષ્ટિ થતાં સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલી ગયું. પર શું તે જાણે છે, પર મારામાં નથી ને હું એનામાં નથી, એમ જાણે છે. દ્રષ્ટાંત :–

૧. અગ્નિ છે માટે પોતાને જ્ઞાન થતું નથી.

૨. અગ્નિને લીધે જ્ઞાન થતું નથી.

<u>૩. અગ્નિના અભાવથી ને જ્ઞાનના સદભાવથી જ્ઞાન થયું છે.</u>

પર વસ્તુનો પરવસ્તુમાં સદભાવ છે, પોતામાં પરનો અભાવ છે, માટે દરેક જ્ઞેયના અભાવથી ને પોતાના આત્માના સદભાવથી જ્ઞાન થાય છે.

**<u>પ્રશ્ન :—</u>**આમ કહેશો તો પરનું અસ્તિત્વ ઊડી જશે.

## <u>સ્વનું નક્કી કરનાર જીવ જ પરપદાર્થો પરપણે છે, એમ યથાર્થ જાણે છે.</u>

**<u>સમાધાન :—</u>**પરનું અસ્તિત્વ આ આત્મામાંથી સદાય માટે ઊડી ગયેલું છે જ, પરનું અસ્તિત્વ આત્મામાં આવ્યું જ નથી પછી ઊડવાનો પ્રશ્ન રહેતો નથી. પરનું અસ્તિત્વ પરમાં ત્રણે કાળે છે. પર વસ્તુનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સ્વનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભાવરૂપ જ વર્તે છે. પરનો અભાવ તે સ્વનો સદભાવ એમ નક્કી કરે તો સ્વ સ્વપણે છે ને પર પરપણે છે એ સાચું માન્યું કહેવાય. મારા જ્ઞાનની પર્યાય કોઈ પરને લીધે ટકતી નથી, એમ નક્કી થયા વિના પર પરથી છે તેનું પણ સાચું જ્ઞાન થશે નહિ. પર મારાથી નથી, મારું જ્ઞાન મારાથી છે, હું એનાથી નથી એમ જ્ઞાન કરે તો પર પરપણે છે એનું વ્યવહારે જ્ઞાન કર્યું કહેવાય. સાબિતી પરના અસ્તિત્વની કરવી નથી પણ સ્વના અસ્તિત્વની કરવી છે. **<u>સ્વને જાણ્યા વિના પર પરપણે છે એમ કોણ નક્કી કરશે ? સ્વનું નક્કી કરનાર જીવ જ પરનું અસ્તિત્વ પરમાં છે એમ યથાર્થ સ્વીકારે છે.</u>**

**<u>પ્રશ્ન :—</u>**આ બધું પિષ્ટ પેષણ જેવું લાગે છે !

## <u>જ્ઞાનસ્વભાવની દ્રઢતા કરવી તે પિષ્ટપેષણ નથી પણ સમયે સમયે નિર્મળતા વધે છે.</u>

**<u>સમાધાન :—</u>**આ પિષ્ટપેષણ નથી. આ તો અનેકાંત સાથેની મૈત્રી છે. એક સમયનો જ્ઞાનપર્યાય બીજે સમયે વિશેષ નિર્મળતા પામે છે, સૂક્ષ્મતા વધે છે. જેને એમ લાગે કે આ વાત અમો સાંભળી ગયા છીએ ને એમ કહી અરુચિ બતાવે છે તે જીવ બાધકદશામાં પડ્યો છે, સાધક નથી. ચૈતન્ય સત્તાના આશ્રયે એક પછી બીજો, પછી ત્રીજો પર્યાય શુદ્ધિમાં વધતો જાય છે. જેણે દર્શન-જ્ઞાન પરથી નથી પણ પોતાથી છે એમ નક્કી કર્યું છે તેને નિર્મળતા વધે છે. પહેલાંની પર્યાયરૂપે પછીની પર્યાય નથી. પછીની નવી પર્યાય થાય છે તે સત્ લેતી પ્રગટ થાય છે. કેટલાંક લોકો કહે કે અમે વાત સાંભળી છે, ધારણા કરી છે, ને હું સ્વથી છું ને પરથી નથી—એમ બોલે પણ ખરા તો પણ <u>પોતાના પર્યાયને પર્યાયવાન્ સાથે જોડ્યા વિના તેનું બાધકપણું ટળતું નથી ને તેવા જીવને પિષ્ટપેષણ લાગે છે પણ તે પિષ્ટપેષણ નથી.</u>

## <u>ક્ષાયિક સમકિતની એક એક પર્યાયમાં સ્થિરતાની અપેક્ષાએ અપૂર્વતા છે ને કેવળજ્ઞાનની નજીક લાવે છે.</u>

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનમાં રાગ નથી, રાગમાં જ્ઞાન નથી; નિમિત્તથી રાગ થતો નથી, નબળાઈથી રાગ થાય છે પણ સ્વભાવમાં નથી. આત્મા તો ત્રિકાળ શુદ્ધ છે એવાં શ્રદ્ધા-જ્ઞાન કરીને ક્ષાયિક સમકિત પ્રગટ કર્યું તે ક્ષાયિક સમકિત તો કેવળજ્ઞાન થતાં સુધી ક્ષાયિક જ રહે છે. ક્ષાયિકદર્શનમાં તો કચાશ નથી. તે ઉપરથી અજ્ઞાની—માત્ર ધારણા કરી રાખવાવાળો કહે કે "આ જીવને તો ક્ષાયિક સમકિત એવું ને એવું જ રહેવાનું છે—હવે બીજું શું કામ છે ? જ્યારે કહો ત્યારે ક્ષાયિક સમકિતની પર્યાય તો છે એમા કાંઈ ફેર નથી." આમ અજ્ઞાનીને લાગે છે, પણ તે ભૂલ છે. સમયે સમયે ક્ષાયિક સમકિતી આગળ જઈ રહ્યો છે. <u>સ્થિરતાની અપેક્ષાએ જીવ વધે છે. તેટલી અપેક્ષાએ શુદ્ધતા વધે છે તે પિષ્ટપેષણ નથી પણ કેવળજ્ઞાનને નજીક લાવવાનો ઉપાય છે.</u> એક અંશ નિર્મળતાનો ઊઘડ્યો તે અંશ સમયે સમયે નિર્મળતા વધી દ્રવ્ય સાથે અભેદ થઈ પૂર્ણદશાને પહોંચાડે નહિ, તે અંશ કોનો ? **<u>અંશ અંશીનો છે એમ નક્કી કરનારને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વર્તમાન પર્યાય કરતાં પછીની પર્યાયમાં નિર્મળતા વિશેષ છે ને કેવળજ્ઞાનને નજીક લાવે છે. મોક્ષદશા થતાં અંશ અંશી સર્વથા એકરૂપ થઈ પૂર્ણ વ્યક્તદશા થાય છે.</u>**

કેવળજ્ઞાન પ્રગટ થયા પછી સાદિ અનંતકાળ સુધી આનંદની, જ્ઞાનની, અનુભવની એવી ને એવી પર્યાય હોવા છતાં એક સમયની કેવળજ્ઞાનની પર્યાય તે બીજા સમયની પર્યાય નથી. **<u>એક એક કેવળજ્ઞાનની પર્યાયમાં કાળભેદે અપૂર્વતા છે. ત્યાં પણ પિષ્ટપેષણ નથી.</u>**

અંશીનું જ્ઞાન કરનારને અંશનું સાચું જ્ઞાન થાય છે.

એક ચોપડી છે. તેનું એક પાનું જોવાથી જેનું એ પાનું છે તે આખી ચોપડીનો ખ્યાલ આવે છે. એક થાંભલાની ફાંસ જોતાં આખા થાંભલાનું જ્ઞાન કરે છે ને તે ઉપરથી બધા થાંભલાનો ખ્યાલ આવે છે. થાંભલાનું જ્ઞાન ન કરે તો ફાંસનું જ્ઞાન સાચું નથી. તેવી રીતે શરીર, ઇન્દ્રિયો, કર્મ આ બધાં છે તે કેવી રીતે છે ? કર્મ કર્મથી છે, બીજાથી નથી. વળી કર્મની એક પર્યાય પોતારૂપે છે, બીજા પર્યાયરૂપે નથી. વળી તે પર્યાય કોની ?–મૂળ પરમાણુ દ્રવ્યની છે. એમ શરીર, ઇન્દ્રિયો વગેરેના દાખલા સમજવા. એટલે તે વસ્તુનો ખ્યાલ કરવા જતાં દ્રષ્ટિ તેનું મૂળપરમાણુ જે દ્રવ્ય છે તે ઉપર જાય છે. એટલે અંશી દ્રવ્ય ઉપર ખ્યાલ જાય છે. અંશીના ભાન વિના અંશનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ, પણ આ તો સામેના

પદાર્થના નિશ્ચયની વાત થઈ. એટલે **<u>શરીરની અવસ્થા, કર્મની અવસ્થા તે પરમાણુની અવસ્થા છે, તે આત્માને લીધે નથી પણ તેના મૂળ દ્રવ્યને લીધે છે. આમ પરનો અંશ પરદ્રવ્યને લીધે છે એમ નક્કી કર્યું—અંશીના ભાનવાળો અંશનું નક્કી કરે છે.</u>**

પણ પરપદાર્થનો પર્યાય પરને લીધે છે તે વાત તો પરમાં ગઈ. તેનો સાચો નિર્ણય કર્યો ક્યારે કહેવાય ? પરનો પર્યાય મારા જ્ઞાન પર્યાયમાં છે ? ના. પરપદાર્થ છે માટે મને જ્ઞાન છે ? ના. હું મને જાણતાં તે પદાર્થો જણાય છે. તો વર્તમાન જ્ઞાનપર્યાય વ્યક્ત દેખાય છે તે કોની છે? એમ વિચાર કરતા **<u>આત્મા જ્ઞાનસ્વભાવી છે, તે નિમિત્તનો નથી, તે રાગરૂપ નથી, અધૂરો વ્યક્ત પર્યાય દેખાય છે એવડો નથી, પૂર્ણજ્ઞાનસ્વભાવી છે, એમ અંશીને ખ્યાલમાં લઈ નક્કી કરે કે અહો, તે જ્ઞાનપર્યાય તો અંશ છે. મારો સ્વભાવ તો અનંત જ્ઞાનનો દરિયો છે, એમ દ્રવ્યનું નક્કી કરનારને પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે. તે જ્ઞાન થતાં પર દ્રવ્યો તથા તેના અંશો તથા સ્કંધોનું યથાર્થ જ્ઞાન વ્યવહારે કરે છે.</u>**

## <u>અનેકાંતને યથાર્થ જાણતાં પર્યાયદ્રષ્ટિ નાશ પામે છે ને દ્રવ્યદ્રષ્ટિ થઈ વીતરાગતા લાવે છે.</u>

આમ અનેકાંત જાણ્યું છે તેનું ચિત્ત પવિત્ર થયું છે. અનેકાંત ધર્મ પોતામાં જાણે ને પવિત્રતા ન આવે એમ બને નહિ.

૧. હું સ્વથી છું ને અનંતા પદપદાર્થોરૂપે નથી. મારો રાગ મારાથી છે ને કર્મ વગેરે પરથી નથી એમ નક્કી કરતાં રાગ પરથી થાય છે એવી નિમિત્તાધીનબુદ્ધિનો નાશ થયો, અનંતા પર ઉપરની દ્રષ્ટિનો નાશ થાય છે.

૨. વર્તમાન રાગ રાગપણે છે ને સ્વભાવપણે નથી એમ નક્કી કરતાં રાગથી ધર્મ માનવાની મિથ્યાબુદ્ધિ અથવા રાગ જેટલો માનવાની બુદ્ધિનો નાશ થયો છે. અવિકારી સ્વભાવ તરફ બુદ્ધિ થઈ છે.

૩. વર્તમાન જ્ઞાનનો ઉઘાડ સ્વથી છે પણ પરથી નથી એમ માન્યતા થતાં જ્ઞાન પરાધીન માનવાની દ્રષ્ટિ ગઈ ને સ્વભાવ તરફ દ્રષ્ટિ થાય છે. જ્ઞાન માટે દેવ-ગુરુ-શાસ્ત્રાદિ પર ઉપર જોવાનું રહ્યું નહિ પણ પોતા તરફ જોવાનું રહ્યું.

૪. વર્તમાન અંશજ્ઞાન વ્યક્ત દેખાય છે તે પોતાથી છે ને પૂર્વથી નથી, તો જ્ઞાન ક્યાંથી આવે છે ? દરેક પર્યાય એક પછી એક આવ્યા જ કરે છે. તે પૂર્વને લીધે તો નથી કારણ કે **<u>પર્યાયમાંથી પર્યાય થાય નહિ. માટે</u>**

**<u>પર્યાયનો આધાર પર્યાયવાન છે. એમ દ્રવ્ય તરફ લક્ષ થતાં પર્યાયબુદ્ધિ નાશ પામે છે. આમ અનેકાંતને નક્કી કરનારની દ્રષ્ટિ અનંતા પરપદાર્થો ઉપરથી, શુભાશુભભાવો ઉપરથી ને વ્યક્ત જ્ઞાનની અધૂરી પર્યાય ઉપરથી હઠી ગઈ ને અનંતા ગુણોનો પિંડ જે દ્રવ્ય છે તેના શ્રદ્ધા-જ્ઞાન થાય છે. તે દ્રવ્યદ્રષ્ટિ છે. તેમ થતાં મિથ્યાત્વ ને અનંતાનુબંધી કષાયનો અભાવ થાય છે ને સ્થિરતા કરતાં વીતરાગદશા પામી કેવળદશા અને મોક્ષદશાને પામે છે.</u>**

## જૈન કોને કહેવા ?

**<u>મિથ્યાત્વ, રાગ ને દ્વેષને જીતે તે જૈન છે, જૈન કોઈ સંપ્રદાય નથી.</u>** જુઓ, આજે સ્વાધ્યાય મંદિરના ઉદઘાટનો તથા તેમાં સમયસાર પ્રતિષ્ઠાનો ૧૪મો વાર્ષિક ઉત્સવ દિન છે. આજે બહુ સારી વાત આવી. અનેકાંતની સાથે મૈત્રી કરી જેનું ચિત્ત પવિત્ર થયું છે તે જીવ કેવળ પામી સિદ્ધદશાને પામે છે. ૧૪મા ગુણસ્થાનવાળો અલ્પ સમયમાં સિદ્ધ થાય છે તેમાં ફેરફાર નથી. અહો ! વસ્તુસ્વરૂપ જીવોએ સાંભળ્યું નથી. પરમેશ્વર તીર્થંકર દેવાધિદેવ શું કહે છે, તે વાત હજી કાને પણ પડી નથી તો વિચારે ક્યારે ને રૂચવે ક્યારે ? **<u>જૈન કોઈ સંપ્રદાય કે વાડો નથી, તે તો વસ્તુદર્શન છે. જૈન એટલે જીતનાર—મિથ્યાત્વ, રાગ-દ્વેષને જીતનાર તે જૈન છે.</u>** એમ નક્કી કરનારે નક્કી કરવું પડશે કે વિકાર પરને લીધે હોય તો કદી ટળે નહિ પણ વિકાર પોતાની નબળાઈને કારણે છે, તેમ આત્મામાં વિકાર હોય તો વિકાર સ્વભાવ થઈ જાય પણ ત્રિકાળીમાં વિકાર નથી. આમ સાચાં શ્રદ્ધા-જ્ઞાન કરી જે વિકારને જીતે છે તેને અવિકારી દશા પ્રગટ થાય છે ને જીતનારો કાયમ રહે છે. નિર્મળતા થાય છે તે અસ્તિથી વાત છે ને મલિનતા નાશ પામતી જાય છે તે નાસ્તિથી વાત છે. **<u>આમ અસ્તિ-નાસ્તિનું સ્વરૂપ બરાબર સમજે ને વિકારનો નાશ કરી અવિકારી દશા પ્રગટ કરે તે જૈન છે.</u>** વળી જૈન શબ્દ તો જીતવાની અપેક્ષાએ છે. અજ્ઞાન રાગ-દ્વેષને જીતે તેને જૈન કહે છે. જીતવું તે પણ ટાળવાની અપેક્ષા રાખે છે, માટે તે સાપેક્ષ કથન છે. **<u>વળી જીતવું કોને ? રાગને ? રાગ જે વિદ્યમાન છે તેને કેવી રીતે જીતવો ? પૂર્વ રાગનો વ્યય થઈ ગયો છે તેને જીતવાપણું નથી. ભવિષ્યનો રાગ થયો નથી તેને શું જીતવો ? એટલે ત્રણ કાળના કોઈ રાગને જીતવાપણું તો રહેતું નથી, તો પછી જીતવું એટલે શું ? પોતાના આત્માના જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા થતાં પોતામાં રાગ ઉત્પન્ન થતો નથી તેણે રાગને જીત્યો એમ કહેવામાં આવે છે, તે જૈન છે.</u>**

## <u>અનેકાંત સાથે મૈત્રી કરનારને શુદ્ધદ્રવ્યની તથા કેવળજ્ઞાનની પ્રતીતિ થાય છે.</u>

અનેકાંતની સાથે મૈત્રી કરનારને પર ઉપરથી, વિકાર ઉપરથી, ને વર્તમાન જે હીણી પર્યાય દેખાય છે તેના ઉપરથી દ્રષ્ટિ હઠી ગઈ છે. કારણ કે તેણે એમ નક્કી કર્યું છે કે જ્ઞાન—દર્શનની જે હીણી પર્યાય દેખાય છે તે પરપદાર્થનો આશ્રય લઉં છું તો હીણી રહે છે પણ પરપદાર્થનો આશ્રય સર્વથા છોડીને દ્રવ્યનો સર્વથા આશ્રય કરું તો અપેક્ષા છૂટી જતાં અપૂર્ણતા રહેશે નહિ ને પૂર્ણદશા પ્રગટ થશે. **<u>આમ અનેકાંતની સાથે મૈત્રી કરનારને દ્રવ્યની પ્રતીતિ આવતાં કેવળજ્ઞાનની પ્રતીતિ પોતાને આવે છે.</u>** તેને બધા પદાર્થો વ્યક્તપણે—પ્રત્યક્ષપણે ભલે ન ભાસે પણ અવ્યક્તપણે બધા પદાર્થોનું ભાસન તેને થાય છે.

૧. અનંતા જ્ઞેયો મારામાં અભાવપણે છે છતાં તે તેના સદભાવપણે છે.

૨. મારો સ્વ-પરપ્રકાશક સ્વભાવ મારા ભાવ પણે છે પણ પરને લીધે નથી.

૩. પર જ્ઞેયો મારામાં મારા કારણે જણાય છે, પરને લીધે નહિ.

૪. પરનો અભાવ મારામાં છે છતાં તેનો તેનામાં અભાવ નથી (એટલે કે પર પરમાં છે.)

૫. પરનો મારામાં અભાવ હોવા છતાં પરનું જ્ઞાન મારા કારણે થયા વિના રહેતું નથી કેમ કે મારા જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે.

આમ જેણે વસ્તુનું સ્વરૂપ નક્કી કર્યું છે તેને દ્રવ્યની તથા કેવળજ્ઞાનની પ્રતીતિ થાય ને પછી વિશેષ પુરુષાર્થ કરી કેવળજ્ઞાન –પરિપૂર્ણ દશાને પ્રાપ્ત કરશે.

## <u>સ્વભાવની સૂક્ષ્મતાનો ખ્યાલ કરે તો અનેકાંતને યથાર્થ સમજ્યો કહેવાય.</u>

પણ અનેકાંતનું સ્વરૂપ યથાર્થ સમજવું જોઈએ. પ્રથમ સાંભળવું જોઈએ, તે વિના નિર્ણય થઈ શકે નહિ ને સાચું સાંભળ્યું પણ ક્યારે કહેવાય? વાણીનો સાંભળનાર નિર્ણય કરે કે વાણીથી મને જ્ઞાન નથી, વાણી ને આત્મા જુદા છે, મારું જ્ઞાન મારાથી છે. વળી વાણી છે તે વાણી જ નથી કેમ કે તે મૂળવસ્તુ નથી. અનંતા પુદ્ગલ પરમાણુઓ જુદે જુદા છે. એકએકની પૃથક્તા બતાવે છે. તેમ જ તેની એક પર્યાયનો બીજી પર્યાયમાં અભાવ છે. સ્કંધોરૂપ વાણી વગેરે સંયોગનું કથન છે. તે કથન સાચું ક્યારે કહેવાય કે જો પરમાણુ જે ઉપાદાન અસંયોગી તત્ત્વ છે તેને ખ્યાલમાં લ્યે તો. વળી પરપદાર્થની સૂક્ષ્મતાનો ખ્યાલ પણ સ્વની

સૂક્ષ્મતા વિના આવે નહિ. પોતે જ્ઞાનસ્વભાવી પદાર્થ છે, એમ પોતાની સૂક્ષ્મતાનો ખ્યાલ આવતાં પરની સૂક્ષ્મતાને યથાર્થ જાણે છે. ને પરની સૂક્ષ્મતાનો ખ્યાલ આવતાં તે પુદ્‌ગલ પરમાણુઓ સૂક્ષ્મ મટી સ્થૂલ સ્કંધરૂપે કે શરીરરૂપે કે કર્મરૂપે, ઇન્દ્રિયરૂપે કે વાણીરૂપે થયા છે એમ ખ્યાલ આવે છે.

## એક જ્ઞાનનો પર્યાય સ્વથી છે ને પરથી નથી એમ નક્કી કરતાં દ્રવ્યદ્રષ્ટિ થાય છે.

આ ધર્મની વાત કહેવાય છે. આત્મધર્મ કહો, વસ્તુદર્શન કહો, તે એક જ છે. ન્યાયથી વાત કહેવાય છે.

એક જ્ઞાન પર્યાય છે એમ કહો તો પછી તે અનંતા પર દ્રવ્યોના, તેના ગુણોના તથા પર્યાયોના અભાવથી છે.

વળી જ્ઞાનપર્યાય છે એમ કહો તો તે રાગની પર્યાયથી નથી,

પોતાની પૂર્વની જ્ઞાનપર્યાયથી નથી,

પોતાની ભવિષ્યની પર્યાયથી નથી ને

પોતાના દ્રવ્યથી પણ નથી.

વિશેષ વિશેષથી છે ને સામાન્યથી નથી, સામાન્ય સામાન્યથી છે ને વિશેષથી નથી. વિશેષ સામાન્યને લીધે હોય તો વિશેષ ને સામાન્ય એક થઈ જાય, પણ સર્વથા એક નથી. આમ કથંચિત્ અપેક્ષા સમજવી. આવી રીતે ‘છે’ નક્કી કરનારની દ્રષ્ટિ પરપદાર્થો ઉપરથી, ગુણભેદ ઉપરથી, પૂર્વપર્યાય ઉપરથી, સામાન્ય ને વિશેષના ભેદ ઉપરથી ઊડી જાય છે ને સ્વભાવદ્રષ્ટિ થયા વિના રહેતી નથી.

કેવળજ્ઞાનની એક પર્યાય લ્યો તે છે—એમ નક્કી કરતાં તે બીજા દ્રવ્યોરૂપે નથી. બીજા ગુણોરૂપે નથી, પૂર્વપર્યાયરૂપે નથી, ભવિષ્યની પર્યાયરૂપે નથી. એક કેવળજ્ઞાનની પર્યાય છે એમ કહેતાં તે બધાના અભાવરૂપે છે. બીજાનો અભાવ છે માટે આત્મા એક જ છે—એમ નથી. બીજાનો પોતાના આત્મામાં અભાવ છે પણ બીજાનો બીજામાં તો સદભાવ છે. આમ સાચી સમજણ કરનારને દ્રવ્યદ્રષ્ટિ થાય છે. દ્રવ્યદ્રષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે ને તે વીતરાગતાનું કારણ છે.

## સમજણ વગરની ઔઘિક ક્રિયાનો આગ્રહ સંસાર અર્થે છે.

અજ્ઞાની જીવોને વસ્તુસ્વરૂપના ખ્યાલ વિના સાચું માહાત્મ્ય આવતું નથી ને ઓઘે ઓઘે માનેલી ક્રિયા કરે છે. કોઈએ એક જણને પૂછ્યું કે પ્રતિક્રમણ કરતી

વખતે શુક્લધ્યાન આવે તો શું કરો ? પ્રતિક્રમણ કરો કે ન કરો ? પ્રતિક્રમણના આગ્રહવાળા ભાઈએ કહ્યું કે પ્રતિક્રમણના કાળે પ્રતિક્રમણ કરવું જ જોઈએ. તે કર્યા વગર ચાલે ? અહો, જુઓ વસ્તુસ્વરૂપ જ સમજ્યો નથી. પ્રતિક્રમણનો ભાવ તો શુભરાગ છે. તે રાગ ટાળી શુક્લધ્યાન પ્રગટ કરી કેવળજ્ઞાન લેવાનું છે. શુભરાગ આવે છે તે રાખવા માટે નથી. શુક્લધ્યાનની વીતરાગતાને બદલે તેણે તો રાગ રહે તો લાભ થાય એમ માન્યું, તે અજ્ઞાની છે, તેને સાચું પ્રતિક્રમણ હોઈ શકે નહિ.

રાગ રહે તો લાભ થાય નહિ પણ રાગ ટળે તો લાભ થાય એમ અનેક પ્રકારે જે અનેકાંતનું સ્વરૂપ ઉપર કહેવાયું તે જેણે સ્વમાં ઉતારી પોતામાં પવિત્રતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં છે એવા શુદ્ધ જૈનો પ્રત્યે એટલે કે મુનિઓ પ્રત્યે શુભોપયોગી જીવને વૈયાવૃત્ત્ય આદિનો શુભરાગ થાય છે પણ બીજા પ્રત્યે થતો નથી.

અપૂર્વ અનેકાંતદર્શી શ્રી સદ્‍ગુરુદેવનો જય હો !

અચ્છિન્નધારાવાહી ભેદવિજ્ઞાની શ્રી સદ્‍ગુરુદેવનો જય હો ! વિજય હો!

*

# પ્રસાદ નં. ૨૦૯

## પ્રવચનસાર ગાથા ૨૫૧

(વૈશાખ વદ ૯, મંગળવાર)

## ભગવાનની દિવ્યધ્વનિમાં આવેલું અપૂર્વ અનેકાંતનું સ્વરૂપ.

આત્માની પૂર્ણદશાને સાધનાર તે સાધુ છે. તે મુનિ પોતાના સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે શુભરાગ થાય છે. બીજા ધર્માત્મા પ્રત્યે અનુકંપાપૂર્વક વાત્સલ્યભાવ થાય છે. તે શુભરાગ વડે અલ્પ લેપ થાય છે. તોપણ અનેકાંત સાથે મૈત્રીથી જેમનું ચિત્ત પવિત્ર થયું છે એવા શુદ્ધ જૈનો પ્રત્યે શુભરાગ આવે છે. તે અનેકાંતનું સ્વરૂપ ભગવાનની દિવ્યધ્વનિમાં શું આવ્યું, તે કહે છે.

કોઈ પણ જગતની ચીજ છે તે સ્વથી હોય ને પરથી ન હોય; હું આત્મા મારા સિવાયની બીજી ચીજોરૂપે નથી. આમ વસ્તુના સ્વરૂપના જાણનાર તે જૈન છે. વસ્તુના સ્વરૂપને ન માને તે જૈન નથી. આત્મા છે એમ કહો ને પાછો તેને ઈશ્વરે બનાવ્યો એમ કહો તો વિરોધ આવે છે. કોઈએ બનાવ્યો કહો તો ‘છે પણું’ રહેતું નથી. માટે આત્માનો કોઈ કર્તા નથી.

ત્રણે કાળે આત્મા સ્વથી છે ને પરથી નથી,

વર્તમાન પર્યાય સ્વથી છે ને બીજાના વર્તમાનથી નથી,

મારો રાગપર્યાય મારી નબળાઈથી છે ને કર્મને લીધે નથી,

હું ત્રિકાળી છું ને વર્તમાન રાગ જેટલો નથી.

જ્ઞાતાચૈતન્યસ્વભાવોના આશ્રયે ધર્મ છે ને વર્તમાન પુણ્ય-પાપના આશ્રયે ધર્મ નથી.

ધર્મ સ્વથી છે ને પરથી નથી,

રાગ રાગથી છે ને રાગ શુદ્ધ સ્વભાવથી થતો નથી,

ધર્મ મારા પુરુષાર્થથી છે ને ગુરુકૃપાથી નથી.

નિર્મળદશા તે ધર્મ છે ને તે સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે.

પર આત્મા અને પર શરીરો તેનાથી છે ને મારે લીધે નથી.

શરીર શરીરના કારણે છે ને મારા રાગ કે ધ્યાયને લીધે ટકતું નથી.

શરીર શરીરના કારણે ચાલે છે ને મારા જ્ઞાનથી ચાલતું નથી.

ધ્યાન રાખે તો સરખું ચલાય નહિતર પડી જવાય, તે વાત જ ખોટી છે. કારણ કે શરીર ને આત્મા ભિન્ન વસ્તુ છે. વસ્તુ કહો, ગુણ કહો, પર્યાય કહો, અવસ્થા નિર્મળ કહો અથવા વિકારી કહો—જે છે તે સ્વથી છે ને પરથી નથી. આમ અનેકાંત સિદ્ધ થાય છે.

આ લાકડી છે તે સ્વથી છે તેમ પરથી પણ હોય તો તેનું છે પણું રહેતું નથી. આ લાકડી છે તે આંગળીથી નથી. લાકડી આંગળીની ભીંસમાં આવી છે માટે તેની ઊંચી થવારૂપની અવસ્થા થઈ છે, તે વાત ખોટી છે.

દરેક દ્રવ્ય પોતાના દ્રવ્યથી છે ને પરના દ્રવ્યથી નથી,

દરેક દ્રવ્ય પોતાના સ્વક્ષેત્રથી છે ને પરના ક્ષેત્રથી નથી,

દરેક દ્રવ્ય પોતાના સ્વકાળથી છે ને પરના કાળથી નથી,

દરેક દ્રવ્ય પોતાના સ્વભાવથી છે ને પરના ભાવથી નથી,

શાંતિ અથવા ધર્મ સ્વમાં છે ને સંયોગોમાં નથી,

ધર્મ સ્વથી છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના રાગથી નથી,

રાગ રાગથી છે ને ધર્મની પર્યાયથી નથી,

લાકડીનો એક એક પરમાણુ પોતાથી છે ને બીજાથી નથી.

એક પદાર્થ છે તે અનંતા પર દ્રવ્ય-ગુણ-પર્યાયથી નથી—એમ નક્કી કરતાં અનંતા પરપદાર્થો ઉપરથી દ્રષ્ટિ હઠી ગઈ. જડનો પર્યાય જડના કારણે ને મારો પર્યાય મારા કારણે—એમ નક્કી કરતાં પવિત્રદશા થયા વિના રહે નહિ. સ્કંધમાં પરમાણુની જે વિભાવ અવસ્થા થઈ છે તે બીજા પરમાણુ જોડે નિમિત્ત છે માટે થઈ નથી પણ સ્વની યોગ્યતાથી થઈ છે. રાગ રાગથી છે ને કર્મથી નથી.

## **અનેકાંત ધર્મ નક્કી કરનાર જીવ, પર તરફથી ખસી જાય છે ને સ્વ તરફ વળે છે.**

આમ અનેકાંતથી વસ્તુ ટકી રહી છે. અનેકાંતની માત્ર ધારણા કદાચિત્ કરે તે કાર્યકારી નથી. પણ સ્વપણે છે ને પરપણે નથી એવું પરિણમન થાય તેને શુદ્ધ જૈનો કહે છે. મધ્યસ્થપણે વિચારતાં વસ્તુનો કોઈ કર્તા હોય તે વાત ઊડી જાય છે. તેમ જ કોઈકને લીધે રાગ થાય છે તે વાત પણ ઊડી જાય છે. ને મુક્તિમાં બધા ભેગા થઈ જાય છે તે વાત પણ રહેતી નથી કારણ કે ત્રણે કાળે દરેક જીવ સ્વથી ને પરથી નથી. વળી, સ્વની નિર્મળતા પૂરી થઈ હોય ને પાછા અવતાર ધારણ કરી સંસારમાં અવતરે એમ બને નહિ. કારણ કે વિકારી ભાવનો સર્વથા નાશ થયો

તો વિકાર ફરી થતો નથી. આમ અનેકાંત નક્કી કરતાં પોતાને પર સામે જોવાનું રહેતું નથી, પરપદાર્થોનું શું થશે તે જોવાનું રહેતું નથી. રાગ સ્વથી છે ને કર્મથી નથી એમ નક્કી કરતાં કર્મ કેટલાં બાકી હશે તે જોવાનું રહેતું નથી. કોઈ જીવ અગિયાર અંગ ભણ્યો હોય તેમાં અનેકાંતની વાતની માત્ર ધારણા કરી પણ સ્વ તરફ વળ્યા વિના તે વાત યથાર્થ જાણે કહેવાય નહિ.

## અનેકાંતનું રહસ્ય જાણી જ્ઞાન ને ક્રિયાની મૈત્રી સાધે છે તે જ જૈન છે.

અનેકાંતનું રહસ્ય જાણી સ્વમાં પરિણમન કરવું જોઈએ. જ્ઞાનનો પર્યાય જ્ઞાનથી છે ને રાગથી નથી. શ્રદ્ધાનો પર્યાય શ્રદ્ધાથી છે ને પરથી નથી. વીતરાગી પર્યાય વીતરાગતાથી છે ને રાગથી નથી. આમ નક્કી કરે ને પોતાના આત્માને પર તથા વિકારથી જુદો પાડી અંતર પરિણમન કરે તો સમ્યગ્દર્શન થાય છે. તો જ ક્રિયા ને જ્ઞાનની મૈત્રી સાધી કહેવાય છે.

**પોતે પોતાપણે છે ને પરથી નથી, પોતે જ્ઞાનસ્વરૂપ છે ને વિકારસ્વરૂપ નથી એવું જ્ઞાન ને એવું અંતર પરિણમન કરતાં અનંતા પદાર્થોના કરવાપણારૂપ રાગનો અભાવ થયો તેમ જ વિકારના કર્તાપણાનો અભાવ થતાં અંશે વીતરાગતા થઈ તે ક્રિયા. આમ જ્ઞાન ને ક્રિયાની મૈત્રી તે અનેકાંત છે. બહારની ક્રિયા તો આત્મા કરી શકતો નથી, પુણ્ય-પાપ તે પણ આત્માની ખરી ક્રિયા નથી. રાગરહિત અંતર પરિણમન—વીતરાગી પરિણામ તે ક્રિયા છે. આમ અનેકાંતનું રહસ્ય જાણીને જ્ઞાન અને ક્રિયાની મૈત્રી સાધે છે તે જૈન છે.**

## દરેક વસ્તુ પોતે જ સ્વતંત્રતાનો ઢંઢેરો પીટી રહી છે.

વર્તમાન ભાવ થાય છે તે પોતાથી થાય છે તો પછી નિમિત્ત આવે તો થાય એ વાત રહેતી નથી. જીવ વર્તમાનમાં રાગ કરે છે તે પોતાના અપરાધથી કરે છે પણ કોઈ પરને લીધે કરતો નથી. વસ્તુનું ત્રિકાળી દ્રવ્ય, તેના ગુણો, તેનો આકાર તથા અર્થપર્યાય પોતાથી છે ને પરથી નથી. છરીના સંયોગે આંગળી કપાયેલી દેખાય છે. પણ આંગળી આંગળીથી છે ને છરીથી નથી, છરી છરીથી છે ને આંગળીથી નથી. છરી આંગળીને અડી જ નથી. છરી છરીમાં કામ કરે છે ને આંગળી તૂટે છે તે આંગળીમાં આંગળીના કારણે છૂટા પડવારૂપ અવસ્થા થાય છે. આંગળી તૂટવાનું કામ છરીના અભાવથી, જીવની ઇચ્છાના અભાવથી તથા આંગળીના સદભાવથી થઈ રહ્યું છે. તેવી રીતે એક આત્મા ગમે તે ક્ષેત્રે, કાળે કે સંયોગે હો, તે સ્વથી છે ને પરથી નથી. આમ પરનો આગ્રહ છૂટી જતાં પરસન્મુખ

દ્રષ્ટિ ટળે છે. મારો ધર્મ તો મારામાં છે ને પરમાં નથી–એમ અનેકાંત દ્રષ્ટિ થાય છે. દરેક વસ્તુ પોતે જ સ્વતંત્રતાનો ઢંઢેરો પીટી રહી છે.

## આવું અદ્‌ભુત અનેકાંત સ્વરૂપ વીતરાગદર્શન સિવાય બીજે ક્યાંય નથી.

હું છું એમ કહે ને મારો કોઈ કર્તા છે એમ પણ કહે. આ ભાવ મને થયો પણ પરને લીધે થયો ને રાગ થયો માટે પૈસા આવ્યા—આ બધી માન્યતા અજ્ઞાનીની છે. પૈસા પૈસાના કારણે આવે છે, રાગીના રાગને લીધે આવતા નથી. રાગ રાગને કારણે થયો છે, પૈસાના કારણે રાગ થતો નથી. જ્ઞાનપર્યાય ઊઘડે છે તે સ્વથી ઊઘડે છે ને વાણીથી ઊઘડતો નથી. વાણી વાણીથી છે ને જીવથી નથી. એક કુટુંબમાં બાર જણ છે. તેમાં કોઈ કોઈને લીધે નથી. એકને લીધે બીજા નભતા હોય તો બારના એક થઈ જવા જોઈએ, પણ તેમ બનતું નથી. દરેક જીવ સ્વથી છે ને પરથી નથી. વળી વર્તમાન ઘડાનો આકાર થયો તે માટીના કારણે છે ને કુંભારના કારણે નથી. કોઈ કહે કે પ્રથમ આ આકાર ન હતો તો તેનો જવાબ એ છે કે પ્રથમનો આકાર પણ તે વખતના કારણ હતો. પહેલો આકાર પણ સ્વથી છે ને પરથી નથી. બીજો આકાર પણ સ્વથી છે ને પરથી નથી. વળી, એક ગુણ આખા દ્રવ્યરૂપે નથી, ને વસ્તુ એક ગુણમાં આવી જતી નથી. સામાન્ય તે સામાન્યપણે છે ને વિશેષપણે નથી, વિશેષ વિશેષપણે છે ને સામાન્યથી નથી. આમ વસ્તુનું સ્વરૂપ છે. આવું અદ્‌ભુત અનેકાંતનું સ્વરૂપ વીતરાગદર્શન સિવાય બીજે ક્યાંય નથી.

**પ્રશ્ન :**–ઘરના છોકરાં ન માને તો શું કરવું ?

## જ્ઞાન, રાગ, વાણી ને પરજીવો દરેક સ્વતંત્ર છે.

**ઉત્તર :**—તેમાં જ તમારો જવાબ આવી જાય છે. છોકરાં છોકરાનું માને છે પણ તમારું માનતો નથી. તમો તમારું માનો છો પણ છોકરાનું માનતા નથી. વ્યવહારે જે સંયોગ છે તે જ્ઞાન કરવા માટે છે. મારો ભાવ પરમાં નથી, પરને લીધે નથી. વળી, હું જ્ઞાન વિશેષ કરું તો વાણીનો વિસ્તાર આવે ને વાણીમાં વિસ્તાર થાય માટે બીજા જીવો સમજે એમ ત્રણ કાળમાં બનતું નથી. વાણી વાણીના કારણે છે, વાણી રાગના કારણે આવતી નથી, તેમ જ જ્ઞાનનો વિશેષ ઉઘાડ થયો માટે વાણીમાં સ્પષ્ટતા આવે છે એમ પણ નથી. જ્ઞાન, રાગ, વાણી તથા બીજા જીવો સ્વતંત્ર છે. અનેકાંતરૂપ સુદર્શન ચક્ર છ દ્રવ્યોને સાધી પોતામાં સ્વ અનુભવ કરાવે છે.

## એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં, એક પર્યાયનો બીજી પર્યાયમાં અભાવ વર્તે છે. અભાવાત્મક વસ્તુ પરદ્રવ્ય અથવા પરપર્યાયનું શું કરે ?

એક ઘડાની પર્યાય છે. તેમાં કુંભારની પર્યાયનો અભાવ છે. જે વસ્તુ અભાવરૂપે હોય તે અડી એમ કહેવું ને તેણે ફેરફાર કર્યો એમ કહેવું તે મૂઢતા છે. અભાવમાં અડવું શું ? અડવું શબ્દ તો ક્ષેત્રની નજીકતા બતાવે છે. દરેક પદાર્થની વર્તમાન અવસ્થા સ્વથી છે ને પરથી નથી, તે સ્વતંત્રતા જાહેર કરે છે. વસ્તુનું પલટન થયા જ કરે છે. કોઈ પરમાણુની અવસ્થા જુદા પડવારૂપ થઈ તે તો પરમાણુની અવસ્થા પલટન પામી છે. તે તો પુદ્ગલનો સ્વભાવ છે, તે રૂપાંતર સ્વથી છે તે પરથી નથી. વળી વર્તમાનમાં જીવને વિકાર થાય છે તે અવસ્થામાં છે ને ત્રિકાળમાં નથી, તે વિકાર નબળાઈને લીધે છે ને કર્મને લીધે નથી. પૂર્વે આકરાં પાપ કર્યાં હતાં માટે વિકાર થયો એમ નથી. પૂર્વનાં પાપ પૂર્વે હતાં, વર્તમાનમાં નથી. બન્નેને અભાવ વર્તે છે. આવું અનેકાંત વસ્તુસ્વરૂપ છે, જેને જિંદગીમાં આવી વાત કાને પણ પડી નથી તે સમજે ક્યારે ને શ્રદ્ધા કરે ક્યારે ? માટે જે જીવ અનેકાંત સ્વરૂપ સમજી પોતામાં અંતર પરિણમન કરે છે તે પરપદાર્થોના વલણથી તથા રાગથી જુદો પડી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

## સ્વ-પર શુદ્ધાત્મપરિણતિમાં નિમિત્ત થાય એવો શુભરાગ શુભોપયોગીને હોય છે.

આમ અનેકાંત સ્વરૂપ પોતે જાણ્યું છે ને પોતાના જ્ઞાનદર્શનસ્વભાવમાં જાણવા દેખવાની પ્રવૃત્તિવાળો થયો છે ને બીજા ધર્માત્માઓ પણ અનેકાંત સાથે મૈત્રીથી પવિત્ર થયા છે ને તેઓ પણ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં પરિણતિવાળા થયા છે. તેમાં જે શુભોપયોગી છે ને રાગ વખતે વાત્સલ્યનો શુભભાવ કરે છે તે પણ ધર્મી છે ને જેના પ્રત્યે શુભભાવ કરે છે તે પણ ધર્મી છે. આવા શુદ્ધાત્મા પ્રત્યે સેવા આદિનો શુભરાગ થાય તો તેનો નિષેધ નથી પણ તેમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ સિવાય બીજી અપેક્ષા હોવી ન જોઈએ. શુભોપયોગી જીવને શુભ રાગ હોય છતાં તેનો અભાવ કરી પોતાના શુદ્ધાત્મામાં ઠરવું છે પણ ઠરી શકતો નથી તેથી શુભરાગ આવે છે. તે પોતાની શુદ્ધતામાં એટલી હદવાળો હોવો જોઈએ પણ પોતાની અવસ્થાને યોગ્ય ન હોય એવો તીવ્રરાગ હોવો ન જોઈએ ને સામેના ધર્માત્મા પ્રત્યે જે શુભરાગ થાય તે તેને શુદ્ધતામાં નિમિત્ત થાય એવા પ્રકારનો હોવો જોઈએ. પોતાના માન કે પ્રશંસા માટે અથવા પોતાને કોઈ કૃપા કે આશીર્વાદ મળી જાય એવા હેતુથી હોવો ન જોઈએ. આવી રીતે તે પ્રવૃત્તિ અલ્પ લેપવાળી હોવા છતાં

શુદ્ધાત્મની ઉપલબ્ધિમાં નિમિત્ત છે તેથી તેવી શુભરાગની પ્રવૃત્તિ કરવાનો નિષેધ નથી. તે શુભ શુભરાગના અલ્પ લેપ લાગે છે—જરા બંધ થાય છે માટે બધા જીવો પ્રત્યે તે શુભરાગ કરવો ને બધા પ્રકારે કરવો—એમ નથી.

(૧) જે જે જીવો પુણ્યથી ધર્મ માને, નિમિત્તથી કાર્ય થાય વગેરે પ્રકારે ઊંધી પ્રરૂપણા કરે ને માને એવા મિથ્યાદ્રષ્ટિ જીવો ભલે તે બાહ્યથી મુનિ હોય તોપણ તે પ્રત્યે વાત્સલ્ય—ભક્તિના શુભરાગનો નિષેધ છે કારણ કે તેના પ્રત્યેનો રાગ ધર્મમાં નિમિત્ત પણ થતો નથી.

(૨) બધા પ્રકારે રાગનો નિષેધ છે. એટલે કે પોતાને રાગ થઈ આવે તો તે માન ખાતર, આશીર્વાદ મળે તે ખાતર અથવા બીજી કોઈ અપેક્ષા હોવી ન જોઈએ. રાગની ખાતર રાગ ન હોવો જોઈએ પણ પોતાના સ્વભાવની અંદર ઠરવામાં નિમિત્તરૂપે થાય તેવા પ્રકારનો હદવાળો રાગ હોવો જોઈએ.

**<u>પ્રશ્ન :—</u>**તો પછી શુદ્ધાત્મા માટે રાગ કરવામાં વાંધો નથી ને ?

**<u>ઉત્તર :—</u>**ભાઈ, રાગ કરવા જેવો છે એવું સ્થાપન કરતા નથી. કોઈ પણ પ્રશસ્ત કે અપ્રશસ્ત રાગ કરવા જેવો નથી. એ દ્રષ્ટિ તો પ્રથમથી જ છે. સંપૂર્ણ ઠરી ન શકે ને રાગ હોય તો કેવા પ્રકારનો ને કોના પ્રત્યે હોય તેની વાત ચાલે છે. ધર્મી જીવ માને છે કે મારા શુભરાગથી મારી શુદ્ધતા ટકતી નથી. તેમ જ મારા શુભરાગથી સામા ધર્માત્માની શુદ્ધ પરિણતિ ટકતી નથી. મારા રાગના ટેકા વગર જ મારી તેમ જ સામાં જીવની શુદ્ધ પરિણતિ થઈ રહી છે એમ નક્કી કરે તો શુભરાગ શુદ્ધાત્માની પરિણતિના રક્ષણમાં નિમિત્ત કહેવાય, નહિતર નિમિત્ત કહેવાય નહિ. તેટલા માટે અહીં કહ્યું કે ગમે તે જીવો હોય તે પ્રત્યે ન ગમે તે પ્રકારે શુભરાગ કરવાનો નિષેધ છે. સામો જીવ પુણ્યથી ધર્મ માનતો હોય, વસ્તુસ્થિતિ સમજતો ન હોય, કુદેવ આદિને માનતો હોય તેના પ્રત્યે વાત્સલ્યનો નિષેધ છે ને પોતાને થોડી પવિત્રતા પ્રગટી છે ને થોડી બાકી છે. પોતે પરિપૂર્ણ થવાનો કામી છે ને રાગ રહે તો આવા શુદ્ધાત્મા પ્રત્યે લક્ષ જાય પણ પોતાનો બીજો હેતુ હોવો ન જોઈએ કારણ કે શુભરાગ ગમે તે જીવ પ્રત્યે ને ગમે તે પ્રકારે કરે તો પોતાને તેમ જ બીજાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ બની શકતું નથી. અહીં શુભરાગ શુદ્ધ પરિણતિનું રક્ષણ કરે છે એમ કહેવું નથી પણ શુદ્ધ પરિણતિ પોતામાં ને પરમાં ટકે છે ત્યારે પોતાને પૂર્વપર્યાયમાં શુભરાગ કેવો હતો ને બીજા પ્રત્યે શુભ રાગ કેવો છે તે બતાવે છે. પણ શુભરાગ આવે ને નિમિત્ત કહ્યો માટે ગમે તે શુભરાગ કરો ને ગમે તે પ્રત્યે શુભરાગ કરો એમ હોઈ શકે નહિ. પોતાને ને પરને શુદ્ધતામાં નિમિત્ત થાય એવો શુભરાગ હોવો જોઈએ.

આમ વસ્તુ સમજ્યા વિના એકલા ઓમના જાપ કરે, તે કાર્યકારી નથી. એવા જાપ ને સમાધિ નકામાં છે. હોલો પક્ષી સમજ્યા વિના ‘‘તૂંહી તૂંહી’’ બોલે છે, તે કાર્યકારી નથી. તેમ જ વસ્તુસ્વરૂપ સમજ્યા વિના ઓમના જાપો ને કહેવાતી સમાધિ સંસાર અર્થે છે. માટે અનેકાંત સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. શુભોપયોગીને રાગની ભૂમિકા વખતે શુદ્ધાત્મા પ્રત્યે રાગ હોય છે ને બીજા પ્રત્યે હોતો નથી, તેમાં પણ અનેકાંત કહ્યું છે.

વળી પોતાની શુદ્ધ પરિણતિમાં નિમિત્ત થાય તે પ્રકારનો શુભરાગ હોય ને બીજી અપેક્ષાવાળો ન હોય. આમ અનેકાંત છે. આવી રીતે ધર્મીના શુભરાગની હદ બતાવીને જ્ઞાન કરાવ્યું છે.

*

# પ્રસાદ નં. ૨૧૦

## પ્રવચનસાર ગાથા ૨૫૧

(વૈશાખ વદ ૧૦, બુધવાર)

## શુદ્ધ જૈનો પ્રત્યે તથા શુદ્ધાત્માની ઉપલબ્ધિની અપેક્ષાથી થતા શુભરાગનો નિષેધ નથી.

આત્માની અવસ્થામાં વિકાર થાય છે, તે વિકાર વિનાનું આત્માનું સ્વરૂપ શુદ્ધ આનંદમય છે. તેવા આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગ ચાલતા મુનિને વીતરાગતા ન હોય ત્યારે શુભરાગ કેટલો હોય છે તેની હદ બતાવે છે. સાચા મુનિને શરીરમાં રોગ હોય કે થાક લાગ્યો હોય તો તેવા મુનિને વૈયાવૃત્ત્યનો શુભોપયોગીને વિકલ્પ આવે પણ તે વિકલ્પ બંધનું કારણ છે, પણ ધર્મીનું કારણ નથી. કોઈ પૂછે છે કે વ્યવહાર ધર્મ તો ખરો ને ? વ્યવહાર એટલે સાચો નહિ. શુભથી પુણ્યપ્રકૃતિ બંધાય છે ને શુભભાવ પોતાની શાંતિને રોકે છે માટે ઘાતિકર્મની પાપપ્રકૃતિઓ પણ બંધાય છે. પુણ્ય-પાપ રહિત જ્ઞાતાસ્વરૂપનું ભાન કરી અરાગી ચારિત્રદશા પ્રગટ કરે તેને શુદ્ધ જૈનો કહે છે. પુણ્યથી ધર્મ માને તે જૈન નથી—એવા અજ્ઞાનીની વાત નથી. શુભરાગથી જ્ઞાનાવરણીય વગેરે પ્રકૃતિ બંધાય છે, એમ જાણે છે ને શુભને ઝેર માને છે તેવા સાચા દ્રષ્ટિવંતને સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે સાચા શ્રદ્ધા-જ્ઞાનવાળા જૈનો પ્રત્યે વૈયાવૃત્ત્યનો શુભરાગ આવે છે અને તે શુભરાગમાં બીજી અપેક્ષા નથી પણ સ્વ-પર શુદ્ધાત્માની પરિણતિમાં નિમિત્ત થાય એટલી જ અપેક્ષા છે. આ પ્રમાણે હોય તો શુભરાગનો નિષેધ નથી.

## મિથ્યાદ્રષ્ટિ પ્રત્યે તથા બીજી અપેક્ષાથી થતા શુભરાગનો નિષેધ છે.

પરંતુ વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતાવાળા પ્રત્યે શુભરાગનો નિષેધ છે. જે પુણ્યથી ધર્મ મનાવે, શરીરની ક્રિયાથી ધર્મ મનાવે, તે મિથ્યાદ્રષ્ટિ છે. તેને વસ્તુના સ્વરૂપની ખબર નથી. શુભાશુભભાવ તે સ્વ—હિંસા છે. કારણ કે પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવથી તે વિપરીત ભાવ છે. ને ચિદાનંદ આત્માના શ્રદ્ધા-જ્ઞાન સહિત વીતરાગી દશા તે અહિંસા છે. આવી જેને શ્રદ્ધા નથી ને વિપરીત માને છે તેવા જીવો પ્રત્યે શુભોપયોગીને અનુકંપાનો ભાવ આવતો નથી. તેમ જ સ્વ-પર શુદ્ધાત્મની પરિણતિમાં શુભભાવ નિમિત્ત થાય એટલી અપેક્ષા છે. એ સિવાય બીજી

કોઈ અપેક્ષા નથી. કોઈ માન પૂજાદિ માટે શુભરાગનો નિષેધ છે કારણ કે એ રીતે પરને કે પોતાને શુદ્ધાત્મપરિણતિની રક્ષા થતી નથી.

હવે પ્રવૃત્તિના કાળનો વિભાગ દર્શાવે છે. (અર્થાત્ શુદ્ધોપયોગી શ્રમણે ક્યા વખતે પ્રવૃત્તિ કરવા યોગ્ય છે અને ક્યા વખતે પ્રવૃત્તિ કરવાયોગ્ય નથી, તે દર્શાવે છે.

## ગાથા ૨૫૨

**આક્રાંત દેખી શ્રમણને શ્રમ, રોગ વા ભૂખ પ્યાસથી,**
**સાધુ કરો સેવા સ્વશક્તિપ્રમાણ એ મુનિરાજની. ૨૫૨.**

**અર્થ :**—રોગથી, ક્ષુધાથી, તૃષાથી અથવા શ્રમણ આક્રાંત શ્રમણને દેખીને સાધુ પોતાની શક્તિ અનુસાર વૈયાવૃત્ત્યાદિક કરો.

## ભાવલિંગી મુનિના ઉપસર્ગ વખતે શુભોપયોગી મુનિ તેમની સેવા કરે, બાકીનો કાળ શુદ્ધાત્મામાં લીન થાય છે.

**ટીકા :**—આત્મા શરીરાદિ પરપદાર્થથી જુદો છે. પુણ્ય-પાપ તેનું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવા ભાનસહિત સ્વરૂપની લીનતા ઘણી વધી ગઈ છે તેવા મુનિને પોતાના સ્વરૂપથી ડગી જાય એવો ઉપસર્ગ જેમકે—શરીરમાં રોગ, ક્ષુધા, તૃષા અથવા થાક આવી પડે તો તે વખતે બીજા મુનિ જો શુભોપયોગમાં હોય તો તેમણે શક્તિ અનુસાર તેમને મદદ કરવી. આત્માને રોગ, ક્ષુધા, તૃષા, થાક હોતો નથી પણ તે બધી શરીરની અમુક પ્રકારની અવસ્થા છે. તે મુનિને શુદ્ધતામાંથી ચ્યુત કરતા નથી પણ મુનિ પોતાની લાયકાતથી શુદ્ધતાથી ચ્યુત થાય તો ક્ષુધા આદિ ઉપસર્ગ તે નિમિત્ત કહેવાય. વળી, શુભોપયોગી મુનિના શુભભાવથી સાચા મુનિની સેવા થતી નથી અથવા તેથી સામેના મુનિનો ઉપસર્ગ હઠી જતો નથી અને સામેના મુનિને ઉપસર્ગ આવ્યો છે માટે આ મુનિને શુભ ઉપયોગ થયો છે, એમ પણ નથી. સામેના મુનિના ઉપસર્ગકાળે આ મુનિને શુભ ઉપયોગ હોય તો તેમની વૈયાવૃત્ત્ય કરવાનો આ કાળ છે, એમ બતાવ્યું છે પણ તેથી પરનાં કામ અથવા જડનાં કામ થાય છે અથવા પરને લીધે શુભભાવ આવ્યો છે એમ સમજવું નહિ. અહીં ચરણાનુયોગમાં નિમિત્તપ્રધાન કથન છે. મુનિ પોતના જ્ઞાનાનંદ સ્વભાવમાં ઘડીમાં ઠરે છે ને ઘડીમાં વિકલ્પવાળી દશામાં આવે છે તે શુભરાગનો કાળ બીજા મુનિની સેવાનો કાળ છે. બહારની ક્રિયા તો થવી હોય તો

થાય, તે આત્માને આધીન નથી પણ તે સિવાયનો કાળ પોતામાં શુદ્ધતા પરિપૂર્ણ લાવવા માટે કેવળ નિવૃત્તિનો કાળ છે.

## નિર્ગ્રંથ ભાવલિંગી મુનિનું સ્વરૂપ.

**ભાવાર્થ :—**શરીર, મન, વાણી જડ છે તેનાથી આત્માને લાભ—નુકશાન નથી. વિકાર અશુદ્ધતા છે. આત્મા ત્રિકાળી શુદ્ધ છે. તેવા ભાન સહિત અંતરમાં લીનતા કરે તે મુનિ છે. જ્ઞાન ને આનંદમાં ઠરવું તે અનુષ્ઠાન છે. પુણ્ય-પાપ રહિત નિજ આચરણ–વીતરાગીદશા તે મુક્તિનું કારણ છે. તે વિના મુક્તિ થતી નથી. અભ્યંતર વીતરાગી દશા થતાં બાહ્યમાં નગ્ન દિગંબરદશા હોય છે. તે કરવી પડતી નથી. વસ્ત્ર લેવાનો રાગ જ થતો નથી ને રાગ ન ઊઠતાં વસ્ત્રનો સંયોગ રહે નહિ. સંયોગ સંયોગના કારણે હોતો નથી પણ જે વસ્ત્રપાત્ર રાખી મુનિપણું માને ને મનાવે તે મિથ્યાદ્રષ્ટિ છે, તે જૈન નથી. વસ્ત્ર સહિત મુનિપણું ન માને પણ ગૃહસ્થદશા માને તો સમ્યગ્દર્શન હોઈ શકે પણ વસ્ત્રસહિત મુનિપણું માને તે તો મિથ્યાદ્રષ્ટિ છે. અંતર વીતરાગદશા વધતાં બાહ્યમાં નગ્ન શરીર જ હોય એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. સનાતન વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

અને કોઈ જીવ બાહ્યથી નગ્ન થઈ જાય પણ અંતરમાં શરીરની ક્રિયાથી ધર્મ માને ને નિમિત્તથી ને પુણ્યથી ધર્મ માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે, તે મુનિ નથી. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રથમ હોવાં જોઈએ. તે સહિત અભ્યંતર ને બાહ્ય નિર્ગ્રંથદશા વર્તે છે એવા મુનિ તે સાચા ભાવલિંગી મુનિ છે. નિર્વિકારી આત્મા અને શુભભાવરૂપ વિકાર એ બેને એક માનવારૂપી મિથ્યાત્વની ગાંઠનું તૂટવું ને અભેદઆત્માની શ્રદ્ધા થવી તેને નિર્ગ્રંથ સમ્યગ્દર્શન કહે છે અને એવા નિર્ગ્રંથ સમ્યગ્દર્શનપૂર્વક આત્માની પર્યાયમાંથી અસ્થિરતારૂપ વિકારની ગાંઠનું તૂટવું ને આત્મામાં રમણતા થવી તે નિર્ગ્રંથ ચારિત્ર છે. ગ્રંથિ એટલે ગાંઠ. ભ્રાંતિ તે મોટી ગાંઠ છે. શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાનથી તે મિથ્યાત્વની ગાંઠનો નાશ થાય છે. અવ્રત ને વ્રતભાવ બન્ને વિકાર છે. તે વિકારની ગાંઠનો નાશ કરી અંતર રમણતા કરે તે સાધુપદ છે.

આવા ભાવલિંગી મુનિને શરીરમાં રોગાદિ આવી પડે ને બીજા ભાવલિંગી મુનિ શુભોપયોગમાં હોય તો તે પ્રસંગે ઉપસર્ગ આવેલ મુનિની સેવા કરવાનો કાળ છે પણ મિથ્યાદ્રષ્ટિ મુનિની સેવા કરવાનો કાળ નથી. બાકીનો કાળ પોતાની પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રાપ્ત કરવા માટેનો કાળ છે. આ પ્રમાણે પ્રવૃત્તિના કાળના વિભાગ દર્શાવ્યા. ॥૨૫૨॥

હવે, શુભોપયોગી શ્રમણે લોકની સાથે વાતચીતની પ્રવૃત્તિ ક્યા નિમિત્તે કરવાયોગ્ય છે અને ક્યા નિમિત્તે કરવાયોગ્ય નથી, તે કહે છે :–

## ગાથા ૨૫૩

**સેવા નિમિત્તે રોગી–બાળક–વૃદ્ધ–ગુરુ શ્રમણો તણી,**
**લૌકિક જનો સહ વાત શુભ–ઉપયોગયુત નિંદિત નથી. ૨૫૩.**

અર્થ :–વળી રોગી, ગુરુ (–પૂજ્ય વડેરા) બાળ અને વૃદ્ધ શ્રમણોની સેવાના (વૈયાવૃત્ત્યના) નિમિત્તે, શુભોપયોગવાળી, લૌકિક જનો સાથેની વાતચીત નિંદિત નથી.

## શુભોપયોગી મુનિ લૌકિકજનો સાથે મુનિની સેવાનિમિત્તે વાતચીત કરે, સંસારના કાર્યો નિમિત્તે નહિ.

**ટીકા :—**આત્મજ્ઞાન સહિત સ્વરૂપની અંદર ઝૂલે છે તે મુનિ છે. જેમ પાણીની ચાંપ દાબવાથી ફુવારો ફાટે છે તેમ પુણ્ય-પાપ રહિત આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતામાંથી શુદ્ધતાનો ફુવારો ફાટેલ છે. એવા શુદ્ધાત્મ પરિણત મુનિ રોગી હોય, પોતાથી મોટા હોય, બાળક હોય ને વૃદ્ધ હોય તેવાની સેવા નિમિત્તે લૌકિકજનો સાથે વાતચીત કરવાનો નિષેધ નથી. સેવાનો ભાવ આવ્યો છે માટે મુનિનો રોગ મટી જશે એમ છે જ નહિ પણ સેવાનો ભાવ આવે ત્યારે મુનિ લૌકિકજનો સાથે વાતચીત કરે, વૈદ્યને પૂછે કે કઈ જાતનો રોગ છે, રોગ મટતાં કેટલા દિવસ લાગશે વગેરે પૂછપરછ કરે, તેટલી વાતચીત કરવાનો નિષેધ નથી પણ તેથી આગળ વધીને સંસારી કાર્યો સંબંધી વાતચીત કરવાનો નિષેધ છે. જેમ કે—હાલ વેપાર કેવા ચાલે છે, લડાઈનું શું થયું, છાપામાં શું આવ્યું, દીકરા-દીકરીનાં સગપણ કર્યાં, અમુક આહારપાણી કરીને અમોને આપજો—એવા પ્રકારની લોકો સાથે વાતચીતનો નિષેધ છે.

## દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત રાખીને ચરણાનુયોગ નિમિત્તથી કથન કરે છે.

અહીં મુનિને રોગાદિ હોય તો સેવા કરવાનો વિકલ્પ આવે છે એમ કહ્યું તે ઉપરથી પરનું કરી શકાય છે, એમ સમજવું નહિ. કોઈપણ જીવ પરનું કરી શકતો નથી—એ વાત રાખીને શુભભાવનું લક્ષ જતાં કોની સાથે વાતચીત કરે છે, તે બતાવ્યું છે. કોઈ એમ માને કે આપણે પરનાં કામ કરવાં પણ આસક્તિ ન રાખવી. અનાસક્તિથી કરવાં એમ કહે છે પણ પરનાં કામ હું કરી શકું છું તે ભાવ જ મોટી આસક્તિ છે, અજ્ઞાન ને મૂઢતા છે. આવી મૂઢતા મુનિને હોતી નથી. કોઈ જીવ

કોઈનું કરવાને તાકાવતાન નથી. દરેક પદાર્થ સ્વતંત્ર પરિણમી રહ્યો છે. આમ દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત રાખીને ચરણાનુયોગનાં કથન આવે છે.

વળી કોઈ કહે કે મુનિને રોગ શા ? ચમત્કાર પ્રગટાવી રોગને મટાડી દે ને ? ને અહિંસા પ્રગટી હોય તો હિંસક પ્રાણી વૈર ભૂલી જાય છે !–આમ અજ્ઞાની દલીલ કરે છે.

## મુનિની પવિત્રતાને શરીરની શાતા–અશાતા સાથે સંબંધ નથી.

(૧) મુનિને શરીરમાં રોગ આવવો તે તો પૂર્વના અશાતા કર્મના સંયોગે આવેલ છે. તેને વર્તમાન પુરુષાર્થ સાથે સંબંધ નથી. પવિત્રતા હોય એટલે પુણ્ય હોવાં જ જોઈએ, એવો નિયમ નથી. પવિત્રતા ને પુણ્ય જુદી વસ્તુ છે. સુકોશલ મુનિને સિંહણ ખાય છે. સનતકુમાર મુનિને ૭00 વર્ષ સુધી ગળત કોઢ રહ્યો હતો. રોગ કે ઉપસર્ગ નુકશાન કરતા નથી. વાદિરાજ મુનિને રોગ મટી શરીર સુંદર થયું તે ગુણના કારણે નહિ પણ પુણ્યનો યોગ હતો તેથી મટ્યો છે. એટલે મુનિ હોય તેને રોગ ન જ હોય એવું નથી.

## મુનિને ચમત્કારથી રોગ મટાડી દેવાનો વિકલ્પ ઊઠતો નથી.

(૨) બીજું ચમત્કાર બતાવી રોગ મટાડી દેવાની વાતની સ્પષ્ટતા એ છે કે શરીરાદિની ક્રિયા તો આત્મા કરી શકતો નથી, તેનું તો મુનિને ભાન છે. મિથ્યાદ્રષ્ટિ મટાડવા માગે તોપણ શરીરની અવસ્થા ફેરવી શકતો નથી. હવે મુનિને તેને ફેરવવાનો વિકલ્પ ઊઠતો નથી પણ પોતાના કારણે નબળાઈનો રોગ થાય છે એટલે લક્ષ જાય છે. સનતકુમારને એવી લબ્ધિ હોવા છતાં પોતાના શરીર ઉપર તેનો ઉપયોગ કરેલ નહિ. કારણ કે મુનિ જાણે છે કે દરદનો રહેવાનો જેટલો કાળ છે તેમાં કોઈ ફેરફાર કરી શકે નહિ.

## પોતાના જ્ઞાતાસ્વભાવમાં અરાગી પરિણતિ તે અહિંસા છે. તેને બીજા જીવોનો પરિણામ સાથે સંબંધ નથી.

(૩) ત્રીજી વાત અહિંસાની :–મુનિને અહિંસા પ્રગટી હોય તો સિંહ વગેરે વૈર ભૂલી જાય તો જ અહિંસા પ્રગટી કહેવાય, તો તેવું પણ અહિંસાનું સ્વરૂપ નથી. પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં અરાગી પરિણતિ તે જ અહિંસા છે. કોઈ હિંસાના ભાવ ન કરે તો મુનિની અહિંસા ટકે છે, એમ છે જ નહિ. અહિંસાને બાહ્ય સાથે સંબંધ નથી. તીર્થંકરના સમવસરણમાં બિલાડી ને ઉંદર વગેરે પ્રાણીઓ જે

અરસપરસ વૈરવૃત્તિ ભૂલે છે તે પોતાની લાયકાતથી ભૂલે છે, તીર્થંકરને લીધે નહિ. તીર્થંકર પુણ્યપ્રકૃતિ તેમાં નિમિત્તમાત્ર છે.

## ભાવલિંગી મુનિ ક્ષુધા, તૃષાદિ તથા વિકલ્પ વગેરે જ્ઞેયોનો જ્ઞાતા જ રહે છે.

આવું જેને વસ્તુસ્વરૂપનું યથાર્થ ભાન થાય ત્યારપછી મુનિપણું લ્યે. તેવા ભાન વિના ૨૮ મૂળગુણનું પાલન કરી નવમી ગ્રૈવેયકે જીવ ગયો પણ શુદ્ધતાનો અનાદર ને રાગનો આદર કરેલ તેથી પરિભ્રમણ મટ્યું નહિ. સાચા મુનિઓને વસ્તુસ્વરૂપનું ભાન છે. અંતરદશા આગળ વધી છે, બાહ્ય નગ્ન દિગંબરદશા વર્તે છે. એકવાર આહાર લ્યે તેમાં આહાર સાથે દવા શ્રાવક આપે તો સાથે લઈ લ્યે, નહિતર દવા અલગ લેતા નથી. રોગ, ક્ષુધા, તૃષાને જ્ઞેય તરીકે જાણે છે, આત્માને નડતરરૂપ માનતા નથી. વળી પોતાને દેહ છૂટવાનો કાળ કયા વખતે છે તે બધા મુનિને ખ્યાલ આવી જ જાય એવું પણ નથી. જે કાળે, જે ક્ષેત્રે, જે સંયોગે દેહ છૂટવાનો હોય ત્યાં જ ને તે વખતે છૂટે છે છતાં વિકલ્પ આવે તો પૂછે. છતાં તે વિકલ્પનો, તેના જવાબનો, ભાષાનો, આહાર સાથે દવા મળે તે બધાનો જ્ઞાતા રહે છે. આવા ભાવલિંગી મુનિની સેવા અર્થે લૌકિક જનો સાથે શુભોપયોગી મુનિ વાતચીત કરે છે પણ સંસારના કામ અર્થે વાતચીત કરતા નથી.

*

# પ્રસાદ નં. ૨૧૧

## <u>પ્રવચનસાર ગાથા ૨૫૪</u>

(વૈશાખ વદ ૧૧, ગુરુવાર)

શુભોપયોગ એટલે પુણ્ય—પરિણામ. આત્મામાં દયા-દાનાદિના પરિણામ થાય તે પુણ્ય પરિણામ છે, ધર્મ નથી. જ્ઞાનાનંદ સ્વભાવની દ્રષ્ટિ ને રમણતા તે ધર્મ છે પણ સ્વભાવમાં ઠરી ન શકે ત્યાંસુધી શુભભાવ મુનિને તથા ગૃહસ્થને હોય છે. તેમાં કોને શુભોપયોગ ગૌણ હોય છે અને કોને મુખ્ય હોય છે, તે કહે છે.

**આ શુભ ચર્યા શ્રમણને વળી મુખ્ય હોય ગૃહસ્થને;**
**તેના વડે જ ગૃહસ્થ પામે મોક્ષસુખ ઉત્કૃષ્ટને. ૨૫૪.**

**<u>અર્થ :</u>**—આ પ્રશસ્તભૂત ચર્યા—શ્રમણોને (ગૌણ) હોય છે અને ગૃહસ્થોને તો મુખ્ય હોય છે એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે; તેનાથી જ (પરંપરાએ) ગૃહસ્થ પરમ સૌખ્યને પામે છે.

મુનિની વૈયાવૃત્ત્ય, જિનેન્દ્રોની ભક્તિ વગેરે શુભચર્યાનો ભાવ મુનિને ગૌણ છે. આત્માના શુદ્ધસ્વભાવના ભાન ઉપરાંત લીનતા ઘણી વધી ગઈ છે. શરીર ઉપરનો રાગ પણ ઘણો જ ઘટી ગયો છે. સેવા આદિનો શુભભાવ હોય છે પણ તે ઘણો અલ્પ છે તેથી ગૌણ છે. મુખ્યતા શુદ્ધોપયોગની છે. ગૃહસ્થોને પણ પુણ્ય-પાપની રુચિ નથી, ધ્યેય તો શુદ્ધ આત્મા ઉપર જ છે. ગૃહસ્થદશામાં બુદ્ધિપૂર્વક રાગનો અભાવ કરી શુદ્ધોપયોગ બહુ અલ્પ વખત હોય છે ને દયા, દાન, વ્રત, પૂજાનો શુભઉપયોગ મુખ્યપણે હોય છે, એમ તીર્થંકર પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું છે. ગૃહસ્થની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે. શુભરાગ હોવા છતાં તેના ઉપર દ્રષ્ટિ નથી તેથી શુદ્ધના લક્ષે રાગનો અભાવ કરી પરમદશાને પામે છે.

### <u>શુદ્ધસ્વભાવની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન ને તેમાં સ્થિરતાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.</u>

**<u>ટીકા :</u>**—આ આત્માવસ્તુ છે. સાકરમાં જેમ મીઠાશ પૂરી હોય છે પણ પાણીમાં નાખવાથી મીઠાશ ઓછી દેખાય છે તેમ આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે પણ તે પુણ્ય-પાપના ભાવ સાથે જોડાય છે તો તેનું જ્ઞાન હીણું ને આનંદ હીણો થાય છે. પૂર્ણ આનંદ ને જ્ઞાન જેમાંથી પ્રગટ થાય તે સ્વભાવ કેવો હોવો જોઈએ તેની પ્રતીતિ કરીને ક્રમેક્રમે વીતરાગતા વધતાં ને સ્વભાવમાં પરિપૂર્ણ ઠરતાં પૂર્ણ આનંદ ને કેવળદશા પામે છે. આ ઇન્દ્રિયો જણાય છે તેથી મારું જ્ઞાન નથી તેમ બીજાં જ્ઞેયોથી જ્ઞાન નથી. હું તો પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું. પુણ્ય-પાપ તો આકુળતા

છે, તેટલો હું નથી. આમ શુદ્ધ જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાનથી સમ્યગ્દર્શન થાય છે. ને પરમ અનાકુળ દશાની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તે થયા પછી પણ જો પુણ્ય-પાપ ને નિમિત્તનો સંસર્ગ હોય તો પૂર્ણ અનાકુળ દશા થતી નથી પણ જો સ્વભાવનો સંસર્ગ હોય તો પૂર્ણદશા થઈ જાય છે.

## મુનિને શુદ્ધોપયોગની મુખ્યતા છે ને શુભોપયોગની ગૌણતા છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. શરીરાદિ પર છે. પુણ્ય-પાપના ભાવો વિકાર છે, આત્મા તેનાથી રહિત છે એવા શુદ્ધાત્માના અનુરાગ સહિતના શુભ ઉપયોગની વાત છે. જે પુણ્યથી ધર્મ મનાવે, શરીરની ક્રિયાથી ધર્મ મનાવે તેવાના શુભભાવની વાત નથી પણ જેને આત્મભાન થયું છે, ઉપરાંત સ્વરૂપલીનતા ઘણી વધી છે ને છઠ્ઠી—સાતમી ભૂમિકાએ ઝૂલે છે. ઘણા રાગથી નિવર્ત્યા છે, સર્વસંગરહિતપણું છે તો પણ હજી થોડા રાગનો સદભાવ વર્તે છે. તેથી શુભોપયોગ ગૌણ છે કારણ કે શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે. તે શુભોપયોગના વખતે બીજા મુનિની સેવાનો ભાવ આવે, વાત્સલ્યભાવ આવે, શુદ્ધાત્મા પ્રત્યે પ્રેમ થાય પણ તે ગૌણ છે.

## ગૃહસ્થને શુભોપયોગની મુખ્યતા છે ને શુદ્ધોપયોગની ગૌણતા છે.

ગૃહસ્થોને હજી સંસારદશામાં ઘણો રાગ વર્તે છે, સર્વસંગ પરિત્યાગી થયા નથી પણ આત્માનું ભાન છે. પુણ્ય-પાપ આત્માને લાભ કરતા નથી. આત્માનો સ્વભાવ શુદ્ધ છે તેવાં શ્રદ્ધા ને જ્ઞાન છે પણ સ્વરૂપની અંદર ઠરી શકતો નથી તેથી ચારિત્રદશામાં વર્તતું જે ઉગ્ર શુદ્ધાત્મ પ્રકાશન જોઈએ તેનો સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થને અભાવ છે. બાકી દર્શન અપેક્ષાએ તો સમ્યગ્દ્રષ્ટિને પણ શુદ્ધાત્મનું પ્રકાશન છે જ. મુનિ તથા ગૃહસ્થો—બન્નેને શુદ્ધાત્માની રુચિ સરખી છે. મુનિને ઘણો રાગ ઘટી ગયો છે ને શ્રાવકને દયા-દાન પ્રભાવનાનો રાગ વર્તે છે. આત્માનું ભાન છે છતાં સ્વરૂપમાં લીનતાનો અભાવ છે માટે શુભભાવ મુખ્ય છે. મુનિને કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાત્કાલિક દશા છે ને ગૃહસ્થને કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાત્કાલિક દશા નથી.

## ગૃહસ્થનો શુભોપયોગ ક્રમશઃ મોક્ષનું કારણ છે.

જેમ લાકડું સ્ફટિકના સંપર્કથી સૂર્યના તેજનો અનુભવ થતાં ક્રમશઃ સળગી ઊઠે છે તેમ સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થને શુભરાગના નિમિત્તે આત્મામાં લીનતા થાય છે અને તેથી શુભોપયોગ ક્રમશઃ મોક્ષદશાનું કારણ થાય છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને ભાન છે કે મારા આત્મામાં કેવળજ્ઞાનરૂપ થવાની તાકાત છે. શુભરાગ આવે છે તે મારું સ્વરૂપ નથી, રાગનો નિષેધ વર્તે છે. રાગની રુચિ નથી. રુચિ તો શુદ્ધ સ્વભાવની

જ છે. ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થઈ કેવળજ્ઞાન લઉં એવી ભાવના છે. પુરુષાર્થપૂર્વક અશુભ રાગ ટાળ્યો છે ને શુભરાગ ટાળી, સ્થિર થઈ, વીતરાગદશા પ્રાપ્ત કરશે તેથી શુભને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે.

## શુભોપયોગને મોક્ષનું પરંપરા કારણ કેમ કહ્યું ?

સૂર્યનું નિમિત્ત હોવા છતાં જેમ લોઢું સળગતું નથી પણ જે લાકડાની યોગ્યતા હોય છે તે સળગી ઊઠે છે તેમ મિથ્યાદ્રષ્ટિ કે જેને શુદ્ધાત્માનો પ્રેમ નથી ને પુણ્યથી ધર્મ માને છે, તેનો શુભરાગ મોક્ષનું કારણ થતું નથી પણ સમકિતી કે જેને શુદ્ધાત્માનો પ્રેમ છે, ચૈતન્યસ્વભાવને જાણ્યો છે, રાગ હોવા છતાં તેનો નિષેધ વર્તે છે, તે જીવ પુરુષાર્થ લાવી કેવળજ્ઞાન પ્રગટાવશે તેથી તેના રાગને નિમિત્ત કહ્યો છે. રાગ કરતાં કરતાં મોક્ષ થવાનો નથી પણ રાગનો અભાવ કરી વીતરાગ થઈ મોક્ષ થશે તેથી રાગ ઉપર ઉપચાર કરેલ છે. શુદ્ધાત્મા તે ઉપાદાનકારણ છે ને અશુભ ટાળ્યો છે ને શુભ વર્તે છે માટે શુભને સંયોગ અથવા નિમિત્ત કહ્યું છે. રાગનો સંયોગ = રાગનું નિમિત્ત. ચરણાનુયોગમાં નિમિત્તથી કથન છે. કારણ કે ગૃહસ્થને રાગ હોવા છતાં તેના ઉપર દ્રષ્ટિ નથી. દ્રષ્ટિ તો અખંડ જ્ઞાયક સ્વભાવ ઉપર જ છે તેથી ક્રમે ક્રમે પુરુષાર્થ લાવી મુનિદશા પ્રગટ કરશે ને જ્યારે મુનિદશા પ્રગટ કરશે ત્યારે શુભ ગૌણ થશે ને શુદ્ધોપયોગ મુખ્ય થશે ને વિશેષ સ્થિરતા થતાં વીતરાગતા લાવી કેવળજ્ઞાન પ્રગટ કરશે. ત્યાં રાગનો સર્વથા અભાવ છે, મુખ્ય—ગૌણ નથી. રાગનો સર્વથા નાશ થતાં મોક્ષદશાને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે શુભોપયોગ ઉપર ઉપચાર કરી અહીં તેને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે.

**પ્રશ્ન :—**આ ગાથા રાગની છે ?

**ઉત્તર :—**રાગનું જ્ઞાન કરાવી, રાગનો અભાવ કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવવાની આ ગાથા છે. રાગ થાય છે તે આત્માનો દોષ છે પણ સ્વભાવનો પ્રેમ છે તેથી શુભ ઘટી અરાગી ભાવ પ્રગટ કરશે તેથી રાગને નિમિત્તકારણ કહ્યું છે. શુદ્ધપર્યાય અંશે પ્રગટ્યો છે તે વધીને કેવળજ્ઞાન લેશે એટલે રાગને નિમિત્તકારણ કહ્યું છે.

જે જીવ પુણ્યથી ધર્મ માને તે જીવ લોઢા સમાન છે. તેને શુદ્ધાત્માની પ્રતીતિ નથી. જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે પણ આત્માની રુચિ નથી. તેવા જીવોને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. તેઓનું ઉપાદાન પાક્યું નથી તેથી તેના શુભરાગને નિમિત્તનો આરોપ પણ આવતો નથી.

**પ્રશ્ન :—**સમકિતી શુભને ગૌણ કરે તો ?

## ધર્મી જીવને શ્રદ્ધામાં તો અખંડ શુદ્ધસ્વભાવ જ મુખ્ય વર્તે છે, ચારિત્રમાં મુખ્ય–ગૌણપણું છે.

**સમાધાન :—**મુખ્ય–ગૌણ બાબતની સ્પષ્ટતા :–

(૧) શરીર, મન, વાણી આદિ પદાર્થો પર છે. પર્યાયમાં થતા શુભાશુભ ભાવો એ પણ આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવાં શ્રદ્ધા તથા જ્ઞાન સમકિતી તથા મુનિને વર્તે છે. શ્રદ્ધા તો અખંડ સ્વભાવને જ કબૂલે છે. માટે બન્નેને શ્રદ્ધા અપેક્ષાએ તો એકલો જ્ઞાનસ્વભાવ જ મુખ્ય વર્તે છે. દરેક સમયે શુદ્ધ સ્વભાવની જ અધિકાઈ વર્તે છે.

(૨) અહીં જે મુખ્ય ગૌણના બે પ્રકાર કહેવામાં આવ્યા છે તે ચારિત્રની અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. મુનિને શ્રદ્ધા–જ્ઞાન હોવા ઉપરાંત લીનતા ઘણી વધી છે, અખંડ આત્મા જ મુખ્ય વર્તે છે. પાંચ મહાવ્રતના પરિણામોની ગૌણતા વર્તે છે. તેથી શુદ્ધ મુખ્ય છે ને શુભ ગૌણ છે. શ્રાવકને આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન તો છે પણ અરાગી પરિણતિ નથી. શુભ વિશેષ છે તેથી શુભ મુખ્ય છે ને શુદ્ધ ગૌણ છે એટલે ચારિત્રપર્યાયની અપેક્ષાએ મુખ્ય-ગૌણ કહ્યું છે.

(૩) ગૃહસ્થી જીવને સ્વભાવનું ભાન છે તે ક્રમે ક્રમે પુરુષાર્થ લાવી મુનિપણું પ્રગટ કરશે ત્યારે શુદ્ધનું મુખ્યપણું કરશે ને શુભને ગૌણ કરશે.

(૪) ત્યારપછી વિશેષ પુરુષાર્થ લાવી શુભના ગૌણપણાને પણ ટાળી પરિપૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, મોક્ષને પામશે. ત્યાં રાગનો અભાવ છે એટલે મુખ્ય—ગૌણપણું નથી.

આ પ્રમાણે મુખ્ય—ગૌણની સ્પષ્ટતા છે.

જો ધર્મી ગૃહસ્થ અખંડ અભેદ દ્રવ્યની મુખ્યતા છોડી—તેની અધિકતા છોડી, પુણ્ય-પાપની અધિકતા શ્રદ્ધામાં કરે તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે પણ તેને કદી પણ શુભભાવની મુખ્યતા વર્તતી નથી. તેમને આત્માનો અનુભવ કોઈ કોઈવાર હોય છે પણ ત્રિકાળ ચૈતન્યસત્તા શુદ્ધ છે. તે તરફનું અંતર પરિણમન કદી પણ ખસતું નથી. તે વિશેષ પુરુષાર્થ લાવી, મુનિપણું અંગીકાર કરી, મોક્ષ પામશે. તેથી રાગમાં મોક્ષના કારણનો ઉપચાર કર્યો છે. મોક્ષમાર્ગથી પણ મુક્તિ નથી તો રાગથી તો મુક્તિ ક્યાંથી હોય ? કારણ કે મોક્ષમાર્ગ પણ પર્યાય છે. મુક્તિ તો અખંડ દ્રવ્યના આશ્રયે જ છે પણ ચરણાનુયોગમાં નિમિત્તથી કથન કરેલ છે.

# પ્રસાદ નં. ૨૧૨

## પ્રવચનસાર ગાથા ૨૫૪

## શુદ્ધ દ્રવ્ય ધર્મનું કારણ છે, નિમિત્ત, શુભરાગ અથવા પૂર્વનો ઉઘાડ ધર્મનું કારણ નથી.

શુદ્ધાત્મા પ્રત્યેના શુભરાગીની વાત અગાઉ આવી ગઈ છે. મૂળ ગાથામાં **एषा प्रशस्तभूता** શબ્દ છે. આ પ્રશસ્તભૂત ચર્યા કોને હોય છે ? દયા-દાન વ્રતથી ધર્મ થશે તેવા જીવોના શુભ રાગની વાત નથી. રાગરહિત નિર્મળ જ્ઞાનસ્વરૂપ અખંડ તત્ત્વ છું તેવી દ્રષ્ટિપૂર્વક શુભરાગ હોય તેને પ્રશસ્ત શુભરાગ કહેવામાં આવે છે. ધર્મદ્રષ્ટિપૂર્વકની વાત છે. તો તે ધર્મનું કારણ કોણ છે ?

(૧) ધર્મનું કારણ શુભભાવ હોઈ શકે નહિ કારણ કે ધર્મ આત્માની અવિકારી અવસ્થા છે, ને શુભભાવ વિકાર છે. વિકાર કારણ અને અવિકારી કાર્ય એમ હોઈ શકે નહિ. માટે શુભભાવ તે ધર્મનું કારણ નથી.

(૨) પૂર્વપર્યાયમાંથી ધર્મપર્યાય પ્રગટે નહિ. કારણ કે અવસ્થામાંથી અવસ્થા આવતી નથી માટે પૂર્વપર્યાય ધર્મનું કારણ નથી.

(૩) દ્રવ્ય જે અખંડ પડેલું છે, જેમાં જ્ઞાન, દર્શન, સુખ ભરેલાં પડ્યાં છે, તેના આધારે ધર્મ પ્રગટ થાય છે. જેવી રીતે કુંડળની અવસ્થા સોનાથી કે હથોડીથી થતી નથી, તેમ જ તે પૂર્વની અવસ્થામાંથી આવતી નથી પણ સોનું, સોનું ધ્રુવ પડેલ છે તેમાંથી આવે છે તેમ ધર્મપર્યાય કોઈ નિમિત્તના આશ્રયે, પરના આશ્રયે, વિકલ્પના આશ્રયે અથવા પૂર્વના ઉઘાડના આશ્રયે થતી નથી, ટકતી નથી ને વધતી નથી પણ આત્માના આધારે થાય છે, ટકે છે ને વધે છે. આવા શુદ્ધાત્માના અનુરાગપૂર્વક શુભચર્યાની વાત છે. '**प्रशस्तभूता**' શબ્દમાંથી આ ટીકા કાઢેલ છે.

## દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું છે.

દ્રવ્યના ઉત્પાદ, વ્યય ને ધ્રુવ ત્રણ અંશો છે. કોઈ પણ પદાર્થની અવસ્થા નવી ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થા નાશ થાય છે ને વસ્તુ ધ્રુવ રહે છે. આત્મામાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાદર્શનનો વ્યય ને આત્માનો શ્રદ્ધા ગુણ ધ્રુવ ટકી રહ્યો છે. અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ ને બીજાં ચાર-ધર્મ, અધર્મ, આકાશ ને કાળ–એમ છ દ્રવ્યો તીર્થંકરદેવે જોયા છે ને તે દરેક દ્રવ્યમાં એક સમયમાં ત્રણ અંશો જોયા છે. જે વસ્તુ છે તેનો કોઈ કર્તા હોઈ શકે નહિ ને કર્તા હોય તો વસ્તુ નિત્ય રહેતી નથી. જે છે તેને કોણ કરે ? માટે વસ્તુ ધ્રુવ છે. વળી અવસ્થામાં પલટન ન હોય તો વિકાર ટાળી અવિકારી થવાનો પ્રસંગ રહેતો નથી. માટે વસ્તુ

નિત્ય રહીને પલટન પામે છે અથવા એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણ અંશો થઈને વસ્તુ છે.

## ગૃહસ્થ તથા મુનિને શ્રદ્ધા અપેક્ષાએ તો શુદ્ધાત્માનો જ આશ્રય છે.

આમ આત્માનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજીને ધર્મનો ઉત્પાદ તો ધ્રુવ આત્માના આધારે થાય છે, એમ સમજવું જોઈએ. દ્રવ્ય એટલે વસ્તુ ચૈતન્ય આનંદકંદ છે તેના આધારે સમ્યગ્દર્શન થાય છે. દ્રવ્યદ્રષ્ટિ તે જ સમ્યગ્દ્રષ્ટિ શ્રદ્ધા અપેક્ષાએ તો મુનિને તથા સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધાત્માનો જ આશ્રય છે. કારણ કે તેના આશ્રયે જ ધર્મ થાય છે, ટકે છે ને વધે છે. જેમ પીપરની ૬૪ પહોરી તીખાશ પથરામાંથી કે બીજા નિમિત્તમાંથી આવતી નથી તેમ જ અધૂરી તીખાશમાંથી તે આવતી નથી કારણ કે અધૂરી તીખાશનો વ્યય થઈને ૬૪ પહોરી થાય છે. તે ૬૪ પહોરી તીખાશ લીંડીપીપરમાં શક્તિરૂપે છે, તેમાંથી આવે છે ને ૬૪ પહોરી થયા પછી પણ તેવી ને તેવી તીખી ટકી રહે છે. તેમ આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે, તેમાં કેવળજ્ઞાન ને સિદ્ધપદ ભરેલાં છે, તેમાંથી ધર્મ થાય છે. નિમિત્તોમાંથી, શુભરાગમાંથી કે પૂર્વની મિથ્યાત્વપર્યાયમાંથી સમ્યગ્દર્શન થતું નથી. જેમ સોનાની અને લોઢાની ખાણ નજીક છે. સોનાની ખાણને ખોદવાથી સોનું મળે પણ લોઢાની ખાણને ખોદવાથી સોનું મળે નહિ. લોઢાની ખાણ ખોદવાથી સોનું મળતું નથી, તેમ ચૈતન્ય ધાતુરૂપી આત્મા સુખની ખાણ છે, તેના શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતાથી ધર્મ થાય છે. આવી રીતે દર્શન અપેક્ષાએ મુનિ તથા સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધાત્માનો જ આશ્રય વર્તે છે.

## મુનિને શુભોપયોગ ગૌણ છે, ગૃહસ્થને શુભોપયોગ મુખ્ય છે.

અહીં જે શ્રાવક તથા મુનિ કહ્યા છે તે આત્મજ્ઞાન સહિતના સમજવા. તેવા મુનિને ચારિત્ર અપેક્ષાએ પોતાની યોગ્ય ભૂમિકા અનુસાર સ્વરૂપમાં લીનતા છે. '**सिद्धसमान सदा पद मेरो**' તે પોતાનું પદ સિદ્ધ સમાન સમજે છે ને અંતર એકાગ્રતાથી આત્માની શાંતિના ફુવારા નીકળતા હોય તેવી વીતરાગી સ્વરૂપ રમણતા તેમને હોય છે. તેવા મુનિને વૈયાવૃત્ત્યાદિનો શુભભાવ કોઈવાર આવે છે તેથી તેને શુભોપયોગ ગૌણ છે ને ગૃહસ્થને આત્માનું ભાન છે. આત્મા ચિદાનંદમય છે, તેમાંથી ધર્મ અને સુખ થાય તેમ છે. તેવું ભાન છે પણ મુનિના જેવી વીતરાગીદશા—અંતર સ્વરૂપ રમણતા વિશેષ પ્રગટ કરી શકતો નથી, શુદ્ધને પહોંચી શકતો નથી તેથી ગૃહસ્થને અશુભ વંચનાર્થે શુભઉપયોગ મુખ્ય છે. અશુભ ત્યાં હતો તો ટાળ્યો છે એમ નથી પણ શુભમાં જોડાય છે એટલે અશુભ ઉત્પન્ન જ થતો નથી. જેમ ટેકરી ઉપર ચડનાર વચમાં થોડો વિસામો લ્યે છે પણ ધ્યેય તો

ટેકરી ઉપર જવાનું છે તેમ સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધનું ધ્યેય છે. પણ મુનિ જેટલો ઉગ્ર પુરુષાર્થ નથી તેથી અશુભથી બચી શુભોપયોગમાં વર્તે છે, તેથી તેને શુભોપયોગ મુખ્ય છે. દયા, દાન, વ્રત, પૂજા આદિ ભાવોમાં વિશેષ રહે છે.

## ધર્મી જીવને શ્રદ્ધા અપેક્ષાએ ચૈતન્યનું પૂરું અવલંબન છે પણ ચારિત્ર અપેક્ષાએ તીવ્રમંદ હોય છે.

સમ્યગ્દ્રષ્ટિને અશુભથી બચવા માટેનો આ શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધનો જ મંદ પુરુષાર્થ છે. કારણ કે શુદ્ધાત્માના મંદ આલંબનથી અશુભ પરિણતિ પલટાઈને શુભ થાય છે ને શુદ્ધાત્માના ઉગ્ર આલંબનથી શુભ પલટાઈને શુદ્ધ પર્યાય પ્રગટે છે. વસ્તુસ્વરૂપ જરા સૂક્ષ્મ છે. ધર્મી જીવોને શ્રદ્ધા અપેક્ષાએ તો શુદ્ધ આત્માનું પૂરેપૂરું અવલંબન વર્તે છે, પણ ચારિત્રપર્યાયની અપેક્ષાએ ભેદ પડે છે.

(૧) બધા ધર્મી જીવોને ચૈતન્ય શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધા અપેક્ષાએ પૂરેપૂરું અવલંબન વર્તે છે, તેમાં કાંઈ ઓછું–વત્તું નથી.

(૨) ચારિત્રની અપેક્ષાએ શુદ્ધ આત્માનું ઉગ્ર અવલંબન હોય તો પર્યાયમાં શુદ્ધભાવ પ્રગટ થાય.

(૩) ચારિત્રની અપેક્ષાએ શુદ્ધ આત્માનું મંદ અવલંબન હોય તો પર્યાયમાં શુભભાવ હોય છે.

(૪) ચારિત્રની અપેક્ષાએ શુદ્ધ આત્માનું તેથી મંદ અવલંબન હોય તો પર્યાયમાં અશુભ ભાવ હોય છે.

સમ્યગ્દ્રષ્ટિને અશુભરાગ વખતે ચારિત્રની અપેક્ષાએ શુદ્ધ આત્માનું અવલંબન હોય છે તેના કરતાં શુભરાગ વખતે ચારિત્રની અપેક્ષાએ શુદ્ધ આત્માનું અવલંબન વધારે હોય છે તેથી સમ્યગ્દ્રષ્ટિ અશુભથી છૂટી શુભમાં જોડાય છે ત્યારે તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. બાહ્યમાં અશુભ પલટી શુભ થયો તે જોવાનું નથી, તે તો અશુદ્ધતા જ છે પણ શુભની પાછળ ચૈતન્યની શુદ્ધતા અશુભના કાળ કરતાં વિશેષ છે માટે તે પણ શુદ્ધનો જ પુરુષાર્થ છે ને મુનિ પણ શુદ્ધ આત્માનું તીવ્ર અવલંબન લ્યે નહિ તો શુભમાં રહે છે ને તીવ્ર અવલંબન લ્યે તો શુદ્ધાત્મામાં લીન રહે છે. આ પ્રમાણે શુદ્ધાત્માના અવલંબન ઉપર આધાર છે. શ્રદ્ધા અપેક્ષાએ તો અવલંબન પૂરું છે પણ ચારિત્ર અપેક્ષાએ ભેદ કહ્યો છે.

પ્રશ્ન :–ચોથે ગુણસ્થાને કોઈ જીવ શુભોપયોગમાં છે ને પાંચમે ગુણસ્થાને કોઈ જીવ અશુભોપયોગમાં છે તો તેમાં ચૈતન્યનું અવલંબન કોને વધારે છે ?

સમાધાન :–પંચમ ગુણસ્થાનવર્તી અશુભોપયોગી જીવને ચોથાના શુભોપયોગ કરતાં ચૈતન્ય સ્વભાવનું ચારિત્ર અપેક્ષાએ વધારે અવલંબન છે કારણ

કે પંચમ ગુણસ્થાનવાળા ને અશુભ હોવા છતાં અનંતાનુબંધી ને અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો નાશ થયો છે. ચોથાને માત્ર અનંતાનુબંધીનો નાશ છે માટે પંચમગુણસ્થાનવર્તી જીવને વિશેષ અવલંબન છે.

## સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષદશા સુધીનું કારણ શુદ્ધાત્મા જ છે.

સમ્યગ્દર્શન—ધર્મ ને વીતરાગ માટે પહેલેથી ઠેઠ સુધી દ્રવ્ય એક જ કારણ છે.

ચોથે ગુણસ્થાને શુદ્ધાત્માનું વિશેષ અવલંબન લ્યે તો અશુભભાવ થતો નથી.

પાંચમા ગુણસ્થાને શુદ્ધાત્માનું મંદ અવલંબન લ્યે તો શુભભાવ થાય છે.

છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધાત્માનું તીવ્ર અવલંબન લ્યે તો શુદ્ધભાવ થાય છે.

છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધાત્માનું મંદ અવલંબન લ્યે તો શુભભાવ થાય છે.

દ્રવ્યદ્રષ્ટિ એટલે શુદ્ધ સ્વભાવનું અવલંબન. સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધ ચૈતન્યનો આશ્રય છે ને જેટલો પુરુષાર્થ કરે છે તેટલું કાર્ય થાય છે. શાસ્ત્રમાં લખાણ આવે કે ધર્મી જીવ અશુભથી બચવા શુભમાં જોડાય છે. ત્યાં શુભના અવલંબનથી અશુભ ટળે છે એમ કહેવું તે વ્યવહાર છે. ખરેખર તો અશુભભાવ પણ ચૈતન્યના અવલંબને ટળે છે ને શુભભાવ પણ ચૈતન્યના અવલંબને ટળે છે. વળી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, ચારિત્રની પ્રાપ્તિ, શુક્લધ્યાન કે કેવળજ્ઞાન–બધી દશા પહેલેથી ઠેઠ સુધી શુદ્ધ ચૈતન્યના અવલંબને જ થાય છે.

## ચૈતન્ય સ્વભાવમાં કેવળજ્ઞાન ભર્યું છે, તેમાં એકાગ્રતા કરવાથી કેવળજ્ઞાન પ્રગટે છે.

જ્ઞાની જીવને ગૃહસ્થદશામાં પોતાના સ્વરૂપનું ભાન છે. શ્રદ્ધા અપેક્ષાએ તો ચૈતન્યનું પૂરેપૂરું અવલંબન વર્તે છે. શક્તિ અપેક્ષાએ તો પોતાને ભગવાન સમાન માને છે પણ પર્યાયે પામર માને છે. તે પામર પર્યાયનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટ કરવાની ભાવના છે. નબળાઈની પર્યાય વખતે પણ આશ્રય તો ચૈતન્ય સ્વભાવનો છે. પર્યાયમાં અશુદ્ધતા છે પણ સ્વભાવમાં અશુદ્ધતા હોય તો નાશ ક્યાંથી થાય ? દીવાસળીમાં અગ્નિ શક્તિરૂપે ન હોય તો ભડકો ક્યાંથી થાય ? દીવાસળીની લાકડી ઘસવાથી ભડકો થતો નથી, ટોપકું ઘસવાથી થાય છે. તેમ શરીરને ઘસવાથી અથવા પુણ્ય-પાપ ઘસવાથી કેવળજ્ઞાન પ્રગટતું નથી પણ ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાનનો ભડકો પ્રગટ થાય છે. તેવું ભાન હોવા છતાં પણ હજી કચાશ છે, મંદ પુરુષાર્થ છે તેથી શુભભાવ સેવા પૂજા વગેરેના આવે છે.

## અજ્ઞાની જીવ જ્ઞાનીના શુભભાવની નકલ કરે છે પણ શુદ્ધસ્વભાવની અકલ (ઓળખાણ) વિના સંસારમાં રખડે છે.

જંગલમાં અમુક માણસોએ ટાઢ ઉડાડવા અગ્નિ પ્રગટાવવા ઘાસ ભેગું કર્યું ને તેમાં દીવાસળી ચાંપી તેથી અગ્નિ થઈ. તે બધું ત્યાં રહેલા વાંદરાઓએ જોયું એટલે તેમણે પણ ઘાસ ભેગું કર્યું પણ દીવાસળીની ખબર નહિ. તેથી આગિયા કે જે પ્રકાશ જેવા દેખાય છે તેનાથી અગ્નિ થતી હશે તેમ ધારી આગિયાને પકડીને એક પછી એક ઘાસમાં નાખવા માંડ્યા પણ અગ્નિ થઈ નહિ ને તેની ટાઢ ઊડી નહિ, મહેનત નકામી ગઈ, તેમ જ્ઞાનીના શુભભાવ—પૂજા, ભક્તિ, દાન વગેરે જોઈને અજ્ઞાની વાંદરાની જેમ નકલ કરવા માંડ્યો. રોટલા છોડ્યા, દાન કર્યાં, પૂજા, જાત્રા, વ્રત તપરૂપ શુભભાવ કર્યા. મૂળ વસ્તુ જે ચૈતન્ય સ્વભાવ કે જેમાં કેવળજ્ઞાનનો ભડકો થવાની તાકાત છે અને જેનું જ્ઞાનીએ અવલંબન લીધું હતું ને જેને મુખ્ય રાખીને જ્ઞાની શુભભાવની ક્રિયામાં દેખાતો હતો, તે મુખ્ય વસ્તુનો અજ્ઞાની જીવે ખ્યાલ ન કર્યો ને નકલ કરવા માંડ્યો પણ નકલ કરનારને અક્કલ હોતી નથી. જ્ઞાનીના શુભભાવ પાછળ શુદ્ધ ચૈતન્યનું જોર છે, તે જોયું નહિ પણ સંયોગો ભેગા કર્યા ને શુભભાવો એક પછી એક ઘણા કર્યા પણ વાંદરાની જેમ તેની મહેનત માથે પડે છે ને સંસારનું પરિભ્રમણ ચાલુ રહે છે.

અહીં તો ધર્મી જીવની વાત છે. ધર્મી જીવને શ્રદ્ધા તો શુદ્ધાત્માની જ છે ને ચારિત્ર અપેક્ષાએ મંદ અવલંબન હોય છે ત્યારે શુભભાવ હોય છે ને ઉગ્ર પુરુષાર્થ હોય તો શુદ્ધપરિણતિ થાય છે. ।।૨૫૪।।

શુદ્ધાત્મદેવનો આશ્રય કરાવનાર ભગવતી ગુરુવાણીનો જય હો !

*

# પ્રસાદ નં. ૨૧૩

## <u>પ્રવચનસાર ગાથા ૨૫૫</u>

(વૈશાખ વદ ૧૩, શનિવાર)

જેને આત્માનુ ભાન છે પણ સ્વભાવમાં ઠરી શકતો નથી તેને દયા, દાન, વ્રત, પૂજાનો ભાવ હોય છે તેમ જ શુદ્ધાત્મા પ્રત્યે રાગ હોય છે. છતાં દ્રષ્ટિ તો સ્વભાવ ઉપર છે ને રાગનો શ્રદ્ધામાં નિષેધ વર્તે છે તેથી ક્રમે કરીને વીતરાગતા પ્રગટ કરશે તેથી ધર્મી જીવના શુભરાગને મોક્ષનું ઉપચારથી કારણ કહ્યું હતું. હવે અજ્ઞાનીની શ્રદ્ધા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર ઉપર છે. અજ્ઞાનીનો શુભરાગ અજ્ઞાની પ્રત્યે છે. કષાય–મંદતા હોવા છતાં કારણમાં ફેર છે તેથી ફળમાં ફેર છે. તે સંસારનું નિમિત્ત થાય છે, તે હવે બતાવે છે :–

**ફળ હોય છે વિપરીત વસ્તુવિશેષથી શુભ રાગને,**
**નિષ્પત્તિ વિપરીત હોય ભૂમિવિશેષથી જ્યમ બીજને. ૨૫૫.**

**<u>અન્વયાર્થ :—</u>**જેમ આ જગતમાં અનેક પ્રકારની ભૂમિમાં પડેલાં બીજ ધાન્યકાળે વિપરીતપણે ફળે છે, તેમ પ્રશસ્ત રાગ વસ્તુભેદથી (–પાત્રના ભેદથી) વિપરીતપણે ફળે છે.

### <u>અજ્ઞાનીના શુભભાવના કારણમાં ફેર છે</u>
### <u>માટે કાર્યમાં (ફળમાં) ભેદ અવશ્ય છે.</u>

**<u>ટીકા :—</u>**અનાજનું બીજ એક જ પ્રકારનું હોવા છતાં ભૂમિની વિપરીતતા હોવાથી પાકની વિપરીતતા થાય છે. સારી ભૂમિમાં ધાન્ય સારું પાકે છે ને ખરાબ ભૂમિમાં ધાન્ય ખરાબ થઈ જાય છે અથવા પાકતું જ નથી. માટીના વાસણમાં ને તપેલામાં રસોઈ જુદા જુદા સ્વાદવાળી થાય છે. નદીના પાણીની રસોઈમાં ને કૂવાના પાણીની રસોઈમાં ફેર પડે છે. અહીં તો તે તે બીજની અથવા પદાર્થની તે તે વખતની યોગ્યતા એવી જ હોય છે, એમ કહેવું છે. નિમિત્તથી ફેર પડે છે, એમ કહેવું નથી પણ નિમિત્તની પ્રધાનતાથી કથન કર્યું છે. તેમ અજ્ઞાનીના દયા, દાન, વ્રતાદિના શુભભાવો જ્ઞાનીના જેવા હોવા છતાં તે શુભભાવો અજ્ઞાની પ્રત્યે છે. તેના શુભના કારણમાં ફેર છે તેથી કાર્યનો ભેદ અવશ્ય છે એટલે કે જ્ઞાનીના શુભભાવ પરંપરા મોક્ષનું કારણ—નિમિત્તકારણ બને છે ને અજ્ઞાનીના શુભભાવ સંસાર અર્થે છે. ગાથા ૨૫૪ માં ધર્મીના શુભરાગની દિશા બતાવી. વળી આ ગાથા

૨૫૫ માં અજ્ઞાનીના શુભભાવની દિશા વિપરીત છે એમ બતાવી ફળમાં પણ ફેર છે એમ બતાવે છે.

જ્ઞાનીને ભાન છે કે અંતર સર્વજ્ઞશક્તિ પડી છે તેમાં એકાગ્ર થવાથી ધર્મ થાય એમ છે. તેથી સ્વભાવ જેણે પ્રગટ કર્યો છે એવા સર્વજ્ઞદેવ તથા સાધક નિર્ગ્રંથ ગુરુ તથા શાસ્ત્રાદિ તરફ ધર્મીને પ્રેમ થાય છે. તેના રાગમાં વિવેક વર્તે છે, તેથી તે મોક્ષનું નિમિત્ત થાય છે. જ્યારે અજ્ઞાનીને તો સર્વજ્ઞથી વિપરીત માન્યતાવાળા તરફ રાગ છે. વ્યવહારથી ધર્મ થાય તેમ માને છે, નવ લાખ નવકારમંત્ર જપતાં ધર્મ થાય તેમ માને છે. દયાથી, જાત્રાથી, દાનથી ધર્મ મનાવે છે પણ શુદ્ધ સ્વભાવના આશ્રયે ધર્મ થાય તેમ મનાવતા નથી. તેવા કુદેવ, કુગુરુ પ્રત્યેનો પ્રેમ સંસારનું કારણ છે. કુદેવાદિની રુચિ તે પુણ્યની તથા વ્યવહારની રુચિ બતાવે છે, તેવા મિથ્યાદ્રષ્ટિ જીવ પાપાનુબંધી પુણ્ય બાંધે છે ને ચાર ગતિમાં રખડે છે.

## તત્ત્વનો આરાધક સિદ્ધગતિમાં જાય છે, ને વિરાધક નિગોદમાં જાય છે.

જેમ ભમરડો બહુ ફરતો હોય ત્યારે સ્થિર—ઊંઘી ગયો હોય એમ લાગે છે. તેમ તત્ત્વ જ્ઞાનનો જે તીવ્ર વિરોધ કરે છે, પુણ્યથી ધર્મ થાય તેમ મનાવે છે. આત્માનું સ્વરૂપ આવું તે હોય, કાંઈ બહારની ક્રિયા તો કરવી જોઈએ ને ? તેમ કહી જે જીવ જ્ઞાનનો તીવ્ર વિરોધ કરે છે તે જીવ વર્તમાનમાં કદાચિત્ શુભભાવના ફળરૂપે દેવગતિ પામે તોપણ તે પરંપરા નિગોદમાં જવાના છે ને સ્થિર ભમરડાની જેમ નિગોદના શરીરમાં અસંખ્ય સાગરોપમ સુધી એક જ શરીરમાં રહ્યા કરશે. તત્ત્વનો તીવ્ર આરાધક જીવ સિદ્ધગતિ પામે છે. તત્તવનો તીવ્ર વિરાધક જીવ નિગોદગતિ પામે છે. આરાધકપણા સહિત શુભભાવ હોય તો જીવ ઊંચે દેવલોક જાય છે ને પરંપરા મોક્ષમાં જાય છે. વિરાધકપણા સહિત શુભભાવ હોય તો સામાન્ય દેવગતિમાં જાય ને પાછો સંસારમાં રખડે છે ને વિરાધકપણા સહિત અશુભભાવ હોય તો નરકગતિમાં જાય છે. પાત્રતાની વિપરીતતાથી ફળમાં વિપરીતતા છે.

## નિમિત્ત ઉપાદાનની પ્રસિદ્ધિ કરે છે.

જ્ઞાનીને નિશ્ચયપૂર્વક વ્યવહાર છે, સ્વસન્મુખ અભિપ્રાય છે. જે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને પરલક્ષે માને છે તેની વાત નથી. તેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ જાણ્યા નથી. સર્વજ્ઞદેવનો આત્મા રાગરહિત કેવો છે, નિર્ગ્રંથ ગુરુનો આત્મા કેવો

છે, અનેકાંતશાસ્ત્ર શું કહે છે, તેમ જે યથાર્થ જાણે છે તેનું મિથ્યાદ્રષ્ટિપણું ટળ્યા વિના રહે નહિ. કારણ કે જેવો સર્વજ્ઞનો આત્મા છે તેવો જ મારો આત્મા છે, હું પણ સર્વજ્ઞ થઈ શકું છું વગેરે પ્રકારે પોતામાં શ્રદ્ધા કરે છે. તેણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરી છે. આત્મજ્ઞાન વિના દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ તે સાચી ઓળખાણ નથી ને તેને તેઓ નિમિત્ત પણ કહેવાતા નથી. નિમિત્ત ક્યારે કહેવાય ? ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે નિમિત્તનો આરોપ આવે છે. નિમિત્ત ઉપાદાનની પ્રસિદ્ધિ કરે છે કે સર્વજ્ઞ આદિને યથાર્થ માનનારો જીવ જ્ઞાની હોવો જોઈએ અને જેણે પોતાના આત્મામાં અંશે વીતરાગતા પ્રગટ કરી હોય તેણે તેમને યથાર્થ માન્યા કહેવાય. પણ જે દયાદાનથી ધર્મ માને છે, વ્યવહારથી ને શરીરની ક્રિયાથી ધર્મ માને છે, સર્વજ્ઞ શક્તિસ્વરૂપ આત્મા શું છે, તેની જેને ખબર નથી અને એના ઊંધું કહેનારા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર પ્રત્યે પ્રેમ છે, તેને નિશ્ચય વગરનો શુભરાગ છે, તે સંસારનું કારણ છે. તેથી કુદેવાદિ સંસારમાં નિમિત્ત થાય છે. તે નિમિત્ત એમ પ્રસિદ્ધિ કરે છે કે તે નિમિત્તો પ્રત્યેની રુચિવાળો જીવ સંસારની રુચિવાળો છે, પુણ્યની રુચિવાળો છે. શાહુકારને ત્યાં આઠ આના વ્યાજે મૂડી મૂકવાથી મૂડી સહીસલામત રહે છે ને વ્યાજસહિત પાછી મળે છે. સાધારણને ત્યાં વધારે વ્યાજના લોભે મૂડી મૂકવાથી મૂડીની સલામતી રહેતી નથી પણ મૂડી ને વ્યાજ બન્ને જાય છે, તેમ ધર્મી જીવ પોતાની મૂડી સર્વજ્ઞની પેઢીએ મૂકે છે. તેને પોતાની મૂડી વ્યાજસહિત પાછી મળે છે એટલે કે તેને સાચા આત્માની ઓળખાણ થઈ, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ને કુદેવાદિની પેઢીએ જે પોતાની મૂડી મૂકે છે ત્યાં જોખમનો પાર નથી. તેને આત્મારૂપી મૂડી ખોવાઈ જાય છે ને વ્યાજમાં સંસારપરિભ્રમણ ચાલુ રહે છે. આમ નિમિત્તનો ફેર છે, તે પાત્રતાનો ફેર બતાવે છે ને પાત્ર ફેરેફેર છે તો ફળમાં પણ ફેર છે.

હવે કરણની વિપરીતતા અને ફળની વિપરીતતા દર્શાવે છે :–

## ગાથા ૨૫૬

**છદ્મસ્થ—અભિહિત ધ્યાનદાને વ્રતનિયમપઠનાદિકે**
**રત જીવ મોક્ષ લહે નહિ, બસ ભાવ શાતાત્મક લહે. ૨૫૬.**

**અર્થ :—**જે જીવ છદ્મસ્થવિહિત વસ્તુઓને વિષે (છદ્મસ્થે—અજ્ઞાનીએ કહેલા દેવ-ગુરુ-ધર્માદિને વિષે) વ્રત-નિયમ-અધ્યયન-ધ્યાન-દાનમાં રત હોય તે જીવ મોક્ષને પામતો નથી, શાતાત્મક ભાવને પામે છે.

## વસ્તુસ્વરૂપથી વિપરીત કહેનારા જીવો અજ્ઞાની છે.

સર્વજ્ઞ ભગવાન કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કારણ નથી, નિમિત્ત-ઉપાદાનમાં કામ કરતું નથી. આત્મા ત્રિકાળ શુદ્ધ છે, વિકાર ક્ષણિક છે. શુદ્ધ આત્માના લક્ષે વિકાર ટળી અવિકારી દશા પ્રગટ થાય છે. પુણ્યથી ધર્મ થતો નથી. પુણ્ય અને સંવર જુદાં તત્ત્વો છે. નવ તત્ત્વો પૃથક્ પૃથક્ છે. આમ સર્વજ્ઞ ભગવાને વસ્તુસ્વરૂપ યથાર્થ બતાવ્યું છે. તેમને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે. ભૂતકાળ કરતાં ભવિષ્યની પર્યાયો અનંતગુણી રહેશે. દર્શન-જ્ઞાન-સુખ-વીર્ય બધા ગુણોની પર્યાયો ભૂત કરતાં ભવિષ્યની અનંત અનંતગુણી છે. વગેરે જેમ છે તેમ સર્વજ્ઞ ભગવાને વસ્તુનું સ્વરૂપ જોયું છે. આવા વસ્તુસ્વરૂપને જે માનતા નથી તે સર્વજ્ઞને માનતા નથી. અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. તે વ્રત કરવાથી અને પુણ્ય કરવાથી ધર્મ થશે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થશે, તેમ મનાવે છે. આટલાં વ્રત કરો, તો ધર્મ થશે, આટલાં વરસીતપ કરો, આટલી ચીજ ખપે—ન ખપે તેમાં ધર્મ મનાવે, આટલો અભિગ્રહ રાખ્યો હોત તો ઠીક હતું, એમ પરપદાર્થમાં ને શુભમાં ધર્મ મનાવે, તે મિથ્યાદ્રષ્ટિ છે. પાઠમાં છદ્મસ્થ શબ્દ છે. છદ્મસ્થનો અર્થ અજ્ઞાની છદ્મસ્થ જીવો સમજવા.

## સતશાસ્ત્ર નિમિત્ત હોવા છતાં તેના મર્મને નહિ સમજનારા જીવો પણ અજ્ઞાની છે.

વળી જેને વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા મળ્યાં છે. સતશાસ્ત્ર નિમિત્તરૂપે મળવા છતાં તેમાં કહેલા ભાવને યથાર્થ ન સમજે અને પુણ્યથી ને નિમિત્તથી ધર્મ મનાવે તે જીવ પણ અજ્ઞાની છે. એક છોકરાનો બાપ મરતી વખતે ચોપડામાં લખી ગયેલ કે શંકરના દેવળના ઇંડા નીચે ચૈત્ર સુદ ૮ના રોજ સવારે આઠ વાગે ૨૫ લાખ રૂપિયા દાટ્યા છે. તે વાંચીને તે છોકરાએ શંકરનું દેવળ વેચાતું લઈ, તેનું ઈંડું ખોદવા માંડ્યો પણ રૂપિયા નીકળ્યા નહિ. પછી તેના બાપના મિત્ર પાસે ગયો ત્યારે તેણે વિચાર્યું કે મારો મિત્ર પારકે સ્થાને રૂપિયા રાખે નહિ પણ ચૈત્ર સુદ ૮ ના રોજ ૮ વાગે દેવળના ઇંડાનો પડછાયો તેના ઘરના ફળીયામાં જે જગ્યાએ પડે ત્યાં દાટ્યા હોવા જોઈએ. તે જગ્યા બતાવીને ત્યાં છોકરાને ખોદવાનું કહ્યું. ત્યાં ખોદતાં લક્ષ્મીની પ્રાપ્તિ થઈ. આમ લખાણના ભાવને સમજવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થઈ. તેમ શાસ્ત્રમાં લખાણ આવે કે "શુભોપયોગ પરંપરા મોક્ષનું કારણ છે. કર્મના ઉદયે જીવ રખડે છે" વગેરે. ત્યાં અજ્ઞાની જીવ શુભભાવને જ મોક્ષનું ખરેખર કારણ માની વ્રત, તપ કરવા મંડી પડે છે ને વળી કર્મથી નુકશાન થાય છે તેમ માની બેસે છે. શાસ્ત્રના મર્મને સમજ્યા વિના વ્યવહાર રત્નત્રયના ભાવને ખોદવા માંડ્યો, રાગની પાછળ એકાગ્ર થયો પણ ચૈતન્યલક્ષ્મી પ્રાપ્ત થઈ નહિ.

તેથી જ્ઞાની પુરુષોએ કહ્યું કે ભાઈ, એ તો નિમિત્તનાં કથનો છે. તારા જ્ઞાનસ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન કરી એકાગ્ર થા તો તને ધર્મ ને શાંતિ થાય એમ છે. પણ સર્વજ્ઞ શક્તિ પોતાની છે તેમાં ધર્મ અને શાંતિ નહિ માનતાં અજ્ઞાની જીવ ધ્યાનમાં—હઠયોગની ક્રિયામાં અથવા વ્યવહાર રત્નત્રયના રાગમાં શાંતિ માને છે. તેને સર્વજ્ઞ દેવ, ગુરુ, શાસ્ત્ર સંપ્રદાય તરીકે મળવા છતાં તેનો ભાવ સમજ્યો નહિ તેથી તેને ન મળ્યા બરાબર છે. વીતરાગનાં શાસ્ત્ર હોવા છતાં મર્મ સમજતો નથી તેથી તે પણ અજ્ઞાની છે.

## સ્વભાવેશ્વર, વિભાવેશ્વર, જડેશ્વરની સ્પષ્ટતા.

વળી કેટલાક જીવો બધા થઈને એક આત્મા માને છે ને અમુક સમાધિથી ધર્મ માને છે. તે પણ મૂઢ છે. કારણ કે આ જગતમાં અનંતા આત્માઓ છે, અનંતઅનંત પુદ્ગલ પરમાણુ છે. ધર્મ, અધર્મ ને આકાશ એક એક અને અસંખ્ય કાળાણું છે. દરેક પદાર્થ કાયમ રહીને પલટન પામે છે. તેમાં આત્મા તે ચેતન છે ને બાકીના બધા અચેતન છે. ત્રણ પ્રકારના ઈશ્વર છે.

**સ્વભાવેશ્વર :** દરેક આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય વગેરે શક્તિનો ભરપૂર ભંડાર છે. પરિપૂર્ણ પ્રભુ છે. જ્ઞાનાનંદ શુદ્ધ પવિત્ર તેનો સ્વભાવ છે. ગમે ત્યાં, ગમે તે ક્ષેત્રે, ગમે તે કાળે તે પોતાના ઐશ્વર્યથી બિરાજે છે, તેને કોઈ લૂટી શકતો નથી.

**વિભાવેશ્વર :** અજ્ઞાની આત્મા પોતાના ચૈતન્ય સ્વભાવને ચૂકીને રાગ-દ્વેષ આદિ વિભાવભાવ કરે તેમાં પણ તે ઐશ્વર્યવાન્ છે તેના વિભાવને સાક્ષાત્ તીર્થંકર પણ ટાળવા સમર્થ નથી. વિકારમાં પણ સ્વતંત્ર ને વિકાર ટાળી અભાવરૂપ થવામાં પણ સ્વતંત્ર છે.

**જડેશ્વર :** દરેક પરમાણુ ને બીજાં જડ દ્રવ્યો—દરેક ઐશ્વર્યવાન છે. તેની પર્યાયને ફેરવવા કોઈ જીવ સમર્થ નથી. આવી શક્તિ જડ પદાર્થમાં પરિપૂર્ણ છે માટે તે જડેશ્વર છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારના ઈશ્વરોને જેમ છે તેમ માનવા જોઈએ. એમ સર્વજ્ઞની વાણીમાં આવેલ છે પણ અજ્ઞાની જીવ તે ત્રણે ઈશ્વરોને માનતો નથી. સ્વભાવનું ભાન નથી, શરીરની ક્રિયા હું કરી શકું છું એમ માને છે, પુણ્યથી ધર્મ માને છે, અમુક ક્રિયાથી સમાધિ થઈ માને છે, તેથી તે અજ્ઞાની છે.

# અજ્ઞાનીએ કહેલાં વ્રત, તપાદિમાં જે જીવ લીન છે તેને ધર્મ થતો નથી

અજ્ઞાની જીવ શાસ્ત્રથી વિરુદ્ધ અર્થ કરે છે. ઉપર કહ્યા તે બધા અજ્ઞાનીઓએ કહેલાં વ્રત, નિયમ, અધ્યયન વગેરે શુભભાવમાં જે જીવ રચ્યોપચ્યો રહે છે, તે જીવ ઘણા પ્રકારે શુભભાવ કરતો હોવા છતાં મોક્ષને પામતો નથી પણ પુણ્યપ્રકૃતિને બાંધે છે ને સંસારમાં રખડે છે. કુદેવાદિમાં માન્યતા છે તે નિમિત્તફેર છે. ધર્મીને શુભની પાછળ શુદ્ધસ્વભાવનું ભાન છે ને સર્વજ્ઞાદિમાં શ્રદ્ધા છે. અજ્ઞાનીને એકલા કુદેવાદિમાં શ્રદ્ધા છે ને વિભાવમાં લીન છે. નિમિત્તફેર, ભાવફેર બતાવે છે તેથી કુદેવાદિમાં શ્રદ્ધાવાળો તથા વ્રતાદિથી ધર્મ થશે એવી માન્યતાવાળાનો શુભભાવ સંસારનું કારણ છે.

*

# પ્રસાદ નં. ૨૧૪

## <u>પ્રવચનસાર ગાથા ૨૫૬</u>

(વૈશાખ વદ ૧૪, રવિવાર)

ગાથા ૨૫૫ માં કહ્યું કે જમીન ફેરે બીજ વિપરીતપણે ફળે છે તેમ અજ્ઞાનીનો શુભરાગ પણ સંસારરૂપે ફળે છે. અજ્ઞાનીનાં કહેલાં વ્રત, તપ, દયા, દાનમાં જે જીવ રત છે તે જીવ મોક્ષને પામતો નથી પણ પુણ્ય બાંધી સંસારમાં રખડે છે.

## <u>પોતે સર્વજ્ઞ થવાની તાકાતવાળો છે</u><br><u>એવી પ્રતીતિ કરનાર જીવ જ સર્વજ્ઞને માને છે.</u>

**<u>ટીકા :</u>** (૧) 'સર્વજ્ઞ સ્થાપિત વસ્તુઓમાં જોડેલા શુભોપયોગનું ફળ પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે.' આ વાક્યમાં ઘણું રહસ્ય છે. પ્રથમ શબ્દ 'સર્વજ્ઞસ્થાપિત' છે. તો સર્વજ્ઞ કોને કહેવા, તે પ્રથમ જાણવું જોઈએ. બધા થઈને એક આત્મા નથી પણ સ્વતંત્ર અનંત આત્માઓ છે. દરેક પોતાના કારણે સુખદુઃખ પામી રહ્યા છે. તેમાંથી કેટલાક જીવો આત્મજ્ઞાન કરી સર્વજ્ઞદશાને પામ્યા છે. તે સર્વજ્ઞદશાને કેવી રીતે પામ્યા ? આ આત્માનો 'જ્ઞ' અર્થાત્ જાણવા દેખવાનો સ્વભાવ છે. શરીર, મન, વાણી તો આત્માથી અત્યંત જુદા જ છે પણ આત્માની પર્યાયમાં રાગ-દ્વેષ આદિ વિકાર તથા હીણી જ્ઞાનની દશા દેખાય છે. તે આત્માનો ખરો સ્વભાવ નથી પણ આત્માનો સ્વભાવ તો પરિપૂર્ણ જાણવાનો છે. સર્વજ્ઞ ને સર્વદર્શી શક્તિ દરેક આત્મામાં રહેલી છે. તે શક્તિનો ભરોસો કરવો જોઈએ. તે શક્તિનો ભરોસો કરી સર્વજ્ઞ જીવો પ્રગટ સર્વજ્ઞદશાને પામ્યા તે રીતે હું પણ મારા સર્વજ્ઞ સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન ને રમણતાથી સર્વજ્ઞપદને પામી શકું એમ છું. પુણ્ય-પાપ ને અલ્પજ્ઞતા મારું સ્વરૂપ નથી ને એના આધારે મારું સર્વજ્ઞપદ પ્રગટતું નથી પણ અંતરશક્તિના ભરોસે સર્વજ્ઞપદ પ્રગટ થાય છે, એમ કબુલવું જોઈએ. વળી એક જીવ સર્વજ્ઞદશાને પામી શકે છે તો અનાદિકાળથી અત્યારસુધી અનંતા સર્વજ્ઞ થઈ ગયા હોવા જોઈએ. વળી, સર્વજ્ઞદશાની પ્રતીતિવાળા છતાં હજી સર્વજ્ઞપદ નહિ પામેલા પણ સર્વજ્ઞદશાને સાધવાવાળા અસંખ્યાતા સાધકો પણ હોવા જોઈએ. જે પુણ્ય-પાપરહિત ને નિમિત્તની અપેક્ષારહિત આત્માને સાધી રહ્યા છે. તો હું પણ સર્વજ્ઞ શક્તિવાન છું. શરીર, મન, વાણી તે હું નહિ, દયા-દાનાદિ તે હું નહિ, અલ્પજ્ઞતા હું નહિ, વિકારમાં મારા કારણે અટકું છું તો અશુદ્ધતા ને અપૂર્ણતા રહે છે પણ જ્ઞાનમાં સર્વથા સ્થિર થાઉં તો સર્વજ્ઞદશા પ્રગટ કરી શકું

એમ છું એમ પ્રતીતિ જે જીવ કરે છે તે પુણ્ય-પાપને પોતાનું કર્તવ્ય માનશે નહિ. જડની ક્રિયા હું કરી શકું છું, એમ માનશે નહિ. હું સર્વજ્ઞને લાયક છું એમ જે યથાર્થ પ્રતીતિ કરે છે તે સર્વજ્ઞને માને છે.

પૂર્વે મહાવીરાદિ સર્વજ્ઞ થયા, વર્તમાન સીમંધર ભગવાન સર્વજ્ઞપદે બિરાજે છે ને ભવિષ્યમાં અનંતા સર્વજ્ઞ થશે. પ્રથમ આવી વ્યવહાર શ્રદ્ધા કર્યા પછી પોતે પણ સર્વજ્ઞ થઈ શકે છે, એમ શ્રદ્ધા કરે તો તેણે સર્વજ્ઞને માન્યા કહેવાય. આવી રુચિવાળાને કેવળજ્ઞાન કેમ પ્રગટે તે જ તાલાવેલી છે. તેથી જ્ઞાનની રુચિ થતાં વિકારની રુચિ ઊડી જાય છે. જેમ લૌકિકમાં જે જીવને ધનની રુચિ છે તે ધનવાનનાં ગાણાં ગાય છે તેમ સર્વજ્ઞપદ જેને પોતાને રુચ્યું છે તે સર્વજ્ઞપદનાં ગાણાં ગાય છે. તેથી જે જીવ આત્માની રુચિ કરે છે તે વિકાર તથા અન્ય પદાર્થોની રુચિ છોડે છે.

## <u>સર્વજ્ઞની વાણીમાં આવેલ વસ્તુસ્વરૂપ.</u>

(૨) વળી સર્વજ્ઞ તીર્થંકર ભગવાન થાય તેમને વાણી નિમિત્તરૂપે ન હોય તેમ બને નહિ, કારણ કે વાણી ન હોય તો તેમણે શું જાણ્યું ને વસ્તુસ્વરૂપ યથાર્થ શું છે, તે બીજાના ખ્યાલમાં આવી શકે નહિ. સર્વજ્ઞ થયા પછી દેહ તુરત જ છૂટી જઈને મોક્ષદશા થવી જોઈએ, એ વાત બરાબર નથી. કારણ કે પૂર્વે અલ્પજ્ઞ અવસ્થા વખતે શુભરાગની વૃત્તિ થઈ કે હું પરિપૂર્ણ થાઉં ને બીજાઓ પણ આ વાત સમજી પૂર્ણ થાઓ. એવા શુભરાગના ફળમાં તીર્થંકર નામકર્મ બંધાયું, તે ઉદયમાં આવે ત્યારે વાણી નીકળ્યા વગર રહે નહિ. આમ સર્વજ્ઞની વાણી કબૂલ રાખવી પડશે.

(૩) સર્વજ્ઞની વાણીમાં આવેલ વસ્તુનું સ્વરૂપ સ્વતંત્ર જેમ છે તેમ જાણવું જોઈએ. આત્મા જાણનાર-દેખનાર છે. જ્ઞાનમાં દુઃખ ન હોય. વિકારમાં અટકવું થાય છે તે તેનું સ્વરૂપ નથી. જ્ઞાનમાં એકાગ્ર થાય તો પરિપૂર્ણતા પ્રગટ થાય તેવો સ્વભાવ છે. દરેક વસ્તુ ગુણ-પર્યાયોથી ભરેલી છે, કોઈ વસ્તુ બીજાને પરાધીન નથી, છ દ્રવ્યો ને નવતત્ત્વોનું પૃથક્ પૃથક્ સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ.

આવી રીતે સર્વજ્ઞ, સર્વજ્ઞની વાણી અને સર્વજ્ઞની વાણીમાં આવેલ વસ્તુસ્વરૂપનો ધર્મી જીવ યથાર્થ નિર્ણય કરે છે. તેથી વિરુદ્ધ કહેનાર કુદેવાદિને વંદનાદિ કરે નહિ તેમ જ સર્વજ્ઞ પ્રત્યે શંકા કરે નહિ. અજ્ઞાની લોકો માને છે કે કુદેવાદિ મદદ કરે છે પણ તેને માનવાથી તો પુણ્યનો નાશ થાય છે ને સર્વજ્ઞની

આશાતના થાય છે. વળી પુણ્ય-પાપનો આદર કરનાર જીવ સર્વજ્ઞને માનતો નથી.

ધર્મી જીવ માને છે કે પુણ્ય-પાપના ભાવથી ધર્મ થતો નથી. દીવાસળીનું લાકડું ઘસવાથી ભડકો થતો નથી પણ ટોપકું ઘસવાથી ભડકો થાય છે. તેમ પુણ્ય-પાપથી કેવળજ્ઞાન થતું નથી પણ ચૈતન્યસ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાથી કેવળજ્ઞાન પ્રગટે છે. આવી રીતે અનેક જીવો રાગનો સર્વથા નાશ કરી સર્વજ્ઞદશાને પામ્યા છે. એ જ પોતે પોતાનો પરમેશ્વર છે. કોઈ બીજો પરમેશ્વર આ જગતનો કર્તા નથી. જે વસ્તુ હોય તેને કોણ કરે ? વસ્તુ હોય તેને કોઈ કરે નહિ તેમ જ વર્તમાનમાં કોઈ મદદ આપે નહિ. ત્રિકાળી તેમ જ વર્તમાનનો કોઈ કર્તા નથી. આત્મા પોતે અનાદિથી છે ને વર્તમાન પર્યાયમાં વિકારી અથવા અવિકારીદશાનો પોતે કર્તા છે. સ્વભાવના લક્ષે વિકારનો સર્વથા નાશ કરી સંપૂર્ણ નિર્દોષ અવસ્થા પોતે કરે છે, તે જ વીતરાગદશા છે.

## યથાર્થ વસ્તુસ્વરૂપમાં જોડેલા શુભોપયોગનું ફળ પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે.

આમ સર્વજ્ઞસ્વભાવ પોતાનો છે એવું જેને ભાન થયું છે તેને હજી પૂરી દશા ન થાય ત્યાંસુધી શુભરાગ રહી જાય છે પણ તે શુભરાગને પોતાનું સ્વરૂપ માનતા નથી, તેમ ઉપર દ્રષ્ટિ નથી. સારા ખેડુતને પોતાના ખેતરમાં સારા દાણા પાકે તે ઉપર દ્રષ્ટિ છે. પણ ઘાસ અથવા રાડા પાકે તે ઉપર દ્રષ્ટિ નથી. રાડા તો સહેજે હોય જ છે. તેમ ધર્મીને ચિદાનંદ ભગવાન ઉપર દ્રષ્ટિ છે. પણ અધૂરી દશામાં જેટલો રાગ રહી ગયો હોય છે તેના ફળમાં ઊંચી દેવગતિ, તીર્થંકરપુણ્યપ્રકૃતિ, બળદેવ આદિના ભાવો મળે છે પણ તે પુણ્યનાં ફળો ઉપર દ્રષ્ટિ નથી કારણ કે તે શુભભાવ ને શુભભાવોના ફળમાં આત્માની શાંતિ મળતી નથી, એમ માને છે. પુણ્ય-પાપ વિનાના શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા થાય એ જ શાંતિ છે. ધર્મી જીવને સર્વજ્ઞમાં, સર્વજ્ઞની વાણીમાં ને સર્વજ્ઞસ્થાપિત વસ્તુમાં શ્રદ્ધા છે ને સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યારે તે પ્રત્યે શુભઉપયોગમાં જોડાય છે. સ્વભાવમાં જેટલાં શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા છે એટલી શુદ્ધિ છે ને અલ્પ રાગ છે તેનું પુણ્ય બંધાય છે પણ તે પુણ્યમાં રુચિ નથી. રુચિ તો સ્વભાવ ઉપર જ છે તેથી ક્રમેક્રમે શુભભાવનો અભાવ કરીને મોક્ષની પ્રાપ્તિ કરે છે.

## અજ્ઞાનીઓ વસ્તુસ્વરૂપથી વિપરીત કહે છે તેથી તેનું કથન કારણ વિપરીતતાવાળું છે.

તે ફળ, કારણની વિપરીતતા થવાથી વિપરીત જ થાય છે. કારણ વિપરીત હોય તો તેનું ફળ સંસાર મળે છે. છદ્મસ્થ અજ્ઞાનીએ કહેલું વસ્તુનું સ્વરૂપ તે કારણવિપરીતતા છે. સર્વજ્ઞભગવાને આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતાથી ધર્મ થશે તેમ કહ્યું તો અજ્ઞાની કહે છે કે કાંઈ પુણ્ય કરો, કાંઈક ક્રિયા કરો તો ધર્મ થશે. આ જીવને આત્માનું ભાન નથી ને દેવ-ગુરુ-શાસ્ત્રથી વિરુદ્ધ સ્વરૂપ કહે, બહારના સાધનમાં ધર્મ મનાવે, અંતરજ્ઞાન શાંતિ ભરી છે તેમાં શાંતિ નહિ માનતાં બહારથી મનાવે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તેમ મનાવે, દેવ-ગુરુનું સ્વરૂપ વિપરીત કહે, તે અજ્ઞાનીની સ્થાપિત વસ્તુ છે, તેને સાચી ક્રિયાની ખબર નથી.

૧. પોતાના શુદ્ધ સ્વભાવના લક્ષે ધર્મની ક્રિયા થાય છે તેમ નહિ માનતાં શરીરથી, પુણ્યથી, ધર્મની ક્રિયા થાય છે એમ માને છે તેને ધર્મની ક્રિયાનું ભાન નથી.
૨. વિકારની ક્રિયા પર્યાયમાં પોતાના દોષના કારણે થાય છે, તેમ નહિ માનતા કર્મથી ને પરથી વિકાર થાય છે એમ માને છે, તેને વિકારી ક્રિયાનું ભાન નથી.
૩. શરીરાદિ જડ પદાર્થની ક્રિયા જડથી થાય છે, તેમ નહિ માનતાં આત્મા છે તો શરીર ચાલે છે એમ માને છે, તે જડની ક્રિયા સ્વતંત્ર માનતો નથી.

—આમ અજ્ઞાની બધી ક્રિયાને ઉથાપે છે ને જ્ઞાની બધી ક્રિયા જેમ છે તેમ સ્થાપે છે.

આ પ્રમાણે અજ્ઞાની જે વસ્તુનું સ્વરૂપ કહે છે તે વસ્તુ સ્વરૂપથી વિપરીત છે ને સર્વજ્ઞથી વિપરીત છે. તેથી અજ્ઞાનીઓએ સ્થાપેલી વાત પોતે જ કારણવિપરીતતાવાળી છે.

## વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતામાં જોડેલા શુભોપયોગનું ફળ સંસાર છે.

આવી રીતે પુણ્યથી ધર્મ માનીને, નિમિત્તથી ધર્મ માનીને, અજ્ઞાની જીવ કદાચિત્ વરસીતપ કરે, બીજા, વ્રત ઉદ્યાપન કરે, નિયમ કરે, શાસ્ત્રસ્વાધ્યાય કરે, ધ્યાન કરે ને હજારો રૂપિયાનું દાન આપે ને તેમાં શુભ ઉપયોગ લગાવે તો તે શુભઉપયોગનું ફળ અધમ પુણ્ય છે, તે શુભભાવના ફળમાં દેવગતિ મળે છે ને સંસારમાં રખડે છે. આ ફળ વિપરીતતા છે. સુદેવાદિને માને ને વિશેષ મંદકષાય હોય, દ્રવ્યલિંગી મુનિના પરિણામ—૨૮ મૂળગુણ આદિનું પાલન હોય તો કદાચિત્ નવમી ગ્રૈવેયક સુધી જાય ને સામાન્ય શુભ પરિણામ કરે તો મનુષ્યમાં સારી

સ્થિતિવાળો થાય પણ ચારગતિરૂપ સંસારમાં રખડે, તેના જન્મમરણનો આરો આવે નહિ.

## જે જેમાં લાભ માને તે તેમાં એકાગ્ર થાય.

અર્હંત ભગવાનની વાણીમાં એમ આવેલ છે કે જેમાં લાભ માને તે તેમાં એકાગ્રતા કરે.

૧) જ્ઞાની જીવ માને છે કે હું સર્વજ્ઞ શક્તિવાન છું, વર્તમાનમાં મારી કચાશે હું અટક્યો છું, પણ કર્મથી અટક્યો નથી. મારા સ્વભાવમાં વિશેષ સ્થિરતા કરું તો સર્વજ્ઞતા પ્રગટ કરી શકું એમ છું, એમ શુદ્ધસ્વભાવથી લાભ માને છે. તે શુદ્ધસ્વભાવ સાથે એકતા કરે છે, તે પ્રતીતિ કરે છે પછી ચારિત્રમાં એકાગ્રતા કરી, શુક્લધ્યાનમાં એકાગ્ર થઈ મોક્ષ પામે છે.

૨) અજ્ઞાની જીવ માને છે કે કર્મ હલકાં પડે તો ધર્મ થાય ને શુભભાવ કરીએ તો ધર્મ થાય તો તે જીવ શુભભાવ સાથે એકતા કરે છે ને સંસારમાં રખડે છે.

૩) વળી કોઈ અજ્ઞાની જીવ માને છે કે આત્મા સ્વભાવે તો શુદ્ધ છે, સ્વભાવમાં બીજાની જરૂર ન રહે પણ પર્યાયમાં ધર્મ અથવા કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે સર્વજ્ઞના નિમિત્તને શોધવા જવું પડે–એમ માનનાર જીવ નિમિત્તો સાથે એકતા કરે છે ને સંસારમાં રખડે છે.

કોને શોધવા જવું છે ? પરવસ્તુ મળવી તે શું તારા હાથની વાત છે? તારા સ્વભાવને શોધ. તારી તૈયારીએ અનુકૂળ નિમિત્તે એના કારણે સંયોગરૂપે હશે જ. સર્વજ્ઞ કહે છે, ગુરુ કહે છે, ને આત્મા સાક્ષી આપે છે પણ અજ્ઞાની માનતો નથી ને નિમિત્તને શોધવા જાય છે. ધર્મ માટે પરમાં એકાગ્ર થવું પડે એ જ મૂઢતા છે. બત્તીની ચાંપ દાબતા ચારે બાજુ અજવાળું થાય છે તેમ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાનરૂપ ઝળહળ જ્યોતિ પ્રકાશ પામે છે પણ અજ્ઞાનીને તેની ખબર નથી. વાણિયા વેપારમાં બધું ધ્યાન રાખે પણ ધર્મની બાબતમાં ચોક્કસ કરે નહિ ને જ્યાં હોય ત્યાં, પરીક્ષા કર્યા વગર ગમે તેવી પ્રરૂપણા ચાલતી હોય ત્યાં પણ બધી હા પાડી દે.

અજ્ઞાની જીવ કે જે નિમિત્તોમાં અને પુણ્ય-પાપમાં એકાગ્ર થાય છે તેને શુભભાવને લીધે દેવ મનુષ્યપણું મળે છે પણ મોક્ષ થતો નથી, ચાર ગતિમાં રખડે છે.

–આ પ્રમાણે કારણવિપરીતતાનું ફળ વિપરીત બતાવ્યું. ।।૨૫૬।।

*

# પ્રસાદ નં. ૨૧૯

## પ્રવચનસાર ગાથા ૨૫૯

(જેઠ સુદ ૧, મંગળવાર)

### આ આત્મા વસ્તુ છે. 'છે' તે પરિપૂર્ણ હોવી જોઈએ.

આ આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, તેને પરપદાર્થની અપેક્ષા નથી. પરપદાર્થ ને પુણ્ય-પાપ રહિત આત્માનો સ્વભાવ શુદ્ધ છે એવાં શ્રદ્ધા-જ્ઞાન જેને છે, તેને સ્વભાવમાં ઠરી ન શકે તો શુભભાવ થાય છે. સ્વભાવની દ્રષ્ટિ હોવાથી તે શુભભાવ, ક્રમે કરીને અભાવ થઈને મોક્ષનું કારણ બને છે. અજ્ઞાની પોતાના સ્વભાવથી મુક્તિ માનતો નથી પણ પુણ્યથી ને નિમિત્તથી ધર્મ માને છે. તેને એકલો શુભભાવ લક્ષમાં હોવાથી તે પુણ્ય બાંધે પણ મોક્ષ પામે નહિ.

આ આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. વસ્તુ છે એમ કહેવું ને તેને પરની અપેક્ષા લેવી પડે તો 'છે પણું' રહેતું નથી. 'છે' કહેતાં પરિપૂર્ણ સાબિત થાય છે. જેમ ૧૬ વલા સોનામાં એક વાલ તાંબાની અપેક્ષા લેવામાં આવે તો તે સોનું ૧૫ વલું કહેવાય છે પણ અપેક્ષા ન લ્યે તો સોનું ૧૬ વલું જ છે, તેમ આત્માની પર્યાયમાં દયા-દાનાદિ વિકાર થાય છે તેની અપેક્ષા ન લ્યો તો આત્મા સ્વભાવે શુદ્ધ, સર્વજ્ઞ તથા સર્વદર્શી સ્વભાવમાં શક્તિવાળો છે. વિકાર ને અપૂર્ણતા નથી. વળી વિકાર પણ પર્યાયમાં સ્વતંત્ર કરે છે, કોઈ કરાવતું નથી ને સ્વભાવે પણ સ્વતંત્ર છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરી ઠરે તો વિકારનો તથા અપૂર્ણતાનો નાશ કરી મોક્ષદશા પ્રગટ કરે.

કોઈ કહે કે પર નિમિત્તને શોધવા જઈએ તો શું વાંધો ?

### ચૈતન્યઘરનું વાસ્તુ લઈ તેમાં વસે તો સુખ મળે છે, પરમાં સુખ નથી.

**સમાધાન :—**પર નિમિત્ત મળે તો ધર્મ થાય એમ તે માને છે પણ સર્વજ્ઞ શક્તિસ્વરૂપ અંતરમાં એકાગ્ર થાઉં તો ધર્મ થાય, એમ તે માનતો નથી. નિમિત્ત, રાગ ને અપૂર્ણતા વિનાનો પોતાનો પરિપૂર્ણ સ્વભાવ છે તેને તેણે માન્યો નથી. લૌકિકમાં લોકો માને છે કે રહેવાના ઘર વિના ન ચાલે તેમ ચૈતન્યસ્વભાવમાં અનંત શક્તિથી ભરેલો છે, તેના વિના ન ચાલે પણ વિકાર ને પરઘર વિના તો ચાલે જ. તેવી સાચી માન્યતા કરે ને ચૈતન્ય ઘરનું વાસ્તુ લઈને તેમાં વસે તો ધર્મદશા ને સુખદશા પ્રગટ થાય તેમ છે. સર્વજ્ઞસ્થાપિત વસ્તુની શ્રદ્ધા ક્યારે કરી કહેવાય ? કે પોતામાં કેવળજ્ઞાન—કેવળદર્શન વગેરે ચતુષ્ટય ભરપૂર ભર્યાં છે, તે બહારનાં નિમિત્તો ને પુણ્યના અવલંબન વગર પ્રગટે તેમ છે, તેમ કબૂલાત કરે તો તેણે વસ્તુને માની છે ને સર્વજ્ઞને માન્યા છે.

## અજ્ઞાની સ્વભાવને જોતો નથી પણ સંયોગોને જુએ છે.

અજ્ઞાની જીવની દ્રષ્ટિ સંયોગ ઉપર છે, પુણ્ય ઉપર છે, પણ સ્વભાવ ઉપર તેની દ્રષ્ટિ નથી. ૬૪ પહોરી લીંડીપીપર ઘસતાં તીખાશની જે શક્તિ અંતર પડી છે તે વ્યક્ત થાય છે. પણ અજ્ઞાની જીવ પથરો હતો તો ૬૪ પહોરી થઈ એમ સંયોગને જુએ છે પણ લીંડીપીપરના સ્વભાવને જોતો નથી. લીંડી પીપરની પર્યાયમાં તેની પોતાની બીજી પર્યાયનો પણ અભાવ છે તો પછી પથરો તો અભાવસ્વરૂપ જ છે. સ્વભાવની વાત ચાલતી હોય ત્યારે સંયોગનું શું કામ છે ? પણ સર્વજ્ઞે કહેલો પરિપૂર્ણ વસ્તુસ્વભાવ કે જેમાંથી જ્ઞાનદર્શનાદિ વ્યક્ત થઈ શકે તેમ છે, તેનો ખ્યાલ અજ્ઞાનીને આવતો નથી, તેથી તે મોક્ષને પામી શકતો નથી ને શુભભાવના ફળમાં અધમપુણ્ય બાંધે છે, જ્યારે જ્ઞાની તો ક્રમે ક્રમે કરીને મોક્ષ પામે છે.

## જો નિમિત્તથી પર્યાય પ્રગટતી હોય તો નિમિત્તની ગેરહાજરીમાં તે કેમ ટકી રહે છે ? ને પ્રગટે છે ?

પર્યાય પ્રગટ કરવા માટે બીજા નિમિત્તની જરૂર છે એમ અજ્ઞાની દલીલ કરે છે, તો નીચેનાં દ્રષ્ટાંતોમાં ક્યા નિમિત્તથી થાય છે ?

(૧) કેવળજ્ઞાન પ્રગટ થયા પછી સાદિ અનંત કાળ સુધી સમયે સમયે તેમાં પરિણમન થાય છે. જે સમયે પ્રગટ થયું તેને તમો જ્ઞાનાવરણીયાદિ કર્મના વિનાશને લીધે તથા બીજા કારણને લીધે પ્રગટ થયું કહેશો તો પછીના અનંતકાળ સુધી કોને લીધે પ્રગટે છે ?

(૨) લીંડીપીપર ૬૪ પહોરી થતી વખતે પથરા ઘસવાથી થઈ કહેશો પણ ૬૪ પહોરી વ્યક્ત થઈ ગયા પછી અમુક વર્ષો સુધી એવી ને એવી પર્યાય ૬૪ પહોરી રહે છે, તે કોને લીધે રહે છે ?

(૩) મકાન બનતાં કડિયાથી થયું કહેશો પણ ત્યારપછી મકાન પચાસ, સો વર્ષ સુધી ટકી રહે છે, તે કોના આધારે ટકે છે ?

(૪) દાગીનો સોની તથા હથોડીથી બન્યો કહેશો તો દાગીનો બન્યા પછી એવો ને એવો કેટલાંક વર્ષો સુધી રહે છે, તે કોના આધારે રહે છે ?

જો સંયોગના આધારે તે પર્યાયો હોય તો સંયોગો ખસી જતાં તે પર્યાયો પણ ખસી જવી જોઈએ, એટલે કે થવી ન જોઈએ.

(૧) કેવળજ્ઞાન થયા પછી વારંવાર કર્મનો ક્ષય નથી તેમ જ સંહનન આદિ નથી તેથી જો તેના આધારે કેવળજ્ઞાન હોય તો કેવળજ્ઞાન રહેવું ન જોઈએ.

(૨) પથરાના આધારે તીખાશ હોય તો પથરો ખસી ગયા પછી તીખાશ રહેવી ન જોઈએ.

(૩) કડિયાના આધારે મકાન હોય તો કડિયો ગયા પછી મકાન રહેવું ન જોઈએ.

(૪) સોની તથા હથોડીના આધારે દાગીનો હોય તો સોની ને હથોડી આદિ સંયોગો દૂર થતાં દાગીનો રહેવો ન જોઈએ.

હવે અજ્ઞાની એમ દલીલ કરે છે કે તે પર્યાયો બને ત્યાંસુધી નિમિત્તની જરૂર છે. બન્યા પછી તો પરના સંયોગ વગર રહે છે ને બદલે છે.

**એક સમય પણ પર્યાય નિમિત્ત વગર થઈ રહી છે એમ માનવામાં આવે તો ત્રણેકાળ નિમિત્ત વગર થઈ રહી છે એમ નથી, થાય છે.**

જો અમુક પર્યાયો થયા પછી પરપદાર્થ ને સંયોગ વગર તે રહે છે—ટકે છે એમ માનવામાં આવે તો પહેલેથી જ એવી માન્યતા કર કે તે પર્યાયો થતી વખતે પણ એના સંયોગો વગર જ થઈ રહી છે. નિમિત્ત ખસી ગયા પછી તે પદાર્થને રહેવાનો કાળ તો ઘણો છે. બનતી વખતનો કાળ ઓછો છે. જેમ કે એક મકાનને બનતાં એક વર્ષ લાગ્યું ને પછી ૫૦-૧૦૦ વર્ષ સુધી ટક્યું. જો મકાન ૫૦-૧૦૦ વર્ષ સુધી કડિયા વગર ટક્યું છે એમ માને છે તો બનતાં એક વર્ષ લાગ્યું તેમાં પણ કડિયા વગર જ બન્યું છે એમ માન્યતા કર ને ! એ પ્રમાણે બધામાં સમજી લેવું. વળી, સ્થૂલ સ્કંધોમાં અમુક કાળ નિમિત્તનો સંયોગ દેખાય છે પણ સ્થૂલ કરતાં સૂક્ષ્મ સ્કંધો અનંતાનંત પડ્યા છે કે જે સમયે સમયે રૂપાંતર પામી જ રહ્યા છે, તે ક્યાં સંયોગો કે નિમિત્તોના આધારે પલટે છે એમ કહેશો ? તે સંયોગ વગર જ પલટન પામી રહ્યા છે. **સ્કંધની પર્યાયોને સળંગ ખ્યાલમાં લ્યે ને વિચાર કરે કે અહો તે પર્યાયો નિમિત્તોના સંયોગ વગર જ ઘણો કાળ ટકી રહે છે, બદલ્યા કરે છે. જો એક સમય પણ નિમિત્ત વગર ટકવાનો કે બદલવાનો તેનો સ્વભાવ છે, તો ત્રણેકાળ તેના વગર ટકવાનો કે બદલવાનો તેનો સ્વભાવ નક્કી થાય છે, કારણ કે એક સમય તે સૌ સમય એવો નિયમ છે.** આમ જ્ઞાની સાચી સમજણ કરી પોતાની પર્યાયને પરથી જુદી પાડી દ્રવ્યમાં અભેદ કરે છે. તેને પુણ્યસંચયપૂર્વક મોક્ષ મળે છે ને અજ્ઞાની થોડાં નિમિત્તો જોઈને પર્યાય પરથી થઈ એમ માને છે. તેથી દ્રવ્ય તથા પર્યાયને જુદા માને છે પણ પર્યાયને દ્રવ્યમાં અભેદ માનતો નથી. તેથી તેને મોક્ષ થતો નથી પણ શુભભાવના ફળમાં અધમ પુણ્ય ઉપાર્જન કરી સંસારમાં રખડે છે.

હવે આ ગાથામાં પણ કારણવિપરીતતા અને ફળવિપરીતતા જ સમજાવે છે.

**પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિકજનો પરે**
**ઉપકાર—સેવા—દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.**

**અર્થ :—**જેમણે પરમાર્થને જાણ્યો નથી અને જેઓ વિષયકષાયે અધિક છે એવા પુરુષ પ્રત્યેની સેવા, ઉપકાર કે દાન કુદેવપણે અને કુમનુષ્યપણે ફળે છે.

ગાથા ૨૫૬ માં એમ કહ્યું હતું કે જે જીવ શુદ્ધાત્માના લક્ષે ધર્મ થાય તેમ માનતો નથી પણ અજ્ઞાનીએ કહેલાં વ્રત, તપાદિના શુભભાવમાં રત રહે છે તેને પુણ્ય થાય છે ને સુદેવ મનુષ્યપણું મળે છે ને જે અજ્ઞાની ગુરુની સેવા—પૂજા કરે છે તેને અધમ પુણ્ય થાય છે. ૨૫૬ માં પુણ્યના ફળમાં સુદેવ મનુષ્યપણું કહ્યું હતું ને ૨૫૭ માં કુદેવ મનુષ્યપણું લીધું છે.

પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવથી ધર્મ થાય છે એમ જે માનતો નથી પણ પુણ્યથી ધર્મ થાય છે તેમ માને છે તેણે વિષયકષાયને અધિક માન્યા છે, પણ જ્ઞાનદર્શનસ્વભાવ કે જેના આધારે ધર્મ ને વીતરાગતા પ્રગટ થાય છે તેને તે અધિક માનતો નથી તેવા પુરુષો પ્રત્યે જે જીવ સેવા, ઉપકાર કે દાન કરે છે તેને તેના ફળમાં કુદેવપણું કે કુમનુષ્યપણું મળે છે.

## અજ્ઞાની જીવો શુદ્ધાત્માના જ્ઞાનથી રહિત છે તેથી પરમાર્થના અજાણ છે.

**ટીકા :—**એક એક આત્મા શક્તિએ પરિપૂર્ણ છે. એવા અનંતા આત્માઓ છે ને તે પર્યાયમાં પરિપૂર્ણ થવાની તાકાતવાળા છે. વળી શુદ્ધ આત્માનાં શ્રદ્ધા–જ્ઞાનથી ધર્મ પ્રગટ થાય છે, એમ જે માનતા નથી પણ ધર્મપર્યાય માટે પરની જરૂર પડે અથવા પુણ્યથી ધર્મ થાય એમ માને છે, તે છદ્મસ્થ અજ્ઞાની છે. આવા અજ્ઞાની જે વસ્તુનું પ્રતિપાદન કરે છે તે કારણ–વિપરીતતા છે. પોતાનો આત્મા જ્ઞાનદર્શનથી ભરેલો છે, નિર્વિકારી શાંતસ્વરૂપ છે. નિમિત્તનો આત્મામાં અભાવ છે ને વિકાર તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા પોતે સ્વયં શક્તિવાન્ પરમેશ્વર છે પણ પોતાનું ઐશ્વર્ય નહિ માનતાં નિમિત્તને તથા પુણ્યને ઐશ્વર્ય આપે છે, તે પોતાના શુદ્ધાત્માના જ્ઞાનથી શૂન્ય છે તેથી તે પરમાર્થના અજાણ છે.

## અજ્ઞાની વીતરાગતા પ્રાપ્ત કરતો નથી તેથી વિષયકષાયમાં અધિક છે.

વળી તે જીવ પુણ્યથી ધર્મ માને–મનાવે છે. પૂજા, વ્રતાદિ કરવાથી ધર્મ થશે તેમ અજ્ઞાની મનાવે છે. જે જીવ શુભભાવને–દયાદાનના ભાવને પાપ માને છે તે તો તીવ્ર મિથ્યાદ્રષ્ટિ છે, તેની તો વાત જ નથી. દયાદાનના ભાવ પાપ

નથી, પણ પુણ્ય છે. પણ પુણ્યને ધર્મનું કારણ માને છે તે આત્માના સ્વરૂપને માનતો નથી તેમ જ ભગવાનને માનતો નથી તેથી તેને ધર્મ પ્રગટ થતો નથી, તે વીતરાગીદશા પ્રાપ્ત કરી શકતો નથી. તેવા પુરુષો વિકારથી ધર્મ થાય છે એમ માને છે પણ સ્વભાવથી ધર્મ થાય છે એમ માનતા નથી, તેથી તેમણે વિષયકષાયને અધિક માન્યા છે, તેઓ અજ્ઞાની છે.

## <u>અજ્ઞાની જીવ કુદેવ-કુગુરુની સેવાના ફળમાં અધમ પુણ્ય પ્રાપ્ત કરી સંસારમાં રખડે છે.</u>

આવા અજ્ઞાની જીવો પ્રત્યે જે જીવ શુભભાવ કરે, તેની સેવા કરે, પૂજા કરે, દાન આપે તેવા જીવોને ધર્મ વિનાનું પુણ્ય બંધાય છે. તેનું કારણ વિપરીત છે માટે ફળ પણ વિપરીત મળે છે ને વ્યંતર, ભવનવાસી આદિ હલકો દેવ અથવા નિર્ધન—રોગી મનુષ્ય થાય છે ને સંસારમાં રખડે છે. પુણ્યના ત્રણ પ્રકારો કહ્યા :–

(૧) ચૈતન્યસ્વભાવનો આદર થઈ ધર્મી જીવને શુભરાગનાં ફળમાં ઊંચાં પુણ્ય બંધાય તે ક્રમે કરીને અભાવ થઈ મોક્ષને પમાડે છે.

(૨) શુદ્ધસ્વભાવના ભાન વિના વ્રત તપાદિ કરે તેને શુભના ફળમાં હલકા પુણ્ય બંધાય. તેને મનુષ્યપણું મળે. મોક્ષ થાય નહિ પણ વિપરીત ફળ મળે ને ચાર ગતિમાં રખડે.

(૩) સ્વરૂપથી વિપરીત કહેનારા ને મનાવનારા કુદેવ-કુગુરુની સેવા, પૂજા કરે ને દાન કરે તેવા શુભના ફળમાં એથી હલકાં પુણ્ય બંધાય—તેને કુદેવ-કુમનુષ્યપણું મળે, મોક્ષ થાય નહિ પણ વિપરીત ફળ મળે ને ચાર ગતિમાં રખડે.

આ પ્રમાણે ચરણાનુયોગમાં મિથ્યાદ્રષ્ટિનાં પુણ્યને જેમ છે તેમ બતાવી તેનું ફળ જે પ્રમાણે છે તેમ બતાવ્યું છે ॥૨૫૭॥

*

# પ્રસાદ નં. ૨૧૭

## <u>પ્રવચનસાર ગાથા ૨૫૮</u>

(જેઠ સુદ ૨, બુધવાર)

હવે કારણની વિપરીતતાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી, એમ શ્રદ્ધા કરાવે છે.

**'વિષયો કષાયો પાપ છે' જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,**
**તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા ? ૨૫૮.**

**<u>અર્થ :—</u>**જો 'તે વિષયકષાયો પાપ છે' એમ શાસ્ત્રોમાં પ્રરૂપણ કરવામાં આવ્યું છે તો તેમાં પ્રતિબદ્ધ (વિષયકષાયોમાં લીન) તે પુરુષો નિસ્તારક કેમ હોઈ શકે ?

## <u>પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લોલુપી જીવો પાપમાં અનુરક્ત છે.</u>

**<u>ટીકા :—</u>**બીજમાં જમીન ફેરે ફેર પડે છે. તેમ આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એવા ભાનપૂર્વક જે શુભરાગ હોય છે તે ક્રમે કરીને મોક્ષનું કારણ બને છે ને જેને શુદ્ધસ્વભાવની દ્રષ્ટિ નથી પણ માત્ર વ્રતાદિના શુભભાવ હોય છે તેને મોક્ષ થતો નથી પણ સુદેવ-મનુષ્યપણું મળે છે. વળી જેને શુદ્ધ સ્વભાવનું ભાન નથી એવા કુદેવ-કુગુરુ પ્રત્યે જે સેવા કરે છે તેના શુભોપયોગના ફળમાં કુદેવ-મનુષ્યપણું મળે છે. હવે આ ગાથામાં એમ કહે છે કે જેને આત્માનું તો ભાન નથી અને શુભભાવ પણ કરતો નથી પરંતુ એકલા અશુભભાવમાં રહી વિષયકષાયોમાં લીન રહે છે તે તરવામાં નિમિત્ત તો નથી પણ પાપનું કારણ થાય છે, એમ બતાવે છે. આત્મા જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવી છે, તેના અવલંબને કલ્યાણ થાય છે તેમ માનતો નથી. શુભભાવ વ્રતાદિમાં રહેતા નથી પણ માન, ખ્યાતિ આદિ વિષયકષાયોમાં રચ્યા પચ્યા રહે છે, તે જીવો પાપી છે ને તેના સેવનારા પણ પાપી છે. શુદ્ધ ચૈતન્યનો આશ્રય છોડી પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવે ને કહે કે અમો ધર્મી છીએ. વળી તેમને રાગની મંદતા પણ નથી તેવા જીવો પાપી જ છે કારણ કે ક્રોધ, માન, માયા, લોભના પરિણામ પોતે પાપ જ છે.

## <u>તેવા લોલુપી જીવો, બીજાના પુણ્યનું કારણ નથી તો પછી ધર્મનું કારણ તો ન જ હોઈ શકે.</u>

આવા અજ્ઞાની પાપી જીવો પ્રત્યે જે અનુરાગ કરે છે જેમ કે :– કુદેવાદિને માને, તો તે સંસારમાં નિમિત્ત થાય છે. તેવા રાગી દેવોની માન્યતાથી ધર્મ તો

થતો નથી, પુણ્ય પણ નથી, ઊલટું પાપ થાય છે ને પૂર્વનાં પુણ્ય બળી જાય છે. વળી જેઓને વિષયકીર્તિ, ભોગની ઇચ્છા રહ્યા કરે છે, જેઓની બ્રહ્મચર્યની છાપ ખરાબ છે, લક્ષ્મી સંઘરે, વેપારના ભાવ બતાવે, આંકફરક બતાવે—એ બધા કુગુરુ છે. જો તે કુગુરુ પૈસાને છોડીને બેઠો છે તો પૈસા મળે તેવા ભાવ અથવા આંકફરક બતાવવાની શી જરૂર છે? આમ કરવાથી પૈસા મળશે, દીકરા થશે, એમ કહે છે, તો તેવો ભાવ તો પાપભાવ છે. તે પાપને અનુમોદના આપનાર પાપી છે. વળી પૈસાથી પુણ્ય મનાવે તો પૈસાથી પુણ્ય છે જ નહિ. પુણ્ય તો રાગના ઘટાડાથી છે. માન માટે, કીર્તિ માટે પૈસા આપે તે વિષયકષાયના પોષણ માટે છે. તે પાપ જ છે.

વસ્તુસ્વરૂપની જેને ખબર નથી તેને દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપનું યથાર્થ ભાન નથી.

(૧) જેને રાગરહિત પોતાના શુદ્ધસ્વભાવનું ભાન છે તેને સર્વજ્ઞદેવ કેવા હોય તેનું ભાન છે. સર્વજ્ઞદેવને વીતરાગદશા વર્તે છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે છે. તેમને આહારાદિ ન હોય. તેઓ અઢાર દોષરહિત—તેમ જાણે.

(૨) જેને વસ્તુસ્વરૂપનું ભાન હોય તેને ગુરુની પ્રતીતિ પણ યથાર્થ વર્તે છે. ચૈતન્યસ્વભાવના ઉગ્ર અવલંબનમાં મુનિને તીવ્ર રાગ ઘટી ગયો હોય છે ને જે કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા છે, તેમને રાગ ઘટી જતાં ઘણા સંયોગો છૂટી ગયા છે. તેમને વસ્ત્ર, પાત્ર આદિનો રાગ હોઈ શકે જ નહિ, એવો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આમ જે માને છે તે સર્વજ્ઞસ્થાપિત વસ્તુને માને છે પણ અજ્ઞાનીને આ વસ્તુસ્થિતિનુ ભાન નથી તેથી કેવળીને આહાર ઠરાવે છે, મુનિને વસ્ત્રપણું ઠરાવે છે, તે બધી સ્વરૂપથી વિપરીત માન્યતા છે. કેવળજ્ઞાનની હદમાં આહાર લેવાનો મોહ હોઈ શકે નહિ. મુનિની હદમાં વસ્ત્રનો તીવ્ર રાગ હોઈ શકે નહિ. વસ્ત્રનો રાગ હોવા છતાં મુનિપણું મનાવે તેણે રાગમાં મુનિપણું માન્યું છે. આમ માનવું તે સર્વજ્ઞસ્થાપિત વસ્તુ નથી પણ છદ્મસ્થ અજ્ઞાની સ્થાપિત વસ્તુ છે. વળી તેવા જીવો વસ્ત્રમાં ને ખાવાપીવાની ધમાધમમાં રોકાય તો પાપી છે. તેઓ પ્રત્યે જે અનુમોદના કરે છે ને અનુરાગ કરે છે તેને તે પુણ્યમાં પણ નિમિત્ત થતા નથી. કારણ કે સંસારની વાતો કરે તે તો પાપભાવ છે એટલે તે પાપમાં નિમિત્ત થાય છે. તો પછી તેઓ સંસારથી પાર ઉતારવામાં નિમિત્ત કદી પણ થઈ શકે નહિ. માટે તેવા કુદેવ-કુગુરુ જે વિપરીત કારણ છે તેનાથી અવિપરીત એટલે સવળું ફળ–મોક્ષ મળે એમ બનતું નથી.

હવે અવિપરીત ફળનું કારણ એવું જે અવિપરીતકારણ દર્શાવે છે :–

## ગાથા ૨૫૯

**તે પુરુષ જાણ સુમાગશાળી, પાપ ઉપરમ જેહને,**
**સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણ સમૂહ સેવન જેહને. ૨૫૯.**

**અર્થ :—**જેને પાપ વિરામ પામ્યું છે, જે સર્વ ધાર્મિકો પ્રત્યે સમભાવવાળો છે અને જે ગુણસમુદાયને સેવનારો છે, તે પુરુષ સુમાર્ગવંત છે.

**ટીકા :—**આ ગાથામાં સાચા મુનિઓ કેવા હોય છે તે બતાવીને તે મુનિઓ સ્વ-પર મોક્ષ તથા પુણ્યનાં નિમિત્ત છે, સવળા ફળનું કારણ સવળું કારણ છે, એમ બતાવે છે. તે મહામુનિઓ કેવા છે ?

## (૧) મુનિને મિથ્યાત્વાદિ પાપ વિરામ પામ્યા છે.

(1) જેને પાપ વિરામ પામ્યું છે, શરીરની ક્રિયાથી તથા પુણ્યથી ધર્મ માનવાનું મોટું મિથ્યાત્વરૂપી પાપ ટળી ગયું છે, તે મુનિઓ પોતાના ચૈતન્યસ્વભાવના આશ્રયે ધર્મ માને છે, શરીરાદિને પર માને છે, પુણ્ય-પાપને વિકાર માને છે, સ્વભાવ નિર્વિકારી છે તેના આશ્રયે ધર્મ માને છે. તેથી મિથ્યાત્વરૂપી પાપ ટળી ગયું છે ને સંસારના પાપભાવ ઘણા વિરામ પામ્યા છે.

## (૨) નવા દીક્ષિત મુનિ આગળ વધી જાય તોપણ તેમના પ્રત્યે જૂના મુનિ ઉલ્લાસ બતાવે છે.

વળી તે મુનિ સર્વે ધર્મીઓ પ્રત્યે મધ્યસ્થ છે. પોતાને દીક્ષા લીધા ઘણાં વર્ષો થયાં હોય ને બીજો કોઈ મુનિ પાછળથી દીક્ષા લઈને પુરુષાર્થ ઉપાડી ઉઘાડમાં અથવા સ્થિરતામાં વિશેષ પ્રકારે આગળ વધી જાય તો તે મુનિને નવા મુનિ પ્રત્યે દ્વેષ થતો નથી. આ મુનિએ હમણાં દીક્ષા લીધી ને મારાથી આગળ વધી ગયો એવું એને થતું નથી. કોઈ મુનિએ ક્રોડ વર્ષ પહેલાં દીક્ષા લીધી હોય ને કોઈએ થોડો વખત થયા લીધી હોય, તે નવા હોય કે જૂના હોય, ઉઘાડ ઓછો હોય કે વધારે હોય, કોઈ છઠ્ઠે ગુણસ્થાને હોય કે કોઈ શ્રેણી માંડતો હોય, કોઈ મુનિ બે જ્ઞાનના ધારી હોય, કોઈ ત્રણજ્ઞાનધારી હોય, કોઈ ચાર જ્ઞાનધારી હોય, કોઈ કેવળજ્ઞાન પ્રગટાવે–બધા પ્રત્યે સમભાવ વર્તે છે. નવા મુનિઓને પોતાથી આગળ વધતાં જોઈ ઉલ્લાસ આવે છે. અહો ! આત્મામાં અનંત જ્ઞાનાદિ શક્તિઓ પડી છે, હું પણ તેવો પુરુષાર્થ ઉપાડું, એમ નવા મુનિને આગળ વધતાં જોઈ પ્રમોદ લાવે છે પણ કાલની દીક્ષા લીધેલો તું મારાથી મોટો થઈ ગયો એમ કહી ઈર્ષાભાવ કદીપણ લાવતા નથી. આત્મા પોતે સર્વજ્ઞ શક્તિએ છે ને પર્યાયમાં સર્વજ્ઞ થઈશ

એવા પુરુષાર્થી જીવોને ધાર્મિક કહેવામાં આવે છે. આવી રીતે બધા ધાર્મિક જીવો પ્રત્યે સમભાવ વર્તે છે.

## (૩) તે મુનિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતાસ્વરૂપ છે.

વળી કેવા છે તે મુનિ ? ગુણસમૂહને સેવે છે. જ્ઞાન, આનંદ, શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય વગેરે ગુણોને સેવે છે. સ્વભાવમાં રમણતા કરે છે. પુણ્ય-પાપને તથા વિકારને સેવનારો નથી. પરપદાર્થ આત્માથી જુદો છે ને વિકાર આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો જ્ઞાન દર્શન શુદ્ધ સ્વરૂપ છે, એવા આત્માની પ્રતીતિ તે સમ્યગ્દર્શન, એવા આત્માનું સ્વસંવેદનજ્ઞાન ને આત્માની અંદર વીતરાગી સ્થિરતા–એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદ્‌પણાથી રચાયેલી એકાગ્રતારૂપ સુમાર્ગનું ભાજન છે. જેમ સિદ્ધ ભગવંત સિદ્ધનું ભાજન છે એટલે કે સિદ્ધપદ પામ્યા છે તેમ મુનિ એકાગ્રતા સ્વરૂપ મોક્ષમાર્ગનું ભાજન છે એટલે તેને સુમાર્ગ પ્રગટ્યો છે. અંતરસ્વરૂપ લીનતા ઘણી વધી ગઈ છે. બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથદશા વર્તે છે. બાહ્યમાં શરીરની નગ્નદશા હોય છે. માત્ર મોરપીંછ ને કમંડળ હોય છે. કોઈ વખતે આહાર લેવાનો, વ્યાખ્યાન આપવાનો કે શાસ્ત્ર રચવાનો આદિ અલ્પ રાગ હોય છે, બાકી અંતરદશા ઘણી આગળ વધી છે.

## તેવા બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથ મુનિ સ્વ-પર મોક્ષ તથા પુણ્યનું સ્થાન છે.

આવા મુનિ પોતાને તેમ જ પરને મોક્ષનું તથા પુણ્યનું સ્થાન છે. પોતે શુદ્ધસ્વભાવમાં ઘણો ઉગ્ર પુરુષાર્થ કરે તો કેવળજ્ઞાન પામીને મોક્ષદશા પામે છે ને મોક્ષ ન પામે ત્યાં સુધી જે અલ્પ રાગ રહે તેના ફળમાં પુણ્ય બંધાય છે તેમ જ બીજા જીવો પણ આવા જ્ઞાની મુનિ પાસેથી તત્ત્વ સમજીને સમ્યગ્દર્શન પ્રગટ કરી, મોક્ષ પ્રાપ્ત કરે છે ને મોક્ષ પ્રાપ્ત ન કરી શકે ત્યાં સુધી સેવા, વૈયાવચ્ચ વગેરેનો શુભભાવ રહે, તેના ફળમાં પુણ્ય પુણ્યબંધ કરે છે. તેથી તેવા મુનિઓ બીજાઓ માટે મોક્ષનું તથા પુણ્યનું કારણ છે. અહીં પાંચમા આરાના મુનિ લખે છે કે પોતે પોતાને તેમ જ બીજાને મોક્ષમાં નિમિત્ત થાય છે. કોઈ કહે કે પાંચમાં આરામાં મોક્ષ નથી ને? ભાઈ. એ વાત કોણ સંભારે છે ? સાચી પ્રતીતિ તો કર. પુરુષાર્થ ઓછો હશે તો એકાદ બે ભવે મોક્ષે જશે પણ કેવા મુનિ મોક્ષમાં નિમિત્ત થાય છે તે તો બરાબર જાણવું જ જોઈએ.

## મોક્ષ ને પુણ્યરૂપી ફળનું કારણ નિર્ગ્રંથ મુનિ છે એમ પ્રતીતિ કરવી.

આજકાલ તો વસ્ત્રસહિત મુનિપણું મનાવે, વસ્ત્ર આદિ પરિગ્રહના ઢગલા રાખે તે તો મુનિદશા નથી. મુનિ તો હળવા ફૂલ જેવા હોય છે. તેમને મોક્ષ હથેળીમાં વર્તે છે. અંતર લીનતા ઘણી આગળ વધી છે ને બહાર નગ્નદશા વર્તે છે તે મુનિ છે. મુનિદશા ઘણી આગળ વધતાં રાગ ઘટી ગયો હોય ને તેને વસ્ત્રનું નિમિત્તપણું હોઈ શકે નહિ અને જે મુનિ બાહ્યથી નગ્ન હોય પણ દેહની ક્રિયાથી કે પુણ્યથી ધર્મ મનાવતા હોય તે પણ મુનિ નથી. શરીર ને પુણ્ય—પાપાદિથી રહિત આત્મા—સ્વરૂપનો ગોળો ઘડીમાં છૂટો પડી જાય ને ઘડીમાં શાસ્ત્રવાંચનનો વિકલ્પ ઊઠે તેવી મહાનદશા મુનિની છે. આવા મુનિઓ સ્વ-પર બન્નેને મોક્ષ તથા પુણ્યનું સ્થાન છે પણ આથી વિપરીત મુનિનું સ્વરૂપ માને તો ફળ પણ વિપરીત આવે છે. જેમ ખરાબ કોથળો હોય તો તેમાં મરચાં—હળદર આદિ ભરેલાં હોય પણ કેસર જેવી ઊંચી ચીજ ખરાબ ફાટેલા કોથળામાં ન હોય. ખરાબ કોથળો માલની પ્રસિદ્ધિ કરે છે તેમ કુદેવ-કુગુરુ વગેરે ફાટેલા કોથળા સમાન છે. તે નિમિત્તો ઉપાદાનની પ્રસિદ્ધિ કરે છે કે કુદેવાદિને માનવાવાળા પુણ્ય-પાપની રુચિવાળા જીવો હોવા જોઈએ. ને તેના ફળમાં સંસાર છે. કારણ કે તેઓ મનાવે છે કે શરીરથી ને રાગથી ધર્મ થાય છે. જો શરીરની અવસ્થાથી ધર્મ થતો હોય તો શરીર ઢીલું પડતાં, માંદું પડતાં, ઇન્દ્રિયો ઢીલી પડતાં ધર્મ જ ન થઈ શકે તેમ જ રાગના આધારે ધર્મ હોય તો રાગનો અભાવ થતાં ધર્મના અભાવનો પ્રસંગ આવે પણ તે વાત મિથ્યા છે. ધર્મ તો પુણ્ય-પાપ રહિત ચૈતન્યના આશ્રયે જ છે એમ જે મનાવે છે તે જ સાચા મુનિ છે. ને સાચા મુનિ ઉપર જેને શ્રદ્ધા આવે છે તે પોતાના આત્માનાં સાચાં—શ્રદ્ધા જ્ઞાન કરી વિશેષ સ્થિરતા થતાં મોક્ષને પામે છે ને અલ્પ રાગ રહે તો પુણ્ય બાંધે છે. આવી રીતે સાચા ફળનું કારણ 'અવિપરીત કારણ' છે એટલે સાચું કારણ છે એમ પ્રતીતિ કરવાની આચાર્ય ભગવાન ભલામણ કરે છે. મોક્ષ કે પુણ્યનું કારણ તો પોતાના પરિણામ છે પણ અહીં ચરણાનુયોગનો અધિકાર છે તેથી મોક્ષદશામાં નિમિત્ત કેવું હોય તે બતાવી નિમિત્ત ઉપર ઉપચાર કરી કારણ કહ્યું છે.

* * *

# પ્રસાદ નં. ૨૧૮

## <u>પ્રવચનસાર ગાથા ૨૬૦</u>

(જેઠ સુદ ૩, ગુરુવાર)

હવે સવળા ફળનું કારણ એવું જે સવળું કારણ તે વિશેષ સમજાવે છે :–

**અશુભોપયોગરહિત શ્રમણો—શુદ્ધ વા શુભયુક્ત જે,**
**તે લોકને તારે; અને તદ્‌ભક્ત પામે પુણ્યને. ૨૬૦.**

**<u>અર્થ :—</u>**જેઓ અશુભોપયોગરહિત વર્તતા થકા શુદ્ધોપયુક્ત અથવા શુભોપયુક્ત હોય છે, તેઓ (તે શ્રમણો) લોકને તારે છે; (અને) તેમના પ્રત્યે ભક્તિવાળો જીવ પ્રશસ્તને (–પુણ્યને) પામે છે.

અહીં ચરણાનુયોગનો અધિકાર છે તેથી મુનિની મુખ્યપણે વાત કરી છે. મુનિની વાતમાં સમકિતી તથા ગૃહસ્થ ગૌણપણે આવી જાય છે. મુનિને અશુભ પરિણામ હોતા નથી. તેમને બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથદશા વર્તે છે તે સિવાય મુનિપણું નથી. તેવા મુનિ કોઈ વખતે વીતરાગી દશામાં ઠરી ધ્યાનમાં હોય છે ને કોઈ વખતે પાંચ મહાવ્રતાદિના શુભ પરિણામમાં જોડાયેલા હોય છે. તેવા મુનિઓ જગતને તારવામાં નિમિત્ત છે. પેટામાં સમકિતી આવી જાય છે. તેમના પ્રત્યે ભક્તિવાળો જીવ પુણ્યને પામે છે.

### <u>મુનિની જેમ સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા પણ બીજાને તારવામાં નિમિત્ત છે.</u>

અહીં કોઈ પૂછે છે કે આવા મુનિ ક્યાંથી લાવવા ? તો આવો પ્રશ્ન જ અસ્થાને છે. તેવા જીવને સમ્યગ્જ્ઞાનીનો આદર નથી. અંદર સ્વચ્છંદ સેવાય છે. તેવા પ્રશ્નમાં અપાત્રતા છે. અહીં મુનિ તારવામાં નિમિત્ત છે એમ કહ્યું. એટલે સમકિતી તારવામાં નિમિત્ત નથી એમ નથી. અહીં મુનિનું બહુમાન કરાવે છે, એટલે સમકિતીનો અનાદર કરે છે એમ નથી. સમકિતી પણ તારવામાં નિમિત્ત છે. સમ્યગ્દ્રષ્ટિને દ્રવ્યદ્રષ્ટિ થઈ છે તેથી નિર્જરા થાય છે, તેને સંસાર રહેતો નથી. તે એક બે ભવમાં મોક્ષ જાય છે, તેનું વર્ણન ઘણીવાર શાસ્ત્રમાં આવે છે. પાત્ર હોય તેને સમકિતી તારવામાં નિમિત્ત થાય છે.

કોઈ સાધુએ કોઈની પાસે ભગવાનને પૂછાવ્યું કે મારે કેટલા ભવ છે ને અમુક ગૃહસ્થને કેટલા ભવ છે ? તો ભગવાને જવાબ આપ્યો કે ગૃહસ્થને આઠ ભવ છે ને મુનિને વૃક્ષના પાંદડાં જેટલા ભવ છે. મુનિ થઈને કેટલા ભવ હશે તે

ભગવાનને પૂછવા જવું પડે તે સાધુ હોઈ શકે જ નહિ. 'રણે ચડ્યો રજપૂત છૂપે નહિ' તેમ સ્વરૂપની અંદર લીનતા કરતો મુનિ કેવળજ્ઞાન લઉં કે લીધું એવી તૈયારીવાળો મુનિ છૂપો રહે નહિ. અંતર સહજદશા ઘણી આગળ વધી ગઈ હોય છે. તે મુનિને અંતરબાહ્ય નિર્ગ્રંથદશા વર્તે છે. તેને વસ્ત્રપાત્રનો રાગ રહે તેમ બને નહિ છતાં જે વસ્ત્રપાત્ર સહિત મુનિપણું મનાવે, આત્મજ્ઞાન વગર મુનિપણું મનાવે તે સર્વજ્ઞનો ભક્ત નથી. તે ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે.

ભાવલિંગી મુનિઓ મોક્ષમાં નિમિત્ત છે. તેમાં ગૌણપણે સમકિતી આવી જાય છે માટે જેને હિત કરવું છે તેણે વૈરાગ્યપૂર્વક ઘણી ઘણી નમ્રતા લાવી—પાત્રતા લાવી બહુમાનપૂર્વક શ્રવણ કરવું જોઈએ, ત્યારે તો તે શ્રવણને પાત્ર થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે મિથ્યાત્વ જેવું બીજું પાપ નથી માટે આપણે બીજા પાપ કરવામાં વાંધો નથી એમ જે કહે છે તે સ્વચ્છંદી છે ને તીવ્ર પાપ સેવી રહ્યો છે. પાત્ર જીવને એવો સ્વચ્છંદ હોય નહિ. તે તો વિચારે કે આટલું પણ પાપ અમોને હોય નહિ, પાપથી ડરે તેવો સરલ જીવ શ્રવણને પાત્ર છે.

## <u>નિર્ગ્રંથ મુનિ કદાચિત્ સ્વરૂપમાં રમણતા કરે છે, કદાચિત્ શુભભાવમાં હોય છે.</u>

આત્મજ્ઞાન સહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતાવાળા પરિણતિ જેને પ્રગટી છે તે મુનિ છે. છઠ્ઠી-સાતમી ભૂમિકાએ તેઓ ઝૂલતા હોય છે. સિદ્ધના જેવો અંશે આનંદ પ્રગટ્યો છે. અનંતા આત્મા, અનંત કેવળી પરમાત્મા, અનંતા ગુણો, પર્યાયો, કર્મ વગેરેનું સ્વરૂપ યથાર્થ જાણીને પોતાના સ્વરૂપમાં ઠરે છે તે મુનિદશા છે. તેમને મિથ્યાત્વરૂપી મોહ ટળી ગયો છે, દ્વેષ ટાળ્યો છે ને આસક્તિનો અપ્રશસ્ત રાગ ટાળ્યો છે તેમ જ પુણ્ય-પાપના ભાવો બુદ્ધિપૂર્વક ટાળીને શુદ્ધ ઉપયોગમાં જોડાયેલા હોય છે. તેમને કોઈવાર ઉપદેશ આપવાનો, મહાવ્રત પાલનનો શુભ ઉપયોગ હોય છે વળી પાછા સ્વરૂપની—અંતર નિર્મળતાની રેલમછેલમાં ગરકાવ થઈ જાય છે ને હું સાધક—મુનિ છું એવો વિકલ્પ પણ જ્યાં નથી તેવી અપૂર્વદશા વારંવાર મુનિને હોય છે.

આવું મુનિપણું છે તે તો જેને અંતર સાતમું ગુણસ્થાન ભાવલિંગ સ્પર્શી ગયું હોય ને પછી છઠ્ઠે આવે તેને તે અપૂર્વતાનો ખ્યાલ આવે ને તેઓ કહી શકે અથવા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને મુનિની આવી દશા હોય તેની સમકિતીને ખબર પડે. તે સિવાય મિથ્યાદ્રષ્ટિ જીવ જે દયા-દાનથી કે જાત્રા આદિથી ધર્મ મનાવે છે તેને આ વાતનો ખ્યાલ પણ ન આવી શકે. પરપદાર્થથી પુણ્ય પણ નથી તો પછી ધર્મ તો

ક્યાંથી થાય ?—ન જ થાય. શેત્રુંજય પર્વત ઉપર ડોળીવાળા રોજ ચડે છે ને ઊતરે છે. તેનાથી ધર્મ હોય તો તેને પણ થવો જોઈએ. આત્માની સમજણ વિના કદી પણ ધર્મ કે મોક્ષ થતો નથી. સ્વની જાત્રામાં ધર્મ છે, આ ચૈતન્ય જ્ઞાનનો ડુંગરો છે તેનું સ્વરૂપ જાણીને તેમાં આરૂઢ થયા વિના સંસારનો આરો આવે એમ નથી. રાગ મંદ હોય તો પુણ્ય થાય પણ શુભાશુભ અધર્મ છે. શુભાશુભ રહિત આત્મામાં સ્થિરતા તે ધર્મ છે.

## નિર્ગ્રંથ ભાવલિંગી મુનિઓ બીજા જીવોને પણ મોક્ષમાં ને પુણ્યમાં નિમિત્ત થાય છે.

વસ્તુનું સ્વરૂપ યથાર્થ પ્રતિપાદન કરનાર હોય તે જ સાચા મુનિ છે. શુભથી ધર્મ મનાવે ને વસ્ત્રસહિત મુનિપણું મનાવે તે મિથ્યાદ્રષ્ટિ છે. ભાવલિંગી મહાસમર્થ મુનિને અંતરદશા ઘણી વધી ગઈ છે ને વિકલ્પ જરા ઊઠે છે તે વખતે શાસ્ત્રની રચના થઈ ગઈ છે. આવા મુનિઓ ધર્મનાં સ્થાન છે, તે લોકને તારે છે. લોકને એટલે જેની જેની યોગ્યતા હોય છે તે પોતાના પુરુષાર્થથી તરે છે ત્યારે મુનિ તેને તારે છે એમ કહેવામાં આવે છે ને અને તેવા મુનિ પ્રત્યે ભક્તિભાવ, વંદન, વૈયાવચ્ચ વગેરે કરે છે તેમને લોકોત્તર પુણ્ય બંધાય છે. પ્રથમ ગાથામાં મોક્ષ થાય છે તે વાત આવી ગઈ હતી. તેનું નિમિત્ત પામીને જે સ્વરૂપમાં ઠરી જાય છે તે મોક્ષદશા પામે છે ને રાગ રહે ને પુણ્ય બંધાય તો ઊંચાં પુણ્ય બંધાય છે.

## બાહ્ય—અભ્યંતર નિર્ગ્રંથ મુનિપણું તે એક જ ત્રણે કાળે મુનિનું સ્વરૂપ છે.

આવા ભાવલિંગી મુનિ હોય તેને યથાર્થ મુનિ કહેવાય છે. વર્તમાનમાં તો બહુ ફેરફાર થઈ ગયો છે. વસ્ત્રસહિત અથવા આત્મજ્ઞાન વિના મુનિપણું મનાવે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. કુંદકુંદાચાર્ય ભગવાને સ્પષ્ટ લખેલ છે કે વસ્ત્રસહિત મુનિપણું મનાવે તે પરંપરાએ નિગોદમાં જશે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે કે :

**“એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ”**

એક જ સનાતન નિર્ગ્રંથ માર્ગ છે. શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી કુંદકુંદાચાર્યને ભક્તિભાવથી વંદન કરે છે. ‘હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.’

જુઓ, એમણે પણ નિર્ગ્રંથ દિગંબર મુનિઓને નમસ્કાર કર્યા છે. શ્રી અમૃતચંદ્ર આચાર્યમહારાજ પણ ચરણાનુયોગ શરૂ કરતાં લખે છે કે ‘યથાનુભૂત

માર્ગના પ્રણેતા અમે આ ઊભા' અમો આ દશા અનુભવીએ છીએ અને જેને મોક્ષમાર્ગ જોઈતો હોય તે અમારા પાસે ચાલ્યા આવો. અમો આ ઊભા. જુઓ એમની દ્રઢતા. આવી ભાષા તો લાવો ! તે મુનિઓ સ્વભાવની અંદર ઝૂલતા હોય ત્યારે હું મુનિ છું ને આનંદ અનુભવું છું એવો વિકલ્પ પણ હોતો નથી. તેવાને ખબર હોય કે મુનિપણું કેવું હોય ને સમકિતીને મુનિદશાની પ્રતીતિ વર્તે છે. આવું મુનિનું સ્વરૂપ કેવળીઓ કહી રહ્યા છે, સંતો આદરે છે, ઇન્દ્રો બહુમાન કરે છે ને ક્યારે મુનિપણું લઈશું તેની ભાવના ભાવે છે. ત્રણે કાળે આ ધોખમાર્ગ છે.

## ગુણસ્થાન શુભભાવથી ટકતું નથી પણ શુદ્ધ ચૈતન્યના અવલંબનથી જ ટકે છે.

આવા સમર્થ મુનિઓ બીજાને તારવામાં નિમિત્ત થાય છે. ઘડીમાં સ્વરૂપ લીનતામાં હોય ને ઘડીમા શુભોપયોગમાં હોય છે. પણ મહાવ્રતાદિના શુભ ઉપયોગને લીધે છઠ્ઠું ગુણસ્થાન ટકે છે એમ નથી. છઠ્ઠે પણ જેટલો ચૈતન્યનો આશ્રય વર્તે છે તેને લીધે મુનિપણું ટકે છે પણ રાગથી ગુણસ્થાન ટકતું નથી. રાગથી ટકતું હોય તો રાગનો નાશ થવા સાથે સ્વભાવનો નાશ થઈ જવો જોઈએ. ઊલટું વ્યવહારનો એટલે રાગનો નાશ થયા પછી નિશ્ચય—નિર્મળ પર્યાય વિશેષ નિર્મળ થાય છે પણ વ્યવહારથી નિશ્ચય થાય તેમ માનતા નથી. આવા મુનિઓ બીજાને તારવામાં નિમિત્ત છે ને તેમની ભક્તિ કરનાર પુણ્યશાળી છે ને તેઓ પણ સ્વભાવમાં વિશેષ સ્થિરતા કરી મોક્ષ પામે છે.

હવે યથાર્થ ફળનું કારણ એવું જે યથાર્થ કારણ તેની એટલે કે ભાવલિંગી મુનિ તેની સેવારૂપ પ્રવૃત્તિ સામાન્ય અને વિશેષપણે કરવાયોગ્ય છે એમ બે સૂત્રોથી દર્શાવે છે. કોઈ કોઈની સેવા કરી શકતો નથી પણ મુનિઓની સેવાનો ભાવ ધર્મી જીવને આવે છે. ને પોતાની યોગ્યતા હોય તો લાભ થાય. ચરણાનુયોગમાં નિમિત્તથી કથન છે.

## ગાથા ૨૬૧

**પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી,**
**વર્તો શ્રમણ, પછી વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧.**

**અર્થ :—**પ્રકૃત વસ્તુને દેખીને (પ્રથમ તો) અભ્યુત્થાન આદિ ક્રિયાઓ વડે (શ્રમણ) વર્તો; પછી ગુણ પ્રમાણે ભેદ પાડવો—આમ ઉપદેશ છે.

## ભાવલિંગી મુનિને રોમેરોમે વૈરાગ્ય ઝળકતો હોય છે.

અભ્યંતર શુદ્ધ આત્માની ભાવનાને જણાવનારું જે બહિરંગ નિર્ગ્રંથ નિર્વિકાર રૂપ તે રૂપવાળા શ્રમણને અહીં પ્રકૃત વસ્તુ કહેલ છે. જેને ભાવલિંગ પ્રગટ્યું છે, અંતરદશા આગળ વધી છે, જે વૈરાગ્યમૂર્તિ છે તેવા મુનિને રોમેરોમમાં વૈરાગ્ય દેખાતો હોય છે. અંતર વીતરાગીદશા વર્તતી હોય તેને નગ્ન શરીરની અવસ્થા પણ જુદી જાતની હોય. મિથ્યાત્વ દશામાં જે શરીર હોય છે તેમાં અને વીતરાગી દશામાં નિમિત્ત થાય એવા શરીરમાં પણ ફેર હોય છે. તેના પરમાણુની પર્યાયની યોગ્યતા જ જુદી જાતની હોય છે કે જે વીતરાગતામાં નિમિત્ત થાય છે.

બહિરંગ લિંગ અંતર શુદ્ધતાને જણાવે છે. બાહ્ય નગ્ન દિગંબરદશા વૈરાગ્ય સહિત વર્તે છે, માથાથી તે પગ સુધી વૈરાગ્ય રોમે રોમે દેખાય છે. તેમને વસ્ત્ર ન હોય, સહજ નગ્નદશા હોય ને લક્ષ જાય તો મોરપીંછ ને કમંડળ હોય, બાકી કાંઈ પરિગ્રહ ન હોય એવી બાહ્ય નિર્વિકારીદશા અંતરના ભાવલિંગને સૂચવે છે. અહીં ચરણાનુયોગ છે તેથી મુનિઓનું શરીર કેવું હોય તેનો મેળ બતાવ્યો છે.

આવા ભાવલિંગી મુનિને દેખીને પ્રથમ તો માનાર્થે ઊભા થવું, તેમની સામે જવું વગેરે પ્રકારે વિનય બીજા મુનિ કરે છે અને પછી પરીક્ષા કરવી કે આ મુનિમાં વિશેષ નિર્મળતા છે કે વધારે ઉઘાડ છે વગેરે જોવું. બીજે લખાણ છે કે મુનિની પરીક્ષા ત્રણ દિવસ સુધી કરવી પણ પ્રથમ તો માન સત્કારાદિ કરવા. ત્યારપછી ગુણ પ્રમાણે ભેદ પાડવો. આમ જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ છે.

*

# પ્રસાદ નં. ૨૧૯

## પ્રવચનસાર ગાથા ૨૬૧

(જેઠ સુદ ૪, શુક્રવાર)

## સ્વ વિષય ચૂકી પર વિષયમાં સુખ માનવું તે અધર્મદ્રષ્ટિ છે.

આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક રમણતારૂપ ચારિત્ર હોય તેને મુનિ કહે છે. આત્માની ઓળખાણ વિના ચારિત્ર કેવું ? આત્મા એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાવાળો પરિપૂર્ણ જ્ઞાનદર્શન સ્વભાવી છે. એવી પ્રતીતિ પ્રથમ કરવી જોઈએ. જીવ પોતે સુખી થવા માગે છે પણ સુખ શેમાં છે તે પ્રથમ નક્કી કરવું જોઈએ. પરમાં સુખ નથી, પોતામાં પરિપૂર્ણ સુખ છે તે નક્કી કરવું જોઈએ. અજ્ઞાનીજીવ માને છે કે પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવ્યા તેથી સુખ થયું તો તે વડે શરીરને સુખ થાય છે કે જીવને? શરીર તો જડ છે. તેને કાંઈ સુખદુઃખ નથી. હવે રહ્યો આત્મા. આત્મા તો ભ્રાંતિથી તેમાં સુખ કલ્પે છે. પરપદાર્થોમાં સુખ હોય તો ઘણા પદાર્થો ભેગા થવાથી ખૂબ સુખ થવું જોઈએ પણ ઘણા પદાર્થો હોવા છતાં જીવ ઝાંવા નાખ્યા જ કરે છે માટે નક્કી થાય છે કે પરપદાર્થોની અંદર સુખ નથી પણ જીવ મિથ્યાભ્રાંતિ કરે છે કે આ પદાર્થો મને સુખકર છે. આ ભ્રાંતિ ને રાગ તે જ સંસાર છે. વળી કષાય ઘટાડી શુભભાવ કરે ને શુભને કલ્યાણનું કારણ માને તે પણ શુભમાંથી સુખ લેવા ઇચ્છે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં એકલા અશુભની જ વાત ન લેવી. આત્મજ્ઞાન વિના પ્રભુનાં દર્શનથી મારું કલ્યાણ થશે ને સુખ થશે એમ માની આંખથી પ્રભુનાં દર્શન કરવાં, તે પણ આંખનો શુભ વિષય છે. ભગવાન સમવસરણમાં બિરાજે તો સારું, તેમની ભક્તિ ને વાણીનો લાભ મળે પણ આત્મામાં આ ભગવાન બિરાજે છે તે શક્તિવાળું તત્ત્વ છે, તેના ભાન વિના એકલા શુભ ભાવો થાય તે પણ પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. અજ્ઞાની જીવ શુભથી કલ્યાણ થશે તેમ માને છે, તે જ અધર્મદ્રષ્ટિ છે.

વળી કામ, ક્રોધ, માન, માયા, લોભના પરિણામ પ્રત્યક્ષ આકુળતાવાળા છે તેમાં સુખ હોઈ શકે નહિ.

માટે પરપદાર્થોમાં અશુભભાવોમાં, શુભભાવોમાં ક્યાંય સુખ નથી. સુખ તો પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં ભરેલું છે, તેના શ્રદ્ધા-જ્ઞાનથી સુખ થાય છે, તેમ નહિ માનતાં પર વિષયમાં સુખની માન્યતા કરવી તે મિથ્યાદ્રષ્ટિ છે. તે અધર્મ દ્રષ્ટિ છે.

## સુખ શોધનારે પોતાના આત્મા તરફ દ્રષ્ટિ કરવી જોઈએ.

તો પછી સુખ ક્યાં છે ને કોનાથી થાય ? તે નક્કી કરવું જોઈએ. લક્ષ્મી, કુટુંબ, ખાવાપીવાના પદાર્થો, દેવ-ગુરુ-શાસ્ત્ર, સાક્ષાત્ ભગવાન વગેરે પર છે તેમાં સુખ નથી. શુભભાવ છે તે વિકાર છે. તેમાં સુખ નથી. આ ભગવાન આત્મા અનંત શક્તિવાળું તત્ત્વ છે. તેમાં સુખ, આનંદ, જ્ઞાન વગેરે અનંત શક્તિઓ પડી છે, તેમાંથી સુખ મળે તેમ છે. તેના તરફ વળવું જોઈએ ને પોતાની આત્મવિશુદ્ધિ કરવી જોઈએ.

## શુદ્ધાત્મા તરફ દ્રષ્ટિ કરવાથી સુખની ઉત્પત્તિ થાય છે.

વળી કેવો આત્મા માન્યે સુખ થાય ? બધા થઈને એક આત્મા માને તો દરેકનો સુખદુઃખનો ભોગવટો ભેગો થઈ ગયો, પણ તેમ હોઈ શકે નહિ. વળી, આત્માનો કોઈ કર્તા છે એમ માનવામાં આવે તો આત્મા પૂર્ણ સાબિત થતો નથી. મારી શક્તિઓ મારામાં ભરી છે. મારી ચીજનો કોઈ કર્તા નથી તેમ જ મારી પર્યાયનો પણ કોઈ કર્તા નથી. પર્યાયને પરનું અવલંબન નહિ ને પર્યાય સ્વદ્રવ્યનું અવલંબન લ્યે તો ધર્મ પ્રગટ ન થાય, એમ પણ નહિ. મારું સિદ્ધપદ મારામાંથી પ્રગટે તેમ છે. પરપદાર્થના અવલંબન વગર પરિપૂર્ણ સુખ પોતાથી મળી શકે એમ છે, એવી પ્રતીતિ કરવી જોઈએ. તેવી પ્રતીતિ ન હોય ત્યાંસુધી ચારિત્ર નથી ચારિત્ર ધર્મ છે. ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. આત્મા જાણનાર–જાણનાર સ્વભાવની મૂર્તિ છે, તેમાંથી અનંતજ્ઞાન ને આનંદની પર્યાય પ્રગટ થાય તેવો નિધિ છે—સુખની ખાણ છે. તેના ઉપર દ્રષ્ટિ કરવાથી સુખ મળે તેમ છે. આવી દ્રષ્ટિ તે ધર્મદ્રષ્ટિ છે.

આવી પ્રતીતિ વિના નગ્નદશા ધારણ કરે તોપણ ચારિત્ર નથી. આત્મવસ્તુ પોતે જ શાંતિસ્વરૂપ છે. તેમાં એકાગ્ર થાઉં તો શાંતિ મળે તેમ છે. તેમ નહિ માનતાં, પરપદાર્થોમાં ને પુણ્ય-પાપમાં એકાગ્ર થાઉં તો શાંતિ મળે, તેને સાચી પ્રતીતિ નથી, તેને ધર્મ થતો નથી, સુખ થતું નથી. પુણ્ય-પાપના અવલંબને ધર્મદશા કે પૂર્ણદશા પ્રગટ થાય નહિ. અપૂર્ણદશા હોય ત્યાં વિકાર હોય, વિકાર હોય ત્યાં કર્મબંધન હોય ને કર્મબંધન હોય ત્યાં સંસારચક્ર ઊભું છે. વળી કેટલાક જીવ એમ માને છે કે બીજા જીવનું આ આત્માથી કલ્યાણ થશે. વળી ભગવાનની પ્રાર્થના કરું તો કલ્યાણ થાય પણ સ્વ—આત્મભગવાનની પ્રાર્થના કરું તો કલ્યાણ થાય તેવી તેને ખબર નથી. વળી કોઈ માને કે ભગવાન તારે ત્યારે આપણે તરશું તો અત્યારસુધી સંસાર રહ્યો તેનો દોષ ભગવાન ઉપર આવશે, પણ એમ કદી

બની શકે નહિ. જીવ પોતે પોતાના કારણે સંસારમાં રહે છે ને પોતે ભગવાન શક્તિરૂપ છે તેનાં શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રથી તરે તેવો છે, બીજો કોઈ તારવા સમર્થ નથી. વળી આત્મા ચૈતન્યવસ્તુ છે, તે પોતના સુખ માટે શાંતિ માટે ઇન્દ્રિયો તરફ વળે. શુભાશુભ ભાવ તરફ વળે તો તે અધર્મ છે. તેનાથી મારું કલ્યાણ થશે એવી માન્યતા જ અધર્મ છે. ધર્મ તો અંતરદ્રષ્ટિના આધારે છે, તેના ભાન વિના સમકિત થાય નહિ ને ચારિત્ર પ્રગટે નહિ. તેના ભાન વિના વ્રત, તપ બધાં એકડા વિનાનાં મીંડાં છે. અજ્ઞાની જીવ નિરર્થક પર તરફ વલણ કરી સુખ ને ધર્મ માની રહ્યો છે. માટે જેને હિત કરવું હોય તેણે નિવૃત્તિ લઈ આત્મવસ્તુ કેવી છે તે યથાર્થ જાણવું જોઈએ. જેણે પોતાના આત્માને સર્વજ્ઞ શક્તિવાન સુખસ્વરૂપ માન્યો છે, તેની ઊંધી માન્યતા નાશ થઈ પરિપૂર્ણ સુખદશા પ્રગટ થાય છે. નીચેની ઊંધી માન્યતાનો નાશ થાય છે.

સર્વજ્ઞ શક્તિવાન છું એમ માનનારને.........

૧. પરપદાર્થોનું હું કરી દઉં એવી દ્રષ્ટિ રહેતી નથી.
૨. પરપદાર્થોને પલટાવવામાં હું નિમિત્ત થાઉં એવી દ્રષ્ટિ રહેતી નથી.
૩. બધા થઈને એક સર્વવ્યાપક આત્મા છે તે માન્યતાનો નિષેધ થાય છે.
૪. પોતાના સુખ માટે પરપદાર્થ સામે જોવાનું રહેતું નથી.
૫. વિકાર તથા અલ્પજ્ઞતાનો દ્રષ્ટિમાં નિષેધ થાય છે ને ક્રમે કરી તેનો નાશ થતાં વીતરાગી સર્વજ્ઞપદ પામે છે. આવી રીતે પોતાના શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરનાર જીવ સુખને પામે છે.

## એક મુનિએ બીજા મુનિને જોઈને યથાયોગ્ય વિનય કરવો.

**ટીકા :—**ઉપર કહ્યું તેમ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને વિશેષ વીતરાગી દશા થઈ છે તેને શ્રમણ કહે છે. તેને બીજા શ્રમણો આત્મવિશુદ્ધિમાં નિમિત્ત છે, તેમના પ્રત્યે શ્રમણને યોગ્ય વિનયાદિ વ્યવહાર કરવો. તે શ્રમણને અભ્યંતર વીતરાગી દશા છે ને બાહ્ય શરીર પણ તે વીતરાગતા ને વૈરાગ્યને બતાવનારું ચિહ્ન છે. અહીં ચરણાનુયોગનો અધિકાર છે તેથી નિમિત્તથી કથન કરેલ છે. એક મુનિ બીજા મુનિની વિશુદ્ધિ કરાવી દેતા નથી પણ મુનિ પોતે સ્વભાવના કામી છે તેથી તેમણે શ્રમણને દેખીને વિનય કરવો. તેમાં ખરેખર તો પોતાના સ્વભાવનો વિનય છે. નગ્નદશા ધારણ કરી છે તેના ઉપર ગુણનો આરોપ છે. પ્રથમ તો મુનિને દેખતાં જ પરીક્ષા કર્યા વિના ઊભા થવું, સામા જવું વગેરે સત્કાર કરવો. પહેલું આ કરવું તે ચરણાનુયોગની વિધિ છે. શ્રમણને રોમેરોમ વૈરાગ્ય વર્તે છે. તેવાને દેખીને

બહુમાન આવે છે. પોતાને સ્વભાવની શ્રદ્ધા છે ને વીતરાગી અવસ્થામાં લીન ન હોય ત્યારે વિકલ્પ ઊઠે તો વિનય કરે તેમાં પોતાની સરળતા ને કુણપ જાહેર કરે છે. પ્રથમ જ દોષદ્રષ્ટિથી જોતો નથી. પોતે ગુણનો પ્રેમી છે તેથી ગુણદ્રષ્ટિથી જુએ છે. વળી શ્રમણને યોગ્ય ક્રિયા વડે વિનય કરે પણ ગૃહસ્થને યોગ્ય ક્રિયા વડે એટલે કે મુનિ પોતે રસોઈપાણીની પ્રવૃત્તિ કરીને બીજા મુનિને આહાર ન આપે. કારણ કે તે ગૃહસ્થને યોગ્ય છે, મુનિને યોગ્ય નથી. બાહ્ય વીતરાગી લિંગ જે શુદ્ધતાને બતાવનારું હોય તેવા મુનિનો આદર કરે પણ વસ્ત્રસહિત જીવોનો અથવા અજ્ઞાનીનો આદર કરે નહિ.

**ભાવાર્થ :—**જો કોઈ મુનિ અન્ય મુનિને દેખે તો પ્રથમ તો તે ગુણવંત છે એમ માની તેમની સાથે મુનિને યોગ્ય આદર સત્કાર કરવો પછી તેમનો પરિચય થયા બાદ તેમના ગુણ અનુસાર વર્તન કરવું.

## અજ્ઞાની જીવ વેપાર આદિમાં પરીક્ષા કરે છે પણ આત્મા તથા મુનિ સંબંધી પરીક્ષા કરતો નથી.

વેપારીઓ રૂપિયા સાચા છે કે ખોટા તે તપાસવા માટે સીપરડી રાખે છે. વેપારમાં તથા વ્યવહારમાં ઠગાઈ ન જાય તેનો બહુ ખ્યાલ કરે છે. શાહુકારના વેશમાં કોઈ આવીને ઠગવા માગે તો વેપારી ચેતી જાય છે ને નક્કી કરે છે કે આ શાહુકાર નથી, તેની હુંડી ચાલશે નહિ. તેમ મુનિ કેવા હોય તે પ્રથમ જ જાણવું તો પડશે. તે જાણ્યા વિના અનાદિકાળથી જીવ ઠગાઈ રહ્યો છે. પુણ્ય-પાપરહિત શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અંતર વીતરાગી દશા વર્તે છે ને જેને બાહ્ય નગ્ન દિગંબરદશા વર્તે છે ને જે દશા શુદ્ધતાને તથા વૈરાગ્યને બતાવે છે તે યથાયોગ્ય મુનિ છે. તે સિવાય કોઈ મુનિ નથી માટે પરીક્ષા કરવી.

**પરખ્યાં માણેક મોતીઆ પરખ્યાં હેમ કપૂર,**
**એક પરખ્યો નહિ આત્મા ત્યાં રહ્યો દિગ્મૂઢ.**

માણેક, મોતી, સોનું બધાની પરીક્ષા કરી પણ ત્યાં તો પુણ્ય મુજબ મળે છે. અહીં શુદ્ધ આત્માને પરખ્યો નહિ. શુદ્ધ આત્માના સાધક મુનિ કેવા હોય તેની પરીક્ષા કરી નહિ. અહીં કહે છે કે યથાયોગ્ય લિંગ જોતાં મુનિએ વ્યવહાર કરવો. પછી ગુણની પરીક્ષા કરવી. ગુણ ન દેખાય તો દ્વેષ કરવો નહિ પણ આદર કરવો નહિ.

હવે એ વિષયનું બીજું સૂત્ર કહે છે :–

## <u>ગાથા ૨૬૨</u>

**ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને**
**અંજલિકરણ, પોષણ ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.**

**<u>અર્થ :—</u>**ગુણાધિક (ગુણે અધિક શ્રમણો) પ્રત્યે અભ્યુત્થાન, ગ્રહણ (આદરથી સત્કાર), ઉપાસન, પોષણ (તેમનાં અશન, શયન વગેરેની ચિંતા), સત્કાર (ગુણપ્રશંસા), અંજલિકરણ (વિનયથી હાથ જોડવાં) અને પ્રણામ કરવાનું અહીં કહ્યું છે.

પ્રથમ તો બાહ્ય નગ્નદશા, યથાયોગ્ય લિંગ દેખીને સત્કાર કરીને ગુણથી પરીક્ષા કરવી. પોતાથી ગુણમાં મોટા હોય, દીક્ષામાં મોટા હોય તેમને દેખીને મુનિ ઊભા થાય. 'પધારો પધારો' કહે. તેમને થાક લાગ્યો હોય તો પગ દાબે. તેમના આહાર ને શયન માટે વિચાર કરે કે આ જગ્યા તેમને અનુકૂળ પડશે, તેમના ગુણોની પ્રશંસા કરે, તેમને વિનયથી હાથ જોડે ને તેમને પ્રણામ કરે, એમ કહ્યું છે.

*

# પ્રસાદ નં. ૨૨૦

## શ્રુતપંચમી

(જેઠ સુદ ૫)

## શ્રુતપંચમીનો દિન એટલે ભગવાનની વાણી અચ્છિન્નધારાપણે આગમમાં જળવાઈ રહી તેનો દિવસ.

આજે શ્રુતપંચમી છે. ભગવાન મહાવીર પછી સુધર્માસ્વામી, જંબુસ્વામી વગેરે કેવળજ્ઞાની થઈ ગયા, ત્યારપછી આચાર્યોને અમુકજ્ઞાન કંઠસ્થ હતું. ધરસેન આચાર્યને ભગવાનની પરંપરા વાણીનું જ્ઞાન કંઠાગ્રે હતું. તે મહા સમર્થ આચાર્ય હતા. ઘડીમાં સાતમે ગુણસ્થાને રમણતા કરતા, દેહથી આત્મા છૂટો પડી જતો, સહજાનંદનો અનુભવ લેતા, ને ઘડીમાં છઠ્ઠે ગુણસ્થાને આવતા ઉપદેશ આપું વગેરે વિકલ્પ આવતા. તેમની વૃદ્ધાવસ્થા વખતે તેમને વિકલ્પ આવ્યો કે આ જ્ઞાન હવે શાસ્ત્રરૂપે ગુંથાઈ જાય તો સારું જેથી જ્યાં ઘણા મુનિઓ ભેગા થયા હતા ત્યાં સમાચાર મોકલી બે મુનિઓને બોલાવ્યા. બે મુનિઓ રવાના થઈ ગીરનાર પહોંચે તે પહેલાની રાત્રે ધરસેન આચાર્યને સ્વપ્ન આવ્યું, તેમાં બે સફેદ ધોરી બળદ—ભાર વહન કરી શકે તેવા જોયા. સ્વપ્ન પૂરું થતાં ધરસેન આચાર્ય તેનો ભાવ સમજી ગયા ને બોલ્યા "શ્રુતદેવતા જયવંત હો." બીજે દિવસે બે મુનિ–પુષ્પદંત ને ભૂતબલિ–પધાર્યા. તેમણે આચાર્ય ભગવાનને વંદન કર્યું ને આચાર્ય ભગવાને તેમને આશીર્વાદ આપ્યા. બે દિવસ પછી તે મુનિઓએ પોતાના આવવાનું કારણ કહ્યું. આચાર્ય ભગવાને બે વિદ્યા—એક અધૂરા શબ્દવાળી ને એક વધારે શબ્દવાળી આપી. તે મંત્ર મુનિઓ બોલ્યા પણ મંત્ર બરાબર નહિ તેથી દેવીઓ—એક વધારે દાંતવાળી ને એક ઓછા દાંતવાળી હાજર થઈ. મુનિઓએ વિચાર્યું કે જરૂર મંત્રમાં ફેર છે. પોતાની બુદ્ધિ વડે એકમાં વધારે ને એકમાં ઓછા અક્ષર કરી, વિદ્યાને સરખી કરી, દેવીને સાધી. તે ઉપરથી આચાર્ય ભગવાનને થયું કે આ મુનિઓ શ્રુતજ્ઞાન ધારી શકશે ને લખી શકશે. તેથી તેમને બધું જ્ઞાન આપ્યું. તે ઉપરથી પુષ્પદંત ને ભૂતબલિ આચાર્યોએ ષટ્ખંડાગમ વગેરે શાસ્ત્રોની રચના કરી. તે રચના પૂરી થઈ ત્યારે અંકલેશ્વરમાં શાસ્ત્રની પૂજા કરીને મોટા વરઘોડા કાઢ્યા હતા, તે આજનો શ્રુતપંચમીનો મહાન દિવસ છે. તે શાસ્ત્રો હવે છપાઈને ધવલ, જયધવલ, મહાધવલ—બહાર પડ્યા છે. તેમાં ભગવાનની વાણી જળવાઈ રહી છે. તે વ્યવહાર શાસ્ત્રો છે, ને કુંદકુંદાચાર્ય ત્યારપછી થયા છે ને તેમણે સીમંધર

ભગવાનની વાણી સાંભળીને સમયસાર, પ્રવચનસાર આદિ શાસ્ત્રોની રચના કરી છે. તેમાં મુખ્યપણે દ્રવ્યાનુયોગની વાત છે. આ બધી રચનાઓ અદ્દ્ભુત બની છે. જેનાં ભાગ્ય હશે તેને તેનું રહસ્ય સાંભળવા મળશે. જે પાત્ર હોય, જેને સંસારનો નાશ કરવો હોય, જેને સ્વભાવની પ્રતીતિ કરવી હોય તે જીવ જ્ઞાનીઓને અને તેમના મર્મને સમજશે ને કલ્યાણ કરશે.

## પ્રવચનસાર ગાથા ૨૬૨

## મુનિએ પોતાથી ગુણે અધિક મુનિ પ્રત્યે આદર સત્કારાદિ કરવા.

અનાદિ સનાતન માર્ગમાં મુનિઓ બાહ્ય નગ્ન હોય છે, તેમને વસ્ત્ર હોતાં નથી, ઉપકરણમાં મોરપીંછ ન કમંડળ હોય છે, સ્વભાવના આનંદમાં ઝૂલતા હોય છે. પૂર્વે મુનિઓ આવા જ હતા. વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે ને ભવિષ્યમાં પણ અનંત આવા મુનિઓ થશે. તેવા મુનિની શું વિધિ છે, તે બતાવે છે. એવા મુનિએ પોતાથી અધિક ગુણવાળા મુનિને દેખી માનાર્થે ઊભા થવું, સામા જવું, આદર કરવો, તેમની સેવા કરવી, આહાર, પાણી, શયન વગેરે બાબત વિચારવું, તેમના ગુણોની પ્રશંસા કરવી, વિનયથી હાથ જોડવા અને પ્રણામ કરવા, વગેરે વિધિ કરવી. જો તે મુનિ પોતાના સ્વરૂપમાં લીન હોય તો કાંઈ વિધિ કરવાની હોતી નથી પણ શુભોપયોગમાં હોય તો સર્વજ્ઞે કહેલા મુનિઓ પ્રત્યે આદર વગેરે કરવાનો નિષેધ નથી. ॥૨૬૨॥

હવે શ્રમણાભાસો પ્રત્યે સર્વ પ્રવૃત્તિઓ નિષેધે છે.

## ગાથા ૨૬૩

**મુનિ સૂત્ર અર્થપ્રવીણ સંયમજ્ઞાનતપસમૃદ્ધને**
**પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુ એ કર્તવ્ય છે. ૨૬૩.**

**અર્થ :—**શ્રમણોએ સૂત્રાર્થવિશારદ (સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ) તથા સંયમતપજ્ઞાનાઢ્ય (સંયમ, તપ અને આત્મજ્ઞાનમાં સમૃદ્ધ) શ્રમણો પ્રત્યે અભ્યુત્થાન, ઉપાસના અને પ્રણિપાત કરવાયોગ્ય છે.

## આદર કરવાયોગ્ય મુનિ કેવા છે ?

## (૧) આગમના ને પદાર્થોના જ્ઞાનમાં નિપુણ છે.

કેવા મુનિઓ સત્કાર કરવાયોગ્ય છે, તેની વાત કહે છે. પ્રથમ તો મુનિ સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ હોવા જોઈએ. આત્માનાં જ્ઞાન ને ધ્યાન કરી પરિપૂર્ણ દશા પામેલા સર્વજ્ઞ દેવાધિદેવ તીર્થંકરને નિમિત્તરૂપે વાણી

હોય છે. જો વાણી ન જ હોય તો વસ્તુસ્વરૂપ શું છે તેનો બીજાને ખ્યાલ ન આવે. મુનિઓ તે વાણીમાંથી રચાયેલા સૂત્રોના વિશારદ હોવા જોઈએ. તે દ્વારા નવ તત્ત્વોને જાણવા જોઈએ. ત્રિકાળી શુદ્ધ ચેતનામય તત્ત્વ તે જીવતત્ત્વ છે. બાકીનાં ચેતના વગરનાં બીજા તત્ત્વો સ્વતંત્ર અજીવ છે. દયા-દાનાદિના પરિણામ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી તે પાપ છે. બન્ને આસ્રવ ને બંધનું કારણ છે. પુણ્ય-પાપ રહિત શુદ્ધ જીવનાં શ્રદ્ધા–જ્ઞાનથી સંવર, નિર્જરા પ્રગટ થાય છે ને પરિપૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ છે. એવી પરિપૂર્ણ દશાને પામેલા જીવો અનંતા છે. વળી, પરિપૂર્ણ દશા થયા પછી સિદ્ધના જીવો સંસારમાં પાછા આવતા નથી ને મોક્ષમાં જઈ એકબીજામાં ભળી જતા નથી. એવા અનંતા સિદ્ધો છે ને ભવિષ્યમાં થવાના છે. આમ મોક્ષતત્ત્વને માને. જેમ ચેતન ને જડ જુદેજુદાં તત્ત્વો છે તેમ એક જીવ બીજા જીવથી જુદો છે. મોક્ષમાં જઈ બીજામાં ભળી જાય તો સત્તાનો નાશ થાય પણ તેમ બનતું નથી. આમ નવતત્ત્વોને યથાર્થ સ્વતંત્ર જાણે છે. વળી છ દ્રવ્યોને જેમ છે તેમ જાણે છે. સ્વતંત્ર માને, એક દ્રવ્ય બીજાનું કાંઈ કરે નહિ, નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરે નહિ એમ માને છે. વળી સૂત્રે કહેલા જ્ઞાનમાં નિપુણ છે એટલે આગમના પાછળ રહેલા ભાવને બરાબર જાણે છે.

## <u>(૨) તે મુનિઓ સંયમ, તપ અને આત્મજ્ઞાનમાં સમૃદ્ધ છે.</u>

વળી, તે મુનિએ પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીત્યા છે, છ કાયના હિંસાથી નિવર્ત્યા છે, વળી પોતાના સ્વરૂપની સમ્યક્પ્રકારે જતના કરે છે. શુભાશુભ ઇચ્છાનો નિરોધ કરી તપમાં આરૂઢ છે તથા આત્મજ્ઞાનમાં સમૃદ્ધ છે. નવ તત્ત્વોની વ્યવહારશ્રદ્ધા કર્યા પછી પર તરફથી તથા વિકલ્પથી ખસી પોતાના શાંત સ્વભાવ તરફ વળીને જ્ઞાનમાં આરૂઢ છે. જેને નવતત્ત્વની વ્યવહારશ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી, તેની તો વાત જ નથી. દરેક જીવ અને અજીવ પદાર્થનું વર્તમાન તે તે પદાર્થથી છે, તે તે પદાર્થથી ન હોય તો તે છતો પદાર્થ રહેતો નથી. જીવ પરપદાર્થની ક્રિયાનો કર્તા-ભોક્તા નથી, પણ તેનો જ્ઞાતા-દ્રષ્ટા છે એવી સમ્યક્ પ્રતીતિ ઉપરાંત વૃત્તિના ઉત્થાનનો અભાવ કરી સ્વરૂપમાં ઝૂલે છે. તે મુનિ સંયમ, તપ ને આત્મજ્ઞાનમાં આરૂઢ છે. નવ તત્ત્વની વ્યવહાર શ્રદ્ધામાં જે જીવતત્ત્વ કહેલ છે તે રાગસહિત જીવતત્ત્વની વાત છે. હું સર્વજ્ઞ થવાને લાયક જીવ છું એમ રાગસહિત જીવતત્ત્વની શ્રદ્ધા પ્રથમ હોય ખરી પણ તે હજી સમ્યગ્દર્શન નથી. પોતાના શુદ્ધ સ્વભાવના જોરે એવો વિકલ્પ પણ ઊઠવા ન દેતાં સ્વરૂપમાં લીનતા કરે તે શુદ્ધ જીવ છે. તે નવ તત્ત્વોના વિકલ્પથી જુદો છે. આવી રીતે મુનિઓ સંયમ, તપ અને આત્મજ્ઞાનમાં સમૃદ્ધ છે. નવ તત્ત્વની વ્યવહારશ્રદ્ધા તો અભવી

જીવે ઘણીવાર કરી છે ને નવમી ગ્રૈવેયક ઘણીવાર ગયો છે પણ રાગરહિત શ્રદ્ધા કરી નથી. અહીં તો રાગરહિત શુદ્ધ જીવતત્ત્વની શ્રદ્ધા કરી છે ને અંતરમાં લીન છે, તેવા મુનિની વાત છે.

## શુદ્ધ આત્માનું યથાર્થ જ્ઞાન કરવું તે જ ધાર્મિક ક્રિયા છે.

કોઈ પૂછે કે આમાં ધાર્મિક ક્રિયા શું આવી ? ભાઈ, આ જ ધાર્મિક ક્રિયા છે. જડપદાર્થની ક્રિયા જડથી થાય છે, એમ જાણવું, પુણ્ય-પાપ જો આત્માનું સ્વરૂપ હોય તો તે કદી આત્મામાંથી ટળે નહિ પણ તે ટળી જાય છે ને શુદ્ધ આત્મા એકલો રહે છે. પુણ્ય-પાપ ક્ષણિક ઉપાધિ છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી. પુણ્ય-પાપ રહિત શુદ્ધ આત્માનાં સ્વરૂપમા લીનતા કરવી તે શુદ્ધ ક્રિયા—ધાર્મિક ક્રિયા છે. અજ્ઞાની જીવો માને છે કે પરનું કરવું તે ક્રિયા છે પણ ભાઈ, પરપદાર્થો સ્વતંત્ર છે, તેનું કોઈ જીવ કાંઈ કરી શકતો નથી.

મિથ્યાદ્રષ્ટિને ધર્મ પમાડી આપે એવી તાકાત તીર્થંકરમાં પણ નથી. માટે પરપદાર્થોની ક્રિયા પરને લીધે થાય છે એમ જાણવું. પુણ્ય-પાપ વિકૃત ઉપાધિવાળી અવસ્થા છે એમ જાણવું ને શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે સ્વરૂપમાં લીનતા કરવી તે શુદ્ધ ક્રિયા ને ધાર્મિક ક્રિયા છે.

આવી ધાર્મિક ક્રિયાઓ જે શ્રમણો કરી રહ્યા છે, જે તપ આદિમાં આરૂઢ છે તેવા મુનિઓને દેખી બીજા મુનિએ ઊભા થઈ આદર સત્કાર કરવો, સેવા કરવી અને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા.

## આત્મજ્ઞાન સહિત ચારિત્ર દશાવાળા મુનિઓના યોગ્ય સત્કારાદિ કરવા.

**ટીકા :—**મુનિઓ સૂત્રોમાં અને પદાર્થોમાં નિપુણ છે. બધા આત્મા જુદે જુદા છે. વસ્તુ છે તે નવી થાય નહિ ને જે હોય તેનો નાશ થાય નહિ, પણ દરેક પદાર્થ ટકીને બદલે છે. આમ છ દ્રવ્યોને વ્યવહારે જાણે. વળી, નવ તત્ત્વોને બરાબર જાણે. પૈસાથી પાપ નથી, પુણ્ય નથી કે ધર્મ નથી. પૈસો અજીવ છે. દયા-દાનના ભાવ તે પુણ્ય છે. કેટલાક લોકો તેને પાપ કહે છે તે બરાબર નથી ને કેટલાક તેને ધર્મનું કારણ માને છે તે પણ બરાબર નથી. પુણ્યને પાપ માને તો નવતત્ત્વ રહેતાં નથી. પુણ્યથી સંવર માને તો પણ નવતત્ત્વ જુદાં રહેતાં નથી. નવેને જેમ છે તેમ માનવાં જોઈએ ને વિકલ્પરહિત શુદ્ધ જીવનાં શ્રદ્ધા–જ્ઞાન તો પ્રથમ હોવાં જોઈએ. એ ઉપરાંત વિશેષ લનતા થઈ તપાદિમાં આરૂઢ છે તે મુનિ આદર કરવાયોગ્ય છે. તપ વગેરેમાં આરૂઢ હોય પણ આત્મજ્ઞાન ન હોય તો તે તપ

નકામો છે. જે મુનિઓ આત્મજ્ઞાન સહિત શાસ્ત્રજ્ઞાન, સંયમ ને તપમાં વર્તે છે તેવા મુનિઓ પ્રત્યે આદર સત્કાર કરવો. આદર કરનારો મુનિ પણ ભાવલિંગી છે. પોતે સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે બીજા મુનિ પ્રત્યે આદરનો વિકલ્પ ઊઠે છે. ભાન છે કે શુભવિકલ્પ છે તે પણ ઝેર છે. મારી શાંતિને લૂંટનારો છે. તેનાથી ધર્મ માનતો નથી પણ આવ્યા વિના રહેતો નથી. વિકલ્પવાળી દશા વખતે સંત મુનિઓનું બહુમાન કરે છે.

## આત્મજ્ઞાનશૂન્ય મુનિઓનો આદર સત્કાર આદિ કરવાનો નિષેધ છે.

પરંતુ જે મુનિઓને બાહ્યથી નગ્નદશા વર્તે છે, અનેક પ્રકારના તપ ને સંયમમાં વર્તે છે પણ અંતરમાં આત્માની શ્રદ્ધા નથી, તે શ્રમણાભાસ છે. તેનો આદર કરવાનો નિષેધ છે. તોપછી જે જીવને નવતત્ત્વની શ્રદ્ધાનાં ઠેકાણાં નથી તે તો મુનિની ભૂમિકાથી ઘણો દૂર છે. બધા પદાર્થો થઈને એક માને અથવા જ્યોતમાં જ્યોત ભળી જાય એમ માને એવાની વાત છે જ નહિ કારણ કે જે પદાર્થ છે તે ક્યા દિવસે ન હોય ? છે તેનો કર્તા કહો તો નિત્ય રહેતો નથી, નિત્ય કહો તો તેનો કર્તા નથી ને જે પદાર્થ છે તેનું વર્તમાન પરથી કહો તો ‘છે પણું’ રહેતું નથી. પરનું મારાથી થાય ને મારું પરથી થાય એવી જેની માન્યતા છે તેણે વર્તમાન પરાધીન માન્યું છે. એક સમય પરાધીન માનતાં ત્રિકાળ પણ પરાધીન થતાં વસ્તુ રહેતી નથી, માટે તે વાત બરાબર નથી. અનાદિ અનંત બધા પદાર્થો ત્રિકાળી ને વર્તમાન સ્વતંત્ર છે, હું પણ છું ને પર પણ છે. હું જ્ઞાતા છું ને બધાં જ્ઞેયો છે. કોઈ કોઈને લીધે નથી. આમ છ દ્રવ્યો અને નવતત્ત્વનું શાસ્ત્ર દ્વારા જાણપણું કરેલ છે, પણ અંતરમાં પોતાનો આત્મા સર્વથી જુદો છે એમ શ્રદ્ધા નથી પણ કાંઈક શુભ ઉપર વજન જાય છે તે શ્રમણાભાસ છે. તેનો સત્કાર કરવો નહિ, વિનય કરવો નહિ, એમ અહીં કહ્યું છે. તોપછી જે જીવ બધા થઈને એક આત્મા માને, જ્યોતમાં જ્યોત ભળી જાય એમ માને, પુણ્યને પાપ માને, પુણ્યથી ધર્મ માને, જીવ અજીવ અરસપરસ એકબીજાનું કરી આપે—એમ માને, વસ્ત્રસહિત મુનિપણું માને તેવા જીવો તો શ્રમણાભાસીમાં પણ આવતા નથી. તેના આદર–સત્કારની તો વાત જ નથી. આમાં કોઈ વ્યક્તિનો વિરોધ નથી તેમ જ દ્વેષ નથી. પોતાના ગુણનું બહુમાન આવતાં ગુણી પ્રત્યે બહુમાન આવે છે. પણ બીજા પ્રત્યે બહુમાન આવતું નથી પણ તેથી બીજા પ્રત્યે અનાદર વર્તે છે—એમ નથી. વિચારવિરોધ જગતમાં હોય પણ તેથી તે તરફ દ્વેષ નથી પણ વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણવું તો જોઈએ, તેથી આત્મજ્ઞાન વગરના મુનિઓ હોય તેનો આદર સત્કાર કરવો નહિ. રોટલી

અને વિષ્ટા તેમાં રોટલી ખાવાલાયક છે ને વિષ્ટા ખાવાલાયક નથી. તેમાં વિવેક કરે છે. તેથી રોટલી તરફ રાગ ને વિષ્ટા તરફ દ્વેષ નથી. એમ વીતરાગના માર્ગમાં મુનિનું સ્વરૂપ કેવું હોય ને કોણ આદરને પાત્ર છે તેનો વિવેક કરવો જોઈએ. કોઈના ઉપર દ્વેષ નથી પણ વસ્તુસ્વરૂપનું જ્ઞાન કરાવ્યું છે.

હવે કેવો જીવ શ્રમણાભાસ છે તે કહે છે.

## ગાથા ૨૬૪

**શાસ્ત્રે કહ્યું—તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહિ,**
**જિન—ઉક્ત આત્મપ્રધાન સર્વપદાર્થ જો શ્રદ્ધે નહિ. ૨૬૪.**

**અર્થ :—**સૂત્ર, સંયમ અને તપથી સંયુક્ત હોવા છતાં પણ જો (તે જીવ) જિનોક્ત આત્મપ્રધાન પદાર્થોને શ્રદ્ધતો નથી તો તે શ્રમણ નથી—એમ (આગમમાં) કહ્યું છે.

## જે મુનિ પોતાના આત્માને શ્રદ્ધતો નથી તે શાસ્ત્રનો જાણનાર ને સંયમી હોવા છતાં શ્રમણ નથી.

અહીં તો જે ભગવાનની વાણીને માને છે તેની વાત છે. પણ જે જીવ ભગવાનનાં સૂત્રને માનતો નથી તેની વાત નથી. ષટ્ ખંડાગમ, સમયસાર આદિ સૂત્રોની વાણી ભગવાનની વાણી સાથે સંધિવાળી છે. તે આત્માના પ્રમાણથી સિદ્ધ થયેલી વાત છે. તે મુનિ સર્વજ્ઞનાં શાસ્ત્રોને જાણે છે, અવ્રતના પરિણામ ટાળ્યા છે, બ્રહ્મચર્યનું પાલન કરે છે, ઉપવાસ, વ્રત, તપ કરી કષાયની મંદતાના પરિણામ કર્યા કરે છે ને ઉપસર્ગ છતાં તે મુનિ ચલાયમાન થતો નથી પણ ત્રણલોકના નાથ જિન ભગવાને કહેલા પદાર્થોમાં મુખ્ય આત્મા છે તેને શ્રદ્ધતો નથી તો તે શ્રમણ નથી પણ શ્રમણાભાસ છે. એક કોર રામ ને બીજી કોર આખું ગામ. પરપદાર્થો તથા પુણ્ય-પાપના ભાવો ગૌણ છે. પોતાનો આત્મા મુખ્ય છે. તે મુખ્યને એટલે શુદ્ધ આત્માને જે શ્રદ્ધતો નથી તે શ્રમણ નથી, એમ આગમમાં કહ્યું છે.

*

# પ્રસાદ નં. ૨૨૧

## પ્રવચનસાર ગાથા ૨૬૪

(જેઠ સુદ ૬, રવિવાર)

## જે શ્રમણ પોતાના આત્માને શ્રદ્ધતો નથી તે શાસ્ત્રનો જાણકાર ને વ્રતાદિ કરતો હોવા છતાં શ્રમણાભાસ છે

ચારિત્રનો પાળનાર હોવા છતાં જેને આત્માનું જ્ઞાન નથી તેને સાધુ કહેતા નથી. સમ્યક્દર્શન ને જ્ઞાનપૂર્વક આચરણ હોય તો જ ચારિત્ર ગણાય, તેવા મુનિને આગમો શું કહે છે તેનું જ્ઞાન છે. છ દ્રવ્યોને ગુણપર્યાય સહિત જાણે છે તથા નવ તત્ત્વોને જાણે છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમના કારણે ધારણા કરી છે તેમ જ અન્ય મતવાળા ઈશ્વરકર્તા કહે છે. કોઈ પચીસ તત્ત્વોને માને છે વગેરે પ્રકારે અન્યમતના અભિપ્રાયને જાણે છે. પણ અન્યમત શું કહે છે તે વાતને માનતો નથી. કુદેવાદિ માનવાવાળાને અધમ પુણ્ય થાય છે, તે વાત અગાઉ કહેવાઈ ગઈ એટલે જેને સર્વજ્ઞ તથા સર્વજ્ઞના આગમની ખબર નથી તેને તો આત્માના નિર્ણયનાં ઠેકાણાં નથી. કારણ કે પુરુષ પ્રમાણે વચન પ્રમાણ માની શકાય. સર્વજ્ઞ ભગવાનને વીતરાગદશા વર્તે છે ને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે તેવા સર્વજ્ઞ ભગવાને કહેલાં શાસ્ત્રો દ્વારા પદાર્થોનું મુનિએ જાણપણું કર્યું છે. વળી તે મુનિ છ કાયની હિંસા કરતો નથી, બ્રહ્મચર્યનું પાલન કરે છે, અનેક પ્રકારના તપમાં લીન છે, છતાં જિન ભગવાને કહેલા સમસ્ત પદાર્થોને જાણવાવાળા આત્માને તે શ્રદ્ધતો નથી તેથી તે શ્રમણાભાસ છે.

## જીવ સુખને ઇચ્છે છે માટે વર્તમાનમાં તેની પર્યાયમાં પ્રગટ સુખ નથી, એમ નક્કી થાય છે

જીવને ધર્મ તો કરવો છે પણ ધર્મ ક્યાં ને ક્યારે થાય તેની તેને ખબર નથી. ધર્મ કરવો છે, હિત કરવું છે, સુખ કરવું છે—બધું એક જ છે. તે ઉપરથી નક્કી થાય છે કે પોતાની વર્તમાન દશામાં સુખ નથી. વર્તમાનદશામાં સુખ હોત તો સુખ ક્યાંયથી લેવાની ઇચ્છા રહેત નહિ પણ દુઃખદશા ટાળી સુખી થવા ઇચ્છે છે ને તે સુખનો અનુભવ તો પોતે તે દશામાં કાયમ હોય તો અનુભવી શકે. માટે પોતાની હયાતી બન્ને અવસ્થામાં કાયમ રહે છે ને અવસ્થા પલટન પામે છે, એમ નક્કી થાય છે.

## હવે સુખ ક્યાં છે તે નક્કી કરવું પડશે.

સંયોગોમાં સુખ હોય તો ઘણા સંયોગે ઘણું સુખ થવું જોઈએ પણ એમ બનતું નથી

જો પૈસામાં સુખ હોય તો ઘણા પૈસાવાળાને ખૂબ સુખ થવું જોઈએ. કરોડપતિ મોટો સુખી હોવા જોઈએ પણ તેમ દેખાતું નથી માટે પૈસામાં સુખ નથી. જો લાડવામાં સુખ હોય તો ઘણા લાડવા ખાવાથી ઘણું સુખ થવું જોઈએ, છતાં ત્રણ.....ચાર......લાડવા ખાય ત્યાં કહે કે મારે હવે ખાવા નથી. માટે લાડવામાં સુખ નથી. જાડા શરીરમાં સુખ હોય તો જાડા શરીરવાળાને ખૂબ સુખ થવું જોઈએ પણ એમ નથી. 'પહેલું સુખ તે જાતે નર્યા' એમ અજ્ઞાની કહે છે. પોતાનું તંદુરસ્ત શરીર હોય પણ દીકરો મરી જતાં દુઃખની કલ્પના ઊભી કરે છે, તેથી તંદુરસ્તીમાં સુખ નથી. જો આબરૂમાં સુખ હોય તો બે માણસ આખો દિવસ તેના ગુણગાન ગાયા જ કરે તો ખૂબ સુખ થવું જોઈએ પણ તે સાંભળતાં સાંભળતાં છેવટે કંટાળો આવે છે માટે આબરૂમાં સુખ નથી. જો નાટકમાં સુખ હોય તો ખૂબ નાટક જોવાથી ખૂબ સુખ થવું જોઈએ. ત્યાં પણ વખત જતાં કંટાળી જાય છે.

જો બૈરાં—છોકરા, પૈસા વગેરે બધી જાતની કહેવાતી સગવડ હોય, હિંડોળે હીંચકતો હોય, બધી સાહેબી હોય ને તેને લીધે સુખ હોય તો તે પ્રસંગે વીંછી કરડતાં કેમ દુઃખ માને છે ? તે બધી વસ્તુ હાજર તો પડી છે છતાં કહેશે કે ભાઈ, મને દુઃખ બહુ થાય છે. માટે તે પદાર્થોમાં સુખ નથી, એમ નક્કી થાય છે.

## બાળકના ચૂસણિયામાં સુખની માન્યતાની જેમ અજ્ઞાની જીવો શરીરાદિમાં સુખ માને છે

એક નાનો છોકરો લાકડાનું ચૂસણિયું ચૂસે છે. ખાવાનો પદાર્થ કાંઈ તેમાં નથી છતાં છોકરો તેમાં સુખ માને છે. તેની પાસેથી તે લઈ લેવામાં આવે તો રડવા માંડશે. તેમ બૈરાં, છોકરાં, લાડવા તથા શરીર બધા પદાર્થો લાકડાના ચૂસણિયા જેવા છે, તેમાં કાંઈ સુખ નથી એમ જ્ઞાની પુરુષો કહે ત્યાં અજ્ઞાની જીવો રાડ પાડે છે કારણ કે ત્યાં સુખ નહિ હોવા છતાં તેમાં સુખની કલ્પના કરી છે, પણ તે બધી ભ્રાંતિ છે.

## અજ્ઞાની જીવ શરીર જતું કરીને પણ સુખ ઇચ્છે છે

અનાદિકાળથી જીવ સુખને માટે ઝાંવા નાખે છે. પોતાના સુખ માટે શરીરને જતું કરવું પડે તો પણ કરે છે. સાસુના ત્રાસથી કંટાળેલી વહુ પોતે શરીર છોડીને પણ સુખી થવા માગે છે. બીજાં સાધનથી રહિત થઈને, શરીરથી રહિત થઈને પણ

હું સુખી થઈશ, એમ માને છે. તેને સુખની ખબર નથી પણ અજ્ઞાનભાવે શરીરને જતું કરીને પણ સુખી થવા માગે છે એટલે સુખની સત્તા કબૂલે છે. સુખ ક્યાંક રહેલું છે એમ તો તે જરૂર કબૂલે છે પણ તે સુખની સત્તા ક્યાં છે, તેની તેને ખબર નથી.

## અજ્ઞાની સુખની સત્તા સંયોગોમાં માને છે પણ પોતાના શુદ્ધ સ્વભાવમાં માનતો નથી.

લીંડીપીપરની તીખાશ લીંડીપીપરની અંદર છે. તે તીખાશ પથરામાં નથી તેમ જ ઘસનારના હાથમાં નથી. ચણાની મીઠાશ અંદર ભરી છે પણ તે મીઠાશ અગ્નિમાં કે તાવડામાં નથી. અગ્નિ પ્રગટવાની તાકાત દીવાસળીના ટોપકામાં છે પણ તેની લાકડીમાં નથી. મોરના ઇંડામાં મોર થવાની તાકાત છે, તેમ આત્માનું સુખ આત્મામાં છે. શરીરમાં, વાણીમાં, લક્ષ્મીમાં, આબરૂમાં સુખ નથી છતાં અજ્ઞાની જીવ સંયોગોમાં સુખ માને છે. પોતાના આત્મામાં સુખ છે, જ્ઞાન ને આનંદમય તેનો સ્વભાવ છે, તે કબૂલ રાખતો નથી.

## આત્માનો સ્વભાવ જાણવા દેખવાનો છે ને તેમાં સુખ છે.

આ આત્માનો સ્વભાવ તો જાણવા–દેખવાનો છે. લીંબુનો સ્વભાવ ખટાશ છે, અગ્નિનો સ્વભાવ ઉષ્ણતા, અફીણનો સ્વભાવ કડવાશ છે તેમ આત્માનો સ્વભાવ જ્ઞાન છે ને જાણનાર–દેખનાર સ્વભાવમાં આનંદ છે. જાણનારમાં આનંદ ન હોય એમ બને નહિ. અજ્ઞાની જીવ કહે છે કે સીગારેટમાં મજા, ચામાં મજા, લાડવામાં મજા આવે છે, પણ તારામાં કાંઈ મજા છે કે નહિ ? બીજી ચીજના ગુણો શોધે છે. જડને ખબર નથી કે આ મારો સ્વભાવ છે. જડના સ્વભાવને તું જાણે છે. બીજા બધામાં મજા પણ તેના જાણનારમાં મજા નહિ. પોતે નમાલો, સુખ વગરનો ને બીજા માલવાળા, એ માન્યતા ભૂલવાળી છે.

વળી આત્માની અવસ્થામાં શુભાશુભ ભાવો થાય છે તે કૃત્રિમ, ઉપાધિ છે. જુવાન અવસ્થામાં અમુક વિકારી ભાવ કર્યા હોય તે વર્તમાનમાં યાદ આવે છે પણ તે વિકારીભાવો અત્યારે થતા નથી. અત્યારે વાંચનમાં શુભભાવ થઈ રહ્યો છે. પાછો ઘેર જતાં અશુભભાવ થશે. તે શુભ ને અશુભ પલટી જાય છે પણ તેનું જ્ઞાન કાયમ રહી જાય છે. માટે કૃત્રિમ અવસ્થા આત્માનો ખરો સ્વભાવ નથી પણ જાણવા દેખવાનો સ્વભાવ જે કાયમ રહે છે, તે આત્માનો સ્વભાવ છે ને તેમાં જ આનંદ ને સુખ છે.

## જ્ઞાન પરિપૂર્ણ થઈ એકલું રહી જાય ત્યાં પરિપૂર્ણ સુખ છે ને તે સર્વજ્ઞદશા છે

વળી પોતે સુખી થવા માગે છે ને અશાંતિ ટાળી શાંતિ કરવા માગે છે તો પોતે પહેલાં અશાંતિ ટાળી પૂર્ણ શાંતિ પ્રગટ કરેલ જીવ હોવા જોઈએ. જેટલો જ્ઞાનનો વિકાસ થઈ આત્મામાં અભેદ થાય એટલી નિરાકુળતા ને આનંદ છે. જ્ઞાન ને શાંતિને અવિનાભાવી સંબંધ છે. જ્યારે જ્ઞાન વિકારીભાવોથી સર્વથા છૂટી પરિપૂર્ણ થાય ત્યારે બધા સંગરહિત, વિકારરહિત એકલું જ્ઞાન રહી જાય છે ને ત્યાં સંપૂર્ણ આનંદ ને સુખ રહેલું છે, તે દશાને સર્વજ્ઞદશા કહે છે. તે સર્વજ્ઞ ભગવંતો પોતાના અનુભવ દ્વારા સુખ ક્યાં રહેલું છે તે વાણી દ્વારા કહી ગયા છે. ને વાણીને સમજાવનારા ગુરુ-સર્વજ્ઞપદને સાધનારા પણ એ જ કહી રહ્યા છે. આમ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ ને વાણીની કબૂલાત સુખના સાધક જીવે કરવી પડશે.

## સુખના ઇચ્છક જીવે પરપદાર્થો તથા વિકારીભાવોનું માહાત્મ્ય છોડી પોતાના આત્માનું માહાત્મ્ય કરવું જોઈએ.

તે સર્વજ્ઞ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે જ્યાંસુધી આત્માને પોતાનું માહાત્મ્ય આવશે નહિ ત્યાંસુધી પરનું માહાત્મ્ય ખસશે નહિ. જડ પદાર્થો–પૈસા, શરીર ઇન્દ્રિયોનું માહાત્મ્ય અજ્ઞાનદશામાં માનેલું છે પણ તે બધા પદાર્થોનું માહાત્મ્ય કરનાર એવા આત્માનું માહાત્મ્ય કરે તો સુખદશા ઉત્પન્ન થાય માટે પર ઉપરથી દ્રષ્ટિ ખેસવવી જોઈએ. વળી જીવ અશુભભાવ ઘટાડવા માગે છે. જો તે ભાવ પોતાનું સ્વરૂપ હોય તો ઘટાડવા પ્રયત્ન કરે નહિ માટે તે આત્માનું ખરૂં સ્વરૂપ નથી. વળી અવિકારી સ્વભાવના લક્ષ વિના તીવ્ર કષાય ટાળી મંદ કષાય કરે તો પુણ્ય થાય, પણ ધર્મ થાય નહિ. વળી દયા, દાનાદિ ભાવો વિકાર છે. જો તેમાં શાંતિ હોય તો તે ભાવોને પલટાવવા ઇચ્છે નહિ. ઘડીમાં દયાનો ભાવ અને ઘડીમાં વેપારનો ભાવ કરે છે માટે તે વિકારી પલટતા ભાવો છે. તેમાં સુખ નથી. એમ તે વિકારી ભાવોનું માહાત્મ્ય છોડી પોતાના શુદ્ધ સ્વભાવનું માહાત્મ્ય લાવવું જોઈએ. લોકો પણ કહે છે કે પરાધીનતામાં સ્વપ્ને પણ સુખ નહિ. લોકો માને છે તે પરાધીનતા નથી પણ પોતાનાં સુખ ને આનંદ પોતામાં નહિ માનતાં પરમાં માનવાં તે પરાધીન દ્રષ્ટિ છે. અજ્ઞાની બહારના પદાર્થો અનુકૂળ કે પ્રતિકૂળ માને છે પણ તે તો બદલતા છે, કાયમની ચીજ નથી. શરીર, લક્ષ્મી વગેરે બધા પરપદાર્થો છૂટી જવા છતાં, શુભાશુભ ભાવો છૂટી જવા છતાં એકલો જ્ઞાનસ્વભાવી હું રહી શકું છું. તે બધાનો અભાવ થતાં હું સુખની તાકાતવાળો છું, એમ નિર્ણય કરે

તો પરાધીનતા ટળે ને સુખી થાય માટે પોતાના સ્વભાવનુ માહાત્મ્ય લાવવું જોઈએ.

## આત્મા સ્વપણે છે ને અનંતા પરપણે નથી એમ અનેકાંત નક્કી કરતાં સ્વ તરફ દ્રષ્ટિ જાય છે.

વળી જેને સુખી થવું છે તેણે એમ પણ કબૂલ કરવું જોઈએ કે આત્મા વસ્તુ છે ને શરીરાદિ બીજા જડ પદાર્થો પણ છે. બધા થઈને એક વસ્તુ નથી. હું પણ છું ને બીજા પદાર્થો પણ છે. વળી, બીજા પદાર્થોને લીધે હું નથી ને મારે લીધે તે નથી. હું બધા પદાર્થોને જાણવાવાળો છું પણ કરવાવાળો નથી. વસ્તુ છે તે નવી થાય નહિ ને હોય તે નાશ થાય નહિ માટે સર્વ પદાર્થો કાયમ છે ને તે અવસ્થામાં સમયે સમયે પલટન પામી રહ્યા છે. હું પરના અભાવસ્વભાવથી ટકી રહ્યો છું. હું મારાથી છું ને શરીર, લક્ષ્મી વગેરેથી તથા વિકારથી નથી—એમ નક્કી કરતાં પરપદાર્થો ઉપરથી તેમ જ વિકાર ઉપરથી દ્રષ્ટિ ખસી જાય છે. ને પોતા ઉપર દ્રષ્ટિ થાય છે.

## આત્માનો સર્વજ્ઞ સ્વભાવ અક્રમે અનંતા પદાર્થોને એક સમયમાં જાણવાનો છે.

વળી પોતાનું સુખ પૈસામાં હોત તો તે સુખ ને પૈસો જુદો પડત નહિ પણ પૈસા જવાથી પોતાનું સુખ જતું નથી. જેમ ગોળમાંથી ગળપણ જુદું પડતું નથી. જે જેનો સ્વભાવ હોય તે તેનાથી જુદો પડે નહિ માટે આત્માનો સ્વભાવ જે સુખ છે તે તેનાથી જુદું પડે નહિ. વળી દયાદાનાદિના ભાવો પલટે છે. તેમાં સુખ હોય તો તેનાથી જુદો પડે નહિ. તે તો નાશ થાય છે. માટે તેમાં પણ સુખ નથી. સુખ પોતામાં છે. વળી પરનું જ્ઞાન કરવાની શક્તિ પોતામાં છે. પરનું જ્ઞાન કરવાથી બોજો થતો નથી. પચાસ વર્ષ પહેલાંની વાત યાદ કરતાં પચાસ વર્ષ લાગતાં નથી. થોડા વખતમાં યાદ કરે છે. જ્ઞાન અનંતા પદાર્થોનું કરી શકે છે. જ્ઞાન કાળના ભેદને ગણતું નથી. અક્રમે જ્ઞાન કરવાની પોતાની તાકાત છે. એક સમયમાં ત્રણકાળના પદાર્થોને અક્રમે જાણવાની શક્તિ મારામાં છે એમ નક્કી કરવું જોઈએ. જ્યાં જ્ઞાન પરિપૂર્ણ ત્યાં સુખ પરિપૂર્ણ છે.

## જ્ઞાન સમાધાનસ્વરૂપ છે જ્ઞાન સ્વ તરફ ઢળતાં નિરાકુળ સુખને પમાડે છે

પણ પોતાના જ્ઞાન ને સુખ સ્વભાવની ખબર નથી તેથી '**अपनेको आप भूलके हेरान हो गया**' એક ઉડાઉ દીકરાએ પચાસ હજાર રૂપિયા સટ્ટામાં ખોયા. તેણે

તેના બાપને પોતાના મિત્ર મારફત કહેવડાવ્યું કે આ રૂપિયા ભરી આપો નહિતર હું આપઘાત કરીશ. બાપે વિચાર કર્યો કે છોકરો આપઘાત કરશે તો આપણી ઇજ્જત જશે. જે થયું તે થયું ને જે બે ચાર લાખની મૂડી છે તે બધી છોકરાની છે. મારે ક્યાં ભેગી લઈ જવી છે. તે છોકરાએ જેટલું ગુમાવ્યું છે તેટલુ તેને ઓછું આવશે મારે શું ? એમ સમાધાન કરી દેણું ભરી આપે છે. જો કે આ સમાધાન તો પરલક્ષે છે. વાસ્તવિક નથી છતાં પણ જ્ઞાને ઓઘે ઓઘે ત્યાં નક્કી કર્યું કે મૂડી છોકરાની છે, મારી નથી. એમ પ્રતિકૂળ સંયોગોમાં જ્ઞાન સમાધાન કરે છે. રૂપિયા કે છોકરો સમાધાન કરાવતા નથી પણ બાપનું જ્ઞાન એવા પ્રતિકૂળ સંયોગોમાં સમાધાન કરી, અશાંતિ ઓછી કરે છે. દ્વેષ કરવો તે વિભાવ છે ને સમાધાન કરવું તે સ્વભાવ છે.

સંસારમાં પરના લક્ષે જીવ સમાધાન કરે છે તો તીવ્ર આકુળતા થોડા વખત પૂરતી મંદ દેખાય છે માટે સમાધાન કરવું કે દ્વેષ કરવો તે આત્માના હાથની વાત છે. જો જીવ સ્વલક્ષે સમાધાન કરે તો પોતાને યથાર્થ શાંતિ ને સુખ થાય તેમ છે. પરપદાર્થોનું પરિણમન થવું મારે આધીન નથી, તેમાં મારું સુખ-દુઃખ નથી. વળી અશુભભાવ થાય છે તે મને સુખરૂપ નથી તેમ જ શુભભાવ પણ મંદ આકુળતાવાળા છે. મારા જ્ઞાન સ્વભાવમાં જ સુખ છે એમ સમાધાન કરી, પર ઉપરથી દ્રષ્ટિ ખેસવી, પોતા ઉપર દ્રષ્ટિ કરે ને પોતાનાં જ્ઞાન ને સુખ પોતામાં છે એવી સાચી શ્રદ્ધા ને જ્ઞાન કરે તો સમાધાન ને શાંતિ થાય છે. એ જ ધર્મ છે.

## જે જીવ જ્ઞાનસ્વભાવી આત્માને શ્રદ્ધે છે, તે સુખી થાય છે.

અનાદિકાળથી જીવે પર ઉપર દ્રષ્ટિ કરી છે. તે દ્રષ્ટિ છોડી મારી ભૂલના કારણે રખડ્યો છું ને તે ભૂલ ટાળી હું સ્વતંત્ર થઈ શકું એમ છું, એમ નિર્ણય કરે તો સુખ થાય. કેવો છે ભગવાન આત્મા ? બધાને જાણનાર છે. આ અંધારું છે ને આ અજવાળું છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે ને શરીરાદિ જડ છે તેમ આત્મા નક્કી કરે છે. શુભાશુભ ભાવો થાય છે તે બધાને જાણનાર આત્મા છે. અનંતા પદાર્થો ને અનંતા પ્રકારની લાગણીઓ હોવા છતાં તે બધાને પી જવાની એટલે જાણવાની તાકાત આત્મામાં છે. જિન ભગવાને કહેલા સમસ્ત વિશ્વના પદાર્થોને જાણે છે. તે વિશ્વના પદાર્થોમાં આત્મા પ્રધાન છે. આવો આત્મા પ્રધાન છે. તેમ જે જાણે છે તે સુખને પામે છે. ને જે મુનિ આત્માને શ્રદ્ધતો નથી તે તપવ્રતાદિ કરવા છતાં શ્રમણાભાસ છે.

*

# પ્રસાદ નં. ૨૨૨

## પ્રવચનસાર ગાથા ૨૬૬

(જેઠ સુદ ૭, સોમવાર)

જે મુનિ સર્વજ્ઞે કહેલાં આગમોને જાણે છે, જેણે છ દ્રવ્યો ને નવ તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા કરી છે, છ કાયની હિંસાના ભાવનો ત્યાગ કર્યો છે, ઉપવાસ, વ્રત, તપાદિ કરે છે છતાં પણ પોતાના આત્માને શ્રદ્ધતો નથી તે મુનિ શ્રમણાભાસ છે. કારણ કે તેણે પરસન્મુખ દ્રષ્ટિ કરી છે. શાસ્ત્ર સન્મુખ, રાગ ને નિમિત્ત સન્મુખ રહીને જાણપણું કર્યું છે પણ સ્વસન્મુખ થઈને જાણપણું કર્યું નથી તેથી તે શ્રમણાભાસ છે. જે સર્વજ્ઞનાં શાસ્ત્રને માનતો નથી ને જે વ્યવહાર, નવતત્ત્વાદિના જ્ઞાનમાં ભૂલ કરે છે તે તો શ્રમણાભાસીમાં પણ આવતો નથી.

## જિન ભગવાને કહેલા અનંતા પદાર્થોથી ભરેલું આ વિશ્વ છે.

અહીં પાઠમાં લખ્યું છે કે "જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને કે જે વિશ્વ પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી આત્મપ્રધાન છે." આમાં ઘણું રહસ્ય છે. આત્મા પ્રધાન છે. કેવો છે, તે આત્મા? જિન ભગવાને કહેલા અનંતા પદાર્થોને જાણે તેવા બેહદ સ્વભાવવાળો આત્મા છે. તે અનંતા પદાર્થો ક્યા ક્યા છે ?

(૧) પ્રથમ તો જીવ પોતે હિત કરી સુખી થવા માગે છે તો પોતાના પહેલાં પરિપૂર્ણ સુખી થઈ ગયેલા જીવો હોવા જોઈએ. જે જ્ઞાન અધૂરી દશામાં, રાગમાં તથા પરપદાર્થોમાં અટકી જતું તે સાચાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા થતાં જ્ઞાન એકલું રહી ગયું ને વિકારનો નાશ થઈ ગયો. વીતરાગને ઇચ્છા નથી. ઇચ્છારહિત પરિપૂર્ણ સર્વજ્ઞદશા પ્રગટ થઈ. વિકારનો સર્વથા નાશ થતાં સર્વજ્ઞદશા પ્રગટ થયા વિના રહે નહિ. જે સર્વજ્ઞદશામાં એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની તાકાત છે, તે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં અનંતાનંત પદાર્થો જણાયા. તે અનંતામાં સર્વજ્ઞ ભગવાનો પણ આવી ગયા.

(૨) 'જિનોક્ત' શબ્દ કહેલ છે એટલે કે જિને કહેલા. તે ઉપરથી નક્કી થાય છે કે જિનભગવાનને ઇચ્છા વગર વાણી હોવી જોઈએ. વાણીવાળા કેવળી નક્કી થયા તેમ જ વાણી પણ નક્કી થઈ.

(૩) વાણીવાળા કેવળી નક્કી થયા તો વાણી વગરના મૂક કેવળીઓ પણ નક્કી થાય છે.

(૪) તે કેવળી ભગવંતો પોતાનું આયુષ્ય પૂરું થતાં સિદ્ધદશા પામે છે એટલે અનંતા સિદ્ધો નક્કી થાય છે.

(૫) તે સર્વજ્ઞની વાણી સાંભળીને સર્વજ્ઞ કહે છે તેમ આત્માના સ્વભાવની પ્રતીતિ કરીને રમણતા કરનારા મુનિઓ ને પ્રતીતિવાળા શ્રાવકો તથા સમ્યગ્દ્રષ્ટિઓ પણ નક્કી થાય છે.

(૬) તે સર્વજ્ઞની વાણી સાંભળવા છતાં પોતાના સ્વભાવનો ને સર્વજ્ઞનો નકાર કરનારા બાધક અજ્ઞાની જીવો પણ અનંતાનંત છે.

(૭) જીવ વીતરાગદશા પામતો નથી ત્યાં સુધી વિકાર કરે છે. જો વર્તમાન વિકાર ન હોય તો વીતરાગતા પ્રગટ હોવી જોઈએ પણ વર્તમાન વિકાર પ્રત્યક્ષ જણાય છે. તે વિકાર પોતાના આત્માના લક્ષે હોઈ શકે નહિ પણ પરના લક્ષે જ થાય છે માટે પોતા સિવાય અનંતા પરપદાર્થો છે.

(૮) એક જીવના એક દિવસના ૨૪ કલાકના વિકારનો વિચાર કરવામાં આવે તો સ્થૂળ પ્રકારે અસંખ્ય પ્રકારના ને સૂક્ષ્મ પ્રકારે અનંત પ્રકારના વિકાર છે. તો અનંતકાળથી અનંતપ્રકારના વિકારો થયા માટે વિકારનાં નિમિત્તો—અંતરંગ નિમિત્ત દ્રવ્યકર્મોની પ્રકૃતિઓ અનંત પ્રકારની તારતમ્યતાવાળી તેમ જ બહિરંગ નિમિત્તો—નોકર્મ પણ અનંતા પ્રકારના નક્કી થાય છે. અનંતા ભવો, અનંતા કર્મોના સ્કંધ તથા નોકર્મો આદિ સાબિત થાય છે. આમ વિકાર, કર્મ ને નોકર્મની વિવિધતા ને વિચિત્રતા નક્કી થાય છે.

(૯) જે પરના લક્ષે જીવ વિકાર કરે છે તે પરપદાર્થોમાં બીજા જીવો ને જડ પદાર્થો બે પ્રકારે છે. જીવોમાં કેવળીથી લઈને મિથ્યાદ્રષ્ટિ સુધી જીવો કહેવાઈ ગયા છે. વળી એક જીવમાં અનંતા પ્રકારે વિકાર છે તો અનંતા જીવોમાં અનંત અનંત પ્રકારે વિકાર છે ને અનંતા પ્રકારે કર્મો ને નોકર્મોનો સંબંધ છે. ને જડમાં પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ પણ સાબિત થાય છે.

આ પ્રમાણે જિન ભગવાને કહેલા અનંતા પદાર્થોથી ભરેલું આ વિશ્વ છે. આ ઉપરથી નક્કી થાય છે કે બધા થઈને એક જ આત્મા છે ને બાકી બધું ભ્રમ છે તે માન્યતા મિથ્યા છે.

## <u>અનંતા પદાર્થોને જાણવાની તાકાત આત્મામાં રહેલી છે.</u>

આ અનંત પદાર્થોને એકી સાથે જાણવાવાળો આત્મા છે માટે તે પદાર્થોમાં આત્મા પ્રધાન છે. પાઠમાં લખેલ છે કે 'આત્મા વડે પી જવાય છે.' કોઈ નિમિત્તથી દેવગુરુશાસ્ત્રથી કે શુભરાગથી જાણે છે, એમ કહ્યું નથી. પોતાના આત્માથી જાણે છે

એટલે બીજા કોઈ પરપદાર્થથી જાણતો નથી. એમ નક્કી થાય છે. વળી અનંતા પદાર્થો છે માટે આત્મા જાણે છે, એમ પણ નથી. વળી પી જાય છે, એમ કહ્યું છે એ એમ બતાવે છે કે જેમ ગમે તેટલું પાણી પીએ તો પાણી થોડું ગણાય ને પેટ મોટું ગણાય છે કારણ કે તે પાણી પેટમાં સમાઈ જાય છે. તેમ અનંતાનંત પદાર્થો છે તેના કરતાં પણ અનંત- ગુણા જ્ઞેયો હોત તો તેને પણ જાણી લેવાની આત્માની તાકાત છે.

## અનંતા પદાર્થોને જાણવાની આત્માની શક્તિની પ્રતીતિ દ્રવ્યદ્રષ્ટિથી જ થાય છે.

અનંતા પદાર્થો તરફના વલણથી, પુણ્યથી કે ઇન્દ્રિયોથી તે પદાર્થો જાણી શકાય, એમ નથી પણ મારો પોતાનો જ્ઞાનસ્વભાવ સ્વ-પરપ્રકાશક છે તે તરફ વળું ને તેમાં એકાગ્ર થાઉં તો સ્વ-પરપ્રકાશક શક્તિ પરિપૂર્ણ વિકાસ પામતાં બધા પદાર્થો જણાઈ જાય છે. પણ પરસન્મુખ રહીને અનંતા પદાર્થો જાણી શકાય, એમ નથી. હું જ્ઞાન જ છું, જ્ઞાન સન્મુખ જોતાં જ્ઞેયોનું યથાર્થ જ્ઞાન થાય છે. જ્યાંસુધી આત્મા પરસન્મુખ જોયા કરશે ત્યાંસુધી વિકારદશા અને જ્ઞાનની હીણી દશા કદી ટળશે નહિ ને સર્વજ્ઞપદ પ્રાપ્ત કરી શકશે નહિ. પોતામાં સર્વજ્ઞ થવાની તાકાત છે એવી પ્રતીતિ આત્મસન્મુખ રહેવાથી થશે. દ્રવ્યદ્રષ્ટિ વિના અનંત પદાર્થોને જાણવાની તાકાતની પ્રતીતિ થતી નથી.

## સ્વસન્મુખ દ્રષ્ટિ થતાં પરની તથા વિકારની રુચિ નાશ પામે છે.

આમ જે જીવ નક્કી કરે છે તેને સાચી દ્રષ્ટિ થાય છે. તેને આત્માના જ્ઞાનનો મહિમા આવે છે. મારા જ્ઞાન સામર્થ્યમાં અનંતા કેવળીઓ અને સિદ્ધો સમાઈ જાય છે છતાં જ્ઞાન મોટું રહી જાય છે. ચોથા ગુણસ્થાનવાળો આવી પ્રતીતિ કરે છે. કોઈ અર્હંત વડે, કોઈ વાણી વડે કે પુસ્તકાદિ વડે જાણતો નથી પણ પોતાથી જાણે છે, એમ નક્કી કરતાં નિમિત્તથી લાભ થાય, દેવ-ગુરુ-શાસ્ત્રથી જ્ઞાન થાય, ઘણા પુસ્તકો વાંચીએ તો જ્ઞાન થાય, એવી દ્રષ્ટિ નાશ થાય છે. પર તરફની તેમ જ વિકાર તરફની રુચિ નાશ પામે છે ને પોતાના સ્વભાવના વિકાસ માટે પરસન્મુખ જોવાનું રહેતું નથી. સ્વ તરફ જોતાં જ્ઞાન પરિપૂર્ણ થાય છે ને પોતાને પરિપૂર્ણ જાણતાં અનંતા પર જણાઈ જાય છે. પોતાને જાણવું તે નિશ્ચય છે ને પરને જાણવું તે વ્યવહાર છે.

## વિકારના સદ્ભાવમાં જ્ઞાન હીણુ હોય છે. અવિકારી દશા બેહદ સર્વજ્ઞપણું વ્યક્ત થાય છે.

ઘણા લોકો કહે છે કે આ બહુ ઊંચી વાત છે પણ આ ઊંચી વાત નથી. આ તો હજી પ્રતીતિ કરાવવાની વાત છે. પ્રથમ જૈન કેવા હોય ? કે જે સર્વજ્ઞ શક્તિની કબૂલાત કરે. અનાદિકાળથી અનંતા ભવો થયા તેમ જ અનંત પ્રકારે વિકાર પોતે કર્યા છે તે વિકારો ને વિકારોનાં નિમિત્તો અનંત પ્રકારનાં છે. એમ અનંતા પદાર્થો છે, તેનું જાણપણું વિકાર સન્મુખ દ્રષ્ટિથી થતું નથી. વિકાર તરફની દ્રષ્ટિથી જ્ઞાન હીણું થાય છે. જીવ વિકારમાં રહીને ક્રમે ક્રમે પદાર્થોનું જ્ઞાન કરે છે પણ વિકારથી પરાङ्मુખ થઈ સ્વભાવ સન્મુખ થાઉં તો અનંતા પદાર્થોને અક્રમે જાણવાની મારી તાકાત છે, એમ પ્રતીતિ થાય છે. જ્યાં સુધી ઇચ્છા હોય છે ત્યાંસુધી જ્ઞાન અટકે છે. પણ વિકાર સન્મુખ નહિ, કર્મ સન્મુખ નહિ. હું તો જ્ઞાન સન્મુખ છું એવી પ્રતીતિ થતાં આ જ્ઞાન જ સર્વજ્ઞની તાકાતવાળું છે, એમ નક્કી થાય છે.

૧. જ્યાં સુધી પરસન્મુખ દ્રષ્ટિ છે ત્યાં સુધી સ્વને તો જાણતો નથી પણ વિકાર તથા પરપદાર્થોનું જે થોડું જાણપણું ક્રમે થાય છે તે પણ યથાર્થ જ્ઞાન કહેવાતું નથી.

૨. પણ સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ થતાં ને પોતાના સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ થતાં અનંતા પદાર્થોને અક્રમે જાણવાની તાકાતની પ્રતીતિ આવી ને સ્વ-પર બધા પદાર્થોનું જ્ઞાન યથાર્થ થયું, તે અનંતા પદાર્થોના આશ્રયે થતું નથી પણ બેહદ જ્ઞાનસ્વભાવના આશ્રયે થાય છે. પણ આત્માના સર્વ પ્રદેશેથી પ્રત્યક્ષ જાણવાની તાકાત હજી ખીલી નથી પણ પ્રતીતિ કરી છે. જ્ઞાનની તાકાત તો હજી પરોક્ષપણે ક્રમે જાણવાની છે.

3. સાધકદશામાં વિકાર છે ત્યાંસુધી જ્ઞાનમાં અપૂર્ણતા ને પરોક્ષતા છે. સ્વ સન્મુખ દ્રષ્ટિ વડે સ્થિરતા કરી વીતરાગતા થતાં પોતે કેવળજ્ઞાન વ્યક્ત કરી શકશે ને અનંત પદાર્થોને પ્રત્યક્ષ સર્વ પ્રદેશોથી અક્રમે જાણી શકશે.

## પોતાની સર્વજ્ઞ શક્તિની કબૂલાત પોતાથી કરવી જોઈએ. જિન ભગવાન તથા શાસ્ત્ર કહે છે માટે નહિ.

જિન ભગવાને કહેલા પદાર્થોનું સ્વરૂપ આવું છે. 'જિન' શબ્દમાંથી નક્કી થાય છે કે તેઓ પ્રથમ જિન ન હતા. અજ્ઞાનદશા હતી. વિકારની તારતમ્યતા ને વિવિધતા હતી. કર્મો ને નોકર્મો વગેરે વિવિધતાવાળા અનંતા પદાર્થો છે. ત્યારપછી સાચી દ્રષ્ટિ થતાં આત્મા સાથે અંશે એકતા થઈ. અસ્થિરતાને લીધે

વિકાર હતો ને અલ્પજ્ઞતા હતી. પછી સંપૂર્ણ એકતા થતાં સર્વજ્ઞ જિન થયા. આમ આત્માના સ્વરૂપને યથાર્થ શ્રદ્ધામાં લેવો જોઈએ. વર્તમાન વિકારી દશામાં વિકાર મંદ કરી શકે છે એમ પ્રત્યક્ષ દેખાય છે તો વિકારનો અભાવ પણ કરી વીતરાગી દશા થાય છે ને વીતરાગી દશા થતાં સર્વજ્ઞપણું પ્રગટ થાય છે. પણ તે પોતાના આત્મા વડે જાણવું થાય છે એમ નક્કી કરે તો પ્રતીતિ સાચી કહેવાય. ભગવાન કહે છે માટે અનંતા પદાર્થો છે એમ ઓઘે ઓઘે નક્કી કરે તે યથાર્થ નથી. ભગવાન તો પરપદાર્થમાં ગણાય છે. આત્મા પોતે પોતાની સર્વજ્ઞ શક્તિવડે અનંત પદાર્થોને જાણવાવાળો છે, તેમ સ્વભાવસન્મુખ દ્રષ્ટિ કરી સ્વને જાણે તો પોતાનો આત્મા અનંતા જ્ઞેયોને પી જાય છે તેવી તાકાતની પ્રતીતિ સાચી કરી કહેવાય ને બધાં જ્ઞેયોમાં આત્મા પ્રધાન છે તેની પ્રતીતિ કરી કહેવાય.

## **જે શ્રમણ આગમનો જાણકાર ને સંયમી હોવા છતાં પોતાના આત્માને શ્રદ્ધતો નથી તે શ્રમણાભાસ છે.**

જે જીવ અનંતા પદાર્થોને માનતો નથી પણ બધા થઈને એક છે, એમ માને છે તેને બધાં જ્ઞેયોમાં આત્મા પ્રધાન છે તેવી શ્રદ્ધા થતી નથી. તે તો સ્થૂળ ભૂલમાં છે. વળી જે જીવ પોતાની દશા અલ્પજ્ઞ રહે તેવી માને છે તેણે પણ આત્મા પ્રધાન માન્યો નથી. તે પણ સ્થૂળ ભૂલમાં છે. અનંતા સિદ્ધો છે, કેવળી છે, સાધક છે, બાધક છે, કર્મો છે, નોકર્મો છે વગેરે અનેક પ્રકારે જીવ અને અજીવ બધા પદાર્થો છે એમ હજી વ્યવહારે જે જ્ઞાનમાં લેતો નથી તે તો સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે. તે આગમનો જાણકાર નથી. આચાર્ય ભગવાન એમ કહે છે કે જે મુનિ સર્વજ્ઞે કહેલાં છ દ્રવ્યો, નવ તત્ત્વો વગેરેને વ્યવહારથી જાણે છે, છ કાયની હિંસાના ભાવનો ત્યાગ છે, તપ ને સંયમમાં લીન છે છતાં પણ વિશ્વના અનંતા પદાર્થોમાં પોતાનો આત્મા પ્રધાન (મુખ્ય) છે ને પોતાના આત્માના આશ્રયે રહીને જાણપણું કરીને પોતાના આત્માને શ્રદ્ધતો નથી પણ પરસન્મુખ દ્રષ્ટિ કરે છે તે મુનિ સાચો મુનિ નથી પણ શ્રમણાભાસ છે. શાસ્ત્રનું જાણપણું ક્યારે કર્યું કહેવાય ? કે તેનું રહસ્ય પોતાના ભાવમાં ભાસે તો. પોતે જ્ઞાત છે ને અનંતા જ્ઞેયો છે. અનંતા જ્ઞેયોમાં તન્મય થયા વિના જ્ઞાતા બધાનો જાણનાર છે, એવી શ્રદ્ધા કરતો નથી તે શ્રમણાભાસ છે.

## જેને ધર્મ કરવો છે તેણે બધાં જ્ઞેયોમાં પોતાનો આત્મા પ્રધાન છે તેવી દ્રષ્ટિ કરવી જોઈએ.

જુઓ, અહીં આચાર્ય ભગવાને ચરણાનુયોગમાં પણ આત્મપ્રધાનની વાત કરી છે. દરેક ગાથાએ દ્રવ્યદ્રષ્ટિ રાખીને વાત કરી છે. આત્મજ્ઞાન વિના શાસ્ત્રનું જાણપણું, વ્રતાદિનું પાલન ને સંયમ બધું વ્યર્થ છે એમ કહેવું છે. ને તપશ્ચર્યા કરતો હોવા છતાં તેને ધર્મની ગંધ પણ નથી. ભાઈ, તારે ધર્મ કરવો છે ને ? તે ઉપરથી નક્કી થાય છે કે વર્તમાન પર્યાયમાં ધર્મ પ્રગટ નથી પણ અધર્મ છે. અધર્મનો કરનારો તું ને અધર્મને ટાળીને ધર્મનો કરનારો પણ તું છો. વર્તમાન દશામાં ધર્મ વ્યક્ત હોય તો ધર્મ કરવો રહેતો નથી ને ધર્મ પ્રગટ કરવાની સ્વભાવમાં શક્તિ ન હોય તો ધર્મ પ્રગટી શકે નહિ માટે ધર્મદશા પ્રગટ થાય તેવી શક્તિના ભંડારસ્વરૂપ તારા આત્માની શ્રદ્ધા કર. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનેક ગુણોની મોટી વખાર છે. તે આત્મા અનંતા જ્ઞેયોને એક સમયમાં પી જાય તેવી તાકાતવાળો છે. તે ચીજો છે માટે જાણે છે, એમ પણ નથી પણ પોતાની આવી તાકાત છે એમ બતાવે છે. આ વાત પકડવાને માટે પોતાનું જ્ઞાન ઝીણું કરવું પડશે. જેને વર્તમાનમાં પોતાની સર્વજ્ઞશક્તિની પ્રતીતિ આવતી નથી તે આગળ કેવી રીતે વધે ને મુનિપણું લ્યે ? એટલે કે તે વધી શકે નહિ. માટે સર્વ જ્ઞેયોમાં પોતાનો આત્મા પ્રધાન છે, તેવી પ્રતીતિ તે પ્રથમ સમ્યગ્દર્શનરૂપ ધર્મ છે. આવો આત્મા જે મુનિ શ્રદ્ધતો નથી તે શ્રમણાભાસ છે.

અહીં કોઈ કહે કે બધા મતો વચ્ચે સમન્વય કરો ને ગુણગ્રાહી થાઓ તો ?

સમાધાન :—અમૃત ને ઝેરનો સમન્વય હોતો નથી. તેમ વીતરાગ સર્વજ્ઞદેવની યથાર્થ વાતને અન્યમત સાથે મેળ ખાય તેમ નથી. છતાં પણ બધું છે એમ ‘છે’પણાની અપેક્ષાએ સમન્વય છે. કારણ કે ભગવાનની વાણીમાં એમ આવ્યું કે સમ્યક્ત્વ ‘છે’ ને મિથ્યાત્વ ‘છે’. સિદ્ધના જીવો ‘છે’ ને સંસારી જીવો પણ ‘છે’. સર્વજ્ઞને માનનારા જીવો ‘છે’ ને અલ્પજ્ઞ તથા વિકારીને માનનારા જીવો ‘છે’. એટલે તેમાં ‘છે’પણાની અપેક્ષાએ સમન્વય છે. વળી પોતે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત ગુણોનો પિંડ છે, એમ નક્કી કરતાં બીજા જીવો ને જડ પદાર્થોના ગુણને પણ જાણી લ્યે છે. આને ગુણગ્રાહીપણું કહેવાય છે.

વળી કોઈ કહે કે આટલી ઊંચી વાત કરો છો પણ પ્રથમ સાચા મનુષ્ય તો થવું જોઈએ ને ?

## મનુષ્યપર્યાયમાં યથાર્થ નિમિત્તો મળવા છતાં જે આત્માની શ્રદ્ધા કરતો નથી તે કાચબાની જેમ મૂર્ખ છે.

**સમાધાન :—**જે જીવ પોતાના આત્માને યથાર્થ શ્રદ્ધતો નથી તે મિથ્યાદ્રષ્ટિ છે. તેનો ઊંધી શ્રદ્ધાનો વ્યવહાર તે મનુષ્યવ્યવહાર છે ને જે જીવ સાચી શ્રદ્ધા કરે છે ને પોતામાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર પ્રગટ કરે છે, તે આત્મવ્યવહાર છે.

આત્માનું જ્ઞાન કરી શકે એવો મનુષ્યભવ મળ્યો, જૈનધર્મ મળ્યો, સાચાં નિમિત્તો મળ્યાં છતાં જે જીવ મનુષ્યપર્યાય ઉપરની દ્રષ્ટિ છોડીને આત્માની દ્રષ્ટિ કરતો નથી, તે મૂર્ખ છે. પાણીમાં લીલફૂગને લીધે કાચબા ચંદ્રને જોઈ શકે નહિ. કોઈવાર લીલફૂગનું પોપડું દૂર થતા પ્રથમ ચંદ્ર જોયો પણ પોતે ચંદ્રની કાન્તિ જોવા નહિ રોકાતાં બીજા કાચબાઓને કહેવા ગયો ને બધાને તેડી આવ્યો. ત્યાં લીલફૂગ પાછી ભેગી થઈ જતાં ચંદ્ર દેખાતો બંધ થઈ ગયો. જેમ તે કાચબો મૂર્ખ ગણાય છે તેમ જે જીવ સાચાં ટાણાં, સાચાં નિમિત્તો ને પોતાને જ્ઞાનનો ઉઘાડ મળવા છતાં બહારમાં રોકાય છે ને આત્માનો નિર્ણય કરતો નથી તે કાચબાની જેમ મૂર્ખ છે. સંસારમાં રચ્યો પચ્યો રહી મનુષ્યપર્યાય પૂરી થઈ જતાં ચાર ગતિમાં ભ્રમણ કરે છે. ।।૨૬૪।।

હવે મુનિપણામાં સમાન છે તેનું અનુમોદન નહિ કરનારનો વિનાશ દર્શાવે છે.

### ગાથા ૨૬૫

**મુનિ શાસને સ્થિત દેખીને, જે દ્વેષથી નિંદા કરે,**
**અનુમત નહિ કિરિયા વિષે, તે નાશ ચરણ તણે કરે. ૨૬૫.**

**અર્થ :—**જે શાસનસ્થ (જિનદેવના શાસનમાં રહેલા) શ્રમણને દેખીને દ્વેષથી તેના અપવાદ બોલે છે અને (સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત (ખુશી) નથી, તેનું ચારિત્ર નષ્ટ થાય છે.

## જે મુનિ બીજા મુનિનો આદર નહિ કરતાં દ્વેષ કરે છે, તેનું ચારિત્ર નષ્ટ પામે છે.

**ટીકા :—**જે ભાવલિંગી મુનિ બીજા ભાવલિંગી મુનિના અપવાદ બોલે, દ્વેષ કરે તો તે મુનિનું ચારિત્ર નષ્ટ પામે છે. પોતાનો દોષ હોવા છતાં તે ઠીક છે એમ માને, દોષને દોષ તરીકે કબૂલે નહિ તો તે શ્રદ્ધાથી પણ ભ્રષ્ટ થાય છે. અહીં વસ્ત્ર સહિતના કહેવાતા મુનિ અથવા દ્રવ્યલિંગી મુનિની તો વાત જ નથી. ભગવાને

કહેલા સ્વરૂપને જાણી અંતર્શ્રદ્ધા પ્રગટ કરી ચારિત્ર પ્રગટ કર્યું છે તેવો મુનિ બીજા મુનિ ભાવલિંગી હોય પણ ઓછા ઉઘાડવાળા હોય, સરખું વાંચતાં ન આવડતું હોય, વ્યાખ્યાન સરખું દેતાં ન આવડે, તેની ઇર્ષા કરે તો ચારિત્રમાં દોષ આવે છે.

કોઈ મુનિને ઉઘાડ ઓછો હોય, અવધિ કે મનઃપર્યયજ્ઞાન પણ પ્રગટે તેમ જ મતિ તથા શ્રુતજ્ઞાનનો ઉઘાડ પણ ઓછો હોય, દ્રવ્યવચનમાં નિમિત્ત થાય એવાં ભાવવચન ન પણ હોય તો મુનિને ક્ષોભ ન થાય કે આમ કેમ ? કારણ કે કેવળજ્ઞાન પ્રગટવાનું મૂળ હાથમાં છે તો સીધું કેવળજ્ઞાન પ્રગટી જશે. જેમ રાજ્યનો પૈસો કોઈ લૂંટીને લઈ જાય પણ રાજ્ય હાથમાં હોય તો આવક ચાલ્યા કરે છે ને બે વર્ષમાં પાછો ખજાનો ભરાઈ જાય છે. એમ કોઈ મુનિને અવધિ કે મનઃપર્યયજ્ઞાન ન હોય, ને મતિ શ્રુતનો ઉઘાડ પણ ઓછો હોય પણ ચૈતન્યસ્વભાવ હાથમાં છે તે અંતર્મુહૂર્તમાં શુક્લધ્યાન પ્રગટ કરી કેવળજ્ઞાન પામશે. એટલે કોઈ મુનિને ઉઘાડ ઓછો હોય કે વધારે હોય, કોઈ મુનિને બહારમાં આબરૂ-માનપાન વધારે હોય કે ઓછા હોય તો પણ ભાવલિંગી મુનિ બધા એક જાતના છે. જેમ માળાના મણકા બધા એક જાતના છે તેમ કેવળજ્ઞાનના લેખામાં આવેલા સાધકો મણકા જેવા છે. એક પછી એક કેવળજ્ઞાન લેવાના. માટે ભાવલિંગી મુનિએ બીજા ભાવલિંગી મુનિની અદેખાઈ કરવી નહિ. વર્તમાનમાં મુનિ નામ ધરાવી મુનિનાં નામ લજાવે છે. એકબીજાને એકબીજાની ધર્મશાળામાં ઊતરવા ન દે, જાણે જમીનના માલિક થઈ ગયા હોય ! આ તો વ્યવહારનાં પણ ઠેકાણાં ન કહેવાય. શાંતિ રાખવી જોઈએ. કોઈ પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહિ. અહીં તો જે ભાવલિંગી મુનિ બીજા ભાવલિંગી મુનિના આદર સત્કારાદિ ક્રિયામાં ખુશી નથી તે દ્વેષથી રંગાયેલ છે. તેનું ચારિત્ર રહેતું નથી. નબળાઈથી દ્વેષ થયો તેને દોષ ન માનતાં ગુણ માને તો દર્શન પણ રહેતું નથી. ચારિત્રભ્રષ્ટ જીવ તો ફરી ચારિત્ર પામે છે, દર્શનભ્રષ્ટને તો ફરી સંધિ કરવી મુશ્કેલ પડે છે. ચારિત્રની નબળાઈવાળો જીવ વિચારે કે નબળાઈથી દ્વેષ થઈ ગયો, પામરતા આવી ગઈ. મારી પ્રભુતામાં આવી પામરતા ન પાલવે કારણ કે પામરતા આવવાથી વીતરાગી સમતા રહેતી નથી તેથી વિચાર કરીને પુરુષાર્થ લાવી સ્વરૂપ લીનતામાં સંધિ કરી લ્યે છે. અહીં ચરણાનુયોગનો અધિકાર છે. મુનિઓ ભૂલ કરે તો ચારિત્રથી પડે છે, એમ સાધકદશાનું યથાર્થજ્ઞાન કરાવ્યું છે. આ વીતરાગનો માર્ગ છે. વીતરાગના માર્ગમાં જરાપણ દોષ ચાલે નહિ.

*

# પ્રસાદ નં. ૨૨૪

## <u>પ્રવચનસાર ગાથા ૨૬૬</u>

(જેઠ સુદ ૯, બુધવાર)

હવે જે શ્રામણ્યે અધિક હોય તેના પ્રત્યે જાણે કે તે શ્રામણ્યે હીન હોય એમ આચરણ કરનારનો વિનાશ દર્શાવે છે.

**જે હીનગુણ હોવા છતાં ‘હું પણ શ્રમણ છું’ મદ કરે,**
**ઇચ્છે વિનય ગુણ-અધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬.**

**<u>અર્થ :</u>**—જે શ્રમણ ગુણે હીન (હલકો) હોવા છતાં ‘હું પણ શ્રમણ છું’ એમ માનીને અર્થાત્ ગર્વ કરીને ગુણે અધિક પાસેથી (–જે પોતાના કરતાં અધિક ગુણવાળા હોય એવા શ્રમણ પાસેથી) વિનય ઇચ્છે છે, તે અનંતસંસારી થાય છે.

## <u>જે મુનિ પોતાથી અધિક ગુણવાળા પાસે વિનય ઇચ્છે છે તે અનંતસંસારી થાય છે.</u>

**<u>ટીકા :</u>**—આ ચરણાનુયોગનો અધિકાર છે. આત્માની દ્રષ્ટિ શુદ્ધસ્વભાવ ઉપર હોવા છતાં, સ્વરૂપની લીનતારૂપી ચારિત્રદશા હોવા છતાં તે તે ગુણસ્થાને તેને યોગ્ય વિનય આદિ કરે તો મુનિદશા રહે છે. બીજા વધી ગયેલા મુનિનો વિવેક ન રાખે તો ચારિત્ર રહેતું નથી. આત્મા શુદ્ધ છે એવી દ્રવ્યદ્રષ્ટિ ને સમય સમયના પર્યાયનો વિવેક મુનિને હોય છે. વિવેક ન રાખે તો ચારિત્રભ્રષ્ટ થાય છે ને સર્વથા વિવેક ચૂકી જાય તો દર્શનભ્રષ્ટ થાય છે. હવે આ ગાથામાં એમ કહેવું છે કે બીજા મુનિ કરતાં પોતાની નિર્મળતા ઓછી હોવા છતાં ‘હું પણ મુનિ છું’ એમ ગર્વ લાવી પોતાથી અધિક મહાત્મા પાસે વિનયની ઇચ્છા રાખે તો તે પર્યાયનો વિવેક રાખતો નથી, તેથી ચારિત્રથી ભ્રષ્ટ થાય છે ને સર્વથા વિવેક ભૂલી જાય તો દર્શનથી ભ્રષ્ટ થઈ અનંતસંસારી થાય છે.

## <u>બધાને સરખા માનવા તે સમદર્શીપણું નથી પણ પ્રગટ પર્યાય મુજબ વિવેક રાખવો તે સમદર્શીપણું છે.</u>

કોઈ કહે કે બધા સાથે સમાનભાવ રાખીએ તો ? ભાઈ, જે વસ્તુસ્વરૂપ હોય તે સમજવું જોઈએ. પુણ્યથી કે નિમિત્તથી ધર્મ માનતા હોય તેવા સાથે સમાનપણું રાખવું તે તો મિથ્યાદ્રષ્ટિપણું છે. વિપરીત માન્યતાવાળાનો આદર ન કરવો તેમ જ દ્વેષ પણ ન કરવો, મધ્યસ્થ રહેવું. જે પુરુષ પર્યાયમાં સર્વજ્ઞદશાને પામ્યો છે, તે પૂજ્ય છે પણ પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ ન હોય, તે સર્વજ્ઞ તરીકે પૂજ્ય નથી.

શક્તિએ તો બધા સરખા છે. નિગોદનો જીવ, કાગડાનો જીવ ને ભગવાનનો જીવ શક્તિએ તો સિદ્ધસમાન છે છતાં જેની પર્યાય આગળ વધીને સર્વજ્ઞદશારૂપે વ્યક્ત થઈ છે, તેનો આદર હોય છે ને તે સિવાયના અન્ય જીવનો આદર હોતો નથી, નિગોદના કે કાગડાના જીવને કોઈ પગે લાગતું નથી. કુદેવ ને સુદેવ, કુગુરુ ને સુગુરુ, પાત્ર ને અપાત્ર, સજ્જન ને દુર્જન—એમ બન્ને વચ્ચે ભેદ જેમ છે તેમ જાણવો તે સમદર્શિતા છે. બન્ને સરખા છે એમ માનવું તે સમદર્શીપણું નથી, તે તો મિથ્યાભ્રાંતિ છે. માતા ને સ્ત્રી બન્ને નારી જાતિ છે છતાં ત્યાં વિવેક રાખે છે. રોટલી ને અભક્ષ્ય પદાર્થ બન્ને પુદ્‌ગલ પરમાણુના સ્કંધ છે છતાં ધર્મી જીવને રોટલી ઉપર લક્ષ જશે પણ અભક્ષ્ય પદાર્થ ઉપર લક્ષ નહિ જાય કારણ કે બન્નેની વર્તમાન પર્યાયમાં ફેર છે, તે દ્રષ્ટાંતે મુનિ તરીકે બધા સરખા હોવા છતાં દરેકની પર્યાયમાં ફેર છે માટે પર્યાયનો વિવેક હોવો જોઈએ.

જે મુનિ બહુ ગર્વ કરે છે ને અધિક નિર્મળતાવાળા મુનિ પાસે વિનય ઇચ્છે છે તેને વસ્તુસ્વભાવનો તેમ જ ધર્માત્માનો અનાદર વર્તે છે. તે ભલે શાસ્ત્ર ભણ્યો હોય કે વ્રત તપ કરતો હોય તોપણ તે અનંતસંસારી છે. કુંદકુંદાચાર્ય ભગવાન તો એકદમ કડક સત્ય વાત કરે છે. મુનિપણાના સ્વરૂપમાં પણ કહ્યું હતું કે ચારિત્રદશામાં વસ્ત્રનો રાગ ન હોય છતાં વસ્ત્રનો રાગ રાખી મુનિપણું મનાવે તે નિગોદમાં જશે. તેમ અહીં પણ જે જીવ પર્યાયનો વિવેક રાખતો નથી ને ગર્વ કરે છે ને અધિક ગુણવાળા મુનિ પાસે આદર માગે તો તેને નમ્રતા રહેતી નથી. પર્યાયનો વિવેક નથી તેથી તે અનંતસંસારી થાય છે. અહીં મુનિની વાત કરી છે, પેટામાં શ્રાવકને સમકિતી આવી જાય છે. તેઓ પણ પોતાથી અધિક ગુણવાળા પાસે વિનય માગે તો તે પણ અનંતસંસારી થાય છે.

કોઈ કહે કે અમારે શ્રી કુંદકુંદાચાર્યનું માનવું કે અન્યમતના મોટા થઈ ગયા હોય તેનું માનવું ? ભાઈ, સર્વજ્ઞથી વિપરીત જેટલા મત છે. જે કોઈ આત્માને એકાંત ફૂટસ્થ માને ને પરિણામી—બદલતો ન માને તેમ જ બીજી રીતે એકાંત માન્યતાવાળા હોય તે ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે, તેની વાત છે જ નહિ, તેને માનવાનું હોઈ શકે નહિ. અહીં તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનનારા સાચા ભાવલિંગી મુનિ પર્યાયનો વિવેક ભૂલી ગર્વ કરે તો અનંત- સંસારી થાય છે એમ બતાવ્યું.

હવે જે શ્રમણ શ્રામણ્યે અધિક હોય ને જો પોતાનાથી હીન શ્રમણ પ્રત્યે પોતાના સમાન આચરણ કરે તો તેનો વિનાશ દર્શાવે છે.

## ગાથા ૨૬૭

## મુનિ અધિકગુણ હીનગુણ પ્રતિ વર્તે યદિ વિનયાદિમાં,
## તો ભ્રષ્ટ થાય ચરિત્રથી ઉપયુક્ત મિથ્યા ભાવમાં. ૨૬૭.

**અર્થ :—**જેઓ શ્રામણ્યમાં અધિક ગુણવાળા હોવા છતાં હીન ગુણવાળા પ્રત્યે (વંદનાદિ) ક્રિયાઓમાં વર્તે છે, તેઓ મિથ્યા ઉપયુક્ત થયા થકા ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.

## બહારના વેશ અથવા ત્યાગ દેખી જ્યાં ત્યાં જે જીવ વિનય કરે છે, તે વિનય મિથ્યાદ્રષ્ટિ છે.

એક રાજા ભગવાં કપડાં જ્યાં જ્યાં જુએ ત્યાં પગે લાગતો હતો. તેને કોઈ અજ્ઞાનીએ કહી રાખેલું કે ભગવાં કપડાં પહેરેલાં દેખાય તેને પગે લાગવું. એક વખત એક ગધેડા ઉપર ભગવું કપડું વીંટાએલું જોઈ રાજા, રાજા પોતાના હાથી ઉપરથી ઊતરી પગે લાગ્યો. તે ઉપરથી એક સાધુએ કહ્યું કે ભગવાં કપડાં તે સાધુનું ચિહ્ન નથી. જેમ આંબો ને મીણામરમો બન્ને વૃક્ષ છે છતાં આંબા નીચે છાંયો લેવાય પણ મીણામરમા નીચે છાંયો લેવા જાય તો મરી જાય. તેમ માત્ર બહારથી સાધુ નામ ધરાવે તે સાધુ ન કહેવાય. જે જીવ બહારનો ત્યાગ દેખી જ્યાં ત્યાં નમન કરે ને સામો ત્યાગી દેખાતો જીવ મુનિ છે કે નહિ તેની પરીક્ષા કરતો નથી ને બાહ્ય ત્યાગ દેખી વિનય કરે છે, તે વિનય મિથ્યાદ્રષ્ટિ છે.

## જે મુનિ પોતાથી હીન મુનિના આદર સત્કાર કરે, તે ચારિત્રથી ભ્રષ્ટ થાય છે

**ટીકા :—**જે મુનિ બીજા કરતાં અધિક ગુણવાળો હોવા છતાં બીજા હીન મુનિ પ્રત્યે વંદન, સત્કાર આદિ વિધિમાં વર્તે છે તો તે પોતાના સ્વરૂપની સાવધાની ચૂકી જાય છે, પર્યાયનો વિવેક ભૂલી જાય છે. તે મિથ્યાભાવમાં જોડાય છે તેથી ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. જે અન્ય મતવાળા ત્યાગી થઈ સાધુ નામ ધરાવે અથવા વસ્ત્રસહિત મુનિપણું મનાવે તેની તો વાત જ નથી. તેના પ્રત્યે આદર હોઈ શકે નહિ પણ યથાજાત ભાવલિંગી મુનિની વાત છે. અધિક ગુણવાળા મુનિએ પોતાથી હલકો હોય તેને વંદનાદિ કરવા નહિ. છતાં મોહને વશ થઈ નીચેની દશાવાળાને રાજી રાખવા વંદન કરે તો ચારિત્રથી ચ્યુત થાય છે. ।।૨૬૭।।

હવે, અસત્સંગ નિષેધ્ય છે એમ દર્શાવે છે :—

## ગાથા ૨૬૮

**સૂત્રાર્થ નિશ્ચયવંત, શમિતકષાય અધિક તપી ભલે,**
**પણ તે નથી સંયત, યદિ છોડે ન લૌકિક—સંગને. ૨૬૮.**

**અર્થ :—**સૂત્રનાં પદોને અને અર્થોને જેણે નિશ્ચિત કર્યાં છે, કષાયોને જેણે સમાવ્યા છે અને જે અધિક તપવાળો છે—એવો જીવ પણ જો લૌકિકજનોના સંસર્ગને છોડતો નથી, તો તે સંયત નથી.

## વસ્તુસ્વરૂપથી વિપરીત પ્રરૂપણા કરનારનો તથા લૌકિક સ્વચ્છંદી જીવોનો સમાગમ કરવાયોગ્ય નથી.

જે મુનિએ વીતરાગે કહેલા છ પદાર્થો ને નવતત્ત્વોનો નિશ્ચય કર્યો છે, ક્રોધ, માન, માયા, લોભના પરિણામ ઘટાડ્યા છે ને મુનિદશામાં અધિક છે તો પણ લૌકિકજનો, રાજા તથા અસત્સંગીઓનો સંસર્ગ છોડતો નથી તો તે મુનિ રહેતો નથી. તે લૌકિકજનો તેને ચારિત્રથી ભ્રષ્ટ કરતા નથી પણ લૌકિકજનોનો સમાગમ કરવાનો તેનો પોતાનો ભાવ ચારિત્રથી ભ્રષ્ટ કરે છે. પુરુષ પ્રમાણે વચન પ્રમાણ હોઈ શકે. એટલે જે પુરુષ વીતરાગ ને સર્વજ્ઞ છે તેનાં વચન પ્રમાણ હોઈ શકે પણ જે જીવ સર્વજ્ઞ વીતરાગને માનતો નથી ને વ્યવહાર શ્રદ્ધાની વાતો કરતો હોય ને સંસાર સુધારો કરવો જોઈએ વગેરે પ્રકારે માનતો હોય તે જૈન નથી, લૌકિક જન છે. તેવાની સોબત તે અસત્સંગ છે. તેવી સોબતથી જીવ નીચી પાયરીએ ઊતરતો જાય છે. કોઈ કહે કે રાત્રે થોડું ખાવાનો વાંધો નહિ એમ કહી રાત્રિભોજન કરે, ધીમે ધીમે તે કહેશે કે કંદમૂળ ખાવામાં શું વાંધો ? તેમ નીચે ઊતરતો જાય છે. કોઈ જીવ સ્વચ્છંદી થઈને કહે કે "અમો તો સ્ત્રીના સંગમાં રહીને બ્રહ્મચર્ય પાળીએ છીએ ને કસોટીમાં ઊતરીએ છીએ." આમ કહી સ્વચ્છંદ સેવે છે. બ્રહ્મચર્ય નવ વાડે પાલન કરવાનું કહ્યું છે. અસંગ આત્માનો પ્રેમ છોડી સ્ત્રીનો સંગ કરવાનો ભાવ જ નુકશાનકારક છે. તે જીવ બ્રહ્મચર્યથી પડી જવાનો. દયા-દાનનો ભાવ પણ છોડવા જેવો કહ્યો છે તો પછી સ્ત્રીના સંગનો ભાવ તો છોડવાનો જ છે. વળી લૌકિકમાં જેની ચારિત્રની છાપ ખરાબ છે તેવા સ્ત્રીપુરુષોના ઘેર પણ જવાની ના કહી છે. કારણ કે તે અસત્સંગ છે. વળી જે જીવો માંસ ખાતા હોય, દારૂ પીતા હોય, કોઈ કુદરત વિરુદ્ધ કુચેષ્ટા કરતા હોય તેવાનો સમાગમ કરવા યોગ્ય નથી. વળી કોઈ જીવ દેવ-ગુરુ-શાસ્ત્રની આજ્ઞા વિરુદ્ધ થઈ સ્વચ્છંદી વર્તતો હોય ને ધર્મના નામે જ્ઞાનના ઉઘાડને લીધે કદાચિત્ ઉપદેશ આપતો હોય તો તે સ્વચ્છંદી જીવનો

ઉપદેશ પણ સાંભળવો યોગ્ય નથી કારણ કે તે અસત્સંગ છે. માટે બધા પ્રકારે અસત્સંગ છોડવો.

**ટીકા :—**જે મુનિ શાસ્ત્રમાં નિપુણ છે ને સંયમી છે તે જો લૌકિકજનોના સંગને છોડતો નથી તો તે સંયત નથી, એમ આ ગાથામાં કહેવું છે પણ ટીકામાં તે મુનિ કેવો હોય છે, તેનો વિસ્તાર કર્યો છે.

## (1) જે મુનિ શાસ્ત્રોના ભાવો તથા પદાર્થોનું સ્વરૂપ જાણીને પોતાના જ્ઞાનસ્વભાવમાં નિઃશંક છે.

શબ્દબ્રહ્મ = ભગવાનની વાણી. જેમાં ચારે અનુયોગ આવી જાય છે. જે શબ્દબ્રહ્મ વિશ્વનો વાચક છે એટલે જગતમાં બધા પદાર્થ છે એમ બતાવે છે. છ દ્રવ્યો, તેનાં દ્રવ્ય-ગુણ-પર્યાય, સ્વભાવ, વિભાવ, સંયોગ, નિમિત્ત વગેરે બધા પદાર્થોને વાણી બતાવે છે. જેમાં અનંતાનંત પદાર્થોનું રહસ્ય આવે છે તેવી સત્ લક્ષણવાળી ભગવાનની વાણીને તથા તે શબ્દબ્રહ્મ જે પદાર્થોને બતાવે તે બધા પદાર્થો કહ્યા તે પણ સત્ લક્ષણવાળા છે. તે બન્નેને પોતાના જ્ઞાનમાં જાણે છે. ભાવલિંગી મુનિને ભગવાનની વાણીનું અથવા ભગવાને કહેલા આગમોના ભાવનું જ્ઞાન તથા પદાર્થોનું જ્ઞાન હોય છે. પોતે જ્ઞાયક ત્રિકાળ શુદ્ધ છે એવી દ્રષ્ટિ ને જ્ઞાનપૂર્વક પોતામાં સૂત્રના શબ્દો તથા પદાર્થોનું જ્ઞાન એક સાથે ગુંથાઈ ગયું છે. મુનિને ભાન છે કે જ્ઞાન મારા આધારે છે પણ શાસ્ત્ર તથા જ્ઞેયોના આધારે નથી. તે સૂત્રનાં પદો અને પદાર્થોનો નિશ્ચય કરનારો હું છું. મારા આત્મામાં તે શબ્દોને (શાસ્ત્રના ભાવોને) તથા જ્ઞેયોને જાણવાની તાકાત છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને જાણવાની મારી શક્તિ છે. હું પોતે જ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવી છું, એમ મુનિએ નિશ્ચય કર્યો છે. મારા આત્માના આધારે મારું જ્ઞાન છે. શાસ્ત્રો, શબ્દો કે પદાર્થોના આધારે મારું જ્ઞાન નથી. જુઓ પોતાના જ્ઞાનસ્વભાવની મોટપ ને નિશ્ચય બતાવ્યા છે.

આમ મુનિને પોતાના સર્વજ્ઞસ્વભાવની નિઃશંકતા વર્તે છે.

## શુદ્ધ ઉપયોગમાં વારંવાર લીનતા કરવાથી મુનિ અધિક તપવાળા છે.

(૨) વળી તે મુનિનું જ્ઞાતૃતત્ત્વ કેવું છે ? જેણે રાગરહિત શુદ્ધ ઉપયોગને લીધે ક્રોધ, માન, માયા, લોભને ઉપશમ કર્યા છે. વર્તમાન રાગની ઉપાધિ ટાળી છે.

(૩) વળી તે શુદ્ધ ઉપયોગમાં વારંવાર લીનતા કરવાથી નિષ્કંપ થયું છે. જે ઉપયોગ કંપે નહિ, શુભાશુભભાવોમાં ન જાય તેવું ને શુદ્ધમાં રહે તેવું તેને નિષ્કંપ

કહે છે. તેવા નિષ્કંપ ઉપયોગથી જ્ઞાતૃતત્ત્વ અધિક તપવાળું થયું છે. જુઓ, અહીં ચરણાનુયોગમાં અધિક તપ કોને કહ્યો? શુભ પરિણામને તથા ઉપવાસ વ્રતને અધિક તપ કહ્યો નથી. શુભાશુભમાં જે જતો નથી પણ શુદ્ધમાં જે નિષ્કંપપણે રહે છે તે જ્ઞાતૃતત્ત્વને અધિક તપ કહ્યો છે. આવી રીતે મુનિ પોતાના શુદ્ધ ઉપયોગમાં વારંવાર લીન રહે છે તેથી તેને અધિક તપવાળો કહ્યો છે.

## તેવો મુનિ પણ જો લૌકિક સ્વચ્છંદી તથા વિપરીત માન્યતાવાળાનો સંગ કરે તો ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.

આવો મુનિ પણ જો લૌકિક જનો સાથે સંગ કરે તો સંયત રહેતો નથી. આથી વિપરીત માન્યતાવાળા તો મુનિ જ નથી માટે તેની તો અહીં વાત નથી. અહીં ભાવલિંગી મુનિની વાત છે.

(૧) જેનું લૌકિક આચરણ પણ નિંદ્ય છે, આચરણનાં પણ ઠેકાણાં નથી, લૌકિકમાં મોટા ગણાતાઓનો સંગ કરે ને તેનું બહુમાન કરે તો તે અસત્સંગ છે.

(૨) સર્વજ્ઞ સિવાયના રાગી દેવો ને તેનાં કુશાસ્ત્રમાં માનનારા ગુરુનો તથા શાસ્ત્રનો સંગ તે અસત્સંગ છે. કેટલાક લોકો જગતને બ્રહ્માએ બનાવ્યું છે, વિષ્ણુ તેનો પાલક છે ને મહેશ તેનો નાશ કરનાર છે, એમ માને છે તે વાત મિથ્યા છે. એવી કોઈ ત્રણ વ્યક્તિ નથી. પોતાની સૃષ્ટિનો કર્તા એટલે પર્યાયનો કર્તા આત્મા પોતે છે. પૂર્વ પર્યાયનો નાશ કરનાર પોતે છે ને ધ્રુવપણે ટકાવી રાખનાર પોતે છે. એમ યથાર્થ રીતે નહિ માનતાં જગતનો કર્તા, નાશક વગેરે માનનારનો સમાગમ તે પણ અસત્સંગ છે. તેને તો વ્યવહાર શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી.

આવી રીતે સર્વજ્ઞે જે છ દ્રવ્યોનું સ્વરૂપ સ્વતંત્ર જોયું ને જાણ્યું છે, તેનાથી વિરુદ્ધ કહેનારા—એકાંત માનનારા તથા લૌકિકમાં ખરાબ આચરણવાળા જીવોનો સંગ મુનિ કરે તો તે ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. માટે મુનિઓએ આવો અસત્સંગ છોડવો. પેટામાં ગૃહસ્થોએ પણ ધર્મદ્રષ્ટિએ એવો અસત્સંગ છોડવો એમ આવી જાય છે.

અહીં કોઈ કહે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને નુકશાન કરતું નથી તો પછી લૌકિકજનોનો સમાગમ છોડવાનું કેમ કહો છો ?

**સમાધાન :—**સિદ્ધાંત તો એમ જ છે. જે મુનિઓ ભ્રષ્ટ થાય છે તે લૌકિકજનોથી ભ્રષ્ટ થતા નથી, પણ પોતાના ભાવથી જ ભ્રષ્ટ થાય છે. પોતે મુનિ થઈને પણ લૌકિક જનોના સંગનો ભાવ કર્યો તે ભાવ તેને ચારિત્રદશામાંથી ચ્યુત કરે છે. ખરેખર તો લૌકિક જનો સાથેના સમાગમના ભાવનો નિષેધ કરાવ્યો છે. ચરણાનુયોગમાં નિમિત્તથી કથન કરેલ છે.

*

# પ્રસાદ નં. ૨૨૫

## પ્રવચનસાર ગાથા ૨૬૮

(જેઠ સુદ ૧૦, ગુરુવાર)

ભગવાન સર્વજ્ઞે કહેલા અનંત પદાર્થો છે. તેનું તથા તેને કહેનારી વાણીનું જેને યથાર્થ જ્ઞાન છે તે જ્ઞાતૃતત્ત્વ છે, એટલે કે જાણનાર તત્ત્વ છે. મુનિએ નિશ્ચયનય દ્વારા નક્કી કરેલ છે કે હું જાણનાર છું ને અનંતા જ્ઞેયો જણાવાયોગ્ય છે. તે જ્ઞેયો તથા વાણીને લીધે મારું જાણપણું નથી, મારું જાણપણું મારે લીધે છે એવો નિર્ણય કરીને જે મુનિએ પોતાના કષાયો મંદ પાડ્યા છે અને જ્ઞાનનો અભ્યાસ કરતાં જેની અંતરદશા ઘણી આગળ વધી છે તેવો મુનિ પણ લૌકિકજનોનો પરિચય કરે તો સંયત રહેતો નથી. કારણ કે અગ્નિની સંગતિમાં રહેલું પાણી વિકારને એટલે કે ઉષ્ણતાને પામે છે. તેમ લૌકિક જનોના સંગથી મુનિ ભ્રષ્ટ થાય છે માટે લૌકિકજનોનો સંગ સર્વથા નિષેધ્ય જ છે.

## તત્ત્વનો શ્રદ્ધાળુ ને અધિક તપવાળો મુનિ પણ લૌકિકજનનો સંગ કરે તો સંયત રહેતો નથી.

**ભાવાર્થ :—**જેવી રીતે સાકર પદાર્થ છે, સાકર શબ્દ છે ને સાકરનું જ્ઞાન છે. એ ત્રણે સત્ છતાં પદાર્થમાં શબ્દ નથી, શબ્દમાં પદાર્થ નથી, શબ્દમાં જ્ઞાન નથી, જ્ઞાનમાં શબ્દ નથી, પદાર્થમાં જ્ઞાન નથી વગેરે. એમ ત્રણેને પરસ્પર અભાવ છે તેમ દરેક વસ્તુનું સમજવું. તેમ ભગવાનની વાણી શબ્દબ્રહ્મ સત્ છે. વાણી પદાર્થોને બતાવે છે તે પદાર્થ સત્ છે ને વાણી તથા પદાર્થોને બન્નેને જ્ઞાનમાં ધારી રાખનાર જ્ઞાતૃતત્ત્વ પણ સત્ છે, કોઈ એકબીજાને પરાધીન નથી.

ત્રણ લોકના પદાર્થોને સર્વજ્ઞ પ્રત્યક્ષ જુએ છે ને તેનું સ્વરૂપ વાણીમાં આવે છે. વસ્તુસ્વરૂપ આમ જ છે એમ સાધક પ્રતીતિમાં લ્યે છે ને જાણે છે. તે કોઈ રાગના આધારે કે નિમિત્તના આધારે જાણ્યું નથી પણ નિશ્ચયનય દ્વારા જાણ્યું છે. વળી તે મુનિએ કષાયોને ઉપશમ કર્યા છે ને અંતરલીનતા દ્વારા ઉપયોગને શોભાવ્યો છે. તેવા મુનિ પણ લૌકિકજનોનો સંગ કરે તો ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. જ્યોતિષવાદ, મંત્ર, તંત્રાદિ આબરૂ કીર્તિ માટે કરતા હોય તેવા લૌકિકજનોનો સંગ કરવો નહિ. ભાગ્ય તો જડ છે ને ભાવવાન તો આત્મા છે. ભાગ્ય મળે તો જડ પદાર્થોનો સંયોગ મળે છે માટે ભાગ્યમાં શું પડ્યું છે, તે જાણવાની ઇચ્છા નહિ કરતાં ભાવવાન આત્મામાં શું પડ્યું છે, તે શોધવું સારું છે. વળી જે બ્રહ્મચારી થઈ

સ્ત્રીઓ સાથે સંગ કરવામાં શું વાંધો છે એમ કહી સ્વચ્છંદ સેવે છે, તે ભ્રષ્ટ થવાનાં લક્ષણ છે માટે તેવા જીવો સાથે સમાગમ કરવો નહિ. નિમિત્તો ભ્રષ્ટ કરતા નથી પણ પોતાનો ભાવ ભ્રષ્ટ કરે છે માટે તેવા અશુભભાવનો નિષેધ કરે છે. ।।૨૬૮।।

હવે લૌકિક જનનું લક્ષણ કહે છે :—

## <u>ગાથા ૨૬૯</u>

**નિર્ગ્રંથરૂપ દીક્ષા વડે સંયમતપે સંયુક્ત જે,**
**લૌકિક કહ્યો તેને ય, જો છોડે ન ઐહિક કર્મને. ૨૬૯.**

**<u>અર્થ :—</u>**જે (જીવ) નિર્ગ્રંથપણે દીક્ષિત હોવાથી સંયમતપસંયુક્ત હોય તેને પણ જો તે ઐહિક કાર્યો સહિત વર્તતો હોય તો, 'લૌકિક' કહ્યો છે.

## <u>જે મુનિ થઈને મોહને વશ થઈ ખ્યાતિ, પૂજાનાં નિમિત્ત જ્યોતિષ, મંત્ર વગેરેમાં લીન રહે છે, તે મુનિ નથી પણ લૌકિકજન છે.</u>

**<u>ટીકા :—</u>**મુનિએ પરમ વીતરાગીદશાની પ્રતિજ્ઞા લીધી છે ને તે સંયમ અને તપ કરે છે. પણ જો તે મુનિ પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવના આશ્રયે નિર્મળતા થાય છે તેવો ચેતનવ્યવહાર છોડીને સ્વરૂપની સાવધાની ચૂકીને, સ્વરૂપની અસાવધાની કરે, નિરંતર મનુષ્યવ્યવહાર કરે એટલે પૂજા, લાભ, ખ્યાતિ વગેરે કાર્યોમાં લીન રહે. તેમાં જ ડામાડોળ રહી ભમ્યા કરે તો તે મુનિ રહેતો નથી, તે જીવ લૌકિક છે. ઐહિક કાર્યો એટલે કે જ્યોતિષ શીખું ને જ્યોતિષી થાઉં. મંત્રતંત્રને સાધું, પરવાળાની માળા ગણું તો વચનસિદ્ધિ થાય, રાજાને મંત્ર આપું તો મારું માન વધે, સર્પ, વીંછીના મંત્ર શીખવા, સાધુ થઈને દવા બતાવે કે આવી રીતે રોગ મટશે, આટલી માળા ગણશો તો ઠીક થશે એમ કહે, નાડીને આમ સાધવી, કુંભક, રેચક વગેરે ક્રિયા કરે, તો તે બધાં કાર્યો લૌકિક છે. મુનિ પોતાના શુદ્ધ સ્વભાવમાં લીનતા ન કરી શકે તો તેણે શુભભાવમાં રહેવું જોઈએ પણ આવા ખ્યાતિ–પૂજાના અશુભ ભાવોમાં જોડાય તો તે લૌકિક કહેવાય છે, તે મુનિ રહેતો નથી.

## <u>મુનિ કોઈવાર ધર્મ પ્રભાવનાના હેતુથી વૈદ્યક આદિ ગ્રંથો લખે પણ તેમાં માન ખ્યાતિનો હેતુ નથી.</u>

મુનિને કોઈવાર શાસન પ્રભાવનાનો વિકલ્પ આવે ને ગ્રંથ આદિ રચના કરવાનો વિકલ્પ આવે. જેમ કે પૂજ્યપાદ આચાર્યને વિકલ્પ આવ્યો ને વૈદ્યક શાસ્ત્રની રચના શાસ્ત્રના કારણે થઈ ગઈ. આચાર્ય ભગવાન વિકલ્પના, વાણીના કે

શાસ્ત્રના કર્તા નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈ કોઈવાર વિકલ્પ આવે પણ તેમાં માન, પૂજા, ખ્યાતિનો હેતુ નથી ને તેમાં જ લીન રહેતા નથી. વિકલ્પ આવ્યો તે આવ્યો. કોઈ પૂછે કે આ પુસ્તક કોણે બનાવ્યું ? તો જવાબ આપે કે તે તો જડની અવસ્થા જડના કારણે થાય છે, અમો તેના કર્તા નથી. તેવા મુનિને માનખ્યાતિ માટે વિકલ્પ નથી પણ ધર્મ પ્રભાવના અર્થે છે.

અહીં તો શુભઉપયોગનો અધિકાર છે તેથી મુનિએ આવાં લૌકિક કાર્યોમાં જોડાઈ અશુભભાવ થવા ન દેવો પણ શુદ્ધમાં ઠરી ન શકે ત્યાંસુધી શુભમાં રહેવું, એ અહીં બતાવવું છે.

## ગૃહસ્થો પણ કુદેવાદિનો સંગ કરે તો સંસારમાં રખડે છે.

શરીર આદિ પરપદાર્થની પર્યાય કોણ સુધારી શકે છે ?—કોઈ નહિ. જીવમાં રહેલી મિથ્યાભ્રાંતિરૂપ પર્યાયને સાક્ષાત્ તીર્થંકરદેવ પણ સુધારી શકતા નથી. ભગવાનની વાણી નીકળે ને જીવ ભાવ સમજે તો વાણીને નિમિત્ત કહેવાય છે. જેમ મુનિએ લૌકિક કાર્યો કરવાં નહિ તેમ ગૃહસ્થોએ પણ લૌકિક કાર્યોમાં જોડાવું નહિ. દેવીની માનતા કરવી, રૂપિયાની માગણી કરવી, રાંદલ ને સુરધનની માનતા રાખવી વગેરે કાર્ય કરે તો તે જીવ ધર્મ પામી શકતો નથી, પણ સંસારરૂપી ખાડામાં ગબડ્યા કરે છે માટે ગૃહસ્થોએ તેવા કુદેવાદિની શ્રદ્ધા કરવી નહિ.

## જીવને પોતાની નિર્મળ પર્યાય સાથે મેળ છે, પણ પરપદાર્થ કે વિકાર સાથે મેળ નથી.

કેટલાક જીવો એમ માને છે કે પૈસા હોય તો નિવૃત્તિ લેવાય પણ તે માન્યતા તો મિથ્યા છે. અહીં તો આત્મલક્ષ્મી મેળવવાની વાત ચાલે છે. પૈસાની મમતાવાળા જીવને મમતા ઘટાડવાનું કહેવાય છે. એક પરમાણુને લાવવાની તાકાત જીવમાં નથી તો રૂપિયા કે જે અનંતા પરમાણુના સ્કંધ છે તેને જીવ પોતાની હોંશિયારીથી લાવી શકે તે વાત મિથ્યા છે. પૂર્વનાં પુણ્યને યોગે પૈસા મળે છે, પણ જીવ તેને મેળવી શકતો નથી. પૈસા સાથે તો જીવને મેળ નથી કારણ કે તે પરપદાર્થનો આત્મામાં અભાવ છે. પુણ્યપાપના ભાવ સાથે પણ શુદ્ધ આત્માને મેળ નથી કારણ કે તે વિકાર છે, આત્માનું ખરું સ્વરૂપ નથી. પરપદાર્થ અને પુણ્યપાપ રહિત પોતાનો આત્મા શુદ્ધ છે એમ જે પર્યાય નિર્ણય કરે તે નિર્મળ પર્યાય સાથે આત્માને મેળ છે ને તે દ્રવ્યમાં અભેદ થાય છે. તેને મેળ ખાધો કહેવાય માટે જીવોએ અસત્સંગ ઉપરથી લક્ષ ઉઠાવી દેવું.

અહીં તો મુનિએ અસત્સંગના અશુભભાવમાં નહિ રહેતા શુભોપયોગમાં રહેવું એમ કહેવું છે કારણ કે આ શુભોપયોગનો અધિકાર છે.

હવે સત્સંગ કરવાયોગ્ય છે, એમ બતાવે છે :—

## ગાથા ૨૭૦

**તેથી શ્રમણને હોય જો દુઃખમુક્તિ કેરી ભાવના,**
**તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.**

**અર્થ :—**(લૌકિક જનના સંગથી સંયત પણ અસંયત થાય છે) તેથી જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઇચ્છતો હોય તો તે સમાન ગુણવાળા શ્રમણના અથવા અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો.

## મુનિ લૌકિકજનો સાથે સંગ કરે તો મુનિપણાથી ભ્રષ્ટ થાય છે.

**ટીકા :—**આત્મા પરિણામસ્વભાવી છે. એટલે કે પોતે કાયમ રહીને અવસ્થામાં બદલો થાય છે. તદ્દન ફૂટસ્થ હોય તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પર્યાયો ફેરવી શકાય નહિ, પણ એમ નથી. જેમ અગ્નિના સંગમાં આવેલું પાણી વિકારને એટલે કે ઉષ્ણતાને પામે છે. અગ્નિએ પાણીને ગરમ કર્યું નથી પણ પાણી પોતે અગ્નિનો સંગ કરે છે તો ઉષ્ણતાને પામે છે, તેમ મુનિ લૌકિક સંગ કરે એટલે કે રાજા, શેઠિયા તથા બીજા જ્યોતિષી, મંત્રતંત્ર જાણવાવાળા લૌકિકજનોનો સમાગમ કરે તો તેવા ભાવથી પોતે અસંયત થાય છે. લૌકિકજનો મુનિને ભ્રષ્ટ કરતા નથી પણ લૌકિકજનો સાથે સમાગમ કરવાનો પોતાનો જે ભાવ છે તે સંયતદશથી તેને પાડે છે. મુનિઓએ પોતાના સ્વભાવમાં ઠરી ન શકે ત્યારે શુભ ઉપયોગમાં રહેવું જોઈએ, પણ અશુભભાવ કરવો ન જોઈએ.

## મુનિએ સમાન ગુણવાળા અથવા અધિક ગુણવાળા મુનિ સાથે સદાય વસવું યોગ્ય છે.

તેથી જે મુનિ સંસારનાં દુઃખથી મુક્ત થવા ઇચ્છતા હોય તેણે પોતાથી સમાન ગુણવાળા અથવા અધિક ગુણવાળા મુનિ સાથે રહેવું. દુઃખ તો પોતાની મોહદશા છે. મોટા રાજા, શેઠિયા, દેવો, સેનાધિપતિ કે જેઓ સંયોગોમાં સુખ માની બેઠા છે તે બધા દુઃખી છે. વીતરાગી મુનિ એકાંત સુખી છે. મુનિઓએ મુનિઓનો પરિચય કરવો. પોતાથી ઉઘાડમાં, પુરુષાર્થ વગેરેમાં અધિક ગુણવાળા આચાર્યાદિ હોય તેને તો ઓળખી શકાય પણ કોઈ કહે કે આ સમાન ગુણવાળો છે તે ઓળખી શકાય કે નહિ ? હા. જરૂર ઓળખી શકાય. તેની શ્રદ્ધા, વૈરાગ્યાદિ ઉપરથી

ઓળખાય. અસંગ તત્ત્વને અસંગ પર્યાય ગોઠે છે તો તે સમાન મુનિ છે. વળી એક આચાર્યને શિષ્ય તો ઘણા હોય ને કોઈ નવો દીક્ષિત હોય તો તે પોતાની પાછળ હોય તો તેની સાથે સંગ કરવો કે નહિ એમ કોઈ પ્રશ્ન કરે તો ? તેનું સમાધાન :— કોઈ શિષ્યને ઉઘાડ ઓછો હોય, જરા રાગ પણ વર્તતો હોય, વક્તા ન હોય, પણ જો તે મોક્ષનો કામી છે, ને વૈરાગી છે, જેને ચૈતન્ય સ્વભાવ સિવાય નિમિત્તો તથા રાગનો સંગ ગોઠતો નથી પણ શુદ્ધ આત્માનો ને શુદ્ધ પર્યાયનો સંગ ગોઠે છે એવો મુનિ હોય તો તે નવદીક્ષિત ને ઓછા ઉઘાડવાળો હોવા છતાં તે સમાન છે. તેની સાથે પરિચયનો નિષેધ નથી. આ પ્રમાણે મુનિએ પોતાના જેવા સમાન અથવા અધિક ગુણવાળા મુનિનો સંગ કરવો.

*

# પ્રસાદ નં. ૨૨૬

## પ્રવચનસાર ગાથા ૨૭૦

(જેઠ વદ ૧૧, શુક્રવાર)

## મુનિઓના સત્સંગથી ગુણની રક્ષા થાય છે ને ગુણની વૃદ્ધિ થાય છે.

મુનિને સત્સંગ કરવાયોગ્ય છે, એમ દર્શાવે છે. મુનિએ પોતાના સમાન ગુણવાળા મુનિની સાથે અથવા અધિક ગુણવાળા શ્રમણની સાથે સદાય વસવું યોગ્ય છે. જેવી રીતે શીતળ ઘરના ખૂણામાં રાખેલું પાણી શીતળ રહે છે ને વધારે શીતળ ગુણવાળા બરફની સાથે રાખવાથી તે પાણી વધારે શીતળ થાય છે તેમ સમાન ગુણવાળા મુનિના સંગથી મુનિના ગુણની રક્ષા થાય છે ને અધિક ગુણવાળા મુનિના સંગથી શ્રમણને ગુણની વૃદ્ધિ થાય છે. પોતાની નિર્મળતાનું ટકવું તથા વધવું તો પોતાના ચૈતન્ય સ્વભાવના આશ્રયે જ થાય છે. નિમિત્તથી, વિકલ્પથી કે નિર્મળ પર્યાયથી નિર્મળતા વધતી નથી, ટકતી નથી પણ પોતાના સ્વભાવમાં એકાગ્ર થતાં નિર્વિકલ્પદશાની વૃદ્ધિ થાય છે. તે પહેલાં મુનિઓને સત્સંગ કરવાનો ભાવ હોય છે તે વિકલ્પમાં મુનિ નિમિત્ત છે તેથી આરોપથી કથન કરેલ છે.

હવે, શ્રમણ ક્રમશઃ પરમ વીતરાગીદશા પામીને શાશ્વત જ્ઞાનાનંદમય દશાને અનુભવો, એમ શ્લોક દ્વારા કહે છે :—

## કળશ ૧૭

**અર્થ :—**એ રીતે શુભોપયોગજનિત કાંઈક પ્રવૃત્તિને સેવીને યતિ સમ્યક્ પ્રકારે સંયમના સૌષ્ઠવ વડે ક્રમશઃ પરમ નિવૃત્તિને પહોંચતો થકો, જેનો રમ્ય ઉદય સમસ્ત વસ્તુ સમૂહના વિસ્તારને લીલાથી પહોંચી વળે છે. (–રમતમાત્રથી જાણી લ્યે છે) એવી શાશ્વતી જ્ઞાનાનંદમયી દશાને એકાંત અનુભવો.

## મુનિ ક્રમશઃ પરમદશાને પામે છે ને બધા પદાર્થોને જાણી લ્યે છે એવા શાશ્વતી જ્ઞાનાનંદ દશાને અનુભવો.

આવી રીતે કાંઈક શુભોપયોગની પ્રવૃત્તિ સેવીને મુનિ સંયમને સમ્યક્ પ્રકારે આરાધતો પરમ વીતરાગદશાને પામે છે. મુનિને શુભોપયોગની પ્રવૃત્તિ કાંઈક છે, મુખ્ય તો શુદ્ધોપયોગની પ્રવૃત્તિ છે. વળી તે શુભની પ્રવૃત્તિ સેવીને વીતરાગદશા પામતો નથી. શુભ સેવવું આદરણીય નથી કેમ કે તે પુણ્ય છે પણ સ્વભાવમાં ઠરી

ન શકે ત્યારે શુભ પરિણામ આવે છે તેથી અસદ્ભૂત ઉપચારથી કથન કરેલ છે કે તે શુભને સેવીને વીતરાગદશાને પામ્યો છે. એટલે કે શુભથી પામતો નથી પણ સ્વભાવથી પામે છે. પણ અહીં શુભોપયોગનો અધિકાર છે તેથી શુભ ઉપર આરોપ કર્યો છે. આવી રીતે તે ક્રમેક્રમે વીતરાગદશાને પામે છે ને સર્વજ્ઞદશા પ્રગટ થાય છે. જેનો રમ્ય ઉદય થતાં સમસ્ત વસ્તુમાત્રને તે જાણી લ્યે છે. આત્માના સ્વરૂપમાં શાશ્વત રહે તેવી જ્ઞાનાનંદમયી મોક્ષદશાને એકાંતે અનુભવો, તે અનુભવ સિવાય બીજો અનુભવ કરવા જેવો નથી.

આ રીતે **શુભોપયોગ—પ્રજ્ઞાપન** પૂર્ણ થયું.

હવે પાંચ રત્નો છે (અર્થાત્ હવે પાંચ રત્નો જેવી પાંચ ગાથાઓ કહેવામાં આવે છે) ત્યાં પ્રથમ શ્લોક દ્વારા તે પાંચ ગાથાઓનો મહિમા કરવામાં આવે છે.

## કળશ ૧૮

**અર્થ :**—હવે આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવા (અર્થાત્ આ શાસ્ત્રના ચૂડામણિ–મુગટમણિ જેવાં) આ પાંચ સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો—કે જેઓ સંક્ષેપથી અર્હંત ભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે તેઓ વિલક્ષણ પંથવાળી સંસાર–મોક્ષની સ્થિતિને જગત સમક્ષ પ્રગટ કરતાં થતાં જયવંત વર્તો.

## અદ્વિતીય જૈન શાસનને સર્વતઃ પ્રકાશ કરતાં પાંચ રત્નમય સૂત્રો જયવંત વર્તો.

હવે આ શાસ્ત્રને કલગીની જેમ માથે છોગાની જેમ—ચૂડામણિ સમાન નિર્મળ રત્નોરૂપી પાંચ સૂત્રો કે જેમાં સંક્ષેપથી સમગ્ર જૈન શાસનનો સાર સમાઈ જાય છે, જે અજોડ જૈન શાસનને પ્રકાશે છે, તેઓ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી સંસારને તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગને પ્રકાશે છે. જે રસ્તે સંસાર મળે તે રસ્તે મોક્ષ ન મળે ને જે રસ્તે મોક્ષ મળે તે રસ્તે સંસાર ન મળે—આમ બન્નેના પંથ વિલક્ષણ છે. આમ સંસાર-મોક્ષની સ્થિતિને પાંચે સૂત્રો પ્રકાશે છે. તે જગત સમક્ષ પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.

હવે **સંસારતત્ત્વ** પ્રગટ કરે છે. અનાદિનો સંસાર છે તે જેમ છે તેમ જાણો તો તેને ટાળી મોક્ષદશા પ્રગટ કરે. સંસાર બૈરાં–છોકરાંમાં હશે કે આત્માની ઊંધાઈમાં હશે ? કે તદ્દન ભ્રમ છે ? —સમાધાન :—સંસાર તદ્દન ભ્રમ નથી તેમ જ સંસાર બૈરાં–છોકરાં કે પરપદાર્થમાં નથી. આત્માની અવળી અવસ્થામાં છે.

સંસાર પણ જગતનું તત્ત્વ છે. તે જો સર્વથા ભ્રમ હોય અર્થાત્ ન જ હોય તો તેનો અભાવ કરી મોક્ષદશા પામી શકે નહિ. સંસાર અજ્ઞાનભાવમાં છે, તે હવે બતાવે છે.

## ગાથા ૨૭૧

**સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,**
**અત્યંતફળ સમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.**

**અર્થ :—**જેઓ, ભલે તેઓ સમયમાં હોય તોપણ (–ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જિનમતમાં હોય તોપણ. 'આ તત્ત્વ છે (અર્થાત્ એમ જ વસ્તુસ્વરૂપ છે) એમ નિશ્ચયવંત વર્તતા થકા પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે. (–જેવા નથી તેવા સમજે છે). તેઓ અત્યંત ફળસમૃદ્ધ (અનંત કર્મફળોથી ભરેલા) એવા હવે પછીના કાળમાં પરિભ્રમણ કરશે.

## વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતાના નિશ્ચયવાળો જીવ અજ્ઞાની છે.

**ટીકા :—**વસ્તુસ્વરૂપનો વિવેક નહિ હોવાને લીધે જે જીવો પદાર્થનું સ્વરૂપ અન્યથા સમજે છે. કોઈ કર્મનો ઉદય હતો માટે અન્યથા સમજે છે એમ કહ્યું નથી. ચરણાનુયોગનો અધિકાર હોવા છતાં કર્મને યાદ કર્યા નથી. **'સ્વયં અવિવેકથી'** વસ્તુસ્વરૂપનો પોતાને વિવેક નથી માટે પોતે અન્યથા સમજે છે. 'ધર્મ વિવેકે નિપજે જો કરીએ તો થાય.' ધર્મ દશા સ્વ-પરના વિવેકથી ઉત્પન્ન થાય છે. એક આત્મા સાથે બીજા આત્મા તથા પદાર્થો આકાશના એકક્ષેત્રે રહેલા છે પણ તે આત્માને લાભ નુકશાન કરતા નથી છતાં પણ નિમિત્ત આવે તો ઉપાદાનમાં કામ થાય ને નિમિત્ત ન આવે તો કાર્ય ન થાય એમ અજ્ઞાની અન્યથા અંગીકૃત કરે છે. ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે નિમિત્ત ઉપર આરોપ આવે છે એમ તે સમજતો નથી. વળી આત્માનો જ્ઞાનસ્વભાવ ને પુણ્યપાપના વિકારીભાવો બન્ને વિલક્ષણ સ્વભાવવાળા છે. પુણ્ય મદદકર્તા નથી છતાં અજ્ઞાની જીવ પુણ્યથી ધર્મ થાય તેમ માને છે. **વળી દરેક દ્રવ્યની અંદર સમયે સમયે જે પર્યાયો થઈ રહી છે તે વ્યવસ્થિત જે સમયે જે પ્રકારે દ્રવ્યનો આશ્રય કરે છે તે તે પ્રકારે સ્વતંત્ર થઈ રહી છે છતાં અજ્ઞાની જીવ પર્યાયને વ્યવસ્થિત માનતો નથી પણ નિમિત્ત આવે તો પર્યાય બદલી જાય છે એમ માને છે.** વળી પોતાના આત્માના શુદ્ધ સ્વભાવના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે તે નિશ્ચય છે ને પૂર્વ પર્યાયમાં જે શુભરાગ હોય તેને વ્યવહારનો આરોપ અપાય છે એમ નહિ માનતા વ્યવહારથી ધર્મ થાય તેમ તે માને છે. વ્યવહાર વિના કોઈ દિવસ ધર્મ થાય નહિ એમ તે વિપરીત સ્વરૂપ માને છે ને નિમિત્ત, સંયોગો પર હોવા છતાં પુણ્ય-પાપ વિભાવ હોવા છતાં

તેનાથી જ ધર્મ થાય છે એવો અજ્ઞાનીને નિશ્ચય થયો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના રાગથી જ ધર્મ થાય તેમ માની રાગને જ મહત્વ આપે છે પણ ચૈતન્યના આશ્રયે ધર્મ થાય તેમ મહત્વ આપતો નથી. તે વસ્તુસ્વરૂપને ઊલટા પ્રકારે નિશ્ચય કરે છે.

## સ્વરૂપથી વિપરીત કુતર્ક કાઢીને જે મહા મોહમળથી મલિન છે, તે નિત્ય અજ્ઞાની છે.

વળી "સતત એકત્રિત કરવામાં આવતા મહામોહમળથી મલિન મનવાળા હોવાને લીધે નિત્ય અજ્ઞાની છે" અજ્ઞાની જીવ ઊંધા તર્ક કર્યા જ કરે છે. શાસ્ત્રમાં નિમિત્તનાં કથનો આવે ત્યાં પોતાની ઊંધી માન્યતાને ટેકો મળે તેવા ઊંધા ભાવ શાસ્ત્રમાંથી કાઢે. શાસ્ત્રમાં કથન આવે કે જે ગુરુની સેવા કરતો નથી તે ધર્મ પામતો નથી. તે વાક્ય તો ગુરુની સેવાનો પોતાનો ભાવ બતાવવા માટે છે. ગુરુને પોતે ઓળખે ને સમજે તો નિમિત્ત કહેવાય છે. તેમ ન માનતાં ગુરુને આધીન ધર્મ માને છે. તે જીવ શાસ્ત્રમાંથી કુતર્ક કાઢવાને ટેવાયેલો છે. ચૈતન્યનો આશ્રય કરવા જેવો છે તેમ નહિ માનતાં પુણ્યથી કે સંયોગથી લાભ માને છે. વળી તે કુતર્ક કરે છે કે કુંભાર વિના ઘડો થયો હોય તો એક દાખલો લાવો. ગુરુ વિના કોઈ શિષ્ય ધર્મ પામ્યો હોય તો બતાવો. આમ કુતર્ક કરે છે. માટીમાંથી ઘડા થવાની પર્યાય વખતે ઘડો થાય તો કુંભારને નિમિત્ત કહેવાય છે. શિષ્ય પોતાની લાયકાતથી સમજે છે ત્યારે ગુરુને નિમિત્ત કહેવાય છે. દ્રવ્યગુણ તો સ્વતંત્ર છે પણ પર્યાય નિમિત્ત આવે તો થાય એમ તે કુતર્ક કાઢે છે. આત્મા ને જડની પરાધીનતા શોધે છે. તેની પર્યાયમાં અજ્ઞાન ઘુંટાઈ રહ્યું છે. કર્મનો ઉદય આવે તો વિકાર કરવો જ પડે, એમ તે માને છે. અમો બુદ્ધિવાળા છીએ તો પૈસા ભેગા કર્યા, તમો બુદ્ધિવાળા નથી તો પૈસા ભેગા ન થયા, સારો સંગ કરીએ તો નિમિત્તનો પ્રભાવ પડે ને ખરાબ નિમિત્તનો સંગ કરીએ તો ખરાબ અસર થાય—એમ તે માને છે. ધર્માત્માને દેખીને પ્રભાવ પડતો હોય તો બધાને પ્રભાવ પડવો જોઈએ પણ એમ દેખાતું નથી. વળી કોઈ મહાન પુરુષનો આતાપ એવો પડે કે સામો માણસ ડરી જાય. બોલી પણ ન શકે વગેરે કહે છે. પણ ભાઈ, મહાન પુરુષ આતાપનું કારણ નથી. પોતે ભયસહિત છે માટે ભય લાગે છે, એમ તેને ખબર નથી. વળી સમય સમયનો પર્યાય વ્યવસ્થિત હોય તો પુરુષાર્થ ક્યાં રહ્યો ? એમ કુતર્ક કરે છે. માટે પર્યાયની વ્યક્તદશા તો જેવું નિમિત્ત આવે તેવી થાય એમ સતત એકત્રિત કરવામાં આવતા મહામોહમળથી મલિન મનવાળા હોવાને લીધે તે જીવો નિત્ય અજ્ઞાની છે, તેઓ અજ્ઞાનને ઘૂંટી રહ્યા છે.

## નિમિત્તથી ને પુણ્યથી ધર્મ માનનારને બાહ્યથી મુનિલિંગ હોવા છતાં તે શ્રમણાભાસ છે.

આવો અજ્ઞાની જીવ બાહ્યથી નગ્ન દિગંબર મુનિ થયો હોય, હજારો રાણીઓ છોડી હોય, પાંચ મહાવ્રતનું પાલન કરતો હોય તો પણ પરપદાર્થ ને પુણ્યથી ધર્મ માનવાની પરાધીન દ્રષ્ટિના કારણે પરમાર્થ શ્રામણ્યને પામેલ નથી તેથી તે ખરેખર શ્રમણાભાસ છે. વ્યવહાર સુધારો કરો, પછી આસ્તે આસ્તે ધર્મ થશે, એમ અજ્ઞાની માને છે. કોલસાને સાબુ દેવાથી ધોળો થતો નથી તેમ વિકાર કરતાં કરતાં અવિકાર થવાતું નથી પણ વિકારનો નાશ કરવાથી અવિકારીદશા થાય છે. હું બીજાને સુધારી શકું છું ને બીજામાં સુધારો થવાથી મારું કલ્યાણ થશે, એ માન્યતા ભ્રમ છે. પર વસ્તુઓ છે, નિમિત્ત છે, પુણ્ય છે, અધૂરી પર્યાય છે પણ તેના આશ્રયે કલ્યાણ નથી. ચૈતન્ય સ્વભાવની રુચિ કરવાથી નિમિત્તની રુચિ છૂટે છે, પુણ્યની રુચિ છૂટે છે, અધૂરાશ ટળે છે—એ જ ઉપાય છે. પણ અજ્ઞાનીની દ્રષ્ટિ પર ને સંયોગ ઉપર છે તેથી ગમે તેટલી બાહ્ય ક્રિયા કરતો હોવા છતાં તે મુનિ શ્રમણાભાસ છે.

## દ્રવ્યલિંગી મુનિ અનંતકાળ સુધી અનંત જુદા જુદા ભાવોરૂપે પલટે છે તેથી અસ્થિર પરિણતિવાળો છે.

તે અજ્ઞાની મુનિને ચિદાનંદ જ્ઞાતાદ્રષ્ટા છું તેવી દ્રષ્ટિ નથી. નિમિત્ત હોવા છતાં તે આત્માને મદદગાર નથી, પુણ્ય-પાપ હોવા છતાં તે ભાવો આત્માને મદદગાર નથી. હરખ-શોક કે દયાદાનાદિના પરિણામ હોવા છતાં તે શાંતિનું કારણ નથી. આવી તેને સાચી દ્રષ્ટિ નથી. ચૈતન્યના આશ્રયે અનંત શાંતિનું ફળ આવવું જોઈએ તેને બદલે હરખ-શોકને ભોગવતો ચોરાશીના અવતારમાં રખડે છે. તે મિથ્યાદ્રષ્ટિ જીવે ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય તોપણ જો આવો ભાવ ચાલુ રાખશે તો તેને અનંતકાળ સુધી અનંત જુદાજુદા ભાવોરૂપે—ભાવાંતરરૂપે પલટવું થયા કરવાથી તેઓ અસ્થિર પરિણતિવાળા રહેશે અને તેથી તેઓ સંસારતત્ત્વ જ છે. દરેક પદાર્થની પર્યાય તેના સ્વકાળે સ્વતંત્રપણે થાય છે, તેમ નહિ માનતાં નિમિત્ત આવે તો થાય તેમ માનતો હોવાને લીધે તેને ચૈતન્યની રુચિ નથી પણ ચૈતન્યથી વિરુદ્ધ શુભાશુભ ભાવોની રુચિ છે તેથી ઘડીમાં શુભ ને ઘડીમાં અશુભમાં પલટો ખાધા કરશે. કોઈ ભવમાં હિંસા, જૂઠું, ચોરીના ભાવ કરશે. કોઈવાર દિગંબર મુનિ થઈ પાંચ મહાવ્રતાદિનું પાલન કરી તપાદિ ભાવો કરતો હશે, કોઈ ભવમાં મોટા કસાઈખાનાં માંડી પ્રાણીની હિંસા કરતો હશે. આમ અનેક ભાવાંતરરૂપ

પરાવર્તન કર્યા કરશે. સ્વભાવને બદલે પુણ્યના આશ્રયે ધર્મ માન્યો છે તે સ્થિર થશે નહિ. શુભ-અશુભ કર્યા કરશે. અમોએ તો દયાદાન બહુ કર્યા એમ કહી શુભને ઘૂંટ્યા કરે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સારાં મળે તો કલ્યાણ થાય, એમ માને છે. અર્હંત ભગવાન વિના ને સારા સંહનન વિના કેવળજ્ઞાન થાય ? એમ કેવળજ્ઞાન માટે પરની મદદ ઇચ્છતો સ્વભાવને ચૂકે છે તે મોહની મલિનતામાં પુષ્ટ થાય છે.

## <u>તત્ત્વથી વિરુદ્ધ માન્યતાવાળો દ્રવ્યલિંગી મુનિ સંસારતત્ત્વ છે.</u>

આવો અજ્ઞાની જીવ નિગોદમાં જાય છે, મનુષ્ય થાય છે, દેવના ભવ પણ કરે છે ને સાતમી નરકે પણ જાય છે ને મનુષ્યના ભવમાં દિગંબર સાધુ થઈ અભિગ્રહ ધારણ કરે છે—એમ ભવ અટવીમાં રખડે છે. આત્માનાં શ્રદ્ધાજ્ઞાનને નહિ માનતાં અસ્થિર પરિણતિ હોવાને લીધે તે જીવ સંસારતત્ત્વ છે. એક એક આત્મા શક્તિએ પરિપૂર્ણ પ્રભુ છે. એક જડ પરમાણુ પણ ઐશ્વર્યવાન છે એટલે કે તે તેની શક્તિમાં પૂર્ણ છે ને આત્મા પોતાનો સ્વભાવ ચૂકીને વિભાવમાં પણ પૂરો વિભાવેશ્વર છે. અજ્ઞાનીને ચેતન ઈશ્વર ને જડ ઈશ્વરના મહિમાની ખબર નથી તેથી પોતે વિભાવમાં ઈશ્વર થયો છે. સાક્ષાત્ ઇન્દ્રો તો શું પણ ભગવાન આવે તો પણ તે માને તેવો નથી. કારણ કે દ્રષ્ટિ સંયોગ ઉપર છે. જેમ બીજને પાણી મળે તો ફળ પામે છે તેમ ઉપાદાનને સંયોગો મળે તો ફળે છે, તેમ તે પરાધીન માને છે. બીજની વૃક્ષરૂપ થવાની યોગ્યતા હોય તો પાણી એના કારણે હોય છે ને ઉપાદાનની લાયકાત હોય તો નિમિત્ત હોય છે, એમ તે માનતો નથી. આવી રીતે દ્રવ્યલિંગી મુનિ ઉત્કૃષ્ટ તપ ને વૈરાગ્યવાળો હોવા છતાં તત્ત્વને અતત્ત્વ માનતો હોવાથી તે પોતે જ સંસારતત્ત્વ છે. દ્રવ્યલિંગી મુનિ સંસારતત્ત્વમાં અગ્રેસર છે. નિગોદના જીવથી માંડીને પંચેન્દ્રિય સુધીના જેટલા મિથ્યાદ્રષ્ટિ જીવો છે કે જે તત્ત્વને યથાર્થ માનતા નથી ને કુતર્ક કાઢ્યા કરે છે તે પણ સંસારતત્ત્વ છે, એમ એમાં આવી જાય છે.

*

# પ્રસાદ નં. ૨૨૭

## <u>પ્રવચનસાર ગાથા ૨૭૨</u>

(જેઠ સુદ ૧૨, શનિવાર)

(આ પ્રવચનનું રેકોર્ડિંગ રીલ લેવાયું છે.)

પ્રવચનસારની છેલ્લી પાંચ ગાથા સમગ્ર અજોડ જૈનશાસનને પ્રકાશે છે. સર્વજ્ઞ ભગવાને સંસારતત્ત્વ, મોક્ષતત્ત્વ, મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ, મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને સર્વ મનોરથનું સ્થાન તથા શાસ્ત્રનું ફળ એમ પાંચ ગાથામાં જે કહ્યું છે તેમાં દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ, ધર્મકથાનુયોગ—ચારે અનુયોગનો સાર આવે છે. પાંચે ગાથા જયવંત વર્તો. સંસારતત્ત્વ જયવંત વર્તો એટલે કે સંસારતત્ત્વનું જ્ઞાન જયવંત વર્તો. જે જીવ પદાર્થોનો સ્વતંત્ર નિર્ણય કરતો નથી ને અવળો નિર્ણય કરે છે તેની દ્રષ્ટિ સ્વ ઉપર નથી પણ પરસન્મુખ દ્રષ્ટિ છે. તેની દ્રષ્ટિ નિમિત્ત ને કર્મફળ ઉપર છે. તે સંસારનું કારણ છે. શરીર આદિમાં સંસાર નથી પણ આત્માની ઊંધી અવસ્થામાં સંસાર છે. આત્મસ્વરૂપની ઊંધી માન્યતાવાળા ને ઊંધા આચરણવાળા મિથ્યાદ્રષ્ટિની પર્યાય સંસારતત્ત્વ છે ને આત્માની પરિપૂર્ણ શુદ્ધ અવસ્થા તે મોક્ષ છે.

હવે મોક્ષતત્ત્વ પ્રગટ કરે છે.

### <u>ગાથા ૨૭૨</u>

**અયથાચરણહીન, સૂત્ર—અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,**
**તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨**

**<u>અર્થ :—</u>**જે જીવ યથાતથપણે પદોના તથા અર્થોના (પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી પ્રશાંતાત્મા છે અને અયથાચાર રહિત છે. તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ અફળ (–કર્મફળ રહિત થયેલા) એવા આ સંસારમાં ચિરકાળ રહેતો નથી (–અલ્પ કાળમાં મુક્ત થાય છે.)

અહીં મોક્ષતત્ત્વ એટલે સિદ્ધની પર્યાય લેવી નથી પણ જે મુનિ સ્વરૂપની અંદર ઝૂલી રહ્યો છે ને શુભમાં આવવાનો નથી તેમ જ સર્વજ્ઞદશાની નજીક છે ને જે મોક્ષ નિયમથી અપ્રતિહતભાવે લેવાનો છે તે મુનિને મોક્ષતત્ત્વ કહેલ છે.

## જે મુનિએ નિર્મળ જ્ઞાનથી પદાર્થોના સ્વરૂપનો નિશ્ચય કરીને ઉત્સુકતા ટાળી છે.

જે મુનિને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે તે મુનિ કેવો હોય છે તેની વાત ચાલે છે. તે મુનિ ત્રણ લોકના ચૂડામણિ સમાન નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો છે. તે પ્રકાશથી તેને વસ્તુનું યથાર્થ ભાન વર્તે છે. આત્મા સહજાનંદ સ્વરૂપ છે, નિમિત્ત ને પુણ્ય-પાપ વિનાનો છે. ને તે પ્રકાશથી પદાર્થનો જેમ છે તેમ નિશ્ચય કર્યો છે. જીવ ચૈતન્યપણે—શુદ્ધપણે સ્થિત છે. જડ જડનાં દ્રવ્ય-ગુણ-પર્યાય વડે સ્થિત છે. પુણ્ય-પાપ વિકારપણે સ્થિત છે. આવો નિશ્ચય હોવાથી તે મુનિએ ઉત્સુકતા ટાળી છે. વ્યવહાર કેમ હશે ? નિમિત્ત કેમ હશે ? ભગવાને કહ્યું તે સત્ય હશે ? આત્મામાં અનંતગુણો કેમ હશે ? ઈશ્વર આ જગતનો કર્તા હશે કે નહિ ? વગેરે પ્રકારના સંદેહ ટાળ્યા છે. ડામાડોળપણું નાશ કર્યું છે. પરપદાર્થોમાં સાવધાની ને સ્વરૂપમાં અસાવધાની નિવર્તાવી છે. આત્મા સર્વજ્ઞ થઈ શકતો હશે ? સર્વજ્ઞ થાય ને થોડા ક્ષેત્રમાં વ્યાપીને રહે તે બરાબર હશે ? એમ સંદેહ પડતો નથી. મારા આત્માની બહાર જોવાથી મારો વિકાસ થતો નથી પણ અંતર એકાગ્ર થવાથી સંપૂર્ણ વિકાસ થાય છે ને સર્વજ્ઞતા પ્રગટ થાય છે. ભલે આત્મા શરીરપ્રમાણ હોય પણ ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને સર્વજ્ઞદશા વ્યક્ત થતાં જાણી લ્યે છે. નિમિત્તથી, વાણીથી, ભગવાનથી આત્માને લાભ થાય તેમ માનતો નથી. બધા થઈને એકવસ્તુ છે—એમ પણ માનતો નથી. અનંતા આત્મા ને કર્મ વગેરે જડપદાર્થો છે. હું તે જડ કર્મો ને જડ પદાર્થો તથા બીજા આત્માઓ, સર્વજ્ઞ તથા ગુરુ વગેરે ઉપરથી લક્ષ ખેસવી મારો આશ્રય કરું તો મને સર્વજ્ઞદશા પ્રગટ થાય તેમ છે. તેમ યથાયોગ્ય નિર્ણય કરીને ઉત્સુકતા ટાળી છે.

## જે શુદ્ધસ્વરૂપમાં તૃપ્ત હોવાથી સતત ઉપશાંત વર્તે છે

વળી તે મુનિ કેવો છે ? તે મુનિ સ્વરૂપમાં જામી ગયેલો છે, સ્વરૂપમાં તૃપ્ત છે. જાણ કે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ હોય એમ સ્વરૂપ પ્રશાંતમાં મગ્ન થઈને રહ્યો છે. વ્યવહારરત્નત્રયમાં એકાગ્રતા ને ઉત્સુકતા પણ ટાળી છે ને સ્વરૂપમાં જામી ગયો છે. આવી રીતે સ્વરૂપની લીનતાથી તે મુનિનો આત્મા ઉપશાંત વર્તે છે. વ્યવહાર, નિમિત્ત કે વિકલ્પ આદિનો આશ્રય લેવાથી ઉપશાંત થતો નથી પણ સ્વરૂપના આશ્રયથી ઉપશાંત વર્તે છે. પર્યાયબુદ્ધિ ટાળી છે ને સ્વભાવબુદ્ધિમાં ઢળ્યો છે. વ્યવહારના વિકલ્પને છોડતો, પરના વલણની આકાંક્ષા

ટાળતો, સ્વમાં ઉગ્ર પુરુષાર્થ કરતો તે મુનિ ઉપશાંત વર્તે છે. કોઈ કર્મે માર્ગ આપ્યો માટે ઉપશાંત વર્તે છે, એમ કહ્યું નથી. પણ પોતે સતત ઉપશાંત વર્તે છે.

## જે મુનિ એકલા શુદ્ધાત્મામાં લીન છે, અયથાચાર રહિત વર્તે છે, જે નિત્ય જ્ઞાની હોય....

વળી તે મુનિ કેવો છે ? પોતાના શુદ્ધ સ્વભાવમાં જ અભિમુખપણે વિચરે છે. પ્રથમ મિથ્યાદશામાં પુણ્ય-પાપ ને નિમિત્તોમાં અભિમુખ થઈ વિચરતો હતો ને વિપરીતપણે ટકતો હતો ને વ્યવહાર રત્નત્રયથી મારું કલ્યાણ થશે, એમ માનતો હતો તે સંસારતત્ત્વ છે પણ સાચી શ્રદ્ધા કરી એક સ્વઆત્મસ્વરૂપમાં વર્તે છે. એકમાં જ વર્તે છે, એમ કહીને અહીં સમ્યક્ એકાંત કર્યું છે. સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ નિમિત્તો હોય ભલે, તે તો સંયોગી તત્ત્વો છે. નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધા હોય ભલે તે તો સંયોગીભાવ છે. તેનાથી લાભ માનતો નથી. વળી સ્વરૂપનો તેમ જ વ્યવહારનો—એમ બન્નેનો આશ્રય કરે છે, એમ પણ નથી. એકાંતે સ્વરૂપ અભિમુખ જ વિચરે છે. આમ સ્વભાવસન્મુખપણે, દ્રવ્યના આશ્રયે વિચરતો હોવાથી વ્યવહાર ને નિમિત્તનો આશ્રય નહિ લેતો થકો અયથાચાર રહિતપણે વર્તતો થકો નિત્ય જ્ઞાની હોય છે. એટલે કોઈ સમય પણ અજ્ઞાન થતું નથી. સ્વરૂપની એકતાનો આશ્રય છૂટતો નથી. જો વ્યવહારથી નિમિત્તથી લાભ માને તો સંસારતત્ત્વ થઈ જાય છે. બહુ ટૂંકામાં કહ્યું છે. પરસન્મુખ થાય તો સંસાર અને સ્વભાવસન્મુખ થાય તો મોક્ષ છે. વ્યવહાર રત્નત્રયના પરિણામ અયથાચાર પરિણામ છે. તેનાથી રહિત એટલે તે તરફની સન્મુખતા ટાળી સ્વભાવ સન્મુખ વર્તે છે. ધર્મ માટે નિમિત્તોની રાહ જોવી પડે યથાખ્યાત ચારિત્ર ને કેવળજ્ઞાન માટે સંહનન ને સારા કાળની જરૂર પડે, કર્મ ઘટે તો અશુભ ટાળી ને ઉપવાસ કરી ધર્મ કરું—એ બધા ભાવો પરસન્મુખ ભાવો છે. ને તે અયથાચારપણે વર્તવું છે. જ્યારે જ્ઞાની મુનિએ તે બધા ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી લીધી છે ને આત્મા જે અનંતગુણોનો પિંડ છે તે તરફ અભિમુખપણે વિચરે છે ને તે ખરેખર સ્વરૂપની રમણતામાં વર્તે છે. શ્રીમદે કહ્યું છે કે ''અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી.''

પોતે સ્વપણે છે ને પરપદાર્થો તથા પરભાવોપણે નથી એમ અનેકાંત નક્કી કરનાર સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે વિચરે છે તે સમ્યક્ એકાંતે છે. આમ તે મુનિ નિત્ય જ્ઞાની છે. એક સમય પણ જ્ઞાનીપણાનો તથા સ્વરૂપની એકતાનો વિરહ નથી. દરેક સમયે જ્ઞાનીપણું ટકે છે ને સ્વરૂપમાં લીન છે.

## <u>તેવા મુનિને સંપૂર્ણ શ્રામણ્ય હોવાથી મોક્ષતત્ત્વ જાણવું.</u>

આવો મુનિ જે સ્વમાં ઠરી ગયો છે ને જેને અયથાચાર ટળી ગયા છે ને જેને સ્વરૂપની અંતર વીતરાગતા વર્તતી હોવાથી સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટ્યું છે તેવા મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે. અહીં જે જીવ મોક્ષદશાને પામ્યો તેની વાત નથી પણ જે મુનિ હજી મોક્ષદશા પામ્યો નથી પણ જેને સ્વરૂપની લીનતા વર્તે છે ને જે શુભભાવમાં ફરી આવવાનો નથી ને નિયમથી મોક્ષદશા પામવાનો છે તેવા સ્વરૂપ લીનતાવાળા મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે.

વસ્તુદ્રષ્ટિએ તો આત્મા મોક્ષસ્વરૂપ જ છે. આત્માની પર્યાયમાં વિકાર છે ને તેને ટાળીને મોક્ષ પ્રગટ કરું એવી અપેક્ષા વસ્તુસ્વભાવમાં—દ્રવ્યદ્રષ્ટિએ નથી. દ્રવ્યદ્રષ્ટિએ તો આત્મા મુક્ત જ છે, એટલે કે મોક્ષસ્વરૂપ જ છે. મોક્ષ કરવો છે એમ પણ વસ્તુસ્વરૂપમાં નથી. આત્મા વિકાર સ્વભાવી, સંગસ્વભાવી નથી પણ અસંગ મોક્ષસ્વરૂપ નિરુપાધિ સ્વભાવી છે એમ દ્રષ્ટિ તો પ્રથમ જ હતી પણ છઠ્ઠે ગુણસ્થાને મુનિને જે શુભાશુભ ભાવોમાં નબળાઈથી જોડાણ રહેતું તે તરફનું વલણ ખેસવી સ્વમાં ઠર્યો એટલે કે સ્વસન્મુખ થઈ વીતરાગી પર્યાય પ્રગટ થતાં પર તરફના શુભાશુભભાવો પણ ટળી ગયા છે ને સ્વરૂપમાં લીનતા રહે છે તેવા મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે.

## <u>કારણ કે તે મુનિને સ્વભાવમાં લીનતા હોવાથી વિકાર ઉત્પન્ન જ થતો નથી ને કર્મોનો નાશ થાય છે.</u>

અજ્ઞાની જીવો ધર્મને તથા ચારિત્રને દુઃખદાયક માને છે. અમુક તપમાં આટલા ઉપવાસ કરવા પડે તો ધર્મ થાય ને તપની વિધિ કરવી પડે. વિધિમાં ભૂલ થાય તો પ્રાયશ્ચિત લેવું પડશે. આમ અજ્ઞાની કંટાળો લાવીને, થાકી થાકીને તપ પૂરો કરે છે. તેને તો શુભભાવના પણ ઠેકાણાં નથી પરંતુ કોઈ શુભભાવ કરતો હોય તો પણ તે ચારિત્ર નથી. સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક શુદ્ધતા પ્રગટે તે ચારિત્ર છે. આવા ચારિત્રવંતને મોક્ષતત્ત્વ જાણવું કારણ કે પૂર્વના સકળ કર્મોનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યા છે અને નૂતન કર્મફળને ઉપજાવતો નથી. પોતાના શુદ્ધ સ્વભાવમાં લીનતા થવાથી વિકાર ઉત્પન્ન થતો નથી તેથી કર્મ કે કર્મફળ ઊપજતું નથી. જગતની રચના કરવી કે પુણ્ય-પાપનો આશ્રય કરવો કે નિમિત્તોને મેળવવાં એ કાંઈ આત્માની લીલા નથી. પણ શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનમાં ઠર્યો તે આત્માની લીલા છે. અજ્ઞાનમાં પુણ્યથી ને નિમિત્તથી ધર્મ માનતો તે અજ્ઞાનની લીલા સંકેલી ને અનેકાંત દ્વારા—જેમ કે આત્મા સ્વપણે છે ને પરપણે નથી,

નિર્વિકારીદશા નિર્વિકારપણે છે ને વિકારપણે નથી, સ્વભાવ સ્વભાવપણે છે ને વિભાવપણે નથી. આત્મા અખંડપણે છે ને ખંડપણે નથી એમ—અજ્ઞાનની લીલા સંકેલી ને આત્મ સ્વભાવમાં શ્રદ્ધા જ્ઞાન ને સ્થિરતારૂપી લીલાથી કર્મોને નષ્ટ કર્યા. આટલાં કષ્ટ કે દુઃખ સહન કર્યા. બહુ ઉપસર્ગ સહન કર્યા માટે કર્મ ખપ્યાં છે, એમ કહ્યું નથી. સ્વભાવની ઉગ્રતામાં કર્મનો નાશ થયો. કર્મફળ તો જડનું ફળ છે, તે તો તેના કારણે નાશ થાય છે, તેને આત્મા નષ્ટ કરતો નથી. ને વિકાર થયો તેને કેવી રીતે નાશ કરે ? સમાધાન :–પોતાના શુદ્ધસ્વભાવમાં એકાગ્ર થતાં વિકાર ઉત્પન્ન થતો નથી તેને પૂર્વ કર્મનાં ફળ નષ્ટ કર્યાં ને નવા કર્મફળને ઉપજાવતો નથી, એમ કહેવામાં આવે છે. સંહનન ને કાળ ઉપર દ્રષ્ટિ રાખીને મોક્ષતત્ત્વ પ્રગટતું નથી પણ તેના ઉપરની દ્રષ્ટિનો અભાવ કરીને મોક્ષ થાય છે એટલે કે શુદ્ધ સ્વભાવમાં રહેતા પરનું લક્ષ છૂટી જાય છે ને પૂર્વકર્મનો નાશ થાય છે.

## વળી તે મુનિ પ્રાણધારણ કરતો નથી ને તેને અશુદ્ધભાવનો અભાવ હોવાથી તે શુદ્ધસ્વભાવમાં સ્થિર રહે છે તેથી તે મોક્ષતત્ત્વ છે.

વળી તે મુનિ મોક્ષતત્ત્વ કેમ છે તેનું હજી કારણ દર્શાવે છે. તે મુનિ ફરીવાર પ્રાણધારણ કરવારૂપ દીનતાને પામતો નથી ને બીજા અશુદ્ધભાવરૂપ પરાવર્તનનો અભાવ છે તેથી શુદ્ધ સ્વભાવમાં સ્થિર રહે છે. આ સંપૂર્ણ શ્રામણ્યવાળા જીવને બીજા ભાવરૂપ પલટાવું થતું નથી, તે સદા એક જ ભાવરૂપે રહે છે—શુદ્ધ સ્વભાવમાં સ્થિર પરિણતિરૂપે રહે છે તેથી તે જીવ મોક્ષતત્ત્વ જ છે. અહીં પ્રાણધારણ કરવા તેને દીનતા કહી છે. પાંચે ઇન્દ્રિયો, મનવચનકાય બળ, શ્વાસોચ્છ્વાસ ને આયુ–એમ દશ પ્રાણ તો જડ છે. પણ તેના નિમિત્તરૂપે સંયોગ હોવો એટલી આત્મામાં યોગ્યતા છે. એવી યોગ્યતા લજ્જાસ્પદ છે, શરમ છે, દીનતા છે. **બીજા ભવ તો ક્યાંય દૂર રહ્યા પણ તીર્થંકરપણે ઊપજી પ્રાણ ધારણ કરવા તે લજ્જા છે.** અહીં તો જે મુનિ સ્વરૂપમાં ઠરી મોક્ષ લ્યે તેવાની વાત છે. સ્વરૂપમાં સાવધાન રહે છે ને ફરી શુભભાવ કરતા નથી તે ઉત્કૃષ્ટ મુનિની વાત છે. તે સ્વભાવમાં સ્થિર રહે છે ને સંસારમાં અવતરતા નથી. શરીર તીર્થંકરનું મળવું, સર્વાર્થસિદ્ધના દેવનું મળવું કે આહારક શરીર મળવું તે રાગના કારણે મળે છે. જીવ દશ પ્રાણ ધારણ કરે તો તેટલી જ્ઞાનમાં તથા વીર્યમાં હીનતા છે. એવી હીનતા ને યોગ્યતા આત્મામાં છે તો ભવિષ્યમાં જીવ દશ પ્રાણ ધારણ કરે છે પણ આ મુનિએ સ્વરૂપમાં સ્થિરતા કરી છે, જ્ઞાન તથા વીર્યની હીનતા થવા દીધી નથી. શુદ્ધથી વિપરીત અશુદ્ધ પુણ્ય-પાપનો ભાવ તે દ્વિતીયભાવ છે. તે ચૈતન્યથી

વિપરીત ભાવ છે. તેવા શુભભાવમાં પાછા આવવાનો અભાવ છે. પોતાના શુદ્ધ, અરાગી, અદ્વેષી સ્વભાવમાં અવસ્થિત નિશ્ચય પરિણતિવાળો છે ને જે નિયમથી મોક્ષ પામે છે તેવી મુનિદશાને મોક્ષતત્ત્વ કહે છે. શુભોપયોગી મુનિ વિકલ્પમાં વર્તે છે તેથી તે સાક્ષાત્ મોક્ષતત્ત્વ નથી. તે પરંપરા મોક્ષતત્ત્વ કહેવાય છે. જે સ્વભાવની લીનતામાંથી ઊતરીને છઠ્ઠે ગુણસ્થાને શુભઉપયોગમાં આવે તે દશાને મોક્ષતત્ત્વ કહ્યું નથી તો પછી શુભરાગ ને નિમિત્તો શુદ્ધતામાં મદદ કરે તે તો સ્થૂળ અજ્ઞાન છે. અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે જે મુનિ શુભભાવમાં આવતો નથી ને શુદ્ધ સ્વભાવમાં લીન રહે છે ને પ્રાણધારણરૂપ દીનતા કરતો નથી તે મુનિ મોક્ષતત્ત્વ છે. ।।૨૭૨।।

હવે મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ કહે છે. બીજાં શાસ્ત્રોમાં ભલે નિમિત્તથી વાત કરી હોય ને નિમિત્તને તથા પુણ્યને મોક્ષનાં સાધન કહ્યા હોય—મનુષ્યભવ સંહનન, ચોથો આરો, મન વગેરે કેવળજ્ઞાનનાં સાધન નિમિત્તથી સંયોગ બતાવવા કહ્યા હોય તોપણ તે ખરાં સાધન નથી. મોક્ષનું ખરું સાધન તો મુનિદશા છે. અંતરસાધન એ જ છે તે ગાથામાં કહે છે :–

## ગાથા ૨૭૩

**જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,**
**આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩.**

**અર્થ :—**સમ્યક્ (યથાતથપણે) પદાર્થોને જાણતા થકા, જેઓ બહિરંગ તથા અંતરંગ પરિગ્રહને છોડીને વિષયોમાં આસક્ત નથી તેમને 'શુદ્ધ' કહેવામાં આવ્યા છે.

## બાહ્યઅભ્યંતર પરિગ્રહ રહિત નિર્ગ્રંથ મુનિની શુદ્ધતા તે મોક્ષનું સાધન છે.

કેવા છે મુનિઓ ? બધા પદાર્થોને જેમ છે તેમ જાણે છે. શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અંતરંગ પરિણતિ ઘણી વધી ગઈ છે ને તીવ્ર આસક્તિનો છેદ થઈ ગયો છે. સ્વભાવનું ભાન થતાં અંતરમાં રાગની પરિણતિ ઘણી ઘટી જવાથી વસ્ત્ર આદિનો બાહ્ય પરિગ્રહ છૂટી ગયો છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષ તે અંતરંગ પરિગ્રહ છે ને ધન ધાન્ય, દાસ દાસી, કપડાં વગેરે બાહ્ય પરિગ્રહ જે રાગનાં નિમિત્તો છે તેની ઉપરનું લક્ષ છોડ્યું છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ વિષયોમાં આસક્ત નથી ને સ્વરૂપને સાધી રહ્યા છે તે મુનિને શુદ્ધ કહેવામાં આવ્યા છે. બહિરંગ પરિગ્રહ છૂટી ગયો છે, એમ જણાવ્યું પણ તે સાધન નથી. અંતરમાં શુદ્ધતા થઈ છે તે જ મોક્ષનું સાધન છે.

*

# પ્રસાદ નં. ૨૨૮

## પ્રવચનસાર ગાથા ૨૭૩

(જેઠ સુદ ૧૩, રવિવાર)

આત્માના ભાન સહિત અંતરમાં પૂર્ણ પવિત્રદશા પ્રગટ થવી તે મોક્ષ છે ને શુદ્ધોપયોગમાં લીન રહેનારા મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે. તે મોક્ષ તત્ત્વનું સાધનતત્ત્વ કહે છે. શુદ્ધોપયોગી મુનિઓને સાધન કહે છે. તે શુદ્ધ મુનિઓ કેવા છે ?

## જે મુનિઓ અનેકાંત વડે જ્ઞાતા ને જ્ઞેયના સ્વરૂપમાં પ્રવિણ છે....

અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વનું અને જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ પ્રવિણ છે. જ્ઞાતૃતત્ત્વ એટલે જાણનાર—દેખનાર અને જ્ઞેય એટલે જણાવાયોગ્ય પદાર્થ–તે બન્નેનું સ્વરૂપ અનેકાંત વડે જણાય છે. તેમાં મુનિઓ પ્રવિણ છે. આત્મા જાણનાર—દેખનાર છે ને શરીર, મન, વાણી જ્ઞેય છે. તેનો આત્મામાં અભાવ છે. આત્મા જાણનાર છે તે પરજ્ઞેયરૂપ થતો નથી ને જણાવાયોગ્ય પદાર્થો આત્મારૂપ થતા નથી. શરીરાદિની ક્રિયા આત્માથી થતી નથી. તે ક્રિયા તે તે પદાર્થોથી થાય છે. આત્મા તેનો જાણનાર છે. શરીર, મન, વાણીની અવસ્થા મારા આધારે નથી. હું આત્મા એના આધારે નથી. કર્મની અવસ્થા જડ પરમાણુના કારણે થાય છે, આત્માને લીધે થતી નથી. તેમ જ તે આત્માને લાભ-નુકશાન કરતી નથી. આત્મા સ્વપણે છે ને પરપણે નથી. આત્મામાં જ્ઞાનગુણ જ્ઞાનગુણરૂપે છે ને બીજા ગુણરૂપે નથી. વર્તમાન પર્યાય વર્તમાનપણે છે ને પૂર્વપર્યાય કે ભવિષ્યની પર્યાયરૂપે નથી. શાંતઅવસ્થા શાંતરૂપે છે ને શુભરૂપે નથી. શરીર, મન, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવગુરુશાસ્ત્ર બધા પરપણે છે ને મારારૂપે નથી. જ્ઞાનસ્વભાવી આત્મા બોલી શકતો નથી. વાણી વાણીને લીધે છે, આત્માને લીધે નથી. જ્ઞાન જ્ઞાનને લીધે છે, વાણીને લીધે નથી, શરીરને લીધે નથી, દયાદાનના વિકલ્પને લીધે નથી. પરની ક્રિયા પરથી થાય છે ને મારાથી થતી નથી. દયાદાનાદિ પરિણામ પુણ્ય છે પણ ધર્મ નથી. ધર્મ તે ધર્મ છે ને પુણ્ય નથી. શુદ્ધ સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે ને શુભભાવના આશ્રયે ધર્મ થતો નથી. વિકાર પરને લીધે નથી પણ હું પરનું અવલંબન લઉં છું તો વિકાર થાય છે. વિકાર દુઃખદાયક છે ને સ્વભાવ સુખદાયક છે. વળી આત્મા અનંતગુણોના પિંડરૂપ એક છે ને પોતાના ગુણ પર્યાયથી અનેક છે. આત્મા પોતે કાયમ રહે છે તે

અપેક્ષાએ નિત્ય છે ને અવસ્થામાં પલટન પામે છે માટે અનિત્ય છે. આત્મા શુદ્ધ સ્વભાવદ્રષ્ટિએ પવિત્ર છે ને સમય સમયના વિકારની અપેક્ષાએ વિકારી છે. વિકાર વિકારપણે છે, વિકાર શુદ્ધતાપણે નથી. શુદ્ધતા શુદ્ધતાપણે છે ને વિકારપણે નથી એમ અનેક પ્રકારે અનેકાંતનાં રહસ્યને જાણ્યું છે ને તે જ્ઞાનમાં મુનિ ઘણા નિપુણ છે. અહો ! ચૈતન્યસ્વભાવ સત્ ચિદાનંદ છે, મારા સુખને માટે—ધર્મને માટે, મારા સ્વભાવનું અવલંબન છે પણ પુણ્યપાપનું અવલંબન કામનું નથી. દરેક પદાર્થ મારું જ્ઞેય છે. દરેક જ્ઞેય વસ્તુપણે કાયમ છે ને પર્યાયપણે પલટે છે તે તેનાં દ્રવ્યગુણપર્યાયપણે છે ને મારાં દ્રવ્યગુણ પર્યાયપણે નથી. આમ અનેકાંત વડે ભેદજ્ઞાન કરવું તે સમ્યગ્દર્શન ને સમ્યક્જ્ઞાન છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મ કરવો હોય તો આટલું ભેદજ્ઞાન તો હોવું જોઈએ. બૈરાં, છોકરાં, પૈસા સંસાર નથી. જો તે સંસાર હોય તો મૃત્યુ વખતે જીવ તેને છોડીને ચાલ્યો જાય છે તો મુક્તિ થવી જોઈએ. બૈરાં, છોકરાં, શરીર મારાં છે તેવી માન્યતા ને દયાદાનથી ધર્મ થાય તે માન્યતા ભ્રાંતિ ને સંસાર છે. વળી દેવ, ગુરુ, શાસ્ત્ર, શત્રુંજય ને સમેતશિખર જીવને તારવામાં સમર્થ નથી તે તો આત્માનાં જ્ઞેયતત્ત્વો છે. આમ ભેદવિજ્ઞાન કરવું તે પ્રથમ ધર્મ છે. તે જ સમ્યક્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આ વિના કદી પણ ધર્મ થતો નથી.

## જે મુનિએ પોતાના ચૈતન્યસ્વરૂપને સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિથી જુદું કર્યું છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર—ત્રણે થઈને મોક્ષમાર્ગ છે. જ્ઞાન સાથે અરાગી અરૂપી નિર્વિકલ્પ દશા થાય ત્યારે મોક્ષમાર્ગ કહેવાય છે, તે ચારિત્રની વાત કરે છે. ‘અંતરંગમાં ચકચકાટ કરતા અનંત શક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે વિવિક્ત કર્યું છે.’ વસ્ત્રાદિ છોડવા—ક્રિયાકાંડ કરવા કે દયાદાન કરવાં તે ચારિત્ર નથી. અગ્નિ ઉષ્ણતાથી શોભે છે તેમ આત્મા પોતાના જ્ઞાનાદિ અનંતગુણથી શોભાયમાન છે. પૈસા, આબરૂ, રૂપાળું શરીર વગેરેથી તેમ જ દયાદાનના ભાવથી આત્મા તેજસ્વી નથી. શરીર રૂપાળું હોય, આબરૂ હોય, સારું વ્યાખ્યાન કરતાં આવડે, શ્રાવકોમાં માન હોય તો ચારિત્ર લીધું કહેવાય—એમ અજ્ઞાની માને છે, તે આત્માનું તેજસ્વીપણું નથી. શરીરાદિ તથા શુભાશુભ ભાવોથી ભિન્નપણાનું ભાન તો ગૃહસ્થદશામાં કરેલ હતું પણ ભાન ઉપરાંત ધન, ધાન્ય, દાસ, દાસી વગેરે બહિરંગ પરિગ્રહ ઉપરનો મોહ છોડ્યો છે એટલે બાહ્યનાં નિમિત્તો છૂટી ગયાં છે ને વિચાર કરવામાં દ્રવ્યમન નિમિત્ત છે તેની સંગતિનો પણ ત્યાગ કર્યો છે એટલે તે

તરફના રાગથી પણ જુદો પડ્યો છે તેથી તેનો ત્યાગ કર્યો કહેવામાં આવે છે. પરપદાર્થ તથા પરભાવોથી જુદાપણાનું ભાન હતું પણ વિશેષ અરાગીદશા પ્રગટ થતાં સ્ત્રી, કુટુંબ, વસ્ત્રાદિ ઉપરનો રાગ છૂટી ગયો છે.

બે પૂરી ખાય ને સારૂં કપડું પહેરે તે ચારિત્ર નથી. અનંત શક્તિવાળા ચૈતન્યસ્વભાવના જોરે પુણ્ય-પાપ રહિત સ્વરૂપમાં ઠરવું તે ચારિત્ર છે. વિકારને પોતાનો માનવાથી અધર્મ થાય છે તેનું તેને જ્ઞાન નથી તેથી સમ્યગ્દર્શન નથી ને સમ્યગ્દર્શન વિના ચારિત્ર નથી. તે વિના મોક્ષનું સાધનતત્ત્વ સાબિત થતું નથી. પરપદાર્થ તથા વિકારથી આત્મા જુદો છે એવું ગૃહસ્થાશ્રમમાં ભાન હોવા ઉપરાંત વિષયોની આસક્તિ ઘટાડી સ્વભાવમાં લીનતા કરી છે તેને મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ કહે છે. લોકો શરીરાદિ બહારનાં સાધન ધર્મ માટે જરૂરી કહે છે પણ તે વાત ખોટી છે. આ શરીર તો જડ છે. તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. વળી પરની દયા પાળી શકતો નથી ને દયાનો વિકલ્પ ઊઠે છે તે રાગ છે. રાગ રહિત અંતર વીતરાગી પરિણમન તે ચારિત્ર ધર્મ છે. આનું નામ પચ્ચખાણ, આનું નામ સામાયિક છે. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ અનેકાંતપણે શોભિત છે, સૂર્યસમાન તેજસ્વી છે. એવા સ્વરૂપમાં લીનતા કરતાં પરિગ્રહ ઉપર લક્ષ ગયું નહિ ને અંતર વીતરાગી પરિણતિ ઘણી વધી ગઈ છે.

## મુનિની પરિણતિ અંતર્લીન હોવાથી તેઓ વિષયોમાં આસક્તિ પામતા નથી.

'તેથી અંતઃતત્ત્વની વૃત્તિ (આત્માની પરિણતિ) સ્વરૂપગુપ્ત અને સુષુપ્તસમાન રહેવાને લીધે જેઓ વિષયોમાં જરાપણ આસક્તિ પામતા નથી.'

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થતાં આત્મા પરપદાર્થથી જુદો છે ને આત્માના આશ્રયે જ્ઞાન તથા મોક્ષ થાય એમ ભાન તો વર્તે છે છતાં આત્માની પરિણતિ પુણ્ય-પાપમાં થોડી અટકતી—હવે મુનિપણામાં તે પરિણતિ પુણ્ય-પાપમાં અટકતી નથી પણ સ્વરૂપમાં ગુપ્ત રહે છે તેમ જ—તે પરિણતિ જાણે કે સૂઈ ગઈ હોય. જેમ ઘોર નિદ્રાવાળાને બહારમાં શું બને છે તેની ખબર ન પડે તેમ મુનિઓ મોક્ષમાર્ગના અંતરપટમાં—નિર્વિકલ્પ આનંદમાં પોઢ્યા છે. બહારની વાતની ખબર પડતી નથી. અનેકાંત જાણ્યું, પ્રતીતિ કરી. જેવું સ્વરૂપ જાણ્યું તેમાં લીન થઈ ગયા તેથી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વૃત્તિ ઉત્પન્ન થતી નથી.

## એવા સકળ મહિમાવંત શુદ્ધોપયોગી મુનિ એક જ મોક્ષમાર્ગરૂપ છે.

'એવા જે સકળ મહિમાવંત ભગવંત શુદ્ધો (શુદ્ધોપયોગીઓ) તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું અર્થાત્ તે શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે.'

દયાદાનાદિના ભાવો તે અશુદ્ધ ઉપયોગ છે. તે વિનાના ચૈતન્ય આશ્રયે થતો શુદ્ધ ઉપયોગ તે મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું અથવા તેને મોક્ષમાર્ગ જાણવો. દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધા, નવતત્ત્વાદિનું વ્યવહાર જ્ઞાન, કષાયમંદતા આદિરૂપ વ્યવહાર રત્નત્રય મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ નથી. છતાં કોઈ જગ્યાએ પુણ્યને તથા નિમિત્તને મોક્ષમાર્ગનું સાધનતત્ત્વ કહ્યું હોય તો તે નિમિત્તોનું તથા સંયોગોનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે, એમ અહીં સ્પષ્ટતા કરે છે. કે વ્યવહાર, પુણ્ય ને નિમિત્ત વિનાની શુદ્ધદશાને મોક્ષમાર્ગ કહે છે. મોક્ષમાર્ગ નિર્દોષ વીતરાગી દશા છે. દશા દશાવાનથી જુદી રહેતી નથી. એવી દશાવાળા સકળ મહિમાવંત શુદ્ધ ઉપયોગી મુનિને મોક્ષમાર્ગનું સાધનતત્ત્વ અથવા મોક્ષમાર્ગ જાણવો.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ઘણા કાળથી કહેતા આવ્યા છે અને કરતા આવ્યા છે એ બધું ખોટું હશે ? જાત્રા કરવી, પોષહ કરવા, દાન કરવું વગેરે ધાર્મિક ક્રિયા હશે કે આ એક જ ક્રિયા હશે ?

## પુણ્યપાપ રહિત શુદ્ધ આત્મામાં રમણતા એ જ ધાર્મિક ક્રિયા છે ને તે જ મોક્ષનો ઉપાય છે.

**સમાધાન :—**ભાઈ, તારું સાધન અંતરમાં હોય, બહારમાં ન હોય. શરીરના ક્ષેત્રાંતરથી કે પૈસાની ક્રિયાથી પુણ્ય નથી તેમ જ ધર્મ પણ નથી. કારણ કે તે પરપદાર્થ છે. અંતરમાં રાગ ઘટાડે તેટલું પુણ્ય છે પણ તે વિભાવ છે. અશુભથી બચવા શુભ આવે છે પણ તે ધર્મ નથી. પરપદાર્થો ને વિકારથી આત્મા તેજસ્વી થતો નથી. પરથી ભિન્ન, વિકારથી ભિન્ન અંતર રમણતા કરવી તે જ ધર્મ છે. પ્રથમ પ્રતીતિ કરવી જોઈએ. પરપદાર્થની ક્રિયા આત્મા કરી શકતો નથી ને પુણ્ય-પાપ ભાવો તો વિકારી ક્રિયા છે. તેનાથી રહિત અંતર સ્વરૂપ રમણતા તે ધાર્મિક ક્રિયા છે, તે સિવાય બીજી ક્રિયાથી ધર્મ નથી. ઘણા વખત થયા કરતા આવ્યા માટે સાચું હોય એવો નિયમ નથી માટે વિચારવું. નવ લાખ નવકાર જપવાથી બે ત્રણ ભવે જિનવર થાય એમ અજ્ઞાનીએ મનાવ્યું છે. અનંત નવકાર ગણે તો પણ મુક્તિ થાય તેમ નથી, રાગ ઘટાડે તો પુણ્ય થાય પણ તે ધર્મ નથી.

કોઈ પ્રશ્ન કરે કે આ પ્રત્યક્ષ દેખાય છે કે આટલી બીજાની સેવા કરે છે ને લાકડીઓ પડવા છતાં શાંતિ રાખે છે તો જરૂર તેને ધર્મ થતો હશે ને ?

**સમાધાન : (૧)** પ્રત્યક્ષ દેખાય છે કે શરીરની ક્રિયા શરીરથી થાય છે, આત્માની ક્રિયા આત્માથી થાય છે ને બીજા આત્માની ક્રિયા બીજા આત્માથી થાય છે છતાં પણ મારે લીધે શરીરની ક્રિયા થાય છે ને બીજાની સેવા થાય છે, એમ માનવું તે મૂઢતા છે.–અજ્ઞાનભાવ છે કારણ કે પરદ્રવ્યની કોઈ અવસ્થા આત્મા કરી શકતો નથી.

(૨) વળી આ લાકડી જડ છે ને તે લાગતાં મારા આત્માને લાગે છે, એમ માનવું તે ભ્રાંતિ છે કારણ કે બન્નેને અત્યંત અભાવ છે.

(૩) વળી બીજાની સેવામાં જરા રાગનો ઘટાડો કર્યો છે તે પુણ્ય આસ્રવ છે છતાં તેનાથી મને ધર્મ થશે, એમ માનવું તે પણ ભ્રાંતિ છે. આવી રીતે ભ્રાંતિ હોવા છતાં ધર્મ માને છે તેની પર્યાય હીણી થઈ જશે ને નીચી ગતિમાં જશે.

(૪) વળી એવા પ્રસંગે કોઈ ક્ષમા ધારણ કરે તે સાચી ક્ષમા નથી. પૂર્વ પ્રારબ્ધ એવાં બાંધ્યાં હશે માટે આપણને પરિષહ આવ્યો, તેથી પરિષહ આપનાર બિચારા જીવ ઉપર ક્ષમા કરો. આમ જે જીવ કાંઈક કષાયની મંદતા કરી પર લક્ષે ક્ષમા ધારે છે તે સાચી ક્ષમા નથી.

(૫) પરપદાર્થની ક્રિયારહિત, પુણ્ય-પાપ રહિત પોતાના શુદ્ધસ્વભાવમાં પરિષહને વખતે પણ અંતરલીનતા થવી ને પર ઉપર લક્ષ ન જવું ને રાગ-દ્વેષ ઉત્પન્ન નહિ થતાં અંતર વીતરાગી અપૂર્વ શાંતિ ઉત્પન્ન થવી તે ક્ષમા છે. જુઓ, આ મુનિઓનાં ચિત્રો–એકને વાઘણ કરડે છે ને બીજાને અગ્નિનો સંયોગ છે પણ બહારનું લક્ષ છૂટી ગયું છે. બીજાને ક્ષમા આપું એવો વિકલ્પ પણ ઊઠતો નથી ને અંતર સ્વરૂપમાં લીન છે, તે સાચી ક્ષમાના ધરનાર છે.

(૬) બહારમાં ધોકા પડે તો પણ તેનું મુનિને ભાન નથી. બહારના પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટ વૃત્તિ તો નાશ પામી જ છે પણ પાપ ઠીક નહિ ને પુણ્ય ઠીક છે એવી વૃત્તિ પણ નાશ પામી છે. બાહ્ય તેમ જ અંતર પરિગ્રહ નથી. શુભાશુભભાવોની પકડથી રહિત સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે. સ્વભાવના ભાનસહિત અંતરશુદ્ધતાવાળા—સકળ મહિમાવંત શુદ્ધોપયોગી મુનિને મોક્ષમાર્ગ જાણવો.

## તે મુનિઓ અંતરશુદ્ધતા વધારવાનો ને નિમિત્તરૂપે કર્મ તોડવાનો ઉગ્ર પુરુષાર્થ કરે છે માટે તે મુનિ મોક્ષનું સાધનતત્ત્વ છે.

શુદ્ધોપયોગી મુનિને મોક્ષમાર્ગ કહ્યો તેનું કારણ એ છે કે તેઓ અનાદિ સંસારથી રચાયેલા—બંધ રહેલા વિકટ કર્મરૂપી બારણાંને ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે. આ સંસાર અનાદિથી છે. નિગોદમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, કીડી, ઇયળના ભવોમાં અજ્ઞાનને લીધે કર્મ બાંધતો ને પંચેન્દ્રિય મનુષ્યપણું પામી દ્રવ્યલિંગી મુનિ થયો તોપણ વ્યવહારથી ને નિમિત્તથી ધર્મ થાય એવી માન્યતાથી કર્મ બાંધતો હતો. તે કર્મકપાટને ખોલવાનો મુનિ અતિ ઉગ્ર પુરુષાર્થ કરે છે. જેમ ભરત ચક્રવર્તી છ ખંડ સાધવા જાય છે ને વૈતાઢ્ય પર્વતની ગુફામાં રહેલા લોખંડના દરવાજા જે ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી બંધ હતા તેને પોતાના દંડથી તોડી નાખ્યા ને લશ્કરને સામી બાજુ લઈ જાય છે તેમ આ મુનિ પોતાના શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતારૂપી સાધનથી કર્મોના બારણાંને તોડવા પ્રયત્ન કરી રહ્યા છે. અહીં કર્મોને તોડે છે એમ કહ્યું છે તો શું આત્મા જડ કર્મોને તોડી શકતો હશે ? ભાઈ, કર્મ જડ છે, તેને આત્મા બાંધતો નથી ને તોડતો પણ નથી ને જે વિકાર થાય છે તેને પણ શું તોડે ? પોતાના શુદ્ધસ્વભાવમાં લીનતા થતાં વિકારની ઉત્પત્તિ થતી જ નથી તેથી નવાં કર્મો બંધાતાં નથી ને જૂનાં કર્મો ઉદયમાં આવી ખરી જાય છે ને કર્મ જોડે રહેતાં નથી અને કર્મોને તોડવાનો પ્રયત્ન કરે છે, એમ કહેવામાં આવે છે. જ્યાંસુધી જીવ અજ્ઞાનદશામાં હતો ત્યાંસુધી પોતાની નબળાઈ છે તેથી કર્મનું જોર હતું, એમ કહેવાતું પણ પોતાના સ્વભાવ ઉપર દ્રષ્ટિ કરીને લીનતા કરી તો કર્મનું જોર મંદ પડ્યું ને કર્મને તોડ્યાં એમ કહેવાય છે. આમ અંતરવીર્ય સહિત શુદ્ધતા કરવાનો ને નિમિત્તરૂપે કર્મ તોડવાનો પ્રયત્ન કરે છે તે મુનિદશાને મોક્ષમાર્ગ અથવા મોક્ષનું સાધનતત્ત્વ કહેલ છે.

*

# પ્રસાદ નં. ૨૨૯

## <u>પ્રવચનસાર ગાથા ૨૭૪</u>

(જેઠ સુદ ૧૪, સોમવાર)

## <u>શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ એ જ મોક્ષનો સુલભ રસ્તો છે. તે રસ્તે ગતિ કરવાથી મોક્ષ પમાય છે.</u>

આ આત્માની પૂર્ણદશાનું સાધન શુદ્ધ ઉપયોગ છે. પુણ્ય-પાપરહિત નિર્મળ દશાને શુદ્ધ ઉપયોગ કહે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ, અનંતવીર્ય પ્રગટ કરવા માટે શુદ્ધોપયોગ સાધન છે. તેનો મનોરથ કરવા જેવો છે, બીજો મનોરથ કરવા જેવો નથી. આરસપહાણની કઠણ સડકવાળો રસ્તો હોય, રબરનાં પૈડાંવાળી મોટર હોય ને કુશળ ડ્રાઈવર હોય તો જેટલી ઝડપથી મોટર દોડાવવી હોય તેટલી ઝડપથી દોડાવીને નિશ્ચિત સ્થાને જલદી પહોંચી જવાય પણ ધૂળના ખાડા ખબડાવાળા પોચા રસ્તા હોય, પેટ્રોલ વગરની જૂની મોટર હોય ને અણઘડ ડ્રાઈવર હોય તો ધારેલી જગ્યાએ પહોંચાતું નથી, પણ રસ્તામાં અટકી જાય છે, કાં તો મોટર ઊંધી વળે છે. તેમ દેહ મન વાણીથી ને પુણ્ય-પાપથી રહિત શુદ્ધ નકોર-કઠણ જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાન ને એકાગ્રતાથી મોક્ષમાર્ગમાં ગતિ કરે તો મોક્ષના સ્થાને એટલે મોક્ષરૂપી પોતાની દશાને જલદી પહોંચી જાય છે. પણ શરીરની ક્રિયા તથા પુણ્ય-પાપની ક્રિયામાં ધર્મ માની અજ્ઞાની જીવ પુરુષાર્થ કરે તો મોટરની જેમ અટકી જાય અથવા પોતે ઊંધે રસ્તે જાય છે એટલે કે સંસારમાં પરિભ્રમણ કરે છે. માટે જેને મોક્ષ કરવો હોય તેણે મોક્ષનું સાધન જાણવું જોઈએ. મોક્ષ આત્માની પૂર્ણ પવિત્રદશા છે, ને તેનું સાધન શુદ્ધોપયોગ છે. તે શુદ્ધોપયોગીને સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનંદે છે.

## <u>ગાથા ૨૭૪</u>

**રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,**
**છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ પ્રણમું તેહને. ૨૭૪.**

<u>**અર્થ :**</u>—શુદ્ધને (–શુદ્ધોપયોગીને) શ્રામણ્ય કહ્યું છે, શુદ્ધને દર્શન અને જ્ઞાન કહ્યું છે, શુદ્ધને નિર્વાણ હોય છે, તે જ (–શુદ્ધ જ) સિદ્ધ હોય છે; તેને નમસ્કાર હો.

## <u>મુનિદશાથી માંડી સિદ્ધદશા સુધીના કારણરૂપ શુદ્ધઉપયોગને નમસ્કાર હો !</u>

આખા જૈનદર્શનમાં—સર્વજ્ઞ ભગવાનના અદ્વિતીય શાસનમાં બધા મનોરથ કેમ સિદ્ધ થાય તેનો પ્રકાશ પાડનારી ગાથા છે. આ ચરણાનુયોગના અધિકારમાં વ્યવહારની વાત બતાવી છે. શુભ ને શુભનાં નિમિત્તો બતાવ્યાં ખરા પણ તેનો મનોરથ કરવા જેવો નથી. મનોરથ તો શુદ્ધનો જ કરવા જેવો છે એમ આ ચરણાનુયોગની છેવટના સારરૂપ મહાન ગાથામાં કહે છે. ચૈતન્યમૂર્તિ આત્મા છે તેનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપી શુદ્ધઉપયોગને સાધુપદ કહ્યું છે. પાંચ મહાવ્રતાદિના શુભભાવ તે સાધુપદ નથી. તેવી જ રીતે બાર વ્રતાદિના શુભપરિણામ પણ શ્રાવકપણું નથી. આત્મામાં ત્રણકાળ, ત્રણલોકને જાણવાની તાકાત ખીલે છે તે શુદ્ધ આત્માના આશ્રયે ખીલે છે પણ દયાદાનાદિના પરિણામથી કેવળજ્ઞાન ખીલતું નથી. તેવા શુદ્ધ ઉપયોગી જીવને જ નિર્વાણ હોય છે ને તે જ જીવ સિદ્ધપદને પામે છે માટે શુદ્ધને નમસ્કાર હો. સર્વ ભાવોને પ્રગટ કરવાનું મૂળ, બધાં કાર્યનું કારણ ને ઊંધા ભાવના નાશનો ઉપાય. પુણ્યના મનોરથ ટાળવાનો ઉપાય શુદ્ધ ઉપયોગ એક જ છે ને તેનો જ મનોરથ કરવા જેવો છે.

## શુદ્ધાત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ એ મુદ્દાની વાત છે પણ દયા, દાનાદિના પરિણામ મુદ્દાની વાત નથી.

**ટીકા :** પ્રથમ એટલે મુદ્દાની વાત આ છે. મહત્ત્વની વાત પ્રથમ સ્વીકારવી જોઈએ. એક વેપારીને ત્યાંથી એક ગ્રાહક પરચૂરણ ચીજો તથા રૂપિયા ઉધાર લઈ ગયો. પછી દિવાળીએ હિસાબ કરવા માંડ્યો. તેમાંથી પરચૂરણ ચીજો જે લઈ ગયેલ તેની તે હા પાડતો ગયો. મરચાં સવા રૂપિયાનાં લીધેલ. તો કહે કે હા, કપડું બે હાથ લઈ ગયેલ. તો કહે કે હા. પછી ઘરકામ માટે રૂા. ૫૦૧ રોકડા ઉછીના લઈ ગયેલ, એમ વેપારીએ કહ્યું તો ગ્રાહકે તેની ના પાડી કે રૂપિયા કોણ લઈ ગયું છે ? ગ્રાહક પાસેથી પરચૂરણ લેણું વસુલ થાય પણ મુદ્દાની મોટી રકમનો નકાર કરે ને તે ન વસૂલ ન થાય તો વેપારીને દેવાળું કાઢવું પડે; તેમ વ્યવહાર શાસ્ત્રમાં નિમિત્તથી કથન આવે કે ભક્તિ કરવી, દયા પાળવી તો અજ્ઞાની જીવ કહે કે હા. બરાબર છે. વળી લખાણ આવે કે જાત્રા કરવી, પાંચ મહાવ્રતાદિ પાળવાં તો તેનો જવાબ આપે કે હા, બરાબર છે, તે કરવાં જોઈએ. પણ દ્રવ્યાનુયોગના શાસ્ત્રમાં લખાણ આવે કે દયા, દાન, વ્રતાદિ પરિણામ હોવા છતાં તે શુભ છે, આસ્રવ છે, બંધ છે માટે તેનો મનોરથ કરવા જેવો નથી પણ ચિદાનંદ આત્મા છે તેના આશ્રયે શુદ્ધ ઉપયોગ થાય છે માટે તેની ભાવના કરવા જેવી છે. એમ જ્યાં સાંભળે ત્યાં અજ્ઞાની કહે કે “ભાઈસાહેબ, આ વાત અમોને ભારે પડે છે, તે સમજાતી નથી. દયા, દાન, પૂજા, ભક્તિ કરવાનું કહો તો જલદી સમજાય પણ

આત્મા સમજાતો નથી.'' આમ જે આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરતો નથી તે હળદર, મરચાં, મીંડા જેવા શુભભાવની કબૂલાત કરે છે પણ રૂપિયા ૫૦૧ની મૂળ રકમની જેમ શુદ્ધ આત્માનો નકાર કરે છે. તે જીવ સંસારમાં રખડે છે, તેને ધર્મ થતો નથી. અગાઉ આ અધિકારમાં તેમ જ બીજા વ્યવહારનાં શાસ્ત્રોમાં શુભને ધર્મમાં મદદગાર ઉપચારથી કહ્યો હોય તો તે જાણવા માટે કહ્યું હતું, એમ સમજવું. મુદ્દાની વાત તો ચૈતન્યના આશ્રયે પ્રગટતા શુદ્ધ ભાવની છે.

## (1) શુદ્ધોપયોગીને એકાગ્રતાલક્ષણવાળો સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય છે.

''પ્રથમ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદ્‌પણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય તે શુદ્ધને જ હોય છે.''

પરપદાર્થથી જુદો ને વિકારથી ભિન્ન અખંડ પરિપૂર્ણ ચિદાનંદ સ્વરૂપ આત્મા છે તેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન, રાગ વિનાનું સ્વસંવેદન જ્ઞાન ને સ્વરૂપમાં રમણતારૂપી ચારિત્ર–એ ત્રણેની એક સાથે પ્રવૃત્તિ ને વિકારથી નિવૃત્તિ ને જેનું લક્ષણ એકાગ્રતા છે એટલે કે શુદ્ધ આત્માને જ અગ્ર કર્યો છે એવા લક્ષણવાળું સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત મુનિપણું શુદ્ધોપયોગીને જ હોય છે. પોતાના શુદ્ધ સ્વભાવમાં રમણતા કરે છે તે શુદ્ધોપયોગી છે, તેને જ મુનિપણું કહેવાય છે. પાંચ મહાવ્રતાદિના પરિણામ આસ્રવ છે, તે મુનિપણું નથી માટે શુદ્ધની જ ભાવના કરવા જેવી છે. શુભભાવમાં કલ્યાણ નથી, આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં કલ્યાણ છે. વસ્ત્રસહિત મુનિપણું મનાવે છે તે તો મુનિપણું છે જ નહિ પણ નગ્ન દિગંબર મુનિ થાય તોપણ શુદ્ધતા વિનાની દશાને મુનિપદ તરીકે ભગવાને સ્વીકારી નથી. શરીરાદિની ક્રિયા પર છે, પુણ્ય-પાપ અશુદ્ધભાવ છે. આત્મા તેનાથી રહિત ત્રિકાળી શુદ્ધ છે, તેનાં શ્રદ્ધા, જ્ઞાન કરવા ઉપરાંત વીતરાગી લીનતા થઈ તે મોક્ષમાર્ગ ને મુનિપણું છે.

## શુદ્ધોપયોગના ફળમાં અશરીરી સિદ્ધદશા ને અશુદ્ધોપયોગના ફળમાં ક્રમે કરીને નિગોદદશા પ્રાપ્ત થાય.

અહીં કોઈ પૂછે કે મોક્ષમાર્ગ નિશ્ચય ને વ્યવહાર બે પ્રકારે કહ્યા છે ને?

**સમાધાન :—**જ્યાં બે પ્રકાર કહ્યાં હોય ત્યાં વ્યવહાર મોક્ષમાર્ગ પરંપરા ઉપચારથી શુભભાવ અને તેનાં નિમિત્તો કેવાં હોય તે બતાવવા કહ્યો છે. નિશ્ચય એટલે સાચો મોક્ષમાર્ગ એક જ છે, જે આ ગાથામાં કહ્યો છે. માટે યથાયોગ્ય સમજવું. આત્મા અખંડ વસ્તુ છે, કર્મ રજકણથી જુદો, વિભાવથી જુદો આત્મા

પરિપૂર્ણ શુદ્ધ છે. તેવા અનંત આત્મા છે, તેમ સર્વજ્ઞની વાણીમાં આવ્યુ છે. ગુરુ પણ એમ જ કહે છે ને શાસ્ત્ર પણ એ જ કહે છે. તેવું વ્યવહારે પણ જે માનતા નથી તેની તો વાત છે જ નહિ પણ જે જીવ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથગુરુ ને સત્શાસ્ત્રને માનવા છતાં પાંચ મહાવ્રતને મોક્ષમાર્ગ માને છે તેનો મનોરથ વ્યર્થ છે. જેમ કમોદના ખાલી ફોતરા ખાંડવાથી ચોખા નીકળતા નથી પણ કમોડ ખાંડવાથી ચોખા નીકળે છે તેમ પુણ્યપાપના ભાવ ફોતરાં છે. તેમાં એકાગ્ર થવાથી ચોખા જેવો શુદ્ધ આત્મા પ્રાપ્ત થતો નથી ને કલ્યાણ થતું નથી. ભાલ પ્રદેશની અંદર જમીન બહુ નરમ છે. તેમાં કોઈ કોઈ ઢીલી જગ્યામાં ફોડા હોય, તેમાં પગ મૂકવાથી માણસ પણ અંદર ચાલ્યો જાય છે ને મરી જાય છે. તેમ પાંચ મહાવ્રતાદિના પુણ્ય પરિણામ ભાલની જમીન જેવા પોચા છે. તેમાં એકાગ્ર થવાથી આત્મા ગુમાવી બેસે છે ને કઠણ જમીન જેવો આત્મા નકોર શાંતિનો ભંડાર છે તેમાં એકાગ્ર થવાથી મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે ને સિદ્ધદશા થાય છે. આવો મોક્ષમાર્ગ કેવળીની વાણીમાં આવ્યો છે. ગણધરો તેને આદરે છે, ઇન્દ્રો અનુમોદે છે, જ્ઞાનીઓ અનુમોદે છે. જ્ઞાનસ્વભાવી આત્માના અવલંબને મોક્ષમાર્ગ ને મોક્ષ છે. પણ અનિત્ય એવા પુણ્ય-પાપથી મોક્ષની સડક આવશે નહિ. આત્માનો તીવ્ર વિરોધ કરે તો ક્રમે કરીને બટાટા આદિમાં નિગોદના જીવ તરીકે ઉત્પન્ન થશે. સુરણની એક રાઈ જેવડી કટકીમાં અસંખ્યાતા શરીર છે ને એકેક શરીરમાં અનંતા આત્મા છે. આવી રીતે સ્વભાવનો અનાદર કરતાં ને વ્યવહારનો આદર કરતાં આવા નિગોદના જીવ તરીકે અવતરવું પડે છે ને ત્યાં અંતર્મુહૂર્તમાં શરીર પલટાયા કરે છે. આ વ્યવહારનું ફળ છે ને શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરી રમણતા કરે તો ચારિત્ર થાય, શુક્લધ્યાન થઈ કેવળજ્ઞાન થાય ને અશરીરી મોક્ષદશાને પામે છે.

## (૨) શુદ્ધોપયોગીને બધા પદાર્થોના સામાન્ય અવલોકનરૂપ કેવળદર્શન ને વિશેષ જાણવારૂપ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

“સમસ્ત ભૂત-વર્તમાન-ભાવી વ્યતિરેકો સાથે મિલિત (મિશ્રિત) અનંત વસ્તુઓના અન્વયાત્મક જે વિશ્વ તેના (૧) સામાન્ય અને (૨) વિશેષના પ્રતિભાસ સ્વરૂપ જે (૧) દર્શન (૨) જ્ઞાન, તે શુદ્ધને જ હોય છે.” તેમાં પ્રથમ વિશ્વનું સ્વરૂપ બતાવે છે.

આ જગતમાં અનંતા આત્માઓ છે ને અનંતા જડ પદાર્થો છે. તે બધી થઈને એક વસ્તુ નથી. બધા થઈને એક આત્મા હોય તો ઉપદેશ હોઈ શકે નહિ ને સમજાવવાનું અથવા સમજવાનું રહેતું નથી. સમજનાર ને સમજાવનાર છે તે જ એક કરતાં વધુ વસ્તુ છે, એમ સાબિત કરે છે. વળી એક જ આત્મા હોય તો દુઃખ

ન હોય કારણ કે દુઃખ તો પરપદાર્થના લક્ષે પોતાની ભૂલથી થાય છે. માટે પરપદાર્થો પણ છે, એમ નક્કી થાય છે. એટલે આ જગતમાં અનંતાનંત વસ્તુઓ છે તે કાયમ રહે છે ને તેની અવસ્થા પલટન પામે છે. દરેક પદાર્થની ભૂત, વર્તમાન ને ભવિષ્યની પર્યાયો સાથે તેનું સામાન્યપણું—અન્વયપણું કાયમ રહે છે. અનંતા આત્મા ને જડ પદાર્થો કાયમ ધ્રુવપણે ટકે છે ને સમયે સમયે તેમાં ઉત્પાદ-વ્યય પણ થયા કરે છે. અનંત ગુણોના પિંડસ્વરૂપ વસ્તુ કાયમ રહે છે ને વ્યતિરેકો એટલે અવસ્થા પલટન પામે છે. આવા અનંતા ચેતન ને જડ પદાર્થોનું બનેલું વિશ્વ છે. આ ઉપરથી આ જગતમાં અનંતા પદાર્થો સાબિત થયા પણ બધા થઈને એક નથી. વળી તે સદ્રશ—ધ્રુવ રહીને અવસ્થામાં પલટન પામે છે એમ નક્કી થયું પણ એકાંત કૂટસ્થ અથવા એકાંત ક્ષણિક નથી.

'એવા વિશ્વના સામાન્યના અને વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ જે દર્શન અને જ્ઞાન તે શુદ્ધને જ હોય છે.' આવા વિશ્વના અનંતા પદાર્થોને ભેદ પાડ્યા વગર–સામાન્ય દેખવારૂપ જે શક્તિ તેને દર્શનશક્તિ કહે છે ને અનંતા પદાર્થોને ભેદ પાડી પાડીને જાણવારૂપ શક્તિને જ્ઞાન કહે છે. બધાને સામાન્ય હોવાપણે દેખે તેને દર્શનશક્તિ કહે છે. તેમાં આ જીવ છે કે અજીવ છે એવો અથવા આ દ્રવ્ય છે ને આ પર્યાય છે એવો ભેદ પાડીને દેખવું થતું નથી ને જ્ઞાનશક્તિ બધાને ભેદ પાડીને જાણે છે. આ જીવ છે, આ પુદ્‌ગલ છે, આ ગુણ છે, આ પર્યાય છે વગેરે ભેદ-પ્રભેદથી જાણે તેને જ્ઞાનશક્તિ કહે છે. જે એક સમયમાં અનંતા પદાર્થોને સામાન્યપણે દેખે છે તે કેવળદર્શન અને અનંતા પદાર્થોને ભેદપણે—વિશેષપણે જાણે છે તે કેવળજ્ઞાનની પ્રાપ્તિ શુદ્ધોપયોગીને જ હોય છે.

## (૩) શુદ્ધોપયોગીને સ્વાભાવિક જ્ઞાન ને આનંદની છાપવાળું નિર્વાણપદ પ્રાપ્ત થાય છે.

''નિર્વિઘ્ન ખીલેલાં સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો (સ્વાભાવિક જ્ઞાન અને આનંદની છાપવાળો) દિવ્ય જેનો સ્વભાવ છે, એવું જે નિર્વાણ તે શુદ્ધને જ હોય છે. હવે મોક્ષ કોને થાય છે ? તે બતાવે છે. તેમાં પ્રથમ મોક્ષ કેવો છે તે કહે છે. આત્મા તો સહજ જ્ઞાન ને આનંદવાળો છે. જેમ કમળ સહજ ખીલી જાય છે તેમ આત્માના જ્ઞાન ને આનંદ સહજ ખીલી જાય છે. કોઈ પણ જાતના વિઘ્ન વિના ખીલી જાય છે. સંયોગોથી, નિમિત્તથી કે પુણ્ય-પાપથી તે ખીલ્યો નથી. વ્યવહારરત્નત્રયથી નિર્વાણ થતો નથી. સ્વાભાવિક જ્ઞાન ને આનંદની મુદ્રાવાળું નિર્વાણપદ શુદ્ધ ઉપયોગીને પ્રાપ્ત થાય છે. નિર્વાણપદ કોઈ બહારમાં કે સિદ્ધશિલામાં નથી ને નિર્વાણપદ થયા પછી ભગવંતો ફરી ભક્તોને સહાય કરવા

સંસારમાં અવતરતા નથી. જેમ વેપારમાં અમુક માલ ઉપર છાપ મારે છે તેમ નિર્વાણની છાપ—'ટ્રેઈડમાર્ક' જ્ઞાન ને આનંદ છે. તે દશા શુદ્ધ ઉપયોગીને જ પ્રાપ્ત થાય છે.

## વ્યવહાર રત્નત્રયરૂપ શુભ પરિણામના મનોરથ કરવા જેવા નથી.

જીવોને વસ્તુસ્વરૂપની ખબર નથી ને સોંઘામાં ધર્મ બતાવે છે. કોઈ ચોરીનો માલ સસ્તો ધારી લઈ લ્યે તો માલ જાય, રૂપિયા જાય ને સરકાર જેલમાં બેસાડે. માટે સસ્તો મળે છે એમ સમજી ચોરીનો પારકો માલ લેવાય નહિ નહિતર વિપરીત પરિણામ આવે છે તેમ અજ્ઞાની જીવો સસ્તામાં ધર્મ બતાવે કે આટલી દયા પાળજો ને આમ પુણ્ય કરજો તો ધર્મ થશે. પણ ભાઈ, એથી ધર્મ થતો નથી. શરીરાદિની ક્રિયા અને વિકાર પારકા ઘરના છે, તારા ઘરના નથી, છતાં પોતાના માન્યા તેથી મિથ્યાત્વને ગાઢ કરે છે. શુભાશુભ ભાવની ભાવના વ્યર્થ છે. તેનું ઘૂંટણ કરવા જેવું નથી. તેનાથી સમ્યગ્દર્શન નથી. સ્વભાવમાં ઠરી ન શકે ત્યાં સુધી તે ભાવ હોય તે જુદી વાત છે, પણ તેનો મનોરથ કરવા જેવો નથી. ખુલ્લા મેદાનમાં ટેકરે રૂ પીંજવા માંડે તો રૂ ઊડી જાય છે તેમ પુણ્યપાપના ટેકરે આત્મા ઊડી જાય છે એટલે કે રખડે છે. કેટલાક અજ્ઞાની જીવો કહે છે કે ચોખાનો સાથીઓ સાથળ ઉપર કરી અમુક જાતની માળા જપવી, ઓમના જાપ જપવા વગેરેથી અમુક સંયોગોની સિદ્ધિ થાય છે. પણ ભાઈ, એ બધા ખોટા મનોરથ છે માટે વ્યવહારની, રાગની કે પંચમહાવ્રતની ભાવના ભાવવા જેવી નથી.

## સર્વ પદાર્થોમાં શુદ્ધ ઉપયોગ એક જ સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનંદનને પાત્ર છે.

જેમ લૌકિકમાં કોઈ મોટો માણસ હોય ને કાંઈ દાનાદિમાં રૂપિયા આપ્યા હોય તો તેને અભિનંદન અર્પણ કરી તેની પ્રશંસા કરે છે, એમ આચાર્ય ભગવાન અહીં અભિનંદન આપે છે—પ્રશંસા કરે છે. કોને અભિનંદે છે ? શુદ્ધોપયોગીને સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનંદે છે. પરની અપેક્ષા વિનાનો, પુણ્ય-પાપ રહિત ચિદાનંદ શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અંતર રમણતા કરતા શુદ્ધ જીવોને અભિનંદે છે. શુભભાવો આવે તેને અભિનંદતા નથી. વિકલ્પ હો તે જુદી વાત છે. સારાં નિમિત્તોની ભાવનાને અને શુભભાવોની ભાવનાને અભિનંદતા નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભાવનાને અભિનંદતા નથી. પરપદાર્થોથી રહિત, વિકલ્પ રહિત, ચિદાનંદ સ્વરૂપ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતારૂપી શુદ્ધોપયોગને અભિનંદે છે. શુદ્ધોપયોગ તો પર્યાય છે. પણ શુદ્ધોપયોગ આત્માના આશ્રયે થાય છે માટે

શુદ્ધપર્યાયની ભાવનામાં ત્રિકાળ શુદ્ધસ્વભાવની ભાવના આવી જાય છે. શુદ્ધોપયોગ એ મોક્ષમાર્ગ અથવા મુનિપણું છે. તેનાથી જ કેવળદર્શન ને કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તેનાથી નિર્વાણપદ પ્રાપ્ત થાય છે, તેનાથી સિદ્ધદશા કાયમ રહે છે. દુનિયામાં અભિનંદન આપવા જેવો હોય તો આ શુદ્ધ ઉપયોગ એક જ અભિનંદનને પાત્ર છે. આવા શુદ્ધોપયોગને અમો અભિનંદન આપીએ છીએ, એને અમો ટેકો આપીએ છીએ, એને જ સર્વ મનોરથના સ્થાન તરીકે પ્રશંસીએ છીએ, એમ આચાર્ય ભગવાન કહે છે.

*

# પ્રસાદ નં. ૨૩૦

## પ્રવચનસાર ગાથા ૨૭૪

(જેઠ સુદ ૧૫, મંગળવાર)

## પુણ્ય-પાપમાં એકાગ્રતા તે બંધમાર્ગ છે ને જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે. તે આત્માની સિદ્ધિનું સાધન શું ? પુણ્ય-પાપરૂપી વિકારીભાવો તે મોક્ષમાર્ગનું સાધન નથી, તે બંધનું કારણ છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા તે મોક્ષનું સાધનતત્ત્વ છે. તે સર્વ મનોરથના સ્થાનભૂત છે. ચૈતન્ય સ્વભાવમાં એકાગ્રતાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ થાય છે, શુક્લધ્યાન પ્રગટ થાય છે, કેવળજ્ઞાન પ્રગટ થાય છે, નિર્વાણપદ પ્રાપ્ત થાય છે ને સિદ્ધદશા પણ તેના વડે થાય છે.

જીવ ક્યાંક એકાગ્ર તો થાય છે. રાગ-દ્વેષના પરિણામમાં, ખાવા-પીવામાં, વેપાર આદિમાં વગેરે ઘણા પ્રકારના પરિણામોમાં એકાગ્ર થતો દેખાય છે. હિંસા, જૂઠું, ચોરી તથા ખાવાપીવાના ભાવમાં એકાગ્રતા તે પાપની એકાગ્રતા છે. દયા, દાન, જાત્રા આદિમાં એકાગ્રતા તે પુણ્યની એકાગ્રતા છે ને આત્મસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં રમણતા કરવી તે શુદ્ધની એકાગ્રતા છે, તેને શુદ્ધ ઉપયોગ કહે છે. ગોળના ભીલાને બહાર વીંટેલું શણિયું ગોળ નથી. તેમ જ ગોળમાં જરા ધૂળ ચોંટી હોય અથવા જરા ખાર નાખેલ હોય તે ગોળનું સ્વરૂપ નથી. ગળપણ તે ગોળનો સ્વભાવ છે. આત્મા ગોળના ભીલા જેવી વસ્તુ છે ને શરીર, મન, વાણી, બહારના શણિયા સમાન છે, પુણ્ય-પાપના ભાવો ખાર જેવા છે તે આત્માનો મૂળ સ્વભાવ નથી. ગોળના ગળપણની જેમ આત્માનો મૂળ સ્વભાવ તો જાણવું—દેખવું છે. પુણ્ય-પાપમાં એકાગ્રતા તે બંધમાર્ગ છે ને જાણવા—દેખવાના સ્વભાવમાં એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે, ને તે શુદ્ધોપયોગ છે, માટે તે અભિનંદનને પાત્ર છે.

## બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એમ ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ.

(૧) આ વાત તો ઘણી સાદી અને સરળ છે પણ પોતાના સ્વભાવનું અજ્ઞાની જીવોને માહાત્મ્ય આવતું નથી. જે જીવ શરીર, મન, વાણી આદિને પોતાના માને છે, તેની ક્રિયા આત્મા કરી શકે છે ને તેનાથી આત્માને લાભ થાય

છે, એમ માને છે તથા ચૈતન્યસ્વભાવ ચૂકીને પુણ્ય-પાપના વિભાવભાવમાં એકાગ્ર થાય છે તે બહિરાત્મા છે—મિથ્યાદ્રષ્ટિ છે.

(૨) શરીર, મન, વાણી આદિ હું નથી. પુણ્ય-પાપ આદિ વિભાવ છે, તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું, એમ શ્રદ્ધા, જ્ઞાન કરીને એકાગ્ર થાય છે તેવા સાધક જીવને અંતરાત્મા કહે છે. આ એકાગ્રતા શુદ્ધ ઉપયોગ છે ને તેને જ સાધુપદ કહે છે.

(૩) જ્ઞાનસ્વભાવમાં પરિપૂર્ણ એકાગ્ર થતાં પૂર્ણ વિકાસ થઈ કેવળજ્ઞાન આદિ પ્રગટે તેને પરમાત્મા કહે છે. તે પૂર્ણ થઈ ગયા. હવે તેમને એકાગ્રતા કરવી પડતી નથી.

## પુણ્ય-પાપના ભાવો હાલકલોલક છે, તેમાં એકાગ્રતા કરવી તે અશુદ્ધતા છે.

જીવોએ મુદ્દાની રકમ લક્ષમાં લીધી નથી. તે લક્ષમાં લીધા વિના મૂળ રકમ હાથ આવે નહિ ને તે વિના એકાગ્રતા થાય નહિ. અજ્ઞાની જીવ બહારના પદાર્થોમાં એકાગ્રતા કરે છે. પૈસા જાય, દીકરો મરે, તેના શોકમાં એકાગ્ર થાય, શરીર પોતાનું માની એકાગ્ર થાય, અશુભ રાગને પોતાનો માની એકાગ્ર થાય. પાપ તે આર્તધ્યાન છે ને દયાદાનાદિના ભાવોને પોતાનાં માની તેમાં એકાગ્ર થવું તે પણ અશુદ્ધતાની એકાગ્રતા છે. સ્વભાવ ચૂકી જઈને પુણ્ય-પાપમાં રોકાવું તે ધર્મ નથી, સાધુપદ નથી, મનોરથ અને શાંતિનું સ્થાન નથી. પુણ્ય-પાપના ભાવો અસ્થિર છે, એક પછી એક નવા નવા થયા જ કરે છે, હાલકલોલક છે. તેમાં સ્થિર થઈ શકાય નહિ માટે તે અશુદ્ધ પરિણામ સંસારનું કારણ છે.

## (૧) જ્ઞાનસ્વભાવ નિત્ય સ્થિર છે, તેમાં એકાગ્રતા કરવાથી શુદ્ધતા પ્રગટે છે ને તે મોક્ષમાર્ગ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. જાણવા-દેખવા માટે ઇન્દ્રિયને મનની જરૂર નથી. દેહ, મન, વાણી, ઇન્દ્રિયોથી જુદો, પુણ્ય-પાપથી રહિત, અંતર જાણવા-દેખવાનો સ્વભાવ છે તેમાં એકાગ્રતા કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટે છે. તે સર્વ મનોરથનું સ્થાન છે, પવિત્ર પર્યાય પ્રગટ કરવાનું સ્થાન છે, તેને સાધુપદ કહે છે. પૂર્ણ મોક્ષદશાને અંતરસ્વભાવના આશ્રયે સાધે છે તેને સાધુ કહે છે. જાણવા-દેખવાનો સ્વભાવ તે આત્માનું તત્ત્વ છે, સત્ત્વ છે, શક્તિ છે. તે જ્ઞાનમાં એકાગ્રતા તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.

## (૨) શુદ્ધોપયોગથી કેવળદર્શન ને કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

હું ત્રિકાળી શુદ્ધ આત્મા છું, મારુ તત્ત્વ પરથી જુદું છે. જ્ઞાનસ્વભાવ ધ્રુવ છે, એમાં એકાગ્ર થવાથી શુદ્ધતા પ્રગટ થાય છે ને કેવળદર્શન ને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અનંત પદાર્થોને એક સમયમાં ભેદ પાડ્યા વગર દેખે તેને કેવળદર્શન કહે છે ને તે જ સમયે બધાને ભેદથી જાણી લ્યે તેને કેવળજ્ઞાન કહે છે. અજ્ઞાની જીવો ઘડીમાં કહે કે સ્વર્ગ મળે, શેઠાઈ મળે, પૈસા મળે તો ઠીક ને લોગસ્સનો પાઠ આવે તેમાં બોલે કે **सिद्धा सिद्धि मम दीसंतु** હે સિદ્ધ ભગવંતો ! મને સિદ્ધપદ દેખાડો. તે તો નિમિત્તનાં કથનો છે. પોતાની અવસ્થામાં ઉગ્રપણે પુરુષાર્થ કરી સિદ્ધપદ પામું, એમ માગે છે એટલે કે પોતે સિદ્ધ થાય. એક બાજુ સિદ્ધદશાની માગણી અને બીજી બાજુ પૈસાની માગણી કરે છે—તે બંને પરસ્પર વિરોધી છે. તેવા જીવોને કેવળજ્ઞાન ને સિદ્ધપદ કેમ મળે તેની ખબર નથી. તે કેવળજ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરવાથી પ્રગટે છે, પુણ્ય-પાપ ને મહાવ્રતની એકાગ્રતાથી પ્રગટતું નથી. વળી જે જાણનાર હોય તે કોને ન જાણે ? બધા પદાર્થોને જાણે. **पूर्णम् इदम्** આ પૂર્ણ જ્ઞાન ને સુખ સ્વભાવમાંથી આવે છે. ઓમના જાપ જપે, ધ્યાન કરે, તીર્થંકરો ઉપર લક્ષ કરે તો કેવળજ્ઞાન પ્રગટતું નથી. કોઈ ગુરુની કે ભગવાનની કૃપાથી કેવળજ્ઞાન થતું નથી પણ શુદ્ધોપયોગથી જ કેવળજ્ઞાન પ્રગટે છે.

## (૩) શુદ્ધોપયોગથી જ્ઞાન ને આનંદની છાપવાળું નિર્વાણપદ પ્રાપ્ત થાય છે.

‘‘નિર્વિઘ્ન ખીલેલાં સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો (સ્વાભાવિક જ્ઞાન અને આનંદની છાપવાળો) દિવ્ય જેનો સ્વભાવ છે, એવું જે નિર્વાણ તે શુદ્ધને જ હોય છે.’’ નિર્વાણ એટલે શીતલીભૂતદશા. પુણ્ય-પાપના ભાવ તે કષાય અગ્નિ છે. કષાયરહિત આત્મામાં શાંતિ પ્રગટવી તે અનાકુળ દશા છે. કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રથમ પ્રગટ થયાં હતાં હવે જ્ઞાન ને આનંદની છાપવાળું નિર્વાણ પ્રગટ થાય છે. જે નિર્વાણ થયા પછી ફરી સંસારમાં અવતાર ધારણ કરવો પડતો નથી. અનાકુળ, શાંત, ઉપશમ રસથી ભરેલાં, નિર્વિઘ્ન ખીલેલાં જ્ઞાન ને આનંદ કે જે ખીલ્યાં પછી પાછાં પડે નહિ તે કેમ પ્રાપ્ત થાય ? સ્વભાવમાં જે આનંદ છે તે શક્તિમાંથી વ્યક્ત દશા થાય છે. જેમ પીપરમાં ૬૪ પહોરી તીખાશ શક્તિરૂપે હોય છે, તે બહાર આવે છે. તેમ જ્ઞાન ને આનંદની શક્તિ અંદરમાં હતી તે ગુલાબની કળીની જેમ પ્રગટ દશારૂપે ખીલી નીકળેલ છે. કોઈ નિમિત્તના આધારે કે પુણ્ય-

પાપના આધારે ખીલેલ નથી પણ નિર્વિઘ્ને સહજ ખીલેલાં છે. વળી લોકાલોકને દેખે છે માટે આનંદ છે, એમ નથી પણ પોતામાંથી આનંદ આવે છે. મુક્તિ થાય ને પૂર્ણ આનંદ ન હોય તો તે મુક્તિ જ કહેવાય નહિ. મુક્તિની સાથે પરમ આનંદદશાનો અનુભવ હોય છે. આવાં જ્ઞાન ને આનંદની મહોરવાળું નિર્વાણપદ શુદ્ધોપયોગીને જ પ્રાપ્ત થાય છે માટે આવી ઓળખાણ કરો, તે સિવાય બીજો રસ્તો નથી. લાખો પુસ્તકો વાંચે કે યોગાદિની ક્રિયા કરે તેથી નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. માટે જ્ઞાન ને આનંદની મુદ્રાવાળું નિર્વાણપદ જોઈતું હોય તો શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રથી શુદ્ધોપયોગ પ્રગટ કરો, તે નિર્વાણનું કારણ છે.

## (4) શુદ્ધોપયોગથી નિત્ય પરમ આનંદરૂપ સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે.

‘‘ટંકોત્કીર્ણ પરમાનંદરૂપ અવસ્થાઓમાં સ્થિત આત્મસ્વભાવની ઉપલબ્ધિમાંથી ગંભીર એવા જે ભગવાન સિદ્ધ છે તે શુદ્ધ જ હોય છે (અર્થાત્ શુદ્ધોપયોગથી જ સિદ્ધ થાય છે.)’’

નિર્વાણદશા પ્રાપ્ત થયા પછી એવીને એવી દશા નિત્ય ટકી રહે છે. તે સિદ્ધદશાને કૃતકૃત્યદશા કહે છે. તે દશા શુદ્ધોપયોગીને જ પ્રાપ્ત થાય છે. તે સિદ્ધદશા કેવી હોય છે ?—કે ટંકોત્કીર્ણ એટલે ચૈતન્ય સ્વભાવની એકાગ્રતારૂપી ટાંકણેથી કોતરેલી છે. આ સિદ્ધદશા બહારના સંયોગો, નિમિત્તો કે પુણ્યની મદદથી પ્રગટી નથી પણ પોતાના ચૈતન્યસ્વભાવના આશ્રયે સહજ પ્રગટેલી છે. ને વળી તે સિદ્ધદશા પરમ આનંદરૂપ દશા છે. સિદ્ધદશામાં વિકારનો, જગતનો કે સંયોગોનો અનુભવ નથી પણ પરમ આનંદની પર્યાયોમાં સિદ્ધભગવાન સ્થિત છે. અપરિમિત આનંદને તેઓ અનુભવે છે. આવી સિદ્ધદશાનો અનુભવ શુદ્ધોપયોગીને જ પ્રાપ્ત થાય છે.

## બધી પવિત્રદશાઓ શુદ્ધોપયોગથી પ્રગટ થાય છે માટે શુદ્ધોપયોગનો મનોરથ કરવા જેવો છે.

દેશમાં આપણે સુધારો કરવો જોઈએ, એમ અજ્ઞાની કહે છે. પણ ભાઈ, દેશનું સુધરવું કે બગડવું તે તારા હાથની વાત નથી. દેશ મારો છે ને હું તેને સુધારી કે બગાડી શકું છું એવી માન્યતા ભ્રમ ને પાખંડ છે. તારા શરીરની અવસ્થાને તું સુધારવા શક્તિવાન નથી તો બહારના પદાર્થોનું તું કરી શકે એ માન્યતા જ પાખંડ છે. તેવા વિકલ્પમાં એકાગ્રતા કરવી તે શાંતિને લૂંટનારી છે. પોતાને શુભાશુભ ભાવો હોય તો જુદી વાત છે પણ તેથી શાંતિ ને આનંદ પ્રગટ થતાં નથી. તેમ જ પરમ આનંદરૂપ સિદ્ધદશા કોઈના આશીર્વાદથી, મનુષ્ય દેહથી,

મજબુત સંહનનથી, ચોથા આરા વગેરેથી પ્રગટ થતી નથી પણ શુદ્ધોપયોગથી પ્રગટ થાય છે. ચરણાનુયોગનો અધિકાર છે એટલે બધા પ્રકારે કથન આવ્યું ખરું. અશુભભાવ છોડી શુભભાવ મુનિને હોય છે. અસત્સંગ છોડવો ને સત્સંગ કરવો વગેરે ઘણા ઘણા પ્રકારે વાત આવી પણ છેવટે આ પાંચ ગાથામાં સાર મૂકી દીધો કે એ બધાં લખાણ નિમિત્તનાં કથન સમજવાં, પણ મોક્ષમાર્ગ તો શુદ્ધ ઉપયોગથી જ છે. આત્મા ત્રિકાળ સત્ છે, જ્ઞાન સત્ છે, તેના આધારે પવિત્રતા પ્રગટ થાય છે, મુનિપણું પ્રગટ થાય છે. તેનાથી કેવળદર્શન ને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તેનાથી નિર્વાણ થાય છે. નિર્વાણ થયા પછી ફરી સંસારદશા થતી નથી ને સિદ્ધ થયા પછી નવી નવી પર્યાયો એવા જ આનંદની પ્રગટ્યા જ કરે છે માટે શુદ્ધોપયોગનો મનોરથ કરવા જેવો છે. બીજો કોઈ મનોરથ કરવા જેવો નથી.

અજ્ઞાની જીવ માને છે કે જાત્રા વગેરે શુભભાવ કરો તો મોક્ષદશા થાય. પણ ભાઈ, તે તો રાગ છે. વળી પરનું કાર્ય હું કરું છું ને પરથી મારી પર્યાય પ્રગટે છે એમ અજ્ઞાની માને છે. અજ્ઞાની પણ તેની ભૂત, વર્તમાન ને ભવિષ્યની પર્યાય સહિત અન્વય રહેનાર ધ્રુવ પદાર્થ છે. બીજો પદાર્થ તેની પર્યાયને ફેરવવા સમર્થ નથી, ને બીજાની પર્યાયને તે ફેરવી શકતો નથી. બધાં શાસ્ત્રોનો એક જ સાર છે કે અંતર સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરો. તે વડે સમકિત થાય છે, ચારિત્ર થાય છે, મોક્ષમાર્ગ પ્રગટી કેવળજ્ઞાન પ્રગટે છે. નિર્વાણપદને પ્રાપ્ત થાય છે ને સિદ્ધદશા અનંતકાળ સુધી એવી ને એવી રહે છે.

## શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરવાથી સંસારરૂપી 'પનોતી'નો નાશ થાય છે.

તારે તારું જ્યોતિષ જોવું હોય તો કેવો હાથ જોવો ? તારે ભાવિમાં કેવું થવું છે ? તારે સાધુ થવું છે ? તો જ્ઞાનસ્વભાવની એકાગ્રતાથી સાધુપદ મળશે. તારે કેવળજ્ઞાન લેવુ છે? તો જ્ઞાનસ્વભાવની એકાગ્રતાથી કેવળજ્ઞાન પ્રગટશે. કોઈ કહે કે ગ્રહ નડતા હોય તો શું કરવું ? કોઈ બહારના ગ્રહ નડતા નથી. દેહની ક્રિયાથી ને પુણ્યથી ધર્મ થાય એવી જે માન્યતા તે લોઢાના પાયે પનોતી બેઠી છે તેથી તને સુખની પ્રાપ્તિ થતી નથી. માટે તારે દુઃખ ટાળી સુખ પ્રાપ્ત કરવું હોય તો ઊંધી માન્યતારૂપી પનોતી પ્રથમ કાઢ ને સુવર્ણમય ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કર તો ક્રમે કરીને સિદ્ધદશા પ્રગટ થશે. અહીં તો નિર્વિઘ્ને સિદ્ધદશા પ્રગટ થાય છે. કોઈ ગ્રહ નડતા નથી માટે આનો એકનો જ પુરુષાર્થ કર.

## સર્વ મનોરથના સ્થાનભૂત શુદ્ધોપયોગને ભાવનમસ્કાર હો.

હવે આચાર્યભગવાન કહે છે કે વચનવિસ્તારથી બસ થાઓ. સર્વ મનોરથના સ્થાનભૂત મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગથી બધા મનોરથ સિદ્ધ થાય છે. જેમ સારી કાળી જમીનમાં જુદી જુદી જાતનાં ફળોની પ્રાપ્તિ થાય છે તેમ શુદ્ધ ઉપયોગથી સાધુપદની પ્રાપ્તિ, કેવળજ્ઞાન ને કેવળદર્શનની પ્રાપ્તિ, નિર્વાણની પ્રાપ્તિ ને સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે. તે શુદ્ધ ઉપયોગને ભાવ નમસ્કાર હોં. તે ભાવ નમસ્કાર કેવો છે ? ભાવક એટલે (ભાવ નમસ્કાર કરનારો) તે અંગ (અંશ) છે અને ભાવ્ય (ભાવનમસ્કાર કરવા યોગ્ય પદાર્થ) તે અંગી (અંશી) છે તેથી આ ભાવનમસ્કારમાં ભાવક તેમ જ ભાવ્ય પોતે જ છે. (ભાવક પોતે અને ભાવ્ય પર એમ નથી). અર્હંત ભગવાન નમસ્કાર કરવાયોગ્ય ને હું નમસ્કાર કરનાર એમ તો છે જ નહિ પણ મારો ત્રિકાળી શુદ્ધસ્વભાવ તે ભાવ્ય છે ને મારો શુદ્ધ પર્યાય તે ભાવક છે એમ ત્રિકાળી સ્વભાવ તથા પર્યાયના ભેદનો રાગ એટલે ભાવ્ય—ભાવકના ભેદનો રાગ તે પણ પર છે. આત્મા તે સ્વને આવો રાગ ઊઠવો તે પર છે. તેવા સ્વ-પરના ભેદનો પણ નાશ થયો છે એટલે પોતાના શુદ્ધ ઉપયોગમાં ઠરતાં આવા પ્રકારનો રાગ ઉત્પન્ન થતો નથી. ભાવક-ભાવ્યપણાને લીધે સ્વ-પરનો વિભાગ અસ્ત થયો છે. એવો ભાવનમસ્કાર શુદ્ધને હો, એમ કહ્યું છે. એટલે કે મારો પર્યાય મારામાં નિર્વિકલ્પપણે ટળી જાય છે ને પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય છે. જુઓ, આચાર્ય ભગવાને શુદ્ધોપયોગને આવો ભાવનમસ્કાર કર્યો છે.

*

# પ્રસાદ નં. ૨૩૨

## <u>પ્રવચનસાર ગાથા ૨૭૪</u>

(જેઠ વદ ૨, ગુરુવાર)

## <u>શુદ્ધ ઉપયોગનો મનોરથ કરવા જેવો છે, સંયોગો તથા પુણ્યનો મનોરથ કરવા જેવો નથી.</u>

"સર્વ મનોરથના સ્થાનભૂત, મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ શુદ્ધને, જેમાંથી પરસ્પર અંગ—અંગીપણે પરિણમેલા ભાવક–ભાવ્યપણાને લીધે સ્વ-પરનો વિભાગ અસ્ત થયો છે એવો ભાવનમસ્કાર હો."

શુદ્ધ ઉપયોગરૂપ મોક્ષમાર્ગ છે ને તે સર્વ મનોરથનું સ્થાન છે. આ આત્મા શુદ્ધ સ્વભાવી છે. તેનાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાને મોક્ષમાર્ગ કહે છે. આત્મવસ્તુ સત્ છે, તેનો સ્વભાવ નિર્મળ આનંદ–જ્ઞાનસ્વરૂપ છે, તેની અવસ્થામાં વિકાર થાય છે, તે ક્ષણિક છે, ને વિકારનું લક્ષ છોડી સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ કરી એકાગ્રતા કરવી તે મોક્ષમાર્ગ અથવા સાધુપદ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ અને અનંતવીર્યની પ્રાપ્તિનું કારણ તથા સાદિ અનંત કાળ સહજ પરિપૂર્ણ આનંદદશારૂપ રહેવાનું કારણ શુદ્ધ ઉપયોગ છે. તે સર્વ મનોરથનુ ધામ છે. પૈસા, આબરૂ, સ્વર્ગ, પુણ્યની ભાવના તે સાચો મનોરથ નથી, તે તો દુઃખદાયક ભાવના છે, અંગારા હાથમાં લઈ મોઢામાં નાખવા જેવું છે. પરનો, પુણ્યનો કે સ્વર્ગનો મનોરથ કરવાવાળો ચોરાશીના અવતારમાં રખડી મરશે. માટે મનોરથ તો શુદ્ધ ઉપયોગનો જ કરવા જેવો છે. તે શુદ્ધ ઉપયોગને ભાવનમસ્કાર કરે છે.

## <u>શુદ્ધ ઉપયોગ શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટ થાય છે પણ નિમિત્તોથી કે વિકારી પર્યાયોથી પ્રગટતો નથી.</u>

નમસ્કાર કરવાયોગ્ય અંગી—આખી વસ્તુ પોતે છે ને નમસ્કાર કરનાર પર્યાય છે. તો વસ્તુ શું છે, તે જાણવું જોઈએ. પ્રયોજનભૂત સાથે મેળ કરવો ને અપ્રયોજનભૂત કાઢી નાખવું તે સાર છે. પ્રયોજન = વિશેષ કરીને જોડાવું. આત્માનું કલ્યાણ થાય તે પ્રયોજનભૂત છે. આત્માની પર્યાય અખંડ આત્માને અવલંબે તો સ્થિર થાય પણ વિકલ્પ, નિમિત્ત કે પર્યાયના આધારે સ્થિર ન થાય, સ્થિરતાની અથવા રાગ-દ્વેષની અવસ્થા જૂની થાય છે ને નવી થાય છે. જે અવસ્થાનો વ્યય થાય છે તેમાંથી નવી આવે ? અભાવમાંથી સદ્ભાવ થાય ? ન જ થાય. નવી પર્યાયનું કારણ દ્રવ્ય ધ્રુવ સત્ ત્રિકાળ પડેલું છે તે છે. તેનો અજ્ઞાની જીવને ખ્યાલ

આવતો નથી. અહીં શ્રવણ પહેલાં અમુક ખ્યાલ ન હતો ને શ્રવણ પછી ખ્યાલ આવ્યો. તો ખ્યાલની નવી પર્યાય જૂની પર્યાયમાંથી આવે ? જૂની પર્યાય વખતે તો ખ્યાલ ન હતો. ખ્યાલના અભાવવાળી પર્યાયમાંથી ખ્યાલવાળી પર્યાય પ્રગટે ? ન જ પ્રગટે. સ્વભાવ ધ્રુવ છે, તેના આશ્રયે પર્યાય પ્રગટે છે. વળી ઉત્પાદ ને વ્યય ઉપર લક્ષ કરે તો પણ રાગ થાય છે કારણ કે તે ભેદ છે. માટે અભેદ ધ્રુવ આત્માના અવલંબને સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થાય છે ને શુદ્ધોપયોગ પ્રગટ થાય છે.

## વસ્તુ હોય તે કોઈ દી' (દિવસ) કે કોઈથી થાય ?

વસ્તુને પરનું અવલંબન નથી માટે નિરાલંબી છે ને સ્વની અપેક્ષા લેવામાં આવે તો સ્વાવલંબી છે. વસ્તુ હોય તે કોઈ કાળે થાય ? કોઈ ક્ષેત્રે થાય ? કોઈ દી' થાય ? કોઈથી થાય ? ના. ન થાય. માટે વસ્તુ ત્રિકાળ છે. વસ્તુનો કર્તા કોઈ ઈશ્વર નથી અને વસ્તુ કોઈ દિવસ થઈ નથી તો તે કોઈ દિવસ ન રહે તેમ પણ બને નહિ માટે વસ્તુ અનાદિઅનંત, સ્વયંસિદ્ધ, સત્ છે. આવી સાદી વાત હોવા છતાં જીવો કહે કે અમોને સમજાય નહિ. આ મને ન સમજાય તેવા સંદેહે ઘર ઘાલ્યું છે. આવડો આત્મા કેમ સમજાય તેવો સંદેહ જ સમજવા દેતો નથી. આ સમજ્યા વિના વ્રત, તપ, દયા, દાન કર્યાં પણ સંસારનો અંત આવ્યો નહિ.

## ગુણ-પર્યાય વિના વસ્તુ હોઈ શકે નહિ ને હોય તેનો જાણનાર ન હોય એમ બને નહિ.

કોઈ કહે કે અમોએ ઘરનું વાસ્તુ બહુ ધામધૂમથી કર્યું તો તેને પૂછવામાં આવે કે કોનું વાસ્તુ લીધું ? કેટલા માણસ હતા ? તો કહે કે ત્યાં માણસ પણ ન હતા ને ઘર પણ ન હતું. તું હતો કે નહિ ?—ના. તું ન હતો, માણસ ન હતા, ઘર ન હતું તો કોનું વાસ્તુ લીધું ? શેની ધામધૂમ કરી ? તો આ બધી વાત તારી ખોટી છે. કેમ કે મકાન વગર, મકાનમાં રહેનારા માણસો વગર ને તારા જાણપણા વગર મકાનનું વાસ્તુ હોઈ શકે નહિ. એમ આત્મા છે એમ બોલે પણ તેમાં કોણ વસીને રહેલા છે તે જાણ્યા વિના ને તેને જાણનારો પોતે છે એ જાણ્યા વિના અમો આત્મા સમજીએ છીએ એમ કહે તો તે વાત ખોટી છે.

(૧) આત્મા છે એમ કહે ને તેમાં ગુણ-પર્યાયો વસેલા નથી એમ કહે તો તે વાત ખોટી છે.

(૨) આત્મામાં ગુણ-પર્યાયો વસેલા છે પણ હું તેને જાણતો નથી એમ કહે તો પણ તે વાત ખોટી છે.

કોઈને પૂછવામાં આવે કે આત્મા છે ? તો કહેશે કે હા. આત્મા છે. પણ તે વસ્તુ કેવી છે ?—તો કહે કે ગુણ વિનાની છે. એમ કહેનાર આત્માને જાણતો નથી ને કોઈ જવાબ આપે કે આત્મા ગુણ પર્યાયવાળો છે તો તેને પૂછવામાં આવે છે કે તું તેને જાણે છે ? તો કહે કે ના, હું તેને જાણતો નથી. આમ બન્નેના જવાબ ખોટા છે. તે આત્માને જાણતા નથી.

## અનંત શક્તિઓનો ભંડાર આત્મા છે ને તે બધી શક્તિઓ તથા પર્યાયોને જાણનાર પોતે છે.

આત્મા વસ્તુ છે તે અનંતશક્તિનો ભરપૂર ભંડાર છે. વસ્તુ કાયમ છે ને સ્વભાવ પણ કાયમ છે. જેટલો વિકાસ કરવા માગે તેટલો થઈ શકે છે. વિકાસ થાય છે તે પર્યાય છે. આમ આત્મામાં ગુણ-પર્યાય વસેલા છે ને તેને આત્મા જાણી શકે છે. જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, વીર્યશક્તિ, સ્વચ્છત્વશક્તિ, વિભુત્વશક્તિ, પ્રભુત્વશક્તિ વગેરે અનંતશક્તિઓ મારામાં છે.

– કર્તા શક્તિ મારામાં છે તેથી મારી નિર્મળતાનો હું પોતે જ કર્તા છું,
– કર્મશક્તિ મારામાં છે તેથી મારી નિર્મળતારૂપી કર્મ—કાર્ય હું પોતે જ છું,
– કરણશક્તિ મારામાં છે તેથી મારી નિર્મળતાનું કરણ—સાધન હું પોતે જ છું,
– સંપ્રદાનશક્તિ મારામાં છે તેથી મારી નિર્મળતાનું દાન મને પોતાને હું આપું છું,
– અપાદાનશક્તિ મારામાં છે તેથી પૂર્વની મલિન અવસ્થાનો નાશ થઈ નિર્મળ અવસ્થા પ્રગટ કરું છું ને તેમાં હું પોતે જ ધ્રુવપણે રહું છું,
– આધારશક્તિ મારામાં છે તેથી મારી નિર્મળતાનો આધાર હું પોતે જ છું.

આમ અનંતશક્તિનો પિંડ આત્મા છે ને તેમાં જ્ઞાન નામનો ગુણ છે તે પોતાને તેમ જ અનંત શક્તિને તથા પર્યાયોને જાણે છે.

## પર્યાય નિર્વિકલ્પપણે દ્રવ્યમાં અભેદ થાય તે ભાવનમસ્કાર છે. શુદ્ધોપયોગને તેવો ભાવનમસ્કાર હો.

આમ આત્માને ગુણ-પર્યાયો સહિત બરાબર જાણે, પ્રતીતિ કરે ને લીનતા કરે તો પોતાના કાર્યની સિદ્ધિ અથવા મનોરથ ફળે તેમ છે. પણ જ્ઞાન પુણ્ય-પાપમાં રોકાય તો મનોરથ ફળે તેમ નથી. માટે સર્વ મનોરથના સ્થાનભૂત મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ શુદ્ધ ઉપયોગને નમસ્કાર કરે છે. કેવો છે તે ભાવનમસ્કાર ? "જેમાંથી પરસ્પર અંગ-અંગીપણે ભાવક-ભાવ્યપણાને લીધે સ્વ-પરનો વિભાગ અસ્ત થઈ ગયો છે." અર્હંત ભગવાન નમસ્કાર કરવા યોગ્ય છે ને

હું નમસ્કાર કરનાર છું એમાં તો ભેદ પડે છે, તેની વાત નથી. પોતે ત્રિકાળવસ્તુ છે, તે નમસ્કાર કરવા યોગ્ય છે—તે ભાવ્ય છે. ને પોતાની પર્યાય તે ભાવ-નમસ્કાર કરનાર છે. **દ્રવ્ય તે અંગી છે ને પર્યાય તે અંગ છે. દ્રવ્ય ને પર્યાયના ભેદનો વિકલ્પ નિર્વિકલ્પ શુદ્ધઉપયોગમાં કરતો રહેતો નથી પણ શુદ્ધ ઉપયોગરૂપ પર્યાય દ્રવ્યમાં અભેદ થાય છે, આમ નિર્વિકલ્પપણે નમસ્કાર કર્યા ને તે સાચું વાસ્તુ થયું.**

## પ્રવચનનો સાર યથાર્થ સાંભળનાર શિષ્યને ફળની પ્રાપ્તિ થાય છે, તે બતાવે છે.

હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત કરે છે. જુઓ, અહીં આચાર્ય ભગવાન કહે છે કે અમોએ પ્રવચનસારની ૨૭૫ ગાથામાં જે તત્ત્વ કહ્યું ને શિષ્યે તે શ્રવણ કર્યું તેનું ફળ શિષ્યને જરૂર આવે. ફળ ન આવે એમ બને જ નહિ. આચાર્ય ભગવાનને શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠ્યો ને સામે શિષ્ય તે શાસ્ત્રને સમજનાર ન હોય તેમ બને નહિ. શાસ્ત્રનો સાર બધો કહ્યો, શિષ્યે તે સાંભળ્યો તો તેનું ફળ શિષ્યને પ્રાપ્ત થાય છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે.

## ગાથા ૨૭૫

**સાકાર અણુ—આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને,**
**જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.**

**અર્થ :—**જે સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો આ ઉપદેશને જાણે છે તે અલ્પ કાળે પ્રવચનના સારને (-ભગવાન આત્માને) પામે છે.

## પ્રવચનસાર સાંભળીને શિષ્યવર્ગ પોતાના શુદ્ધસ્વભાવમાં—વીતરાગી પરિણતિમાં લાગે છે.

**ટીકા :—**આ પ્રવચનસાર સાંભળનાર શિષ્યવર્ગ છે એટલે કે ઘણા શિષ્યો છે. કેવો છે તે શિષ્યવર્ગ ? ને આ પ્રવચનસાર સાંભળીને તે શેમાં લાગે છે ? ‘સવિશુદ્ધ જ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમાં રહેલી પરિણતિમાં લાગેલો હોવાને લીધે સાકાર—અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો’ આત્માનું સ્વરૂપ માત્ર સવિશુદ્ધ જ્ઞાન અને દર્શન છે. તેમાં જ્ઞાન, સાકાર છે અને દર્શન અનાકાર છે. તેવા સ્વભાવમાં શિષ્યવર્ગ લીન થયેલો છે. તે પરમ વીતરાગી દશામાં લાગેલો છે. શિષ્યવર્ગ શરીર, મન, વાણીની ક્રિયામાં કે પુણ્ય-પાપના ભાવમાં લાગેલો નથી પણ

તીર્થંકરની વાણીનો સાર સમજી જ્ઞાન, દર્શન ને ચારિત્રમાં વર્તે છે. જેમ રસોઈ કરતાં પહેલાં ચીજવસ્તુની તપાસ કરે પણ ખાતી વખતે તે ચીજના ભાવ ગોખતો નથી પણ તે ચીજને ખાવાનો અનુભવ કરે છે તેમ ભગવાનની વાણી પ્રથમ સાંભળી ખરી પણ તે સાંભળીને સાર આ કાઢ્યો કે તે તરફનું લક્ષ છોડી પોતાના જ્ઞાનસ્વભાવની એકાગ્રતામાં લાગેલા રહેવું. બધા પદાર્થોનું સામાન્યપણે અર્થાત્ ભેદ પાડ્યા વગર અવલોકન તે અણાકાર ઉપયોગ છે ને બધા પદાર્થોને ભેદ—પ્રભેદ સહિત જાણવા તે સાકાર ઉપયોગ છે. આવી રીતે સાકાર—અનાકાર ચર્યાથી યુક્ત છે. દયાદાનાદિ, વૈયાવચ્ચાદિના ભાવને જાણે ખરો પણ તેમાં લીન નથી, માત્ર પોતાના શુદ્ધ ઉપયોગમાં લાગેલો છે. કોઈ માણસને પૂછે કે શું કામમાં લાગેલા છો ? તેમ અહીં સર્વજ્ઞદેવની વાણી સાંભળીને શિષ્ય શું કામમાં લાગેલો છે ? પોતાની વીતરાગી પરિણતિમાં લાગેલો છે.

## <u>સમસ્ત શાસ્ત્રના ભાવને જાણતો કેવળ આત્માને અનુભવતો, આ ઉપદેશને જાણે છે.</u>

(૧) વળી તે શિષ્યવર્ગ કેવો છે ? પોતે સમસ્ત શાસ્ત્રના અર્થોના વિસ્તારસંક્ષેપાત્મક શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ વડે કેવળ આત્માને અનુભવતો, આ ઉપદેશને જાણે છે. “કોઈ શિષ્ય સમસ્ત શાસ્ત્રના ભાવને વિસ્તારથી પોતાના શ્રુતજ્ઞાનમાં ધારી રાખે છે ને કોઈ શિષ્ય તે ભાવને ટૂંકાણથી પોતાના શ્રુતજ્ઞાનમાં ધારી રાખે છે. જ્ઞાનના ઓછાવત્તા ઉઘાડની વાત ગૌણ કરી છે પણ અંતર આત્મામાં લાગેલો છે, તે વાત મુખ્ય છે. બધાં શાસ્ત્રોને જે કહેવું છે તેનો સાર તેના ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે. પછી કોઈ શિષ્ય વિશેષ ઉઘાડપૂર્વક તે સાર અંતરમાં લાવ્યો કે ઓછા ઉઘાડપૂર્વક લાવ્યો, તેની સાથે સંબંધ નથી પણ પોતે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ કર્યું છે. વળી સમસ્ત શાસ્ત્રના ભાવને જાણ્યા છે એટલે કે તેમાં ચારે અનુયોગનો સાર જાણ્યો છે. દ્રવ્યાનુયોગનાં શાસ્ત્રો ઉપાદાન શક્તિની મુખ્યતાથી વર્ણન કરે છે. ચરણાનુયોગનાં શાસ્ત્રો નિમિત્તની પ્રધાનતાથી તથા શુભભાવોની પ્રધાનતાથી કથન કરે છે. કરણાનુયોગ સૂક્ષ્મ પરિણામની પ્રધાનતાથી કથન કરે છે. કથાનુયોગ જે મહાન પુરુષો થઈ ગયા તેના જીવનચરિત્રની પ્રધાનતાથી કથન કરેલ છે. તે બધા અનુયોગનો સાર તેમણે જાણી લીધો છે. ચારે અનુયોગનું ધ્યેય તો આત્મા શુદ્ધ ચિદાનંદ છું એવા ભાનપૂર્વક દર્શન, જ્ઞાન ને રમણતા કરવી તે જ છે. સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. આમ બધાં શાસ્ત્રોના સારને તે જાણે છે.

(૨) 'પંચાસ્તિકાય'માં બે પ્રકારના તાત્પર્ય કહ્યાં છે.—(૧) સૂત્રતાત્પર્ય (૨) શાસ્ત્રતાત્પર્ય. દરેક ગાથા દીઠ તેનું જે તાત્પર્ય હોય તેને જાણવું તે સૂત્રતાત્પર્ય છે ને **આખા શાસ્ત્રનું તાત્પર્ય—વીતરાગભાવ છે. તેમ અહીં પણ શિષ્યે બધાં શાસ્ત્રોને વિસ્તારપૂર્વક અથવા સંક્ષેપપૂર્વક પ્રભાવ વડે કેવળ આત્માને અનુભવે છે. આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રજ્ઞાન કરવાનું તાત્પર્ય છે. જુઓ, આ ચરણાનુયોગમાં પણ આચાર્યભગવાને છેવટે આ તાત્પર્ય બતાવ્યું છે.** 'કેવળ' શબ્દ ઉપર વજન છે. એકલા શુદ્ધ આત્માને અનુભવે છે, પણ કોઈ રાગને કે બીજા ભાવને અનુભવતો નથી.

(૩) વળી શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ વડે આત્માને અનુભવે છે, એમ કહ્યું છે પણ ભગવાનના, વાણીના કે દ્રવ્યશ્રુતના વિકલ્પના પ્રભાવ વડે અનુભવે છે, એમ કહ્યું નથી પણ પદાર્થોના સ્વરૂપને જાણી અંતર ભાવશ્રુતજ્ઞાન પ્રગટ્યું છે, તેના પ્રભાવ વડે અનુભવે છે એમ કહ્યું છે એટલે કે મતિજ્ઞાન, અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાનોપયોગ વડે આત્માનો અનુભવ થતો નથી પણ શ્રુતજ્ઞાન વડે જ આત્માનો અનુભવ થાય છે. વળી શ્રુતજ્ઞાનના પ્રભાવથી અનુભવે છે, એમ કહ્યું તે અહીં ચરણાનુયોગનો અધિકાર છે માટે કહ્યું છે. ખરેખર તો પોતાના ત્રિકાળી શુદ્ધ આત્માના પ્રભાવથી જ આત્માને અનુભવે છે. શ્રુતજ્ઞાન તો પર્યાય છે. પર્યાયના પ્રભાવથી અનુભવ થાય નહિ પણ અહીં ચરણાનુયોગમાં ભાવશ્રુતજ્ઞાનની પર્યાય ઉપર આરોપ કર્યો છે. બાકીનાં બધાં નિમિત્તો—ભગવાન, વાણી, વિકલ્પ વગેરે કાઢી નાખ્યાં. ત્રિકાળી શુદ્ધ આત્મા તે નિશ્ચય ને નિર્મળ પર્યાય તે વ્યવહાર છે. અહીં ભાવશ્રુતજ્ઞાનની પર્યાય ઉપર આરોપ આપી શ્રુતજ્ઞાનના પ્રભાવથી આત્માને અનુભવે છે, એમ કહ્યું છે.

(૪) વળી કહ્યું કે તે શિષ્યવર્ગ આત્માને અનુભવતો, આ ઉપદેશને જાણે છે. જુઓ, આમાં ખૂબી છે. જ્યારે આત્માનો અનુભવ થયો એટલે કે નિશ્ચય પ્રગટ્યો ત્યારે ઉપદેશ જાણ્યો, એમ કહેવાયું. તે સિવાય ઉપદેશ જાણ્યો કહેવાતો નથી. શિષ્યે પ્રથમ ઉપદેશ સાંભળેલો ખરો છતાં ઉપદેશ જાણ્યો ક્યારે કહેવાય ? કે જો પોતાના આત્માને અનુભવે તો. તેથી ઉપદેશ જાણે પછી અનુભવે એમ કહ્યું નથી પણ જે શિષ્ય આત્માને અનુભવે છે તે જ ખરેખર ઉપદેશને જાણે છે, ને જે શિષ્ય આત્માને અનુભવતો નથી તેણે ઉપદેશ સાંભળ્યો હોવા છતાં તે ઉપદેશને જાણતો નથી. ચારે અનુયોગનો સાર, દ્રવ્યગુણ પર્યાયનો સાર પોતાના જ્ઞાન ઉપયોગમાં લઈ અંતરમાં ઢળ્યો ત્યારે ઉપદેશથી જાણે છે, એમ નિમિત્ત તરીકે કહેવાય છે. ખરેખર તો સ્વશક્તિના વિકાસથી જાણે છે ત્યારે ઉપદેશને નિમિત્ત કહેવાય છે.

## વિશુદ્ધ દર્શન–જ્ઞાનપૂર્વક વીતરાગી પરિણતિ પ્રગટ કરવી—એ એક જ પ્રવચનનો સાર છે.

જુઓ, વસ્તુસ્વરૂપ આમ છે. આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન, રમણતા એ જ કાર્યકારી છે. પરમાત્મા ને તારામાં શક્તિરૂપે કાંઈ ફેર નથી. એકવાર હા પાડીને ઊછળ તો ખરો. જેટલો પરમાત્મા ને તારા વચ્ચે ફેર રાખ્યો તેટલો તારો દોષ છે. તારી ઊંધી માન્યતાનું ઝેર છે. વિશુદ્ધ જ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપ તું છો, એમાં લીનતા કરવી તે પ્રવચનનો સાર છે. છાશ વલોવવાની બધી ક્રિયાનો સાર તો તેમાંથી માખણ કાઢવું તે છે. હાથમાં છાશ લ્યે, તેમાંથી છાશ આંગળા નીચે ટપકવા દે છે ને માખણ કાઢે છે તેમ શરીર તો બહાર લટક્યાં કરે છે. તેની સાથે તો સંબંધ નથી પણ પુણ્ય-પાપના ભાવ આંગળી નીચે છાશ કાઢી નાખે તેમ કાઢી નાખવા જેવા છે. કેમ કે તારું માખણ નથી પણ **વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા એ જ માખણ તારવવા જેવું છે. આ પ્રવચનનો સાર છે.** જિનમંદિરો થઈ ગયા પછી ઉપર સોનાના કળશ મૂકે છે તેમ અહીં પ્રવચનસાર પૂરું થયું તે ઉપર છેલ્લી ગાથા કળશ સમાન છે.

કોઈ પ્રશ્ન કરે કે તમો નિશ્ચયની વાત આવે છે ત્યારે ગળું પકડો છો ને વ્યવહાર કે શુભની વાત આવે ત્યારે ધુત્કારો છો ?

**સમાધાન :—**વ્યવહાર કે શુભભાવ શું કામના છે ? તે તો સંસાર અર્થે છે. વિશુદ્ધ દર્શન જ્ઞાનસ્વભાવ એક જ કામનો છે. અહીં પણ શિષ્યવર્ગ ખૂબ ભણ્યો હતો કે ખૂબ રાગ કર્યો હતો તે વાત કરી જ નથી પણ શિષ્યવર્ગ કેવળ આત્માને અનુભવે છે, તે ઉપદેશને જાણે છે, એમ કહ્યું છે. ચરણાનુયોગમાં પણ છેવટે સાર આ જ આપ્યો. શિષ્ય બીજો વ્યવહાર કરતો હતો કે શુભભાવ કરતો હતો, એમ કહ્યું નથી. પ્રવચનનો સાર સાંભળી શિષ્યવર્ગ કેવળ આત્માને અનુભવે છે ને તે જ ઉપદેશને જાણે છે, એમ કહ્યું છે. કેટલી સરસ ને સ્પષ્ટ વાત કરી છે !

## તે શિષ્યવર્ગ ભૂતાર્થ સ્વસંવેદ્ય દિવ્યજ્ઞાનાનંદ સ્વભાવવાળા પૂર્વે નહિ અનુભવેલા ભગવાન આત્માને પામે છે.

વળી કહ્યું કે તે શિષ્યવર્ગ ખરેખર ભૂતાર્થ—સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ એવા પૂર્વે નહિ અનુભવેલા ભગવાન આત્માને પામે છે, તે શિષ્ય ભૂતાર્થ = સત્યાર્થ. સ્વસંવેદ્ય = પોતાથી વેદી શકાય એવા, અને દિવ્ય જ્ઞાન અને આનંદ સ્વભાવનો ભગવાન આત્મા કે જેનો પૂર્વે કદી અનુભવ કર્યો નથી એવા ભગવાન આત્માને પામે છે.

**(૧) ભગવાન આત્મા ભૂતાર્થ છે :—**ભૂતાર્થ = સત્યાર્થ, કાયમ રહેનારો પદાર્થ, આત્મા જ એક કાયમ રહેનારો પદાર્થ છે, બાકી બધા અભૂતાર્થ છે. દયા, દાન, કામ, ક્રોધાદિના ભાવો અભૂતાર્થ છે—કાયમ રહેનારા નથી.

(અ) ઇંદ્રની સેવા દેવો કરતા હોય, કરોડો અપ્સરાઓ ખમાખમા કરતી હોય તે બધામાં રતિ કરી સુખ માને—તેમ જ ચક્રવર્તીની ૯૬૦૦૦ રાણીઓ સેવા કરીને ભોજન પીરસતી હોય ને શું ચીજ લાવું ? એમ હાવભાવથી પૂછતી હોય ત્યારે તેમાં રતિ માનવી તેમ જ મનુષ્યમાં સારું જમણ જમવા બેઠો હોય ને તાર આવે કે અમુક વેપારમાં પચાસ લાખ રૂપિયા પેદા થયા તે વખતે રતિમાં સુખ માનવું તે બધો અશુભભાવ છે. તે અભૂતાર્થ છે. પોતાના ચૈતન્ય સ્વભાવમાં સુખ છે એવી માન્યતા છોડી પુણ્યના સંયોગોમાં રતિ કરીને સુખ માનવું તે અભૂતાર્થ છે.

(બ) શરીર નબળું પડ્યું હોય ને ભૂખથી ટાંગા તૂટતા હોય ને પાણી ન મળતું હોય ત્યારે દ્વેષ કરી દુઃખને વેદે છે. પ્રતિકૂળ સંયોગો તે દુઃખનું કારણ નથી. શરીરને પ્રતિકૂળતા આવતાં મને પ્રતિકૂળતા આવી, એવી માન્યતા તે દુઃખ છે. આમ પરને તથા પોતાને એક માની અશુભ અરતિ કરી દુઃખ માનવું તે અભૂતાર્થ છે.

(ક) કોઈ મંદકષાયી જીવ દયા દાનાદિના પરિણામ કરે છે ને તેમાં સુખ માને છે. શુભભાવ આકુળતામય છે છતાં તેમાં નિરાકુળતાનો અનુભવ લેવા માગે છે. શુભભાવથી પણ રહિત પોતાના સ્વભાવમાં સુખ છે, એમ નહિ માનતાં, શુભભાવમાં રતિ કરી સુખ માનવું તે અભૂતાર્થ છે.

આમ અજ્ઞાની જીવ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને અશુભ રતિમાં સુખ માને છે, અશુભ અરતિમાં દુઃખ માને છે ને શુભ રતિમાં સુખ માને છે પણ ત્રણે આકુળતામય ભાવો હોવાથી અભૂતાર્થ છે. પણ અનેક સંયોગોથી રહિત, શુભાશુભ રતિ-અરતિથી રહિત પોતાનો શુદ્ધ જ્ઞાનદર્શનમય આત્મા એક જ ભૂતાર્થ છે—સત્યાર્થ છે. પુણ્યપાપરૂપ આકુળતાને વેદવી તે તેનો સ્વભાવ નથી.

**(૨) ભગવાન આત્મા સ્વસંવેદ્ય છે :—**આ આત્મા પોતે પોતાથી વેદી શકાય એટલે જાણી—અનુભવી શકાય એવો છે. દેવ-ગુરુ-શાસ્ત્રથી, કોઈ બીજા નિમિત્તથી કે વ્યવહાર રત્નત્રયના શુભભાવથી વેદી શકાય એવો નથી. આત્મા વચનાતીત, મનાતીત, વિકલ્પાતીત છે.

**(૩) ભગવાન આત્મા દિવ્ય જ્ઞાનાનંદ સ્વભાવવાળો છે :—**આ આત્માનો સ્વભાવ દિવ્ય અચિંત્ય જ્ઞાન ને આનંદમય છે. જ્ઞાન સર્વે પદાર્થોને જાણે

તેવી અચિંત્ય શક્તિવાળું છે. વળી આત્મા દિવ્ય આનંદવાળો છે. પુણ્યના સંયોગોમાં અજ્ઞાની આનંદ માને છે, તે તો આકુળતા છે. આત્મા નિરાકુળ પરમાનંદમય સ્વભાવવાળો છે.

**<u>(૪) પૂર્વે નહિ અનુભવેલા ભગવાન આત્માને પામે છે :</u>** અનાદિ સંસારદશામાં દયા, દાન, કામ, ક્રોધાદિ વિકારને અનુભવેલ હતા. ભગવાન આત્મા તો ત્રિકાળ શુદ્ધ છે, તેનું ભાન ભૂલીને વિકારનો અનુભવ કર્યો હતો. અજ્ઞાનીને દરેક ભવમાં આકુળતાવાળી દશા હતી, પર સાથે એકત્વબુદ્ધિ કરી અશુભ રતિ, અશુભઅ રતિ ને શુભભાવ કરીને આકુળતાનું વેદન હતું તેથી અનાકુળ શાંતદશાનો અનુભવ ન હતો. હવે આત્માનું ભાન થતાં અપૂર્વ નિરાકુળતાને અનુભવે છે.

આ પ્રવચનનો સાર ગ્રહણ કરી શિષ્યવર્ગ સત્યાર્થ, સ્વસંવેદ્ય ને જ્ઞાન ને આનંદ સ્વભાવવાળા ભગવાન આત્માને પામે છે.

કોઈ પ્રશ્ન કરે કે ભગવાન આપણને કાંઈ ન આપે તો ભગવાન શું કામના ?

**<u>સમાધાન :—</u>**ભાઈ, જે સ્વરૂપ સમજી પૂર્ણ ભગવાન થયા તે પરના કર્તાહર્તા નથી, તે કોઈને કાંઈ આપતા નથી. વાણી સહજ નીકળે ને સમજનાર સમજી જાય છે. ભગવાન તો કહે છે કે તારે મારી જરૂર નથી. તારો ભગવાન તારામાં બિરાજે છે, તારી શક્તિ તરફ જો તો તને અનુભવ થાય તેવો છે. વિકાર, વ્યવહાર કે નિમિત્તોથી આત્મા જણાય તેવો નથી. તારા પોતાથી અનુભવ થઈ શકે તેવો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તને મદદગાર નથી માટે તારા સામું જો ને તારા જ્ઞાન અને આનંદને અનુભવ.

વળી કોઈ કદાચ કહે કે આ આત્માની વાત કરવામાં પુનરુક્તિ દોષ લાગતો નહિ હોય ?

## <u>આત્માની વાત વારંવાર સાંભળવાથી પુનરુક્તિ દોષ લાગતો નથી પણ જ્ઞાનની દ્રઢતા થાય છે.</u>

**<u>સમાધાન :—</u>**દરેક સમયની પર્યાય જુદી જુદી છે. એક સમયની પર્યાય તે બીજા સમયની નથી અને બીજા સમયની પર્યાય પૂર્વપર્યાય જેવી નથી. **<u>આત્માની વાત તો કેવળજ્ઞાન થાય ત્યારે પૂરી થાય તેમ છે.</u>** ઢોર રોજ ઘાસ ખાય છે ને મનુષ્યો દાણા ખાય છે. રોજને રોજ એ ને એ વસ્તુ ખાવાનો કંટાળો ક્યે દિવસે આવે છે ? રોજ ખોરાક જ ખાવો—એવો કંટાળો લાવીને ખોરાક છોડી થોરના કાંટા કે બીજી વસ્તુ ખાવાનો વિચાર કદી કર્યો ? તો શરીર ટકવામાં નિમિત્ત—

પ્રયોજનભૂત ખાવા—પીવાના પદાર્થો એના એ હોવા છતાં તને તેનો કંટાળો આવતો નથી. છતાં શરીર તેના કારણે ટકતું નથી તો પછી આત્મા શુદ્ધ દર્શન જ્ઞાનમય છે, એની પ્રયોજનભૂત વાત વારંવાર સાંભળતાં કંટાળો આવવો ન જોઈએ. શુદ્ધ દર્શન જ્ઞાનમય આત્મામાં પરિણતિ એક જ વારંવાર અનુભવવા જેવી છે. આત્માનાં બધાં પડખાં સમજવામાં મુમુક્ષુને કંટાળો આવતો નથી પણ વારંવાર સાંભળી જ્ઞાનની દ્રઢતા કરે છે. આમ જે શિષ્ય કંટાળો લાવ્યા વગર પ્રવચનનો સાર સમજી લ્યે છે તે પોતાના જ્ઞાનાનંદ આત્માને અનુભવે છે.

*

# પ્રસાદ નં. ૨૩૩

## પ્રવચનસાર ગાથા ૨૭૫

(જેઠ વદ ૩, શુક્રવાર)

આ શાસ્ત્રને સાંભળવાનું ફળ શિષ્યજનને મળે છે એમ કહી શાસ્ત્ર પૂરું કરે છે. શિષ્યવર્ગ કેવો છે ? પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહેલી પરિણતિમાં લાગેલો છે. દર્શનજ્ઞાનમય ચર્યાથી યુક્ત વર્તતો, શાસ્ત્રોના ભાવોને શ્રુતજ્ઞાનમાં જાણી આત્માને અનુભવતો, ઉપદેશને જાણે છે. તે શિષ્ય ભૂતાર્થ—સ્વસંવેદ્ય—દિવ્ય જ્ઞાનાનંદ સ્વભાવવાળા, પૂર્વે નહિ અનુભવેલા, એવા ભગવાન આત્માને પામે છે. અનાદિથી અજ્ઞાન ને શુભાશુભ રાગનો અનુભવ હતો. હવે નિરાકુળ આનંદદશાને અનુભવે છે.

કોઈ પૂછે કે ભગવાન આત્માને કેવી રીતે ઓળખવો ?

**સમાધાન :—**પુણ્ય-પાપના ભાવ આકુળતા છે. સ્વ તરફ વળવું તે આકુળતા નથી. પ્રથમ પ્રતીતિ તો કરે કે વસ્તુ અચિંત્ય જ્ઞાનસ્વભાવી છે. પર તરફના રાગને તોડી સ્વનાં શ્રદ્ધા-જ્ઞાનમાં એકાગ્ર થાય તો શાંતિ મળે તેમ છે. જ્ઞાનસ્વભાવી આત્મા સ્વતંત્ર છે, તે દુઃખી હોય ? સ્વાવલંબી હોય તે દુઃખી હોઈ શકે નહિ પણ સુખી હોય. પરાવલંબન તે દુઃખ છે. આમ સ્વાવલંબન ને પરાવલંબન વચ્ચે આંતરો પાડે તો ખબર પડે. પોતે જ ભગવાન સ્વરૂપ છે, બીજો કોઈ ધર્મ પમાડનાર નથી.

### નિજ શુદ્ધ આત્મા પોતા માટે ધ્રુવ પદાર્થ છે, આ પ્રવચનનો સાર છે.

જે શિષ્યવર્ગ પ્રવચનનો સાર ગ્રહણ કરી આત્માને અનુભવે છે તે દિવ્ય જ્ઞાન આનંદ સ્વભાવવાળા, પૂર્વે નહિ અનુભવેલા ભગવાન આત્માને પામે છે—"કે જે આત્મા ત્રણે કાળના નિરવધિ પ્રવાહમાં અવસ્થાયી (–ટકનારો) હોવાથી સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત છે. શિષ્યવર્ગ ભગવાન આત્માને પામે છે. કેવો છે ભગવાન આત્મા ? ત્રણે કાળના અવધિ રહિત પ્રવાહમાં આત્મા કાયમ રહેનારો પદાર્થ છે. શરીર, મન, વાણી, કુટુંબ, દેવ, ગુરુ, શાસ્ત્ર કાયમ રહેનારા પદાર્થ નથી. કાળના નિરવધિ પ્રવાહમાં તેઓ સાથે રહેતા નથી. વળી શુભાશુભ ભાવો કાયમ રહેતા પદાર્થ નથી, તે પણ પલટા ખાય છે, ને તે પણ અમર્યાદિત નથી, મર્યાદિત છે. સંસાર પણ મર્યાદિત છે. અમર્યાદિત વખત સુધી સાથે રહેનારો પદાર્થ તે ધ્રુવ આત્મા એક જ છે. પ્રવચન સકળ

પદાર્થોના સમૂહનું પ્રતિપાદન કરે છે તેથી તેને સકળ પદાર્થોના સમૂહાત્મક કહ્યું છે. નિજ શુદ્ધાત્મા પ્રવચનના સારભૂત છે. કારણ કે પ્રવચન જે સર્વ પદાર્થ સમૂહનું પ્રતિપાદન કરે છે તેમાં એક નિજાત્મ પદાર્થ જ પોતાને ધ્રુવ છે. બીજો કોઈ પદાર્થ પોતાને ધ્રુવ નથી. વાણી બધા પદાર્થોને કહે છે માટે બધા પદાર્થો વાણીમાં આવી ગયા છે, એમ કહ્યું છે. વાણીમાં બધા પદાર્થો આવી જાય છે ને વાણી તથા બધા પદાર્થોને જાણનારું જ્ઞાન છે ને જ્ઞાન નિત્ય ટકનાર છે. સિદ્ધ ભગવાન દ્રવ્યે, ક્ષેત્રે ને ભાવે પલટે નહિ પણ પર્યાયે પલટે છે. પણ પોતાના આત્મા માટે પોતાનો ભગવાન આત્મા જ ધ્રુવ છે. તેમાં ટકવું ને વીતરાગદશારૂપ પરિણતિ કરવી એ જ પ્રવચનનો સાર છે.

આમ (શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ પ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં ચરણાનુયોગ સૂચક ચૂલિકા નામનો તૃતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે.

## જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે :

## પ્રભુ ! આત્મા કેવો છે, ને કેવી રીતે તેનો અનુભવ થાય ?

‘આ આત્મા કોણ છે (–કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે, એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે.’

જે શિષ્ય પૂછવા આવે છે તેને કહેવામાં આવે છે. તેને ઘેર ઉપદેશ દેવા જતા નથી. જેને સંસારનો તાપ લાગ્યો છે ને તૃષા લાગી છે તે પૂછે છે કે હે ભગવન્ ! આ આત્મા કોણ છે—કેવો છે ? ને કઈ રીતે પ્રાપ્ત કરાય છે? જુઓ, પ્રશ્ન પણ આવો પૂછ્યો છે, બીજો કોઈ પ્રશ્ન પૂછ્યો નથી. પુદ્ગલ શું છે ? કર્મ શું છે ? વગેરે પ્રશ્ન પૂછ્યો નથી, આત્મા સંબંધી પ્રશ્ન પૂછ્યો છે. આત્મા છે એમ નક્કી કર્યા વિના કઈ ક્રિયા કરશે ? કોની ક્રિયા કરશે ? કોને પ્રાપ્ત કરવા માટે ક્રિયા કરવી ? એવી કઈ ક્રિયા છે કે જે ક્રિયાનું ભાન થઈ હું પરમાત્મદશારૂપ થઈ જાઉં ? તે આત્માનું સ્વરૂપ શું છે ? તેનો અનુભવ કરવાની રીત શું ? ઉપાય શું ? માર્ગ શું ? ક્યા કારણે તેને પામી શકાય છે? પ્રશ્ન તો વાણી છે. તે તો જડ છે પણ વાણી પાછળ તેની જિજ્ઞાસા બતાવે છે. જેને જિજ્ઞાસા છે તેને આ પ્રશ્ન ઊઠે છે. બજારમાં

ગ્રાહક કહે છે કે મારે માલ લેવો છે, તો પૂછે છે કે ક્યો માલ સારો ? હીરો લેવા જાય તો પૂછે કે ઊંચામાં ઊંચો હીરો કયો છે ? તેમ અહીં મુમુક્ષુ—જિજ્ઞાસુ કહે છે કે મારે આત્મહીરો જોઈએ છે, મારે બીજી વસ્તુ જોઈતી નથી. એવા જિજ્ઞાસુ જીવના પ્રશ્નના ઉત્તરરૂપે અહીં કહે છે. જ્ઞાનીઓ નિરર્થક ઉપદેશ આપતા નથી. તે પ્રશ્નનો ઉત્તર એટલે આત્મા કેવો છે ને કેમ અનુભવાય, તે કહેવાઈ ગયું છે અને અહીં ફરીને પણ કહેવામાં આવે છે.

## આત્મા અનંત ધર્માત્મક છે, અનંત ધર્મોને અનંત નયો બતાવે છે, અનંત નયોમાં વ્યાપનારા શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે આત્મા જણાય છે.

“પ્રથમ તો આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે. કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (–જણાય છે)”

પ્રથમ એટલે ખરેખર તો એમ કહેવું છે કે આત્મા = દ્રવ્ય ને ચૈતન્ય સામાન્ય = જાણવા—દેખવાનો સદ્રશ સ્વભાવ. આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનો સ્વામી એક દ્રવ્ય છે. આત્મામાં અનંતા ધર્મો રહેલા છે ને તે ધર્મોનો સ્વામી આત્મા પોતે છે, તે ધર્મોનો સ્વામી બીજો કોઈ પદાર્થ નથી. બધા થઈને એક વસ્તુ અજ્ઞાની લોકો કહે છે તેમ વસ્તુસ્વરૂપ નથી પણ દરેક આત્મા જુદો છે ને તે દરેકમાં અનંત ધર્મો રહેલા છે ને અનંત ધર્મોમાં વ્યાપનારા અનંત નયો છે. એક એક ધર્મને એક નય જાણે છે, એમ અનંતા ધર્મોને જાણનારા અનંત નયો છે, ને અનંતા નયોમાં વ્યાપેલ એક શ્રુતજ્ઞાન આખું પ્રમાણ છે. અસ્તિત્વગુણ છે તેમાં નય વ્યાપે છે એટલે કે નય તેને જાણે છે. નય શ્રુતજ્ઞાનનો અંશ છે ને શ્રુતજ્ઞાન તે અંશી આખું છે. શ્રુતજ્ઞાન જે પ્રમાણ છે તેમાં અનંતા નયો આવી જતાં શ્રુતજ્ઞાન અનંતરૂપ થતું નથી પણ શ્રુતજ્ઞાન એક છે. જેવી રીતે અનંતા ધર્મો જેમાં રહેલા છે તે આત્મવસ્તુ એક આખી છે તેમ અનંતા નયો જેમાં સમાઈ જાય છે તે શ્રુતજ્ઞાન પ્રમાણ એક આખું છે. તે શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે આત્મા જણાય છે. શ્રુતજ્ઞાન પ્રમાણ તે જાણનાર છે તે પોતાને તથા અનંતા ગુણોને જાણે છે. જે જ્ઞાનમાં જણાય તેને પ્રમેય કહે છે. પ્રમાણ = વિશેષે કરીને માપ કરવું. શ્રુતજ્ઞાન પ્રમાણ આખા આત્માને માપ કરીને એટલે વિશેષે કરીને જાણી લ્યે છે. જ્ઞાન તે પ્રમાણ ને પ્રમેય બન્ને છે, બીજા ગુણો એકલા પ્રમેય છે. આવો અનંત ધર્માત્મક આત્મા સ્વાનુભવ વડે પ્રમેય થાય છે.

દરેક આત્મામાં અસ્તિત્વ, નાસ્તિત્વ વગેરે અનંત ધર્મો છે. તેમાંનો એક ધર્મ પણ જો માનવામાં ન આવે તો નય સરખો રહેતો નથી ને પ્રમાણ પણ સરખું રહેતું નથી. ને પ્રમાણ સાચું નહિ થતાં આત્માનો અનુભવ થઈ શકતો નથી. માટે જેને આત્માનો અનુભવ કરવો હોય તેણે જેમ છે તેમ ધર્મો બરાબર જાણવા—માનવા પડશે. અહીં ધર્મ શબ્દનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ધર્મ સમજવો નહિ પણ ધર્મ એટલે સ્વભાવ. એવા અનંતા ધર્મો છે. તે અનંતને જાણવા માટે અનંત સમય લાગતા નથી. જેમ એક પાઈ છે તેમાં અનંત રજકણો છે ને બટાટામાં અનંત આત્મા છે, તેને જાણવા માટે અનંત સમય લાગતા નથી તેમ આત્માના અનંત ધર્મો જાણવામાં અનંત સમય લાગતા નથી. વળી આત્મા બે-પાંચ સ્વભાવવાળો નથી, પણ અનંતા ધર્મવાળો સ્વયંસિદ્ધ ટકતો પદાર્થ છે. બીજાના અભાવથી ટકનારું તત્ત્વ છે, તેને જાણવાનાં અનંતા પડખાં છે. અનંતા ધર્મોનો સ્વામી આત્મા એક છે તેમ અનંતનયો શ્રુતજ્ઞાનપ્રમાણ એકમાં આવી જાય છે ને તે શ્રુતજ્ઞાનપ્રમાણ વડે આત્મા પ્રમેય થાય છે એટલે જણાય છે. કોઈ વિકલ્પ વડે, રાગ વડે, નિમિત્ત વડે આત્મા જણાતો નથી પણ શ્રુતજ્ઞાન વડે જણાય છે. આત્મામાં અનંતા ધર્મો હોવા છતાં તેના ખંડ થતા નથી. અનંતા સ્વભાવનો ભરેલો એક પદાર્થ છે ને અનંતા ધર્મોને જાણનાર નયો અનંત છે પણ શ્રુતજ્ઞાન એક છે. તે શ્રુતજ્ઞાનપૂર્વક આત્માનો અનુભવ થાય છે.

૧. બધા થઈને એક આત્મા માને તેને આત્માનો અનુભવ થાય નહિ.

૨. અનંતા આત્માઓ ભિન્ન ભિન્ન છે ને દરેકમાં અનંતા ધર્મો છે, એમ માને અથવા એક ધર્મ ન માને તેને આત્માનો અનુભવ થાય નહિ કારણ કે તેણે આખી વસ્તુ કબૂલ રાખી નહિ.

૩. અનંતા ધર્મોને જાણનારા અનંતા નયો છે ને તે નયો એક શ્રુતજ્ઞાનમાં અભેદ છે, એમ અભેદ ન કરે પણ માત્ર નયના ભેદમાં રોકાય તો પણ સ્વાનુભવ થતો નથી.

૪. અભેદ એકરૂપ શ્રુતજ્ઞાન પ્રમાણથી આત્માનો અનુભવ થાય છે.

૫. વળી શ્રુતજ્ઞાન પ્રમાણ આત્માના અનુભવનું સાધક છે. મતિ, અવધિ કે મનઃપર્યય જ્ઞાન તેનું સાધક નથી. કેવળજ્ઞાન તો પરિપૂર્ણ છે. ત્યાં કાંઈ સાધવાનું રહેતું નથી તેથી તે નયાતીત છે. અવધિ ને મનઃપર્યયનો વિષય આત્મા નથી. મતિજ્ઞાન આત્માને સામાન્ય પ્રકારે જાણે છે, તેમાં નય નથી. શ્રુતજ્ઞાન પરોક્ષ ભેદથી જાણે છે માટે શ્રુતજ્ઞાનમાં નય પડે છે. તે શ્રુતજ્ઞાન વડે આત્માનો અનુભવ થાય છે. તેમાં પ્રથમ આત્મા કેવો છે, તે બતાવે છે.

તે અનંતા ધર્મોનો સ્વામી છે ને તે અનંતા ધર્મોના અનંતા નયો છે. તેમાંથી ૪૭ નય બતાવે છે.

## (૧) આત્મા ચૈતન્ય એકરૂપ સદ્રશ છે એમ ખ્યાલમાં લેનાર જ્ઞાનના અંશને દ્રવ્યનય કહે છે.

'હવે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પરમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ).'

અહીં પ્રથમ શબ્દ જે આત્મદ્રવ્ય છે તે દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત આખું આત્મદ્રવ્ય જે પ્રમાણનો વિષય થાય છે, તે આત્મદ્રવ્ય સમજવું.

દ્રવ્યનયે આત્મા વસ્ત્રની જેમ ચિન્માત્ર છે. જેમ વસ્ત્રમાં વસ્ત્રપણું વસ્ત્રપણું જોવામાં આવે છે તે તેનું સામાન્યપણું છે તેમ આત્મા કાયમ એકરૂપ સદ્રશપણાની અપેક્ષાએ ચિન્માત્ર છે. કપડામાં તાણાવાણાના ભેદને નહિ જોતાં, કાળા-ધોળાપણાના ભેદને નહિ જોતાં, કપડું તો કપડું, કપડું—એકરૂપ સદ્રશ છે. તેમ આત્મામાં સંસાર અવસ્થા હોય કે સિદ્ધ અવસ્થા હોય, ઓછા ઉઘાડવાળી અવસ્થા હોય કે વધારે ઉઘાડવાળી અવસ્થા હોય તે બધાને ગૌણ કરી ચૈતન્યસ્વભાવ સદ્રશ—સામાન્ય સ્વભાવ બધી અવસ્થામાં જોવામાં આવે છે. આવા સામાન્ય સ્વભાવને ખ્યાલમાં લ્યે તેને દ્રવ્યનય કહે છે. આ દ્રવ્યનય એક સામાન્ય સ્વભાવને ખ્યાલમાં લ્યે છે, એક અંશને—એક ધર્મને ખ્યાલમાં લ્યે છે. નિગોદ, સિદ્ધ, સાધક ને બાધક બધી અવસ્થા વખતે ચૈતન્ય ચૈતન્ય એકરૂપ રહેવાનો જે આત્માનો સ્વભાવ છે તે સ્વભાવને ખ્યાલમાં લેનાર નયને દ્રવ્યનય કહે છે.

## વ્યવહારમાં બધી અપેક્ષા સમજી જ્ઞાન કરે છે તેમ આત્માના સ્વરૂપમાં બધી અપેક્ષા સમજવી જોઈએ.

કેટલાય જીવોને લાગે કે આ તો બહુ ઝીણું પડે છે ને અમોને નયમાં ખબર પડતી નથી. પણ ભાઈ, તારા કુટુંબના વ્યવહારમાં પણ નય લાગુ પડે છે. ત્યાં તો બધી અપેક્ષા સમજે છે. લગ્ન સામસામું થયું હોય તો પોતાની બેનના પતિની અપેક્ષાએ તે બનેવી છે. ને પોતાની પત્નીના ભાઈની અપેક્ષાએ તે સાળો પણ છે. ત્યાં અપેક્ષા સમજે છે. તેવી જ રીતે બીજાં સગપણોમાં પણ અપેક્ષા સમજે છે. અપેક્ષા ન સમજે તો વ્યવહારમાં ગોટો થાય માટે ત્યાં તો અપેક્ષા બરાબર ખ્યાલમાં લ્યે છે. તેમ અહીં પણ આત્માને જુદા જુદા ધર્મોની અપેક્ષાએ ખ્યાલમાં લેનાર જ્ઞાનનો અંશ તે નય છે. તે બધી અપેક્ષાઓ સમજ્યા વગર આત્માનું સ્વરૂપ યથાર્થ સમજી શકે નહિ. દરરોજનું ચક્રવૃદ્ધિ વ્યાજ કાઢવું હોય તો તે

કાઢવાની મહેનત કરે તેમ અહીં આત્માની વાત સૂક્ષ્મ પડખાંથી આવે તો ઝીણવટથી જ્ઞાન કરવું જોઈએ.

## આત્માના અનંત ધર્મો જાણ્યા વિના યોગની ક્રિયા સંસાર અર્થે છે, તેને ધર્મ થતો નથી.

કોઈ કહે કે આટલા બધા નય જાણવાનું શું કામ છે ? એક આત્મા સમજીને બેસી જાય ને ?

૧. માત્ર આત્મા સમજીને બેસી જવાથી કામ આવતું નથી તેના અનંતા ધર્મો છે. તે જેમ છે તેમ સમજવા જોઈએ કારણ કે કેટલાકની માન્યતા છે કે આત્મા છે ને તેને ગુણો છે તે પ્રકૃતિના છે, આત્માને હોતા નથી—તો તે વાત બરાબર નથી. આત્મા વસ્તુ છે. વસ્તુ અનેક ગુણોની ભરેલી છે. આત્માને ગુણો છે. આત્મામાં અનંત સ્વભાવો અથવા ધર્મો છે.

૨. વળી કેટલાક જીવો ગુણો અથવા ધર્મ માને તો એક જ ધર્મ માને છે તો તે પણ યથાર્થ નથી. કેટલાક આત્માને કૂટસ્થ જ માને છે તો કૂટસ્થ જ હોય તો પલટે છે કેમ ? વર્તમાનમાં પલટો ખાતો તો દેખાય છે માટે કૂટસ્થ એક જ ધર્મ આત્મામાં નથી.

૩. વળી કેટલાક જીવો એકલો પલટનવાળો આત્માનો સ્વભાવ માને છે. જો એકલો પલટનવાળો જ હોય તો કાયમ કેમ રહે છે ? કાયમ ધ્રુવપણું પણ દેખાય છે, માટે એક જ પલટન સ્વભાવ આત્મામાં નથી.

૪. વળી કેટલાક જીવો એમ કહે છે કે આપણે આત્માનું ધ્યાન કરવા બેસી જાઓ કારણ કે આપણે ચિત્તવૃત્તિનો નિરોધ કરવો છે. પણ ભાઈ, આત્માનો સ્વભાવ કેવડો છે તે જાણ્યા વિના શેનું ધ્યાન કરીશ? યોગ એટલે જોડાણ કરવું. કોની સાથે જોડાણ કરીશ? આત્માના સ્વરૂપને જાણ્યા વિના પ્રમાણજ્ઞાન થાય નહિ. પ્રમાણ થયા વિના આત્માનો અનુભવ—યોગ થઈ શકે નહિ. આત્માની જાતને જાણ્યા વિના હઠયોગ, સુધારસ વગેરે ક્રિયાઓ કરી માણસો ખુવાર થઈ ગયા છે, પણ આત્મા હાથ આવ્યો નહિ.

## આત્માના અંક (લક્ષણ) ને અક્ષર (–અવિનાશી સ્વભાવ) જાણવાથી ધર્મ થાય છે.

નામું લખનારે અંક ને અક્ષર જાણવા જોઈએ. ૧, ૨, ૩ ઇત્યાદિ અંક છે ને ક, ખ, ગ વગેરે અક્ષર છે, તે જાણ્યા વિના નામું લખી શકાય નહિ. તેમ આત્માના અંક ને અક્ષર જાણ્યા વિના આત્મામાં અનુભવરૂપી સ્થિરતા અથવા યોગ થાય

નહિ. આત્માનો અંક = લક્ષણ ચેતના છે, ને અક્ષર = અવિનાશી સ્વભાવ. તે જાણે તો આત્માનો અનુભવ થાય. આ જગતમાં અનંત આત્મા છે, દરેક આત્મા અનંત ગુણોનો અથવા ધર્મોનો પિંડ છે. સામાન્યપણે આત્મા એક છે ને વિશેષપણે અનંત ધર્મોવાળો છે. એક ધર્મને જાણવાવાળો એક નય છે એમ અનંત ધર્મોને જાણવાવાળા અનંત નયો છે. અનંત નયો થઈને પ્રમાણ થાય છે. પ્રમાણ એક છે ને નયો અનંત છે. આવા પ્રમાણપૂર્વક જાણે તો આત્માનો અનુભવ થાય ને ચિત્તવૃત્તિનો નિરોધ થાય. તે જાણ્યા સિવાય આત્માનો અનુભવ થાય નહિ. અનેક ધર્માત્મક અખંડ આત્મા છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી અંશે સ્વરૂપમાં સ્થિરતા કરે તે પ્રથમ સમ્યગ્દર્શનરૂપી યોગ છે. ભાન પછી ધ્યાનનો વિકલ્પ ઊઠે તે પણ હજી અસ્થિરતાનો રાગ છે, તેને તોડી સ્વભાવમાં એકાગ્ર થાય તે સમ્યક્ ધ્યાન છે. અજ્ઞાની જીવો નિર્વિકલ્પનો અનુભવ કરો, એમ કહે છે. પણ નિર્વિકલ્પ કોને કહેવું તેની તો ખબર નથી. નિર્વિકલ્પ શબ્દ બોલવાથી નિર્વિકલ્પ થવાશે ? જડપદાર્થો પણ નિર્વિકલ્પ છે. માટે પ્રથમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

વસ્તુસ્વભાવ અનંત ધર્માત્મક છે, જેવો ભગવાને કેવળજ્ઞાનમાં જોયો તેવો વાણીમાં આવ્યો. તે આત્માનું સ્વરૂપ શ્રુતજ્ઞાનમાં પણ જણાય છે, તે શ્રુતજ્ઞાનમાં અનંત નયો પડે છે, તેમાં એક દ્રવ્યનય છે તે સામાન્ય સદ્રશ સ્વભાવને ખ્યાલમાં લ્યે છે, તે દ્રવ્યનયની વાત કહેવાણી.

## પ્રવચનસાર પરિશિષ્ટ

(જેઠ વદ ૫, શનિવાર)

### (1) "આત્માનો ચૈતન્યરૂપ સામાન્ય સ્વભાવ પોતાથી છે, પરને લીધે નથી."

આત્મા કેવો છે અને કેમ પ્રાપ્ત થાય તેનો ઉત્તર કહેવામાં આવે છે. આત્મા જેમ છે તેમ જ્ઞાનમાં ન આવે તો તેની પ્રાપ્તિનો ઉપાય કરી ન શકે. આત્મા ચૈતન્ય સ્વભાવ વડે વ્યાપ્ત અનંત ધર્માત્મક એક દ્રવ્ય છે. આત્મા દ્રવ્યનયે ચિન્માત્ર છે. સામાન્ય જ્ઞાન જ્ઞાન સદ્રશ કાયમ રહે છે. ચૈતન્ય માત્ર સામાન્ય સ્વભાવને જે જ્ઞાન ખ્યાલમાં લ્યે છે, તેને દ્રવ્યનય કહે છે. જેમ વસ્ત્રમાં ધોળાપણું, પહોળાપણું, લંબાઈ વગેરે વિશેષોને ખ્યાલમાં ન લેતાં તેનું વસ્ત્રપણું, વસ્ત્રપણું એક એક ખ્યાલમાં લેવામાં આવે તેમ આત્મામાં વિશેષો ખ્યાલમાં નહિ લેતાં એકલું ચિન્માત્રપણું ખ્યાલમાં લેવું તે દ્રવ્યનય છે. ચિન્માત્રપણું તેનો સ્વભાવ છે.

જ્ઞાનદર્શન સ્વભાવનું સામાન્યપણે એકરૂપ રહેવું તે તેનાથી છે પણ બીજાથી અથવા ઈશ્વર કર્તાથી નથી. બીજો મદદ કરે તો જીવનું ચિન્માત્રપણું ટકે એવો તેનો સ્વભાવ નથી. બીજો મદદ કરે તો એનું સામાન્યપણું રહેતું નથી. સામાન્ય એટલે દ્રવ્ય ગુણ પર્યાય સહિતનું દ્રવ્ય નહિ પણ આત્મામાં આત્મપણું જે સામાન્ય છે તેની વાત ચાલે છે. બધા નયો થઈને પ્રમાણ થાય છે. પ્રમાણનો વિષય આખો આત્મા છે. અહીં ૪૭ નયની વાત છે. સમયસારમાં ૪૭ શક્તિઓની વાત છે. અહીં પ્રવચનસારમાં ધર્મની વાત છે. આ ધર્મ એટલે સમ્યગ્દર્શન ધર્મની વાત નથી, પણ આત્મા અનંતા ધર્મોને ધારી રાખે છે તેની વાત છે. થાળી જેમ લાડવો ધારી રાખે તેમ આત્મા આ ધર્મોને ધારી રાખતો નથી. પણ **ગોળ જેમ ગળપણ ધારી રાખે છે તેમ આત્મા આ સ્વભાવોને ધારી રાખે છે. ચૈતન્યમાત્ર—ચૈતન્ય માત્રપણું ધારી રાખ્યું છે.** નય એક ધર્મને જાણે છે ને પ્રમાણ બધા ધર્મોને જાણે છે.

કોઈ કહે છે કે યોગથી આત્માની સિદ્ધિ થાય છે ને ચિત્તનો નિરોધ થાય છે ને ?

## “હું ચિન્માત્ર છું એવા અસ્તિ સ્વભાવના જોરે ચિત્તનો નિરોધ થઈ જાય છે.”

**સમાધાન :—**ભાઈ, આત્મા શું છે તે જાણ્યા વિના શેમાં યોગ કરીશ? શેનો યોગ સાધીશ ? વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્રને કબૂલ રાખે, અનંતા આત્મા વગેરે કબૂલ રાખે, તેને ન્યાયથી આત્માનાં બધાં પડખાંની વાત કહે છે પણ જેને દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની વ્યવહારે પણ કબૂલાત નથી, ને બધા થઈને એક આત્મા માને, સર્વજ્ઞને કબૂલ ન રાખે, તેને તો હજી વ્યવહાર શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી. તે જીવને ધર્મ તો ઘણો દૂર છે. યોગ વડે ચિત્તનો નિરોધ કરવો છે, પણ તે યોગ સ્વભાવના લક્ષે જ થાય છે. **આત્મા અનંત ધર્મોનો સ્વામી છે એમ અસ્તિ સ્વભાવ ખ્યાલમાં લેતાં રાગની ઉત્પત્તિ થતી નથી ને ચિતનો નિરોધ સ્વયં થઈ જાય છે. ચિતનો નિરોધ કરવો પડતો નથી. નાસ્તિ કરતાં કરતાં અસ્તિ સ્વભાવ પમાતો નથી, પણ હું ચિન્માત્ર છું, એવા અસ્તિ સ્વભાવનાં જોરે રાગની નાસ્તિ થઈ જાય છે.**

કોઈ પ્રશ્ન કરે કે કોઈ કોઈનું કરી ન શકે એમ કહેવાથી જીવો લુખા થઈ જશે ને કોઈની સેવા કરશે નહિ ?

## **"સાચી સમજણ કરી વીતરાગદશા પ્રગટ થતાં લુખો (રાગ રહિત) થઈ જશે તે વાત બરાબર છે."**

સમાધાન :–ભાઈ, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ હિત કે અહિત કે સેવા કરી શકતો નથી. ઘણા જીવો કહે છે કે નિશ્ચયથી ન કરી શકાય પણ વ્યવહારથી તો કરી શકાય છે, પણ તે મિથ્યા એકાન્ત છે. નિશ્ચયથી કે વ્યવહારથી પરની સેવા તો કરી શકતો નથી. પોતે રાગ કરે છે તે બરાબર છે પણ **રાગથી પરમાં કાંઈ થતું નથી ને રાગથી સ્વને લાભ નથી. રાગ સ્વ-પર બન્નેને નિરર્થક છે. સ્વ-પર ભેદ વિજ્ઞાન થતાં ને ક્રમે કરીને પરિપૂર્ણ દશા થતાં જીવ લૂખો થઈ જશે એટલે કે રાગ રહિત થઈ જશે, એ વાત બરાબર છે.**

## **(૨) "જ્ઞાન દર્શન ચારિત્ર આદિ ભેદરૂપ અવસ્થા રૂપે થવું તે આત્માનો પર્યાય ધર્મ છે. તે પર્યાયધર્મને જાણનારા જ્ઞાનના અંશને પર્યાયનય કહે છે."**

આત્મ દ્રવ્ય પર્યાય નયે, તંતુમાત્રની માફક દર્શન જ્ઞાનાદિ માત્ર છે. (અર્થાત્ પર્યાયનયે દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ માત્ર છે જેમ વસ્ત્ર તંતુ માત્ર છે તેમ) આત્મા પર્યાયને ધારણ કરે છે તે તેનો પર્યાય ધર્મ છે. આત્મા તેને ધારી રાખે છે. બીજો પદાર્થ આત્માની પર્યાયને કરતો નથી. બીજો પદાર્થ આ આત્માની પર્યાયને કરે તો પર્યાય સાબિત થતી નથી ને પર્યાય સાબિત નહિ થતાં આત્મ દ્રવ્ય સાબિત થતું નથી. આત્મામાં પર્યાય થવાનો ત્રણે કાળ તેનો પોતાનો ધર્મ છે. નિગોદની પર્યાયપણે થવું કે સિદ્ધની પર્યાયપણે થવું તે તેનો ધર્મ છે. જેમ વસ્ત્રમાં તાણાવાણા છે—ભેદ છે તેમ ભેદદ્રષ્ટિએ આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ માત્ર છે. તે પર્યાયમાં ઓછો હોય, વધારે હોય કે પૂરો હોય તે તેનો ધર્મ છે. પહેલાં નયમાં જે સામાન્ય સદ્રશ સ્વભાવ એકરૂપ બતાવ્યો તેમાં ફેર પડતો નથી. તે તો સદાકાળ એકરૂપ રહે છે, તેમાં ફેર નથી. માટે પર્યાયમાં પણ ફેર નથી એમ નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદરૂપે પર્યાય થવી, પર્યાય ઓછી વત્તી થવી, તે તેનો પર્યાય ધર્મ છે.

## **"પરને લીધે મારામાં લાભ નુકશાન થાય છે કે મારે લીધે પરમાં લાભ-નુકશાન થાય છે એમ માનનાર જીવ પર્યાય ધર્મને સમજતો નથી."**

કોઈ જીવ માને કે :–કર્મને લીધે મારામાં વિકાર થાય છે ને દેવ-ગુરુ-શાસ્ત્રથી મને લાભ થાય છે તો એમ માનનાર જીવ શુભ અથવા અશુભ—વિકારરૂપે થવાનો પોતાનો પર્યાય ધર્મ છે તેને માનતો નથી અને જે જીવ એમ માને છે કે

મારે લીધે પરને લાભ-નુકશાન થાય છે તે પરનો પર્યાય ધર્મ સમજતો નથી. બન્ને ભ્રાંતિમાં છે. તેને અંશમાત્ર પણ ધર્મ થતો નથી. કારણ બન્ને જીવો પર્યાયને સત્ સ્વીકારતા નથી. પર્યાય સત્ નહિ માનતાં દ્રવ્યને માનતા નથી. દ્રવ્યને માન્યા વિના ધર્મ થાય નહિ.

વળી કોઈ કહે આ બધી નયની માથાકૂટ કરવા કરતાં સામાયિક વગેરે ક્રિયા કર્યા કરો તો ધર્મ થઈ જશે !

## **"અજ્ઞાનરૂપી અંધકારથી ધર્મદશા થતી નથી, સમ્યક્જ્ઞાનરૂપી પ્રકાશથી ધર્મદશા પ્રગટે છે."**

સમાધાન :—ભાઈ, સમજ્યા વિનાના ક્રિયાકાંડથી લાભ થતો નથી, ઊલટું નુકશાન થાય છે. આત્માને સમજ્યા વિના કઈ ક્રિયા કરવાથી ધર્મ થાય છે તેની તેને ખબર પડશે નહિ ને સમજણ વિના સાચી સામાયિક કે ધ્યાન હોઈ શકે નહિ. અંધકારથી અંધકાર જતો નથી પણ પ્રકાશથી અંધકાર દૂર થાય છે, તેમ અજ્ઞાનરૂપી અંધારાથી સમ્યક્જ્ઞાન રૂપી અજવાળું થતું નથી પણ સમ્યક્જ્ઞાનરૂપી અજવાળું થતાં મિથ્યાજ્ઞાનરૂપી અંધારું ટળી જાય છે. તે ટાળવું પડતું નથી. શરીરાદિની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. શુભભાવરૂપ ક્રિયાકાંડ તે વિકાર છે. અવિકારી તત્ત્વના ભાન વિના વિકાર ટળતો નથી. વિકારથી વિકાર ટળતો નથી પણ શુદ્ધ સ્વભાવના ભાનથી ભ્રાન્તિનો નાશ થઈ ક્રમે કરી વિકાર સર્વથા નાશ થાય છે.

(૧) સંસારતત્ત્વ પરપદાર્થમાં કે કર્મમાં નથી. **સંસાર એ પણ આત્માનો પર્યાય ધર્મ છે, તે સ્વીકારવો પડશે. સંસાર પરમાં નથી, પરને લીધે નથી. પરને લીધે હોય તો પર્યાય ધર્મ સાબિત થતો નથી.**

(૨) જો સંસાર ત્રિકાળ સ્વભાવમાં હોય તો તે સ્વભાવ થઈ જાય પણ તે તેનો કાયમનો સ્વભાવ નથી, એટલે સંસાર પર્યાય ધર્મ છે.

(૩) તે સંસાર પર્યાયમાં છે પણ તે સંસાર પર્યાય બુદ્ધિએ ટાળવા માગે તો ટળે ? ન જ ટળે. અવસ્થા ઉપર લક્ષ જવાથી તો વિકાર થાય છે.

(૪) સંસાર મારી પર્યાયમાં છે, એમ કબૂલ કરીને તે મારા શુદ્ધ સ્વભાવમાં નથી. શુદ્ધ સ્વભાવી ત્રિકાળી જ્ઞાતા છું. અનંત ધર્માત્મક મારું આત્મદ્રવ્ય છે તેનાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાં થતાં ભ્રાન્તિનો નાશ થઈ ધર્મદશા ઉત્પન્ન થાય છે ને ક્રમે કરીને વીતરાગ થાય છે.

## "ક્રિયાકાંડથી તથા પરની સેવા કરવાથી ધર્મ માનનારો જીવ મુસાભાઈની જેમ જૂઠો છે."

એક મુસાભાઈ કરીને માણસ હતો. તે અંતરમાં જૂઠો હતો. એક વાર નાતના માણસોને જમાડવા માટે નાતનાં વાસણ લઈ આવ્યો ને તે વેચી તેના પૈસામાંથી નાતને જમાડવાની ચીજોનો બંદોબસ્ત કરી નાત જમાડી. જમાડતી વખતે પાણી દેવા પોતે નીકળ્યો ને સાથે હવા માટે પંખો રાખ્યો. બધાને પાણી આપતો જાય ને ગરમી ન લાગે તે માટે પંખો નાખતો જાય ને કહે કે "નાતનો માલ નાત ખાય ને મુસાભાઈના વા, પાણી." નાતના માણસને લાગ્યું કે આ માણસ બહુ નિર્માની લાગે છે. આખી નાત જમાડવા છતાં અભિમાન કરતો નથી ને પોતે પાણી આપે છે ને પંખા નાખે છે. બધા જમીને ઘેર ગયા. બીજે દિવસે નાતના માણસો વાસણ લેવા અને હિસાબ લેવા આવ્યા. તો મુસાભાઈએ જવાબ આપ્યો કે મેં ગઈકાલે તમોને કહ્યું હતું કે "નાતનો માલ નાત ખાય." મેં તો નાતના ઠામવાસણ વેચી નાતને જમણ આપ્યું હતું. મુસાભાઈના તો માત્ર વા ને પાણી હતાં. આ માણસ જેમ જૂઠો છે તેમ તો અજ્ઞાની જીવો કહે કે અમો આટલી સેવા કરીએ છીએ, આટલાં પરનાં કામ કરીએ છીએ ને સેવા કરીને અભિમાન ન કરીએ તો ધર્મ થાય. વળી આપણે વ્રત તપનું પણ અભિમાન કરવું નહિ. એમાં ધર્મ માનનારા જીવો મુસાભાઈની જેમ જૂઠા છે, તેને અંશમાત્ર પણ ધર્મ થતો નથી.

## "જેણે ધર્મ કરવો હોય તેણે અનંત ધર્માત્મક આત્માને અનેક નયોથી જાણવો જોઈએ."

માટે જેને ધર્મ કરવો હોય તેણે અનંત ધર્માત્મક આત્માને જાણવો પડશે. આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણોના પર્યાયરૂપ થવાનો આત્માનો પર્યાય ધર્મ છે. તે અભાવરૂપ ધર્મ નથી પણ સદ્ભાવરૂપ ધર્મ છે. જેમ વસ્ત્રમાં ભેદદ્રષ્ટિથી જોવામાં આવે તો તાણાવાણાદિના ઘણા ભેદ પડે છે તેમ આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણ ભેદ છે, સર્વથા અભેદ નથી. આત્મા ભેદાભેદ સ્વરૂપી છે, તે ભેદ હોવો તે તેનો પર્યાય ધર્મ છે. કોઈ બાણાવળી તીર મારે તો જેને તીર મારવું હોય તે વસ્તુને યથાર્થ લક્ષમાં લ્યે છે. લક્ષ્ય પદાર્થ વગર કોને તીર મારશે ? તેમ ધર્મીજીવનું લક્ષ્ય આત્મ પદાર્થ છે, તેને જાણ્યા વિના કેવી રીતે એકાગ્ર થઈ ધર્મ પ્રગટશે ? એટલા માટે અનંતા જુદા જુદા ધર્મો બતાવી આખા આત્માનું સ્વરૂપ બતાવવું છે. જ્ઞાન, દર્શન આદિ ભેદરૂપ પર્યાય થવી તે આત્માનો પોતાનો પર્યાયધર્મ છે, એમ નક્કી કરાવે છે. આવા પર્યાય ધર્મને જાણનારા જ્ઞાનના અંશને

પર્યાયનય કહે છે. અહીં પર્યાય વિકારી હો કે અવિકારી હો, હીણી હો કે વિશેષ ઉઘાડવાળી હો કે મોક્ષની પૂર્ણ પર્યાય હો—તે પર્યાયરૂપે પરિણમવું તે આત્માનો પર્યાયધર્મ છે, એમ નક્કી કરાવે છે.

## (૩) "આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે એવો અસ્તિત્વ નામનો ધર્મ છે, તે અસ્તિત્વ ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસ્તિત્વ નય કહે છે."

આત્મદ્રવ્ય અસ્તિત્વ નયે સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે. લોહમય દોરીને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક (જેમ તીર સ્વદ્રવ્યથી લોહમય છે. સ્વક્ષેત્રથી દોરીને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાનદશા છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વ નયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.)

નિગોદથી માંડીને સિદ્ધ સુધીના દરેક આત્માનો અસ્તિત્વ નામનો ધર્મ છે. દરેક આત્મા સ્વચતુષ્ટય—સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર ને સ્વકાળ ને સ્વભાવથી છે. આત્મ દ્રવ્ય આખું તે પ્રમાણનો વિષય છે ને તેમાંથી એક ધર્મને બતાવે તે નય છે. અહીં અસ્તિત્વધર્મને બતાવે છે. પ્રમાણ = વિશેષે કરીને માપ કરવું. લૌકિકમાં કહે છે કે આટલા દાણા માપ કર્યા. તે દાણાને કે માપને ખબર નથી કે મને માપ કરે છે કે મારાથી માપ થાય છે પણ જ્ઞાન નક્કી કરે છે કે આખા મણમાં આટલાં દાણા આવ્યા તેમ આત્મામાં અનંતા ધર્મોરૂપી દાણા છે. બધા ધર્મોને જાણે તે પ્રમાણ છે ને એક દાણારૂપી ધર્મને જાણે તે નય છે. આમ વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ. આ જાણ્યા વિના અજ્ઞાની લોકો કહે કે અમારે નિર્વિકલ્પ સમાધિ કરવી છે તો તે તો ભાષા થઈ. નિર્વિકલ્પ સમાધિ કોને કહેવાય? તેના ભાવ જાણ્યા વિના બધું નકામું છે. આત્મસ્વભાવ જાણ્યા વિના દેહની ક્રિયાને પુણ્યની ક્રિયાના કુટારા કર્યા કરે તો ધર્મ થતો નથી, મહેનત અફળ જાય છે.

અહીં આત્માના દરેક ધર્મનું જ્ઞાન કરાવે છે. આત્મા ગુણપર્યાયનો આખો પિંડ તે દ્રવ્ય છે, અસંખ્ય પ્રદેશી તે તેનું ક્ષેત્ર છે, સમય સમયનો પર્યાય તે તેનો કાળ છે ને જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ શક્તિઓ તેનો ભાવ છે. આમ આત્મદ્રવ્ય, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ ને સ્વભાવથી અસ્તિ ધરાવે છે. તે તીરના દ્રષ્ટાંતથી સમજાવે છે.

## "તીર પોતાનાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે."

**(૧) તીરનું દ્રવ્ય :—**તીર લોહમય છે, લોઢાનું બનેલું છે. તે પોતાના લોહમયપણાને લીધે છે.

**(૨) તીરનું ક્ષેત્ર :—**તીર દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, તે તેનું ક્ષેત્ર છે. તીર પોતાના ક્ષેત્રમાં રહેલું છે, આકાશના ક્ષેત્રમાં કે બીજી વસ્તુના ક્ષેત્રમાં રહેલું નથી. ક્ષેત્ર એટલે પહોળાઈ વગેરે માપ.

**(૩) તીરનો કાળ :—**તીર ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે, તે તેનો કાળ છે. ખેંચાયેલી સ્થિતિ ક્ષણિક હોય છે, કાયમ હોતી નથી. તે તેનો કાળ છે. કોઈ પુરુષે તીર ચડાવવાનો ભાવ કર્યો છે માટે ખેંચાણું છે, એમ નથી તેમ જ પુરુષની આંગળીને લીધે ખેંચાયેલું નથી. તેની સંધાયેલી અવસ્થા તેના સ્વકાળે થયેલી છે.

**(૪) તીરનો ભાવ :—**જે વસ્તુને લક્ષ બનાવી છે તે વસ્તુની સન્મુખ છે તે તીરનો ભાવ છે. જ્યાં જ્યાં તીર હોય ત્યાં તેનો ભાવ હોય જ. તે ભાવ ત્રિકાળ છે.

## "તીરના દ્રષ્ટાંતની જેમ આત્મા સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે."

આમ તીર સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ ધરાવે છે તેમ આત્મા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવથી અસ્તિ ધરાવે છે.

**(૧) આત્માનું દ્રવ્ય :—**અનંતા ગુણોને પર્યાયનો પિંડ આખી વસ્તુ છે, તે આત્માનું દ્રવ્ય છે.

**(૨) આત્માનું ક્ષેત્ર :—**આત્મા અસંખ્ય પ્રદેશી અખંડ વસ્તુ છે. અસંખ્ય પ્રદેશ તે આત્માનું ક્ષેત્ર છે. શરીર પ્રમાણ હોય છે પણ શરીરના કારણે નહિ. આકાશનું ક્ષેત્ર કે શરીરનું ક્ષેત્ર તે આત્માનું ક્ષેત્ર નથી. કીડીમાંથી હાથી થાય છે તો કર્મને લીધે ક્ષેત્ર ફરે છે ? ના. આત્મા તો તેના અસંખ્ય પ્રદેશમાં જ રહેલો છે. તેના ક્ષેત્રથી તે બહાર ગયો નથી. તપેલામાં પાણી છે તો પાણીનું ક્ષેત્ર તપેલાંને લીધે છે ? ના. પાણીનું ક્ષેત્ર પાણીમાં ને તપેલાનું ક્ષેત્ર તપેલામાં છે. તેમ આત્મા બાહ્યથી ગમે તે શરીરમાં હોય, નાનો હોય કે મોટો હોય, તો પણ તે પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેલો છે, આત્મા સ્વક્ષેત્રથી અસ્તિ છે.

**(૩) આત્માનો સ્વકાળ :—**આત્માનો દરેક સમયનો પર્યાય અધૂરો ઉઘાડવાળો હોય, વધારે ઉઘાડવાળો હોય કે પૂર્ણ હોય, વિકારી હોય કે અવિકારી હોય, તે પોતાથી છે ને પરથી નથી. સંસારદશા પણ પોતાથી છે કર્મને લીધે કે બીજા જીવને લીધે નથી. તેમ મોક્ષપર્યાય પણ પોતાથી છે પણ કર્મના અભાવને

લીધે નથી. તેમ જ સંહનન આદિથી પણ નથી. એક પુરુષને ભ્રાંતિ થાય છે, તે પોતાથી થાય છે, પરથી થતી નથી. ગુરુથી શિષ્યને જ્ઞાન થયું એમ માનવામાં આવે તો શિષ્યના જ્ઞાન પર્યાયનો કાળ ન હતો ને જ્ઞાન થયું છે ? ના. એમ બની શકે નહિ. જ્ઞાનનો પર્યાય સ્વકાળે પોતાની લાયકાત મુજબ થાય છે પર કરાવતું નથી. ગુરુ કે શાસ્ત્રાદિની હાજરી બતાવવા સંયોગથી કથન કરેલ છે પણ તેનાથી જ્ઞાન થાય એમ કહેવાનો આશય નથી. આત્મા પોતાના કાળે અસ્તિ છે. જે છે તેને કોણ બીજો કરે ? ને વસ્તુ છે તેને પરથી છે એમ કહો તો તે વસ્તુ રહેતી નથી. માટે ઓછારૂપે કે પૂર્ણરૂપે, વિકારરૂપે, વિકાર રૂપે કે અવિકારરૂપે પરિણમવાનો આત્માનો સ્વકાળ છે.

**(૪) આત્માના ભાવ :—**આત્માની જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ શક્તિઓ અનાદિ અનંત એકરૂપ સ્વથી છે પણ પરને લીધે નથી.

આવી રીતે આત્મા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવથી અસ્તિ રૂપે છે. આવો અસ્તિત્વ નામનો આત્મામાં ધર્મ છે. આવા એક ધર્મમાં જે જીવ ગોટા વાળે છે ને પરને આધીન માને છે તેને અનંતા ધર્મો સાચા બેસાડતાં આવડે નહિ ને સાચી શ્રદ્ધા થાય નહિ. **જે જીવ પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પરાધીન માને તેણે સ્વરૂપ જેમ છે તેમ ન માન્યું. આસ્તિક એટલે સ્વરૂપની અસ્તિ સ્વીકારી નહિ માટે તે મોટો નાસ્તિક છે.** આ પ્રમાણે તીરના દ્રષ્ટાંતે આત્મા પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ રૂપે છે. આ અસ્તિત્વધર્મને જાણનારો જે નય તેને અસ્તિત્વ નય કહે છે. તે અસ્તિત્વ નય અનંતા નયોમાંથી એક નય છે. અહીં તો આત્માનું બધાં પડખાંથી જ્ઞાન કરાવે છે માટે યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાન કરવાં.

*

# પ્રસાદ નં. ૨૩૫

## પ્રવચનસાર પરિશિષ્ટ

(જેઠ વદ ૬, રવિવાર)

## આ પરિશિષ્ટમાં આવેલો પહેલો દ્રવ્યનય અને દ્રવ્યાર્થિકનય (નિશ્ચયનય) તેના વિષયોમાં તફાવત છે.

આત્મા કેવો છે, તેનું શું સ્વરૂપ છે, તેની વાત ચાલે છે. આત્મામાં અનંતધર્મો છે. તે અનંતાધર્મોને જાણનારા અનંત નયો છે. તે નયની વાત ચાલે છે.

અહીં પહેલો દ્રવ્યનય કહેવાયો, તે અને દ્રવ્યાર્થિકનય (નિશ્ચયનય) છે એ બેના વિષયોમાં કાંઈ ફેર છે ? અને હોય તો શું ફેર છે ?

અહીં જે દ્રવ્યનય કહેવામાં આવે છે તે અનંતા ધર્મોમાં તેના એક સામાન્ય સદ્રશ સ્વભાવ (ધર્મ)ને બતાવે છે. તે સિવાયના બીજા ઘણા ધર્મો બાકી રહે છે.

આધ્યાત્મિક ગ્રંથોમાં મુખ્યપણે માત્ર બે જ નયો લેવામાં આવે છે. (૧) દ્રવ્યાર્થિક, (૨) પર્યાયાર્થિક.-તેમાંથી દ્રવ્યાર્થિકનય વર્તમાન પર્યાય સિવાયના આખા દ્રવ્યને વિષય કરે છે. ને આ દ્રવ્યનયનો વિષય એક ધર્મ—સામાન્ય સદ્રશપણું છે. આધ્યાત્મિક ગ્રંથોમાં કહેલા બે નય—(નિશ્ચય) દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક (વ્યવહાર) એ બે થઈને આખું પ્રમાણ થાય છે. જ્યારે અહીં જે વર્ણવવામાં આવ્યા તે અનંતા ધર્મોને જાણનારા અનંતા નયો થઈને આખું પ્રમાણ થાય છે. તેમાંનો એક નય તે દ્રવ્યનય છે.

અહીં દ્રવ્યનય એક જ ધર્મને ગ્રહણ કરે છે ને ત્યાં દ્રવ્યાર્થિકનય (નિશ્ચયનય) વર્તમાન પર્યાય સિવાય આખા દ્રવ્યને ગ્રહણ કરે છે. આમ બન્નેના વિષયમાં ઘણો તફાવત છે, એમ સમજવું.

વળી અહીં જ્ઞાનપ્રધાન કથન છે તેથી વિકારીપર્યાય, બંધપર્યાય તથા મોક્ષપર્યાય પોતામાં થાય છે, એમ બતાવવા માટે તેને આ પરિશિષ્ટમાં આગળ નિશ્ચયનય કહેશે. જેને આધ્યાત્મિક ગ્રંથોમાં પર્યાયાર્થિક (વ્યવહાર) નય કહે છે.

## (3)(ચાલુ) આત્મા સ્વચતુષ્ટયથી છે એવા અસ્તિત્વ ધર્મને બતાવનાર અસ્તિત્વનય કહે છે.

(૧)દ્રવ્યનય ને (૨) પર્યાયનય—એ બે તો કહેવાઈ ગયા છે ને ત્રીજો અસ્તિત્વનય પણ આવી ગયો છે, છતાં આજે ફરી વખત લેવાય છે.

જેમ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે. ધનુષ્ય પર ચડાવેલી સ્થિતિનો કાળ તે તેનો કાળ છે. નિશાનની સન્મુખપણું તે તેનો ભાવ છે. તે તીરના દ્રષ્ટાંતે–આત્મા અનંત ગુણ-પર્યાયના પિંડરૂપ એક અખંડ દ્રવ્ય છે, અસંખ્યપ્રદેશ તેનું ક્ષેત્ર છે. (એક નાનામાં નાનો પરમાણુ જેના બે ટુકડા ન થઈ શકે તે જેટલી આકાશની જગ્યા રોકે તેને પ્રદેશ કહે છે. તે પરમાણુના ગજ વડે માપવામાં આવે તો આત્મા અસંખ્ય પરમાણુના પ્રદેશ જેટલો પહોળો છે. અસંખ્ય પ્રદેશીપણું ખરેખર છે તે ઉપચાર નથી. દરેક આત્મા અસંખ્ય પ્રદેશી છે, તે વાત સર્વજ્ઞનાં શાસ્ત્ર સિવાય અન્ય કોઈ શાસ્ત્રમાં નથી. આત્મા વસ્તુ છે, તેના અવયવો અસંખ્ય છે, તોપણ તે જુદા પડતા નથી. આત્મા અસંખ્ય અવયવી અથવા અસંખ્ય પ્રદેશી એક અખંડ દ્રવ્ય છે.) તેની સમય સમયની પર્યાય તે તેનો કાળ છે ને જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ત્રિકાળી શક્તિઓ તે તેનો ભાવ છે. તે આત્મદ્રવ્ય કેમ જણાય, તેની વાત કહે છે.

આત્મામાં જ્ઞાન નામનો ગુણ ત્રિકાળ છે. તેની પાંચ પર્યાયો છે. શ્રુતજ્ઞાન જ્ઞાનગુણની એક અવસ્થા છે. શ્રુતજ્ઞાન આખા આત્માને વિષય કરે છે. તે શ્રુતજ્ઞાન પ્રમાણ છે. ને પ્રમાણનો અંશ—જ્ઞાનનું એક પડખું જે ઉપયોગાત્મક છે તે એક એક ધર્મને વિષય કરે છે. તે અંશને નય કહે છે. આત્મામાં અનંતા ધર્મો છે. અનંતા ધર્મોને અનંતા નયો વિષય કરે છે. આત્માએ અસ્તિત્વ વગેરે અનંતા સ્વભાવો ધારી રાખ્યા છે માટે આત્મા ધર્મી છે ને તેનો એક એક સ્વભાવ તે ધર્મ છે. (આ સમ્યગ્દર્શનરૂપ ધર્મની વાત નથી પણ સ્વભાવની વાત છે.) દ્રવ્યનય, પર્યાયનય કહેવાઈ ગયા. હવે અસ્તિત્વધર્મને જાણનાર અસ્તિત્વનય કહે છે.

## <u>તીર ખેંચાયેલ સ્થિતિમાં સ્વ થી છે. તે આંગળીથી નથી તેમ પુરુષના વિકલ્પથી પણ નથી.</u>

આત્મા પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ ધરાવે છે. એમ જાણનાર, જ્ઞાનના અંશને અસ્તિત્વ નય કહે છે. તે તીરના દ્રષ્ટાંતથી સમજાવે છે. તીરનું દ્રવ્ય લોહમય છે. ને ક્ષેત્ર દોરી ને કામઠાની વચ્ચે રહેલું છે. ને ધનુષ્ય ઉપર ચડાવીને ખેંચાયેલી સ્થિતિ તે તેનો પર્યાય છે. કોઈ નિમિત્તથી, આંગળીથી કે પુરુષની ઇચ્છાથી તીરની ખેંચાયેલી સ્થિતિ થઈ નથી. કારણ કે આંગળીને તથા તીરને અન્યોન્ય અભાવ છે. એક પુદ્દગલની વર્તમાન પર્યાયનો બીજા પુદ્દગલની વર્તમાન પર્યાયમાં જે અભાવ તે અન્યોન્ય અભાવ છે. ને પુરુષની કળાને તથા તીરની અવસ્થાને અત્યંત અભાવ છે કારણ કે ચેતન ને જડને અત્યંત અભાવ છે. બે પુદ્દગલની પર્યાય વચ્ચે અન્યોન્ય અભાવ કહેવાનું કારણ એ છે કે એક

પુદ્‌ગલની અવસ્થા બીજા પુદ્‌ગલની અવસ્થારૂપે થવાનો સંભવ છે, પણ ચેતનને જડરૂપે કે જડને ચેતનરૂપે થવાનો સંભવ કદી પણ નથી તેથી ચેતન ને જડ વચ્ચે અત્યંત અભાવ કહ્યો છે. જેનો જેમાં અભાવ હોય તે ભાવને મદદ કરે તેમ બને નહિ.

સમય સમયનો પર્યાય થાય છે, તેને દ્રવ્યે ધારી રાખ્યો છે, નિમિત્તે તેને ધાર્યો નથી પણ પોતે ધાર્યો છે, માટે તે ધર્મ કહેવાય છે. દ્રવ્યનો પર્યાય 'સ્વ'થી છે પણ 'પર'થી નથી. બીજી ચીજ હો ભલે. પણ તેને લીધે આ પર્યાય થઈ. એ વાત સાચી નથી. લોકોને હજી આ દ્રષ્ટાંત પણ કઠણ પડે છે. તીર પોતે સંધાયેલી અવસ્થામાં સ્વકાળે રહેલું છે, આંગળીને લીધે રહેલું નથી. ઇચ્છાને અને તીરને અત્યંત અભાવ છે માટે ઇચ્છાને લીધે રહેલ નથી. વળી આંગળીની પર્યાય તીરની પર્યાયને અડતી નથી—સ્પર્શતી નથી. જે વસ્તુ અભાવરૂપે હોય તે તેને કેવી રીતે સ્પર્શે ? જો આંગળીની પર્યાય તીરની પર્યાયને સ્પર્શે તો બન્ને એક થઈ જાય. અનંતી ચીજો નજીક પડી હોય પણ તે કોઈને લીધે નથી ને તીરનું લક્ષ્ય સન્મુખપણું તે તેનો ભાવ છે. આવી રીતે તીર પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ ધરાવે છે.

તેમ આત્મા પોતે ગુણ-પર્યાયનો પિંડ છે, તે તેનું દ્રવ્ય છે. અસંખ્યપ્રદેશ તે સ્વક્ષેત્ર છે. સમયસમયની હાલત તે સ્વકાળ છે ને અનંતા ગુણો—જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે સ્વભાવ છે. તેમાં ખાસ કરીને કાળમાં એટલે પર્યાયમાં જીવો ભૂલ કરે છે ને તેને પરાધીન માને છે. કર્મનો તીવ્ર ઉદય આવ્યો માટે વિકાર થયો, એમ અજ્ઞાની માને છે. સમ્યગ્દર્શન કેમ થયું ? અજ્ઞાની કહે છે કે કાળલબ્ધિ પાકી માટે. આ મોટી ભ્રમણા છે. દરેક પદાર્થમાં બે ઉપાદાન શક્તિ છે.

## દરેક પદાર્થમાં ત્રિકાળી ઉપાદાન ને ક્ષણિક ઉપાદાન, એમ બે પ્રકારનાં ઉપાદાન છે.

**(૧) ત્રિકાળી ઉપાદાન :—**ત્રણે કાળ દ્રવ્યની શક્તિઓ મોજૂદ પડી છે તે ત્રિકાળી ઉપાદાન.

**(૨) ક્ષણિક ઉપાદાન :—**દરેક દ્રવ્યની વર્તમાન પર્યાય તે ક્ષણિક ઉપાદાન છે. જેવી જેવી તે તે દ્રવ્યની વર્તમાન લાયકાત હોય તે મુજબ પરિણમન થાય છે. આત્મામાં વિકાર થવાની ક્ષણિક ઉપાદાન શક્તિ અથવા લાયકાત છે. કર્મને લીધે વિકાર નથી. વિકાર કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે. તેમ આત્મામાં સમ્યકદર્શન પ્રગટ કરવાની પોતાની પર્યાયની લાયકાત છે, જેને ક્ષણિક ઉપાદાન

કહે છે. કાળલબ્ધિને લીધે તે થતું નથી. પોતે સમકિત પ્રગટ કરે તો કાળલબ્ધિને નિમિત્ત કહેવાય છે. તીર અનુસંધાનવાળી દશામાં રહેલું છે તે પોતાની ક્ષણિક લાયકાતને લીધે રહેલ છે. માટીમાં ત્રિકાળી શક્તિ તો કાયમ છે પણ ઘડો થવાની જે વખતે વર્તમાન લાયકાત છે ત્યારે જ તેની ઘડારૂપ અવસ્થા થાય છે, કુંભારને લીધે તે થયો નથી. ત્રિકાળી શક્તિ તો છે જ પણ વર્તમાન ઉપાદાન શક્તિની વાત ચાલે છે. જો પર્યાય પરને લીધે હોય તો પર્યાયનો નાશ થાય છે ને પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થાય છે. આ સંબંધમાં ઘણાની મૂળમાં ભૂલ છે. નિશ્ચય પ્રગટે તો વ્યવહાર નામ પામે છે. ઉપાદાનમાં કાર્ય થાય તો બીજી ચીજને નિમિત્ત કહેવાય છે.

**<u>પ્રશ્ન :—</u>**શબ્દોની સહાય જીવ લ્યે છે ?

**<u>ઉત્તર :—</u>**ના, આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. શબ્દ તો ભાષાવર્ગણાની પર્યાય છે. ભાષાનો એક સમયનો પર્યાય આત્માથી થાય તો તેની પર્યાયનો નાશ થાય છે. પર્યાયનો નાશ થતાં તે દ્રવ્યનો નાશ થાય છે.

વળી કોઈ પૂછે કે ગ્રંથોનું નિર્માણ તો કરો છો ને ? પણ ભાઈ, ગ્રંથોની અવસ્થા તેના પર્યાયધર્મના કારણે થાય છે. આત્મા તેને કરી શકતો નથી. શાસ્ત્રની પર્યાય થાય ત્યારે જીવનો વિકલ્પ નિમિત્ત કહેવાય છે. દરેક પદાર્થનો પર્યાય સ્વતંત્ર થઈ રહ્યો છે.

## <u>નિશ્ચય ને વ્યવહારનું સ્વરૂપ.</u>

જીવોને નિશ્ચય વ્યવહારના સ્વરૂપની યથાર્થ ખબર નથી. વ્યવહાર એટલે આરોપિત કથન.

૧. આત્મા પર્યાયમાં વિકાર પોતે કરે છે, એમ બતાવવું હોય ત્યારે વિકારી પરિણામ તે નિશ્ચય ને કર્મના ઉદયને અથવા પર નિમિત્તને વ્યવહાર કહેવાય છે. વિકાર પોતે પોતાના કારણે કરે ત્યારે જે પર ચીજ હોય તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર. પણ તે પદાર્થને લીધે વિકાર થયો એમ માનવું તે વ્યવહાર નથી પણ મિથ્યાજ્ઞાન છે.

૨. આત્મા પોતાના શુદ્ધસ્વભાવના લક્ષે ધર્મ પ્રગટ કરે છે તે બતાવવું હોય તો શુદ્ધ પરિણામ તે નિશ્ચય છે અને ત્યારે પૂર્વપર્યાયમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો શુભરાગ હતો, તે શુભરાગને વ્યવહાર કહેવામાં આવે છે. શુદ્ધતા પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટ કરે ત્યારે પૂર્વ પર્યાયના શુભરાગનું જ્ઞાન કરવું તે

વ્યવહાર છે પણ તે શુભરાગથી શુદ્ધતા પ્રગટી, એમ માનવું તે વ્યવહાર નથી પણ મિથ્યાજ્ઞાન છે.

૩. શુદ્ધતા પ્રગટી તે પર્યાય છે માટે વ્યવહાર ને ત્રિકાળી અખંડ આત્મા તે નિશ્ચય છે.

આમ નિશ્ચય અને વ્યવહારનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

## પદાર્થ, જ્ઞાન ને વાણી ત્રણે સ્વતંત્ર છે—એકબીજાને પરાધીન નથી.

વસ્તુસ્વરૂપ તો જેમ છે તેમ છે પણ અજ્ઞાની જીવો નિશ્ચયથી પણ થાય ને વ્યવહારથી પણ થાય, એમ માને છે. જ્યારે ભાષા બોલાય છે ત્યારે આત્માની ઇચ્છા હતી તે જ્ઞાન કરવા માટે છે. પણ આત્માને લીધે ભાષા થઈ નથી. આત્માનો પર્યાય સ્વકાળથી અસ્તિ છે. ભાષાનો પર્યાય તેના સ્વકાળથી અસ્તિ છે. મોઢાનો પર્યાય તેના સ્વકાળથી અસ્તિ છે. ને બીજા બધા પરકાળથી નાસ્તિ છે. વસ્તુસ્વભાવ છે તેને સર્વજ્ઞ ભગવાને કર્યો નથી પણ જેવો છે તેવો તેમણે જાણ્યો છે ને તેવો વાણીમાં આવ્યો છે.

પદાર્થસમય, જ્ઞાનસમય ને શબ્દસમય—ત્રણે સ્વતંત્ર છે, એકબીજાને પરાધીન નથી. પદાર્થને લીધે જ્ઞાન નથી, પદાર્થને લીધે વાણી નથી, જ્ઞાનને લીધે વાણી નથી, જ્ઞાનને લીધે પદાર્થ નથી, વાણીને લીધે પદાર્થ નથી. વાણીને લીધે જ્ઞાન નથી, પદાર્થ પદાર્થના કારણે છે, જ્ઞાન જ્ઞાનના કારણે છે, વાણી વાણીના કારણે છે.

દરેક વસ્તુ સ્વપણે છે ને પરપણે નથી. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પરસ વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. વિરોધી શક્તિઓ વસ્તુને નિપજાવે છે, પણ વસ્તુનો નાશ કરતી નથી. આવું અનેકાંત બધાં દ્રવ્યોમાં છે. છયે દ્રવ્યોમાં અનંત ધર્મો રહેલા છે ને અનેકાંતથી વસ્તુ ટકે છે. અહીં આત્માની વાત ચાલે છે.

## અસ્તિત્વ નય પદાર્થ જે સ્વરૂપે છે, તેમ જાણે પણ વિરુદ્ધ જાણે નહિ.

અહીં તો આત્મા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે. તેમાં કાળની અસ્તિની વાત ચાલે છે. આત્માનો દરેક સમયનો પર્યાય સ્વતંત્ર થઈ રહ્યો છે. તે પરને લીધે નથી થતો. કોઈ કહે કે આ પર્યાય નિમિત્ત આવ્યું ત્યારે થઈ, તે પહેલાં કેમ ન થઈ ? પહેલાં, પહેલાંની પર્યાય હતી. એક સમયની એક પર્યાય થાય છે. બધી પર્યાયો એક સમયમાં આવી જતી નથી. દરેક પર્યાય સ્વતંત્ર થયા કરે છે.

કોઈ કહે કે આત્મા અવક્તવ્ય છે ને ? ભાઈ, આત્મા સર્વથા અવક્તવ્ય હોય તો વાણીમાં ન આવી શકે માટે સર્વથા અવક્તવ્ય નથી, કથંચિત્ અવક્તવ્ય છે. વળી કોઈ કહે કે આપ પ્રવચન આપો છો તો સમજાય છે ? જવાબ :–ભાઈ, પ્રવચન તો ભાષા છે. તેને આત્મા કરી શકતો નથી ને ભાષાથી સમજાતું નથી. દરેકનો પર્યાય સ્વતંત્ર છે તે વાત તો ચાલે છે. પોતે સમજે તો નિમિત્ત કહેવાય છે. આમ આત્મા પોતાના સ્વકાળથી અસ્તિ છે ને જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ભાવથી પણ અસ્તિ છે. તે પરને લીધે નથી. આત્મા દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવે અસ્તિ છે એમ જાણનાર જ્ઞાનના અંશને અસ્તિત્વનય કહે છે, પરને લીધે જ્ઞાન થાય છે એમ અસ્તિત્વનય જાણતો નથી પણ સ્વથી થાય છે એમ જાણે છે. પરથી થાય એમ જાણે તો મિથ્યાજ્ઞાન છે. અજ્ઞાનીને નય હોતા નથી. જ્ઞાન વિષયી છે ને ધર્મ તેનો વિષય છે. અસ્તિત્વ ધર્મ છે તેને જ્ઞાન જાણે છે. આ પ્રમાણે અસ્તિત્વ નય થયો.

## (૪)પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાનો નાસ્તિત્વ નામનો ધર્મ આત્મામાં છે. તે નાસ્તિત્વ ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નાસ્તિત્વ નય કહે છે.

આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે.— અલોહમય દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે. અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે. તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે.)

આત્મામા અનંતા ધર્મો છે. તેમાં નાસ્તિત્વ નામનો પોતાનો ધર્મ છે. શરીર, કર્મ તથા બીજા આત્મારૂપે નહિ હોવાનો આત્માનો પોતાનો ધર્મ છે. જો પરરૂપે નહિ હોવાનો આત્માનો ધર્મ ન હોય તો આત્મા પરમાં ભળી જતાં આત્માનો નાશ થાય. અજ્ઞાની માને છે કે આત્મા કર્મથી રખડે છે પણ તે બરાબર નથી. કર્મનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા નાસ્તિરૂપે છે પછી કર્મ તેને રખડાવે એમ બને નહિ. વળી વાણી તથા શાસ્ત્રથી જ્ઞાન થાય છે એમ અજ્ઞાની માને છે. વાણી તથા શાસ્ત્રરૂપે નહિ હોવાનો નાસ્તિત્વગુણ આત્માનો છે માટે તેનાથી જ્ઞાન થતું નથી. જ્ઞાન સામાન્ય છે તે પર્યાયમાં વિશેષરૂપે પરિણમે છે, તેમાં ઇન્દ્રિયોએ, પુસ્તકે કે વાણીએ શું કર્યું ?

કોઈ પ્રશ્ન કરે કે આ વાત એકાંત થઈ જાય છે ?

સમાધાન :–આ સમ્યક્ એકાંત છે. અહીં તો પર્યાય સ્વતંત્ર નક્કી કરાવે છે. પરપદાર્થથી આત્મામાં કાંઈ ન થાય કારણ કે આત્મામાં નાસ્તિત્વ નામનો ગુણ છે. આમ જ્ઞાન કર્યા પછી પર્યાયવાન તરફ લક્ષ કરવા પુરુષાર્થ કરી શકે.

આ પ્રમાણે નાસ્તિત્વ નામના ધર્મને જાણનારા જ્ઞાનના અંશને નાસ્તિત્વનય કહે છે.

(જેઠ વદ ૭, સોમવાર)

આત્મદ્રવ્ય કેવું છે—તેનું શું સ્વરૂપ છે, તે વાત કહેવાય છે. આત્મપદાર્થમાં અનંતા ધર્મો છે, તેને અનંતા નયો જાણે છે. આ સ્વરૂપ જાણ્યા પછી ઉપાયની વાત કરશે. જાણ્યા વિના ઉપાય શો ? તેમાં ત્રણ ધર્મોને બતાવનારા ત્રણ નયો—દ્રવ્યનય, પર્યાયનય ને અસ્તિત્વનય કહેવાયા. ચોથા નાસ્તિત્વનયની વાત ચાલે છે.

આત્મા પરપદાર્થો એટલે શરીર, કર્માદિ તથા બીજા આત્માપણે નથી. આત્મવસ્તુ એક છે પણ તેમાં ધર્મ અનંતા છે. તેમાં નાસ્તિત્વ નામનો એટલે પરપણે નહિ હોવારૂપનો આત્માનો પોતાનો ધર્મ છે. તેથી આત્મા કોઈ કાળે, કોઈ ક્ષેત્રે, શરીર, વાણી કે કર્માદિરૂપે થતો નથી. તેથી પરપદાર્થને લીધે આત્મામાં સંસાર અથવા વિકાર થાય તેમ કદી બની શકે નહિ. કર્મ આત્માને રખડાવે છે એ ભ્રાંતિ છે. પરનો આત્મામાં અભાવ છે. તે અભાવ આત્માને નુકશાન કરે તેમ બને નહિ. જેવી રીતે પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે. અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે. અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે એટલે કે નિશાનની સન્મુખ નથી. તેમ આત્મા ગુણપર્યાયનો પિંડ વસ્તુ આખી તે દ્રવ્ય તે પરદ્રવ્યથી નાસ્તિરૂપ છે. અસંખ્ય પ્રદેશાત્મક સ્વક્ષેત્ર તે પરક્ષેત્રથી નાસ્તિરૂપ છે. પોતાની સમય સમયની પર્યાયો પરની પર્યાયોથી નાસ્તિરૂપ છે ને પોતાના જ્ઞાનાદિભાવો પરપદાર્થના ભાવોથી નાસ્તિરૂપ છે. આમ પર–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવથી આત્મા નાસ્તિરૂપ છે. જીવ વિકારી હોય કે અવિકારી, નિગોદ હોય કે સિદ્ધ—બધા પરદ્રવ્યોથી નાસ્તિપણે ટકી રહ્યા છે. અજ્ઞાની જીવને પોતાનો સંસાર ક્યાં છે તેનું પણ સાચું જ્ઞાન નથી તો તેને ટાળવાનો પ્રયત્ન પણ સાચો હોઈ શકે નહિ.

## (અ) સંસાર સસલાનાં શીંગડાંની જેમ તુચ્છ અભાવ અથવા ભ્રમ નથી.

વર્તમાન સંસારદશામાં આનંદનો અભાવ દેખાય છે માટે ત્યાં વિકૃતિનો—દુઃખનો સદ્‌ભાવ દેખાય છે. જો દુઃખ વર્તમાનમાં ન જ હોય તો વ્યક્ત પૂર્ણ આનંદનો અનુભવ હોવો જોઈએ પણ પૂર્ણ આનંદદશા નથી માટે સંસારદશા છે. તે સંસારદશા સસલાનાં શીંગડાંની જેમ તુચ્છ અભાવ હોય તો વ્યક્ત આનંદ હોવો જોઈએ. ને વ્યક્ત આનંદ હોય તો મારે સમજવું છે તે વાત રહેતી નથી. શિષ્યને સાંભળવાનું ને ગુરુને સમજાવવાનું રહેતું નથી ને પોતાને અભ્યાસ કરવાની જરૂર રહેતી નથી માટે સંસાર ભ્રમ નથી અથવા તુચ્છ અભાવ નથી. વર્તમાન આકુળતા દેખાય છે ને તેને ટાળવા માગે છે માટે સંસાર છે એમ સાબિત થાય છે.

## (બ) બધી થઈને એક જ વસ્તુ હોય તો સંસાર હોઈ શકે નહિ.

વળી આ જગતમાં બધા થઈને એક જ આત્મા છે ને બીજી વસ્તુ જ નથી, એમ જો માનવામાં આવે તો એકલી વસ્તુમાં સંસાર અથવા ભ્રમ હોઈ શકે નહિ. ભ્રાંતિ સ્વના લક્ષે હોઈ શકે નહિ. વર્તમાન ભ્રાંતિ દેખાય છે તો બીજી વસ્તુ જગતમાં હોવી જોઈએ કે જેના લક્ષે જીવ ભ્રાંતિ કરે છે. માટે બીજા આત્મા ને જડપદાર્થો જગતમાં છે, તે અનંતા પદાર્થો અનાદિ અનંત છે.

## (ક) સંસાર પરપદાર્થને લીધે હોય તો સંસાર કદી ટળી શકે નહિ.

વળી તે ભ્રાંતિ પરપદાર્થને લીધે હોય તો પરપદાર્થો તો અનાદિઅનંત રહેવાના છે તો પછી ભ્રાંતિ પણ અનાદિ અનંત કાયમ રહે તો તેને ટાળી આનંદ પ્રગટ કરવાનો અવસર રહેતો નથી. બૈરાં છોકરાં મને રાગ કરાવે છે. કર્મો મને હેરાન કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્રથી મને ધર્મ થાય છે, ઇત્યાદિ માન્યતા ભ્રાંતિ છે. કારણ કે પોતાનો આત્મા ત્રણે કાળ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે ને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. પરના ચતુષ્ટયનો પોતામાં અભાવ છે, તે અભાવ પોતાને લાભ-નુકશાન કેવી રીતે કરે ? સ્ત્રીને જોઈને રાગ થાય છે, દુશ્મનને જોઈને દ્વેષ થાય છે, એમ અજ્ઞાની માને છે પણ તે ભ્રાંતિ છે. શરીરનો પર્યાય આત્મામાં નથી. તેથી શરીરની રોગરૂપ અવસ્થાથી આત્માને કાંઈ થતું નથી. એક છરો લાગે ત્યારે જીવ માને છે કે મને છરો લાગ્યો ને ઘણું દુઃખ થયું, પણ છરો શરીરને અડ્યો જ નથી કારણ કે શરીરનાં ચતુષ્ટય છરાનાં ચતુષ્ટયથી નાસ્તિરૂપે છે. જ્યારે શરીરની અવસ્થાને પણ છરો અડતો નથી તો પછી છરો આત્માને લાગે ને તેના કારણે આત્માને દુઃખ થાય તે તો મોટો ભ્રમ છે. વળી કોઈ જીવ કર્મને

લીધે રાગ-દ્વેષ થાય છે, એમ માને છે તે ભ્રમ છે. કારણ કે કર્મરૂપે નહિ હોવાનો નાસ્તિત્વધર્મ આત્મામાં છે. તેથી કર્મ આત્માને લાભ-નુકશાન કરતાં નથી. જ્ઞાનની હીનતા જ્ઞાનાવરણીય કર્મને લીધે નથી, દર્શનની હીનતા દર્શનાવરણીય કર્મને લીધે નથી. ભ્રાંતિની પર્યાય તથા ઊંધા ચારિત્રની પર્યાય, મોહનીય કર્મને લીધે નથી. વીર્યાદિની હીનતા અંતરાય કર્મને લીધે નથી કારણ કે પરચતુષ્ટયથી આત્મા ત્રણે કાળ નાસ્તિરૂપે છે, એમ નાસ્તિત્વધર્મ બતાવે છે.

## (ડ) સંસાર પોતાના ત્રિકાળી દ્રવ્યમાં, ત્રિકાળી અસંખ્ય પ્રદેશમાં કે ત્રિકાળી શક્તિઓમાં નથી.

આત્માનો સંસાર પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવમાં નથી. તો શેમાં છે ? તે જાણવા માટે સ્વમાં જોવું પડશે. દ્રવ્યમાં સંસાર હોય તો કદી નીકળે નહિ. અસંખ્ય પ્રદેશો છે તેમાં સંસાર નથી. તેના જ્ઞાનદર્શન આદિ ભાવો ત્રિકાળ શુદ્ધ છે. તેમાં સંસાર હોય તો સંસાર તેનો મૂળ સ્વભાવ થઈ જાય પણ તેમ નથી માટે ભ્રાંતિ અથવા સંસાર પોતાના દ્રવ્યમાં, ક્ષેત્રમાં કે ભાવમાં નથી.

## (ઈ) સંસાર પોતાના સ્વકાળમાં છે એટલે કે એક સમય પૂરતી અવસ્થામાં પોતાના કારણે છે.

તો પછી સંસાર ક્યા છે ? પોતાના કાળમાં છે એટલે કે એક સમય પૂરતી અવસ્થામાં છે. સંસાર સર્વથા ભ્રમ નથી તેમ જે પરપદાર્થ—બૈરાં -છોકરાં કે કર્મમાં નથી તેમ જ તેને લીધે નથી. વળી તે પોતાના સ્વભાવમાં નથી. પોતાનો જ્ઞાનદર્શન આનંદ સ્વભાવ ચૂકીને પરનો આશ્રય કરીને સુખ કલ્પે છે તે ભ્રાંતિ સંસાર છે. બૈરાં, છોકરાં હેરાન કરે છે એવી ભ્રાંતિ, કર્મ મને રખડાવે છે એવી ભ્રાંતિ, છરો લાગતાં મને લાગ્યો તથા તેથી મને દુઃખ થયું એવી ભ્રાંતિ, દેવ-ગુરુ-શાસ્ત્રથી મને ધર્મ થશે એવી ભ્રાંતિ, તે સંસાર છે. **संसरणम् इति संसारः** પોતાના જ્ઞાતાદ્રષ્ટા આનંદસ્વભાવથી સરી જવું, ચૂકી જવું તે સંસાર છે. તે પોતાની એક સમયની અવસ્થામાં અથવા સ્વકાળમાં છે. દયાદાનના ભાવ આસ્રવ છે છતાં તેથી મને ધર્મ થશે એવી માન્યતા તે સંસાર છે. સ્ત્રીને દેખતાં મને રાગ થાય છે ને દુશ્મન દેખતાં મને દ્વેષ થાય એ ભ્રાંતિ–સંસાર છે. પરપદાર્થો લાભ-નુકશાન કરતા નથી પણ અજ્ઞાની માને છે કે પરથી મને લાભ-નુકશાન છે, એ જ સંસાર છે. અજ્ઞાની જીવ સંયોગો દેખીને કલ્પના ઊભી કરે છે. જ્ઞાનીને પણ અનુકૂળ—પ્રતિકૂળ સંયોગો હોય છે પણ તે સંયોગોને લીધે રાગ-દ્વેષ કરતો નથી, તે રાગ-દ્વેષ પરથી થયા માનતો નથી. વળી રાગ-દ્વેષ સ્વભાવમાં નથી, પોતાની

નબળાઈથી છે ને સ્વભાવના જોરે ટાળવા માગે છે. અજ્ઞાની તો પરને લીધે ભ્રાંતિ માને છે, તે ભૂલ છે. પરને લીધે ભ્રાંતિ થાય તો પર તથા પોતે એક થઈ જાય પણ એમ બનતું નથી. માટે અહીં નક્કી કરાવે છે કે વર્તમાન ભૂલ પોતાની પર્યાયમાં પોતાથી છે. એક જીવ સાચી વાત સાંભળી શ્રદ્ધા કરે છે અને બીજો શ્રદ્ધા કરતો નથી, તે જ વિવિધતા, વિચિત્રતા ને સ્વતંત્રતા બતાવે છે. આ હજી સમ્યગ્દર્શનની વાત નથી. આ તો પર્યાય સ્વતંત્ર છે, એમ જ્ઞાન કરાવે છે.

## એક દ્રવ્યનાં ચતુષ્ટયમાં બીજા દ્રવ્યનાં ચતુષ્ટયનો અભાવ છે માટે પરદ્રવ્યથી રાગ કે જ્ઞાન નથી.

તીરનું દ્રષ્ટાંત અપાઈ ગયું છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે તેની નાસ્તિ છે. કોઈ કહે કે લોકાલોક છે માટે કેવળજ્ઞાન તેને જાણે છે, તો તે વાત બરાબર નથી. જ્ઞેય છે માટે જ્ઞાન છે, એમ માને તો કેવળજ્ઞાન પરાધીન થઈ ગયું. જ્ઞેયનો પર્યાય એટલે કાળ પણ સ્વતંત્ર છે ને જ્ઞાનનો પર્યાય પણ સ્વતંત્ર છે, એકની બીજામાં નાસ્તિ છે. સંસારદશામાં જે જ્ઞાન રાગ-દ્વેષમાં અટકતું હતું તે વીતરાગ દશા થતાં અટકતી દશા બંધ થઈ ને પૂર્ણ વિકાસદશા થઈ. તે સ્વ પરપ્રકાશક જ્ઞાન સ્વને જાણતાં લોકાલોકને જાણી લ્યે છે પણ લોકાલોકને લીધે જાણપણું નથી.

વળી દેવ-ગુરુ-શાસ્ત્ર કે તીર્થંકર ભગવાન પણ જીવને તારવા સમર્થ નથી કારણ કે આ જીવમાં પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ નાસ્તિરૂપે છે. તેથી તેનાથી ધર્મ થતો નથી. અનેકાંત એટલે અનેક ધર્મો આત્મામાં છે. તેમાં પરપણે નથી એવો પણ એક ધર્મ છે.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવો બધા પર જીવોનાં દ્રવ્ય –ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિરૂપે છે. સિદ્ધના જીવો પણ લોકાગ્રે ગયા પછી જ્યોતમાં જ્યોત ભળી જતી નથી કારણ કે એકબીજાના નાસ્તિરૂપે તેઓ રહેલા છે. એક સિદ્ધ બીજા સિદ્ધનાં ચતુષ્ટયરૂપે નથી. અજ્ઞાની જીવ માને છે કે શરીર, કર્મ વગેરે મને લાભ-નુકશાનકર્તા છે પણ તે માન્યતા મૂઢની છે. કોઈ કહે કે સસલાનાં શીંગડા મને લાગ્યાં ને તેથી મને ગૂમડું થયું, તે વાત ખોટી છે કારણ કે સસલાંને શીંગડાં નથી પછી તેથી ગૂમડાં થવાનો પ્રસંગ નથી. તેમ પરદ્રવ્યથી પોતાને લાભ-નુકશાન થાય તે માન્યતા સસલાંનાં શીંગડાં વાગવાથી ગૂમડાં થાય, તેના જેવી વાત છે. આ આત્મામાં પરદ્રવ્યની નાસ્તિ છે તો તે શું લાભ-નુકશાન કરે ?

## જીવ પોતાની યોગ્યતાથી જ્ઞાન-દર્શનની હીનતા કરે છે તો કર્મને નિમિત્તનો આરોપ આવે છે.

વળી કોઈ કહે કે આત્મા પર્યાયમાં પણ સિદ્ધ સમાન શુદ્ધ છે તો તે પણ ભ્રાંતિ છે. પર્યાયમાં શુદ્ધ હોય તો સુખી થવું છે, મોક્ષમાર્ગે જવું છે ને મોક્ષ પ્રગટ કરવો છે, તે વાત રહેતી નથી. પર્યાયમાં વિકાર છે ને સ્વભાવમાં વિકાર નથી. વિકાર વખતે વિકાર છે ને નિર્વિકારદશા નથી. તેમ જ વિકાર પરને લીધે નથી. જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાયું તે ઉપચારકથન છે. ઉપચાર ક્યારે લાગુ પડે ? અનુપચાર નક્કી કરે તો. પોતાનામાં જ્ઞાનની હીનતાની યોગ્યતા છે તો જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવાય છે, દર્શનની હીનતા છે તો દર્શનાવરણીય નિમિત્ત કહેવાય છે. પોતાનામાં રાગ-દ્વેષ આદિ વર્તે છે તો મોહનીય નિમિત્ત કહેવાય છે. પોતાનામાં પુરુષાર્થ ઓછો છે તો અંતરાય નિમિત્ત કહેવાય છે. પોતે પોતાનો સ્વભાવ ચૂકે છે ત્યારે ક્યા કર્મો અથવા પદાર્થો સંયોગરૂપે નિમિત્ત હતા તેનું જ્ઞાન કરાવે છે. પણ તેથી કર્મોએ આત્માને હીણો કર્યો એમ નથી. દ્રવ્યાનુયોગનો આત્મા ને ચરણાનુયોગનો આત્મા—એમ બે પ્રકારના આત્મા નથી. દ્રવ્યાનુયોગ શુદ્ધ ઉપાદાનની મુખ્યતાથી કથન કરે છે ને ચરણાનુયોગ શુભભાવ ને નિમિત્તની પ્રધાનતાથી કથન કરે છે. જડ કર્મ આત્માને રોકે ને સંસારમાં રખડાવે તે વાત જ ખોટી છે. વર્તમાન અવસ્થામાં વિકાર ન હોય તો આનંદ પ્રગટ હોવો જોઈએ ને વિકાર પરને લીધે હોય તો કદી ટળે નહિ માટે વિકાર પોતે એક સમય પૂરતો કરે છે ત્યારે બીજી ચીજ નિમિત્ત કહેવાય છે. વિકાર વખતે પર ઉપર લક્ષ ગયું હોય છે. એમ બતાવે છે. શુભરાગ થાય તો દેવગુરુ ઉપર પ્રીતિ વર્તે છે ને અશુભરાગ હોય છે તો બૈરાં છોકરાં ઉપર પ્રીતિ વર્તે છે. રાગને નિમિત્ત બનાવી પરની પ્રીતિમાં જીવ રોકાયો છે. તે પોતાના કારણે છે. પરને લીધે નથી કારણ આત્મા અનંત ગુણોનો પિંડ દ્રવ્ય છે તે પરથી નથી. અસંખ્ય પ્રદેશાત્મક પરના ક્ષેત્રથી નથી. પોતાની વર્તમાન પર્યાય પરથી નથી. પોતાનો વર્તમાન ભાવ પરથી નથી. આ તો હજી વ્યવહાર જ્ઞાન કરાવેલ છે.

## ઉદયભાવ જીવનું સ્વતત્ત્વ છે એમ સ્વીકાર કર્યા પછી દ્રવ્યદ્રષ્ટિ થાય છે

વળી વાણી છે માટે જ્ઞાન થાય છે એમ નથી. જ્ઞાનના સ્વકાળે જ્ઞાન થાય છે પુસ્તક પણ જડ છે. પુસ્તકનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જ્ઞાન નાસ્તિરૂપે છે. માટે જ્ઞાન સ્વતંત્ર છે.

વળી કોઈ માને કે વિકાર પર્યાયમાં નથી. જો પર્યાયમાં વિકાર ન હોય તો વિકારનો અભાવ કરવાનું રહેતું નથી ને સ્વભાવ વિકારરહિત શાંત ન હોય તો શાંતદશા વ્યક્ત કરવાનું બની શકે નહિ, ને દુઃખનો આત્યંતિક નાશ કરવાનું રહેતું નથી માટે સ્વભાવે અવિકાર છે ને પર્યાયમાં વિકાર છે. સંસાર ઉદયભાવ છે. ઉદયભાવ તે સ્વતત્ત્વ છે. એટલે કે પોતે અશુદ્ધદશા કરે છે તો થાય છે માટે તેને સ્વતત્ત્વ કહ્યું છે. તે પર્યાયનું સ્વતત્ત્વ છે એમ કબૂલ કરીને પુણ્ય નહિ, અંશ જેટલો નહિ, હું તો જ્ઞાન સ્વભાવી ત્રિકાળ છું એમ નિર્ણય કરી સ્વ તરફ વળે તો ધર્મ થાય. તે વિના ઓમના જાપ જપે તો કાંઈ પણ કાર્યકારી નથી. રાગ કરવાથી વિકલ્પ છૂટતો નથી. પરની તેમ જ વિકલ્પની મૈત્રી છોડી, સ્વની મૈત્રી કરે તો વિકલ્પ છૂટે છે. પણ અજ્ઞાની જીવ આ હોય તો ઠીક ને આ ન હો તો ઠીક નહિ એવી ભ્રાંતિ કરે છે. જ્ઞાનીને વિકલ્પ આવે છે પણ નબળાઈ છે માટે આવે છે એમ તે માને છે. પરને લીધે માનતો નથી. પોતે વિકાર કરે છે ત્યારે કર્મ બીજી ચીજ છે એમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

## આત્મા પરથી નાસ્તિરૂપે છે એવું ભેદજ્ઞાન કરતાં આવડતું નથી તે જીવ વિકારથી પણ રહિત છું એવું ભેદજ્ઞાન કરી શકશે નહિ

(૧) આત્મા પોતાના કારણે વિકાર કરે છે પણ પરપદાર્થ અથવા કર્મ વિકાર કરાવતા નથી એમ અશુદ્ધતાને યથાર્થ જાણે તે પર્યાયનો નિશ્ચય છે. તે વખતે કર્મનો ઉદય નિમિત્ત છે એમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે પણ કર્મથી અથવા પરથી લાભ નુકશાન થાય તે વ્યવહાર નથી પણ મિથ્યાજ્ઞાન છે.

(૨) હવે દ્રવ્યદ્રષ્ટિના વિષય વખતે પર્યાયમાં થતો વિકાર તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેનો આશ્રય કરી શુદ્ધતા પ્રગટ થાય તે નિશ્ચય છે ને પૂર્વની અશુદ્ધ પર્યાયના વ્યયનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે પણ વ્યવહાર (રાગ)થી નિશ્ચય થાય એમ માનવું તે મિથ્યાજ્ઞાન છે.

એટલે અહીં તો હજી પરચતુષ્ટયથી ભેદજ્ઞાન કરાવે છે કે તારો આત્મા અનંત દ્રવ્યના ચતુષ્ટયથી નાસ્તિરૂપે છે. **જે જીવને હજી પરપદાર્થથી ભેદ જ્ઞાન કરતાં આવડતું નથી ને પરપદાર્થથી લાભ માની એકત્વબુદ્ધિ કરે છે તે જીવને વિકારથી હું જુદો ત્રિકાળ શુદ્ધ છું એવું ભેદજ્ઞાન કરતાં આવડશે નહિ. અહીં તો પરથી ભેદજ્ઞાન કરાવવાની વાત છે.**

## <u>ધર્મની પર્યાયમાંથી ધર્મ પ્રગટતો નથી તો પછી પરચતુષ્ટયથી ધર્મ ક્યાંથી થાય ?</u>

પ્રથમ આત્માને પરચતુષ્ટયથી જુદો પાડ્યા પછી વિકાર મારી પર્યાયમાં મારાથી થાય છે, એવા વિકલ્પને આશ્રયે પણ વિકાર ટળતો નથી. ક્યા વિકારને ટાળવો છે ? વર્ત**<u>માન વિકાર હોવા છતાં તે વિકારને હું તે જ સમયે ટાળું છું, એવી માન્યતા તો ભ્રાંતિ છે. કારણ કે એક જ સમયમાં એક જ પર્યાયનો ઉત્પાદ-વ્યય ન હોઈ શકે પણ પોતાના શુદ્ધ સ્વભાવનું લક્ષ કરે તો વિકારની ઉત્પત્તિ થતી નથી.</u>** તેથી નક્કી થાય છે કે નિમિત્તથી, રાગથી, જ્ઞાનના ઉઘાડથી કે ઊઘડેલા ધર્મ પર્યાયમાંથી ધર્મ આવતો નથી. ધર્મ તો ધર્મી એવા આત્માના આધારે થાય છે. આમ વસ્તુસ્થિતિ છે. **<u>નિર્મળપર્યાયમાંથી પણ ધર્મપર્યાય આવતી નથી તો પછી પરપદાર્થથી ધર્મ થાય એ માન્યતા તો સ્થૂળ અજ્ઞાન છે.</u>**

## <u>સર્પ કરડેલ જીવને લીંબડો મીઠો લાગે છે તેમ મિથ્યાત્વરૂપી ઝેર જેને ચડ્યું છે તે જીવ આકુળતાને અનાકુળ શાંત રસ માને છે.</u>

આત્મા સ્વચતુષ્ટયથી છે ને પરચતુષ્ટયથી નથી, તે જ્ઞાન તો હજી શાસ્ત્રજ્ઞાન છે, તે શાસ્ત્રજ્ઞાનમાં જે ભૂલ કરે છે તે જીવને આત્મજ્ઞાન થઈ શકે નહિ. વસ્તુસ્વરૂપ જાણ્યા વિના ઓમના જાપ જપે કે સુધારસના પ્રયોગ કરે ને માને કે અમોને અપૂર્વ રસ આવે છે. પણ ભાઈ, તે અનાકુળ રસ નથી. તે તો શાતાવેદનીય પ્રકૃતિના ઉદયે આવતો હરખનો રસ છે—તે આકુળતામય રસ છે. જેમ સર્પ કરડેલ જીવને લીંબડો કડવો હોવા છતાં મીઠો લાગે છે તેમ મિથ્યાત્વરૂપી ઝેર જેનામાં વ્યાપેલું છે, તે જીવને આકુળતાનો રસ અનાકુળ—મીઠો લાગે છે. તે જીવ યોગ વગેરેની ક્રિયા કરી બફમમાં રહે છે ને સંસારમાં રખડે છે. કેટલાક જીવ ક્રિયાકાંડમાં ધર્મ માને છે, સમેતશિખર કે શેત્રુંજય જવાથી ધર્મ માને છે. તે તો પર્વત છે. તેનાથી ધર્મ તો નથી પરંતુ પુણ્ય પણ નથી. કષાયની મંદતા પોતે કરે તો પુણ્ય છે ને સાચું ભાન કરે તો ધર્મ છે. પરથી પુણ્ય, પાપ કે ધર્મ નથી. વળી કેટલાક જીવો યોગની ક્રિયામાં ધર્મ માની બેઠા છે. બન્ને ભ્રાંતિમાં છે. જાત્રાનો ભાવ કે ઓમના જાપનો ભાવ શુભ છે—વિકાર છે. તે આકુળતાવાળો છે. જે જીવો ભ્રમમાં રહે છે, તે સંસારમાં રખડે છે.

## <u>પરથી જુદો પડી વિકાર રહિત શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં, એ એક જ પરમાર્થનો પંથ છે.</u>

વળી કેટલાક જીવો માને છે કે આ પણ સાચું ને બીજું પણ સાચું છે, એમ માનનાર જીવ કશો નિર્ણય જ કરતો નથી. ચોખા મગનો ખીચડો ખાવામાં કામ

આવે પણ કાંકરા પડેલો ખીચડો ખાવામાં કામ આવતો નથી, એમ જૈનના નામે નિશ્ચયથી પણ ધર્મ થાય ને કોઈવાર પરથી ને વ્યવહારથી પણ ધર્મ થાય, એમ માની મિથ્યાત્વરૂપી કાંકરા ભરે તો અનાકુળ શાંતરસનો અનુભવ લેવામાં તે કામ આવે નહિ. **પર્યાય સ્વતંત્ર થાય છે, એવી કબૂલાત વિના દ્રવ્યદ્રષ્ટિ કદી પણ થાય નહિ.** તીર્થંકરના આત્માથી બીજો જીવ તરી જતો હોય તો અનંતકાળમાં અનંત તીર્થંકરો થઈ ગયા તો બધાય જીવો તરી ગયા હોત પણ એમ નથી. પોતે તરે છે તો તીર્થંકરને નિમિત્ત કહેવાય છે. વિકાર પરથી નથી પણ મારાથી છે, એમ કબૂલાત કરી તેનાથી રહિત પોતાના શુદ્ધ સ્વભાવ તરફ વળવું, તે ધર્મ છે. આ એક જ ધર્મ છે.

## જે રાગનો વ્યય થઈ શુદ્ધતા પ્રગટે, તે પૂર્વના રાગને વ્યવહાર કહે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે :–

**"એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ;**
**પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત."**

જે શુદ્ધ સ્વરૂપને પમાડે છે, તે પરમાર્થ છે ને જે શુભ વિકલ્પનો અભાવ થઈ શુદ્ધતા પ્રગટે છે, તે પૂર્વના શુભ રાગને વ્યવહાર કહ્યો છે. વળી કહ્યું છે કે :–

**"સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,**
**તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં."**

નિશ્ચયથી પોતાના જ્ઞાનસ્વભાવનું લક્ષ છે ને વ્યહારે સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાને આધીન છે. સર્વજ્ઞદેવ વસ્તુસ્વરૂપ આમ કહે છે. શાસ્ત્રમાં જિન ભગવાન આ પ્રમાણે કહે છે એવો વિકલ્પ ઊઠે છે પણ તે વિકલ્પ ઘટતો જાય છે. એટલે જેટલી શુદ્ધતા પ્રગટે છે તે નિશ્ચય છે ને રાગનો અમુક અભાવ થયો ને અમુક રહ્યો, એવું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. જ્ઞાનીને સાધકદશામાં ભ્રાંતિ નથી પણ ચારિત્રદોષના કારણે અલ્પ રાગ છે તે પોતાના કારણે છે પણ મોહનીય કર્મને લીધે નથી. આમ જ્ઞાની પુરુષો વસ્તુસ્વરૂપ યથાર્થ જાણે છે.

## જીવ વિકાર કરે તો કર્મ નિમિત્ત કહેવાય પણ કર્મ જીવને વિકાર કરાવતું નથી.

અજ્ઞાની જીવ ભૂંડા આચરણ કરે ને કહે કે કર્મનો તીવ્ર ઉદય આવ્યો એટલે અમોને અશુભભાવ થયો. એ અજ્ઞાન છે. એક વ્યક્તિએ બીજાને થપાટ મારી ત્યારે તેને કોઈએ પૂછ્યું કે થપાટ કેમ મારી ? તેણે જવાબ આપ્યો કે "ગોમ્મટસારમાં તમોએ વાંચ્યું નથી?" ચારિત્ર મોહનીય કર્મના ઉદયને લીધે ક્રોધ થાય છે, એમ ગોમ્મટસારમાં લખ્યું છે. જુઓ શાસ્ત્ર વાંચીને ઊંધા અર્થ કાઢી પોતાના અશુભ

પરિણામને સેવે છે. જીવ પોતાના કારણે વિકાર કરે છે તો કર્મને નિમિત્ત કહેવાય છે. કર્મ વિકાર કરાવે છે એમ ગોમ્મટસારમાં કહ્યું નથી.

**જે જીવ પરથી કાર્ય થાય છે એમ માને છે તેને વ્યવહારે પણ સર્વજ્ઞની શ્રદ્ધા નથી, તે નાસ્તિક છે.**

અજ્ઞાની કહે છે કે ભાઈ, શું કરીએ ? મોહનીય કર્મના ઉદયને લીધે અમારે મોહ કરવો પડે છે ને કર્મનો મંદ ઉદય હોય તો કષાય મંદ થાય, એમ માનનાર જીવ પોતાના અજ્ઞાનને દ્રઢ કરે છે. દરેક વસ્તુ પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે છે ને પરપણે નથી. દરેક વસ્તુમાં પોતાના કારણે કાર્ય થાય તે નિશ્ચય છે ને નજીક બીજી ચીજ હોય છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. જે જીવ પરથી પોતામાં કાર્ય થાય એમ માને તેના નિશ્ચય ને વ્યવહાર બન્ને ખોટા છે. **સર્વજ્ઞ, નિર્ગ્રંથગુરુ તથા શાસ્ત્ર એમ કહે છે કે દરેક વસ્તુમાં કાર્ય પોતાથી થાય છે છતાં અજ્ઞાની જીવ પરથી થાય, એમ માને છે તેથી તે જીવ વસ્તુસ્વરૂપ જેમ છે તેમ માનતો નથી, પોતાના આત્માને માનતો નથી, સર્વજ્ઞદેવને તથા ગુરુને માનતો નથી તેથી તે મોટો નાસ્તિક છે.**

આ પ્રમાણે આત્મા પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નથી એવો નાસ્તિત્વ ધર્મ આત્મામાં છે. નાસ્તિત્વ ધર્મને બતાવનાર જ્ઞાનના અંશને નાસ્તિત્વ- નય કહે છે.

## (5) અસ્તિત્વ-નાસ્તિત્વ નયનું સ્વરૂપ.

આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપર–દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ–નાસ્તિત્વવાળું છે;–લોહમય તેમ જ અલોહમય દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.) (૫)

આત્માની અંદર અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને ધર્મો એકી સાથે છે પણ તે વાણી દ્વારા ક્રમશઃ કહી શકાય છે માટે આત્મદ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે. જેમ ગોળ શબ્દ છે તે વાચક છે ને ગોળ પદાર્થ વાચ્ય છે ને ગોળનું જાણપણું તે જ્ઞાન છે. એટલે પદાર્થ, જ્ઞાન, વાણી—ત્રણે છે પણ ત્રણે ભિન્ન ભિન્ન છે. પદાર્થને લીધે જ્ઞાન કે વાણી નથી, જ્ઞાનને લીધે વાણી કે પદાર્થ નથી ને વાણીને લીધે પદાર્થ કે જ્ઞાન નથી.

આત્મામાં અસ્તિત્વ–નાસ્તિત્વ ક્રમશઃ કહેવાયોગ્ય ધર્મ છે. તે ધર્મને જ્ઞાન જાણે છે ને વાણી કહે છે.

(૧) અસ્તિ નાસ્તિ ક્રમશઃ વાણીમાં કહેવાય છે, એવો આત્મામાં ધર્મ છે. એનો અર્થ એમ નથી કે આત્મા પોતે બોલી શકે છે. પણ તે ધર્મ વાણી દ્વારા કહી શકાય છે, એવો એનો અર્થ છે.

(૨) વળી સર્વથા અવક્તવ્ય છે એમ કોઈ કહે તો તે પણ જૂઠો છે. જો સર્વથા અવક્તવ્ય હોય તો આત્માનું સ્વરૂપ જાણ્યું તે વાણી દ્વારા કદી કહી શકાત નહિ, પણ એમ નથી.

પરના અભાવસ્વરૂપ પોતાના ભાવને નહિ માનતાં સ્વજ્ઞેયના અભાવનો પણ પ્રસંગ આવે છે માટે સ્વજ્ઞેય તથા પરજ્ઞેય બન્ને છે. પરના અભાવસ્વરૂપ આત્મા ન હોય તો આત્મા જડરૂપ થઈ જાય, પણ એમ બનતું નથી.

**"જડ તે જડ ત્રણ કાળમાં ચેતન ચેતનરૂપ."**

ત્રણે કાળ જડ તે જડ છે ને ચેતન તે ચેતનરૂપ છે. આમ પદાર્થો સ્વતંત્ર છે. પદાર્થોને જાણનારું જ્ઞાન પણ સ્વતંત્ર છે ને વાણી પણ સ્વતંત્ર છે. આત્મા સ્વચતુષ્ટયથી અસ્તિરૂપે છે ને પરચતુષ્ટયથી નાસ્તિરૂપે છે. એવા અસ્તિ-નાસ્તિ ધર્મો તેમાં એકી સાથે છે પણ વાણીમાં તે ધર્મો ક્રમથી કહેવાય છે.

(1) છદ્મસ્થની વાણીમાં ક્રમ પડે છે માટે આત્મપદાર્થમાં અસ્તિત્વ–નાસ્તિત્વ ધર્મો આગળપાછળ છે, એટલે ક્રમે છે એમ ન સમજવું. ત્યાં તો બંને ધર્મો એકી સાથે છે—એક જ સમયે છે.

(2) છદ્મસ્થની વાણીમાં ક્રમ પડે છે માટે તે ધર્મોને જાણનારા જ્ઞાનમાં ક્રમ પડે છે, એમ સમજવું નહિ. બન્ને ધર્મોને જ્ઞાન એકીસાથે જાણે છે.

(3) વળી અસ્તિત્વ–નાસ્તિત્વ બે જ ધર્મો છે, એમ ન સમજવું પણ અસ્તિનાસ્તિ સંબંધીના સાત ધર્મો છે. તેમાંથી અસ્તિત્વ–નાસ્તિત્વ ધર્મો ક્રમથી કહી શકાય એવો પણ આ ત્રીજો ધર્મ છે. જો એવો ધર્મ ન હોય તો તેનો વાચક હોઈ શકે નહિ. ક્રમશઃ કહી શકાય છે એવા શબ્દો તે વાચક છે, ને અસ્તિત્વનાસ્તિત્વ ધર્મ તે તેનું વાચ્ય છે.

આ પ્રમાણે આત્મા ક્રમશઃ સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળો છે ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસ્તિત્વનાસ્તિત્વનય કહે છે.

*

# પ્રસાદ નં. ૨૩૭

## પ્રવચનસાર પરિશિષ્ટ (પૃષ્ઠ ૪૩૮)

(જેઠ વદ ૮, મંગળવાર)

આત્મા કેવો છે, તે જાણ્યા વિના ધર્મ થતો નથી. પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં એકાગ્ર થાય તો ધર્મ થાય છે. ધર્મ આત્માની નિર્વિકારી દશા છે. અનાદિથી રાગ-દ્વેષમાં એકાગ્રતા કરે છે, તે અધર્મ છે. કેવડો આત્મા જાણવાથી ધર્મ થાય, તે જાણવું પડશે. આત્મામાં અનંત ધર્મો—સ્વભાવો છે. તેની પ્રતીતિ જ્ઞાન ન કરે ત્યાં સુધી જીવનું કલ્યાણ થતું નથી. આત્મા કેવો છે, તે ખ્યાલમાં આવ્યા વિના ગમે તેટલા ક્રિયાકાંડ કરે તો તે એકડા વિનાનાં મીંડા છે. અનંતા ધર્મોને જાણનાર અનંત નયો છે. તેમાં ચાર નયની વાત આવી ગઈ છે. પાંચમા નયની વાત ચાલે છે.

## (૫) અસ્તિત્વ-નાસ્તિત્વ ધર્મ બતાવનાર જ્ઞાનના અંશને અસ્તિત્વ-નાસ્તિત્વનય કહે છે.

આત્મા પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિરૂપે છે ને પરદ્રવ્ય- ક્ષેત્ર-કાળ-ભાવથી નથી એવા અસ્તિત્વ-નાસ્તિત્વ ધર્મો આત્મામાં એકી સાથે છે. તેને જાણનાર નયને અસ્તિત્વ–નાસ્તિત્વનય કહે છે. આત્મામાં તે ધર્મો એકી સાથે છે ને તેનું જ્ઞાન પણ એકી સાથે છે પણ તે ધર્મોને કહેનારી વાણીમાં ક્રમ પડે છે. અસ્તિ-નાસ્તિ બે જ ધર્મો છે, એમ નથી. અસ્તિ-નાસ્તિના ભંગવાળા સાત ધર્મો છે ને સાત ધર્મો એક સાથે છે. તેમાં અસ્તિ-નાસ્તિ ધર્મો ક્રમથી કહી શકાય છે, એવો પણ એક ધર્મ છે. આત્મા બોલી શકે છે, એમ એનો અર્થ નથી પણ તે ધર્મો ક્રમશઃ વાણીમાં આવે એવો ધર્મ આત્મામાં છે. એ ધર્મને જાણનાર જ્ઞાનને અસ્તિત્વનાસ્તિત્વનય કહે છે. આમ અનંત ધર્માત્મક વસ્તુ જાણ્યા વિના યોગ કરે કે ધ્યાન કરે તે બધું વ્યર્થ છે. રાગની એકાગ્રતામાં તે આનંદ વેદે છે તે તો શાતાવેદનીયના ઉદયને લીધે છે, એ કૃત્રિમ છે, તે આત્માનો અનુભવ નથી ને જ્ઞાન વિના ક્રિયા કરે તે પણ નકામી છે. અનંત ધર્માત્મક વસ્તુ જાણ્યા વિના આત્માની અંદર રમણતારૂપ ચારિત્ર થતું નથી. આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી.

## નિગોદથી માંડીને સિદ્ધ સુધીની બધી પર્યાયો સ્વથી છે, પરથી નથી.

સમયસમયની પર્યાય તે સ્વકાળ છે. નિગોદના જીવની હીણી પર્યાય પોતાના કારણે છે. લીંબડામાં કોર થાય છે તેમાં અથવા બટાટાની રાઈ જેટલી કટકીમાં અસંખ્યાતા ઔદારિક શરીર છે ને એક શરીરમાં અનંતા આત્મા છે. તે નિગોદની પર્યાય પણ તેનો સ્વકાળ છે, એટલે કે ત્યાં પણ જ્ઞાનદર્શનાદિની હીણી અવસ્થા પોતાથી છે ને મનુષ્ય થઈ સંપૂર્ણ વ્યક્તદશા કેવળજ્ઞાન ને કેવળદર્શનની થાય તો પણ તે તેનો સ્વકાળ છે. તે પોતાથી છે. પરથી નથી. આમ નિગોદથી માંડીને સિદ્ધ સુધીની બધી પર્યાયો સ્વથી છે ને પરથી નથી.

## નિગોદની હીણી પર્યાય પણ એક સમયમાં આખા દ્રવ્યને સાબિત કરે છે.

તે નિગોદના જીવની પર્યાય ઘણી હીણી છે. દર્શન, જ્ઞાન, વીર્ય બધાં અનંતમા ભાગે વ્યક્તદશામાં છે ને ક્ષયોપશમભાવે છે. છતાં તે અંશ આખા દ્રવ્યને સિદ્ધ કરે છે. એક પર્યાયને કાઢી નાખવામાં આવે તો દ્રવ્ય પૂરું સાબિત થતું નથી. નિગોદના જીવને ગુણપર્યાયનો પિંડ તે તેનું દ્રવ્ય, અસંખ્યપ્રદેશી તે તેનું ક્ષેત્ર, અનંતાગુણો તે તેનો ભાવ ને સમયસમયની પર્યાય તે સ્વકાળ–આવી રીતે સ્વચતુષ્ટયથી નિગોદનો જીવ સમયે સમયે પરિપૂર્ણ છે. એટલે કે આખું દ્રવ્ય એક સમયમાં પરિપૂર્ણ સાબિત થાય છે. પર્યાય હીણી છે ને ક્ષયોપશમભાવે છે, તે બરાબર છે પણ દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ પૂરા ને વર્તમાન કાળ થઈને આખું દ્રવ્ય એક સમયમાં સાબિત થાય છે. વર્તમાન કાઢી લ્યો તો દ્રવ્ય સિદ્ધ થતું નથી. એ અપેક્ષાએ તે નિગોદનો અંશ પણ આખા દ્રવ્યને સાબિત કરે છે.

(અ) આવી નિગોદની પર્યાય સ્વથી છે ને પરથી નથી. કેવળજ્ઞાની ભગવાને પોતાના જ્ઞાન વડે જાણ્યું કે આટલા અનંતા નિગોદના આત્માઓ છે ને તેની પર્યાય પણ કેવળજ્ઞાનમાં જણાણી છે. કેવળજ્ઞાનીએ જોયું માટે નિગોદની પર્યાય છે, એમ નથી. નિગોદની પર્યાય પણ સ્વથી છે પરથી નથી. કેવળજ્ઞાન છે માટે નિગોદની પર્યાય છે, એમ નથી. નિગોદની પર્યાય જ્ઞેય છે. તે જ્ઞેય જ્ઞાનને પરાધીન નથી.

(બ) કેવળી ભગવાને એમ જોયું કે આ નિગોદનો જીવ મનુષ્યભવ પામી કેવળજ્ઞાન પામશે તો કેવળજ્ઞાનની પર્યાયની અસ્તિ નિગોદની પર્યાયની અસ્તિને લીધે નથી. કેવળજ્ઞાન સ્વકાળથી છે ને જ્ઞેયના કાળથી એટલે કે નિગોદની પર્યાયથી નથી. નિગોદની પર્યાયને કેવળજ્ઞાન જાણે છે માટે કેવળજ્ઞાન અસ્તિરૂપે

છે, એમ નથી. કેવળજ્ઞાનની અસ્તિ સ્વકાળથી છે. કેવળજ્ઞાન જ્ઞેયને પરાધીન નથી. જ્ઞાન જ્ઞેયથી સ્વતંત્ર છે. આમ અસ્તિ-નાસ્તિ ધર્મો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી દરેક વસ્તુમાં સમજવા જોઈએ.

આમ વસ્તુ અનંત ધર્માત્મક છે. બધા થઈને એક વસ્તુ નથી ને વસ્તુમાં એક જ ધર્મ નથી. આમ એક એક વસ્તુમાં અનંત ધર્મો છે. અહીં આત્માની વાત છે. તેમાં અસ્તિત્વ–નાસ્તિત્વ ધર્મો એકી સાથે છે. જ્ઞાન એકી સાથે તેને જાણે છે પણ વાણીમાં કહેવામાં ક્રમ પડે છે. આવા અસ્તિત્વ–નાસ્તિત્વ ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસ્તિત્વ–નાસ્તિત્વનય કહે છે.

## અસ્તિત્વ–નાસ્તિત્વ ધર્મો એકી સાથે કહી શકાતા નથી એવા અવક્તવ્ય ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અવક્તવ્ય નય કહે છે.

આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે; –લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાના તીરની માફક (જેમ પહેલાંનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવક્તવ્ય છે. તેમ આત્મા અવક્તવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અપેક્ષાથી અવક્તવ્ય છે.

આત્મા પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી એવા અસ્તિત્વ–નાસ્તિત્વ ધર્મો આત્મામાં એકી સાથે છે પણ વચન વડે બન્ને ધર્મો એકી સાથે કહી શકાતા નથી, એવો અવક્તવ્ય નામનો ધર્મ આત્મામાં છે. અસ્તિનાસ્તિના સાત ભંગોમાં આ ચોથો ભંગ છે. અસ્તિ-નાસ્તિ એકી સાથે વાણીમાં આવતા નથી એટલે કે તે અવક્તવ્ય છે. અવક્તવ્ય તે વાચક છે ને વાચકનું વાચ્ય પણ હોવું જોઈએ. આત્માનું અસ્તિનાસ્તિ સ્વરૂપ એકી સાથે કહી ન શકાય એવો ધર્મ આત્મામાં છે તે વાચ્ય છે ને અવક્તવ્ય શબ્દ તે વાચક છે. આત્મા સ્વચતુષ્ટયથી છે ને પરચતુષ્ટયપણે નથી એમ એકી સાથે કહી શકાતું નથી તેવો અવક્તવ્ય નામનો તેમાં ધર્મ છે ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અવક્તવ્ય નય કહે છે.

આત્મા આવડો મોટો છે, તેમાં અનંતા ધર્મો છે, તે ખ્યાલમાં ન લ્યે ત્યાંસુધી સમ્યક્ મોટપ આવે નહિ ને સમ્યક્ શ્રદ્ધા થાય નહિ, પણ મિથ્યાશ્રદ્ધા રહે. માત્ર આત્મા શબ્દ બોલે પણ તેની મોટપ ખ્યાલમાં ન લ્યે તો તેની શ્રદ્ધા પાતળી ને

માલ વગરની રહે. અર્થાત્ આખા આત્માને કબૂલે તેવી નથી. અજ્ઞાની જીવો માને છે કે ભગવાનને લીધે શુભ રાગ થાય, શાસ્ત્રને લીધે જ્ઞાન થાય ને કર્મના ઉદયને લીધે વિકાર થાય; એ બધી વાત જૂઠી છે. આ ધર્મો ખ્યાલમાં લ્યે તો ખોટી સમજણ ટળે. સ્વપણે છું ને પરપણે નથી એવી કબૂલાતમાં અખંડ સ્વભાવની પ્રતીતિ ને કેવળજ્ઞાનની પ્રતીતિ આવે છે. આ બધા ધર્મોને કબૂલે ને બધા ધર્મોને ધરનાર એવા ધર્મી (દ્રવ્ય)ને કબૂલે તો સમ્યક્શ્રદ્ધા થાય છે.

અહીં તીરના દ્રષ્ટાંતથી સમજાવે છે કે તીર સ્વચતુષ્ટયથી છે ને બીજા તીરના ચતુષ્ટયથી નથી એવા બે ધર્મો એકી સાથે કહી શકાતા નથી તેમ આત્મા પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી એમ યુગપદ્ કહી શકાતું નથી એવો અવક્તવ્ય નામનો ધર્મ આત્મામાં છે, તેને જાણનાર અવક્તવ્યનય છે.

## (7) અસ્તિત્વ-અવક્તવ્યનયનું સ્વરૂપ.

આત્મદ્રવ્ય અસ્તિત્વઅવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું અવક્તવ્ય છે; (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થખામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકી સાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ—અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.) ૭.

અસ્તિનાસ્તિના સાત ભંગમાંથી આ પાંચમો ભંગ છે. આત્મા સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ ને સ્વભાવરૂપે અસ્તિ છે. તેમ અસ્તિત્વપણે વસ્તુસ્વરૂપ કહી શકાય છે પણ અસ્તિ-નાસ્તિ બન્ને ધર્મો વસ્તુમાં એક સાથે રહેલા છે તેથી વસ્તુ કહી શકાતી નથી. આ રીતે આત્મામાં અસ્તિત્વઅવક્તવ્ય નામનો એક ધર્મ છે. અસ્તિત્વ એક ધર્મ ને અવક્તવ્ય બીજો ધર્મ એમ અહીં કહેવું નથી પણ અહીં તો અસ્તિત્વ—અવક્તવ્ય નામનો એક ધર્મ આત્મામાં છે. તેને જાણનાર જ્ઞાનના અંશને અસ્તિત્વઅવક્તવ્યનય કહે છે.

જે જીવ ધર્મને પણ સમજે નહિ, તે ધર્મી જે દ્રવ્ય છે તેના ઉપર મીટ માંડી શકે નહિ. જ્ઞાન વગરના ક્રિયાકાંડ નકામા છે. દેવગુરુથી મને લાભ નથી. કર્મથી મને નુકશાન નથી એમ નક્કી કર્યા વિના સ્વતંત્રપણું સૂઝે નહિ. સાચું ભાન થયા પછી જુદા જુદા જીવની ચારિત્રની પર્યાયમાં વિવિધતા હોય ખરી પણ વિરોધતા ન હોય. જેને આત્માનું ભાન નથી તેને તો દર્શન, જ્ઞાન, ચારિત્ર બધામાં વિરોધતા છે. અજ્ઞાની જીવ વિવિધતા ને વિરોધતાને મેળવવા જાય તો મેળ ખાય તેમ નથી.

પ્રશ્ન :–શું કાળ પદાર્થ છે ?

ઉત્તર :–હા, આ જગતમાં અસંખ્ય કાળાણુ છે, તે ઉપચાર નથી. તે દ્રવ્ય છે. તે સ્વથી છે ને પરથી નથી. તેની અવસ્થા તે વ્યવહારકાળ છે. તે વ્યવહાર કાળના નાનામાં નાના ભાગને સમય કહે છે. તે સમયના બે ભાગ પડતા નથી. એવા સૂક્ષ્મ સમયને છદ્મસ્થ જીવ પકડી શકતો નથી પણ તેની પ્રતીતિ કરી શકે છે. તે એક સમયમાં દરેક દ્રવ્યના પરિણામ થાય છે, તે સ્વથી છે ને પરથી નથી. અજ્ઞાની જીવોને આ વસ્તુ ઉપરટપકે એક સરખી લાગે પણ અંતરમાં ઘણો આંતરો છે. દરેક દ્રવ્ય પોતાને લીધે છે ને પરને લીધે નથી. કોઈને લીધે કોઈમાં ફેરફાર થતો નથી. છ દ્રવ્યો માને, દરેક દ્રવ્યમાં અનંતા ધર્મો—ગુણો માને, એક એક ધર્મ સ્વતંત્ર છે એમ માને ને જ્ઞાન કરે તો કામ આવે એવું છે.

અહીં પણ અસ્તિત્વ–અવક્તવ્ય ધર્મ કહ્યો કે જેમ તીર પોતાથી છે એમ અસ્તિત્વ કહેવાયું પણ પોતાથી છે ને પરથી નથી એમ યુગપદ્ ન કહી શકાય. તેમ આત્મા પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ ધરાવે છે એમ કહેવાયું માટે અસ્તિત્વ પણ તે વખતે સ્વચતુષ્ટયથી છે ને પર ચતુષ્ટયથી નથી એમ યુગપદ્ કહી શકાતું નથી માટે અવક્તવ્ય. એમ અસ્તિત્વ–અવક્તવ્ય નામનો એક ધર્મ સિદ્ધ થયો. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસ્તિત્વ–અવક્તવ્યનય કહે છે.

## (8) નાસ્તિત્વ અવક્તવ્યનયનું સ્વરૂપ.

‘‘આત્મદ્રવ્ય નાસ્તિત્વ–અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપર-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું અવક્તવ્ય છે:– (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકી સાથે

સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અલોહમયાદિ તથા (૨) અવક્તવ્ય છે, તેમ આત્મા નાસ્તિત્વ–અવક્તવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.

૮.અસ્તિ-નાસ્તિના સાત ભંગમાથી આ છઠ્ઠો ભંગ છે. નાસ્તિત્વપણે વસ્તુસ્વરૂપ કહી શકાય છે પણ અસ્તિનાસ્તિ બન્ને ધર્મો વસ્તુમાં એક સાથે રહેલા છે તેથી વસ્તુ કહી શકાતી નથી. આ રીતે આત્મામાં નાસ્તિત્વ–અવક્તવ્ય નામનો ધર્મ છે. વસ્તુમાં બધા ધર્મો એક સાથે છે. જ્ઞાનમાં એક સાથે ખ્યાલમાં આવે છે પણ કથનમાં એક સાથે ન આવે–એવો નાસ્તિત્વ–અવક્તવ્ય નામનો ધર્મ છે. તે તીરના દ્રષ્ટાંતે સમજી લેવો. આ નાસ્તિત્વ–અવક્તવ્ય નામના ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નાસ્તિત્વ અવક્તવ્યનય કહે છે.

## (9) અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનયનું સ્વરૂપ

આત્મદ્રવ્ય અસ્તિત્વ–નાસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-નાસ્તિત્વવાળું અવક્તવ્ય છે. (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવક્તવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ–નાસ્તિત્વ—અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે.)

અસ્તિનાસ્તિના ભંગોમાંથી આ સાતમો ભંગ છે. આત્માનો અસ્તિધર્મ ને નાસ્તિધર્મ ક્રમે કહી શકાય છે પણ એક સાથે બન્ને કહી શકાતા નથી. એવો આત્મામાં અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્ય નામનો ધર્મ છે. આ ત્રણ શબ્દો છે માટે અહીં ત્રણ ધર્મો છે એમ સમજવું નહિ પણ એક ધર્મ સમજવો. આત્મામાં આવો એક ધર્મ છે. જ્ઞાન બધા ધર્મોને એકી સાથે જાણે છે પણ વાણીમાં એકી સાથે આવતા નથી. તે તીરના દ્રષ્ટાંતે સમજવું.

આ પ્રમાણે અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્ય નામના ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યનય કહે છે.

## પરવસ્તુ સુખદુઃખનું કારણ નથી, પોતે અજ્ઞાનભાવે દુઃખી થાય તો પરને નિમિત્ત કહેવાય છે.

જે જીવને એક પાઈ દેતાં આવડે નહિ તે હજારો રૂપિયા ક્યાંથી આપી શકે ? તેમ જેને હજી ધર્મ શું કહેવાય તેની પણ સમજણ હોય નહિ તેને ધર્મી એવા આત્માનો અનુભવ તો ક્યાંથી થાય ? ન જ થાય. અહીં તો ધર્મને સમજાવે છે.

આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. બૈરાં છોકરાંથી સુખ નથી, તે તો પરદ્રવ્ય છે છતાં તેનાથી સુખ માનવું તે મૂઢતા છે. અજ્ઞાની જીવ શરીરના કટકા થવાથી, વીંછીના કરડવાથી દુઃખ માને છે. જમૈયો શરીરને લાગતાં મને લાગ્યો એમ માને છે. પણ ભાઈ, તે પદાર્થોનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવો તારાથી તદ્દન જુદા છે, તે તને દુઃખ આપે નહિ. વળી, લાડવા આદિ ખાવાના પદાર્થોમાં અને પૈસામાં સુખ માને છે તે પણ ભ્રમ છે. ઇન્દ્રને ઇંદ્રાણીનું સુખ નથી પણ જેટલી આસક્તિ છે તેટલું દુઃખ છે. વળી આત્માને કર્મનો બોજો નથી કેમ કે આત્મામાં કર્મની નાસ્તિ છે. વળી કોઈ ક્ષેત્ર સુખનું કારણ નથી. જ્યાં સિદ્ધ બિરાજે છે ત્યાં જ નિગોદના જીવો છે. એકનાં ચતુષ્ટયમાં બીજાનાં ચતુષ્ટયનો અભાવ છે. સિદ્ધ પોતાના કારણે સુખી છે, નિગોદનો જીવ પોતાના કારણે દુઃખી છે. સમ્યગ્દ્રષ્ટિ જીવો પરપદાર્થમાં લાભ નુકશાન માનતા નથી, પોતાનો પર્યાય પોતામાં પોતાથી છે એમ માને છે. વળી, પુણ્યના કારણે કોઈ પદાર્થ એકક્ષેત્રે મળ્યા તો તે પોતાને મળ્યા એમ તે માનતો નથી ને દ્વેષ કરી કોઈ પદાર્થ ખસેડવા માગતો નથી કારણ કે તે માને છે કે તે પદાર્થ ત્રણે કાળે મારાથી અભાવસ્વરૂપ જ છે. અજ્ઞાની જીવ મિથ્યાભ્રમણાના કારણે દુઃખી થઈ રહ્યો છે. પરપદાર્થો આ આત્મામાં નથી તો તે પદાર્થો લાભ-નુકસાનનું કારણ નથી ને આ આત્માનો પરમાં અભાવ છે એટલે આ આત્મા પરને સુખી-દુઃખી કરી શકે નહિ. પોતે પોતાના કારણ સુખી-દુઃખી થાય તો પરચીજને નિમિત્ત કહેવાય પણ નિમિત્તથી દુઃખ થયું છે એમ નથી. સમયસમયનો પર્યાય સત્ છે. દુઃખ પોતાના કારણે છે, પરના કારણે નથી. કોઈ પૂછે છે કે વ્યવહાર છે કે નહિ ? બીજી ચીજ જોડે છે એમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે ને બીજી ચીજથી દુઃખ થયું એમ વાણી દ્વારા કહેવાયું તે વ્યવહાર છે.

## એક વસ્તુનો બીજી વસ્તુમાં અભાવ છે તેથી અભાવરૂપ વસ્તુ પરમાં કાંઈ કરી શકે નહિ.

માથા ઉપર પાંચમણ લોઢું મૂક્યું ને માથું નમી જાય તે લોઢાને લીધે આત્મા ઉપર બોજો નથી. અરે, શરીર ઉપર પણ બોજો નથી કારણ કે એક પરમાણુમાં બીજા પરમાણુનો અભાવ છે ને પરમાણુનો આત્મામાં અભાવ છે. શરીર અગર માથું તો સ્કંધ છે તે વ્યવહાર છે. તેનો નિશ્ચય તો એક પરમાણુ છે. માથાના પરમાણુમાં એકનો બીજામાં નાસ્તિભાવ છે માટે તેનો બોજો આવતો નથી. કોઈ કહે કે મણીકું ઉપાડતાં આંગળી તૂટી ગઈ, તો તે વાત ખોટી છે. આંગળીની પર્યાયમાં મણીકાની પર્યાયનો નાસ્તિભાવ છે ને આત્માની પર્યાયમાં મણીકાનો તથા આંગળીનો નાસ્તિભાવ છે. જે અભાવ હોય તે શું કરે ? આંગળી તૂટી એટલે શું ? આંગળી તૂટીનો અર્થ એટલો જ છે કે પુદ્‌ગલ પરમાણુઓ સ્કંધરૂપે ભેગા થયા હતા તે છૂટા પડ્યા. દરેક આંગળી સ્વક્ષેત્રથી જુદે જુદી છે ને દરેકની પર્યાય જુદે જુદી છે. આકાશ ક્ષેત્રની અપેક્ષાએ નજીક દૂર કહેવાય છે.

## સ્કંધ મૂળ વસ્તુ નથી. પરમાણુ મૂળ વસ્તુ છે ને સ્કંધમાં રહેલા એક પરમાણુનો બીજા પરમાણુમાં અભાવ છે.

હવે કોઈ પ્રશ્ન કરે કે પરમાણુ તો દેખાતું નથી ને ? તો તેને પૂછવામાં આવે છે કે સ્કંધ પણ ક્યાં દેખાય છે ? જો એમ જવાબ આપે કે આ માથું પ્રત્યક્ષ દેખાય છે. તો પૂછવામાં આવે છે કે માથું ક્યાં છે ? એ માથું મૂળવસ્તુ નથી. તેનો જવાબ એમ આપે કે આવી જાતના ચામડી વગેરેના આકારને માથું કહે છે. તો કહેવામાં આવે છે કે ચામડી કોઈ મૂળ વસ્તુ નથી, તે તો સ્કંધ છે. તો સ્કંધ પણ મૂળ વસ્તુ નથી. સ્કંધ તો અનેક પરમાણુનો બનેલો છે. તેમાં પરમાણુ મૂળવસ્તુ છે એમ કબૂલ કરવું પડશે. માથું, ચામડી, સ્કંધ વગેરે સંયોગી વસ્તુ છે, મૂળ વસ્તુ નથી. મૂળ વસ્તુ તો એક એક પરમાણુ છે. તો પછી દરેક પરમાણુ તેનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને બીજા પરમાણુનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી માટે મણીકાથી આંગળી તૂટે ને તેથી આત્માને દુઃખ થાય તે વાત રહેતી નથી કારણ કે એક પરમાણુની બીજા પરમાણુમાં નાસ્તિ ને પરમાણુની આત્મામાં નાસ્તિ છે. આવી રીતે દરેક દ્રવ્યમાં અસ્તિનાસ્તિધર્મ રહેલા છે પણ અહીં આત્માની વાત છે. બધા જીવો પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. મિથ્યાદ્રષ્ટિ જીવ ઊંધું માને છે તો પણ તેની ઉંધી માન્યતા પરને લીધે નથી તેમ જ પરમાં નથી પણ સ્વકાળમાં રહેલી છે.

અહીં સપ્તભંગીના સાત ધર્મો જે કહેવાયા છે તે અનાદિઅનંત બધા જીવોમાં રહેલા છે. તે બધા ધર્મો એકી સાથે છે, જ્ઞાન એકી સાથે બધાને જાણી લ્યે છે પણ વાણી ક્રમથી કહે છે.

*

# પ્રસાદ નં. ૨૩૯

## પ્રવચનસાર પરિશિષ્ટ

(જેઠ વદ ૧૦, ગુરુવાર)

### દરેક વસ્તુ સ્વચતુષ્ટયથી છે ને પરચતુષ્ટયથી નથી તેથી એક જીવ બીજા પદાર્થની સંભાળ રાખી શકતો નથી.

આત્મા છે તેમાં અનંતા ધર્મો છે—સ્વભાવો છે. અનંતા ધર્મોને અનંતા નયો જાણે છે. નય તે શ્રુતજ્ઞાનનો ભાગ છે ને ધર્મ તે દ્રવ્યનો ભાગ છે. આખી વસ્તુ અનંતી શક્તિનો પિંડ છે. આખા દ્રવ્યને જાણે તેને પ્રમાણજ્ઞાન કહે છે. પ્રમાણનો વિષય આખો છે. વસ્તુના એક ધર્મને જાણે તેને નય કહે છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના દરેક જીવમાં અનંતા ધર્મો રહેલા છે. દરેક આત્મા સ્વચતુષ્ટયથી છે ને પરચતુષ્ટયપણે નથી. આત્મા છે તે અનાત્મા છે, જીવ છે તે અજીવ છે. જીવ સ્વઅપેક્ષાએ જીવ છે ને પરને લીધે જીવ નથી એટલે કે અજીવ છે. પરને લીધે આત્મા નથી માટે અનાત્મા છે. આત્મા ક્ષેત્રપણે છે ને ક્ષેત્રપણે નથી, કાળપણે છે ને કાળપણે નથી, ભાવપણે છે ને ભાવપણે નથી. તેમાં છે તે સ્વઅપેક્ષાએ છે ને નથી તે પરઅપેક્ષાએ નથી. આત્મા સ્વક્ષેત્રપણે છે ને પરક્ષેત્રપણે નથી. સ્વકાળે છે ને પરકાળે નથી, એમ સમજવું. તીર્થંકર ભગવાન ભગવાન છે ને ભગવાન નથી એનો અર્થ એ છે કે ભગવાન સ્વઅપેક્ષાએ ભગવાન છે ને પરની અપેક્ષાએ ભગવાન નથી. ભગવાન આ આત્માપણે નથી માટે ભગવાન નથી. આત્મા પર્યાયપણે છે (તે સ્વથી) ને પર્યાયપણે નથી (પરની પર્યાયપણે નથી). સિદ્ધ છે તે સિદ્ધ નથી. છે તે સ્વથી છે ને નથી તે પરથી નથી. આમ જીવ સાચી સમજણ કરે તો પરને લીધે મને લાભ-નુકશાન થાય અથવા મારે લીધે પરમાં લાભ-નુકશાન થાય તે માન્યતા ટળી જાય. અજ્ઞાની જીવ માને છે કે મેં છોકરાની સંભાળ રાખી. વળી, બહારગામ જાય તો ભલામણ કરે કે છોકરાને સંભાળજો, મકાન-ખેતર વગેરેને સંભાળજો. પણ ભાઈ, તે તો તેના કારણે જળવાઈ રહ્યા છે. તે વસ્તુ તેના દ્રવ્ય-ક્ષેત્ર- કાળ-ભાવથી જળવાઈ રહી છે, બીજો કોઈ તેને જાળવી શકતો નથી.

## <u>સાચી સમજણમાં સમતાભાવ છે, સાચી સમજણ વિનાનો મંદ કષાય પણ વિષમભાવ છે</u>

એક યુરોપિયનના લખેલા કિંમતી કાગળો હતા. તેની કૂતરીએ દીવાને ઝપટ મારતાં તે દીવો કાગળ ઉપર પડ્યો તેથી તે બળી ગયા. કૂતરી ઉપર તેને પ્રેમ હતો એટલે તેણે કહ્યું કે "કૂતરી તને શું કહું ? મારી કેટલાં વર્ષની મહેનત તેં નકામી કરી દીધી." અજ્ઞાની માને છે કે તેણે કૂતરી ઉપર ગુસ્સો ન કર્યો ને ઘણી સમતા ધારણ કરી પણ ભાઈ, તે કૂતરી ઉપરના રાગને લીધે તેણે ધીરજ રાખી છે પણ અંતર તો વિષમતા પડી છે. કારણ કે તે માને છે કે આ કૂતરીના બેખ્યાલથી દીવાને ધક્કો લાગ્યો ને તેથી કાગળ ઉપર દીવો પડતાં કાગળ બળી ગયા. ત્યાં દરેક પદાર્થનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદેજુદાં છે. એકબીજાને લીધે નથી તેમ તે માનતો નથી. તે કાગળની બળવાની પર્યાય તેના સ્વકાળે થઈ છે. અગ્નિને લીધે કે કૂતરીને લીધે થઈ નથી. **<u>તે કાગળનો બળવાનો એટલે રૂપાંતર થવાનો ધર્મ સ્વથી છે ને આત્માનો તે અવસ્થા જાણવાનો ધર્મ છે. એમ સ્વસન્મુખ થઈને જાણે તો સાચી સમતા કહેવાય પણ કૂતરી ઉપરના રાગને લીધે બાહ્ય ક્રોધના પરિણામ ન દેખાતા હોય તો તે સાચી સમતા નથી પણ વિષમતા છે.</u>** એક કણબણ પાસે રૂા. ૧૫૦ ની નોટો હતી. તેના છોકરાએ રમતાં રમતાં તે નોટો આગમાં નાખી દીધી. નોટો બળી ગઈ. બાઈને ખબર પડતાં છોકરા ઉપર ગુસ્સો ચડ્યો ને છોકરાને માર્યો. માર એટલો માર્યો કે છોકરો મરી ગયો. જુઓ, અજ્ઞાનમાં આ દશા. નોટો તો બળવાના સ્વકાળે બળી છે. અગ્નિએ બાળી નથી. છોકરાએ બાળી નથી. છતાં છોકરાએ તે નોટો બાળી, ને નોટો બળતાં હું દુઃખી થઈ જઈશ વગેરે પ્રકારે મિથ્યાભ્રાંતિ ઊભી કરી તે વિષમતા છે. પહેલો દાખલો અજ્ઞાન ને વિષમતા સહિત કષાય મંદતાનો ને બીજો દાખલો અજ્ઞાન ને વિષમતા સહિત ક્રોધભાવનો છે. બન્ને અજ્ઞાની છે, એકેને વસ્તુસ્વરૂપની ખબર નથી. દરેક વસ્તુ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે ને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી એ વાત સમજ્યે જ સાચી સમતા આવે છે.

## <u>એક દ્રવ્ય બીજા દ્રવ્યને લાભ-નુકશાન કરતું નથી કારણ કે એકમાં બીજાનો અભાવ છે.</u>

અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે અમારી હોંશિયારીથી આટલું કમાયા. પણ કોઈ જીવ એક પાઈ પણ કમાઈ શકતો નથી. એક પાઈમાં અનંતા પુદ્‌ગલ પરમાણુ છે. તે એક એક પરમાણુ સ્વથી છે ને પરથી નથી. તે અનંત પરમાણુને

જીવ પોતાની પાસે લાવી શકે કે રક્ષણ કરી શકે એ વાત મિથ્યા છે. પોતે ઇચ્છા કરી શકે પણ પરને લાવી—મૂકી શકે નહિ. વળી ધર્મના નામે કહે કે ભગવાન મળ્યા તો મને લાભ થયો ને અસત્સંગ થયો માટે નુકશાન થયું, તે વાત પણ ખોટી છે. ભગવાન પોતે પોતાના ભગવાન છે, તારો ભગવાન તું છો ને પર આત્માનો સ્વઆત્મામાં અભાવ છે. તેથી પર જીવો આત્માને લાભ-નુકશાન કર્તા નથી. વળી જીવ માને છે કે ઠંડીને લીધે મને શરદી થઈ ને તેથી મને ઠીક ન રહ્યું. શરીરની પર્યાય શરીરને કારણે છે, બહાર ઠંડી ઠંડીના કારણે છે. આત્મા આત્માના કારણે છે. શરીરની શરદીરૂપ અવસ્થા બહારની ઠંડીને લીધે થઈ નથી તો બહારની ઠંડી જીવને નુકશાન કરે એ માન્યતા ભ્રમ છે, માટે અસ્તિ-નાસ્તિ સ્વભાવ બરાબર સમજવો જોઈએ. તે વિના ક્રિયાકાંડ ને યોગથી સંસાર ચાલુ રહે છે, ધર્મ થતો નથી.

## (૧૦) ગુણભેદ-પર્યાયભેદ વગેરે ભેદધર્મ બતાવનાર જ્ઞાનના અંશને વિકલ્પનય કહે છે.

‘‘આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે, ભેદસહિત છે. જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).’’

નવ ધર્મોને બતાવનારા નવ નયો કહેવાઈ ગયા છે. આજે દશમો નય છે. અહીં વિકલ્પનો અર્થ ભેદ સમજવો. આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે અનંતા ગુણોનો ભેદ પડે છે. તેમ જ એક પર્યાય પછી બીજી પર્યાય એમ પર્યાયમાં ભેદ પડે છે. દ્રવ્ય ને ગુણ વચ્ચે, ગુણ ને પર્યાય વચ્ચે, પર્યાય ને દ્રવ્ય વચ્ચે પણ ભેદ પડે છે. આત્મસ્વરૂપ સર્વથા અભેદ નથી. ભેદ પણ એક ધર્મ છે. અનંત ગુણો ને અનંત પર્યાયોની અપેક્ષાએ અનંત ભેદવાળો છે. તે ભેદધર્મ અનાદિઅનંત બધા જીવોમાં છે. સિદ્ધમાં પણ ભેદધર્મ છે. ત્યાં પણ દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ છે. સિદ્ધ ભગવાનને રાગ નથી તેથી વિકલ્પ ઊઠતો નથી તે બરાબર છે. તેઓ પોતે તો પોતાના સ્વરૂપમાં લીન થયા છે છતાં પણ ત્યાં ભેદ ધર્મનો નાશ થયો નથી. પર્યાય સમયે સમયે પ્રગટે છે. તેને અને દ્રવ્યને ભેદ છે. સર્વથા અભેદપણું નથી, વળી ગુણભેદ પણ છે. આવા ભેદધર્મને જાણનાર જ્ઞાનના અંશને વિકલ્પનય કહે છે.

જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે. આ દ્રષ્ટાંત સમજવા માટે આપેલ છે, તે બધી રીતે લાગુ પડે નહિ. કારણ કે બાળક વખતે

કુમારપણું નથી ને કુમાર વખતે વૃદ્ધપણું નથી, તેમાં સમયભેદ છે તેથી તે ક્રમે હોય છે તેમ આત્મામાં નથી. આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણભેદો એક સમયે છે, તેમાં ક્રમ પડતો નથી. એકી સાથે બધા ગુણો ને તેની પર્યાયો હોવા છતાં તેમાં ભેદ ધર્મ રહેલ છે.

આત્મામાં એક સમયે જ્ઞાનદર્શન વગેરેની અનંતી અવસ્થાઓ છે ને તેમાં ભેદ છે. આત્મા અસંખ્ય પ્રદેશાત્મક છે તેમાં એક પ્રદેશ તે બીજો પ્રદેશ નથી, તેમાં ભેદ પડે છે. એક આત્મામાં એક સમયે અનંતા જ્ઞાનદર્શનગુણ છે તેમાં ભેદ છે. આવા ભેદધર્મને વિકલ્પનય જાણે છે.

## સિદ્ધના દ્રવ્યમાં પણ ભેદધર્મ રહેલો છે.

સિદ્ધ અવસ્થા થયા પછી એક સિદ્ધ બીજા સિદ્ધમાં ભળી જતા નથી, દરેક પૃથક્ પૃથક્ રહે છે, એટલું જ નહિ પણ ત્યાં તેની દરેક શુદ્ધ પર્યાય—જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ પર્યાયોમાં ભેદ છે. દર્શન-પર્યાય તે જ્ઞાનપર્યાય નથી વગેરે. વળી દરેક ગુણની પર્યાય પલટન પામે છે. પલટન થવું એટલે વિકારી થવું કે અધૂરાપણું થવું એમ નથી. સિદ્ધ રાગરૂપે પરિણમતા નથી પણ એક સમયે પૂર્ણ અવસ્થા, બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી પૂર્ણ અવસ્થા એક પછી એક પ્રગટે છે તેમાં પહેલી તે બીજી નથી, બીજી તે ત્રીજી પર્યાય નથી આમ ભેદ પડે છે. સિદ્ધ થયા પછી વિકારરૂપે અવસ્થા થતી નથી પણ સદ્રશ—એવી ને એવી પર્યાય રહ્યા કરે છે. શુદ્ધતાની સદ્રશતાની અપેક્ષાએ પર્યાયમાં ભેદ નથી પણ કાળભેદે ભેદ છે. એક સમયની પર્યાય તે બીજા સમયની પર્યાય નથી એમ કાળ ભેદે ભેદ છે. વિકાર વખતે વિકારપણે ને નિર્વિકાર વખતે નિર્વિકારપણે અવસ્થા પલટાયા કરે છે. સિદ્ધમાં પણ આવો ભેદધર્મ રહેલો છે. કારણ કે આત્માએ તે ભેદને ધારી રાખ્યો છે. વળી અનંતા ગુણો ને અનંતી પર્યાયો છે પણ ભેદધર્મ એક છે. તે ગુણભેદને તથા પર્યાયભેદને જણાવે છે. આત્મામાં અનંતા ધર્મો છે. એમાં એક ધર્મ ન માને તો વસ્તુ નાશ થાય માટે બધા ધર્મો યથાર્થ જાણવા જોઈએ ને તેમ જાણે તો પરથી ઉદાસીન થાય ને સ્વ તરફ વળે. આવી રીતે ભેદ ધર્મને જણાવનાર જ્ઞાનના અંશને વિકલ્પનય કહે છે. ।।૧૦।।

## (૧૧) ગુણભેદ ને પર્યાયના ભેદરહિત આત્મા અભેદ એક છે એવા અભેદ ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અવિકલ્પનય કહે છે.

“આત્મદ્રવ્ય અવિકલ્પનયે એક પુરુષમાત્રની માફક અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક, કુમાર, વૃદ્ધ એવા ભેદ વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).”

દશમો ભેદધર્મ કહેવાઈ ગયો. હવે અગીયારમો અવિકલ્પ—અભેદધર્મ બતાવે છે. જો આત્મામાં અભેદ ધર્મ ન હોય તો અનંતાગુણોની એક વસ્તુ સાબિત થતી નથી. અભેદ ન માનવામાં આવે તો એક એક ગુણ ઠીક અનંત દ્રવ્યો માનવા પડે, પણ વસ્તુ તેમ નથી. એક શક્તિવાન ન હોય તો શક્તિવાનના આધાર વિના શક્તિઓ રહેતી નથી. માટે એક શક્તિવાન અભેદ આત્મા છે. એવો અભેદધર્મ છે. જેમ બાળક અવસ્થામાં, કુમાર અવસ્થામાં, કુમાર અવસ્થામાં, વૃદ્ધ અવસ્થામાં એક જ પુરુષ છે. તે જુદા-જુદા પુરુષ નથી તેમ આત્માની જુદી-જુદી અવસ્થા શુભભાવની કે અશુભભાવની હો, તે પોતાની બધી પર્યાયોમાં એક આત્મા છે. નિગોદમાં હો કે સિદ્ધમાં ગમે તે પર્યાયો હોય તો તેમાં તેનો આત્મા પોતાની તે તે પર્યાય સાથે અભેદ રહેલો છે. જુદી જુદી પર્યાયો અથવા જુદા જુદા ગુણો છે માટે આત્મા સર્વથા જુદો છે એમ નથી, પણ આત્મા તે તે પોતાની બધી અવસ્થામાં સાથે જોવામાં આવે છે. તે અભેદધર્મ બધા જીવોમાં અનાદિઅનંત રહેલો છે. તે માનવામાં ન આવે તો વસ્તુના નાશનો પ્રસંગ આવે છે. આવા અભેદ ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અવિકલ્પનય કહે છે. કોઈ કહે કે ભેદને પણ ધર્મ કહ્યો ને અભેદને પણ ધર્મ કહ્યો તે કેવી રીતે ? ભાઈ, તેવું જ વસ્તુનું સ્વરૂપ છે. આત્મા ભેદરૂપે છે તે જ અભેદરૂપે છે માટે બધા ધર્મોને યથાર્થ જાણવા જોઈએ.

## રાજાની અરજીમાં તેને યોગ્ય વિશેષણો લખ્યા વિના જવાબ મળતો નથી તેમ આત્મરાજાના અનંતા ધર્મો જ્ઞાનમાં લીધા વિના આત્મરાજા પ્રસન્ન થતો નથી એટલે ધર્મ થતો નથી.

લૌકિકમાં રાજાને અરજી આપવી હોય તો રાજાના જે વિશેષણો હોય તે નેક નામદાર, શમશેરબહાદુર ઇત્યાદિ લખવા જોઈએ. વળી પોતે ન જાણતો હોય તો બીજા પાસે રીતસર લખાવે ને જે સ્ટામ્પ ચોડવાનો હોય તે તેના ઉપર ચોડે તો તે અરજી રાજા હાથમાં લ્યે છે ને સરખી લખાણી ન હોય તો તેની અરજી હાથમાં પણ લેવાતી નથી એમ આત્મા મહાન રાજા છે તેને બોલાવવો હોય—તેને ઓળખવો હોય તો તેનામાં જેટલા ધર્મો છે તેટલા ધર્મો પોતાના જ્ઞાનની પર્યાયમાં લખીને

(ઓળખીને) આત્માને બોલાવે તો આત્મા જવાબ આપે એવો છે. એટલે તે પર્યાય આત્મા સાથે અભેદ થઈ ધર્મદશા ઉત્પન્ન કરશે. અનંતા ધર્મો જાણ્યા વિના ક્રિયાકાંડથી કે યોગથી આત્મા જવાબ આપે એવો નથી એટલે કે ધર્મ થાય એમ નથી. જેમ અંક ને અક્ષર જાણ્યા વિના નામું લખાતું નથી તેમ આત્માના ધર્મો જાણ્યા વિના ધર્મ કરવા બેસે, ક્રિયાકાંડ કરે તો ધર્મ થાય નહિ માટે આત્માના બધા ધર્મોને જાણવા જોઈએ. આ અભેદધર્મ કહેવાયો. તે અભેદધર્મને જાણનાર જ્ઞાનના અંશને અભેદનય કહે છે. ।।૧૧।।

## (૧૨) આત્મા શબ્દબ્રહ્મથી કહી શકાય છે એવા આત્માના ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નામનય કહે છે.

“આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ).”

જેમ સાકર શબ્દ વડે સાકર પદાર્થ કહી શકાય છે તેમ આત્મા શબ્દ છે—નામ છે. તે વાચક છે. તે વડે કહેવાવાની યોગ્યતા આત્મામાં છે માટે આત્મા વાચ્ય છે. આત્મા પોતે બોલે છે અથવા તેનામાં બોલવાની યોગ્યતા છે એમ એનો અર્થ નથી પણ શબ્દબ્રહ્મથી કહેવાવાની આત્મામાં લાયકાત છે. એવો આત્મામાં કહેવાવાયોગ્ય ધર્મ છે. તે અનાદિઅનંત છે. જો કહેવાવાયોગ્ય ધર્મ આત્મામાં ન હોય તો વાચક વાણી પણ ન હોય. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જેમ કોઈનું નામ લક્ષ્મીચંદ પાડ્યું તો તે નામથી તે લક્ષ્મીચંદ નામનો તો પુરુષ ઓળખાય છે; તેમ આત્મા શબ્દથી આ આત્મા છે એમ ઓળખી શકાય છે. શબ્દ તો જડ છે. જડથી આત્મા ઓળખાય છે એમ કહેવું નથી. જીવ ઓળખે છે તે પોતાના જ્ઞાનથી ઓળખે છે પણ તે જ્ઞાનમાં શબ્દ નિમિત્ત છે માટે શબ્દથી ઓળખે છે એમ કહ્યું છે. સર્વજ્ઞ ભગવાનની વાણી ઇચ્છા વિના નીકળે છે. તે વાણીને શબ્દબ્રહ્મ કહે છે. તે પૂર્ણ સ્વરૂપને લેતી આવે છે. શબ્દબ્રહ્મ આત્માને બતાવે છે માટે શબ્દબ્રહ્મને સ્પર્શનારું કહ્યું છે.

## સિદ્ધનું સ્વરૂપ ભગવાનની વાણીમાં આવી શકે એવો સિદ્ધમાં પણ ધર્મ રહેલો છે.

કોઈ કહે કે કેવળી ભગવાનને જોગ છે ને વાણી છે માટે ત્યાં આ ધર્મ રહેલો છે પણ સિદ્ધ અશરીરી છે. તેમને વાણી નથી તો ત્યાં આ ધર્મ હશે કે નહિ?

**<u>સમાધાન :</u>**—તે પ્રશ્ન જ નથી. પોતાને વાણી છે કે નથી તે વાત અહીં નથી. સિદ્ધ—એ શબ્દ બોલાયો તે સિદ્ધદશાનો વાચક છે ને સિદ્ધદશા તે વાચ્ય છે. સિદ્ધમાં પણ તે ધર્મ રહેલો છે. સિદ્ધ ભગવંતો અશરીરી છે. પરમ સુખી છે વગેરે સિદ્ધદશાનું વર્ણન ભગવાનની વાણીમાં આવ્યું તે વાચ્ય છે ને સિદ્ધ ભગવાનમાં તેવો વાચ્યધર્મ એટલે વાણીમાં કહી શકાય એવો ધર્મ છે.

૧. ધર્મ છે–વાચ્ય છે માટે વાચકરૂપે વાણી છે ને વાચ્ય ન હોત તો વાચક ન હોત, એમ વાણી પરાધીન નથી.

૨. વાણી દ્વારા કહેવાય છે માટે સિદ્ધમાં તે ધર્મ રહેલો છે એવો ધર્મ પણ પરાધીન નથી. વાચક ને વાચ્ય એકબીજાને પરાધીન નથી.

૩. પણ જગતમાં વાચકવાચ્ય સંબંધ પણ સ્વતંત્ર છે. સિદ્ધદશાનું વર્ણન વાણી દ્વારા કહી શકાય એવો ધર્મ સિદ્ધ જીવમાં છે ને તેને કહેનારી વાણી શબ્દબ્રહ્મ પણ છે. આમ બન્નેનો સંબંધ સ્વતંત્ર જાણવો જોઈએ. પોતે વાણી દ્વારા કહી શકે અથવા ન કહી શકે તેનો પ્રશ્ન નથી પણ વાણીમાં તે ધર્મ કહી શકાય છે એટલી વાત છે ને તે બધા જીવોમાં છે.

## <u>આત્મા સર્વથા અવક્તવ્ય છે એમ માનનાર જીવ વસ્તુસ્વરૂપ સમજતો નથી.</u>

મારા મોઢામાં જીભ નથી, એમ કોઈ કહે તો તે જેમ જૂઠો છે તેમ વાણીમાં એક પણ ધર્મ ન આવી શકે, એમ કોઈ કહે તો તે જીવ જૂઠો છે. ઘણા જીવો કહે છે કે આત્મા વચનાતીત છે. ‘વચનાતીત’ કહેવાયું એટલું પણ વાણીમાં આવ્યું માટે એવો પણ આત્મામાં ધર્મ રહેલો છે. કોઈ જીવ આત્માને સર્વથા ‘અવક્તવ્ય’ કહે તો તે જીવ આત્માના સ્વભાવને જાણતો નથી. તે જીવ ‘અવક્તવ્ય’ શબ્દ બોલ્યો એટલું પણ વક્તવ્ય તો થયું, એવો ધર્મ આત્મામાં રહેલો છે તો તે નિમિત્તરૂપે શબ્દોમાં આવે છે. માટે સર્વથા અવક્તવ્ય કે વચનાતીત કહેનાર પોતાના શબ્દોથી જ ખોટા ઠરે છે. અવક્તવ્ય કે વચનાતીત શબ્દો પોતે જ વાચ્યને સિદ્ધ કરે છે તેવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જીવ પદાર્થ છે તો તેને બતાવનારી વાણી પણ છે. નામ ન હોય તેનું વાચ્ય ન હોય ને નામ હોય તો તેનું વાચ્ય પણ હોય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કોઈ કહે કે વાચક છે પણ વાચ્ય નથી તો વાચકનું પ્રયોજન શું ? માટે વાણી છે ને તે વાણી દ્વારા કહેવાયોગ્ય એવો આત્મામાં ધર્મ છે. જે જીવ વાણીનું અસ્તિત્વ ઉડાડે છે અથવા એક ધર્મનું અસ્તિત્વ ઉડાડે છે તે જીવ આત્માનું અસ્તિત્વ ઉડાડે છે. ‘ભગવાન’ એવો શબ્દ છે, તેનું જ્ઞાન છે ને ભગવાન

નામનો પદાર્થ છે. શબ્દનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, પદાર્થનું જ્ઞાન–ત્રણેનું જ્ઞાન એક આત્માને છે. શબ્દ તથા જડપદાર્થને જ્ઞાન નથી. આત્માને બધાનું જ્ઞાન વર્તે છે. માટે આત્મા સર્વથા અવક્તવ્ય છે એમ માનનાર જીવ વસ્તુસ્વરૂપ સમજતો નથી. શબ્દ દ્વારા આત્મા કહી શકાય છે એવો આત્મામાં ધર્મ છે. એક ધર્મને ન માને તો જ્ઞાન પ્રમાણ થતું નથી ને પ્રમાણજ્ઞાન થયા વિના આત્માનો અનુભવ થાય નહિ માટે જીવોએ યથાર્થ સમજવું જોઈએ. બધા ધર્મો થઈને આખી આત્મવસ્તુ પૂરી થાય છે. ત્યાં અનંતા ધર્મોમાં ક્રમ નથી, બધા ધર્મો એકી સાથે છે. જ્ઞાન તેને એકી સાથે જાણે છે પણ અનંતા ધર્મોને કહેવામાં છદ્મસ્થની વાણીમાં ક્રમ પડે છે. જેમ છે તેમ સમજવું જોઈએ. આવી રીતે આત્માનું સ્વરૂપ શબ્દબ્રહ્મ દ્વારા કહી શકાય છે. એવો આત્મામાં ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નામનય કહે છે. ।।૧૨।।

*

(જેઠ વદ ૧૧, શુક્રવાર)

## અનંત ધર્માત્મક આત્મા તે સ્વ છે ને બીજા બધા પર છે એમ સ્વ પર ભેદવિજ્ઞાન વિના સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વિના ચારિત્ર પ્રગટે નહિ.

અનંતકાળથી આત્માનું જ્ઞાન કર્યું નથી. આત્માનું સાચું જ્ઞાન કર્યા વિના સાચું વર્તન થાય નહિ. બાહ્ય ક્રિયાકાંડથી ચારિત્ર પ્રગટતું નથી. શરીર, મન, વાણી, પર ચીજ છે. વિકાર એક સમય પૂરતો છે. આત્મા તો અનંતી શક્તિવાળો છે. જેવો શક્તિવાળો છે તેવું જ્ઞાન કરે તો સાચું જ્ઞાન થાય ને પછી તેમાં એકાગ્રતા કરે તો આત્માનું કલ્યાણ થાય. જ્ઞાન પુણ્ય-પાપમાં ને પરમાં અટકે પણ આત્મા સાથે એકરૂપ ન થાય તો ધર્મ ન થાય.

આત્મવસ્તુમાં અનંતા ધર્મો છે. અનંતા ધર્મોને અનંત નયો જાણે છે. નય એટલે જ્ઞાનનો અંશ. અનંતા ધર્મોનો સ્વામી પોતે છે. પોતે બીજાનો સ્વામી નથી તેમ જ પરપદાર્થો આત્માના સ્વામી નથી. સિદ્ધ ભગવાન તો પૂર્ણદશાને પામ્યા છે. તેમને સમજવાનું બાકી નથી. ધર્મ સમજવો હોય તેવા જીવની વાત છે. તેણે વિચાર કરવો કે હું શેનો માલિક છું ? ગાંડો માણસ બીજા ધનાઢ્યની મિલકતને પોતાની મિલકત માને તો પણ તે મિલકત ગાંડાની થઈ જતી નથી તેમ અજ્ઞાની આત્મા પરપદાર્થો, પૈસા વગેરેને મારા માની સ્વામી થવા જાય તો તે તેનો સ્વામી થઈ જતો નથી ને પરપદાર્થો આત્માના સ્વામી નથી. આવી રીતે સ્વ-પરની જુદાઈ ને શ્રદ્ધે નહિ ત્યાંસુધી સમ્યગ્દર્શન થાય નહિ ને તે વિના આત્માનું આચરણ

હોતું નથી તેથી સ્વ-પર વિવેક કરાવવા માટે આત્મપદાર્થમાં કેટલા ધર્મો છે તે વાતનું જ્ઞાન કરાવે છે.

આ બારમો નામનય ચાલે છે. આત્મદ્રવ્ય નામનયે શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. કેવળજ્ઞાનીની વાણી—શબ્દબ્રહ્મમાં આત્મા કહી શકાય છે. વાણી વ્યાપક છે એટલે કે વાણી આત્માનું સ્વરૂપ કહે છે માટે વ્યાપક છે એટલે કે આત્મદ્રવ્ય શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે, એમ કહ્યું છે. આત્માનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં આવે એવો આત્મામાં ધર્મ છે. તે ધર્મનો સ્વામી આત્મા છે પણ આત્મા વાણીનો સ્વામી નથી. સાકર શબ્દ છે તે સાકર પદાર્થને બતાવે છે. છતાં સાકર શબ્દ તે સાકર પદાર્થ નથી તેમ આત્મા દિવ્યધ્વનિ દ્વારા કહી શકાવા યોગ્ય છે એવો આત્મામાં ધર્મ છે પણ આત્મા વાણીનો સ્વામી નથી, આત્મા ને વાણી જુદા છે. વાણીમાં આત્માનું સ્વરૂપ આવી શકે છે એવા ધર્મને જે જ્ઞાનનો અંશ જાણે છે તેને નામનય કહે છે. ।।૧૨।।

## (૧૩) આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે એવો આત્મામાં ધર્મ છે, તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને સ્થાપના નય કહે છે.

‘‘આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે. (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે. મૂર્તિની માફક).’’

જેવી રીતે ભગવાનની મૂર્તિની સ્થાપના થાય છે તેવી રીતે આત્મદ્રવ્યની ગમે તે પુદ્‌ગલો વડે સ્થાપના કરી શકાય છે. મૂર્તિના આકાર ઉપરથી કહેવાય છે કે આ સીમંધર ભગવાન છે. સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં શરીરસહિત તીર્થંકરપદે બિરાજે છે. તેમની સ્થાપના મૂર્તિદ્વારા કરીને કહીએ છીએ કે આ સીમંધર ભગવાન છે. તેમ કોઈપણ પુદ્‌ગલ દ્વારા આત્માને સ્થાપી શકાય છે કે આત્મા આવડો છે. તેનો આકાર તો શરીર પ્રમાણે છે. વળી સિદ્ધની પ્રતિમા ઉપરથી આ સિદ્ધ ભગવાન છે એમ સ્થાપના કરી શકાય છે. શરીર મૂર્ત છે ને બીજા જેના વડે બતાવાય તે મૂર્તિ વગેરે પણ મૂર્ત છે ને આત્મા અમૂર્ત છે.

પ્રશ્ન :–મૂર્તિક પદાર્થો—શરીર, પ્રતિમા વગેરેથી અમૂર્તિક આત્માનું જ્ઞાન થાય ?

ઉત્તર :–મૂર્તિક પદાર્થોથી આત્માનું જ્ઞાન થતું નથી. આત્મા પોતાથી જ્ઞાન કરે છે પણ આત્મામાં એવો ધર્મ છે કે જે ધર્મથી તે આત્મા પુદ્‌ગલો દ્વારા બતાવી શકાય છે. આમ હાથથી આકાર બતાવાય, કાગળ ઉપર ચિત્ર ચીતરીને

બતાવાય—એમ પુદ્‌ગલો દ્વારા બતાવી શકાય છે. જુઓ આ ચિત્ર રહ્યું. તે પુદ્‌ગલના આકાર દ્વારા સિદ્ધનું સ્વરૂપ સમજાવી શકાય છે એવો આત્મામાં એક ધર્મ છે. તેથી કરીને પુદ્‌ગલોથી આત્માને જ્ઞાન થાય છે એમ સમજવું નહિ. પુદ્‌ગલનો આકાર નિમિત્તકારણ છે. પણ તે નિમિત્તકારણ ક્યારે કહેવાય ? કે જીવ પોતે પોતાના જ્ઞાનથી સમજે કે આત્માનો આકાર આવો છે. નૈમિત્તિક પ્રગટ થાય તો પુદ્‌ગલના આકારને નિમિત્ત કહેવાય છે. વળી 'સર્વ પુદ્‌ગલોને અવલંબનારું' કહ્યું છે. એટલે કે પુદ્‌ગલમાં તેરૂપે નિમિત્ત થવાની શક્તિ છે. માટે 'સર્વ' કહી દીધા છે. પુદ્‌ગલ ને આત્મા ભિન્ન છે. પણ પુદ્‌ગલ વડે આત્મા જણાવી શકાય છે એવો તેનામાં એક ધર્મ છે ને તેને જાણનાર જ્ઞાનના અંશને સ્થાપનાનય કહે છે. જેટલા ધર્મો છે તેમાંથી એક ધર્મ ઓછો જાણે તો જ્ઞાન સાચું થતું નથી. પૈસા મેળવવા દેશપરદેશ જાય ને રાગ-દ્વેષમાં મજા માણે પણ ભાઈ, તે બધી આકુળતા છે. અજ્ઞાનને લીધે તે આકુળતા દેખાતી નથી તેથી મજા માણે છે પણ જેને સાચી મજા જોઈતી હોય તેણે વસ્તુનું સ્વરૂપ બધાં પડખાંથી જાણવું જોઈએ. ॥૧૩॥

## (૧૪) ભૂત અને ભવિષ્યની પર્યાયરૂપે આત્મા પ્રતિભાસે છે તેવો તેનામાં એક ધર્મ છે ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને દ્રવ્યનય કહે છે

"આત્મદ્રવ્ય દ્રવ્યનયે બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે. જેમ બાળક શેઠ પણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂતપર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ)."

જેમ શેઠનો દીકરો બાળક હોય તે ભવિષ્યમાં શેઠ થશે એવી ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં તે પ્રતિભાસે છે ને એક મુનિ પૂર્વે રાજા હતા, તે રાજાપણું છોડી મુનિ થયા તો પણ તે અતીત એટલે ભૂતકાળમાં રાજા હતા એમ ભૂતની પર્યાયરૂપે વર્તમાનમાં પ્રતિભાસે છે—ખ્યાલમાં આવે છે. તેમ આ આત્મા કેવળજ્ઞાની થશે એમ ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં પ્રતિભાસે છે. મારો આત્મા સિદ્ધપદને પામશે એમ ભવિષ્યની પર્યાયરૂપે થવાની લાયકાતનો ધર્મ આત્મદ્રવ્યમાં ત્રિકાળ છે.

આ પરિશિષ્ટમાં પ્રથમ દ્રવ્યનય બતાવ્યો છે તે તો સદ્રશ ચિન્માત્ર બતાવનારો નય છે. જ્યારે આ દ્રવ્યનય તો ભૂત અને ભવિષ્ય પર્યાયની લાયકાત વર્તમાનમાં છે, એમ બતાવે છે. જેમ કે મહાવીરાદિ ભગવંતો વર્તમાન સિદ્ધ છે. તેઓ ભૂતકાળમાં તીર્થંકર હતા છતાં તીર્થંકરપણાથી વર્તમાનમાં તેમને ઓળખવા

એવો એક ધર્મ આત્મામાં છે. શ્રેણિકરાજા વર્તમાનમાં તીર્થંકર નથી પણ ભવિષ્યમાં તીર્થંકર થશે. ભવિષ્યની લાયકાતથી વર્તમાનમાં ઓળખવા એવો પણ એક ધર્મ આત્મામાં છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને દ્રવ્યનય કહે છે.

## જે જીવ તીર્થંકર વગેરે પદવીની લાયકાતવાળો હોય તે જીવ જ તીર્થંકર વગેરે પદવીને પામે છે એમ ભાવ શ્રુતજ્ઞાન જાણે છે.

આ આત્મા તીર્થંકર થશે, આ સામાન્ય કેવળી થશે, આ આત્મા ચક્રવર્તી થશે, વગેરે પ્રકારની યોગ્યતા તે તે જીવોમાં અનાદિની છે. તે જીવમાં ચક્રવર્તીપણાની અથવા તીર્થંકરપણાની લાયકાત ન હતી ને નવી લાયકાત કરી એમ નથી. અનાદિથી એમ નક્કી થઈ ગયેલ કે આ જ આત્મા તીર્થંકર વગેરે પદવીને પામશે, આ બળદેવ થશે વગેરે પ્રકારે પદવીની પ્રાપ્તિ થવી એવો તે દ્રવ્યમાં જ ધર્મ છે, તેને ભાવશ્રુતજ્ઞાન જાણે છે ને કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે. સમ્યગ્દ્રષ્ટિનું ભાવશ્રુતજ્ઞાન જાણે છે કે જે જીવ તીર્થંકર થવાનો છે તે જ જીવ તીર્થંકર થશે, જે જીવ બળદેવ થવાનો તે જ જીવ બળદેવ થવાનો, બીજો કોઈ થવાનો નહિ. ભવિષ્યની તેવી પર્યાયોરૂપે થવાની તે જ જીવની લાયકાત છે, એમ ભાવશ્રુતજ્ઞાન જાણે છે.

પ્રશ્ન :–અમુક જીવો તીર્થંકર થશે, કેવળી થશે વગેરે નક્કી છે તો પછી જીવને પુરુષાર્થ શું રહ્યો ?

## પ્રાપ્તની પ્રાપ્તિ છે એમ નક્કી કરતાં દ્રવ્ય તરફ દ્રષ્ટિ થાય છે ને દ્રવ્યદ્રષ્ટિ થવી તે જ પુરુષાર્થ છે.

સમાધાન :–આ જીવ તીર્થંકર થશે વગેરે પ્રકારની લાયકાતનો નિર્ણય કોણે કર્યો ? શેમાં રહીને નિર્ણય કર્યો ? પોતે નિર્ણય કરે છે ને પોતાના જ્ઞાનથી નિર્ણય કરે છે. અહો ! આવી ભવિષ્યની પર્યાયરૂપે થવાનો ધર્મ આત્મામાં છે, એમ નક્કી કરે છે. વ્યવસ્થિત પર્યાયો થાય તેવો દ્રવ્યનો ધર્મ છે. ગમે તે પદ મળે તો તેવી યોગ્યતા હતી તો પ્રાપ્તિ થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે, અપ્રાપ્તની પ્રાપ્તિ હોઈ શકે નહિ. બહારના પુણ્યના યોગો મળે તેની વાત નથી, પણ તીર્થંકર ચક્રવર્તી વગેરેપણે આત્માનું થવું તેવી યોગ્યતા તે દ્રવ્યમાં છે તો બહાર આવે છે. આમ જેણે નક્કી કર્યું તેણે પોતાના દ્રવ્ય તરફ જોવાનું રહ્યું. પણ નિમિત્તો, શુભાશુભભાવો કે પોતાની પર્યાય તરફ જોવાનું ન રહ્યું, તેવી યોગ્યતારૂપે થવાનો ધર્મ આત્માનો છે, બીજાનો નથી. આમ દ્રવ્ય તરફ વળતાં દ્રવ્યદ્રષ્ટિ થાય છે ને એ જ પુરુષાર્થ છે.

અહીં તો દ્રવ્યનયની વાત ચાલે છે. નય તો સમ્યગ્દ્રષ્ટિને હોય છે. જેની પર્યાયે નક્કી કર્યું કે સિદ્ધદશા, કેવળીદશા વગેરે પદવીનો ધરનાર આત્મા પોતે છે, અંતરમાંથી તે પદવી આપવાની છે એમ પોતાની પર્યાયને દ્રવ્ય સાથે જોડી છે, તેવા ધર્મી જીવને દ્રવ્યનય લાગુ પડે છે ને તે જીવનું જ્ઞાન સાચું છે. જે અભવી જીવ ત્રણ કાળમાં પણ સિદ્ધ થવાનો નથી તેનામાં સિદ્ધ થવાનો ધર્મ હોય ?–ન જ હોય. તેમ જે ચક્રવર્તી થઈને મોક્ષે જવાનો છે તે બળદેવ થઈને મોક્ષે જાય એમ કદી બને નહિ. એવી જ પદવી ધારણ કરીને—(બહારની પદવીની વાત નથી)— આત્મામાં એવી જ યોગ્યતા ધારણ કરીને મોક્ષે જવાનો છે, તેમાં ફેરફાર નથી.

પ્રશ્ન :–એવું નિર્માણ થયેલ છે ? કે તેમાં ફેરફાર ન થાય ?

## <u>પરપદાર્થોને તથા રાગને ફેરવવાનો ભાવ કરવો તે વિષમભાવ છે.</u>
## <u>અખંડ જ્ઞાયકસ્વભાવપણે રહેવું તે સમતાભાવ છે.</u>

**<u>સમાધાન :</u>**—જે પદવીની જે જીવમાં યોગ્યતા છે તે અનાદિની છે, એમાં કાંઈપણ ફેરફાર નથી. આત્મદ્રવ્ય કોને કહે છે ? અનાદિ અનંતકાળ સુધીની અનંતી પર્યાયોનો પિંડ તે આત્મદ્રવ્ય છે. તેમાં ભૂતકાળની અનંત પર્યાયો, વર્તમાનની એક પર્યાય અને ભવિષ્યની અનંત અનંત પર્યાયોનો સમાવેશ થાય છે. હવે જે પર્યાય થવાની ન હોય તે થાય એમ માનવામાં આવે તે તેણે પર્યાયો આડી અવળી માની તેથી તેણે દ્રવ્યને માન્યું નહિ. પણ એમ કદી બની શકે નહિ. દરેક આત્માની પર્યાયો વ્યવસ્થિત નક્કી જ છે. આમ નક્કી કરતાં રાગદ્રષ્ટિ, નિમિત્તદ્રષ્ટિ, અંશદ્રષ્ટિ ટળે છે ને દ્રવ્યદ્રષ્ટિ થાય છે. તેની દ્રષ્ટિમાંથી દ્રવ્યસ્વભાવ કદી ખસતો નથી. આવી પર્યાય હોય તો ઠીક એમ ધર્મી ભાવના ભાવતો દ્રવ્યની ભાવના કરતાં જેવી જાતની યોગ્યતા હોય છે તેવી યોગ્યતા પર્યાયમાં પ્રગટ થાય છે. પરપદાર્થમાં ફેરફાર કરવાનો ભાવ તો વિષમતા છે પણ હું તીર્થંકર થઈને મોક્ષે જાઉં અથવા બળદેવ થઈને મોક્ષે જાઉં એવી લાગણી તે પણ પર્યાયદ્રષ્ટિ છે. તે ભાવ વિષમતાવાળો છે. તેવી વિષમતા જ્ઞાનીને હોતી નથી. કારણ કે જ્ઞાની જાણે છે કે અનાદિથી નિર્માણ થઈ ચૂક્યું છે કે જે આત્માઓ તીર્થંકર થવાના તે જ તીર્થંકર થઈને મોક્ષે જશે. પણ તે બળદેવ થઈને મોક્ષે જશે નહિ. જે આત્માની લાયકાત વાસુદેવ થવાની હશે તે જ વાસુદેવ થવાના, જે નારદ થવાને લાયક છે તે જ નારદ થવાના. જે ચક્રવર્તી થઈને મોક્ષે જવાના, તે ચક્રવર્તી થઈને જ મોક્ષે જાય, બીજા જીવો ચક્રવર્તી ન થાય. આમ દ્રવ્યમાં એવો ધર્મ રહેલો છે એમ નક્કી કરનારનું જ્ઞાન નિર્મળ થઈ ગયું છે. અનંત ધર્માત્મક આખા આત્મદ્રવ્યને જ્ઞેય તરીકે જે જ્ઞાનપર્યાયે નક્કી કર્યું તેની પર્યાય પોતાના આત્મામાં અભેદ થાય છે તે

જ્ઞાયકપણું સમતાભાવ છે. તે અલ્પકાળમાં મુક્તિને પામશે. આવી વ્યવસ્થાની ખબર નથી તેને દ્રવ્યની કબૂલાત આવતી નથી ને દ્રવ્યની કબૂલાત વિના ધર્મ પ્રગટ થાય નહિ.

પ્રશ્ન :–જે પદવી મળે છે તેમાં કોઈ વાર ફરે છે ?

## જે પદવી જેને આવવાની છે તેને તે જ પદવી આવે છે. ધર્મી જીવ પરપદાર્થોનો અને શુભાશુભભાવોનો જ્ઞાતા રહે છે.

સમાધાન :–આત્માનો સ્વભાવ જાણવાનો છે, જાણવાનો સ્વભાવ ખદબદાટ કરતો નથી. જાણવાનો સ્વભાવ પોતામાં નિર્વિકલ્પ થાય છે. આમ કરવું ને આમ ન કરવું એવો ફેરફાર કરવાનો અભિપ્રાય નથી. જે પદવી આવવાની તે જ આવવાની, તેને ફેરવવાની બુદ્ધિ રહેતી નથી. જ્ઞાનપર્યાય અખંડ આત્મા જે જ્ઞેય છે તેમાં અભેદ થાય છે. સમ્યક્જ્ઞાને નક્કી કર્યું છે કે મારી પર્યાયમાં સિદ્ધપદ આવશે જ એમ નક્કી છે. વચલા કાળમાં તીર્થંકરપદ આવશે, સામાન્ય કેવળીપદ આવશે કે ચક્રવર્તી કે બળદેવપદ આવશે તે હું જાણતો નથી, પણ જે પદવીઓ આવવાની હશે તે આવશે જ. તેમાં ફેરફાર કરવાની મારે જરૂર નથી. પર્યાયની લાયકાત મુજબ પર્યાય પ્રગટ થશે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. ન હોય તે નવું થાય નહિ. પોતાની યોગ્યતા અનુસાર જે પદવી થવાની હોય તે થયા વગર રહેવાની નથી. તેમાં ફેરફાર નથી. આવું નક્કી કરે તો સ્વ ઉપર દ્રષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય.

સંસારમાં પણ પૈસાની પ્રાપ્તિ પુરુષાર્થ વડે થતી નથી પણ પૂર્વનાં પુણ્ય અનુસાર થાય છે. મકાનનું બનવું તે મકાનના કારણે છે, મિસ્ત્રીના કારણે નથી. કોઈ કહે કે મિસ્ત્રી વગર કેવી રીતે થાય ? સમાધાન :–મકાન તૈયાર થતાં સુધી મિસ્ત્રી તો માત્ર છ–બાર માસ હોય છે પછી સો વરસ સુધી મકાન એવું ને એવું રહે છે. ત્યારે મિસ્ત્રીની હાજરી નથી. જો મિસ્ત્રીની હાજરી વગર સો વરસ ટકી રહ્યું તો પહેલાં છ–બાર માસ પણ તેના વગર જ બનીને ટકી રહ્યું છે, એમ નક્કી કરે તો પરનો જાણનાર રહે. હું તો જ્ઞાતા છું. પરવસ્તુની પર્યાય તેના કારણે થઈ રહી છે એમ નક્કી કરતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ ખીલે છે ને તેમાં પરપદાર્થો જણાઈ જાય છે. સમ્યગ્દર્શન થયા પછી વચલા ભવો ગમે તે આવો તેના પ્રત્યે સમતાભાવ છે. બળદેવ થઈને મોક્ષે જાઉં તેના કરતાં તીર્થંકર થઈને મોક્ષે જાઉં તો ઠીક–એવો વિષમભાવ જ્ઞાનીને હોતો નથી. પર નિમિત્તોનો, વિકલ્પોનો કે પર્યાયનો ફેરફાર કરવાની મારી તાકાત નથી. હું તો મારા જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર થાઉં છું. નિર્મળ દશા થતાં વચમાં જે પદવી આવવાની હોય તે આવે તેનો હું

જ્ઞાતા જ છું. અહો ! ભવિષ્યમાં જે પર્યાય થવાની તે પર્યાય જ થશે. સતનો ઉત્પાદ થશે. ન હોય તેનો ઉત્પાદ થશે નહિ. પર્યાયોના આધારભૂત દ્રવ્ય કેવું છે ? દ્રવ્ય તો શુદ્ધ છે એમ જાણવું જોઈએ. શુભાશુભ વિકલ્પો, નિમિત્તો, પદવીઓ ને પર્યાયો બધું જ્ઞેય છે. હું તેમાં ફેરફાર કરનાર નથી. હું તો માત્ર જ્ઞાતા છું. આનું નામ ધર્મ છે.

## સંયોગો, પદવીઓ, શુભાશુભભાવો, પર્યાયો તથા દ્રવ્યસ્વભાવ ફરતા નથી જેમ છે તેમ છે. માત્ર દ્રષ્ટિ ફેરવવાની છે.

પ્રશ્ન :–શું દ્રવ્યનો પર્યાય ઉપર પણ કાબુ નહિ ?

સમાધાન :–પર્યાય ઉપરના કાબુની જરૂર જ નથી, કારણ કે પર્યાય તો અંશ છે. જેની દ્રષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે તેને પર્યાય કાબુમાં આવી ગઈ છે ને પર્યાય કાબુમાં આવતાં જે પર્યાય નિમિત્તમાં, રાગમાં અટકતી તે હવે તેમાં નહિ અટકતાં સ્વભાવ તરફ ઢળતાં નિર્મળ થવા લાગી. પર્યાયને આમ ફેરવું એવો પ્રશ્ન જ રહેતો નથી.

૧. દ્રવ્યશક્તિઓ તો અનાદિઅનંત જે છે તે છે તેને ફેરવવી નથી.
૨. વર્તમાનપર્યાય જે પ્રગટે છે તેને ફેરવતી નથી કારણ કે પર્યાયના લક્ષે પર્યાય ફરતી નથી (શુદ્ધ થતી નથી).
૩. વિકલ્પો શુભાશુભને ફેરવવા નથી કારણ કે તે વિકાર છે. વિકારના લક્ષે વિકાર ફરતો નથી (ટળતો નથી).
૪. સંયોગો તથા પદવીને ફેરવવી નથી. કારણ કે તે પરપદાર્થો છે. આત્મા તેને ફેરવી શકતો નથી.

ત્યારે શું ફેરવવું ? સંયોગો ફરતા નથી. રાગના લક્ષે રાગ ફરતો નથી. પર્યાયના લક્ષે પર્યાય ફરતી નથી (શુદ્ધ થતી નથી) ને વસ્તુમાં શક્તિઓ છે તેને પણ ફેરવવી નથી. તો શું ફેરવવું ?

## દ્રષ્ટિ ફેરવ.

જે દ્રષ્ટિ પર ઉપર, પુણ્ય ઉપર ને પર્યાય ઉપર છે ને રાગમાં અટકે છે તેને તે તરફથી ઉઠાવી સ્વભાવ તરફ દ્રષ્ટિ કરવાની જરૂર છે. સંયોગો ઉપર દ્રષ્ટિ હતી તે અખંડ દ્રવ્ય ઉપર થતાં નિર્મળતા થાય છે ને અશુદ્ધતા ટળી જાય છે.

પ્રશ્ન :–જ્ઞાની સંયોગો ફેરવવાની ઇચ્છા કરે ?

સમાધાન :–અજ્ઞાની કે જ્ઞાની કોઈ સંયોગો ફેરવી શકતો નથી. તેથી જ્ઞાની તેની ઇચ્છા કરતો નથી. અનંત ધર્મોનો પિંડ વસ્તુ છે એમ નક્કી કરતાં દ્રષ્ટિ ફરી છે, દ્રવ્ય ફર્યું નથી. દ્રવ્ય તો અનંત શક્તિનો પિંડ એવું ને એવું જ પડ્યું છે. તેના ઉપર દ્રષ્ટિ થતાં ધર્મ થાય છે.

## અમુક રાગ ને અમુક સંયોગો મને હો ને અમુક ન હો એવી ભાવના જ્ઞાનીને હોતી નથી.

જ્ઞાની ચક્રવર્તીપદે પણ હોય છે. ચક્રવર્તી પદમાં ઘણી ઉપાધિ છે તેથી તે ન આવ્યું હોત તો ઠીક હતું, તેના કરતાં નિર્ધન થયો હોત તો સારું થાત—એવો વિકલ્પ જ્ઞાનીને  હોતો નથી. પરપદાર્થ આવે કે ન આવે તો ઠીક એ બધો વિષમભાવ છે—મિથ્યાભાવ છે. વિષમભાવ કરે તો સમકિત રહેતું નથી. જ્ઞાની પુરુષો કહે છે કે તારો તો આત્મા છે. જેને આવે તે જ્ઞેય છે. એ ક્યાં તારામાં છે ? એ ક્યાં તારા માટે આવે છે ? તેઓ તેનામાં રહીને તેના કારણે આવે છે તો પછી તે હો અથવા ન હો તે વાત રહેતી નથી. વળી શુભાશુભ વિકલ્પો આવે છે તે શું તારામાં છે ? તારા શુદ્ધ સ્વભાવને લીધે શું તે આવે છે ? નબળાઈને લીધે આવે છે તે નબળાઈ પણ તારી નથી તો પછી આ શુભભાવ હો ને અશુભભાવ ન હો એવો પ્રશ્ન પણ રહેતો નથી. તું તો શુભાશુભ ભાવોનો તથા સંયોગોનો જાણનાર છો.

## જ્ઞેયોમાં ફેરફાર કરવાનો આત્માનો અધિકાર નથી. જ્ઞેયોને માત્ર જાણવાનો અધિકાર છે.

સાધારણ, જ્યોતિષી પણ કહે કે અમુક દિવસે ગ્રહણ થશે. કોઈ કહે કે આ ગ્રહણ થવા દેવું નથી. લાવો, તેમાં ફેરફાર કરીએ, પણ તેમાં કાંઈ ફેરફાર થઈ શકતો નથી. ગ્રહણ થયા વિના રહેતું નથી. તેમાં કાંઈ ફેરફાર કરી શકતો નથી. તેમ અહીં મોટા જ્યોતિષી કેવળજ્ઞાની કહે છે કે જે જ્ઞેયો, જ્યાં જે વખતે આવવાના છે, તે આવવાના છે તેમાં તું ફેરફાર કરી શકે એમ નથી. એવો વસ્તુસ્વભાવ છે. જ્ઞેયોમાં ફેરફાર કરવાનો તારો અધિકાર નથી પણ તેને જાણવાનો તારો અધિકાર છે. આમ પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા આવે તો સમ્યગ્દર્શન થાય ને વિશેષ ઘૂંટણ કરે તો ચારિત્રદશા પ્રગટ થાય.

અહીં દ્રવ્યનયની વાત ચાલે છે. નય સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. અભવીને નય હોતા નથી. અભવી હોય તે તીર્થંકર, બળદેવ વગેરે પદવી પ્રાપ્ત કરી શકે નહિ. વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણ અભવીને કદી ન થાય. તેને ધર્મ થતો નથી તેથી

તેને નય નથી. જ્ઞાની જાણે છે કે આ અભવી છે, તેનું જ્ઞાન ખોટું છે ને તેની પર્યાય એવી ને એવી અનંતકાળસુધી અભવીપણે જ રહેશે.

## ભૂત ને ભવિષ્યની પર્યાયરૂપે થવાની લાયકાત પોતાની છે એવા ધર્મનું ભાન થતાં ત્રણ કાળની પર્યાયોનો પિંડ અખંડ આત્મા હું છું એમ નક્કી થાય છે.

અહીં ધર્મી જીવ વિચારે છે કે મેં ઘણા ભવો કર્યા. રાજાના, રંકના, મનુષ્યના, ઢોરના નારકીના વગેરે ગયા કાળના ભવો શ્રુતજ્ઞાનમાં પ્રતિભાસે છે. ભૂતકાળમાં ક્યાં, કેવો ભવ હતો વગેરે વિગતથી શ્રુતજ્ઞાનમાં તે કદાચ ન જાણતો હોય તોપણ ભૂતકાળના અનંતા ભવોની અનંતી ભૂતપર્યાયનો સામાન્ય ખ્યાલ પરોક્ષપણે આવે છે. વળી પોતાના દ્રવ્યસ્વભાવનો નિર્ણય કરતાં હું ભવિષ્યમાં સિદ્ધપદને પામીશ એવો નિર્ણય યથાર્થ કરે છે. વચલા ભવોમાં કઈ પદવી મળશે તે ચોક્કસપણે ન જાણતો હોય કે પદવી મળીને સિદ્ધ થવાનો કે સામાન્ય કેવળી થઈને સિદ્ધ થવાનો, એ ભલે ખબર હોય પણ ભવિષ્યમાં ટૂંક વખતમાં સિદ્ધ થઈશ એવી પ્રતીતિ આવી છે, એમ ભૂત ને ભવિષ્યની પર્યાયો જ્ઞાનમાં પ્રતિભાસે છે. એકલો વર્તમાન જેટલો જ છું એમ પ્રતિભાસતું નથી. આમ આત્મદ્રવ્ય જે ભૂત, વર્તમાન ને ભવિષ્ય–ત્રણે કાળના પર્યાયોનો પિંડ છે, તેને યથાર્થ નક્કી કર્યું. આવી રીતે પ્રમાણજ્ઞાન પ્રમેય એવા આત્મદ્રવ્યને નક્કી કરે છે. આત્મદ્રવ્ય જેવું છે તેવું પર્યાયમાં પ્રગટ થાય છે એટલે જ્ઞાન ને જ્ઞેય અભેદ થાય છે તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આવી રીતે ભૂતની પર્યાયરૂપે ને ભવિષ્યની પર્યાયરૂપે આત્મદ્રવ્ય વર્તમાનમાં ખ્યાલમાં આવે તેવો એક આત્મામાં ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને દ્રવ્યનય કહે છે. ॥૧૪॥

## વ્યાખ્યાન પછીની ચર્ચા

(જેઠ વદ ૧૧, શુક્રવાર)

પ્રશ્ન :–બધું નિર્માણ થયેલ છે ને ?

## વસ્તુની સમય સમયની અવસ્થા તે જ તેની વ્યવસ્થા છે.

સમાધાન :–કોઈ વસ્તુનું નિર્માણ થવું તે પર્યાયધર્મ છે. દ્રવ્યનો પલટન સ્વભાવ છે. કોઈ બીજું નિર્માણ કરનાર નથી. વસ્તુની સમય સમયની અવસ્થા તે તેની વિશેષ અવસ્થા છે. એટલે કે વ્યવસ્થા છે ને તે દરેક વસ્તુનું નિર્માણ છે.

પ્રશ્ન :–દ્રવ્ય પર્યાયને ફેરવે કે નહિ ?

## <u>પર્યાયને ફેરવતી નથી, દ્રવ્યદ્રષ્ટિ થતાં મિથ્યાદર્શનની પર્યાય ફરીને નાશ પામે છે, સમ્યક્ પર્યાય ઉત્પન્ન થાય છે.</u>

સમાધાન :–વસ્તુના બે ધર્મો છે. સામાન્ય ને વિશેષ. બન્નેનો નિર્ણય કરવો તે ધર્મ છે. સંયોગોને દૂર કરવા નથી, કેમ કે તે તો નિર્માણ થઈ ચૂકેલા છે. હું તો જ્ઞાતા છું એમ નિર્ણય થતાં પરનું જ્ઞાન થઈ જાય છે ને વિકારી પર્યાય ફરીને નિર્વિકારી થાય છે. ચક્રવર્તી પદ આવે તો પણ હું જ્ઞાનસ્વરૂપ ને ચક્રવર્તી પદ આવે તો તેને દૂર પણ કરવું નથી—ખસેડવું નથી. સ્વજ્ઞેયને જ્ઞાન તરફ રાખવું એ જ વીતરાગભાવ છે. બધાનો જાણનાર છું પણ પરનો સ્વામી નથી, પરને ફેરવવા નથી, પદવીને ફેરવવી નથી, રાગમાં ફેરફાર કરવો નથી, પર્યાયમાં ફેરફાર કરવો નથી, દ્રવ્યમાં ફેરફાર કરવો નથી. હું તો માત્ર જાણનાર છું. આમ દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ થતાં નિર્મળતા થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. આમ નક્કી થતાં ધર્મદશા પ્રગટ થાય છે ને મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી. દ્રષ્ટિ ફેરવવાની જરૂર છે.

## <u>જ્ઞાની જીવને સાધકદશામાં ભવ પ્રત્યે તેમ જ મોક્ષ પ્રત્યે સમભાવ વર્તે છે</u>

જ્ઞાની જીવને કાંઈ વાંછા નથી. સામાન્ય કેવળી થઈને મોક્ષે જાઉં તો ઠીક, બળદેવ થઈને મોક્ષે જાઉં તો ઠીક, તીર્થંકર થઈને મોક્ષે જાઉં તો ઠીક એવો વિકલ્પ જ્ઞાનીને હોતો નથી. જ્ઞાનસ્વભાવ અધિક છે. એવો નિર્ણય કરનાર જીવને "આમ કેમ ?" એવો પ્રશ્ન જ ઊઠતો નથી. કોઈને સમ્યક્જ્ઞાન થયા પછી બે ભવે મોક્ષ થાય ને કોઈને પાંચ ભવે થાય તો બે ભવ કેમ ? અથવા આને પાંચ ભવ કેમ ? એવો પ્રશ્ન નથી. કારણ કે ભવ ઉપર દ્રષ્ટિ જ નથી. શ્રીમદે કહ્યું છે કે :–

## <u>"ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો"</u>

**<u>સાધકદશામાં અલ્પ ભવો રહ્યા છે. તે ભવો ઉપર કે ભવરહિત પરિપૂર્ણ મોક્ષદશા ઉપર જ્ઞાનીને સમભાવ વર્તે છે. બન્ને જ્ઞેય છે. મોક્ષમાં વહેલું જવું નથી ને મોડું જવું નથી. વહેલા મોડા ઉપર દ્રષ્ટિ જ નથી. ભવ કે મોક્ષ બન્ને પર્યાય છે. તે પર્યાય ઉપર દ્રષ્ટિ નથી. દ્રષ્ટિ એક અખંડ જ્ઞાયક સ્વભાવ ઉપર જ છે.</u>** પ્રમેય એટલે જણાવાયોગ્ય વસ્તુ જે જે પ્રમેય છે તેને જાણે. સિદ્ધદશા પ્રમેય છે. વિકલ્પ પ્રમેય છે. સંયોગો પ્રમેય છે. અખંડ આત્મદ્રવ્ય પ્રમેય છે. તે બધાને જાણનારું શ્રુતજ્ઞાન પ્રમાણ છે. જે જે પ્રમેય છે તેનું તે જ્ઞાન કરે. છે તેનો ફેરફાર કરે ?—ના.

ફેરફાર કરે તો પ્રમાણજ્ઞાન ખોટું થાય છે. આમ પ્રમાણજ્ઞાન ને પ્રમેયનું સાચું સ્વરૂપ નક્કી કરવું તે જ હિત છે.

## આમ કેમ ? એવો પ્રશ્ન સંયોગોમાં નથી, પદવીમાં નથી, શુભાશુભ વિકલ્પોમાં નથી, પર્યાયમાં નથી કે જ્ઞાતામાં નથી.

સંયોગો, વિકલ્પો, પર્યાયો જે જે આવવાના છે તે આવવાના છે. જે જાતનો પર્યાય ધર્મ આવવાનો છે તે આવવાનો છે. આમ કેમ ? એવો પ્રશ્ન સંયોગોમાં નથી. આવી પદવી કેમ ? એવો પ્રશ્ન પદવીમાં નથી. આવો વિકલ્પ કે આવી પદવી કેમ ? એવો પ્રશ્ન વિકલ્પ કે પર્યાયમાં નથી. આમ કેમ? એવો પ્રશ્ન જ્ઞાનસ્વભાવમાં પણ નથી. જ્ઞાતા જે છે તે છે. સંયોગો ને પદવી પ્રમેય છે. વિકલ્પ પ્રમેય છે, પર્યાય પ્રમેય છે. આખું દ્રવ્ય પ્રમેય છે. જે પ્રમાણે જણાવાયોગ્ય છે તેમ પ્રમાણજ્ઞાન જાણી લ્યે છે. આમ જ્ઞાતા સ્વભાવનો તેમ જ પ્રમેય સ્વભાવનો નિર્ણય યથાર્થ થતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાનશક્તિ ખીલતાં જેમ છે તેમ જાણે છે, સમ્યક્જ્ઞાન પ્રગટે છે, નિર્મળદશા થતી જાય છે માટે પદાર્થને યથાર્થ સમજો.

દ્રવ્યસ્વભાવ માહાત્મ્યદર્શી શ્રી સદગુરુદેવનો જય હો ! વિજય હો !!

* * *

# પ્રસાદ નં. ૨૪૧

## પ્રવચનસાર પરિશિષ્ટ (પૃષ્ઠ ૪૪૧)

(જેઠ વદ ૧૨, શનિવાર)

## જીવે અનાદિકાળથી પરલક્ષ કર્યું છે પણ સ્વસન્મુખ લક્ષ કર્યું નથી.

આત્મામાં એક સમયમાં અનંતી ઋદ્ધિઓ ભરેલી છે. તેને કોઈ બહારના પદાર્થોની જરૂર નથી. એવડો આત્મા ખ્યાલમાં ન આવે ત્યાં સુધી દ્રષ્ટિ સાચી થાય નહિ, તે વિના ચારિત્ર સાચું હોય નહિ. અનંતા ભવો થયા પણ આત્મદ્રવ્યને લક્ષમાં લીધું નહિ. નિગોદમાં ગયો. બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય થયો, સ્વર્ગના ભવો કર્યા, બાહ્યત્યાગી થઈ અનંતા ભવો કર્યા, દ્રવ્યલિંગી સાધુ થયો, અનંતવાર પંડિત થયો, લાખો પુસ્તકો ભણ્યો. નવ પૂર્વ સુધી અભ્યાસ કર્યો પણ આત્માની સન્મુખ થઈને પ્રતીતિ કરી નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર ને પ્રતિમા સામું જોઈને, મનની સામું જોઈને, શાસ્ત્રનું ભણતર કર્યું પણ આત્મકલ્યાણ થયું નહિ. એકવાર પણ જો આત્મસન્મુખ રહી પ્રતીતિ કરે તો જન્મ-મરણ ટળ્યા વિના રહે નહિ.

## (૧૪) દ્રવ્યનયનું સ્વરૂપ

(ચાલુ)

આત્મદ્રવ્યમાં અનંતા ધર્મો છે. આત્મદ્રવ્ય ભૂતકાળની પર્યાયપણે ને ભવિષ્યની પર્યાયપણે વર્તમાન પ્રતિભાસે છે એવો આત્મામાં ધર્મ છે. દ્રવ્ય સન્મુખ દ્રષ્ટિ કરતાં વર્તમાન પર્યાયમાં શુદ્ધિ થાય છે. મારું દ્રવ્ય ત્રણે કાળની પર્યાયનો પિંડ છે, તેમાંથી શુદ્ધિની પર્યાય આવે છે. તીર્થંકર, ગુરુ, શાસ્ત્ર કે વાણી કોઈ મને ધર્મ આપે એમ નથી. ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો જેમાં પ્રતિભાસે તે જ્ઞાન કેવડું મોટું હશે ? બધા પદાર્થો પ્રમેય છે અર્થાત્ જ્ઞાનમાં આવવાયોગ્ય છે અને જ્ઞાન તે પ્રમાણ છે. પ્રમાણજ્ઞાન દ્વારા અનંત ધર્માત્મક આત્માને જેણે જાણ્યો તેનો રાગ તૂટીને સ્વભાવમાં એકાગ્રતા થયા વિના રહે નહિ. જે છતી શક્તિ અંતરમાં પડી છે તે પ્રગટ થાય છે. સમ્યક્જ્ઞાન વધીને કેવળજ્ઞાન થાય છે.

## (૧૫) આત્મદ્રવ્ય વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે એવો તેનો એક ધર્મ છે, તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને ભાવનય કહે છે.

“આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે—પ્રકાશે—પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે. જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ).”

જે પર્યાય રાગ-દ્વેષમાં ને નિમિત્તમાં અટકતી તે સાચી શ્રદ્ધા થતાં દ્રવ્યમાં અભેદ થાય તે તો ઠીક પણ આ નય તો દ્રવ્ય પોતે સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રની નિર્મળ પર્યાયરૂપે ઉલ્લસે છે. તત્કાળના પર્યાયરૂપે આખું દ્રવ્ય પ્રતિભાસે છે. અહીં સાધકની ઓછીવત્તી પર્યાય હોય તેનો પ્રશ્ન નથી. નિમિત્ત નહિ, શુભાશુભ ભાવ નહિ, અધૂરી પર્યાય નહિ પણ હું તો અનાદિઅનંત શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવી દ્રષ્ટિ થઈ કે વસ્તુ આખી પર્યાયમાં પ્રતિભાસે છે. એવો આત્મામાં એક ધર્મ છે. તેને જાણે તેને ભાવનય કહે છે. દ્રવ્યનયથી આત્મદ્રવ્ય ભૂત ને ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં પ્રતિભાસે છે ને ભાવનયથી આત્મદ્રવ્ય આખું વર્તમાન પર્યાયરૂપે ઉલ્લસે છે. કોને ઉલ્લસે છે ? કેવળજ્ઞાની તો નયાતિક્રાંત છે. મિથ્યાદ્રષ્ટિ જીવને તો દ્રવ્યની શ્રદ્ધા થતી નથી તેથી તેને દ્રવ્ય ઉલ્લસતું નથી કારણ કે તેણે તો વિકલ્પ તે જ હું એટલે રાગ જેટલો ને પર્યાય જેટલો આત્મા માન્યો છે, તેથી તેને દ્રવ્ય ઉલ્લસે નહિ, માત્ર સાધક જીવને ઉલ્લસે છે. આ ઉપરથી નક્કી થાય છે કે નિમિત્તથી, દયા-દાનના પુણ્યભાવથી, બાહ્યક્રિયાથી દ્રવ્ય ઉલ્લસતું નથી. નિમિત્તો ને સંયોગો પર છે, વિકાર તે આત્માનું સ્વરૂપ નથી અને પર્યાય જેટલો આત્મા નથી. આત્મા તો અનંત ધર્માત્મક વસ્તુ છે એવા શ્રદ્ધા-જ્ઞાન થતાં આખું દ્રવ્ય પર્યાયરૂપે ઉલ્લસે છે. સમય સમયની પર્યાયની વાત છે. વર્તમાન પર્યાયમાં આખું દ્રવ્ય ઉલ્લસે છે. જીવે પૂર્વે અનંતી વાર ક્રિયાકાંડ કર્યા, દેહની ક્રિયા કરી, પુણ્યભાવ કર્યા પણ સાચી સમજણ વિના ધર્મ થયો નહિ માટે પ્રથમ અનંત ધર્માત્મક આત્મવસ્તુની સમજણ કરવી જોઈએ. જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ આખું દ્રવ્ય વર્તમાન પર્યાયરૂપે ઉલ્લસે છે. પર્યાયમાં દ્રવ્ય તન્મય થાય છે. આમ આખા આત્મદ્રવ્યનું વર્તમાન પર્યાયરૂપે પ્રકાશવું એવો પણ તેનો એક ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને ભાવનય કહે છે ।।૧૫।।

## (૧૬) આત્મદ્રવ્ય સર્વ પર્યાયોમાં વ્યાપે છે એવા વ્યાપકધર્મને જાણનાર જ્ઞાનના અંશને સામાન્યનય કહે છે.

“આત્મદ્રવ્ય સામાન્યનયે હાર, માળા, કંઠીના દોરાની માફક વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વે મોતીમાં વ્યાપે છે તેમ).”

જેવી રીતે મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ આત્મા સર્વ પર્યાયોમાં વ્યાપે છે. આત્મા વ્યાપક છે ને પર્યાય વ્યાપ્ય છે. આત્મા પોતે પોતાની પર્યાયોમાં વ્યાપક થઈને રહે છે પણ દેવ-ગુરુ-શાસ્ત્ર પહોળા થઈને જીવની પર્યાયમાં વ્યાપતા નથી એટલે કે તે મદદ કરતા નથી. સમયે સમયે આત્મા પોતે જ દરેક પર્યાયમાં વ્યાપીને રહેલ છે. પર્યાયોમાં આત્મા પોતે જ પ્રાપ્ત થાય છે. દેવ-ગુરૂ કે કર્મ શરીરાદિ તે પર્યાયમાં પ્રાપ્ત થતા નથી. અનંત શક્તિનો પિંડ એવું આત્મદ્રવ્ય પોતે જ સમ્યગ્દર્શન પર્યાયમાં, ચારિત્ર પર્યાયમાં ને કેવળજ્ઞાન આદિ પર્યાયમાં વ્યાપે છે. આવું વ્યાપકપણું એક ધર્મ છે. ધર્મી જીવ અનંત ધર્માત્મક વસ્તુને જાણે છે. ને જાણે છે કે મારી નિર્મળતામાં હું વ્યાપું છું ને મારી નિર્મળતા મારા આધારે છે. પણ નિમિત્ત આવે તો કામ થાય ને અમુક નિર્દોષ આહાર હોય તો નિર્મળતા થાય તે વાત રહેતી નથી. આહારાદિ પદાર્થો ધર્મ પર્યાયમાં વ્યાપતા નથી. આત્મા પોતે વ્યાપક થઈને પોતાની પર્યાયોમાં વ્યાપે છે. આવું વ્યાપકપણું હોવું તે આત્માનો એક ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને સામાન્યનય કહે છે.

## પરમાં કે રાગની ક્રિયામાં ધર્મ નથી. અનંત ધર્માત્મક આત્મવસ્તુનાં શ્રદ્ધા-જ્ઞાનમાં ધર્મ છે.

લોકોની દ્રષ્ટિ અનાદિથી પરમાં, વિકારમાં ને અંશમાં રહેલી છે. પણ અનંત ધર્માત્મક વસ્તુ કેવી છે, તેની તેને ખબર નથી. ધર્મ કેમ થાય ? અનંત ધર્મોને ધરનાર ધર્મી આત્માને નક્કી કરે તો ધર્મ થાય. એ જ ધાર્મિક ક્રિયા છે. શરીરની ક્રિયા, રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા તે ધાર્મિક ક્રિયા નથી. વિધવાના આંસુ લુવા, અનાજ આપવું તે ધર્મ નથી. તે લેવાદેવાની ક્રિયા તો જડની છે. અનુકંપાનો ભાવ શુભ છે–પુણ્ય છે. પણ તે ધાર્મિક ક્રિયા નથી. જે જીવ પરથી કે રાગથી ધર્મ માને તેને ધર્મ થતો નથી. પણ વસ્તુ જેમ છે તેમ નક્કી કરે તો ધર્મ થાય.

## આત્માનો એક ધર્મ માને નહિ તો આત્માનું જ્ઞાન સાચું થતું નથી.

સંસારની મોટપ રાખવા ક્યાંય પણ હીણપ પડે તો ગોઠતું નથી. આબરૂ, સત્તાપ્રિયપણું, પૈસાની પ્રાપ્તિ, દુકાનની લેણદેણ વગેરે કોઈપણ વસ્તુમાં હીણપ ગોઠતી નથી. જેમ તંબુનો એકાદ ખીલો પણ ઢીલો પડી જાય તો તંબુમાં સળ પડી જાય છે, તે ઢીલો પડી જાય તે ગોઠતું નથી, તેમ આત્મામાં અનંત ધર્મો છે તેમાંથી એક ધર્મને પણ ન જાણે તો આત્મતંબુમાં સળ પડે છે, તે ઢીલો પડી જાય છે એટલે મિથ્યાશ્રદ્ધા થઈ જાય છે. વ્યવહાર રત્નત્રયથી નિર્મળશ્રદ્ધા પ્રગટ થશે એવી

ઊંધી શ્રદ્ધા થતાં અખંડમાં ખંડ પડે છે. આત્માનાં સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન થતાં નથી માટે એક પણ ધર્મ ઓછો માને અથવા વિપરીત માને તો આત્મદ્રવ્ય સાબિત થતું નથી. આત્મદ્રવ્ય સાબિત થયા વિના આત્માનો અનુભવ થાય નહિ. અહીં વ્યાપક ધર્મને બતાવનાર જ્ઞાનના અંશને સામાન્યનય કહે છે. તે નયનું સ્વરૂપ પૂરું થયું. ।।૧૬।।

## (૧૭) એક પર્યાય વખતે બીજી પર્યાયમાં નહિ વ્યાપવારૂપ એવો આત્મામાં અવ્યાપકધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને વિશેષનય કહે છે.

''આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે. જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ).''

આ ધર્મમાં અવ્યાપકપણું બતાવવું છે. જેમ એક મોતી બીજા મોતીમાં કે આખી માળામાં વ્યાપતું નથી તેમ આત્માની એક પર્યાય બીજી પર્યાયમાં વ્યાપતી નથી. તેથી પહેલી પર્યાયની અપેક્ષાએ બીજી પર્યાયમાં અવ્યાપકપણું છે. આવું અવ્યાપકપણું પણ આત્માનો એક ધર્મ છે. સામાન્યનયે આત્મા બધી પર્યાયોમાં વ્યાપતો હતો પણ વિશેષનયે બધીમાં વ્યાપતો નથી, એક જ પર્યાયમાં વ્યાપે છે. આથી નક્કી થાય છે કે એક પર્યાય બીજી પર્યાયને મદદ કરી શકે નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પણ બીજી નિર્મળ પર્યાયને મદદ કરતી નથી તો પછી શુભરાગરૂપ વિકારની પર્યાય નિર્મળ પર્યાયને મદદ કરે ને ધર્મ પ્રગટાવે તેમ કદી બની શકતું નથી.

અન્યમતવાળા ઈશ્વરને સર્વવ્યાપક માને છે તેવું સર્વવ્યાપકપણું નથી પણ પોતાની બધી પર્યાયોમાં વ્યાપે છે એ અપેક્ષાએ સામાન્યનયે આત્મા વ્યાપક છે એમ કહ્યું છે, ને વિશેષનયે એક પર્યાયમાં વ્યાપે છે ને બીજી પર્યાયમાં તે વખતે વ્યાપતો નથી માટે અવ્યાપક છે એવો આત્મદ્રવ્યનો ત્રિકાળ ધર્મ છે. તે ધર્મ સમય પૂરતો છે એમ નથી. એક પર્યાયનો વ્યય થાય છે માટે ધર્મ ચાલ્યો જાય છે એમ નથી. આત્મ વસ્તુનો એવો ધર્મ છે કે તે એક સમયે એક જ પર્યાયમાં વ્યાપે.

આવી રીતે જીવ નિર્ણય કરે તો વિરોધતા ટળે. વસ્તુસ્વરૂપ જ આમ છે. આત્મામાં અનંતા ધર્મો છે એમ નક્કી કરવું જોઈએ. આત્મા એક સમયે એક પર્યાયમાં વ્યાપે છે, તે વખતે તે બીજી પર્યાયમાં વ્યાપતો નથી એવા અવ્યાપક ધર્મને જાણનાર જ્ઞાનના અંશને વિશેષનય કહે છે. ।।૧૭।।

## (૧૮) અનેક ભવોમાં કાયમપણે ટકવું એવો આત્મામાં નિત્યધર્મ છે, તેને જાણનાર જ્ઞાનના અંશને નિત્યનય કહે છે.

''આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે. (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય–ટકનારો જ છે, જેમ રામ રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ).''

નાટકમાં નાટકીયો જુદા જુદા વેશ ધારણ કરે છે. કોઈ વાર રામનો વેશ, કોઈ વાર રાવણનો વેશ ધારણ કરે તો પણ નાટકીયો એક જ છે. કોઈ વખત સ્ત્રીનો વેશ ધારણ કરે છતાં તે નાટકીયો સમજે છે કે હું તે સ્ત્રીરૂપ થઈ ગયો નથી. હું તો નાટકીયો પુરુષ છું. બધા સ્વાંગમાં રહેનારો નાટકીયો નિત્ય છે તેમ આત્માએ નટની જેમ વેશ ઘણા ધારણ કર્યા. કીડીનો, કાગડાનો, સાતમી નરકનો, દેવનો, રાજાનો, રાંકનો વગેરે ઘણા ભવો કર્યા, શરીરો ધારણ કર્યા, તે આત્મા નથી પણ તે તે શરીરો વખતે તેવી તેવી યોગ્યતાવાળો આત્મા છે જેમ કે સોપારી જેવડું ગૂમડું થાય ત્યારે ત્યાંના આત્મપ્રદેશો તેરૂપ પરિણમી જાય છે. તીર્થંકર બાળકપણે હોય ત્યારે ઇન્દ્રો ભગવાનને હજારો આંખોથી જુએ છે તે રૂપે આત્મા અંદર પરિણમ્યો છે. શરીરથી એવી અવસ્થા થાય છે એમ નથી પણ પોતાના કારણે તેવી અવસ્થા થાય છે. તે જુદી જુદી અવસ્થાઓ વખતે આત્મા નિત્ય રહ્યો છે. આત્મા બદલી જતો નથી. સાતમી નરકે ગયો ત્યાં શરીરના કટકા વારંવાર થવા છતાં ત્યાં પણ આત્મા અખંડ અસંખ્યપ્રદેશી અભેદ વસ્તુપણે કાયમ રહ્યો. અનેક પર્યાયો થવા છતાં, અનંતા ભવો થવા છતાં આત્મા એવો ને એવો કાયમ ટકનારો પદાર્થ રહે છે. એવો આત્મામાં એક નિત્યધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નિત્યનય કહે છે. ॥૧૮॥

## (૧૯) સમયે સમયે જુદી જુદી અવસ્થા ધારણ કરવી એવો અનિત્ય ધર્મ આત્મામાં છે, તે અનિત્યધર્મને જાણનાર જ્ઞાનના અંશને અનિત્યનય કહે છે.

''આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).''

જેમ નાટકીયો રામનો સ્વાંગ ધારણ કરે છે ત્યારે તે રાવણરૂપ નથી ને રાવણરૂપ હોય છે ત્યારે રામરૂપ નથી એટલે તે સ્વાંગો ક્ષણિક છે તેમ આત્મા ક્ષણે ક્ષણે અવસ્થારૂપે પલટાય છે. આકાર પણ પલટાય છે ને બીજા ગુણોની અવસ્થા

પણ પલટાય છે, એટલે તે એક ક્ષણ પૂરતા રહે છે. અરૂપીનો આકાર અરૂપી હોય છે તે પણ અવસ્થાએ બદલાય છે. આવું અનિત્યપણે રહેવું એ પણ આત્માનો એક ધર્મ છે. એ અનિત્યધર્મને જાણનાર જ્ઞાનના અંશને અનિત્યનય કહે છે.

## આત્મા એકાંત નિત્ય નથી, એકાંત અનિત્ય નથી. આત્મા નિત્ય-અનિત્ય છે.

કોઈ કહે કે આત્માને કાં તો નિત્ય માનો અથવા અનિત્ય માનો, નિત્ય અનિત્ય બન્ને એક સાથે માનો છો તે વાત અમોને બેસતી નથી, એમ અજ્ઞાની દલીલ કરે છે.

**સમાધાન :—(૧)** આત્મામાં નિત્ય અને અનિત્ય એવા બન્ને ધર્મો એક સાથે રહેલા છે. જો એકલો નિત્ય-કૂટસ્થ માનવામાં આવે તો કાર્ય શેમાં થાય ? દુઃખની અવસ્થાનો નાશ થઈ આનંદરૂપ અવસ્થા પ્રગટ કરવાનો પ્રસંગ બને નહિ. આ મારે શ્રવણ કરવું છે ને સમજવું છે એવા શ્રવણનો ભાવ અને સમજવાનો ભાવ એકરૂપ નિત્ય દશા જ હોય તો બની શકે નહિ માટે આત્મા સમયે સમયે અનિત્યધર્મને ધારણ કરી રહ્યો છે અર્થાત્ આત્મામાં સમયે સમયે પરિણમન થાય છે.

(૨) જો આત્મામાં નિત્યધર્મ ન હોય ને એકલો અનિત્ય ધર્મ જ હોય તો દુઃખનો અભાવ કરી સુખની દશા પ્રગટે તો સુખનો અનુભવ નિત્ય પદાર્થ વગર કોણ કરશે ? આત્યંતિક દુઃખનો નાશ થઈ સુખનો ભોગવટો કોણ કરે ? જેમ પાણી નિત્ય રહીને મોજારૂપ અનિત્યદશા ધારણ કરે છે તેમ આત્મા નિત્ય છે ને સમય સમયની અવસ્થા અપેક્ષાએ અનિત્ય પણ છે. આમ આત્મામાં નિત્ય અને અનિત્ય બન્ને ધર્મો છે.

**પ્રશ્ન :—**કેવળી ભગવાન કૂટસ્થ છે ?

## કેવળી અથવા સિદ્ધ ભગવંતો એકાંત કૂટસ્થ નથી. ત્યાં પણ સમયે સમયે પરિણમન થયા કરે છે.

સમાધાન :—કેવળી ભગવાન એકાંત કૂટસ્થ નથી. કેવળી ભગવાન એવા ને એવા નિત્ય રહીને અવસ્થામાં સમયે સમયે પલટાયા કરે છે. ''**उत्पाद-व्यय-ध्रौव्ययुक्तम् सत्**'' દરેક વસ્તુ કાયમ રહીને અવસ્થામાં ઉત્પાદ-વ્યય થયા કરે છે.

કેવળી ભગવાન કાયમ રહીને અવસ્થામાં કેવળજ્ઞાનાદિ પર્યાયરૂપે સમયે સમયે પલટ્યા કરે છે. જેવી પહેલી પર્યાય છે તેવી સદ્રશ પર્યાય બીજે સમયે છે. પણ પહેલા સમયની પર્યાય તે બીજા સમયની પર્યાય નથી. આમ અનિત્યપણું

છે—એવી ને એવી સદ્રશ રહે છે એ અપેક્ષાએ કૂટસ્થ કહેવાય. પણ તે ક્યારે ? જો અકૂટસ્થ માને તો એટલે કે પલટનશીલ માને તો. એકાંત કૂટસ્થ નથી. વિકાર ને અલ્પજ્ઞતા ટળીને વીતરાગ ને સર્વજ્ઞદશા થઈ ત્યારપછી સમયે સમયે એવી ને એવી વીતરાગ ને સર્વજ્ઞ અવસ્થા પલટ્યા જ કરે છે. અનિત્યધર્મ ન હોય તો એમ પલટવું બની શકે નહિ. વળી જે જીવ સંસારમાં હતો, તે મોક્ષ પામે છે ત્યારે તેનો તે જ જીવ રહે છે, બીજામાં ભળી જતો નથી માટે જીવ નિત્ય પણ છે.

સાચી સમજણ કરે છે ત્યારે સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે ને સમ્યક્ શ્રુતજ્ઞાનનો વ્યય થઈને કેવળજ્ઞાન થાય છે તે અનિત્યપણું બતાવે છે. આત્મદ્રવ્ય નિત્ય ન હોય તો ધર્મદશા કોના આધારે પ્રગટે ને સિદ્ધમાં નિત્ય ન હોય તો અનુભવ કોણ કરે ? માટે સિદ્ધ અથવા કેવળીઓમાં પણ નિત્ય અને અનિત્ય બન્ને ધર્મો રહેલા છે. દ્રવ્ય અપેક્ષાએ તે નિત્ય છે ને સમયે સમયે કેવળજ્ઞાનાદિ પર્યાયો થાય છે તે અપેક્ષાએ અનિત્ય પણ છે.

આ પ્રમાણે પર્યાયના સમયે સમયે સ્વાંગ ધારણ કરવા એવો અનિત્ય ધર્મ આત્મામાં છે, તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અનિત્યનય કહે છે. ।।૧૯।।

## (૨૦) ત્રણે કાળના સર્વે પદાર્થોને જાણવાની શક્તિ વ્યક્ત થવાનો આત્મામાં સર્વગતધર્મ છે, ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને સર્વગતનય કહે છે.

“આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.”

જેવી રીતે ખુલ્લી આંખ બધા પદાર્થોને જોઈ શકે છે ને દૂરના ને નજીકના પદાર્થોને જોઈ શકે છે. તેમ આત્મામાં એક એવો ધર્મ છે કે જે પ્રગટ થયે ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને રાગ વિના, ઉપાધિ વિના, કોઈની મદદ વિના જાણી લ્યે છે. જે જ્ઞાનમાં, નિમિત્તમાં, રાગમાં, સંકોચ પામીને, અટકતું તે નહિ અટકતાં અલ્પજ્ઞતા ને રાગ ટળી સર્વજ્ઞદશા પર્યાયમાં પ્રગટ થાય એવો એક આત્મામાં ધર્મ છે. તેને સર્વગત ધર્મ કહે છે. સર્વજ્ઞશક્તિ અંતરમાં પડી છે. આત્મા પુણ્ય-પાપ જેટલો અથવા અલ્પજ્ઞતા જેટલો નથી, પણ સર્વજ્ઞ સ્વભાવી છે એવાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા પરિપૂર્ણ થતાં જેમ કમળ વિકાસ પામે તેમ જ્ઞાન વિકાસ પામીને બધાને જાણી લ્યે તેવો તેનો સ્વભાવ છે.

**<u>પ્રશ્ન :—</u>**આમાં પુરુષાર્થ શું આવ્યો ?

**<u>સમાધાન :—</u>**જેમણે સર્વજ્ઞદશા પ્રગટ કરી તે તેમણે પોતાનામાંથી પ્રગટ કરી છે. મારો પણ સર્વગત ધર્મ છે ને હું પણ પ્રગટ કરી શકું એમ છું એમ નક્કી કરી જે જીવ પોતાની પર્યાય પોતાના દ્રવ્ય તરફ વાળે છે તે જીવ મોક્ષમાર્ગમાં આવ્યો છે ને તેણે સર્વગત ધર્મનું નક્કી કર્યું છે. મોક્ષમાર્ગમાં આવવું ને ક્રમે કરીને મોક્ષ પ્રગટ કરવો તે જ પુરુષાર્થ છે.

આત્મા અનંત ધર્માત્મક વસ્તુ છે. મારામાં સર્વગત ધર્મ છે તે બહારથી નવો લાવવાનો નથી. તે જ્ઞાનની પર્યાય ખીલીને લોકાલોકને જાણશે તેવું પોતે પોતાના શ્રુતજ્ઞાનથી નક્કી કરેલ છે. પોતે પોતાના શક્તિવાન સામું જોઈને નક્કી કર્યું છે કે હું સર્વજ્ઞદશાને પામીશ. હું અલ્પજ્ઞ રહીશ કે હું રાગી રહીશ એવી શંકા તેને પડતી નથી.

આવો સર્વગત ધર્મ સમ્યક્જ્ઞાન વડે ધર્મી જાણે છે. હું તો જ્ઞાનસ્વભાવી છું ને સર્વજ્ઞદશા વ્યક્ત કરી શકું એમ છું, એમ જેની પર્યાયમાં કબૂલાત આવી તેને સર્વગતધર્મ છે. સર્વગતધર્મ પર્યાયમાં પ્રગટ થયો નથી ત્યારે તેમ જ પ્રગટ થઈ ગયા પછી પણ તે ધર્મ ત્રણેકાળ પોતામાં રહેલો છે. એમ ભાવશ્રુતજ્ઞાન નક્કી કરે છે.

અભવી જીવને કેવળજ્ઞાનશક્તિ છે ને નિમિત્તરૂપે કેવળજ્ઞાનાવરણીય કર્મ છે. એટલે તેનામાં કેવળજ્ઞાનની શક્તિ છે પણ સર્વગત ધર્મ તેનામાં નથી. કેવળજ્ઞાન વ્યક્ત ન થાય એવો અભવીનો ત્રિકાળી ધર્મ છે. જેમ અભવ્યત્વ ગુણ છે તેમ એટલે અભવીને સર્વગતધર્મ નથી. અહીં તો પ્રગટ થઈને કામ કરે તેને સર્વગતધર્મ હોય છે.

ધર્મી જીવ વિચારે છે કે મારામાં કેવળજ્ઞાન શક્તિ તો છે ને સર્વગતધર્મ પણ છે એમ પોતાને વિશ્વાસ બેઠો. તે પછી પોતાના જ્ઞાનના વિકાસ માટે નિમિત્તનો, રાગનો ને અલ્પજ્ઞતાનો આદર કરશે નહિ. તેને બીજી કોઈ રુચિ રહેતી નથી પણ ધર્મનો ધરનાર ધર્મી એવા આત્માની રુચિ રહે છે. આમ દ્રવ્યદ્રષ્ટિ થતાં નિર્મળ પર્યાય પ્રગટે છે ને સર્વગતધર્મનો નિર્ણય કર્યો છે તેથી સર્વજ્ઞતા પ્રગટ થશે ને લોકાલોકને જાણશે.

આવી રીતે ત્રણકાળના સર્વે પદાર્થોને જાણવાની શક્તિ વ્યક્ત થવાનો આત્મામાં સર્વગતધર્મ છે. તે સર્વગતધર્મને ધરનાર જ્ઞાનના અંશને સર્વગતનય કહે છે. ।।૨૦।।

(જેઠ વદ ૧૩, રવિવાર)

## સાચું જ્ઞાન કરવાથી ધર્મ થાય છે ને સુખદશા પ્રાપ્ત થાય છે.

આત્મામાં જેટલા ધર્મો છે તેનું યથાર્થ જ્ઞાન કરે તો તે સાચું જ્ઞાન કહેવાય. તે સાચું જ્ઞાન સુખરૂપ હોય, ખોટું જ્ઞાન સુખરૂપ ન હોય. સાકર લેવા જતાં અફીણને સાકર સમજે તો સાચું ફળ આવતું નથી તેમ ધર્મ કરવા જતા અધર્મને ધર્મ સમજે તો શાંતિ થતી નથી. શાંતિ કહો, સુખ કહો, ધર્મ કહો, સમ્યગ્દર્શન કહો, અનાકુળદશા કહો બધું એક જ છે. કોઈ રાગ દ્વારા આત્મા જણાતો નથી. પોતાની નિર્મળ પર્યાય સાથે આત્મા એકાકાર થતાં જ્ઞાન ને રાગની એકત્વબુદ્ધિ ટળે છે ને સ્વજ્ઞેય તથા જ્ઞાનની એકતા બુદ્ધિ થાય છે, તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે ને તેથી સુખદશા ઉત્પન્ન થાય છે.

## ધર્મપિતા કહે છે :—એકવાર પર સાથેની એકત્વબુદ્ધિની પકડ છોડ ને તારી સ્વરૂપલક્ષ્મી સામું જો.

શરીરથી કે પુણ્ય-પાપથી ધર્મ થાય ? ન જ થાય. આત્મભગવાન અનંતા ધર્મોવાળો છે એવી શ્રદ્ધા નથી તેને જ્ઞાન ને સ્વજ્ઞેય એક થતા નથી. તેને સાચી શ્રદ્ધા થતી નથી. લૌકિકમાં પણ કોઈ માણસ સમજતો ન હોય તો તેને તેના વડીલો કહે છે કે ‘‘આખો દિવસ તારું જ ગાયા કરીશ. હું કહું છું એ યે સમજવું નથી ! ને તું તારી એક પકડ લઈને બેઠો છે.’’ તેમ અહીં ધર્મપિતા કહે છે કે શું તારે તારી જ પકડ રાખવી છે ? અમારી વાત એકવાર તો સાંભળ, તારે આખો દિવસ રાગ ને દેહની ક્રિયાનાં ગાણાં ગાવા છે ને એકત્વબુદ્ધિનાં ગાણાં ગાવાં છે પણ તું અનંત શક્તિનો પિંડ છો. તેમ સાચું જ્ઞાન તો એકવાર કર. તારું સુખ તારામાં છે. તું કેવડો છો ને કેવો છો. તેમ જ્ઞાન કર તો રાગ સાથેની એકત્વબુદ્ધિ ટળે ને તારું જ્ઞાન ને સ્વજ્ઞેય એકપણાને પામે ને ધર્મદશા પ્રગટ થાય.

## આત્માનું જ્ઞાન કર્યા વિના ધર્મ કે સુખની પ્રાપ્તિ થતી નથી

છોકરો બજારે શાક લેવા જાય ને કહે કે શાક આપો. શાકવાળો કહે કે ક્યું શાક જોઈએ છે ? દૂધી કે તાંજળજાની ભાજી ? છોકરો કહે કે મને તેની ખબર ન પડે, તમો શાક આપો. તે છોકરો શાકને ઓળખતો નહિ હોવાથી દૂધીને બદલે તાંજળજાનાં પાંદડા ઉપાડી આવશે. તે જેમ મૂર્ખ છે તેમ કોઈ જીવ કહે કે અમારે ધર્મ કરવો છે તે માટે પ્રતિક્રમણ, પૂજા, પૌષધ વગેરે કરવા છે. જ્ઞાની કહે છે કે

ધર્મ ક્યાં થાય ? શેમાં થાય ? કોના આધારે થાય? આત્મા કેવડો છે ? અજ્ઞાની કહે છે કે તે અમોને ખબર નથી, તેનું જાણપણું કરવું નથી. અમારે તો ધર્મ કરવો છે માટે અમે તો પૌષધ, પ્રતિક્રમણ વગેરે સમજ્યા વિના કર્યા કરશું. આવો જીવ છોકરાની જેમ મૂર્ખ છે. તેને એક અંશ પણ ધર્મ થતો નથી. બહુ બહુ તો એમ કહે કે અમારા ભગવાન સર્વજ્ઞ હતા, તેઓ કહે છે તે બધું સાચું છે, અમોને ખબર પડે નહિ. તેવા અજ્ઞાની જીવને ધર્મ થતો નથી.

## <u>ત્રિલોકનાથ પ્રભુ મોક્ષના ઇચ્છક જીવોને તેની નયની લક્ષ્મી બતાવે છે.</u>

સર્વજ્ઞ ભગવાને જોયું છે ને વસ્તુસ્વરૂપ પણ એમ જ છે. અનંતા આત્માઓ છે. દરેક આત્મામાં અનંતા ધર્મો છે. અનંતા ધર્મોનું નક્કી કરે તો જ્ઞાન સાચું થાય ને સાચું જ્ઞાન થતાં સ્થિરતારૂપી આચરણ થાય ને દુઃખ રહે નહિ ને સુખ પ્રગટ થાય. અહીં જુદા જુદા ધર્મો બતાવે છે.

(૧) દ્રવ્યનયે આત્મા ચિન્માત્ર છે એમ સદ્રશ્યપણે જાણવામાં આવે છે.

(૨) પર્યાયનયે આત્મા ગુણભેદવાળો તથા પર્યાય ભેદવાળો માલૂમ પડે છે.

(૩) અસ્તિત્વનયે આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે.

(૪) નાસ્તિત્વનયે આત્મા પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી.

(૫) અસ્તિત્વ–નાસ્તિત્વ નયે આત્માનું સ્વરૂપ ક્રમશઃ કહી શકાતું નથી.

(૬) અવક્તવ્યનયે આત્માનું અસ્તિ-નાસ્તિ સ્વરૂપ એકી સાથે કહી શકાતું નથી.

(૭) અસ્તિત્વ—અવક્તવ્ય. (૮) નાસ્તિત્વ અવક્તવ્ય

(૯) અસ્તિત્વ નાસ્તિત્વ અવક્તવ્ય એ કહેવાયા.

(૧૦) વિકલ્પનયે આત્મા જ્ઞાન દર્શન ચારિત્ર ને પર્યાયોના ભેદવાળો છે.

(૧૧) અવિકલ્પનયે હોવા છતાં આત્મા અભેદ છે.

(૧૨) નામનયે આત્મા શબ્દબ્રહ્મથી કહી શકાય છે.

(૧૩) સ્થાપનાનયે આત્માનું સ્વરૂપ પુદ્‌ગલના આકારથી બતાવી શકાય છે.

(૧૪) દ્રવ્યનયે આત્મદ્રવ્ય ભૂત ને ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં ખ્યાલમાં આવે છે.

(૧૫) ભાવનયે આત્મદ્રવ્ય વર્તમાન પર્યાયરૂપે પ્રતિભાસે છે.

(૧૬) સામાન્ય નયે આત્માદ્રવ્ય સર્વ પર્યાયોમાં વ્યાપે છે.

(૧૭) વિશેષનયે આત્મદ્રવ્ય એક પર્યાયમાં વ્યાપે છે ત્યારે બીજી પર્યાયમાં વ્યાપતું નથી માટે અવ્યાપક છે.

(૧૮) નિત્યનયે આત્મદ્રવ્ય બધી અવસ્થામાં નિત્ય ટકનારું તત્ત્વ છે.

(૧૯) અનિત્યનયે આત્મદ્રવ્ય દરેક સમયની અવસ્થા પૂરતું અનિત્ય છે.

(૨૦) સર્વગત નયે આત્મદ્રવ્ય બધા પદાર્થોને જાણનારું છે.

ગઈકાલે સર્વગતનય સુધી વાત આવી છે. દીકરીને આણું વળાવે ત્યારે તેને આણામાં આપવાની ચીજ ઢોલિયા ઉપર પાથરે ને સગાં વહાલાંને જોવા બોલાવી પોતાના ઘરની ઋદ્ધિ બતાવે છે. તેમ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન કહે છે કે તારે મોક્ષે જવું છે ને ? જો તને તારી ઋદ્ધિ બતાવવામાં આવે છે. એક એક આત્મામાં અનંતા ધર્મો છે. તે ધર્મોની ઋદ્ધિ લઈને મોક્ષે જવાય. અશુદ્ધ આદિ અમુક ધર્મો ત્યાં ન હોય પણ તેનું જ્ઞાન લઈ જવાય. એકેય જ્ઞાનમાંથી નીકળી જાય એમ નથી. આવા અનંત ધર્મોનો તું સ્વામી છો, તે તારી ઋદ્ધિ છે, તેના સામું જો.

## (૨૦) સર્વગતનયનું સ્વરૂપ (ચાલુ)

આત્મામાં સર્વગતધર્મ છે તે વડે તે લોકાલોકના સર્વ પદાર્થોને એક સમયમાં જાણી શકે છે. લોકાલોક છે માટે સર્વગતધર્મ છે એમ નથી. તે પદાર્થો તો ત્રિકાળ છે. પણ સર્વગત ધર્મ પોતાનો છે એમ પ્રતીતિમાં આવે ને સ્થિરતા કરે તો તે ધર્મ પર્યાયમાં પ્રગટ થાય છે ને લોકાલોક જણાઈ જાય છે. આત્મા અલ્પજ્ઞ કે રાગવાળો રહે તેવો આત્માનો ખરો ધર્મ નથી. અહીં જ્ઞાન કરાવવાની વાત છે. એકપણ ધર્મ ઓછો માને તો જ્ઞાન સાચું થાય નહિ ને સ્વજ્ઞેય એવો જે આત્મા તેનો અનુભવ થાય નહિ.

જેણે સર્વગતધર્મ પોતામાં છે એમ નક્કી કર્યું તે જીવ પરની રુચિ કરે? જેણે માન્યું કે કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત મારામાં, મારાથી છે તે પુણ્ય-પાપથી, નિમિત્તથી કે અલ્પજ્ઞતાથી કેવળજ્ઞાન પ્રગટે તેમ માને ?–ન જ માને. એટલે તે જીવની દ્રષ્ટિ નિમિત્તો તથા પરપદાર્થો ઉપરથી, પુણ્ય-પાપ ઉપરથી, અધૂરી પર્યાય ઉપરથી ખસી સ્વભાવ તરફ જાય છે ને પરિપૂર્ણ સ્થિરતા થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

સર્વજ્ઞ ભગવાને અનંતા આત્મા પ્રત્યક્ષ જોયા છે. જે જીવ પોતાનામાં ત્રણકાળ ત્રણલોક જાણવાની શક્તિ છે એમ નક્કી કરે છે, તેના જ્ઞાનના અંશને નય કહે છે. જ્ઞાનનો વિકાસ થતાં કેવળજ્ઞાન થશે, અનંત દ્રવ્યશક્તિ વ્યક્ત થશે, અનંતવીર્ય, અનંત આનંદ પ્રગટ થશે ને મુક્તિ થશે. એવા ધર્મની પ્રતીતિ થઈ શકે છે. જીવ જ્ઞાન કરે છે તે પર્યાય છે પણ ધર્મ તો ત્રિકાળ છે. આમ નક્કી કરતાં

નિમિત્તનો, વ્યવહારનો, રાગનો, પર્યાયનો આશ્રય ઊડી ગયો, અંતર આત્મશક્તિનો આશ્રય રહ્યો ને તેના આધારે પૂર્ણદશા પ્રગટ થાય છે.

## પરપદાર્થો, શરીર, કર્મ ને રાગ-દ્વેષથી રહિત ચૈતન્યની સૂક્ષ્મ ગુફામાં નિધાન ભરેલાં છે.

એક વાર્તામાં આવે છે કે એક ફકીર પાસે ડાબલી હતી તેમાં આંજણું હતું ને તેનાથી નિધાન દેખાતાં. ફકીર એક માણસને ગુફામાં લઈ ગયો ત્યાં રત્નો હતા, તે તે માણસે લીધા. પણ તે બહુ લોભી હતો તેણે ફકીર પાસે ડાબલી માગી, ફકીરે તે પણ આપી ને કહ્યું કે આંજણ માત્ર એક આંખમાં આંજજે તો નિધાન દેખાશે પણ બીજી આંખમાં આંજીશ તો આંધળો થઈશ. એક આંખે આંજણ આંજી જોયું તો નિધાન દેખાયાં તેથી ખુશ થયો. પણ તે વધારે લોભમાં પડ્યો ને ફકીરનો વિશ્વાસ ન આવ્યો. બીજી આંખમાં આંજણું આંજ્યું તેથી આંધળો થયો ને રત્ન પણ ગયાં. તે ભિખારી થઈ ગયો. ત્યારથી કોઈ તેને ચીજ આપે તો પોતાને માથે ટપલું મરાવીને તે ચીજ લેતો. આ તો માત્ર દ્રષ્ટાંત છે. અહીં જિનેશ્વર ભગવાન ત્રિલોકનાથ ચૈતન્યની ઊંડી ઊંડી ગુફામાં નિધાન બતાવે છે. પર નહિ, શરીર નહિ, કર્મ નહિ, રાગ-દ્વેષ નહિ, પણ અંતર સૂક્ષ્મ સ્વભાવની ગુફા બતાવે છે ને કહે છે કે જો આની પ્રતીતિ કર ને ધ્યાન કર તો ત્રણકાળ ત્રણલોકના અનંત પદાર્થો જણાશે. અનંતા સિદ્ધો અને કેવળ ભગવંતોની ઋદ્ધિ તને દેખાશે. તારાં સમ્યગ્જ્ઞાન નેત્ર ઉઘાડ. સિદ્ધો, સંતો, મહાત્માઓ, કેવળીને બધાને એક સમયમાં જાણવાની તાકાત તારી છે, માટે તેનો વિશ્વાસ કર.

## દરેક જીવે પરપદાર્થ વગર જ ચલાવ્યું છે પણ અજ્ઞાનીએ મિથ્યાભ્રાંતિ ને અજ્ઞાન વગર ચલાવ્યું નથી.

અજ્ઞાની જીવને પોતાના આત્માનો વિશ્વાસ આવતો નથી. અજ્ઞાની કહે છે કે રોટલી વિના ન ચાલે, પૈસા વિના ન ચાલે, જરા જરામાં હાંડલા ખખડે—આવી સ્થિતિમાં અમોને આત્મા દેખાતો નથી. આવો જીવ પેલા લોભી માણસની જેમ ટપલાં ખાઈને ત્રણલોકમાં રખડે છે કારણ કે આત્મા જેવો છે તેવો તે પ્રતીત કરતો નથી. સ્વભાવને મોટા ક્ષેત્રની જરૂર નથી પણ અપરિમિત શક્તિનો મહિમા છે. તેની પ્રતીતિ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ પ્રગટે છે. ‘‘એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.’’ ત્રણે કાળ પરમાર્થનો પંથ એક જ છે. ચૈતન્યની ઊંડી ઊંડી ગુફામાં નિધાન ભર્યાં છે તેનો વિશ્વાસ આવતો નથી. સસારની બધી વાત કરે તો પ્રેમથી સાંભળે, કોઈ આબરૂનાં ગાણાં ગાય તો હોંશથી સાંભળે પણ

આત્મભગવાનનાં ગાણાં ગાય તો સાંભળે નહિ. અગર સાંભળે તો વિશ્વાસ લાવે નહિ. હેં ! એવડો મોટો આત્મા હશે ! ભાઈસાહેબ, અમારે તો એક ચીજ વગર ચાલતું નથી.

(૧) જ્ઞાની પુરુષો કહે છે કે અનાદિથી પરપદાર્થ વગર જ તેં ચલાવ્યું છે. તેના વિના જ દરેક આત્મા ટકી રહ્યો છે.

(૨) પણ અજ્ઞાની જીવે પરપદાર્થ વગર ન ચાલે તેવી ભ્રમણા ને અજ્ઞાન વગર પર્યાયમાં ચલાવ્યું નથી.

(૩) જ્ઞાની પુરુષો કહે છે કે તે બધા વગર એટલે પરપદાર્થ ને રાગ-દ્વેષ વગર ચલાવી શકે એવી ચીજ બતાવું છું. તારા શુદ્ધ સ્વભાવે અનંત પદાર્થો અને અજ્ઞાન, રાગ-દ્વેષ વગર જ ચલાવ્યું છે—તે અનંત ધર્માત્મક આત્મા કેવો છે, તેની વાત ચાલે છે.

## સર્વગત ધર્મની પ્રતીતિ કર

આખી દુનિયાનાં નિધાનોને તેમ જ અત્યારસુધી જેટલા કેવળી ને સિદ્ધ થયા તેને, વર્તમાનમાં કેવળી છે તેને અને ભવિષ્યમાં કેવળી થશે તે બધાને, તેમ જ મોક્ષે ગયા તેના કરતાં અનંતગુણા સંસારમાં છે તે બધાને એક સમયમાં જાણી લ્યે તેવો તારો સર્વગત સ્વભાવ છે. તેની પ્રતીતિ કર. તેની પ્રતીતિ કરનારને નિમિત્તનો, પુણ્યનો, અધૂરી પર્યાયનો વિશ્વાસ રહેતો નથી. જ્ઞાનનું આ કિરણ એમ જાણે છે કે મારામાં સર્વગતધર્મ ત્રિકાળ છે. વર્તમાનમાં તે ખ્યાલમાં આવ્યો એટલે સ્વજ્ઞેય ને જ્ઞાન એક થયાં.

## સર્વગતધર્મ પ્રગટ થયા પછી સેવ્યસેવકભાવ હોઈ શકે નહિ.

જેને સર્વગતધર્મ પ્રગટ થયો તેને ભગવાનની સેવામાં રહેવું પડે ને અલ્પજ્ઞતા રહે તેમ બને નહિ. અજ્ઞાની જીવોને આત્માની ખબર નથી તેથી વિપરીતપણે માને છે. જેને સમ્યગ્જ્ઞાન થાય તે અલ્પકાળમાં સર્વજ્ઞ થઈ જવાનો. મોક્ષે જાય પછી ભગવાનની સેવા કરવી પડે એવો સેવ્ય—સેવકભાવ ત્યાં નથી. ત્યાં તો વીતરાગદશા અને કેવળજ્ઞાન વર્તે છે. આથી વિપરીત માને તે અજ્ઞાની છે.

## ત્રિલોકનાથ પ્રભુ કહે છે કે તારાં સમ્યક્જ્ઞાનરૂપી નેત્ર ઉઘાડ.

નિર્ધન માણસ કરોડપતિ થવાની ઇચ્છા રાખે છે પણ ત્યાં તો પુણ્ય હોય તો પૈસાવાળા થવાય છે. પણ આત્મામાં એકાગ્ર થાય તો પવિત્રતા અને સર્વગતધર્મ

પર્યાયમાં પૂર્ણ પ્રગટ થાય તેમ છે. પરંતુ જીવોને સંસારમાં વેપારધંધા આડે ફુરસદ નથી. બહારમાં રળવાનું કાંઈ નથી, આત્મામાં જ બધું રળવાનું છે. અંતર ભરપૂર ભંડાર ભર્યો પડ્યો છે, આંખો ઉઘાડ. પ્રથમ શ્રુતજ્ઞાન ઊઘડશે, પછી કેવળજ્ઞાન પ્રગટશે. નાના છોકરાની આંખો આંજવા માટે તેની મા તેને આંખ ઉઘાડવાનું કહે છે તેમ અહીં ભગવાન કહે છે કે તારાં સમ્યગ્જ્ઞાનરૂપી નેત્ર તું ઉઘાડ. છોકરો જેમ પોતે જેમ આંખો ઉઘાડે છે, તેમ અહીં જીવ પોતે સમ્યગ્જ્ઞાનરૂપી નેત્ર ઉઘાડે તો કામ આવે એમ છે. બીજો તેમાં મદદ કરે તેમ નથી. આવી રીતે જે સમ્યગ્જ્ઞાનરૂપી નેત્ર ઉઘાડે તે દયા, દાન, વ્રત, પૂજામાં અટકે નહિ. તે પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનમાં વર્તે છે. તેને ઉપાય હાથ લાગ્યો છે. વિશેષ એકાગ્ર થાય તો સર્વગતધર્મ પર્યાયમાં પ્રગટ થાય તેમ છે. સર્વગત ધર્મનું મોટું પેટ છે, એટલે કે તેના વડે ત્રણકાળ ત્રણ લોકના પદાર્થો જણાઈ જાય છે. અભવીને આ ધર્મ હોતો નથી કારણ કે તેને કદી પણ કેવળજ્ઞાન થવાનું નથી.

## ભગવાનની વાણી પણ આત્માનાં ગાણાં પૂરાં ગાઈ શકતી નથી તો અલ્પજ્ઞની વાણી શું કહી શકે ?

આ સર્વગતધર્મની વાત અલૌકિક છે. તેનાં ગાણાં પણ અલૌકિક છે.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો.
તેહ સ્વરૂપ ને અન્ય વાણી તે શું કહે,
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ અવસર....

તે સર્વજ્ઞપદને ભગવાને જ્ઞાનમાં જોયું છે પણ વાણી દ્વારા પૂરું કહી શક્યા નથી. સર્વજ્ઞના ઓમ ધ્વનિમાં તેનું પૂરું સ્વરૂપ ન આવ્યું તો અલ્પજ્ઞની વાણી શું કહે ? તે તો માત્ર અનુભવગોચર છે. એમ કહી સર્વજ્ઞદશાની ભાવના ભાવે છે.

આવી રીતે સર્વગત ધર્મની વાત કહેવાણી. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને સર્વગતનય કહે છે ।।૨૦।।

## (21) લોકાલોકને જાણવા છતાં આત્મા લોકના ક્ષેત્રરૂપે થતો નથી પણ પોતાના ક્ષેત્રમાં રહે છે એવો અસર્વગતધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસર્વગતનય કહે છે.

''આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.''

આંખ ઝેરને જાણે, અગ્નિને જાણે છતાં આંખ તેમાં જતી નથી, તે પોતામાં જ રહેલી છે. તેમ આત્મા લોકાલોકને જાણવા છતાં આત્મા તેમાં જતો નથી પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે. શેરડીનો રસ શેરડીનો સાંઠો છોડી બહાર જતો નથી તેમ ચૈતન્ય શાંતરસ, કેવળજ્ઞાન—કેવળ આનંદરસ પોતાના ક્ષેત્રમાં રહેલ છે. જેમ આંખ પોતાની લંબાઈ પહોળાઈમાં રહેલી છે તેમ આત્મા પોતાના અસંખ્ય પ્રદેશની બહાર જતો નથી પણ પોતાના ક્ષેત્રમાં જ રહે છે. એવો અસર્વગત નામનો ધર્મ આત્મામાં રહેલો છે. અસર્વગત = બધે પહોળો થઈને ન ફેલાય પણ પોતાના ક્ષેત્રમાં રહે એવો તેનો એક ધર્મ છે.

## <u>અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર છોડી આત્મા પરના ક્ષેત્રમાં કદી ભળી જતો નથી.</u>

(૧) આત્મા અનંતમાં ભળી જાય છે એમ કેટલાક કહે છે, પણ તે વાત સાચી નથી કારણ કે તેનું ક્ષેત્ર પહોળું થઈને પરમાં જાય નહિ પણ પોતામાં રહે એવો તેનામાં એક ધર્મ છે.

(૨) કોઈ કહે છે કે આત્માને કેવળજ્ઞાન થયા પછી તે લોકાલોકમાં પ્રસરી જાય ને જ્યોતિમાં જ્યોતિ ભળી જાય તે વાત પણ સાચી નથી. પુણ્યપાપનું લક્ષ છોડી પોતાના સ્વભાવમાં પરિપૂર્ણ એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે. **<u>ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને જાણી શકે તેવા ભાવની અનંતતા તથા અપરિમિતતા પ્રગટ થાય છે, પણ પોતાનું ક્ષેત્ર પહોળું થતું નથી.</u>**

આ પ્રમાણે બધાનાં ક્ષેત્રમાં નહિ વ્યાપવું એવો અસર્વગતધર્મ આત્મામાં છે તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસર્વગતનય કહે છે. ।।૨૧।।

## <u>(૨૨) ત્રણ લોકના બધા પદાર્થોથી આત્મા ખાલી છે એવો શૂન્યધર્મ આત્મામાં રહેલો છે, તે શૂન્યધર્મને જાણનાર જ્ઞાનના અંશને શૂન્યનય કહે છે.</u>

‘‘આત્મદ્રવ્ય શૂન્યનયે શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.’’

જેમ ઘર ખાલી હોય ને તેમાં સામાન કે કોઈ ચીજ ભરી ન હોય તો તે ઘર શૂન્ય ભાસે છે, તેમ આત્મા પરચીજોથી ખાલી છે. પરપદાર્થનો એક પણ રજકણ એમાં પેઠો નથી. અજ્ઞાની માને છે કે પરપદાર્થ વિના મને ચાલતું નથી, અમુક ચીજ વિના મને ન ચાલે, એમ તે માને છે. પણ તે માન્યતા ખોટી છે. પર ચીજો એમાં પેઠી નથી. પરથી તે સદાય ખાલી છે. જ્ઞેયોનો જ્ઞાનમાં જણાવાનો સ્વભાવછે

પણ જ્ઞેયોનો આત્મામાં પેસવાનો સ્વભાવ નથી. નાસ્તિત્વનયમાં પરથી નાસ્તિની અપેક્ષા હતી. અહીં પરથી ખાલીની વાત છે. આત્મા કર્મથી ખાલી, શરીરથી ખાલી, છોકરાથી ખાલી છે. આત્મા પરવસ્તુથી શૂન્ય ન હોય તો આત્મા ને પરવસ્તુ એક થઈ જાય પણ એમ કદી બને નહિ. પરવસ્તુમાં એકમેક થયા વિના પરવસ્તુને જાણવાનો આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. વળી પરપદાર્થો ને જ્ઞેયો બિલકુલ છે જ નહિ એમ પણ નથી. બિલકુલ ન હોય તો પરથી આત્મા ખાલી છે એમ કહેવાનો પ્રસંગ રહેતો નથી. પરપદાર્થો અનાદિઅનંત છે, તે જણાવાયોગ્ય છે ને આત્મા જાણનાર છે પણ તે પદાર્થો આત્મામાં પેઠા વિના આત્મા તેને જાણે છે, એમ પરપદાર્થથી શૂન્ય રહેવું એવો પણ એક શૂન્યધર્મ આત્મામાં અનાદિઅનંત રહેલો છે.

## આત્મા ત્રણેકાળ પરવસ્તુથી ખાલી છે.

કોઈ કહે કે ભાઈ સાહેબ અમારે ઉપાધિનો ભીડો ઘણો છે. આમાં અમારે નિવૃત્તિ કેવી રીતે લેવી ? આ બધી પળોજળમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. તેને અહીં કહે છે કે ભાઈ, પર જીવો અને મને પરપદાર્થોથી તું ત્રણેકાળ ખાલી છે. જ્યારે પર વસ્તુથી તું ખાલી છે તો પછી પરપદાર્થો તને વળગ્યા છે, એ વાત સાચી નથી.

આત્મા દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ ખાલી છે, કર્મથી ખાલી છે, નિગોદમાં હતો ત્યારે પણ કર્મ આત્મામાં પેઠા નહોતા.

પ્રશ્ન :—ગોમ્મટસારમાં કર્મનું વર્ણન બહુ આવે છે તેનું શું ?

સમાધાન :—ભાઈ, તે તો જીવ વિકાર કરે ત્યારે કર્મ જોડે છે એમ જ્ઞાન કરાવે છે પણ આત્મામાં કર્મ પેસી ગયાં છે એમ ગોમ્મટસાર બતાવતું નથી તે પણ એમ બતાવે છે કે કર્મથી આત્મા ત્રણેકાળ શૂન્ય છે.

## મિથ્યાત્વરૂપી લાકડાથી ચૈતન્ય ઘર બગડે છે ને સ્વ-પર પ્રકાશક જ્ઞાનથી ચૈતન્યઘર પ્રકાશ પામે છે.

અનાદિથી જીવે અજ્ઞાનભાવે ક્રિયાકાંડ—વ્રત, તપ, જાત્રા વગેરેનાં લાકડાં પોતાના ચૈતન્યઘરમાં ભર્યાં પણ તે કોઈપણ કામ આવતાં નથી. પણ તેમાં ધર્મ છે, તેમ માનવાથી ઊલટા તે ચૈતન્યઘરને બગાડી મૂકે છે. તે મિથ્યાભ્રાંતિ કાઢવા માટે ઘણો પુરુષાર્થ જોઈશે ને જીવ જો પોતાના સ્વ-પર પ્રકાશક સ્વભાવથી વસ્તુસ્વરૂપ જુએ તો તેને ધર્મ થાય ને ક્રમે કરીને મોક્ષદશાને પામે. જેવી રીતે ઓરડો પરવસ્તુથી ખાલી છે તેમ આત્મા અનંતા પદાર્થોને જાણવા છતાં તેનાથી

ખાલી છે, પણ જ્ઞાનપ્રકાશથી ભરેલો છે. આમ પરપદાર્થથી ખાલી હોવું એવો એક શૂન્યધર્મ આત્મામાં છે, તે શૂન્યધર્મને જાણનાર જ્ઞાનના અંશને શૂન્યનય કહે છે. ॥૨૨॥

## (૨૩)પરપદાર્થોથી શૂન્ય હોવા છતાં પરપદાર્થો સંબંધી પોતાના જ્ઞાનથી અશૂન્ય છે એટલે કે ભરેલો છે. તે અશૂન્યધર્મને જાણનાર જ્ઞાનના અંશને અશૂન્યનય કહે છે.

''આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.''

જેમ વહાણ લોકોથી ભરેલું તરતું દેખાય છે તેમ આત્મા જ્ઞાનપ્રકાશથી ભરેલો છે. જેવી રીતે ઓરડો પરચીજથી ખાલી હતો તેમ આત્મા પર જ્ઞેયોથી ખાલી હતો. તે બાવીસમાં બોલમાં કહેવાયું. પણ પોતાના જ્ઞાનથી ભરેલો છે તે આ તેવીસમાં બોલમાં કહેવાય છે. જ્ઞેયો સંબંધીના જ્ઞાનથી તે શૂન્ય નથી, પણ અશૂન્ય છે. અહીં લોકથી ભરેલા વહાણનું દ્રષ્ટાંત છે. તેમ આત્મામાં જ્ઞેયો ભરેલા છે એમ ન સમજવું પણ આત્મા જ્ઞેયોના જ્ઞાનથી ભરેલો છે. પોતાના સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવને લીધે બધી વસ્તુને જાણે છે. તેથી જાણે કે તે જ્ઞેયો આત્મામાં પેસી ગયાં હોય, મિલિત થઈ ગયાં હોય, એમ ભાસે છે. જેવી રીતે ઘરમાં જે પ્રકાશ છે તે બધી દીવાલોને, મોભને, નળિયાને વગેરેને પ્રકાશે છે છતાં તે પદાર્થો પ્રકાશમાં પેસી ગયા નથી તેમ પરજ્ઞેયો આત્મામાં પેઠા વિના આત્મા તેને જાણી લ્યે છે. પરને જાણવા માટે પરપદાર્થો સામે જોવું પડતું નથી. સ્વસન્મુખ જોતાં તે જણાઈ જાય છે. જાણે કે તે જ્ઞેયો જ્ઞાનમાં પેસી ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ચીતરાઈ ગયાં હોય, કોતરાઈ ગયાં હોય, ડૂબી ગયાં હોય તેમ ભાસે છે. એક પણ જ્ઞેય જ્ઞાનમાં પેઠું નથી. પણ આત્મા તે જ્ઞેયોના જ્ઞાનથી ભરપૂર છે. તે જ્ઞેયો સંબંધીના પોતાના જ્ઞાનથી તે શૂન્ય નથી, અશૂન્ય છે.

જુઓ, આત્માનાં ગાણાં ગવાય છે તે તારાં જ ગાણાં છે. તું આવડો મોટો છો. અજ્ઞાની જીવ પરને મોટપ આવે છે. તેને કહે છે કે તું આવડો જ્ઞાનપ્રકાશથી ભરેલો મોટપવાળો છો. ભગવાનનું સ્તવન કરતી વખતે કહે છે કે હે પ્રભુ ! તું ધીંગધણી છો. પણ તે ક્યારે ? પોતે ધીંગધણી છે એવું ભાન થાય ત્યારે નિમિત્તથી આરોપ આપે છે. આમ વસ્તુસ્વરૂપ છે. કોઈ કહે કે આવા વિરોધી ધર્મો કેમ ? પણ ભાઈ, વિરોધી ધર્મો વસ્તુને નિપજાવે છે. જ્યાં સર્વગતધર્મ છે ત્યાં અસર્વગત ધર્મ છે. નિત્ય છે ત્યાં અનિત્ય છે, શૂન્ય છે ત્યાં અશૂન્ય છે. તે પરસ્પર વિરુદ્ધ શક્તિઓનું પ્રકાશવું તેને અનેકાંત કહે છે.

અહીં પરપદાર્થોથી શૂન્ય હોવા છતાં પરપદાર્થો સંબંધી પોતાના જ્ઞાનથી શૂન્ય નથી, પણ ભરેલો છે—અશૂન્ય છે. આવો અશૂન્યધર્મ આત્મામાં છે ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અશૂન્યનય કહે છે.

*

# પ્રસાદ નં. ૨૪૩

## <u>પ્રવચનસાર પરિશિષ્ટ</u>

(જેઠ વદ ૧૩, સોમવાર)

શિષ્યે પૂછ્યું છે કે પ્રભુ, આત્મા કેવો છે ને તેનું શું સ્વરૂપ છે, તેનો ઉત્તર અપાય છે. ત્રેવીસ નયની વાત કહેવાઈ ગઈ છે. ત્રેવીસમાં અશૂન્યનયમાં એમ કહ્યું કે :—

આત્મા અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. ભગવાન આત્મા અનંતા ગુણોથી ને જ્ઞેયોના જ્ઞાનથી ભરેલો છે. જાણે કે જ્ઞેયો આત્મામાં પેસી ગયાં હોય તેમ ભાસે છે. બાવીસમા નયમાં પરપદાર્થથી ખાલી કહ્યો હતો ને અહીં પરપદાર્થના જ્ઞાનથી ભરેલો કહ્યો છે. સ્વ તથા પર જ્ઞેયોના જ્ઞાનથી ભરેલો છે. પોતાનું જ્ઞાન બહાર શોધવા જવું પડતું નથી. પોતાના જ્ઞાન માટે તીર્થંકરને શોધવા જવા પડે એવું સ્વરૂપ નથી. સાચી શ્રદ્ધા ને જ્ઞાન કર્યા પછી પોતાનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ પરિપૂર્ણ ઊઘડી જતાં છયે દ્રવ્યોનું જેમ છે તેમ જ્ઞાન થઈ જાય છે. જગતમાં બધા પદાર્થોના જ્ઞાનથી આત્મા ભરેલો છે. આમ સ્વ-પરપ્રકાશક સામર્થ્યવાન જ્ઞાનથી ભરેલો છે એવી દ્રષ્ટિ કરે તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય. આ પ્રમાણે પોતાના ગુણોથી ને જ્ઞેયોના જ્ઞાનથી ભરેલો છે એવો અશૂન્યધર્મ આત્મામાં છે. તે અશૂન્ય ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અશૂન્યનય કહે છે.

### <u>(૨૪) અનેક જ્ઞેયોના જ્ઞાનથી આત્મા એકમેક છે એવો આત્મામાં અદ્વૈતધર્મ છે. અદ્વૈતધર્મને જાણનાર જ્ઞાનના અંશને જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનય કહે છે.</u>

‘‘આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધન સમૂહરૂપે પરિણત અગ્નિની માફક એક છે.’’

આત્મા સિવાયના બધા પદાર્થો જ્ઞેય છે. તે જ્ઞેયોથી તો આત્મા શૂન્ય છે પણ તે જ્ઞેયોનું જ્ઞાન ને સ્વજ્ઞાન બન્ને એક થઈ જાય છે. અશૂન્યનયમાં તો પરના જ્ઞાનથી ખાલી નથી એમ બતાવ્યું હતું. આ નયમાં પરનું જ્ઞાન આત્મા સાથે એકમેક છે એમ બતાવે છે. અનંતા તીર્થંકરો, સિદ્ધો થયા તે જ્ઞાનમાં જાણાવાયોગ્ય છે. તે પરપદાર્થો સંબંધીનું જ્ઞાન પોતાનું છે તે અદ્વૈતનયથી એક છે. જેમ લાખો લાકડાં હોય તે બળતાં હોય તો બધા એક અગ્નિસ્વરૂપ ભાસે છે, તેમ અનંતા

જ્ઞેયોને જાણે તોપણ જ્ઞાનાગ્નિ એક જ રૂપે છે. એ અપેક્ષાએ જ્ઞાન જ્ઞેયનું અદ્વૈતપણું છે. એવો આત્માનો એક ધર્મ છે.

અન્યમતવાળા આત્માને એકાંત અદ્વૈત માને છે. બીજી કોઈ વસ્તુ જ નથી, એમ માને છે પણ એવું અદ્વૈત સ્વરૂપ નથી. બધું થઈને એક જ અદ્વૈત માને છે, તે વાત સાચી નથી પણ છ દ્રવ્યો જુદેજુદાં જ્ઞેયો છે. જેવી રીતે લાકડાંની કે બીજી વસ્તુની અગ્નિ જુદી જુદી ભાસતી નથી, પણ એકરૂપે ભાસે છે. તેમ જીવ, પુદ્‌ગલ આદિ મારા જ્ઞાનમાં જણાય તે જ્ઞાન સાથે મારે એકપણું છે. તે પદાર્થો છે માટે જ્ઞાન થાય છે એમ નથી. બીજાં નિમિત્તો છે માટે જ્ઞાન થાય છે એમ પણ નથી. લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે એમ નથી. તીર્થંકર, દેવ, નિર્ગ્રંથ ગુરુ ને શાસ્ત્ર છે માટે જ્ઞાન છે એમ નથી. અનંતા પદાર્થો સંબંધીના જ્ઞાનથી આત્મા અદ્વૈત છે. જાણે કે જગતના પદાર્થો કોતરાઈ ગયા હોય, અંદર પેસી ગયા હોય, અંદર ઊતરી ગયા હોય એમ જણાય છે. એમ જ્ઞાન ને જ્ઞેયનું અદ્વૈતપણું થયું. તેથી કરીને લોકાલોક અને પોતે એકમેક થઈ ગયા છે એમ એનો અર્થ નથી. પણ તે સંબંધીના જ્ઞાન સાથે પોતાનું એકમેકપણું છે. તીર્થંકર હોય કે એમની વાણી હોય, શત્રુંજય હોય કે સમેત શિખર હોય તે છે માટે તેનું જાણપણું થાય છે એમ નથી પણ પોતાના સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવથી તે બધાને જાણે છે. નિમિત્તને લીધે જ્ઞાન થાય છે તે વાત રહેતી નથી. આવો ધર્મ પોતાનો છે તે વાત બેસે નહિ તેને આત્માના શ્રદ્ધા-જ્ઞાન થાય નહિ.

આ પ્રમાણે અનેક જ્ઞેયોના જ્ઞાનથી આત્મા એક છે—અદ્વૈત છે. એવો જ્ઞાનજ્ઞેય અદ્વૈતધર્મ આત્મામાં રહેલો છે. એવા અદ્વૈતધર્મને જાણનાર જ્ઞાના અંશને જ્ઞાનજ્ઞેય–અદ્વૈત નય કહે છે. ।।૨૪।।

## (૨૫) જ્ઞેયોના નિમિત્તે આત્માનું જ્ઞાન અનેકરૂપે ભાસે છે એવો દ્વૈત ધર્મ આત્મામાં છે. તે દ્વૈતધર્મને જાણનાર જ્ઞાનના અંશને જ્ઞાનજ્ઞેય–દ્વૈતનય કહે છે.

‘‘આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંયુક્ત દર્પણની માફક અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે. જેમ પરપ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ).’’

જેવી રીતે અરીસાની પાસે પરચીજો પડી હોય તો અરીસો અનેકરૂપે દેખાય છે. નાળિયેર પડ્યા હોય તો તેના આકારે, જાંબુ હોય તો તેના આકારે, કેરી હોય તો તેના આકારે વગેરે અનેક આકારે અરીસો દેખાય છે.

કેરી વગેરે નજીક છે માટે અરીસો અનેકરૂપે થયો છે એમ નથી. અરીસો પોતાના કારણે અનેકરૂપે થયો છે, તેમ આત્મામાં પરજ્ઞેયો જણાય છે. જ્ઞાન પોતાને જાણતું ને અનંતા પરને જાણતું અનેકરૂપ દેખાય છે એવું દ્વૈતપણું તે આત્માનો પોતાનો ધર્મ છે અનેક પદાર્થો છે માટે અનેકપણું છે એમ નથી. અનેક પદાર્થોને લીધે આત્મામાં દ્વૈતપણું છે એમ કોઈ માને તો તે વાત બરાબર નથી.

કોઈ કહે કે ઘડીમાં તમો અદ્વૈત કહો છો અને ઘડીમાં દ્વૈત કહો છો. આ શું ?

સમાધાન :—ભાઈ, પરસ્પર બે વિરોધી શક્તિઓ વસ્તુને નિપજાવે છે ને તેને જ અનેકાંત કહે છે. દ્વૈત ને અદ્વૈત વગેરે પ્રકારે પરસ્પર બે વિરોધી શક્તિઓ આત્મદ્રવ્યને નિપજાવે છે.

અહીં કોઈ કહે કે અનેકને જાણવા છતાં તો ઉપાધિ ને રાગ થાય છે.

## અનેકને જાણવું તે રાગનું કારણ નથી. અનેકને જાણતાં આત્મામાં પોતાના કારણે દ્વૈતપણું થવું તેવો તેનો એક ધર્મ છે.

સમાધાન :—ભાઈ, અનેકને જાણવું તે ઉપાધિ નથી. અનેકને જાણવું તે તો પોતાનો સ્વભાવ છે. નિરુપાધિ ચૈતન્યસ્વભાવ અનેક જ્ઞેયોને પી જાય છે. અનેકને જાણતાં રાગ થાય તેમ બને નહિ. જ્ઞાન રાગનું કારણ નથી. રાગની ભૂમિકા રાગનું કારણ છે. અહીં તો એમ કહેવું છે કે આત્મા અદ્વૈતરૂપ હોવા છતાં દ્વૈતરૂપ પણ છે. લોકાલોક છે માટે દ્વૈતપણું છે એમ નથી, પણ દ્વૈતપણું તે પોતાનો એક ધર્મ છે. આવા બીજા અનંતા ધર્મો આત્મામાં છે, તે અનંત ધર્માત્મક આખી વસ્તુ પ્રમાણજ્ઞાનનો વિષય છે. તે આખી વસ્તુને ખ્યાલમાં લ્યે તો સાચું જ્ઞાન થાય છે.

## મિથ્યાત્વશલ્ય ગયા વિના વ્રતાદિના પરિણામને વ્યવહાર પણ કહેવાતો નથી.

પ્રમાણ દ્વારા આખી વસ્તુનું નક્કી કર્યા વિના મિથ્યાત્વશલ્ય જાય નહિ. મોક્ષશાસ્ત્રમાં '**निःशल्यो व्रती**' એવું એક સૂત્ર છે. શલ્યરહિત થયા પછી વ્રતાદિ ધારણ કરે. જ્યાંસુધી મિથ્યાત્વ આદિ શલ્ય ન જાય ત્યાં સુધી વ્રત, નિયમ સાચાં હોઈ શકે નહિ. બધા થઈને અદ્વૈત માને, પરવસ્તુ છે એમ માને નહિ તે તો મિથ્યાત્વશલ્ય છે પણ પરવસ્તુને માનવા છતાં પરવસ્તુથી લાભ માને તો તે પણ મિથ્યાત્વશલ્ય છે. તેમ માનનારનાં વ્રત, નિયમ સાચાં હોતાં નથી. કોઈ કહે કે તેના વ્રત વ્યવહારે તો સાચાં ને ? ભાઈ, વ્યવહાર સાચો ક્યારે કહેવાય ? જો પોતામાં રાગરહિત નિશ્ચયધર્મ પ્રગટ કરે તો વ્રતાદિના પરિણામને વ્યવહાર

કહેવાય છે. સમ્યગ્જ્ઞાન વિના વ્રતાદિના પરિણામ વ્યવહાર નામ પણ પામતા નથી.

## જ્ઞાનનું અનેક જ્ઞેયાકારરૂપે થવું એવો આત્માનો પોતાનો દ્વૈતધર્મ છે.

અહીં દ્વૈતપણાની વાત ચાલે છે. અરીસા સામે જુદી જુદી ચીજો હોય છે ત્યારે તેમાં તેનાં અનેક પ્રતિબિંબો પડે છે. તે ચીજોને લીધે અરીસામાં અનેકતા નથી. અરીસામાં એક પણ ચીજ પેઠી નથી. અરીસામાં કોલસાનું પ્રતિબિંબ પડતું હોય પણ તેથી અરીસો કાળો થતો નથી. કોલસાને અડવાથી હાથ કાળો થાય છે પણ અરીસાને અડવાથી હાથ કાળો થતો નથી. લીંબડાનું પ્રતિબિંબ પડવાથી અરીસો કડવો થતો નથી. અરીસામાં દેખાતાં પ્રતિબિંબો તે અરીસાની પર્યાય છે તેમ આત્મામાં અનેક જ્ઞેયો જણાય છે પણ તેથી જ્ઞેયોનો આકાર જ્ઞાનમાં પડતો નથી પણ જ્ઞેયોનો જેવો આકાર છે તેવો જ્ઞાનમાં જણાય છે. આમ અરીસાના દ્રષ્ટાંતે જ્ઞાનનું અનેક આકારરૂપ થવું એવો આત્માનો એક ધર્મ છે. એવા જ્ઞાન-જ્ઞેય દ્વૈતધર્મને જાણનાર જ્ઞાનના અંશને જ્ઞાનજ્ઞેય દ્વૈતનય કહે છે. ।।૨૫।।

## નિગોદથી સિદ્ધ સુધી બધી અવસ્થામાં ત્રિકાળી શુદ્ધસ્વભાવ ચોક્કસપણે હોય છે એવો નિયતધર્મ છે. નિયતધર્મને જાણનાર જ્ઞાનને નિયતિનય કહે છે.

"આત્મદ્રવ્ય નિયતિનયે નિયતસ્વભાવે ભાસે છે. જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. (આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે. જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ)."

અહીં નિયમિતનો અર્થ નિયત–ચોક્કસ સ્વભાવ છે. આત્માનો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે, તે નિમિત્તની અપેક્ષા વિનાનો સ્વાભાવિક છે. જેવી રીતે અગ્નિની ઉષ્ણતા તેનો ચોક્કસ ધર્મ છે તેમ આત્માનો શુદ્ધ સ્વભાવ–ધર્મ ચોક્કસ છે. અનાદિ અનંત એકરૂપ શુદ્ધસ્વભાવ છે. ત્રિકાળ નિયમિત સ્વભાવ છે. પોતે ગમે ત્યાં હોય તોપણ પોતાનો શુદ્ધ સ્વભાવ પોતાથી જુદો પડતો નથી. એવો ત્રિકાળ શુદ્ધ સ્વભાવ નિયમિત એટલે કે નિયત છે—ચોક્કસ છે, તેમાં ફેર પડતો નથી. આમ જે નક્કી કરે તે પોતાનો જ્ઞાનસ્વભાવ નિમિત્ત આવે તો પ્રગટે તેમ માનતો નથી. શુદ્ધ સ્વભાવ તો અનાદિ અનંત એકરૂપ છે, ચોક્કસરૂપ છે. આમ નક્કી કરતાં નિમિત્તો તથા પરપદાર્થો આવે તો જ્ઞાન પ્રગટે તેવી મિથ્યાભ્રાંતિનો નાશ થાય છે.

સંસારમાં બધી ચીજોનો ભરોસો આવે. આ હીરા માણેક કિંમતી છે. બૈરાં–છોકરાં હોંશિયાર છે. દાગીનો સારો છે. આ ઘોડો સારો છે વગેરે બધી વાતો યાદ રહે ને તે પ્રેમથી સાંભળે તેમ અહીં કહે છે કે તારો સ્વભાવ સિદ્ધ પરમાત્મા જેવો છે. તારો શુદ્ધ સ્વભાવ તેં કદી છોડ્યો નથી. એકરૂપ આનંદકંદ સ્વભાવ છે. જો અગ્નિ ઉષ્ણતાને છોડે તો આત્મા પોતાના પવિત્ર સ્વભાવને છોડે. તે સ્વભાવ દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી પ્રગટતો નથી. એક સમયની પર્યાયમાંથી શુદ્ધતા પ્રગટતી નથી પણ પોતાના સ્વભાવમાંથી પ્રગટે છે. ભગવાન આત્મા પવિત્રતાનો પિંડ એકરૂપ સ્વભાવ છે. એક સમય પણ તે સ્વભાવથી ખાલી નથી. જીવ નરકમાં જાય કે નિગોદમાં જાય તોપણ તે કોઈ દિવસ આ શુદ્ધ સ્વભાવને છોડતો નથી, એવો તેનો નિયત સ્વભાવ છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાથી ધર્મદશા પ્રગટ થાય તેમ છે.

## (૧) મિથ્યાદ્રષ્ટિના નિયતવાદનું સ્વરૂપ. પણ તેની વાત અહીં નથી.

નિયત શબ્દ ઘણી જગ્યાએ વપરાય છે ને દરેક જગ્યાએ તેનો જુદો જુદો અર્થ હોય છે. કેટલાક લોકો એમ માને છે કે “જે થવાનું હશે તે થશે, તે નિયત છે એમ ભગવાને કહ્યું છે. માટે આપણને ધર્મ જ્યારે થવાનો હશે ત્યારે થશે. આપણે કાંઈ પુરુષાર્થ કરવાની જરૂર નથી. વળી જે કાળે આપણી મુક્તિ થવાની હશે તે જ વખતે થવાની. જેમ ભગવાને જોયું હોય તેમ થાય. એમાં આપણે ફેરફાર ન કરી શકીએ.” એમ સ્વચ્છંદી થઈને જે જીવ પ્રમાદી થઈ વિકારની ભાવના ભાવે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. પરવસ્તુ ને રાગની પર્યાયો નિયત છે એમ કહી તેના ઉપરથી લક્ષ ખસેડી, સંયોગબુદ્ધિ ને રાગબુદ્ધિ છોડાવવા એ કહ્યું છે ને કોઈપણ ક્રમ ફરતો નથી એમ જ્ઞાન કરાવીને અક્રમ સ્વભાવની દ્રષ્ટિ કરાવવાનો હેતુ છે પણ સ્વચ્છંદી જીવ અક્રમ સ્વભાવની દ્રષ્ટિ કરતો નથી પણ ‘નિયત’નો અર્થ ઊંધો સમજી સ્વચ્છંદ સેવે છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. તે મિથ્યાનિયતવાદ છે, તેની વાત અહીં લેવી નથી.

## (૨) ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં રહેલો સમ્યક્ નિયતવાદ તે પણ અહીં કહેવો નથી.

પરપદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. તેમાં આત્મા કાંઈપણ ફેરફાર કરવા સમર્થ નથી. શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે કે જે કાળે, જે ક્ષેત્રે, જે વસ્તુની જેમ પર્યાય થવાની હોય છે તેમ જ થાય છે. તેને ઇન્દ્ર, નરેન્દ્ર પણ ફેરફાર કરવા સમર્થ નથી. પરપર્યાયમાં ફેરફાર કરવા આત્મા સમર્થ નથી, એમ જે ક્રમબદ્ધ પર્યાયની વાત કરી છે, તેનો સાચો નિર્ણય કર્યો ક્યારે કહેવાય ? કે અહો !

પરપદાર્થમાં ફેરફાર કરવા સમર્થ નથી. રાગમાં ફેરફાર કરવા સમર્થ નથી, એમ જેણે દ્રષ્ટિ કરી છે ને પોતાના જ્ઞાન ને વીર્યથી નક્કી કરેલ છે તેની દ્રષ્ટિ પરપદાર્થ ઉપરથી ને રાગની પર્યાય ઉપરથી ખસી અક્રમ સ્વભાવ ઉપર જાય છે. અક્રમ સ્વભાવ ઉપર દ્રષ્ટિ થતાં સમ્યગ્દર્શન જ્ઞાનની પર્યાય પ્રગટે છે. તે જીવ પરપદાર્થની ક્રિયાનો તથા રાગનો સ્વામી થતો નથી. રાગ ને વિકાર હું નહિ, હરખ શોક નહિ, હું તો જ્ઞાનસ્વભાવી છું એમ અક્રમ સ્વભાવની દ્રષ્ટિ તે જ સાચી દ્રષ્ટિ છે. તે જીવ જાણે છે કે શુદ્ધતા પ્રગટ થાય છે તે પણ નિયત છે ને નબળાઈનો અલ્પ રાગ રહે છે તે પણ નિયત છે. જેણે સ્વભાવને નિયત જાણ્યો છે તેને પછી જે અલ્પ રાગ રહે છે તે રાગને પણ નિયત કહ્યો છે. તે વાત સમ્યગ્દ્રષ્ટિની છે. મિથ્યાદ્રષ્ટિ જે સ્વચ્છંદથી રાગને નિયત રહે છે તે વાત તો પહેલા પોઈન્ટમાં કહેવાઈ ગઈ છે. તેની બુદ્ધિ વિકાર ઉપર છે તેને નય હોતો નથી. અહીં તો કહે છે કે સ્વભાવ પણ નિયત, અધૂરી પર્યાય પણ નિયત, રાગ પણ નિયત ને નિમિત્તો પણ નિયત જ છે. જેમ છે તેમ જ્ઞાતાદ્રષ્ટાપણે જાણે છે. સ્વભાવની ભાવના ભાવતો પરની તથા વિકારની ભાવનાની વિષમતા કરતો નથી. માત્ર બધાનો જાણનાર રહે છે.

અજ્ઞાની લોકો કહે છે કે જેમાં ફેરફાર કરી શકાય તેને અનિયત કહેવું ને જેમાં ફેરફાર ન કરી શકાય તેને નિયત કહેવું. નિયત ને અનિયતની એ પ્રમાણે વ્યાખ્યા નથી. વસ્તુસ્થિતિ તો ક્રમબદ્ધ જ છે. સ્વભાવમાં કે પર્યાયમાં કાંઈપણ ફેરફાર કોઈ કરી શકતું નથી. ક્રમસર જે પર્યાય જે વખતે થવાની હોય તે પર્યાય તે જ વખતે થાય છે. એક સમયે એક જ પર્યાય જે થવાની હોય તે જ થાય છે— આડીઅવળી થતી નથી પણ આ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કોના આધારે થાય છે ? પર્યાયના આધારે તે નિર્ણય થતો નથી. ક્રમરહિત શુદ્ધ સ્વભાવ જે અક્રમે છે તેના ઉપર દ્રષ્ટિ કરે તો તેનો ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સાચો છે ને તે મોક્ષના રાહે છે ને તે બધી પર્યાયનો જ્ઞાતા રહે છે. તેણે સ્વભાવને નિયત જાણ્યો તો રાગને પણ નિયત જાણ્યો કહેવાય.

આ ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય તે સમ્યક્ નિયતવાદ છે. પણ અહીં ૨૯મા નયમાં આ સમ્યક્ નિયતવાદ કહેવો નથી. ૨૯મા નયમાં તો નિયત માત્ર શુદ્ધ સ્વભાવને જ કહેવો છે.

## (૩) નિગોદથી સિદ્ધ સુધીની બધી અવસ્થામાં જે શુદ્ધસ્વભાવ ચોક્કસપણે કાયમ રહે છે તેને અહીં નિયત કહેવો છે.

આ છવ્વીસમાં નયમાં જે નિયતિપણું કહ્યું છે તે એકલા શુદ્ધસ્વભાવની જ વાત છે. અહીં એકલા શુદ્ધ સ્વભાવને જ નિયત કહેલ છે. ક્રમબદ્ધ પર્યાયના વિષય વખતે સ્વભાવને, રાગને તથા બધા પર્યાયોને નિયત કહેલ હતા. અહીં આ નયના વિષયમાં એકલા શુદ્ધ સ્વભાવને જ નિયત કહેલ છે. ને વિકારી પર્યાયને ૨૭મા નયમાં અનિયત કહેશે. એટલો ખાસ ફેર છે. નિગોદમાં હોય ત્યારે પણ આ ધર્મ ત્યાં રહેલો છે. વસ્તુસ્વભાવમાં વિકાર કે ઉણપ કદી પેઠી નથી. અનાદિ કાળથી સ્વભાવ શુદ્ધ એકરૂપ રહ્યો છે. **વિકારીદશા હોય, ઓછી કે ઉણી દશા હોય કે કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય તોપણ આ સ્વભાવ કોઈપણ જગ્યાએ ઓછો થાય કે વધી જાય એવું નથી. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોમાં એકરૂપ નિયમિત ચોક્કસ શુદ્ધ સ્વભાવ રહેલો છે.** જેમ અગ્નિને ઉષ્ણતા નિયમથી છે એમ આત્માને શુદ્ધ સ્વભાવ નિયમથી છે તે નિયત ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નિયતિનય કહે છે.

## (૨૭) સ્વભાવથી વિપરીતરૂપે પર્યાયમાં પરિણમવું—અચોક્કસપણે પરિણમવું એવો એક અનિયત ધર્મ આત્મામાં છે, ને તે અનિયતધર્મને જાણનાર જ્ઞાનના અંશને અનિયતનય કહે છે.

''આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે. જેને ઉષ્ણતા નિયતિથી (નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક [આત્મા અનિયતિનયે અનિયત સ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયત સ્વભાવવાળું ભાસે છે તેમ].''

આત્મા ત્રિકાળી શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ નિયત છે તે બરાબર છે, પણ પર્યાયમાં અનિયતપણું છે. જેવો સ્વભાવ શુદ્ધ છે તેવી પર્યાયમાં શુદ્ધતા પ્રગટ નથી માટે અનિયત કહેલ છે. જેમ પાણીનો સ્વભાવ ઠંડો હોવા છતાં વર્તમાન પર્યાયમાં ઉષ્ણતા અનિયત—અચોક્કસપણે રહે તેનો એક ધર્મ છે, તે ઉષ્ણતા અગ્નિને લીધે નથી. જો અગ્નિને લીધે ઉષ્ણતા હોય તો ત્યાં રહેલું આકાશ પણ ગરમ થવું જોઈએ. જળનો સ્વભાવ શીતળ છે ને પર્યાયમાં ઉષ્ણતા છે. પર્યાયમાં ઉષ્ણતા છે તેને ન સ્વીકારે તો પીવા માંડે તો દાઝી જશે. ઉષ્ણતા સર્વથા ભ્રમ નથી તેમ ઉષ્ણતા અગ્નિને લીધે નથી. તે ઉષ્ણતા પાણીનો અનિયતધર્મ છે તેમ આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વભાવી છે એમ એક જ્ઞાનનું પડખું જાણે છે. બીજું જ્ઞાનનું

પડખું એમ જાણે છે કે અવસ્થામાં દયા-દાન-કામ-ક્રોધની વૃત્તિઓ થાય છે તે અનિયત છે. સ્વભાવની જેમ તે એકરૂપ નથી પણ અચોક્કસ છે. તે વિકાર પણ દ્રવ્યનો એક સમયપૂરતો ધર્મ છે.

(૧) વિકાર અવસ્થામાં ન હોય તો તેને ટાળવાનો પ્રસંગ રહેતો નથી ને કોઈ કહે કે વિકાર તદ્દન ભ્રમ છે તો તે વાત પણ બરાબર નથી. જ્ઞાન તે અવસ્થાને જાણે છે. જે ચીજ હોય તે જ્ઞાનનો વિષય ન થાય તેમ બને નહિ. જ્ઞાન બધાને ન જાણે તો તેનો મહિમા શું ? એક નય ત્રિકાળી નિયત સ્વભાવને જાણે છે. બીજો નય અનિયતધર્મને જાણે છે. જો એક સમય પૂરતો વિકાર ન હોય તો સ્વભાવમાં એકાગ્ર થઈ, વિકાર ટાળી, મોક્ષમાર્ગ પ્રગટ કરવાનો રહેતો નથી. માટે વિકાર છે ને વિકારને જાણનારું જ્ઞાનનું પડખું પણ છે.

(૨) વળી જેમ ઉષ્ણતા અગ્નિને લીધે નથી, પણ ઉષ્ણતા પાણીનો અનિયત ધર્મ છે તેમ આત્મામાં વિકારી અવસ્થા કે ઉણી અવસ્થા થવી તે પરપદાર્થો અથવા કર્મને લીધે નથી પણ તે આત્માનો અનિયત ધર્મ છે.

## આડીઅવળી પર્યાય થવી એવો અનિયતનો અર્થ નથી. બધી પર્યાયો ક્રમબદ્ધ જ છે પણ સંસારદશામાં પર્યાય દ્રવ્યના શુદ્ધ સ્વભાવથી વિપરીત છે, અચોક્કસ છે માટે અનિયત છે.

કોઈ કહે કે રાગ અમુક પ્રકારે થવાનો ન હતો પણ અમુક સંયોગો આવ્યા માટે થયો એમ કોઈ અનિયતનો અર્થ કરે તો તે અર્થ ખોટો છે. જે જે પ્રકારના રાગ થાય છે તે તો તે જ વખતે પર્યાયની યોગ્યતા અનુસાર થાય છે. રાગ થવાનો ન હતો ને કર્મના ઉદયને લીધે વહેલો થયો એવો અનિયતનો અર્થ નથી. જેમ પાણીમાં ઉષ્ણતા થવાની ન હતી પણ અગ્નિ આવી માટે ઉષ્ણતા વહેલી થઈ એમ અનિયતનો અર્થ નથી. પાણીની ઉષ્ણતા જે વખતે થવાની હતી તે જ વખતે થઈ છે–આડીઅવળી થઈ નથી. તેમ જ અગ્નિને લીધે પણ થઈ નથી. તેવી રીતે **આત્માની પર્યાયમાં વિકાર થવાનો ન હતો પણ કર્મ ભેગાં થઈને ઉદયમાં આવ્યા માટે વિકાર થયો એવો અનિયતનો અર્થ નથી. વિકાર જે જે પ્રકારે, જે જે વખતે થવાનો હતો તે જ વખતે તે જ પ્રકારે થયો છે. વિકારના ક્રમમાં પણ ફેર નથી પણ અનિયતિનો અર્થ એટલો જ છે કે આત્માનો ત્રિકાળી સ્વભાવ જેવો શુદ્ધ એકરૂપ છે તેવું પર્યાયમાં શુદ્ધ પરિણમન નથી. પર્યાયમાં વિપરીતપણું દેખાય છે તેને અચોક્કસપણું—અનિયતપણું કહે છે પણ ક્રમબદ્ધ પર્યાયમાં ફેરફાર થાય તેવો અનિયતનો અર્થ નથી. દ્રવ્યસ્વભાવ શુદ્ધ છે તેવો પર્યાયમાં ન હોવો તેને અનિયત**

**કહે છે.** વળી અનંતા કર્મો ભેગાં થઈને રાગ કરાવે ને કર્મને લીધે ચાર ગતિમાં રખડવું પડે તેવો પણ અનિયત સ્વભાવ નથી પણ પોતાની યોગ્યતાના કારણે સ્વભાવથી વિપરીતપણે રહે તેવું અનિયતપણું આત્માનો એક ધર્મ છે.

## અનિયતધર્મ બતાવે છે કે સંસાર અચોક્કસ ધર્મ છે, કાયમ રહેશે નહિ માટે સંસાર ઉપરની પર્યાયદ્રષ્ટિ છોડ ને નિયતસ્વભાવની દ્રવ્યદ્રષ્ટિ કર.

અનિયતધર્મ એમ જ્ઞાન કરાવે છે કે તે પરને લીધે નથી પણ પોતાની યોગ્યતાને લીધે છે. તે વિકાર એક સમય પૂરતો છે—અચોક્કસ છે, અનિયત છે, કાયમ રહેનારો નથી માટે મૂંઝાઈશ નહિ. વિકાર તારો ધર્મ છે ખરો પણ તે અચોક્કસધર્મ છે. તેથી તે કાયમ રહે તેવો નથી. તે ટળીને તારો ત્રિકાળી શુદ્ધસ્વભાવ જે નિયત છે તેવી શુદ્ધતા પર્યાયમાં તું પ્રગટ કરી શકીશ. એમ તે બતાવે છે. જેમ પાણીની ઉષ્ણતા કાયમની નથી તે ટળીને ઠંડી થઈ જશે, પાણીનો ચોક્કસ સ્વભાવ શીતળ છે તેવો પર્યાયમાં પણ પ્રગટ થઈ જશે. એમ જેને જ્ઞાન છે તે ઉષ્ણપણું પાણીમાં હોવા છતાં મૂંઝાતો નથી. **તેમ અહીં પણ જ્ઞાન કરાવે છે કે ભલે વિકાર તારી પર્યાયમાં હોય તોપણ તે કાયમનો શુદ્ધસ્વભાવ નથી, તે અચોક્કસ છે માટે તે ટળી જશે ને નિયત સ્વભાવ તારામાં કાયમ રહેશે માટે અનિયત ધર્મને જાણી વિકાર ઉપરની પર્યાયદ્રષ્ટિ ઉડાવ ને નિયતધર્મનું જ્ઞાન કરી સ્વભાવદ્રષ્ટિ કર, એમ કહેવાનો આશય છે.**

આ પ્રમાણે પર્યાયમાં વિપરીતરૂપે—અચોક્કસરૂપે પરિણમવું એવો અનિયત ધર્મ આત્મામાં છે. તે અનિયતધર્મને જાણનાર જ્ઞાનના અંશને અનિયતનય કહે છે. ॥૨૭॥

*

(જેઠ વદ ૧૪, મંગળવાર)

**(૨૬) નિયતનય :—**શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે કેવડો આત્મા માન્યે શાંતિ ને સુખ થાય ? તે પ્રશ્નના ઉત્તરરૂપે જવાબ અપાય છે. આત્મા અનંતા ધર્મોનો ધરનાર એક છે. તે ત્રિકાળી શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિથી નિયત ભાસે છે. જેમ અગ્નિનો ઉષ્ણતાધર્મ નિયત છે, અગ્નિથી ઉષ્ણતા જુદી પડતી નથી તેમ આત્માનો નિર્મળ જ્ઞાયક સ્વભાવ આત્માથી જુદો પડતો નથી. નિયત—ચોક્કસપણે રહે છે, તેવો નિયત ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નિયતનય કહે છે.

**(૨૭) અનિયતનય :—**જેમ પાણી શીતળ હોવા છતાં વર્તમાન ઉષ્ણતા અચોક્કસ છે. કારણ કે તે ટળી જાય છે તેમ પુણ્યપાપ વિકાર અચોક્કસ છે—

કાયમના નથી. સંસાર એક સમયનો છે. કાયમ સ્વભાવની દ્રષ્ટિથી તે વિકાર ટાળી શકાય છે. આમ વિકાર હોવો એ આત્માનો અનિયતધર્મ છે. તેને જાણનાર જ્ઞાનના અંશને અનિયતનય કહે છે.

અહીં નિયતનો અર્થ શુદ્ધસ્વભાવ ને અનિયતનો અર્થ વિકાર કર્યો છે. હવે નિયત અનિયતના બીજી જગ્યાએ શું અર્થ આવે છે તેની વિશેષ સ્પષ્ટતા

## મિથ્યાદ્રષ્ટિનો નિયતવાદ.

નિયતિવાદ = બનવાનું હશે તેમ બનશે એમ માની જે સ્વચ્છંદ સેવે છે ને પુરુષાર્થ કરતો નથી તે મિથ્યાદ્રષ્ટિનો નિયતવાદ છે. ગોમ્મટસારમાં જે ગાથા કહી છે તે મિથ્યાદ્રષ્ટિના નિયતિવાદની છે. કારણ કે ભવિતવ્યતાના નામે સ્વચ્છંદ સેવે છે.

૧. પોતાનો જ્ઞાનસ્વભાવ છે, એમ તે જાણતો નથી.
૨. હું મુક્ત સ્વભાવી જ છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી પુરુષાર્થ કરવો જોઈએ, એવો પુરુષાર્થ તે કરતો નથી.
૩. જીવ પુરુષાર્થ સ્વકાળે કરે છે. કોઈ પરકાળ કે પર નિમિત્ત રોકતું નથી, એમ તે માનતો નથી.
૪. પુરુષાર્થ વખતે કર્મનો અભાવ થઈ જાય છે, તેમ તે માનતો નથી. કર્મને ઈશ્વરતા આપે છે પણ સ્વભાવને મોટપ આપતો નથી. આમ એકલી ભવિતવ્યતાને માનવાવાળો પણ બીજા ચાર બોલને નહિ માનનારો જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

## (૨) ક્રમબદ્ધ પર્યાયમાં રહેલો સમ્યક્ નિયતવાદ.

જેણે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કર્યો છે, જેમ ક્રમબદ્ધ થવાનું હશે તેમ થશે તેમ માનનારની દ્રષ્ટિ રાગ ઉપર, નિમિત્ત ઉપર કે પર્યાય ઉપર રહેતી નથી પણ સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે. અક્રમ સ્વભાવનો નિર્ણય કરનાર ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સાચો કરે છે. શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિ થતાં જે થવાનું હશે તે થશે તેમ તે જાણે છે. શુદ્ધ સ્વભાવ નિયત, રાગની પર્યાય અને પરપર્યાય બધું નિયત છે એમ જ્ઞાની જાણે છે.

## (૩) નય ૨૬-૨૭મા રહેલા નિયત ને અનિયતનો અર્થ.

અહીં ૨૬મા નયમાં કહ્યું કે શુદ્ધ સ્વભાવ તે નિયત છે—ચોક્કસ છે. પૂર્વે ગમે તેટલો વિકાર કર્યો હોય તોપણ તે વિકાર શુદ્ધ સ્વભાવમાં કદી પેઠો નથી. તે શુદ્ધ

સ્વભાવને નિયત કહ્યો ને ૨૭મા નયમાં વિકારની પર્યાય સ્વભાવથી વિપરીત છે માટે તે પર્યાયને અનિયત કહેલ છે. આ પ્રમાણે નિયત, અનિયતનો અર્થ સમજવો.

## (૪) નિયત-અનિયત

પાંચ સમવાયમાં એક બોલ નિયતિનો છે. તે સિવાયના બીજા ચાર તે નિયતિ નહિ, એ અપેક્ષાએ તે અનિયત છે. તે પાંચે સમવાય એક સાથે છે. તેની સ્પષ્ટતા :—

**૧. નિયત :**—ભવિતવ્યતા જેમ થવાનું છે તેમ જ થાય છે. તે જ સમયે બીજા ચાર બોલ છે.

**૨. સ્વભાવ :**—જે વખતે મુક્તિ થવાની હોય ત્યારે થાય છે એમ કોણ નક્કી કરે છે ? રાગ દ્રષ્ટિવાળો તે નક્કી કરી શકશે નહિ પણ હું જ્ઞાનસ્વભાવી આત્મા છું એવો પોતાનો સ્વભાવ નક્કી કર્યો.

**3. પુરુષાર્થ :**—જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો કે હું મુક્ત સ્વરૂપ જ છું તે પુરુષાર્થ છે.

**૪. કાળ :**—આવો નિર્ણય કરી સ્વકાળે પોતા તરફ વળ્યો છે તે તેનો સ્વકાળ છે.

**૫. કર્મનો અભાવ :**—આવો નિર્ણય થતાં કર્મોનો એના કારણે અભાવ થઈ જાય છે. મિથ્યાત્વ અવસ્થામાં કર્મને મોટપ આપતો, હવે પોતાના સ્વભાવને જાણ્યો એટલે કર્મને મોટપ આપતો નથી તેથી કર્મનો અભાવ થયો.

આ પ્રમાણે નિયત = ભવિતવ્ય એક બોલ ને અનિયત = સ્વભાવ, પુરુષાર્થ કાળ ને કર્મનો અભાવ—એ ચાર બોલ એમ કુલ પાંચ બોલ સમવાય છે.

થવાનું હશે તેમ થશે તેમ યથાર્થ માનનારને જ્ઞાનસ્વભાવનો નિર્ણય છે, તે પુરુષાર્થ કરે છે, સ્વ તરફ વળે છે. રાગનો સ્વામી થતો નથી પણ જ્ઞાતા રહે છે તેથી કર્મનો અભાવ થતો જાય છે.

## (૨૮) પર્યાયના સવળા કે ઊંધા સંસ્કાર આત્મદ્રવ્યના ત્રિકાળી સ્વભાવમાં કામ કરતા નથી એવો સ્વભાવધર્મ આત્માનો છે. ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને સ્વભાવનય કહે છે.

‘‘આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે) જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.’’

ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં સંસ્કાર કામ કરતા નથી. સંસ્કાર પર્યાયમાં હોય છે. તે સંસ્કાર ત્રિકાળ સદ્રશસ્વભાવમાં કામ કરે નહિ તેવો આત્મદ્રવ્યનો એક ધર્મ છે. ગમે તેટલો અધર્મ પર્યાયમાં કરે, મોટાં પાપ કરે, તીવ્ર મિથ્યાત્વને સેવે છતાં ભવ્યનો સ્વભાવ મોક્ષની લાયકાતવાળો છે. તે સ્વભાવમાં ઊંધા સંસ્કાર કામ કરતા નથી. સમ્યગ્જ્ઞાનીને સ્વભાવનું ભાન થતાં તે વિચારે છે કે અહો, મારો સ્વભાવ ! તે પર્યાયને જાણે છે. અધર્મ પર્યાય પણ પૂર્વે હતી પણ તે અધર્મના સંસ્કારથી ભવી મટીને હું અભવી થતો નથી કારણ કે દ્રવ્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન વડે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થઈને પૂર્ણતા થાય તેવી છે. આત્મદ્રવ્યમાં સ્વભાવનયે સંસ્કાર નિરર્થક છે—નિરુપયોગી છે. પાણીમાં તેલ ઉપર જ તરે છે. તેલ પાણીમાં પેસતું નથી તેમ પર્યાયના સવળા કે અવળા સંસ્કાર સ્વભાવમાં પેસતા નથી. જેમ કાંટો સ્વભાવથી જ તીક્ષ્ણ અણીવાળો છે. તેની અણી કાઢવામાં આવતી નથી. તેમ ભગવાન આત્માનો સ્વભાવ કોઈએ ઘડ્યો નથી. અનંતધર્મની મૂર્તિ અનાદિઅનંત એવી ને એવી છે. તેનો કોઈ બનાવનાર હોઈ શકે નહિ. અજ્ઞાની તેની પર્યાયમાં રાગ-દ્વેષ ભ્રાંતિ સેવે છે તોપણ તે અંતર સ્વભાવમાં પેસી જાય તેમ બનતું નથી. વિકાર ક્ષણિક છે, આત્મસ્વભાવ એવો ને એવો છે. એમ અંતરમાં જો, કીડીના ભવ કર્યા, હાથીના ભવ કર્યા. કસાઈના ભવમાં કસાઈખાનાં માંડ્યાં ને કસાઈખાનામાં બોકડાનો ભવ કર્યો છતાં ક્યાંય પણ વસ્તુસ્વભાવ બદલાયો નથી. પર્યાયમાં ફેર છે તેટલો સંસાર છે પણ તે ક્ષણમાત્ર છે ને તે ક્ષણમાત્રના સંસ્કાર સ્વભાવમાં પેસતા નથી માટે મૂંઝાઈશ નહિ. ''અમોએ પૂર્વે ઘણાં પાપ કર્યા હતા'' એ યાદ કરીશ નહિ. પૂર્વના પાપના ઢગલા હોય તો પણ એક સમયના છે, તે તારા ત્રિકાળી સ્વભાવમાં પેઠા નથી. 'પુણ્ય-પાપના ભાવો કર્યા છે માટે ભોગવવા પડશે' એમ કોઈ કહે છે. પણ ભાઈ, તે ઉપાધિભાવો તારા સ્વભાવમાં પેઠા નથી. અનાદિનો તારામાં સ્વભાવધર્મ છે. તે સ્વભાવ ગમે તેવા સંસ્કારને નિરર્થક કરનાર છે. જે અડદ અને મગ ચડવા લાયક છે તે ન ચડે તેમ બને નહિ, તે ચડી જ જાય છે, તેમ જે સ્વભાવથી જ મોક્ષ પામવાને લાયક છે તે મોક્ષ જવાને લાયક ન રહે તેમ બને નહિ. એવો આત્માનો ભરોસો કર. મોરનાં પીછાં કોઈ દિવસ રંગવા પડે છે ? ના. તે સ્વાભાવિક ચીતરાયેલાં જ છે. તેમ ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય વગેરે ત્રિકાળી સ્વભાવોથી ચીતરાયેલો અનાદિઅનંત છે. પુણ્ય-પાપના સંસ્કાર તેમાં પેસતા નથી તેમ જ પુણ્ય-પાપના ભાવોથી તે પારખી શકતો નથી. આમ જે સ્વભાવને જાણે તે

ધર્મદશાને પામે. આવી રીતે આત્મામાં સ્વભાવ નામનો એક ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને સ્વભાવનય કહે છે. ।।૨૮।।

## (૨૯) પર્યાયમાં સંસ્કાર ફેરવી શકાય છે માટે સંસ્કાર સાર્થક છે એવો એ અસ્વભાવ નામનો ધર્મ છે. તે અસ્વભાવધર્મને જાણનાર જ્ઞાનના અંશને અસ્વભાવનય કહે છે.

"આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે) જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય એવા તીક્ષ્ણ તીરની માફક."

પર્યાયમાં સાચા સંસ્કાર કરવા ઉપયોગી છે. અવસ્થા જેટલો, પુણ્ય-પાપ જેટલો આત્માને માન્યો છે, તે દ્રષ્ટિ ફેરવ. હું જ્ઞાનસ્વભાવી વીતરાગ છું, પર્યાયમાં એવા સંસ્કાર સાર્થક થઈ શકે છે. રાગની પર્યાય ફરીને વીતરાગ પર્યાય થઈ શકે છે. તું પ્રભુ છો, પરમાત્મા થવાને લાયક છો એવા સંસ્કાર લાવી શકાય છે. વિકાર આત્માનો સ્વભાવ નથી તેને ફેરવી શકાય છે. જેવી રીતે તીરને લુહાર પાસે બનાવડાવ્યું હોય તો તે તીક્ષ્ણ અણીવાળું થઈ શકે છે, તેમ આત્માની પર્યાય કે જેમા પૈસા વિના ન ચાલે, છોકરા વિના ન ચાલે, પુણ્ય વિના ન ચાલે એવા જે ઊંધા સંસ્કાર નાખ્યા છે તેને બદલે પ્રભુ ચિદાનંદ સ્વરૂપ આત્મા વિના ન ચાલે તેવા સંસ્કાર નાખ. આમ સંસ્કારને સાર્થક કરનારો એક ધર્મ છે.

કોઈ કહે કે 'સો ઉંદર મારીને બિલ્લી પાટે બેઠી છે' તો અહીં કહે છે કે હા, બેસી શકે છે. તે વખતે સવળો થવો જોઈએ. ઊંધા ને ઊંધા ભાવ રાખે તો કામ ન આવે પણ સવળા ભાવ ગમે ત્યારે કરી શકે છે. અનંતકાળથી દયા, દાન જેટલો આત્મા માન્યો છે તે માન્યતા ફેરવીને વિકાર તે મારું સ્વરૂપ નથી, હું તો ચિદાનંદ સ્વરૂપ છું એવી માન્યતા કર તો પર્યાયમાં સંસ્કાર ફેરવી શકાય છે.

## હું સિદ્ધ થવાનો છું એવી ભાવના ભાવી સંસ્કાર ફેરવ.

જીવને રાગ ને વિકારનું ઘૂંટણ હોવાથી સ્વપ્નાં પણ એવાં આવે કે મારા મરણ પછી હું વાંદરી થઈશ, કાગડો થઈશ કે નરકે જઈશ વગેરે પ્રકારે ભૂંડી અવસ્થાનાં સ્વપ્નાં આવે છે કારણ કે આખો દિવસ તેવા ભાવ સેવ્યા છે. અહીં આત્મામાં અસ્વભાવ એક ધર્મ છે જેને લીધે સંસ્કાર ઉપયોગી છે એમ કહે છે. માટે ઊંધી માન્યતા ને રાગ-દ્વેષના ભાવને ફેરવ ને હું પરમાત્મા થઈશ, કેવળજ્ઞાન પામીશ, અર્હંતપદને પામીશ એવા ભણકાર લાવ તો સંસ્કાર ફેરવી શકાય છે. તે

સંસ્કાર સાર્થક છે. સાચા સંસ્કાર પાડો જેથી ખોટા સંસ્કાર ઊડી જશે. ખરાબ સ્વપ્ના આવે છે તે અંદર ખરાબ સંસ્કાર છે માટે આવે છે. તેને બદલે ભાવના ભાવ કે 'હું એક ભવ પછી મુક્તદશાને પામીશ. પંચમકાળમાં મારો આટલો પુરુષાર્થ નથી પણ એક બે ભવમાં મારી મુક્તિ થશે જ.' આવા સંસ્કાર પોતે પાડે છે, બીજું કોઈ પાડી દે તેમ નથી.

અહીં દ્રષ્ટાંતમાં તીરની તીક્ષ્ણ અણી લુહાર વડે કાઢવામાં આવે છે તેમ કહ્યું છે તો આત્માને કોઈ તીક્ષ્ણ બનાવી શકતું હશે ?

સમાધાન :—અહીં બીજો કોઈ જીવ મદદ કરે તેમ નથી. પોતે પોતાની મેળે પુરુષાર્થ કરવાનો છે. દ્રષ્ટાંત તે ઉપમા છે. ઉપમાથી ઉપમેય સિદ્ધ કરવું છે. જો ઉપમા ને ઉપમેય સર્વ રીતે મળતા આવે તો બન્ને એક થઈ જાય માટે સિદ્ધાંત દ્રષ્ટાંત અનુસાર બધી રીતે હોય નહિ. જે પર્યાયમાં હાલક લોલક વિચારો થાય છે તેને એક ક્ષણમાં ટાળી શકાય છે. સંસ્કાર રાખવા કે ટાળવા તે આત્માના હાથની વાત છે. કોઈ કર્મ માર્ગ આપે અથવા ઈશ્વર મદદ કરે તો સંસ્કાર ફરે તેવું કાંઈ નથી પણ પોતે ફેરવવા પુરુષાર્થ કરે તો ફરી શકે છે, માટે સંસ્કાર સાર્થક છે.

## હે જીવ ! મૂંઝાઈશ નહિ ! એક સમયમાં સંસ્કારથી વિચારો બદલી શકાય છે.

કોઈ કહે કે અમોએ તો બહુ પાપ કર્યાં હતાં ને ઘણો અધર્મ કર્યો હતો તેને આ સમજણ કેમ થાય ? કાંઈક બીજું કહો. અહીં કહે છે કે ગમે તેટલાં તીવ્ર પાપ પૂર્વે કર્યા હોય તોપણ સંસ્કાર સવળા થઈ શકે છે. તે તારા હાથની વાત છે. કર્મ તો ભૂકા બોલી જશે ને સંસારનો પત્તો પણ નહિ લાગે માટે મૂંઝાવા જેવું નથી.

કોઈ કહે કે અમોએ ઘણાં પુસ્તકો વાંચ્યાં છે તેથી ઘણાં ઊંચા લાકડાં ગરી ગયા છે ને અંદર ખીચડો થઈ ગયો છે. તેને કહે છે કે મૂંઝાઈશ નહિ. એ બધું એક સમયમાં નીકળી જાય તેવું છે, માટે મૂંઝાઈશ નહિ. સારા વિચારો કર. જાણે કે હું મુનિના ટોળામાં છું, હું મુક્તિ પામીને સિદ્ધ થયો છું એવાં સ્વપ્નાં આવશે ને સંસારનાં સ્વપ્ન ટળી જશે. એક સમયના ઉગ્ર પુરુષાર્થથી જેવો સ્વભાવ છે તેવા સંસ્કાર પર્યાયમાં પ્રગટ થઈ શકશે. અંદર છે તે બહાર લાવી શકાય છે. જુઓ, આ પરિશિષ્ટની અદ્‌ભુત રચના છે. મંદિર ઉપરના કાળશની પેઠે પ્રવચનસારની પાછળનું આ પરિશિષ્ટ કળશ સમાન છે. સંસ્કાર સાર્થક થઈ શકે એવો આત્માનો ધર્મ છે. તે કોઈને લીધે નથી. ગુરુકૃપાથી કે શાસ્ત્રકૃપાથી થાય તેમ નથી પણ તારી કૃપાથી સાર્થક થાય તેમ છે. બહારના જીવો તો નિમિત્તમાત્ર છે. તીર્થંકર મળવા

છતાં ન સમજે તો તીર્થંકર નિમિત્ત કહેવાય નહિ. પોતે સમજે તો નિમિત્ત કહેવાય છે.

## મુમુક્ષુને ચૈતન્યલક્ષ્મીનો કરિયાવર ૪૭ નયો દ્વારા બતાવવામાં આવે છે.

આ પરિશિષ્ટમાં ૪૭ નય છે. તેમાં અસ્તિ-નાસ્તિ સપ્તભંગીના સાતનય, નામ, સ્થાપના દ્રવ્ય, ભાવ એમ ચાર નય ને બાકીના ૩૬ નયના ૧૮ જડેલા છે. એમ કુલ ૪૭ નય કહીને આવા અનંતા નયો છે એમ કહીને સંકેલી દેશે. દીકરીને સાસરે વળાવે ત્યારે મા-બાપ કરિયાવર પાથરે છે. તેમ અહીં ભગવાન અનાદિથી રખડતા આત્માને મોક્ષરૂપ સાસરે વળાવે છે ને તેની ઋદ્ધિ-સમૃદ્ધિનો કરિયાવર પાથરીને બતાવે છે. નિગોદમાં જીવ ઘણો કાળ રહે છે તેથી તેને પિયરસ્થાન કહેવાય છે. તેમાંથી ત્રસ અવસ્થા પ્રાપ્ત કરે છે. મનુષ્યભવ પ્રાપ્ત કરી અંતર અનુભવ કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. તેનો કરિયાવર બતાવાય છે. **હે જીવ ! પ્રમોદ કર, તારામાં અનંતા ધર્મો છે. એક ધર્મ બીજાને લીધે નથી પણ સ્વતંત્ર છે. તું તારાથી સુખ પ્રગટ કરી શકે એમ છે. તારું નિધાન જો.** એમ ૪૭ નય દ્વારા ચૈતન્યની ઋદ્ધિ બતાવે છે. આ પ્રમાણે આત્મામાં સંસ્કાર ઉપયોગી છે—સાર્થક છે એવો આત્મામાં અસ્વભાવ નામનો ધર્મ છે. તેને જાણનાર જ્ઞાનના અંશને અસ્વભાવનય કહે છે. ાા૨૯ાા

## (30) આત્માની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવો આત્મામાં એક ધર્મ છે, તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને કાળનય કહે છે.

''આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે. ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય ઉપર આધાર રાખે છે. ઉનાળાના દિવસ અનુસાર પાકતાં કેરીની માફક).''

આત્માનો મોક્ષ જે સમયે થવાનો હોય તે જ સમયે થાય છે, આડાઅવળા સમયે થતો નથી. જેવી રીતે ઉનાળાના દિવસે કેરી સ્વયં પાકી જાય છે કારણ કે તેનો પાકવાનો કાળ છે, તેવી રીતે જેનો જે સમયે ધર્મ થવાનો કાળ પાક્યો છે તેનો તે સમયે થાય છે. સમ્યગ્દર્શનનો અથવા મોક્ષનો સમય આડોઅવળો થતો નથી. આવો ધર્મ છે. તે કોણ નક્કી કરે છે? તે ધર્મ તો આત્માનો છે. એમ પોતાના દ્રવ્ય સામું જોઈને નક્કી કરેછે. તે જીવ એમ કહી શકે કે મુક્તિ જે સમયે થવાની છે તે સમયે જ થવાની છે. સ્વભાવદ્રષ્ટિ થતાં આવી પ્રતીતિ થાય છે. સર્વજ્ઞ ભગવાને જોયું છે કે મારી મુક્તિ આ સમયે થવાની છે પણ એવું નક્કી કરનાર

કોણ છે ને કેવી રીતે નક્કી કરે છે ? હું આત્મા અનંત ધર્મનો ધરનાર છું એમ પ્રથમ પ્રતીત કરેછે. આમ જ્ઞાતાદ્રષ્ટા થતાં વીતરાગદ્રષ્ટિ થાય છે. સ્વચ્છંદી થવા માટે નય કહેલ નથી. જ્ઞાતાદ્રષ્ટા થવા માટે આ નયનું સ્વરૂપ સમજાવે છે. સંસારની પર્યાય તો એક સમયની છે. તેની ઉપરની દ્રષ્ટિ છોડે ને સ્વભાવદ્રષ્ટિ કરે તો જ આ વાત બેસે તેમ છે.

## અમુક કાળે મારી સિદ્ધિ થશે એમ યથાર્થ નક્કી કરનારની દ્રષ્ટિ દ્રવ્ય સ્વભાવ પ્રત્યે જ રહે છે.

આમ અમુક કાળે સિદ્ધિ થવી એ પણ એક ધર્મ છે. સર્વજ્ઞ ભગવાને એમ જોયું છે માટે તે ધર્મ છે એમ નથી. ને તે ધર્મ છે માટે સર્વજ્ઞના જ્ઞાનમાં આવેલ છે એમ પણ નથી. જેવો ધર્મ છે, એવો ભગવાને જાણ્યો ને વાણી દ્વારા આવ્યો. આવો એક આત્માનો ધર્મ છે. કારણ કે આત્મા તેને ધારી રાખે છે, એમ જે નિર્ણય કરે છે તેની દ્રષ્ટિ ધર્મના ધરનાર ધર્મો એવા દ્રવ્ય ઉપર જાય છે. તેને પર્યાયની, રાગની કે નિમિત્તની રુચિ રહેતી નથી. અનંત ધર્માત્મક વસ્તુ ઉપર દ્રષ્ટિ કરી તેમાં જ અનંતો પુરુષાર્થ છે ને તેણે જ સાચો નિર્ણય કર્યો કહેવાય. ઉનાળાની ૠતુમાં કેરી એના કાળે પાકી જશે ને નીચે પડશે. કેરીને માટે ઉતાવળ કરવાની જરૂર નથી. તેમ આત્મદ્રવ્ય આવુ છે એવો નિર્ણય કર્યો એટલે સંસાર તૂટીને પરમાનંદદશા પ્રગટ થવાની જ. સમય ધર્મનો નિર્ણય કર્યો તેણે ધર્મી આત્માનો નિર્ણય કર્યો. તે જીવ પુણ્યથી-નિમિત્તથી મુક્તિ થશે તેમ માને નહિ. જે સમયે મારી સિદ્ધદશા થવાની તે જ સમયે થવાની એવો કાળધર્મ મારા આત્મદ્રવ્યનો છે. તે ધર્મ નિમિત્તનો નથી, રાગનો નથી, પર્યાયનો નથી, તે ધર્મ આત્મદ્રવ્યનો છે. તીર્થંકર ભગવાને જોયું છે ને એવો જ આત્મદ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્યનું નક્કી કર્યા હોવાથી ધર્મી જીવને અધીર જ નથી, ઉતાવળ નથી. **નથી ટાળવો સંસાર કે નથી કરવો મોક્ષ.** કારણ કે સંસાર, મોક્ષ બન્ને પર્યાય છે. પર્યાય ઉપરની દ્રષ્ટિ ટળી ગઈ છે ને પર્યાયવાન્ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની દ્રષ્ટિ થઈ છે તેથી ધર્મી જીવને ધીરજ જ વર્તે છે,

પ્રશ્ન :—દ્રવ્યનો પર્યાય ઉપર કાબુ રહે નહિ ?

## દ્રવ્યદ્રષ્ટિ થતાં પર્યાય કાબુમાં આવી જાય છે. પર્યાયનો કાબુ કરવો પડતો નથી.

સમાધાન :—સમ્યગ્દ્રષ્ટિની પર્યાય ઉપર નજર નથી, પર્યાય ફેરવવી નથી. જે ક્ષણે મુક્તિ થવાની છે, તે મુક્તિના સમયનો ધર્મ મારો છે. તે ધર્મનો ધરનાર હું

છું એમ નક્કી કરતાં જ્ઞાન ને સ્વજ્ઞેય અભેદ થાય છે. એમ અભેદતા થતાં મુક્તિની પર્યાયની ઉતાવળ નથી. મારો ધર્મ પુણ્યથી નથી, નિમિત્તથી નથી, પર્યાયથી નથી પણ પર્યાયવાનમાંથી ધર્મ ઉત્પન્ન થાય છે. જો કે નિર્ણય પર્યાયમાં થાય છે પણ પર્યાય નિર્ણય કરે છે કે તે ધર્મ ધર્મી એવા આત્મદ્રવ્યનો છે. **દ્રવ્યદ્રષ્ટિ થતાં ક્રમસર તેના કાળે મોક્ષ થઈ જાય છે ને સંસાર ટળી જાય છે. આમ દ્રવ્યદ્રષ્ટિ થતાં પર્યાયનો કાબુ થઈ જાય છે, કાબુ રાખવો પડતો નથી.**

## જે સમયે મુક્તિ થવાની તે જ સમયે થવાની, એમ નિર્ણય કરનારની અલ્પકાળમાં જ મુક્તિ થાય છે.

આ ઝીણી વાત છે. હું આટલી દયા પાળું, વ્રત પાળું, વિશેષ ભક્તિ કરું તો મારી મુક્તિ વહેલી થઈ જાય એમ નથી. મુક્તિ જે સમયે થવાની છે તે જ સમયે થવાની છે. આમ નિર્ણય કરતાં વિકલ્પ—રાગ-દ્વેષની વિષમતા રહેતી નથી. જ્ઞાતા-દ્રષ્ટા રહેતા જે વખતે જેમ થવાનું હોય તેમ થાય છે તેવા નિર્ણયમાં વીતરાગતા છે. આમ, આખા દ્રવ્યની કબૂલાત કરનાર જીવની જે સમયે મુક્તિ થવાની તે જ સમયે થવાની છે. છતાં તેની મુક્તિ માટે લાંબો કાળ લાગશે નહિ.

## દયા-દાનના ભાવ તો વિષમભાવ છે પણ વહેલો મોક્ષ કરું, એવો ભાવ પણ વિષમભાવ છે.

જેમ દેરાસર ઉપર કળશ ચડાવે છે તેમ પ્રવચનસાર ઉપર પરિશિષ્ટમાં આપેલા નયોનું વર્ણન કળશ સમાન છે. આ નયમાં નબળાઈ નથી પણ જબરો પુરુષાર્થ છે, સ્વભાવદ્રષ્ટિનું જોર છે. **અહો આત્મા ! તારો સ્વભાવ જ એવો છે. મારે પર્યાયને ફેરવવી નથી. પણ સ્વભાવદ્રષ્ટિ થતાં મિથ્યાદર્શન ફરી જાય છે એટલે કે તેનો નાશ થાય છે, સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, સ્થિરતા થાય છે, વીતરાગતા આવે છે ને કેવળજ્ઞાન પ્રગટે છે. પરની દયાનો ભાવ કરવો તે તો વિષમતા છે જ પણ વહેલો મોક્ષ કરું તે ભાવ પણ વિષમતા છે. વિષમતા તે ધર્મ નથી.** વસ્તુની અવસ્થા તે વસ્તુની વ્યવસ્થા છે. જે અવસ્થા જે વખતે થવાની હોય તે થાય છે, એમ નક્કી કરનાર અવસ્થાયીનો (અર્થાત્ દ્રવ્યનો) નિર્ણય કર્યા વિના રહે નહિ એટલે કે તે દ્રવ્યનો નિર્ણય જરૂર કરે જ છે.

## ઉતાવળ એટલી કચાશ ને કચાશ એટલી ખટાશ. જ્ઞાતાદ્રષ્ટા જીવ ધીરજ ને સમતાભાવમાં વર્તે છે.

ઉતાવળ શેની ? કે મંદતા શેની ? જ્ઞાનીને ધીરજ છે. જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવને જાણતો સ્થિરતા પામે છે ને ક્રમેક્રમે વિકાર નાશ થતો જાય છે. મારી અલ્પકાળમાં

મુક્તિ છે. તે કેવળજ્ઞાની ભગવાને જોયું છે ને ધર્મી જીવને બેઠું છે. અલ્પકાળમાં મુક્તિ થવાની છે છતાં જે સમયે મુક્તિ થવાની છે ત્યારે જ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે "ઉતાવળ એટલી કચાશ ને કચાશ એટલી ખટાશ." વેપારમાં પણ વેપારી જાણે છે કે ઉતાવળ ને અધીરજ કરવાથી કાંઈ લાભ નથી. ધનવાનને ધીરજ છે, પણ ઉતાવળ નથી. ગરીબ માણસ કે જેને ઘરના ચારે ખૂણા ખાલી છે, તેને ૨૦ રૂપીયાનો પગાર હોય તે રૂા. ૧૦ના તો જોડા લઈ આવે. પગાર મળે કે તુરત જ ઉતાવળ કરી ને ખદબદાટ કરે. જ્યારે પૈસાવાળો ધીરજથી કામ લ્યે છે ને જોઈતી વસ્તુ શાંત પેટે (ધીરજથી) લ્યે છે, મકાન લેશે, સારા દાગીના લેશે, તે ધીરજથી બધું લ્યે છે, ખદબદાટ કરતો નથી, કારણ કે તેનું પેટ મોટું છે. પૈસા ભર્યા છે તેનો ભરોસો છે. **તેમ ધર્મી જીવને ભરોસો છે કે મારામાં બહુ નિધાન ભરેલું છે. આનંદકંદનું પેટ ભરેલુ છે. તેને વિશ્વાસ છે કે મારી મુક્તિ અલ્પકાળમાં થશે. આમ ઉપશમ રસ—વીતરાગી દ્રષ્ટિવાળાને ઉતાવળ હોતી નથી, વિષમતા હોતી નથી, સમતાભાવથી મુક્તિ થાય છે.**

## ધર્મી જીવને ભવની પર્યાય કે મોક્ષની પર્યાય પ્રત્યે સમતા ભાવ વર્તે છે.

"ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો" એવી દ્રષ્ટિ ધર્મીને હોય છે. ધર્મી જીવને સાધક દશામાં અલ્પભવ હોય તે તરફ કે મોક્ષદશા પ્રગટવાની છે તે બન્ને તરફ સમભાવ વર્તે છે. કારણ કે બન્ને પર્યાય છે. તેના ઉપર દ્રષ્ટિ નથી. જ્ઞાનમાં ભવ નથી. દ્રષ્ટિ અખંડ શુદ્ધ ચૈતન્ય ઉપર છે. મારે વિકાર જોઈતો નથી ને નિર્વિકાર જોઈએ છે, એમ કહેનારની દ્રષ્ટિ પણ પર્યાય ઉપર છે, તે પણ વિષમતા છે. તેનું લક્ષ હજી પર્યાય ઉપર છે. જેનું લક્ષ સ્વભાવ ઉપર છે તેનું લક્ષ વિકાર ઉપર હોય જ નહિ, કારણ કે સ્વભાવદ્રષ્ટિ થતાં વિકાર ટળી જાય છે.

આ પ્રમાણે જે સમયે મુક્તિ થવાની છે તે જ સમયે થાય છે તેમ નક્કી કરનારની દ્રષ્ટિ શુદ્ધ સ્વભાવ ઉપર જ છે ને દ્રષ્ટિ સાચી હોવાથી તેને નય લાગુ પડે છે. આ પ્રમાણે આત્માની સિદ્ધિ સમય પર આધાર રાખે તેવો એક આત્મદ્રવ્યનો ધર્મ છે ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને કાળનય કહે છે. ।।૩૦।।

## <u>(૩૧) આત્માની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવો આત્મામાં ધર્મ છે ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અકાળનય કહે છે.</u>

“આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે. કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.”

અહો ! મારા આત્માની અલ્પકાળમાં મુક્તિ થશે. અચિરેણ = લાંબો કાળ સંસાર ચાલશે નહિ. જેની સ્વભાવ ઉપર દ્રષ્ટિ હોય છે, તેને માટે એમ કહેવાય કે આ જીવ અલ્પકાળમાં મુક્તિ પામશે. વાણી નીકળે છે તે તો વાણી છે. વાણીનું જ્ઞાન છે ને વાણીનો વાચ્ય એવો ધર્મ પણ આત્મામાં છે. જેમ કેરીને ઘાસથી પકવવામાં આવે છે ને બોલાય કે કેરીને વહેલી પકવી નાખી તેવી રીતે આ જીવ સંસાર વહેલો કાપી નાખશે એમ બોલવાની રીત છે. આ જીવ આસન્ન ભવ્ય છે. અલ્પકાળમાં એટલે કે એક બે ભવમાં મુક્તિમાં જશે. આવી કથનપદ્ધતિ છે ને તેનો વાચ્યધર્મ પણ આત્મામાં છે. <u>મુક્તિ મોડી થવાની હતી તેના કરતાં વહેલી થઈ ગઈ એવો એનો અર્થ નથી. તે તો જે સમયે થવાની હતી તે જ સમયે થઈ છે, પણ વ્યવહારે બોલાય છે, તેનું જ્ઞાન કરાવે છે.</u> શિષ્ય ગુરુને કહે કે ‘આપ ન મળ્યા હોત તો અમારી મુક્તિ થાત નહિ. અમો ઘણા કાળ સુખી રખડત. અમારે અનંત સંસાર રખડવું પડત’ આવી વાણી નીકળે છે. તે વાણીનું જ્ઞાન કરે છે ને વાણીનો વાચ્ય એવો એક ધર્મ પણ આત્મામાં છે. કેરી પાકવા વખતે જ પાકી છે, વહેલી પાકી નથી. છતાં, ઘાસમાં નાખી માટે વહેલી પાકી એમ બોલાય છે. કોઈ જીવ સર્પ કરડતાં મરી જાય છે તે તેના કાળે જ મરણ પામ્યો છે. આયુષ્ય બાકી હતું ને મરી ગયો એવો તેનો અર્થ નથી પણ અકસ્માત ને સંયોગ બતાવવા અકાળ મૃત્યુએ મરી ગયો એમ કથન કરવામાં આવે છે. કોઈ પૂછે કે “આમ કેમ બોલ્યા ?” જ્ઞાની તે વખતે વિષમતા કરતો નથી કારણ કે એવી રીતે બોલવાની રીત છે.

કોઈ કહે કે કાળનય સાચો કે અકાળનય સાચો ? ભાઈ, બન્ને નયો સાચા છે ને આત્મામાં બન્ને ધર્મો એકી સાથે છે. એક જીવમાં કાળધર્મ ને બીજામાં અકાળ ધર્મ એવી રીતે જુદા ધર્મો જુદા જુદા જીવમાં રહેલા છે એમ નથી. એક જ આત્મામાં કાળધર્મ ને અકાળધર્મ બન્ને સાથે રહેલા છે.

આ પ્રમાણે જીવની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવી વ્યવહારે બોલવાની રીત છે. એવો એક આત્મામાં અકાળ નામનો ધર્મ છે. તે અકાળ ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અકાળનય કહે છે. ।।૩૧।।

*

# પ્રસાદ નં. ૨૪૫

[જેઠ વદ ૦)), બુધવાર]

આજે સવારે પરમપૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર, કર્તાકર્મ અધિકાર ગાથા ૭૭ ઉપરના પ્રવચનનું રેકોર્ડીંગ રીલ સંભળાવવામાં આવ્યું હતું.

## પ્રવચનસાર પરિશિષ્ટ

(અષાડ સુદ ૧, ગુરુવાર)

### (30) કાળનયનું સ્વરૂપ.

આત્મા એક દ્રવ્ય છે. તેમાં અનંતા ધર્મો છે. એક ધર્મને જાણનાર જ્ઞાનનો એક અંશ છે. બધા ધર્મોને જાણનાર જ્ઞાન પ્રમાણ છે. બધા નયો ભાવશ્રુતજ્ઞાનમાં સમાઈ જાય છે. શ્રુતજ્ઞાન વડે અખંડ આત્માનો અનુભવ થાય છે. તે આત્મા કેવો છે, તેની વાત ચાલે છે. તેમાં 30મો ધર્મ એમ આવ્યો કે જીવની જે સમયે મુક્તિ થવાની હોય તે જ સમયે થાય છે. કેવળજ્ઞાનમાં ભગવાને જોયું છે તેમ દરેક આત્માની મુક્તિ તેના સ્વકાળે થાય છે—આડીઅવળી થતી નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવી દ્રષ્ટિ થતાં ક્રમે કરીને જે સમયે તેનો કાળ છે તે સમયે દ્રવ્ય મુક્તરૂપે પરિણમી જાય છે. પુરુષાર્થના કાળને તેમ જ જે સમયે મુક્તિ થવાની છે તે કાળ વચ્ચે કાળભેદ નથી. આત્માની સિદ્ધિ સમય પર આધાર રાખે તેવો આત્મામાં ધર્મ છે, તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને કાળનય કહે છે.

### (૩૧) અકાળનયનું સ્વરૂપ.

જે સમયે કેવળજ્ઞાનદશા થવાની છે તે સમય ફરતો નથી. આ જીવ અનંતો પુરુષાર્થ કરશે તેથી અલ્પકાળે તેની મુક્તિ થશે—થોડા કાળમાં મોક્ષે જશે, એમ વ્યવહારથી બોલવાની રીત છે. પહેલાં સમય ધર્મ બતાવ્યો તેમાં અને આમાં વિરોધ નથી. સિદ્ધિ આડા-અવળા કાળે થાય તેવો અકાળનો અર્થ નથી. સિદ્ધિ તો તેના કાળે જ થાય છે.

### એક નય એક ધર્મને બતાવે છે. ધર્મ ધર્મી આત્માને બતાવે છે. આમ દ્રવ્યદ્રષ્ટિ કરવી તે જ પુરુષાર્થ છે.

પ્રશ્ન :—જો એમ છે તો પુરુષાર્થ શું કામ આવ્યો ?

સમાધાન :—અખંડ આત્મા અનંતા ગુણોનો પિંડ છે, એની દ્રષ્ટિ કરવી તે જ પુરુષાર્થ છે. કાળનયે નક્કી કર્યું કે જે કાળે મુક્તિ થવાની તે જ કાળે મુક્તિ થાય છે. તેમ નિર્ણય કરતાં જો દ્રવ્ય ઉપર દ્રષ્ટિ થાય તો તે માન્યતા સાચી કરી કહેવાય. જે થવાનું હોય તે થવાનુ છે તેમ ધારી નિમિત્ત, પુણ્ય ને પર્યાય ઉપર

દ્રષ્ટિ રાખે તેની વાત સાચી નથી. તે બધા ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી અખંડ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવી તે જ સાચો પુરુષાર્થ છે. જે સમયે મુક્તિ થવાની હશે ત્યારે થશે એવો ધર્મ કોનો છે ? તે ધર્મ આત્માનો છે. તે ધર્મ નિમિત્તનો, રાગનો અથવા પર્યાયનો નથી પણ આત્મદ્રવ્યનો છે. આમ નિર્ણય કરી જે જીવ પોતાના ચૈતન્ય સ્વભાવ તરફ વળે છે તેની પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ ટળી જાય છે, ને તે અલ્પકાળમાં મુક્તિને પામે છે. જે સમયે કેવળજ્ઞાન થવાનું છે કે મુક્તિ થવાની છે તે જ સમયે થાય છે. તેમાં ફેર નથી પણ પુરુષાર્થ કરીને જીવ વહેલો મુક્તિએ ગયો એવી બોલવાની રીત છે. તે બોલવાની રીતનો નિષેધ થઈ શકતો નથી. કેવળજ્ઞાની ભગવાનની વાણીમાં આવ્યું કે આ જીવ જલદી મોક્ષે ગયો તો શું કેવળજ્ઞાની તે જાણતા ન હતા ? અથવા જે સમયે તેની મુક્તિ થવાની હતી તેના કરતાં વહેલી થઈ છે ? ના. તે તેના સમયે જ થઈ છે ને કેવળજ્ઞાની બરાબર પ્રથમથી એમ જ જાણતા હતા, તેમાં ફેર નથી પણ તે જીવ પુરુષાર્થ કરીને જલદી મોક્ષે ગયો એમ ભગવાનની વાણીમાં પણ આવે છે કારણ કે તે પ્રમાણે બોલવાની રીત છે. જ્યારે સિદ્ધિ થવાની હશે ત્યારે થશે એમ કહીને દ્રવ્યદ્રષ્ટિ ન કરે તેની પ્રતીતિ પણ સાચી નથી. આ જીવ જલદી મોક્ષે ગયો એમ બોલવાની રીત છે એવો એક આત્મામાં ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અકાળનય કહે છે. ।।૩૧।।

## (૩૨) આત્માની સિદ્ધિ પુરુષાર્થથી થાય છે એવો પુરુષાર્થ નામનો આત્મામાં ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને પુરુષકારનય કહે છે.

આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે. જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (–ઉગે છે) એવા પુરુષકારવાદીની માફક. (પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે. જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.)

આત્મામાં એવો એક ધર્મ છે કે પુરુષાર્થ વડે આત્માની સિદ્ધિ થાય છે, એની મેળે થતી નથી. આત્મામાં પુરુષાર્થ છે—વીર્ય છે—આત્મબળ છે કે જે વડે મુક્તિ થાય છે. આવા અનંતા ધર્મો છે. પ્રમાણજ્ઞાન વડે આખા આત્માને જાણે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા થાય. એક ધર્મ કાઢી નાખવામાં આવે તો આત્મદ્રવ્ય પૂરું થતું નથી. અંતરના વલણથી ધર્મની પ્રાપ્તિ થાય છે. જેવી રીતે લીંબુનું બી વાવે તો લીંબુનું ઝાડ ઊગે છે તેમ જે જીવ પુણ્ય-પાપની રુચિ છોડી, નિમિત્તના વલણનો અભિપ્રાય છોડી, આત્મદ્રવ્ય તરફ વળે તેને ધર્મ થાય તેમ છે. ધર્મ યત્નસાધ્ય છે. પ્રયત્ન વિના ધર્મ થતો નથી. અકાળનયે જે ધર્મ કહેવાયો તે

એમ કહેતો નથી કે પુરુષાર્થ વગર ધર્મ થાય છે. ત્યાં પણ પુરુષાર્થ પૂર્વક જ થાય છે.

પંડિત હેમરાજજીએ મધુકુક્કુટીનો અર્થ મધપૂડો કર્યો છે. જેમ મધપૂડો બનાવવા માટે માખી પુરુષાર્થ કરે છે અથવા લીંબુનું ઝાડ વાવવાથી લીંબુનું ઝાડ મળે છે તેમ આત્માનો ધર્મ પુરુષાર્થપૂર્વક થાય છે. તે ક્યા પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે ? નિમિત્તના, રાગના, પર્યાયના પુરુષાર્થ વડે નહિ પણ અનંતગુણના પિંડ અભેદદ્રવ્ય તરફ દ્રષ્ટિ કરવાનો ને તેમાં ઠરવાનો પુરુષાર્થ કરે તો ધર્મની અને મુક્તિની પ્રાપ્તિ થાય છે. આવી રીતે આત્માની સિદ્ધિ પુરુષાર્થથી થાય છે એવો પુરુષાર્થ નામનો આત્મામાં ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને પુરુષકારનય કહે છે. ॥૩૨॥

## (૩૩) દૈવથી સિદ્ધિ સાધ્ય છે એમ બોલવાની પદ્ધતિ છે તેવો આત્મામાં ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને દૈવનય કહે છે.

''આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (–યત્ન વિના થાય છે) એવું છે. પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.''

કર્મને ટાળવા માટે જીવે પ્રયત્ન કરવો પડતો નથી. આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે. એવી સ્વ તરફ દ્રષ્ટિ કરતાં કર્મો સહજ ટળી જાય છે એવો આત્મામાં એક ધર્મ છે. કર્મ ટળે તો મુક્તિ થઈ જાય એટલે કે યત્ન વિના મુક્તિ થાય અથવા દૈવથી મુક્તિ થાય એવી એક કથનપદ્ધતિ છે. ૩૨મા નયમાં જે કહ્યું તેનાથી આ ઊલટું નથી. ૩૨મા નયમાં પુરુષાર્થની પ્રધાનતાનું કથન છે. જ્યારે આ ૩૩મા નયમાં કર્મની પ્રધાનતાથી કથન કરેલ છે. જ્યારે જીવ સ્વભાવનો પુરુષાર્થ કરે છે ત્યારે કર્મ ટળ્યા વિના રહેતું નથી. એટલે કર્મનો અભાવ થવાથી અર્થાત્ દૈવથી મુક્તિ થાય છે, એમ બોલાય છે. પણ કર્મ માર્ગ આપે અથવા મંદ પડે તો ધર્મ થાય એમ એનો અર્થ નથી. પણ જીવ પુરુષાર્થ કરે ત્યારે કર્મ ટળવાની તેના પોતાના કારણે યોગ્યતા છે જ. કર્મ ન ટળે એમ બને જ નહિ. દર્શન મોહનીય કર્મ ટળ્યું માટે સમ્યગ્દર્શન પ્રગટ થયું, એમ બોલવાની રીત છે. આત્માનો એવો એક ધર્મ છે, એમ જાણવું પણ કર્મ માર્ગે આપ્યો માટે સમ્યગ્દર્શન થયું એમ નથી. શાસ્ત્રમાં **દૈવાત્** એવો શબ્દ આવે છે. **દૈવાત્**નો અર્થ એમ નથી કે ધર્મદશા એની મેળે થાય છે. પોતામાં પુરુષાર્થપૂર્વક થાય છે પણ પોતાના સ્વભાવ તરફના પુરુષાર્થની મુખ્યતા નહિ કરતાં કર્મ એની મેળે ખસ્યાં છે, તેની મુખ્યતા કરી કથન કરેલ છે. તેને ખસેડવાં પડતાં નથી પણ કર્મો સ્વયં ખસી જાય છે. પુરુષાર્થવાદીએ

બે લાડવા બનાવ્યા તેમાંથી એક લાડવો દૈવવાદીને આપ્યો—એવું દ્રષ્ટાંત આવે તેનો હેતુ એમ નથી કે દૈવવાદીને લાડવો એમ ને એમ મળી ગયો. પણ તે બન્નેમાં પુણ્યને લીધે પ્રાપ્તિ થઈ, એમ બતાવવું છે. પુરુષાર્થવાદીને લાડવો મળ્યો તે પણ તેનાં પુણ્ય હતાં તો મળ્યાં છે, તેના વિકલ્પથી મળ્યો નથી. તેમ જ દૈવવાદીને પણ લાડવો તેનાં પુણ્ય હતાં તો મળ્યો છે. લાડવો મળવો તે સંયોગ છે. માટે તેમાં પુણ્ય કારણ છે પણ પુરુષાર્થવાદીને લાડવા મળ્યા ત્યારે તેને વિકલ્પ હતો તે વિકલ્પને પ્રધાન કરીને કહ્યું કે તેણે મહેનત કરી લાડવા બનાવ્યા ને દૈવવાદીના પુણ્યને પ્રધાન કરીને કહ્યું કે એમ ને એમ (પ્રયત્ન વગર) લાડવા મળી ગયા. છતાં બન્નેનું પુણ્ય કર્મ જ નિમિત્ત કારણ છે, એમ સમજવું. તેમ જીવ પોતાના પુરુષાર્થથી જ મુક્તિમાં જાય છે. તે પુરુષાર્થની પ્રધાનતા બતાવવી હોય ત્યારે જીવ પુરુષાર્થ કરીને મુક્તિમાં ગયો એમ કહેવાય છે ને કર્મના અભાવની મુખ્યતા કરીને કહે ત્યારે કર્મ ટળ્યાં, ત્યારે મુક્તિમાં ગયો, એમ કથન કરવાની રીત છે.

અહીં લીંબુનાં ઝાડનું દ્રષ્ટાંત આપેલ છે. પુરુષાર્થવાદીએ લીંબુનું ઝાડ વાવવાનો પુરુષાર્થ કર્યો ને તેને લીંબુનું ઝાડ પ્રાપ્ત થયું ને દૈવવાદીએ કાંઈ પણ પુરુષાર્થ કર્યો નહિ પણ પુરુષાર્થવાદીએ આપેલા ઝાડમાં દૈવથી માણેકની પ્રાપ્તિ થઈ. જેમ ઝાડમાં ગુંદર પાકે છે તેમ ઝાડના કોઈ રસના પરમાણુ બદલી માણેકરૂપ થાય છે. બન્નેમાં મુખ્યતા પુણ્યકર્મની જ છે, પણ પુરુષાર્થવાદીનો લીંબુનું ઝાડ વાવવા વખતે વિકલ્પ હતો માટે પુરુષાર્થથી મળ્યું, એમ કહ્યું ને દૈવવાદીનો વિકલ્પ ન હતો પણ દૈવ હતું માટે દૈવથી મળ્યું એમ કહ્યું. બાકી બન્નેને દૈવથી મળે છે, કેમ કે તે સંયોગ છે. તેમ સ્વભાવના પુરુષાર્થની મુખ્યતા બતાવવા સિદ્ધિને યત્નસાધ્ય કહીને કર્મના અભાવની મુખ્યતા બતાવવા સિદ્ધિને દૈવસાધ્ય કહી, ખરેખર તો બન્નેમાં પુરુષાર્થથી જ સિદ્ધિ છે.

## દૈવવાદ ધર્મ આત્માનો છે માટે આત્મા તરફ જોવાથી દૈવવાદનું સાચું જ્ઞાન થાય છે.

દૈવવાદીને ધર્મની પ્રાપ્તિ થઈ તે કોના સામું જોઈને થઈ ? કર્મ સામું જોઈને ધર્મની પ્રાપ્તિ થાય છે ? ના. દૈવથી પ્રાપ્તિ થાય છે, એવી બોલવાની રીત છે ને એવો આત્મામાં એક ધર્મ છે. તે ધર્મનું જ્ઞાન કરી ધર્મના ધરનાર ધર્મી આત્મા સામું જોવાથી ધર્મ થાય છે. આખો આત્મા દ્રષ્ટિમાં આવે ત્યારે આવા ધર્મનું યથાર્થ જ્ઞાન થાય છે. ભગવાન આત્મા કેવો છે ? આત્મા અનંત ધર્મવાળો છે. તેને જ્ઞાન જાણે છે. જ્ઞાન જાણનાર આત્મા તરફ વળીને જાણે છે. નિમિત્ત, પર્યાય, રાગ તરફ વળીને જ્ઞાન જાણતું નથી. મુક્તિ સમય પર આધાર રાખતી નથી એવો ધર્મ

કોનો છે ? દ્રવ્યસ્વભાવનો ધર્મ છે. તે સ્વભાવ તરફ લક્ષ થતાં અકાળનયનું જ્ઞાન સાચું થાય છે. તેમ દૈવવાદ ધર્મ કોનો છે ? આત્મદ્રવ્યનો તે એક ધર્મ છે. તે આત્મદ્રવ્ય તરફ લક્ષ કરતાં ધર્મની શરૂઆત થઈને મુક્તિનું માણેક પ્રાપ્ત થાય છે. કર્મના લક્ષથી તે પ્રાપ્ત થતું નથી. યત્નસાધ્ય ને અયત્નસાધ્ય બન્ને ધર્મો આત્માના છે. એક આત્મામાં અનંતા ધર્મો છે, તે અનંત ધર્માત્મક વસ્તુના ભાનથી મુક્તિ થાય છે. પુરુષાર્થ કર્યો ત્યારે કર્મ ખસી ગયાં ને કર્મના કપાટ ખૂલી ગયા, એ બોલવાની રીત છે.

## એક આત્મામાં પુરુષાર્થ ધર્મ ને બીજા આત્મામાં દૈવયોગનો ધર્મ, એમ નથી.

નિયત-અનિયત, કાળ-અકાળ, યત્નસાધ્ય-અયત્નસાધ્ય વગેરે બધા ધર્મો એક આત્મામાં એકી સાથે છે. આખા દ્રવ્યની દ્રષ્ટિ કરે તો જ્ઞાન સાચું થાય છે. 'એક જીવમાં પુરુષાર્થ નામનો ધર્મ અને બીજા જીવમાં દૈવધર્મ છે, એક જીવમાં કાળધર્મ છે અને બીજામાં અકાળ ધર્મ છે, એકમાં ધર્મ ને બીજા જીવમાં બીજો ધર્મ છે' એવું નથી. દરેક જીવમાં એકી સાથે આ બધા ધર્મો રહેલા છે. આખો આત્મા પુણ્ય-પાપ વિનાનો, નિમિત્તના આશ્રય વિનાનો, પર્યાયના આશ્રય વિનાનો છે. તે ચેતન દ્રવ્યના આશ્રયે સમ્યક્દર્શન થાય છે. વર્તમાન પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. દૈવના સામું જોવાથી ધર્મ થતો નથી. આત્મા પુરુષાર્થ કરે તો ધર્મ થાય ને કર્મ ખસ્યાં માટે ધર્મ થાય છે એવા બે ધર્મોનો ધરનાર આત્મા છે. કોઈને પુરુષાર્થધર્મ ને કોઈને દૈવધર્મ એમ નથી, બન્ને સાથે છે. અનંતા ધર્મોનો ધરનાર આત્મા છે એમ જાણ્યું ત્યારે દૈવધર્મને યથાર્થ જાણ્યો અને કર્મ ખસતાં મુક્તિ થઈ એમ કથન કરવામાં આવ્યું પણ તેથી કરીને જુદા જુદા આત્મામાં જુદા જુદા ધર્મો છે, એમ નથી.

## એક આત્મામાં બધા ધર્મો એકી સાથે છે, ધર્મોમાં મુખ્ય-ગૌણ નથી પણ કથનમાં મુખ્ય-ગૌણ કરવામાં આવે છે.

કોઈ આત્મામાં કોઈ ધર્મ, ને બીજામાં બીજા ધર્મો હોય છે, એમ નથી. કોઈ એકમાં પુરુષાર્થ ને કોઈ બીજામાં દૈવ, વળી કોઈ એકમાં કાળ અને કોઈ બીજામાં અકાળ એમ જુદા જુદા ધર્મો નથી. દરેક આત્મામાં બધા ધર્મો એકી સાથે છે. એક એક ધર્મ આત્મામાં છે, એમ કહ્યું નથી. અનંત ધર્માત્મક વસ્તુને જાણતાં બધા ધર્મોનું જ્ઞાન થાય છે. કાળનયથી સિદ્ધિ કહી ને અકાળનયે પણ સિદ્ધી કહી તો એ ધર્મો એક સાથે છે ? કે આડાઅવળા છે ? દ્રષ્ટિ અંશ ઉપર છે કે અંશી ઉપર છે ? બધા ધર્મો એકી સાથે છે. દ્રષ્ટિ એક અંશ ઉપર નથી પણ આખા અંશી ઉપર છે. ને

તેમાં અનંત પડખાંને જાણી લ્યે છે ને અનંત પડખાં જાણતાં વ્યવસ્થા આડી અવળી થઈ જાય છે, એમ નથી. અનાદિ કાળની નિમિત્ત ઉપર દ્રષ્ટિ છે તે પડતી મૂક એમ કહેવાનો આશય છે અનંત ધર્મોને ધારી રાખે એવી દ્રવ્ય ઉપર દ્રષ્ટિ થતાં જ્ઞાન સાચું થાય છે. તે જ દ્રવ્યદ્રષ્ટિ—વસ્તુદ્રષ્ટિ અહીં સિદ્ધ કરવી છે. બધા ધર્મો મુખ્ય છે—એકી સાથે છે પણ કથનમાં એક ધર્મને મુખ્ય કરે ત્યારે બીજા ધર્મોને ગૌણ કરે છે. આમ ધર્મોમાં મુખ્ય-ગૌણપણું નથી પણ કથનમાં મુખ્ય-ગૌણ કરવામાં આવે છે.

આ વસ્તુ અચિંત્ય ને અગમ્ય છે. બરાબર ધ્યાન રાખે તો સમજાય તેમ છે, માટે શાંતિથી સાંભળવું જોઈએ. જેમ લીંબુનું ઝાડ ને માણેક પુણ્યથી મળેલ છે. પુરુષાર્થવાદીને પણ પુરુષાર્થથી મળેલ નથી. બન્નેમાં પુણ્ય કારણ છે. પુરુષાર્થવાદીને વિકલ્પ નિમિત્ત હતો તેથી વિકલ્પથી મળ્યું એમ કહ્યું પણ ખરેખર તો બન્નેમાં પુણ્ય કારણ છે; તેમ મુક્તિની પ્રાપ્તિ તો પુરુષાર્થથી જ થાય છે પણ કર્મ ખસ્યાં માટે મુક્તિ થઈ એમ બોલવાની રીત છે. અનંતા ધર્મોને ધરનાર આત્મદ્રવ્ય એક છે. એક એક ધર્મને એક એક નય જાણે છે. અનંતા ધર્મોને અનંતા નયો જાણે છે એટલે કે પ્રમાણ જ્ઞાન આખા આત્માને જાણે છે. તે અખંડ આત્માની દ્રષ્ટિથી સમ્યગ્દર્શનરૂપ ધર્મદશા પ્રગટ થાય છે. પણ કોઈ નિમિત્તથી, રાગથી કે એક એક ધર્મની દ્રષ્ટિથી સમ્યગ્દર્શન થતું નથી.

## કોઈવાર પુરુષાર્થથી મુક્તિ થાય ને કોઈવાર કર્મ માર્ગ આપે તો મુક્તિ થાય, એ માન્યતા મિથ્યા અનેકાંત છે.

કેટલાક જીવો નયનું સાચું સ્વરૂપ સમજતા નથી. એટલે કહે છે કે કોઈવાર મુક્તિ પુરુષાર્થથી થાય ને કોઈવાર કર્મ માર્ગ આપે તો થાય—એમ તેઓ માને છે ને તેને અનેકાંત કહે છે, પણ તે તો મિથ્યા અનેકાંત છે. અનેકાંતવાદ કાંઈ ફુદડીવાદ નથી. ચૈતન્યથી જ મુક્તિ થાય ને જડના લક્ષે મુક્તિ ન જ થાય એનું નામ અનેકાંત છે. કથન પદ્ધતિને યથાર્થ સમજ્યા વગર ઊંધું લઈ જાય તો સમ્યગ્દર્શન થાય તેમ નથી. કોઈ વાર ઉપાદાનથી કામ થાય ને કોઈ વાર નિમિત્તથી થાય એ સમ્યક્ અનેકાંત નથી પણ મિથ્યા અનેકાંત છે. જેમ પૈસો કોઈવાર પુરુષાર્થથી પણ મળે ને કોઈવાર નસીબથી પણ મળે, એ વાત મિથ્યા છે પણ પુણ્યથી જ પૈસો મળે ને પુરુષાર્થથી ન મળે એ અનેકાંત છે. તેમ પુરુષાર્થથી જ સિદ્ધિ થાય છે ને કર્મ ઉપરની દ્રષ્ટિથી સિદ્ધિ થતી નથી એ અનેકાંત છે. માત્ર કથન કરવાની રીતના બે પ્રકાર છે.

## પુરુષાર્થ ધર્મને એકલો જુદો પાડીને લક્ષમાં લેવાથી સમ્યગ્દર્શન થતું નથી પણ પુરુષાર્થ આદિ અનંત ધર્મને ધરનાર એવા આત્માના લક્ષે સમ્યગ્દર્શન થાય છે.

કોઈ વખતે પુરુષાર્થ કરે તો ધર્મ થાય એમ કહે ને કોઈવાર કર્મ મંદ પડે તો ધર્મ થાય એમ કહ્યું તો તે ધર્મ આત્મામાં છે કે બહારમાં ? કર્મ સામું જોવાથી ધર્મ થાય કે આત્મા સામું જોવાથી ? જો આત્મા સામું જોવાથી ધર્મ થાય છે એમ સમજે તો તેમાં બધી વાત આવી જાય છે. આત્માની દ્રષ્ટિ કરવી તે જ પ્રયત્ન છે—તે જ પુરુષાર્થ છે. પુરુષાર્થ ગુણ  અનંતાગુણ માંહેનો એક ગુણ છે. તેને એકને જુદો પાડીને તે એકલા પુરુષાર્થ ગુણના લક્ષે—ધર્મ અથવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. અનંતા ધર્મોમાંથી પુરુષાર્થધર્મને જુદો પાડી તેનું લક્ષ કરવા જાય તો ભેદના લક્ષે તો રાગ થાય છે, સમ્યગ્દર્શન થતું નથી ને સમ્યગ્દર્શન પછી કેવળજ્ઞાન પણ ગુણભેદના લક્ષે થતું નથી. પણ તે પુરુષાર્થ આદિ અનંતાધર્મોનો ધારક ધર્મી એવા આત્માને લક્ષે સમ્યગ્દર્શન થાય છે, ને તેના જ લક્ષે વીતરાગતા ને કેવળજ્ઞાન થાય છે.

જેમ પુરુષાર્થ ધર્મનો દાખલો આપ્યો તેમ બીજા ધર્મોનું સમજવું. કોઈ એક ધર્મને જુદો પાડીને તેનું લક્ષ કરે તો સમ્યગ્દર્શન થતું નથી. પણ તે ધર્મ આત્માનો છે એમ જાણી અભેદ આત્માનું લક્ષ કરે તો સમ્યગ્દર્શન થાય છે. તેમ થતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાની ખીલે છે ને બધા ધર્મોને યથાર્થ જાણી લ્યે છે. આમ દરેક ધર્મને જાણવાનો હેતુ ધર્મી એવા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરાવવાનો છે.

આત્માની સિદ્ધિ દૈવથી થાય છે—યત્ન વિના થાય છે, એ જ્ઞાન સાચું ક્યારે કહેવાય ? સમકિત આદિ ‘યત્નસાધ્ય’ છે એમ નક્કી કર્યા પછી જ ‘યત્નસાધ્ય’ નથી એમ કહે ને તેનો આશય સમજે તો બરાબર છે પણ ‘યત્નસાધ્ય’ છે એમ નક્કી કર્યા વિના ‘યત્નસાધ્ય’ નથી એટલે કે દૈવથી સાધ્ય છે એમ કહેવું તે યથાર્થ નથી. તેવી રીતે બીજા ધર્મોનું પણ સમજી લેવું.

આ પ્રમાણે આત્માની સિદ્ધિ દૈવથી થાય છે—યત્ન વિના થાય છે એવી કથન કરવાની પદ્ધતિ છે, એવો આત્મામાં એક ધર્મ છે, ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને દૈવનય કહે છે. ।।૩૩।।

## (૩૪) જીવ પોતે પરતંત્રતા ભોગવનાર છે એવો આત્મામાં એક ધર્મ છે, ને તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને ઈશ્વરનય કહે છે.

“આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.”

વાળંદને ત્યાં હજામત કરાવવા જાય છે તેમ અથવા મુસાફરીમાં મુસાફરના બાળકને ધાવમાતાની દુકાને ધવડાવવામાં આવે છે. બાળકની માતા હાજર ન હોય તો તેને બીજે ધવડાવે છે. બાળક એટલી પરતંત્રતા ભોગવે છે, તેવી બાળકની યોગ્યતા છે, તેમ આત્મા પોતે કર્મને આધીન થઈને રાગને ભોગવે—પરતંત્રતાને ભોગવે એવો પણ આત્મામાં એક ધર્મ છે. કર્મોએ રખડાવ્યો નથી એવું ભાન છે, કારણ કે નય તો સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ જ્યારે પોતાના સ્વભાવમાં સ્થિર હોતો નથી તે વખતે રાગવાળી દશામાં હોય છે. તે રાગ નિમિત્તના આશ્રયે થાય છે. એટલે નિમિત્તને મોટપ આપે છે. કર્મના ઉદયે જ્ઞાનીને રાગ-દ્વેષ કરાવ્યા છે તે વાત તો છે જ નહિ પણ દ્રષ્ટિમાં ચૈતન્યસ્વભાવની મોટપ રાખીને નિમિત્તને કોઈ વખતે મોટપ આવે છે એટલી પણ પરતંત્રતા ભોગવે છે. આત્મદ્રવ્યની મોટપ રાકીને નિમિત્તને આધીન હું થાઉં છું એવો ધર્મ મારામાં છે. નિમિત્ત મને આધીન કરી લ્યે એવો મારામાં ધર્મ નથી. નિમિત્તને અથવા કર્મને મોટપ આપે છે, તે ધર્મ કોનો છે ?–પોતાનો છે. આમ પોતાના આત્માની મોટપ રાખીને આત્મામાં આવો પણ એક ધર્મ છે તેનું ને નિમિત્તનું જ્ઞાન કરે છે. રાગ તે મારું અસલી કાર્ય નથી. તે પરતંત્રતા પણ આત્માનો ધર્મ છે. મારે મારી મુક્તિ કરવી છે. અંદર સ્વભાવમાં મુક્તિ ભરી છે. પર્યાયમાં જરા નબળાઈ છે ને નિમિત્તનો હું જેટલો આશ્રય કરું છું તેટલી નબળાઈ છે. આમ દ્રવ્યદ્રષ્ટિવાળો જીવ દ્રવ્યદ્રષ્ટિ રાખીને નિમિત્તને મોટપ આપે છે. શાસ્ત્રમાં ઘણી જગ્યાએ પાઠ આવ છે કે ‘કર્મની બળજોરીથી જ્ઞાની રાગ-દ્વેષમાં જોડાય છે.’ આ કર્મની બળજોરીનો ખુલાસો છે. કારણ કે આ તો સાધક જીવની વાત છે. સાધકદશામાં શ્રુતજ્ઞાન વર્તે છે. તે શ્રુતજ્ઞાને અખંડ સ્વભાવને જ સ્વીકાર્યો છે પણ જેટલું બાધકપણું છે એટલું પર્યાયમાં જરા રાગ-દ્વેષમાં જોડાવું પડે છે. રાગાદિ કરવાની દ્રષ્ટિ નથી પણ કર્મ ઉપર પોતે લક્ષ કરે છે—તેનો આશ્રય કરે છે તો રાગ-દ્વેષ થાય છે. આમ કર્મની બળજોરીથી થતા રાગ-દ્વેષને ભોગવે છે, એમ કથન કરાય છે ને એમ જ્ઞાન પણ કરે છે પણ તે સાચું જ્ઞાન કોને હોય ? જેની દ્રષ્ટિ અખંડ સ્વભાવ ઉપર પડી છે તેને. જેમ બાળક પરતંત્ર થઈને ધાવમાતાને ત્યાં દૂધ પીએ છે તેમ સાધક જીવ પોતે પરતંત્ર થઈને રાગાદિને ભોગવે છે. આવો પરતંત્રતા ભોગવવાનો આત્માનો એક ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને ઈશ્વરનય કહે છે. ।।૩૪।।

*

# પ્રસાદ નં. ૨૫૧

## પ્રવચનસાર પરિશિષ્ટ

(અષાડ સુદ ૬, મંગળવાર)

**(૪૫) નિશ્ચયનયનું સ્વરૂપ :—**આત્મદ્રવ્ય કેવું છે કે જેને ઓળખ્યે ધર્મ થાય ? આત્મવસ્તુ જેવી છે તેવી લક્ષમાં લ્યે તો સાચાં શ્રદ્ધા-જ્ઞાન થાય. આત્મામાં અનંત ધર્મો છે. અનંત ધર્મોનો ધરનાર આત્મા એક છે. પરને લીધે તે ધર્મો નથી તેથી પરપદાર્થ સામે જોવાનું રહેતું નથી.

૪૫મા નિશ્ચયનયના સ્વરૂપમાં એમ કહ્યું કે આત્મા પોતે બંધભાવને અનુસરે છે ને મોક્ષને પણ પોતે અનુસરે છે, બંધભાવ વખતે કર્મોને અનુસરે છે, ને મોક્ષભાવ વખતે દેવ, ગુરુને અનુસરે છે, એમ નથી. ૪૪મા નયમાં એમ કહ્યું હતું કે બંધભાવ વખતે જીવ પોતે કર્મના સંયોગને અનુસરે છે ને મોક્ષ વખતે જીવ કર્મના અભાવને અનુસરે છે. અહીં ૪૫મા નયમાં નિરપેક્ષતા બતાવે છે. પોતે જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છે, તે ચૂકીને પુણ્ય-પાપના ભાવને—રાગ-દ્વેષાદિ વિકારી ભાવોને પોતે અનુસરે છે પણ બૈરાં—છોકરાં અથવા કર્મને અનુસરતો નથી અને પુણ્ય-પાપ તે હું નહિ, હું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, એવાં શ્રદ્ધા, જ્ઞાન ને પરિપૂર્ણ સ્થિરતા સહિત મોક્ષદશાને જ્યારે પામે છે ત્યારે તે પોતે પોતાને જ અનુસરે છે પણ દેવ-ગુરુ-શાસ્ત્રને અથવા કર્મના અભાવને અનુસરતો નથી. ૪૫મા નયમાં બંધ—મોક્ષપર્યાય નિરપેક્ષ બતાવવી છે.

### બંધ ને મોક્ષની પર્યાયો નિરપેક્ષપણે પરિણમે છે, એમ જ્ઞાન કરતાં દ્રષ્ટિ અનંત ધર્માત્મક દ્રવ્ય તરફ વળે છે.

જે જીવ એક જ ધર્મને માને છે તેની દ્રષ્ટિ ને જ્ઞાન મિથ્યા છે. જે વખતે કર્મને અનુસરવાનો આત્માનો ધર્મ છે તે જ વખતે કર્મને નહિ અનુસરવાનો પણ પોતાને અનુસરવાનો ધર્મ રહેલો છે. છતાં જે જીવ એમ માનતો નથી ને એક જ ધર્મ માને છે તો તેનો માનેલો એક ધર્મ પણ ખોટો છે. વળી તેનું જ્ઞાન ને વાણી પણ ખોટાં છે. પણ જો અનંત ધર્માત્મક વસ્તુ ખ્યાલમાં લ્યે તો શુદ્ધ ચૈતન્યતત્ત્વની દ્રષ્ટિ થાય છે. તેની દ્રષ્ટિ થતાં મિથ્યાત્વનો નાશ થાય છે, સ્થિરતા થતાં અસ્થિરતાનો નાશ થાય છે. અનંતકાળથી જીવને પોતાના સ્વરૂપનો માહાત્મ્યનો ખ્યાલ આવ્યો નથી. યા તો પૈસા ને કુટુંબકબીલામાં પડ્યો છે અથવા ધર્મના નામે નિશ્ચયના ભાન વિના એકલા વ્યવહાર રત્નત્રયની શ્રદ્ધામાં રહેલો છે.

પણ સ્વચૈતન્ય શક્તિનું માહાત્મ્ય આવ્યા વિના મિથ્યાત્વ ટળતું નથી. વ્યવહારનયના વિષયમાં નય ૪૪માં કર્મની અપેક્ષા આવે છે તે ધર્મ બતાવેલ હતો. અહીં નિશ્ચયનયના વિષયમાં નય ૪૫માં બંધ વખતે પોતે પોતાને અનુસરે છે ને નિમિત્તની હયાતીને અનુસરતો નથી ને મોક્ષ વખતે પોતે પોતાને અનુસરે છે ને નિમિત્તના અભાવની અપેક્ષાને અનુસરતો નથી. આમ બંધમોક્ષમાં નિરપેક્ષપણું બતાવ્યું. આવો અદ્વૈતને અનુસરવાનો ધર્મ આત્મામાં છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને નિશ્ચયનય કહે છે. ॥૪૫॥

## (૪૬) ઉપાધિસ્વભાવે પરિણમવું તે આત્માનો એક ધર્મ છે. તે ધર્મને જાણનાર જ્ઞાનના અંશને અશુદ્ધનય કહે છે.

“આત્મદ્રવ્ય અશુદ્ધનયે ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક સોપાધિસ્વભાવવાળું છે.”

આત્માની પર્યાયમાં વિકાર છે તે ઉપાધિ છે. પુણ્યથી ધર્મ થાય એવો મિથ્યાભાવ તથા રાગ-દ્વેષ તે ઉપાધિ છે. તે ઉપાધિ પરને લીધે તેમ જ સંયોગો કે કર્મને લીધે નથી. જેમ માટીમાંથી ઘડો ને રામપાત્ર થાય છે તે માટીની એકરૂપતા નથી, તે ભેદો છે—ઉપાધિ છે તેમ આત્માની પર્યાયમાં સંસાર છે તે ઉપાધિસ્વભાવ આત્મદ્રવ્યનો છે. બૈરાં છોકરાં અથવા વેપાર દુકાન બધાને લીધે સંસાર નથી. આત્માનો પર્યાયમાં ઉપાધિ સ્વભાવ છે. એમ સમજે તો શુદ્ધ દ્રવ્યના લક્ષે ઉપાધિરહિત થઈ શકે. પણ પરને લીધે ઉપાધિ માને તો તેનાથી રહિત થઈ શકે નહિ. પર્યાયમાં ઉપાધિ હોવા છતાં શુદ્ધ સ્વભાવમાં ઉપાધિ નથી એવાં શ્રદ્ધા-જ્ઞાન કરતા સમ્યગ્દર્શન થાય છે. રાગ-દ્વેષનો કર્તા પોતે છે, હરખશોકનો ભોક્તા પોતે છે. એમ કબૂલ કરે તો તેનાથી રહિત થઈ શકે કારણ કે તે ધર્મ આત્મદ્રવ્યનો છે. આત્મદ્રવ્ય તરફ અંતરમાં જોતાં તે શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીત થાય છે.

## અજ્ઞાની જીવ પરના કારણે અશુદ્ધતા માને છે તે ભગવાનની આજ્ઞા માનતો નથી.

અજ્ઞાની કહે છે કે ‘શું કરીએ ? સંયોગો આવી પડ્યા એટલે ઉપાધિ કરવી પડે છે’ આમ તે દલીલ કરે છે. શું બૈરાં—છોકરાં તથા પર ચીજને લીધે ઉપાધિ કરવી પડે છે ? એને લીધે હોય તો ઉપાધિ રહિત કદી થઈ શકાય નહિ. તે તો પર ચીજ છે. તેને લીધે ઉપાધિ નથી. જીવ પોતે ઉપાધિ કરે છે. વળી તે કહે છે કે પંચમકાળ છે તેથી કેવળજ્ઞાન પ્રગટતું નથી, જ્ઞાન હીણું છે, આસક્તિ થાય છે, વીર્ય અવળું પરિણમે છે. વળી કહેશે કે “બતાવો એક દાખલો પંચમકાળમાં કોઈ

મોક્ષ પામ્યું હોય તો ?'' પણ ભાઈ, જ્ઞાનની હીનતા, વીર્યની અવળાઈ વગેરે પ્રકારે અશુદ્ધતા તારા કારણે છે. કાળના કારણે નથી. ઓછે ઓછે કહે છે કે અમો ભગવાનને માનીએ છીએ પણ ભગવાનની આજ્ઞા તે માનતો નથી. કારણ કે ભગવાન કહે છે કે અશુદ્ધતા જીવનો પોતાનો ધર્મ છે. આ કહે કે અશુદ્ધતા પરને લીધે છે. આમ માનવાથી તે ભગવાનની આજ્ઞા માનતો નથી, તેથી તેને ધર્મ થતો નથી.

દયા, દાન, કામ, ક્રોધાદિના ભાવો આત્માએ ધારી રાખ્યા છે. અશુદ્ધતાને આત્માએ ધારી રાખેલ છે માટે તે આત્માનો એક ધર્મ છે, એમ નક્કી કરતાં અંતરમાં આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીત થાય છે. અશુદ્ધતા કાયમ રહે તેવી નથી, નીકળી જશે એવો ભરોસો આવે છે તેથી તેને શુદ્ધાત્માનો અનુભવ થશે. આ પ્રમાણે શુભાશુભ ભાવરૂપે પરિણમવું એવો ઉપાધિસ્વભાવ આત્માનો એક ધર્મ છે. ને તેને જાણનાર જ્ઞાનના અંશને અશુદ્ધનય કહે છે. ॥૪૬॥

## (૪૭) આત્મામાં રહેલા નિરુપાધિ સ્વભાવને જાણનાર જ્ઞાનના અંશને શુદ્ધનય કહે છે.

''આત્મદ્રવ્ય શુદ્ધનયે કેવળ માટીમાત્રની માફક નિરુપાધિસ્વભાવવાળું છે.''

જેવી રીતે માટી એકલી શુદ્ધ છે તેમ આત્મામાં ઉપાધિ નથી. આત્મા ઉપાધિભાવોથી રહિત છે. આવો નિરુપાધિ સ્વભાવ આત્માનો છે. જે વખતે ઉપાધિસ્વભાવ છે તે જ વખતે નિરુપાધિ સ્વભાવ છે. આમ જ્ઞાન કરે તો પોતાના સ્વભાવનું ભાન થાય ને શુદ્ધ ચૈતન્યમાત્રની પ્રતીતિ આવે. આમ આત્મામાં નિરુપાધિ સ્વભાવ છે. તેને જાણનાર જ્ઞાનના અંશને શુદ્ધનય કહે છે. ॥૪૭॥

## ૪૭ નયોના મૂળ સિદ્ધાંતો.

આ પ્રમાણે ૪૭ ધર્મો કહ્યા. એવા અનંતા ધર્મો આત્મામાં રહેલા છે. તે શ્રુતજ્ઞાન વડે પ્રમેય થાય છે. આમ આત્માને જાણવાથી સમ્યક્ પ્રતીતિ તથા સ્થિરતા થાય છે. બાહ્ય વ્રત, તપ આદિ ક્રિયાકાંડથી સ્થિરતા થતી નથી. હવે ૪૭ નયો જે કહ્યા તેના સિદ્ધાંત કહેવામાં આવે છે.

૧. આત્મદ્રવ્ય દ્રવ્યનયે ચિન્માત્ર છે.

૨. આત્મદ્રવ્ય પર્યાયનયે દર્શનજ્ઞાનાદિમાત્ર છે.

3. આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે.

૪. આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે.

૫. આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વ-પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે.

૬. આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વ-પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે.

૭. આત્મદ્રવ્ય અસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વ-પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું અવક્તવ્ય છે.

૮. આત્મદ્રવ્ય નાસ્તિત્વ-અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું અવક્તવ્ય છે.

૯. આત્મદ્રવ્ય અસ્તિત્વ–નાસ્તિત્વ અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ–નાસ્તિત્વવાળું અવક્તવ્ય છે.

૧૦. આત્મદ્રવ્ય વિકલ્પનયે સવિકલ્પ છે.

૧૧. આત્મદ્રવ્ય અવિકલ્પનયે અવિકલ્પ છે.

૧૨. આત્મદ્રવ્ય નામનયે શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે.

૧૩. આત્મદ્રવ્ય સ્થાપનાનયે સર્વ પુદ્ગલોને અવલંબનારું છે.

૧૪. આત્મદ્રવ્ય દ્રવ્યનયે અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે.

૧૫. આત્મદ્રવ્ય ભાવનયે તત્કાળના પર્યાયરૂપે ઉલ્લસે છે.

૧૬. આત્મદ્રવ્ય સામાન્યનયે વ્યાપક છે.

૧૭. આત્મદ્રવ્ય વિશેષનયે અવ્યાપક છે.

૧૮. આત્મદ્રવ્ય નિત્યનયે અવસ્થાયી છે.

૧૯. આત્મદ્રવ્ય અનિત્યનયે અનવસ્થાયી છે.

૨૦. આત્મદ્રવ્ય સર્વગતનયે સર્વવર્તી છે.

૨૧. આત્મદ્રવ્ય અસર્વગતનયે આત્મવર્તી છે.

૨૨`. આત્મદ્રવ્ય શૂન્યનયે એકલું ભાસે છે.

૨૩. આત્મદ્રવ્ય અશૂન્યનયે મિલિત ભાસે છે.

૨૪. આત્મદ્રવ્ય જ્ઞાન-જ્ઞેય-અદ્વૈતનયે એક છે.

૨૫. આત્મદ્રવ્ય જ્ઞાન-જ્ઞેય-દ્વૈતનયે અનેક છે.

૨૬. આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે.

૨૭. આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયતસ્વભાવે ભાસે છે.

૨૮. આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે.

૨૯. આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે.

૩૦. આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે.

૩૧. આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે.

૩૨. આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે.

૩૩. આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે એવું છે.

૩૪. આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે.

૩૫. આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે.

૩૬. આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે.

૩૭. આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે.

૩૮. આત્મદ્રવ્ય કર્તૃનયે રાગાદિપરિણામનું કરનાર છે.

૩૯. આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે.

૪૦. આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે.

૪૧. આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે.

૪૨. આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.

૪૩. આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.

૪૪. આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે.

૪૫. આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે.

૪૬. આત્મદ્રવ્ય અશુદ્ધનયે સોપાધિ સ્વભાવવાળું છે.

૪૭. આત્મદ્રવ્ય શુદ્ધનયે નિરુપાધિસ્વભાવવાળું છે.

આ પ્રમાણે ૪૭ નયોના સિદ્ધાંતો છે. ૪૭ ધર્મો છે.

## એક ધર્મ વખતે બીજા ધર્મો ગૌણ છે એમ જ્ઞાન કરે તો સમ્યક્ છે નહિતર એકધર્મ એકાંત માને તો મિથ્યા છે.

તેથી કહ્યું છે કે ‘‘જેટલા વચનપંથ છે તેટલા ખરેખર નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પર મત) છે.’’

જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. અપેક્ષા સહિત નય તે સમ્યક્નય છે અને અપેક્ષારહિત નય તે મિથ્યાનય છે; તેથી જેટલા સમ્યક્ નયો છે તેટલા જ

મિથ્યાનયો છે. આત્મદ્રવ્યમાં એક ધર્મ જ માને ને તે વખતે બીજા ધર્મ ન માને તો તે મિથ્યાનય છે. એક ધર્મ બીજા ધર્મોની અપેક્ષા રાખે છે. ઉપાધિસ્વભાવ વખતે જ નિરુપાધિ સ્વભાવ રહેલો છે. કર્તા વખતે અકર્તા ધર્મ છે, પરતંત્રતા વખતે સ્વતંત્રતા ધર્મ રહેલો છે. વગેરે જેટલા ધર્મો છે તેમાંથી એક ધર્મ ન માને તો તેનો માનેલો ધર્મ, તેનું જ્ઞાન ને તેની વાણી ત્રણે ખોટાં છે. અને એક ધર્મ સાથે બીજા ધર્મો ગૌણ છે એમ માને તો તેના ધર્મો-જ્ઞાન-વાણી ત્રણે સાચાં છે.

મિથ્યાદ્રષ્ટિ જીવ કહે છે કે કોઈવાર કર્મ માર્ગ આપે તો મુક્તિ થાય ને કોઈવાર પુરુષાર્થ કરવાથી થાય તે માન્યતા મિથ્યા છે. કર્મ માર્ગ આપે તો મુક્તિ થાય એવા દૈવધર્મ વખતે જ્ઞાનથી મુક્તિ થાય એવો ધર્મ રહેલો છે. આવી રીતે ધર્મો એકી સાથે છે. વાણી તેને મુખ્ય-ગૌણ કરે છે. આમ નક્કી કરે તો સમ્યગ્દર્શન ને સમ્યક્જ્ઞાન થાય છે.

## જે આત્માને એકાંત ધર્મવાળો માને છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, જૈન નથી.

“પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું વચન કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.”

કોઈ જીવ કહે કે ક્રિયા પ્રધાનતાથી ધર્મ થાય તે જ વખતે જ્ઞાનપ્રધાન ધર્મ છે. તેને માને નહિ તો તે આત્મદ્રવ્યને માનતો નથી. એક ધર્મને માનવાથી દ્રવ્ય ખંડખંડ થાય છે. એક ધર્મ એક વખતે માન્યો, બીજો ધર્મ બીજામાં અથવા બીજે વખતે માન્યો, ત્રીજો ધર્મ ત્રીજે વખતે માન્યો તે માન્યતા મિથ્યા છે. દ્રવ્યનય જે સામાન્ય ચિન્માત્ર બતાવે છે તે જ વખતે દર્શન-જ્ઞાનાદિમાત્ર છે. વ્યાપકધર્મ વખતે અવ્યાપકધર્મવાળો છે છતાં જે એક પછી એક માને છે તેની માન્યતા એકાંત છે. નિત્ય વખતે અનિત્ય છે, ચોક્કસ સ્વભાવ સાથે અચોક્કસસ્વભાવ રહેલો છે. ઉપાધિ સ્વભાવ વખતે નિરુપાધિ સ્વભાવ રહેલો છે એમ જ્ઞાન કરતો નથી પણ એક સ્વભાવને જ એકાંત માને છે તે જીવની માન્યતા મિથ્યા છે.

૧. એક ધર્મને સર્વથા માનતાં બીજા ધર્મોને ચૂકી જાય છે.

૨. એક નયને સર્વથા માનતાં બીજા નયને ચૂકી જાય છે.

૩. વાણીમાં પુત્ર સર્વથા એકાંત કથન કરતો હોવાથી અપેક્ષા સહિત વાણી ચૂકી જાય છે.

તેથી મિથ્યાદ્રષ્ટિનાં ધર્મ, નય ને વાણી ત્રણે ખોટાં છે એટલે જે જીવ આત્માને એકાંત શુદ્ધ માને, એકાંત અશુદ્ધ માને, એકાંત નિત્ય માને, એકાંત અનિત્ય માને તેવા એકાંતની માન્યતાવાળા બધા પર સમય છે. પછી તે જૈન સંપ્રદાયમાં હોય કે અન્ય સંપ્રદાયમાં હોય. આવી માન્યતાવાળા જૈન નથી કારણ કે એકાંત માનવાથી દ્રષ્ટિ ખંડખંડ થાય છે. તેની દ્રષ્ટિ ખોટી છે તેથી સ્થિરતા પણ તેને હોઈ શકે નહિ.

## જે જીવ અનંત ધર્માત્મક આત્માને કથંચિત્ અપેક્ષા સહિત સમજે છે, તે જૈન છે.

જૈનોનું વચન કથંચિત્ કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે. કારણ કે એક ધર્મના પ્રતિપાદન વખતે બીજા ધર્મો તેના ખ્યાલમાં છે. આત્મા નિત્ય છે એમ કહેતાં આત્મા કથંચિત્ પલટો ખાય છે—અનિત્ય છે એમ સમજે છે. આત્માને ઉપાધિસ્વભાવવાળો કહેતાં કથંચિત્ નિરુપાધિ સ્વભાવવાળો સમજે છે. આત્મા ભેદવાળો છે તે જ વખતે અભેદ છે. જ્યારે દૈવયોગથી મુક્તિ થાય એમ બોલે ત્યારે પુરુષાર્થથી મુક્તિ થાય એમ બીજી અપેક્ષા સમજે છે. આત્મા રાગનો કર્તા છે એ જ વખતે રાગનો અકર્તા છે એમ સમજે છે. આમ લક્ષમાં લ્યે છે તે વસ્તુસ્વરૂપને સર્વથા એકાંત માનતો નથી.

૧. એક ધર્મને માનતી વખતે બીજા ધર્મો રહેલા છે તેની અપેક્ષા રાખે છે.

૨. જ્ઞાન પણ જાણે છે કે આત્મા એક ધર્મવાળો સર્વથા નથી તેથી જ્ઞાન પણ અપેક્ષા સમજે છે તેથી સાચું છે.

3. તેની વાણી પણ અપેક્ષા સહિતની હોય છે.

આમ તેનાં ધર્મ-જ્ઞાન ને વાણી ત્રણે અપેક્ષા સહિત છે તેથી સાચાં છે. ગમે તે ધર્મ લક્ષમાં લ્યે, અશુદ્ધ લ્યે કે રાગના કર્તાપણાનો લ્યે તોપણ અનંતગુણોનો પિંડ આત્મવસ્તુ છે તેને યથાર્થ સમજે છે. તેથી તેણે જેમ છે તેમ માન્યું છે. જૈન કોઈ સંપ્રદાય અથવા વાડો નથી. વસ્તુસ્વરૂપ જેવું છે તેવું પ્રતીત કરીને મિથ્યાત્વ રાગ-દ્વેષને જીતે તે જૈન છે.

## આત્માને એકાંત એક ધર્મવાળો માનવાથી દોષ આવે છે, તેથી તે માન્યતા મિથ્યા છે.

(૧) જો આત્માને સર્વથા શુદ્ધ માનવામાં આવે તો વર્તમાન પ્રગટ આનંદ હોવો જોઈએ. પણ વર્તમાનમાં ઉપાધિ તો દેખાય છે. માટે સર્વથા શુદ્ધ માનનાર એકાંતવાદી મિથ્યા છે.

(૨) જો આત્માને સર્વથા અશુદ્ધ માનવામાં આવે તો કોના આશ્રયે અશુદ્ધતા ટળશે ? શુદ્ધના આશ્રય વિના અશુદ્ધતા ટળી શકે નહિ ને સર્વથા અશુદ્ધતા હોય તો અશુદ્ધતા કાયમી સ્વભાવ થઈ જતાં મોક્ષદશા થવાનો પ્રસંગ રહેતો નથી.

માટે આત્મા એકાંત એક ધર્મમય નથી. અનેકાંતવાદ તે સાપેક્ષવાદ છે, તે એકને મુખ્ય કરે છે. ત્યારે બીજો ધર્મ ગૌણ છે. કોઈ વખતે આત્મા પરતંત્રતા ભોગવે એવો ધર્મ ને કોઈ વખતે સ્વતંત્રતા ભોગવે એવો ધર્મ, કોઈ વખતે દ્વૈતને અનુસરનારો ધર્મ ને કોઈ વખતે અદ્વૈતને અનુસરનારો ધર્મ—એમ નથી. એક આત્મામાં એકી સમયે બધા ધર્મો રહેલા છે.

૧. આત્મામાં અનંતા ધર્મો છે, તેને ન માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

૨. એક ધર્મને માનતી વખતે બીજા ધર્મોને ન માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

૩. અનંતા ધર્મો એક સમયે ન માને ને આડાઅવળા સમયે માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

તેવા જીવોને આત્મદ્રવ્ય પ્રતીતમાં આવતું નથી તેથી તે વીતરાગનો દાસ નથી, તે સાધક નથી, જૈન નથી. પણ જે આત્મામાં અનંતા ધર્મો એક સમયે માને છે ને એકને મુખ્ય કરતી વખતે બીજાને ગૌણ માને છે ને સ્વરૂપ જેમ છે તેમ માને છે તે વીતરાગનો દાસ છે—તે જૈન છે.

“એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે) એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક, અનંત ધર્મોને પરસ્પર અતદભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી, આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું, એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે.”

ઉપર બતાવ્યું તે પ્રમાણે એક ધર્મને એક નય જાણે છે તેથી અનંત ધર્મોમાં અનંત નયો વ્યાપે છે. તે નય વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરે છે. તેમાં જુદા જુદા ધર્મો છે. પણ એક ધર્મ તે બીજો ધર્મ નથી. જેમ કે સામાન્ય તે વિશેષ નથી, ઉપાધિ સ્વભાવ તે નિરુપાધિસ્વભાવ નથી, કારણ કે એક ધર્મને બીજા ધર્મ સાથે અતદ્‌ભાવ છે અર્થાત્ એક ધર્મ બીજા રૂપ કદી થતો નથી. તે અતદ્‌ભાવમાત્ર વડે ધર્મોને જુદા પાડી શકાતા નથી કારણ કે વસ્તુ અભેદ છે. ધર્મો જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય અમેચક (એક) સ્વભાવવાળું છે. ધર્મોમાં વિવિધતા ને ભેદપણું છે પણ વસ્તુમાં વિવિધતા નથી. વસ્તુ તો અનેકતા રહિત છે. ધર્મ ભેદે

ભેદ છે પણ ધર્મનો ધરનાર જે ધર્મી એવું દ્રવ્ય તેમાં ભેદ નથી. દ્રવ્ય તો અભેદ—એકરૂપ સ્વભાવવાળું છે. જેમ ગંગા ને યમુનાના શ્વેત ને વાદળી પાણી દરિયામાં મળતાં એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે, તેમ આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું છે. આત્મદ્રવ્ય એક નયથી જોવામાં આવે ત્યારે એક ધર્મમાં વ્યાપેલું છે. અનિત્ય નય વડે જુઓ ત્યારે અનિત્યધર્મમાં વ્યાપેલું છે, નિત્યનય વડે જુઓ ત્યારે નિત્યમાં વ્યાપેલું છે, વ્યવહારનય વડે જુઓ તો દ્વૈતધર્મને અનુસરે છે, નિશ્ચયનય વડે જુઓ તો અદ્વૈતધર્મને અનુસરે છે. આવી રીતે એક નયથી જોતાં તે એક ધર્મમાં વ્યાપનારું છે. આત્મદ્રવ્ય એક ધર્મી હોવાને લીધે યથોક્ત એક ધર્મસ્વરૂપ છે. એક ધર્મસ્વરૂપ હોવા છતાં બીજા ધર્મોનો અભાવ થતો નથી. ત્યારે બીજા ધર્મો ગૌણ છે. પણ નય એક ધર્મને મુખ્ય કરીને જુએ ત્યારે આત્મા એક ધર્મસ્વરૂપ છે. આ સમ્યક્ એકાંત છે ને સુનય છે.

“પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો, બધી નદીઓના જળસમૂહના સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક, અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય મેચકસ્વભાવવાળું, અનંત ધર્મોમાં વ્યાપનારું. એક ધર્મી હોવાને લીધે યથોક્ત અનેકાંતાત્મક (અનેકધર્મ સ્વરૂપ) છે.”

હવે અહીં પ્રમાણજ્ઞાનથી આત્માની વાત કરે છે. આત્મામાં અનંતા ધર્મો કહ્યા, તેને એક એક નય જાણે છે, એવા અનંતા નયો છે. એવા અનંતા ધર્મો એક સાથે યુગપદ્ રહેલા છે. તે બધાને અનંતા નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો જેમ દરિયો બધી નદીઓના સમુદાયસ્વરૂપ એક સમુદ્ર છે તેમ અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય છે તેથી પ્રમાણથી જોવામાં આવે તો આત્મદ્રવ્ય જુદા જુદા ધર્મોવાળું—અનેક સ્વભાવવાળું માલૂમ પડે છે. છતાં આત્મદ્રવ્ય વસ્તુએ એક ધર્મી છે. આવી રીતે પ્રમાણથી જુએ તો આત્મદ્રવ્ય એક ધર્મી હોવાને લીધે યથાઉક્ત અનેક ધર્મસ્વરૂપ છે.

નયના વિષય વખતે આત્મદ્રવ્ય ગંગા-જમનાના જળસમૂહની જેમ એક સ્વભાવવાળું છે. પ્રમાણના વિષય વખતે આત્મદ્રવ્ય બધી નદીઓના જળસમૂહના સમુદાયસ્વરૂપની જેમ અનંત ધર્મોના સમુદાયસ્વરૂપ છે.

નયના વિષય વખતે અનંત ધર્મો અતદ્‌ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય કહ્યા હતા પ્રમાણના વિષય વખતે અનંત ધર્મો વસ્તુપણે જુદા પાડવા અશક્ય કહ્યા.

નયના વિષય વખતે આત્મદ્રવ્ય કોઈ એક ધર્મમાં વ્યાપનારું છે. પ્રમાણના વિષય વખતે આત્મદ્રવ્ય અનંતા ધર્મોમાં વ્યાપનારું છે.

નયના વિષય વખતે આત્મદ્રવ્ય એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકધર્મસ્વરૂપ છે ને તે સુનય છે. પ્રમાણના વિષય વખતે આત્મદ્રવ્ય એકધર્મી હોવાને લીધે યથોક્ત અનેકધર્મસ્વરૂપ છે ને તે પ્રમાણ છે.

* * * * *

(અષાડ સુદ ૭, બુધવાર)

## નયથી જોવામાં આવે તો આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું–એકધર્મસ્વરૂપ છે.

શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે આત્મા કોણ છે ને તેમાં ક્યા ક્યા ધર્મો છે ? શિષ્ય સાંભળવાની જિજ્ઞાસાવાળો છે. તેને ઉત્તર આપે છે. અનંતકાળથી પરનું જાણપણું કર્યું છે પણ પોતાનું જાણપણું કર્યું નથી. પોતાનો અજાણ્યો રહ્યો છે. આત્મામાં અનંતા ધર્મો છે. નય એક એક ધર્મને જાણે છે ને પ્રમાણ બધા ધર્મોને એકી સાથે જાણે છે. આત્મા ચિન્માત્ર પણ છે ને પર્યાયમાં ભેદવાળો પણ છે, સામાન્યનયે વ્યાપક છે ને વિશેષનયે અવ્યાપક છે. એક જ્ઞાનનું પડખું નિત્યને જાણે છે ને એક પડખું અનિત્યને જાણે છે, એક નય રાગાદિનો કર્તા જાણે છે ને બીજો અકર્તા—સાક્ષી જાણે છે. આમ ૪૭ પ્રકાર કહ્યા, પણ એવા અનંતા ધર્મો છે. એ રીતે ઉપર કહ્યા પ્રમાણે એક એક ધર્મમાં એક એક નય વ્યાપે એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક એક ધર્મ તે બીજો ધર્મ નથી, નિત્યધર્મ તે અનિત્યધર્મ નથી તોપણ વસ્તુ અપેક્ષાએ ધર્મોને જુદા પાડવા અશક્ય છે. સોનામાં પીળાશ વજન વગેરે ગુણો છે તેમા એક ગુણ તે બીજો ગુણ નથી છતાં વસ્તુ અપેક્ષાએ એક છે. પીળાશને કાંઈ સોનામાંથી જુદી પાડી શકાતી નથી. આવી રીતે આત્મદ્રવ્ય વિવિધતા રહિત—અભેદ સ્વભાવવાળું છે. જ્યારે એક નયથી જોવામાં આવે (શ્રુતજ્ઞાન પ્રમાણ તે જ્ઞાનગુણની પર્યાય છે ને તે શ્રુતજ્ઞાનની પર્યાયના

અંશને નય કહે છે) તો એક ધર્મમાં વ્યાપેલું દેખાય છે. આત્મામાં અનંત ધર્મો છે પણ નિત્યનયથી જુએ ત્યારે નિત્ય લાગે, અનિત્યનયથી જુએ તો અનિત્યધર્મમાં વ્યાપનારું લાગે, કર્તાનયથી જુએ તો કર્તાધર્મમાં વ્યાપેલ લાગે ને અકર્તાનયથી જુએ ત્યારે અકર્તાધર્મમાં વ્યાપેલું લાગે. આત્મદ્રવ્ય એક ધર્મી હોવાને લીધે યથોક્ત એક ધર્મસ્વરૂપ છે. આમ નયથી જુએ તો આત્મા એકધર્મસ્વરૂપ તે સુનય છે.

## પ્રમાણજ્ઞાનથી જોવામાં આવે તો આત્મદ્રવ્ય મેચકસ્વભાવવાળું, અનેક ધર્મસ્વરૂપ છે.

પરંતુ યુગપદ્ અનંતા ધર્મોમાં વ્યાપક એવા અનંતા નયોમાં વ્યાપનારા શ્રુતજ્ઞાનથી જોવામાં આવે તો જેમ બધી નદીના જળસમૂહના સમુદાયસ્વરૂપ એક દરિયો લાગે છે તેમ અનંત ધર્મોને ધારણ કરનાર વસ્તુ એક છે. તેથી વસ્તુપણે તે ધર્મોને જુદા પાડવા અશક્ય છે તેથી આત્મદ્રવ્ય વિધવિધ સ્વભાવવાળું છે. આત્મદ્રવ્ય નિત્ય પણ છે ને અનિત્ય પણ છે, ભોક્તા પણ છે ને અભોક્તા પણ છે, પોતે પરાધીનપણું ભોગવે છે ને સ્વતંત્ર પણ રહે છે. આમ આત્મદ્રવ્ય વિધવિધ સ્વભાવવાળું છે. વળી પ્રમાણજ્ઞાનથી અનંતા ધર્મોમાં વ્યાપનારું છે. આત્મદ્રવ્ય એક છે માટે એક ધર્મી હોવાથી અનેકાંત ધર્મસ્વરૂપ છે, નિત્ય પણ છે ને અનિત્ય પણ છે, કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે ને પલટતાની અપેક્ષાએ અનિત્ય છે. આમ પ્રમાણથી જોવામાં આવે તો અનેક ધર્મસ્વરૂપ લાગે છે. કોઈ વખતે આત્મા સ્વનું કરી શકે ને કોઈ વખતે પરનું કરી શકે એવું અનેકાંત નથી પણ અનેક ધર્મોને ઉપર કહ્યા તે પ્રમાણે પ્રમાણજ્ઞાનથી જાણે તે અનેકાંત છે.

## સમુદ્રના દ્રષ્ટાંતે નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે ને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે.

જેમ એક વખતે એક નદીના જળને જાણનાર જ્ઞાનના ભાગવડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે. નીલ પાણીથી જોવામાં આવે તો સમુદ્ર નીલ (વાદળી) જણાય છે; તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એકધર્મસ્વરૂપ લાગે છે; રાગના કર્તાધર્મથી જુએ તો રાગવાળો લાગે, ભોક્તાધર્મથી જુએ તો આખું દ્રવ્ય ભોક્તાસ્વરૂપ લાગે. (અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મની વાત નથી પણ એવો સ્વભાવ આત્માએ ધારી રાખ્યો છે માટે ધર્મ કહ્યો છે.) પણ જેમ એકી સાથે સર્વ નદીઓના જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓનાં જળસ્વરૂપ જણાય છે.

તેમ એકી સાથે સર્વે ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેકધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે અને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે.

## જે વસ્તુસ્વરૂપને માની મિથ્યાત્વાદિને જીતે છે તે જૈન છે, બાકી બધા અન્યમતી છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવથી વિપરીત કહેનારા ઘણા છે માટે તેની માન્યતાથી આત્માની યથાર્થ ઓળખાણ થતી નથી. જે જીવો આવો આત્મા માને તે જૈન કહેવાય. જે આત્માને અનંત ધર્મસ્વરૂપ ન જાણે તે અન્યમતી છે. જૈન વાડો અથવા સંપ્રદાય નથી. આવો આત્મા જાણે અને તેની દ્રષ્ટિ કરી મિથ્યાત્વાદિને જીતે તેને જૈન કહે છે.

હવે એ જ આશયને કાવ્યદ્વારા કહીને 'આત્મા કેવો છે' એ વિષેનું કથન પૂરું કરવામાં આવે છે.

## શ્લોક ૧૯

**અર્થ :—**''આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નય સમૂહો વડે (જીવો) જુએ તો પણ અને પ્રમાણ વડે જુએ તો પણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજદ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ.''

## કોઈપણ નયના ફળમાં આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર છે એવી પ્રતીતિ થાય છે.

સ્યાત્ = અપેક્ષા ને શ્રી = લક્ષ્મી. આ પ્રમાણે સ્યાત્કાર એટલે અપેક્ષાવાળા કથનને વશ વર્તતા એક એક નયથી જુએ તો પણ અને આખા પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ. નિત્ય નયથી જુએ કે અનિત્યનયથી જુએ, પુરુષાર્થનયથી જુએ કે દૈવનયથી જુએ તોપણ શુદ્ધ ચૈતન્યમાત્રની પ્રતીતિ થાય છે.

કોઈ જીવને એક રીતે ધર્મ થાય ને કોઈને બીજી રીતે ધર્મ થાય એમ નથી. એક આત્મામાં અમુક ધર્મો ને બીજા આત્મામાં અમુક ધર્મો એમ પણ નથી. એક એક આત્મામાં આવા અનંતા ધર્મો છે, તે બધા એક સમયમાં વર્તે છે. એક એક નયથી જુએ કે પ્રમાણથી જુએ તો પણ શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીત થાય છે. ૪૭ નયો કહ્યા તેનું આ ફળ છે.

કર્તાનયથી જુએ તો જ્ઞાન નક્કી કરે છે કે રાગાદિ પરિણામ જે થાય છે તેનો કર્તા આત્મા છે. કર્મને લીધે રાગ થયો નથી. કર્તા ધર્મ આત્મામાં છે તે જ વખતે અકર્તા ધર્મ તથા બીજા ધર્મો ગૌણ રહેલા છે. અકર્તાનય આત્માનો સાક્ષીપણાનો ધર્મ બતાવે છે. તે જ વખતે ઉપાધિના કર્તાપણાનું જ્ઞાન ગૌણ છે. એમ યથાર્થ જ્ઞાન કરતાં આત્મદ્રવ્ય શુદ્ધ પ્રતીત થાય છે. અશુદ્ધનયથી જુએ તો ઉપાધિ પોતાની છે એમ કબૂલ કરતાં, આત્મદ્રવ્ય તરફ જોતાં, આત્મદ્રવ્ય શુદ્ધ પ્રતીત થાય છે. રાગ-દ્વેષ અવસ્થામાં જોવામાં આવે છે તે સિવાય નિત્ય, સદ્રશ, અકર્તા વગેરે અનંત ધર્મો રહેલા છે. દયા-દાનનો ભાવ ઉપાધિસ્વભાવ છે પણ તે એક સમયનો સ્વભાવ છે. પણ કાયમ રહે તેવો સ્વભાવ તો નિરુપાધિમય છે. આમ શ્રદ્ધા થતાં ચૈતન્ય શુદ્ધની પ્રતીતિ થાય છે.

પુણ્ય-પાપના વિકારના ફળને ભોગવનારો મારો ધર્મ છે એમ જાણનાર નક્કી કરે છે કે ભલે સંસાર છે ત્યાંસુધી હું તેને ભોગવું છું પણ સુખદુઃખમાં અટકીને કાયમ તેને ભોગવું એવો કાયમી સ્વભાવ મારો નથી. કાયમી સ્વભાવ તો અભોક્તાનો છે. વળી રાગ-દ્વેષના કર્તાપણાનો ધર્મ નક્કી કરતાં જાણે છે કે રાગ-દ્વેષને હું કરું છું પણ કર્તાપણામાં અટકવું તે મારું સ્વરૂપ નથી, સાથે અકર્તાપણાનો ધર્મ પણ મારા આત્માનો છે. આમ નક્કી કરતાં આત્મદ્રવ્ય અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીતિમાં આવે છે.

## પૈસાની પ્રાપ્તિ આત્માના ભાવથી થતી નથી છતાં અજ્ઞાની જીવ તેની દરકાર કરે છે પણ આત્માને સમજવાની દરકાર કરતો નથી.

કેટલાક જીવો કહે છે કે અમો આટલું બધું જાણીએ પણ આત્માની ખબર પડે નહિ. પણ ભાઈ, ‘‘હું મને ન જાણું એ કેટલું બધું અંધારું ?’’ જીવ અજ્ઞાનથી માને છે કે આ દુકાન ધંધા હું કરું છું. ભાઈ, આત્મા માત્ર અજ્ઞાન ને રાગ-દ્વેષ કરે છે. પણ પરની પર્યાયને આત્મા કરી શકતો નથી. હું થડે બેઠો માટે સારી કમાણી થઈ, કાળજી રાખી માટે પૈસા આવ્યા, એ વાત તદ્દન ખોટી છે. પૈસા પરવસ્તુ છે. પરવસ્તુની પર્યાય આત્માના પ્રયત્નથી થાય તો પુદ્‌ગલદ્રવ્ય પરાધીન થઈ જાય. પૈસા તેના સ્વકાળે ક્ષેત્રાંતર થઈને આવે છે. અજ્ઞાની જીવ માત્ર શુભાશુભ ભાવો કરે છે. તેના પરિણામથી પૈસા આવતા નથી છતાં પણ દુકાન ચલાવવા વગેરેમાં માથાફૂટ કરે છે પણ અહીં આત્મદ્રવ્યની વાત ચાલે ત્યારે સમજવાની દરકાર કરતો નથી.

## સાચી શ્રદ્ધાનો ઉત્પાદ પરમાંથી તો નથી પરંતુ પૂર્વપર્યાયમાંથી પણ નથી. ધ્રુવ ચૈતન્ય સ્વભાવના આધારે સાચી શ્રદ્ધા પ્રગટે છે.

અહીં નયની વાત ચાલે છે. નિત્યનયથી જુએ કે અનિત્યનયથી જુએ તોપણ અનંતધર્માત્મક વસ્તુ શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીત થાય છે. અનુષ્ઠાન એટલે શુભ ક્રિયા, પ્રધાનતાથી ધર્મ થાય એમ કહ્યું તો તે ધર્મ આત્મદ્રવ્યનો છે એમ નક્કી કરતાં આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીતમાં આવે છે. સોનાનું કડું હતું તે પલટીને કુંડળ થયું. કડાનો તો વ્યય થયો ને કુંડળ થયું એ શેમાંથી થયું ? કડાના અભાવમાંથી કુંઠળનો ભાવ થાય ?–ના. સોનું શક્તિરૂપે છે તે પલટીને કુંળળરૂપે થયું છે. પ્રથમ મિથ્યા અવસ્થામાં જીવ માનતો હતો કે વિકાર જેટલો જ આત્મા છે. પણ જ્યારે જાણવામાં આવ્યું કે આત્મામાં અનંત ધર્મો રહેલા છે, આત્મા રાગરૂપે પરિણમે છે, તે જ વખતે હું જ્ઞાન છું, શુદ્ધ છું, ચૈતન્યમાત્ર છું, એવો પણ ધર્મ છે તથા બીજા ધર્મો પણ છે. એમ નક્કી કરતાં તેને સાચી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તો સાચી શ્રદ્ધા જે ઉત્પન્ન થઈ તે પ્રથમ ન હતી. નવી ઉત્પન્ન થઈ છે, તો તે ક્યાંથી આવી ? જે પર્યાય મિથ્યાશ્રદ્ધાની વ્યય થઈ તેમાંથી સાચી શ્રદ્ધા આવે ?–ના. તેમાંથી ન આવે. મિથ્યા શ્રદ્ધામાંથી સાચી શ્રદ્ધા ન આવે પણ આત્મદ્રવ્ય અનંત ગુણોનો પિંડ વસ્તુ છે તેનો અંતર આશ્રય કરવાથી સાચી શ્રદ્ધાની પર્યાય પ્રગટ થાય છે. આવી રીતે આત્મા શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીત થાય છે.

## મિથ્યાત્વરૂપી મૂળના નાશથી સંસાર વૃક્ષનો નાશ થાય છે. તેના નાશ વિના સંસારનો નાશ થતો નથી.

અજ્ઞાની જીવોએ મુદ્દો પકડ્યો નથી. ઝાડનાં પાંદડાં તોડ્યાં છે પણ મૂળ સાજું હોવાથી ઝાડ પાંગરી જશે ને મૂળ તોડે તો ઝાડ ફરી પાંગરશે નહિ, એમ સંસારનું મૂળ મિથ્યાત્વ છે તે મૂળ તોડ્યા વિના વ્રત, તપ આદિ કરે તોપણ મિથ્યાત્વનું મૂળ સાજું હોવાથી સંસાર ફાલ્યો ફૂલ્યો રહે છે ને જો મિથ્યાત્વનો નાશ કરે તો અલ્પ રાગ-દ્વેષરૂપી પાંદડાં થોડાં વખતમાં નાશ પામશે માટે મૂળનો નાશ કરવો જોઈએ.

## એક ધર્મ સાથે બીજા ધર્મો રહેલા છે એમ જ્ઞાન કરે તો યથાર્થ છે પણ એકાંત માને તો મિથ્યાદ્રષ્ટિ છે.

શાસ્ત્રે ભલે એક નયથી વાત કરી હોય કે આત્મા રાગાદિનો કર્તા છે તોપણ રાગ આત્માનો ધર્મ છે, તેવી શ્રદ્ધા થતાં શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ થાય છે. વળી ભોક્તા ધર્મની વાત કરી તો ભોક્તાધર્મ જડમાં નથી, જડને લીધે નથી, જડને

ભોગવતો નથી પણ હરખશોકને ભોગવે છે તે પોતાનો ધર્મ છે, એમ નક્કી કરતાં જ્ઞાતાની પ્રતીતિ થાય છે.

શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો એ એક જ કર્તવ્ય છે. આ વિનાના વ્રત, તપ એકડા વિનાનાં મીંડા જેવાં છે. આત્મદ્રવ્ય અનંત ધર્મોથી વસેલું છે, જ્ઞાનની લક્ષ્મીસ્વરૂપ છે. એક નયથી જુએ ત્યારે બીજા નયની અપેક્ષા રહેલી છે. જે જીવે નિત્યને માને પણ અનિત્યને ન માને તે મિથ્યાદ્રષ્ટિ છે. રાગનો કર્તા માને પણ રાગનો અકર્તા ધર્મ ન માને તો મિથ્યાદ્રષ્ટિ છે. તેને નય નથી, પણ કુનય છે. અમૃતચંદ્રાચાર્ય ભગવાન કહે છે કે નયથી જો કે પ્રમાણથી જો તો પણ અંદર શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રતીત થાય છે. ઈશ્વરનયથી આત્મા રાગ-દ્વેષ આદિ ભાવો રૂપે થઈ પરાધીનતા ભોગવે છે. પરાધીન થઈને રાગ-દ્વેષને કરવાનો ધર્મ કર્મમાં નથી પણ આત્મા પરને આધીન થઈને કરે છે. એમ પોતાના આત્મદ્રવ્ય તરફ દ્રષ્ટિ જતાં શુદ્ધની પ્રતીતિ થાય છે.

## જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ પરને લીધે તથા શુભરાગને લીધે નથી. ધ્રુવ જ્ઞાનશક્તિમાંથી જ્ઞાનપર્યાય વ્યક્ત થાય છે.

વળી કોઈ કહે કે અહીં સાંભળ્યા પછી જ્ઞાન થયું તો જ્ઞાન કોને થયું ? જડ જાણે છે ? જાણનાર તો જ્ઞાયક છે, પોતાની અવસ્થામાં જાણે છે. એક સમયે જૂની અવસ્થાનો વ્યય થઈ નવી અવસ્થા થાય છે. અહીં આવ્યા પહેલાં આ જાતનું જ્ઞાન ન હતું અને અહીં આવ્યા પછી થયું તો નવું જ્ઞાન ક્યાંથી આવ્યું ? અંદર નિધાન ભર્યું છે તેમાંથી તે આવે છે. અજ્ઞાની માને છે કે વાણી કાને પડી તેથી અથવા શુભરાગ કર્યો માટે જ્ઞાન થયું પણ ધ્રુવ સ્વભાવમાંથી જ્ઞાન આવે છે, એમ તે માનતો નથી. વાણી તો પર છે, પરને લીધે જ્ઞાન હોય નહિ, જ્ઞાન તો પોતાનો ગુણ છે, તેમાંથી પર્યાય પ્રગટે છે. પૂર્વની અવસ્થા તો વ્યય થઈ છે. તે વ્યયમાંથી ઉત્પાદ થાય નહિ પણ ધ્રુવ જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન પ્રગટે છે.

## આત્મદ્રવ્ય જેવું છે તેવું શ્રદ્ધાજ્ઞાનમાં લેવું તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

જ્ઞાન પોતાથી થાય છે એમ માનવું તથા દેહની ક્રિયા થાય કે પુણ્ય-પાપના પરિણામ થાય તેનો આત્મા સાક્ષી છે. આમ જ્ઞાતાદ્રષ્ટા રહેવું તે સમ્યગ્દર્શન ને સમ્યક્ જ્ઞાન છે ને પછી લીનતા કરવી તે ચારિત્ર છે. પાંચ મહાવ્રતના પરિણામ આસ્રવ છે. અંતર સ્વરૂપમાં લીનતા ન હોય ત્યારે મુનિને એવા પરિણામ હોય છે પણ તે ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. આત્માની અંદર અનંતા

ધર્મો છે તેને અપેક્ષાથી સાધક જીવ જાણે છે. એક સાથે બધા ધર્મોનો ધરનાર આત્મા છે, તેને મન અને રાગના સંબંધ વિના સાધક જીવ શ્રદ્ધામાં લ્યે છે ને કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે સર્વથા અસંખ્યપ્રદેશી પ્રત્યક્ષ દેખે છે. આમ પ્રથમ જાણવું જોઈએ. આ જાણ્યા વિના ધર્મ થાય તેમ નથી. દેહની ક્રિયા તો પર છે, શુભઅશુભ ભાવો વિકાર છે. તે વિકાર કાંઈ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે. આ પ્રમાણે ગમે તે નયથી જુએ કે પ્રમાણથી જુએ તોપણ શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ થાય છે.

આ રીતે આત્મદ્રવ્ય કેવું છે, તે કહેવામાં આવ્યું ને તેની પ્રાપ્તિનો ઉપાય તેમાં આવી જાય છે, છતાં તેની પ્રાપ્તિનો પ્રકાર કહેવામાં આવે છે. તેમાં પહેલાં અનાદિકાળથી જીવ શા કારણે રખડે છે, તેની વાત કરે છે.

## અજ્ઞાની જીવ શુભાશુભ ભાવો તથા નિમિત્તોની ભાવના ભાવે છે.

અનાદિથી સંસારદશા વિષે આત્માને પુદ્ગલકર્મ નિમિત્ત છે. નિમિત્ત કહેતાં જ તે નૈમિત્તિકની પ્રસિદ્ધિ કરે છે. પોતે પોતાના કારણે મોહ કરે છે એમ દ્રવ્યકર્મ પ્રસિદ્ધિ કરે છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ચૂકીને પુણ્યથી ધર્મ થાય, પાપથી સુખ થાય, દયા-દાનના પરિણામ થાય તો ઠીક, શુભરાગ પહેલાં થયો હતો તેવો બીજે સમયે રહે તો ઠીક—એ બધો ભાવ મોહભાવ છે. હું આત્મામાં લીન થાઉં તો ઠીક એવી ભાવના કરી નથી. મોહભાવનાનું નિમિત્ત પુદ્ગલકર્મ છે. કર્મ આવ્યું માટે મોહ થયો એમ નથી. પણ હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવી સાવધાની ચૂકીને શુભાશુભ વિકલ્પોની ભાવના ભાવી તે મિથ્યાભાવ છે. ને જેની ભાવના ભાવે તે ભાવોને કદી છોડે નહિ. હું જ્ઞાયક છું એવી શ્રદ્ધા કદી પણ કરી નથી. રાગ-દ્વેષ પુણ્ય-પાપના ભાવો વિકાર છે, કૃત્રિમ છે, ઉપાધિ છે. તેનો અનુભવ સંસારમાં કરે છે. શુભનો અનુભવ કરી જીવ નવમી ગ્રૈવેયકે ગયો છે. અશુભનો અનુભવ કરી નરકમાં ગયો. વગેરે શુભાશુભ ભાવ કરી ચારે ગતિમાં જીવ રખડ્યો છે.

પોતે જાણનાર દેખનાર છે તેવી શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાનો પ્રભાવ પડવો જોઈએ, તેને બદલે વિકારનો પ્રભાવ પડ્યો છે. વિકારનાં ગાણાં ગાય છે. વિષયો જડ છે. તેમાં સુખદુઃખ નથી પણ તેનું લક્ષ કરી વિષયમાં મજા પડે છે એમ માની રાગ કરે છે. આ ઘોડો ઠીક, આ ગાય ઠીક, આબરૂ ઠીક, આ પદાર્થો ઠીક તેમ માની પરપદાર્થોની પ્રીતિ છોડતો નથી. બૈરાં સારાં મળે તો ઠીક, ખાવાપીવાના પદાર્થો અનુકૂળ મળે તો ઠીક, એમ ભાવના ભાવે છે. શેઠ કહે કે દુકાન એકસોનો પગારદાસ નોકર મહિને પાંચ હજાર કમાઈ દેતો હોય તો તેની સાથે પ્રીતિ કેમ

છોડાય ? દીકરો કહે કે બાપ દુકાનનું ધ્યાન રાખે છે ને આપણને કમાણી થાય છે તો તેની પ્રાપ્તિ કેમ છોડાય ? બાપ કહે છે કે છોકરો મને કમાઈ દ્યે છે તો તેની પ્રીતિ કેમ છોડાય ? આમ અશુભ ભાવમાં સુખ માની અશુભનાં નિમિત્તોની પ્રાપ્તિ કર્યા કરે છે. વળી શુભભાવ કરે તો દયા-દાનના પરિણામ બહુ સારા થયા, આવા ને આવા દયાના ઊંચા પરિણામ રહે તો ઠીક, ભગવાનની પૂજા આજે થઈ એવી સરસ કાલે થાય તો ઠીક—આ પુણ્યથી ધર્મ માનતો હોવાથી પુણ્યનાં નિમિત્તોની પ્રીતિ કેમ છોડાય ? આમ શુભભાવ વખતે શુભભાવનાં નિમિત્તોની પ્રીતિ વર્તે છે. પણ હું આત્મા શુદ્ધ થાઉં તો ઠીક એવી ભાવના કરતો નથી. હું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી છું તેવી ભાવના કરવા જેવી છે પણ પર્યાયબુદ્ધિવાળો જીવ રાગ ને નિમિત્તોની ભાવના ભાવે છે.

## મોહભાવને લીધે અજ્ઞાની જીવની આત્મપરિણતિ ઘૂમરી ખાય છે.

જીવ શુભરાગ કરે છે તે મિથ્યાત્વ નથી. શુભરાગ તો જ્ઞાનીને પણ હોય છે પણ તેનો નિષેધ વર્તે છે. અજ્ઞાની જીવ તો શુભરાગ વર્તમાનમાં આવ્યો તે ઠીક છે એમ માને છે ને ભવિષ્યમાં પણ આવો શુભરાગ હજો એમ રાગની ભાવના ભાવે છે, તે મિથ્યાત્વ છે. નીચલી દશામાં ભક્તિ, પૂજા આદિનો શુભરાગ હોય તે જુદી વાત છે. મિથ્યાદ્રષ્ટિને મોહભાવનો પ્રભાવ છે. પોતાના જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનનો પ્રભાવ ચૂકીને અજ્ઞાની પરમાં ને શુભાશુભમાં સુખ માની મોહને અનુભવે છે. જેમ પાણીમાં ઘૂમરી થયા કરે છે ને ચક્કર ચક્કર ફરે છે તેમ મિથ્યાદ્રષ્ટિ જીવની આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાય છે. પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનને તે અનુભવતો નથી. પોતાનો દીકરો દસ હજાર રૂપિયા કમાઈને આપે તો કહે કે છોકરો સારો પાક્યો છે, ઠીક જાગ્યો છે, ઘરને અજવાળશે ને છોકરો પણ રૂપિયા મળે તેની ભાવના ભાવે છે, એમ નિમિત્તોની રુચિ કર્યા કરે છે. અશુભ છોડી શુભ કરે તો ઘડીકમાં દયા પાળું, ઘડીકમાં દાન કરું, શાસ્ત્ર વાંચું, પૂજા ભક્તિ કરું એમ શુભરાગ એકથી બીજો, બીજાથી ત્રીજો પલટો ખાય છે—ઘૂમરી ખાયા કરે છે ને આવો શુભરાગ સદાય હજો એવી ભાવના ભાવી મિથ્યાત્વને સેવે છે. શુભ અને અશુભરાગની ભાવના હોવાથી તેને નિમિત્તોની પ્રીતિ વર્તે છે પણ શુદ્ધ સ્વભાવની પ્રીતિ વર્તતી નથી.

કોઈ પ્રશ્ન કરે કે આમ તમો કહો છો તો તેવો રાગ તો વીતરાગ થાય ત્યારે ટળે. વીતરાગદશા ન થાય ત્યાંસુધી શુભભાવ શું ન કરવો ? પાપ કરવું ?

## શુભભાવની ભાવના તે મોહની ભાવના છે. કોઈ અવસ્થામાં તેની ભાવના કરવા જેવી નથી.

સમાધાન :—ભાઈ, સાંભળ તો ખરો. શુભરાગ તો ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે. ને વિપરીત અવસ્થાની ભાવના અવિપરીત સ્વભાવની ભાવનાને ભ્રષ્ટ કરે છે. શુદ્ધસ્વભાવમાં ઠરી ન શકે ત્યાંસુધી શુભ આવે તે જુદી વાત છે પણ વ્યવહાર કરતાં કરતાં ધર્મ થાય એમ માનવું તે અજ્ઞાનભાવ છે. વ્યવહાર તો રાગ છે ને રાગની ભાવનાથી વીતરાગ દશા થતી નથી. વ્યવહારની ભાવના તે મોહની ભાવના છે. રાગના આદરથી શુદ્ધસ્વભાવ પ્રગટતો નથી પણ રાગરહિત શુદ્ધસ્વભાવની ભાવનાથી નિર્મળ પર્યાય પ્રગટે છે. આવું ભાન નહિ હોવાના કારણે દ્રવ્યલિંગી મુનિ ૨૮ મૂળગુણનું પાલન કરે તોપણ શુભ અશુભમાં સદા ઘૂમરી ખાધા કરે છે.

કોઈ પ્રશ્ન કરે કે આત્મા શુદ્ધનયનો વિષય છે તે જાણ્યું પણ અમારે વ્યવહારે કરવું શું ?

## શુદ્ધ સ્વભાવમાં ઠરવું એ જ કરવાનું છે.

**સમાધાન :—**આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એવી શુદ્ધની દ્રષ્ટિ કરવી. તે જ કરવાનું છે. આત્માનો વ્યવહાર આત્મામાં હોય, પરમાં ન હોય. સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક ઠર્યો તે જ ચારિત્ર છે. અશુભભાવ પાપબંધ છે, શુભભાવ પુણ્યબંધ છે. તે રહિત આત્મામાં ઠરવું તે જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી ને જે આમ માનતો નથી તે શુભ-અશુભભાવમાં ઘૂમરી ખાય છે.

*

# પ્રસાદ નં. ૨૫૩

## પ્રવચનસાર પરિશિષ્ટ

(અષાડ સુદ ૯, શુક્રવાર)

અષાડ સુદ ૮ ગુરુવાર સવારે પ્રવચનસાર પરિશિષ્ટમાં વર્ણિત નયો ૨૪-૨૫-૨૬-૨૭ ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનનું રેકોર્ડીંગ રીલ સંભળાવ્યું હતું.

## મોહરૂપી દારૂ પીધો હોવાને લીધે અજ્ઞાની જીવ શુભાશુભ ભાવોમાં ઘૂમરી ખાય છે.

આત્મા કેવો છે તેના ૪૭ ધર્મોની વાત કહેવાણી. હવે આત્માની પ્રાપ્તિની રીત શું છે, તે બતાવે છે. તે બતાવતાં પહેલાં અનાદિથી જીવ કેમ રખડે છે, તે પ્રથમ બતાવે છે. ત્યારપછી ઉપાય બતાવશે.

"પ્રથમ તો અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહભાવનાના (મોહના અનુભવના) પ્રભાવ વડે આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિ-વ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે, તેથી જ્ઞપ્તિ-વ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે, તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે (–આત્મવિવેકનો તેને અભાવ હોવાને લીધે) અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગ-દ્વેષ-દ્વૈતરૂપે પરિણમે છે અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે."

અનાદિથી જીવ પોતાના જ્ઞાતાસ્વભાવને ચૂકીને મોહભાવ કરે છે તે નવો નથી પણ અનાદિથી પ્રવાહરૂપે કરતો આવે છે. તેમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે. પોતાની ઊંધી દ્રષ્ટિના જોરથી સંસારમાં રખડે છે. પુદ્‌ગલકર્મને નિમિત્ત કહ્યું છે. તે નૈમિત્તિકની પ્રસિદ્ધિ કરે છે. એટલે કે પોતે મોહભાવ કરે છે ત્યારે પુદ્‌ગલકર્મને નિમિત્ત કહેવાય છે. આવા મોહભાવના પ્રભાવથી અજ્ઞાની જીવની આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાય છે. ઘડીમાં પુણ્યના ભાવ કરે, ઘડીમાં દયાના ભાવ કરે, ઘડીમાં અશુભ ભાવ કરે, ઘડીમાં પરપદાર્થોને મેળવવાના ભાવ કરે, ઘડીમાં હિંસા, જૂઠ, ચોરી ઇત્યાદિના ભાવ કરે, એમ પોતાનો ઉપયોગ ઘૂમરી ખાય છે. આત્મસ્વભાવને ચૂકી ગયો છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પરપદાર્થથી તે સદાય અભાવસ્વરૂપ છે ને વિકારથી રહિત શુદ્ધ સ્વભાવી છે તે વાત બેસતી નથી. અનુકૂળ નિમિત્તોને મેળવું, પ્રતિકૂળ નિમિત્તોને દૂર કરું, અનુકૂળ સંયોગો મળે તો

લાભ થાય ને પ્રતિકૂળ સંયોગો મળે તો નુકશાન થાય એમ ઘૂમરી ખાધા કરે છે પણ અંતર્મુખ આત્માની રુચિ કરતો નથી. જુદી જુદી જાતના શુભાશુભ ભાવોને મોટપ આપીને પોતાના જ્ઞાનનો વ્યાપાર તેમાં ઘુમાવે છે. જેવી રીતે દારૂથી ગાંડો થયેલો માણસ જ્યાં ત્યાં ઘૂમ્યા જ કરે છે તેમ અહીં મિથ્યાત્વરૂપી દારૂ પીધેલો જીવ મદોન્મત્તની પેઠે મિથ્યાત્વમાં અને શુભાશુભભાવોમાં ઘૂમ્યા જ કરે છે.

## શ્રાવણમાં દરિયો હાલકલોલક રહે છે તેમ અજ્ઞાની મોહ-રાગ-દ્વેષમાં હાલકલોલક થાય છે.

પોતાના જ્ઞાયકસ્વભાવમાં પરિણતિ એકરૂપ થવી જોઈએ તેને બદલે મોહભાવના પ્રભાવ વડે આ વસ્તુ લઉં ને આ વસ્તુ છોડું, વ્રત પાળું, ક્રિયાકાંડ કરું, એમ અજ્ઞાની જીવ ઘૂમતો ફરે છે. શ્રાવણ માસમાં દરિયો જેમ પવનથી ડોલે છે ને એવો ડોલાયમાન થાય છે કે વહાણ પણ ચાલી ન શકે. જેમ ત્યાં પવન નિમિત્ત છે ને દરિયાની અસ્થિર થવાની યોગ્યતા છે તેમ અજ્ઞાનીની મોહરૂપ થવાની યોગ્યતા છે ને પુદ્‌ગલકર્મ તેમાં નિમિત્ત છે. આમ અજ્ઞાની જીવ ક્ષુબ્ધતા પામે છે. પરચીજોને લીધે ક્ષુબ્ધતા પામતો નથી. શરીરનું, છોકરા વગેરેનું કાંઈ કરી શકતો નથી છતાં તેનું કરી દઉં એવા ભાવથી અસ્થિર રહે છે. પૈસા મેળવું, દીકરાને પરણાવું ને ધર્મસ્થાનમાં આવે તો વ્રત કરું, પચ્ચખાણ કરું, પૂજા કરું આમ જુદા જુદા શુભાશુભ ભાવોથી તે ક્ષુબ્ધતા પામ્યા જ કરે છે ને અસ્થિર રહ્યા કરે છે.

## અજ્ઞાની જીવ જ્ઞાનપર્યાયોને નિમિત્તોમાં અને શુભાશુભભાવોમાં એક પછી એક ફેરવ્યા કરે છે.

પોતાની જ્ઞાનપર્યાય પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવને આધીન થવી જોઈએ. તેને બદલે ઇન્દ્રિયોને આધીન પ્રવર્તે છે. ઇન્દ્રિયના વિષયમાં પણ એક ચીજથી બીજી ચીજ ઉપર લક્ષ કરે છે. આમ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ = જ્ઞાનની પ્રગટદશાઓ—વ્યક્તતાઓ પરિવર્તન પામ્યા જ કરે છે. ઘડીમાં જ્ઞાનપર્યાય પુણ્યભાવમાં રોકાય, વળી પૂજામાં રોકાય, વળી અવ્રતભાવ છોડું—એમ જુદા જુદા વિકલ્પોમાં અજ્ઞાનીની જ્ઞાનપરિણતિ પરિવર્તન પામે છે. સમ્યગ્દ્રષ્ટિને આત્માનું ભાન છે, તેને અસ્થિરતાના રાગ-દ્વેષ હોય છે પણ દ્રષ્ટિ તો અખંડ જ્ઞાયકસ્વભાવ ઉપર જ છે. જ્યારે અજ્ઞાની તો જ્ઞાયકસ્વભાવને જાણતો નથી. સંયોગોને છોડું, પાપમાં આગળ વધીને મોટો થાઉં, પુણ્ય કરીને ધર્મ પામું—આમ પુણ્ય-પાપ ને નિમિત્તોમાં જ્ઞાનપર્યાય પરિવર્તન પામે છે. આ જ અજ્ઞાનભાવ અને સંસાર છે. પર માટે ઉપયોગને ફેરવ્યા કરે છે તેથી તેનો આત્મા સ્વયં ઠરતો નથી. સંસારમાં

છોકરા—છોકરીઓ માટે આમ કરું ને તેમ કરું એવા અશુભ ભાવ કર્યા કરે છે ને ધર્મના નામે વ્રત કરું, દાન કરું, પુણ્ય કરું, પૂજા કરું—એમ ઘૂમરી ખાધા કરે છે પણ આત્મા સમજવા માટે નવરો થતો નથી. સંસારમાં બીજાને હલકો પાડી હું મોટો થાઉં એમ ભાવના ભાવે છે. અજ્ઞાની ગુરુ બતાવે કે દાનથી ધર્મ થશે તે સાંભળી પાંચ હજાર દાનમાં વાપરે. વળી ભગવાનની પૂજા કરાવે વગેરે શુભભાવોમાં ચક્કર ખાય છે. આમ અજ્ઞાની જીવ શુભાશુભ ભાવોમાં ચક્કર ખાધા જ કરે છે.

## અજ્ઞાની જ્ઞેય પદાર્થો સાથે પ્રીતિ કરે છે પણ ચૈતન્ય સાથે પ્રીતિ કરતો નથી.

આમ અજ્ઞાની જીવો શુભાશુભ ભાવમાં ઘૂમરી ખાય છે ને તેમાં તેને સુખબુદ્ધિ હોવાથી તેનાં નિમિત્તોમાં તેને મૈત્રી પ્રવર્તે છે. પોતાની જ્ઞાનપર્યાય સમયે સમયે જે વ્યક્ત થાય છે તેમાં બાહ્યપદાર્થો નિમિત્ત છે એટલે તે પદાર્થો જ્ઞેયભૂત છે. પણ તેને જ્ઞેયભૂત નહિ માનતાં તેમના પ્રત્યે તેને પ્રીતિ વર્તે છે. ખરી રીતે તો શુભાશુભભાવો તેમ જ બાહ્ય પદાર્થો જ્ઞેયમાત્ર છે ને પોતાનો સ્વભાવ તેને જાણવાનો છે. પણ તેમ નહિ માનતાં આ નિમિત્તો હોય તો ઠીક પડે ને આ ન હોય તો ઠીક ન પડે એમ પ્રીતિ વર્ત્યા કરે છે. પણ પોતાના જ્ઞાનસ્વભાવ સાથે પ્રીતિ થતી નથી. સ્ત્રી, છોકરાં સારાં ને કહ્યાગરાં હોય તો ઠીક પડે, મકાન હોય તો ઠીક, પૈસા હોય તો ઠીક, નોકર સારો હોય તો ઠીક, એમ માની સમયે સમયે જ્ઞાનપર્યાયની વ્યક્તતાને નિમિત્તોમાં જોડે છે ને અનેકરૂપ ચક્કર મારે છે. તેને નિમિત્તોની મૈત્રી વર્તે છે. પોતાનો જાણવા-દેખવાનો સ્વભાવ પરપદાર્થોથી ભિન્ન છે ને વિકારથી પણ ભિન્ન છે તેનું ભાન નથી તેથી ચૈતન્યસ્વભાવ સાથે પ્રીતિ વર્તતી નથી.

## જ્ઞાનના ઉઘાડને યોગ્ય જ્ઞેય, જ્ઞેયના કારણે હોય છે એમ નહિ માનતાં જ્ઞેય આવ્યું તો જ્ઞાન થયું એમ માનતો જ્ઞેયભૂત બાહ્યપદાર્થો સાથે અજ્ઞાની મૈત્રી કરે છે.

વળી આત્મામાં જાણવાની પર્યાયો જુદી જુદી થયા કરે છે, એકરૂપ હોતી નથી અને તેનાં નિમિત્તો પણ જુદાં જુદાં હોય છે, આડું અવળું હોતું નથી. એમ જો સમજે તો તો દ્રવ્યદ્રષ્ટિ ને સાચી દ્રષ્ટિ થાય છે પણ અજ્ઞાનીને દ્રવ્યદ્રષ્ટિ નથી પણ તેની નિમિત્ત ઉપર દ્રષ્ટિ છે તેથી તે નિમિત્તો પ્રત્યે તેને પ્રેમ વર્તે છે. આનું નામ

મિથ્યાત્વ છે. અજ્ઞાની જીવને સ્વભાવની પ્રીતિ નથી, પણ અધૂરી પર્યાયની, પુણ્ય-પાપના ભાવની અને નિમિત્તોની મૈત્રી વર્તે છે. તેના દાખલા :—

(૧) પોતે ચશ્માથી જુએ છે ત્યારે પોતાના જ્ઞાનનો ઉઘાડ એવી જ જાતનો છે ને એવા ઉઘાડ વખતે ચશ્મા નિમિત્ત છે. ખરી રીતે ચશ્મા જ્ઞેયભૂત છે. ચશ્માથી દેખતો નથી, પોતાના જ્ઞાનના ઉઘાડથી જાણે છે. એમ તેને ખબર નથી તેથી આ ચશ્મા આવ્યા તો ઠીક દેખાયું એવી માન્યતા કરી ચશ્મા પ્રત્યે પ્રીતિ કરે છે.

(૨) પોતાને કોઈ પ્રતિકૂળ સંયોગો આવી પડે છે ત્યારે પોતાના જ્ઞાનનો ઉઘાડ એ જ સંયોગોને જાણવાને લાયક હતો ને તે વખતે નિમિત્તો પણ એ જ હોય છતાં તેમ નહિ માનતાં આ આવ્યા તે ઠીક ન થયું એમ માની પ્રતિકૂળ સંયોગ પ્રત્યે દ્વેષ કરે છે.

(૩) ઠંડી વખતે ગરમ કપડાં મળ્યાં તો તે વખતે પોતાના જ્ઞાનનો ઉઘાડ તે જ જ્ઞેયને જાણવાનો હતો પણ તેમ નહિ માનતાં નિમિત્ત તરફ દ્રષ્ટિ કરી કપડાંની પ્રીતિ કરે છે.

આમ અજ્ઞાની જીવ મોહભાવનામાં ચક્કર મારતો અનેક જ્ઞાનની પર્યાયને પામતો, નિમિત્તોની મૈત્રી કરતો, મિથ્યાત્વને પુષ્ટ કરે છે. પણ નિમિત્ત હું નથી, રાગ-દ્વેષ હું નથી, પર્યાય જેટલો હું નથી, પણ હું ત્રિકાળી જ્ઞાયકસ્વભાવી વસ્તું છું એવાં શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી.

## જ્ઞાનપર્યાય, શુભાશુભપર્યાય ને નિમિત્તો એક સમયે હોવા છતાં સ્વતંત્ર છે છતાં અજ્ઞાની શુભરાગ તથા જ્ઞાન નિમિત્તને લીધે થયાં માનતો ભ્રમણા સેવે છે.

આત્મા અનેક પ્રકારના પુણ્ય-પાપભાવમાં રોકાય ને જ્ઞેયભૂત પદાર્થો સાથે મૈત્રી કરે એટલો જ આત્મા છે કે બીજો કોઈ આત્મા છે ? જ્ઞેયભૂત પદાર્થો જે નિમિત્તો છે તે તો આત્માથી અત્યંત અભાવરૂપે છે. ને વર્તમાન રાગ-દ્વેષ તે વિકાર છે ને જ્ઞાનનો ઉઘાડ દેખાય છે તે અંશ છે. આત્મા વિકાર જેટલો કે અંશ જેટલો નથી. આત્મા તો ત્રિકાળી નિર્વિકારી અખંડ જ્ઞાનસ્વરૂપ છે તેના આધારે જ્ઞાન થાય છે. એવી પ્રતીતિ અજ્ઞાની જીવ કરતો નથી ને પોતાની સમય સમયની જ્ઞાનની ઉઘાડની અવસ્થાની લાયકાત અનુસાર નિમિત્તો હોય છે એમ નહિ માનતાં નિમિત્તોથી જ્ઞાન થયું માને છે. તેથી નિમિત્તોની રુચિ છોડતો નથી. ક્ષણે ક્ષણે તેનો ઉપયોગ શુભાશુભભાવમાં વર્ત્યા કરે છે. તેથી તેને નિમિત્તોમાં પ્રેમ વર્તે છે. અનુકૂળ નિમિત્તોમાં રાગ કરે છે ને પ્રતિકૂળ નિમિત્તોમાં દ્વેષ વર્તે છે એમ ઉપયોગ

બહારમાં વર્તે છે. મારાં સુખ, શ્રદ્ધા ને જ્ઞાનનું ધામ તો મારું દ્રવ્ય છે, એમ દ્રવ્યની પ્રીતિ કરતાં નિમિત્તોની મૈત્રી કરે છે.

(૧) જ્ઞાનનો ઉઘાડ જે અશુભ રાગને જાણવાને લાયક હોય ત્યારે તે જ જાતનો અશુભરાગ હોય ને તે વખતે અશુભરાગમાં જે કુટુંબ, છોકરી આદિ નિમિત્ત હોય તે જ નિમિત્ત હોય છે, આડુંઅવળું હોતું નથી. જ્ઞાન, અશુભરાગ ને નિમિત્ત ત્રણે એક સમયે હોવા છતાં સ્વતંત્ર છે, કોઈ કોઈને પરાધીન નથી.

(૨) જ્ઞાનનો ઉઘાડ જે શુભરાગને જાણવાને લાયક હોય ત્યારે તે જ જાતનો શુભરાગ હોય ને તે વખતે શુભરાગમાં જે ભગવાનની મૂર્તિ આદિ નિમિત્ત હોય તે જ નિમિત્ત હોય છે. અહીં પણ જ્ઞાન, શુભરાગ ને નિમિત્ત ત્રણે સ્વતંત્ર છે, કોઈ કોઈને પરાધીન નથી.

વળી જ્ઞાનના ઉઘાડની તારતમ્યતા પણ અનેક પ્રકારની હોય છે. શુભાશુભ ભાવો પણ અસંખ્ય પ્રકારના હોય છે ને નિમિત્તો પણ અનેક પ્રકારનાં—જુદાં જુદાં હોય છે. ક્ષણે ક્ષણે જ્ઞાનનો ઉઘાડ જુદો જુદો છે. રાગ જુદો જુદો હોય છે ને નિમિત્તો જુદાં જુદાં હોય છે ને દરેક સ્વતંત્ર છે.

આમ સ્વતંત્ર સ્વભાવ હોવા છતાં અજ્ઞાની જીવ માને છે કે ભગવાનની મૂર્તિને લીધે શુભરાગ થયો ને મૂર્તિને લીધે જ્ઞાન થયું. વળી કુટુંબાદિને લીધે અશુભરાગ થયો. આમ અજ્ઞાની જીવને નિમિત્તની રુચિ વર્તે છે. કુટુંબને જોઈને અશુભરાગ થાય છે, દુશ્મનને જોઈને દ્વેષ થાય છે, મૂર્તિને જોઈને શુભરાગ થાય છે, એમ તે માને છે. દેવ-ગુરુ-શાસ્ત્ર હો, કુટુંબકબીલા ને પૈસા હો—ગમે તે હો—બધા જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ છે, એમ નહિ માનતાં તેના કારણે રાગ ને જ્ઞાન થાય એમ માનવું તે મિથ્યાભાવ છે. જ્ઞાની સમજે છે કે જ્ઞાનના ઉઘાડની જે જાતની યોગ્યતા હોય તે વખતે એવું જ જ્ઞાન હોય ને તે વખતે તે જ પ્રકારનો રાગ વર્તતો હોય છે. કોઈને લીધે કોઈ નથી.

(૧) ખાવાની બાસુંદી આવે ત્યારે જ્ઞાનનો ઉઘાડ બાસુંદીને જાણવાનો છે. તે જ્ઞાનની પર્યાય પોતાના ત્રિકાળી જ્ઞાનગુણમાંથી આવે છે ને અશુભરાગ થયો તે ચારિત્રગુણની વિપરીત અવસ્થાના કાળે થયો છે ને બાસુંદી તેના કાળે ક્ષેત્રાંતર થઈને આવે છે. અજ્ઞાની માને છે કે બાસુંદી આવી માટે મને રાગ થયો ને તે આવી તો તેના સંબંધી જ્ઞાન થયું, એ માન્યતા ભ્રમ છે.

(૨) પ્રવચનસારની આ લીટીં વંચાઈ માટે જ્ઞાન થયું ને શુભરાગ થયો, એમ અજ્ઞાની માને છે. શબ્દો આમ બોલાયા માટે જ્ઞાન થયું, એ માન્યતા ઘણી

અજ્ઞાનવાળી છે. શબ્દો ને નિમિત્તો તારામાં છે જ નહિ. જડના કારણે જ્ઞાન હોય નહિ, જડના કારણે શુભરાગ હોય નહિ, શબ્દને લીધે જ્ઞાન હોય નહિ. શબ્દ પર્યાય પુદ્ગલમાંથી થઈ છે. શુભરાગ આત્માના ચારિત્રગુણનો વિકાર છે ને સમયસમયની જ્ઞાનની વ્યક્ત પર્યાય આત્માના ત્રિકાળી જ્ઞાન-ગુણને લીધે છે, પણ અજ્ઞાની તેમ માનતો નથી. અજ્ઞાની માને છે કે જીવ બોલે છે ને ઉપદેશ કરે છે, પણ ભાઈ, ભાષા તો જડ છે, આત્મામાં જડની ખાણ નથી કે તે બોલે.

(૩) પોતાની જ્ઞાનપર્યાયને પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ સાથે એક કરવી જોઈએ તેને બદલે નિમિત્ત સાથે જોડે છે, એ જ ભ્રાંતિ છે.

(૩) નિમિત્ત સાથેની એકતાબુદ્ધિ તોડીને જ્ઞાનપર્યાય કે શુભરાગપર્યાય મારા કારણે થાય છે એમ કબૂલે ને તે જ્ઞાનના અંશ કે શુભરાગ જેટલો હું નથી. હું તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવી જ્ઞાનદર્શનચારિત્રાદિ અનંત ગુણોનો પિંડ છું એવી દ્રષ્ટિ કરે તો ભ્રાંતિ ટળે. પણ મિથ્યાદ્રષ્ટિ જીવને તેની રુચિ થતી નથી, તે તો નિમિત્તની રુચિ કરે છે.

## નિમિત્તની રુચિ છોડ, પર્યાયની રુચિ છોડ ને ત્રિકાળી સ્વભાવની રુચિ કર.

આત્મા વસ્તુ ત્રિકાળ છે, તેમાં જ્ઞાન દર્શન આદિ અનંતગુણો છે, ને જે ગુણો છે તે કોઈ વખતે અવસ્થા વગરના હોય ? અજ્ઞાની માને કે ન માને તો પણ તે તે ગુણોની અવસ્થા તે તે વખતની યોગ્યતા મુજબ વ્યક્ત થાય છે. જ્ઞાનગુણની વ્યક્તતા જ્ઞાનની યોગ્યતા મુજબ, ચારિત્રગુણની વિપરીત અવસ્થા શુભાશુભભાવોરૂપે થાય છે ને તે વખતે તેને યોગ્ય નિમિત્તો હોય છે. નિમિત્તોમાં પણ પ્રગટ અવસ્થા જુદી જુદી તેના કારણે થયા જ કરે છે. ત્રણે એક સમયે હોવા છતાં સ્વતંત્ર છે. આ અબાધિત નિયમ છે. આવા નિયમને નહિ જાણતો અજ્ઞાની માને છે કે ઘેર હતા ત્યારે શુભભાવ ન હતો પણ શત્રુંજય ગયા ત્યારે થયો. તો પૂછવામાં આવે છે કે શું શુભરાગનો કાળ ન હતો ને થયો છે ? ના. શુભ તો તેના કાળે જ થયો છે. તેથી જ્ઞાની પુરુષો કહે છે કે નિમિત્તની રુચિ છોડ, જ્ઞાનના અંશની રુચિ છોડ, રાગની રુચિ છોડ ને ત્રિકાળી સ્વભાવની રુચિ કર.

## અજ્ઞાની જીવને આત્મવિવેકનો અભાવ છે. તેથી ફરી ફરીને રાગ-દ્વેષરૂપે પરિણમે છે તેથી તેને શુદ્ધાત્માનો અનુભવ થતો નથી.

અજ્ઞાની જીવો કહે છે કે વિશ્વપ્રેમ કરો. ભાઈ, એ બધો અજ્ઞાનભાવ છે. કઈ ચીજ સાથે આત્મા એકમેક થાય છે ? કોઈ સાથે થતો નથી. રાગ થાય છે તે તો

અધર્મભાવ છે. સમજ તો ખરો. સાચું જ્ઞાન કરવાથી કેવળજ્ઞાન પ્રગટશે ને આખું વિશ્વ તારા જ્ઞાનમાં એક સમયમાં જણાઈ જશે.

વળી જે જાતનો રાગ થાય છે તે જ રાગ જાણવાની જ્ઞાનની યોગ્યતા હોય છે ને તે વખતે જે નિમિત્ત આવવાનું હોય તે જ નિમિત્ત નિમિત્તના કારણે આવે છે. તૃષા લાગી ને મુસંબીનું પાણી પીધું ને હા.....શ કહ્યું તો ભાઈ, તે વખતે મુસંબીને જાણવાનો તારો જ્ઞાનકાળ છે. તે વખતે તે જાતનો અશુભનો કાળ છે ને તે વખતે મુસંબીને ક્ષેત્રાંતર થઈને આવવાનો કાળ છે. પણ અજ્ઞાની જીવ માને છે કે આ મુસંબી મળી માટે મને રાગ ને જ્ઞાન થયું. તે ભ્રાંતિ છે.

સિદ્ધગિરિને જોઈને શુભરાગ થયો એમ અજ્ઞાની કહે છે. તો તેને કહે છે કે શું તે રાગનો સ્વકાળ ન હતો ? સમયસમયની અવસ્થા તે સ્વકાળ છે. તારો સ્વકાળ તારાથી છે, પરકાળથી તે નથી. છતાં અજ્ઞાની જીવને પોતાની અવસ્થા ગુણોમાંથી પ્રગટતી ભાસતી નથી પણ પરકાળ ને પદાર્થોને લીધે અવસ્થા પ્રગટે છે એમ તે માને છે, તે જ ભ્રાંતિ છે.

અજ્ઞાની જીવ માને છે કે પ્રતિમાને હું લાવ્યો ને દેરાસર બનાવ્યું, પણ ભાઈ, પ્રતિમાનું આવવું ને ટકવું તે તેના સ્વકાળથી છે. બીજો કોઈ તેને લાવી શકે નહિ. તેની વ્યંજનપર્યાય અને અર્થપર્યાય તેના સ્વકાળે થઈ રહી છે.

કોઈ નોકર પાંચ હજાર રૂપિયાનો વાર્ષિક પગાર લઈને પચાસ હજાર કમાઈ દેતો હોય તો તેની પ્રીતિ કેમ છોડાય ? એમ અજ્ઞાની કહે છે. નોકરને લીધે પૈસા મળ્યા નથી. નોકરને લીધે રાગ થયો નથી, તેને લીધે જ્ઞાન નથી. તારા જ્ઞાનની ને અશુભ રાગની તે વખતે એવી જ યોગ્યતા છે.

ભાગીદારો કામ કર્યા કરે છે ને આપણને ઘેર બેઠા રૂપિયા મળ્યા કરે છે પણ તે માન્યતા જૂઠી છે. ભાઈ, તારા જ્ઞાનનો, અશુભ રાગનો, પુણ્યના ઉદયનો તેને રૂપિયા આવવાનો એ જ કાળ છે, કોઈને લીધે કોઈ નથી.

ભગવાનનો દિવ્યધ્વનિ છૂટ્યો તેથી જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે. જ્ઞાનપર્યાયની ને વાણીની તે વખતની એવી જ યોગ્યતા છે. છતાં અજ્ઞાની તેમ માનતો નથી. આત્મામાં ગુણો સામાન્ય છે ને સામાન્યનું પરિણમન તે વિશેષ છે. વિશેષરૂપ પરિણમન સામાન્યને લીધે થાય છે એમ ન માનતાં નિમિત્તને લીધે થયું, એમ અજ્ઞાની માને છે. નિમિત્ત તો જ્ઞેય છે, પણ તેનાથી જ્ઞાન માને છે. ચારિત્રગુણની વિપરીત અવસ્થાની લાયકાતથી શુભાશુભ પરિણામ નહિ માનતાં પરને લીધે થયા માને છે. પોતાની વીર્યશક્તિની પ્રગટ અવસ્થા વીર્યગુણને

આધારે છે એમ નહિ માનતાં, બદામ-પીસ્તાથી વીર્ય વધે એમ માને છે. ગોમ્મટસારમાં લખાણ છે કે લૂખા આહારથી વીર્ય હણાય છે. પણ ભાઈ, એ તો નિમિત્તનાં કથનો છે. પોતાના કારણે વીર્ય શક્તિ મંદ પડે છે ત્યારે લૂખા આહારને નિમિત્ત કહેવાય છે. આમ અજ્ઞાનીને સાચી દ્રષ્ટિ નથી તેથી તેને નિમિત્તોમાં રુચિ વર્તે છે—મૈત્રી પ્રવર્તે છે તેથી તેને આત્મવિવેકનો અભાવ છે. નિમિત્તો પર છે તેને લીધે શુભભાવ નથી, તેને લીધે જ્ઞાન નથી ને મારા કારણે શુભ થાય તે વિકાર છે, તે મારું સ્વરૂપ નથી ને જ્ઞાનનો અંશ જે દેખાય છે તેટલો હું નથી. હું ત્રિકાળી જ્ઞાતાસ્વરૂપ છું એવા આત્મવિવેકનો અજ્ઞાનીને અભાવ વર્તે છે. તેની દ્રષ્ટિ અત્યંત બહિર્મુખ છે એટલે નિમિત્તો તરફ તે રુચિ કર્યા કરે છે ને આ ઠીક ને આ અઠીક એમ માનીને રાગ-દ્વેષરૂપે પરિણમે છે ને તેથી નવાં પુદ્ગલ કર્મો બંધાય છે તેથી તેને આત્માના અનુભવની પ્રાપ્તિ ઘણી દૂર છે એટલે કે તે સંસારમાં આવી રીતે અનાદિથી રખડે છે.

## કર્મકાંડ નિમિત્ત છે ને જ્ઞાનકાંડ નૈમિત્તિક છે.

હવે અનાદિ સંસારમાં રખડતો જીવ ધર્મની પ્રાપ્તિ કરી, આત્માનો અનુભવ કરી પરમ આનંદદશાને કેમ પામે તેની વાત કરે છે. "પરંતુ હવે જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી" અહીં બતાવે છે કે કર્મકાંડ = શુભભાવ વડે જ્ઞાનકાંડને પ્રચંડ કરીને મોહને જુદો કરી આત્માનો અનુભવ કરે છે. સંસારદશામાં મોહભાવનામાં જડકર્મ નિમિત્ત કહ્યું હતું. જડ કર્મે મોહ કરાવ્યો નથી. પોતે મોહ કરે છે તે નૈમિત્તિક છે. ત્યારે પુદ્ગલકર્મને નિમિત્ત કહેવાય છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવેલ હતું. તેમ અહીં પણ કર્મકાંડ = સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ તે નિમિત્ત છે. પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે આત્માનો અનુભવ કરે છે એટલે નૈમિત્તિક પર્યાય થાય છે ત્યારે પૂર્વપર્યાયમાં જે દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભરાગ હતો તેને નિમિત્ત કહેવાય છે. આને કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે, એમ કહ્યું છે.

## સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વ આદિનું વ્યવહારજ્ઞાન, કષાય મંદતાના પરિણામ—એ વ્યવહાર રત્નત્રયને કર્મકાંડ કહે છે.

હવે પ્રથમ કર્મકાંડ એટલે શું ? શરીર આદિની ક્રિયા તે કર્મકાંડ નથી પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભરાગને કર્મકાંડમાં ગણવામાં આવેલ છે. પ્રથમ તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ જાણવું જોઈએ. શરીરાદિથી જુદો અને વિકારથી પણ જુદો એવા પોતાના જ્ઞાતાસ્વભાવનું જ્ઞાન કરી, પરમ વીતરાગદશા

પામીને જે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે તે સર્વજ્ઞદેવ એ જ સાચા દેવ છે. તે દેવને સ્ત્રી ન હોય અથવા બીજાં આયુધો ન હોય પણ તેઓ વીતરાગી હોય છે. આહાર પાણી લેતા ન હોય, ૧૮ દોષ રહિત હોય, તે સાચા દેવ છે. આત્માના ભાનસહિત ચૈતન્યના આશ્રયે આત્મલીનતા ઘણી વધી છે ને અલ્પ રાગ વર્તે છે ને બાહ્ય નગ્ન દિગંબર દશા વર્તે છે એવા બાહ્યાંતર નિર્ગ્રંથદશાના ધારક છઠ્ઠે- સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિ એ ગુરુ છે તે મુનિને વસ્ત્રપાત્ર ન હોય. આત્મા પોતાપણે છે ને પરપણે નથી વગેરે અનેકાંત ધર્મોને બતાવનારા ને સર્વજ્ઞની વાણીને યથાર્થ કહેનારા શાસ્ત્રો તે સાચાં શાસ્ત્રો છે. આવી રીતે સાચા દેવ, ગુરૂ, શાસ્ત્રની સાચી શ્રદ્ધા છે. તેઓ જે કહી રહ્યા છે તેવું છ દ્રવ્યોનું ને નવતત્ત્વોનું, ઉપાદાન—નિમિત્ત આદિનું વ્યવહાર જ્ઞાન ને પૂજા-ભક્તિભાવ, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન વગેરે પ્રકારે વર્તતો શુભભાવ અથવા કષાયમંદતા તે વ્યવહાર રત્નત્રય છે ને તેને કર્મકાંડ કહે છે.

## સમ્યગ્દર્શનમાં સાચા દેવ-ગુરૂ જ નિમિત્ત હોય છે. કુદેવ-કુગુરુના નિમિત્તે કદી પણ સમ્યગ્દર્શન થતું નથી.

ધર્મી જીવને આત્માનો અનુભવ થતા પહેલાં અથવા નિશ્ચય રત્નત્રય થતા પહેલાં ઉપર કહ્યા પ્રમાણે વ્યવહાર રત્નત્રય હોય છે. તેને અહીં ક્રિયાકાંડ કહેલ છે. કેટલાક જીવો એમ કહે છે કે સમ્યગ્દર્શન તો પોતાથી થાય છે તો પછી ગમે તે નિમિત્ત હોય તો પણ થાય. અભવી કે દ્રવ્યલિંગી મુનિ નિમિત્ત હોય તોપણ સમ્યગ્દર્શન થાય એમ કેટલાક માને છે. તો તે વાત ખોટી છે. જેણે સાચા દેવ-ગુરુને આ ભવમાં અથવા પૂર્વભવમાં સાંભળ્યા નથી, જેને દેશનાલબ્ધિ પ્રાપ્ત થઈ નથી તેને સમ્યગ્દર્શન થાય તે વાત મિથ્યા છે. દીવે દીવો પ્રગટે છે તેમ સતને સત્ નિમિત્ત હોય. સમ્યગ્દર્શન પોતાથી પ્રગટે છે પણ તેમાં આત્મસ્વભાવની સાચી પ્રરૂપણા કરનાર જ નિમિત્ત હોય, બીજા હોઈ શકે નહિ. અનેકાંત સ્વરૂપને યથાર્થ કહેનારા નિમિત્ત હોય પણ પુણ્યથી ધર્મ મનાવનારા ને નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તેમ મનાવનારા કુગુરુના નિમિત્તે સમ્યગ્દર્શન થાય જ નહિ.

## પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ કદાચ ઓછો હોય પણ શ્રદ્ધા-જ્ઞાન વિપરીત હોવાં ન જોઈએ.

વળી અહીં જે વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન કહ્યાં તેમાં આગમનું ઘણું જ્ઞાન હોવું જ જોઈએ એવો સર્વથા નિયમ નથી પણ યથાર્થ વસ્તુનું ભાવભાસન હોવું જોઈએ. શિવભૂતિ મુનિને શાસ્ત્રજ્ઞાન ઘણું ન હતું પણ ભાવભાસન થઈ ગયેલ, તેથી નવે

તત્ત્વોની યથાર્થ માન્યતા હતી. સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચો—દેડકાં વગેરેને પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય છે પણ વિપરીત શ્રદ્ધા-જ્ઞાન હોતાં નથી.

## પરિપૂર્ણ અખંડ જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરી જ્ઞાનપર્યાયને સ્વભાવમાં અભેદ કરે છે તેણે જ્ઞાનકાંડને પ્રચંડ કર્યો છે.

અહીં ક્રિયાકાંડથી જ્ઞાનકાંડ પ્રચંડ થાય છે એમ કહ્યું છે. અજ્ઞાની જીવો પાઠનો અર્થ ન સમજે તો કહે છે કે જુઓ, આ શુભભાવથી શુદ્ધભાવ થાય એમ કહ્યું છે, પણ ભાઈ, એ તો નિમિત્ત બતાવ્યું છે. જીવને જ્યારે નિશ્ચય શુદ્ધદશા પ્રગટે છે ત્યારે પૂર્વે આવો શુભરાગ હોય છે તેનું જ્ઞાન કરાવે છે, પણ શુભથી શુદ્ધભાવ થતો નથી. નિમિત્ત અથવા વ્યવહાર કોનો ? કે જ્યારે પોતામાં નિશ્ચય ધર્મ પ્રગટ કરે છે ત્યારે શુભરાગને વ્યવહાર કહેવાય છે. અનાદિનો મિથ્યાદ્રષ્ટિ જીવ પુણ્યમાં ને નિમિત્તોમાં રુચિ રાખીને રખડતો હતો. તે હવે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને યોગ પામી વિવેક કરે છે કે શરીર આદિ છે, શુભાશુભભાવો તે વિકાર છે, જ્ઞાનનો ઉઘાડ તે અંશ છે, આત્મા અંશ જેટલો નથી. આમ વિકાર રહિત અખંડ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે સમ્યગ્દર્શન-જ્ઞાન છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પનો અભાવ કરી પોતામાં નિશ્ચય શ્રદ્ધા પ્રગટ કરે છે ને પોતાનો સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ પ્રગટ થાય છે ને સ્વને જાણતાં રાગનું જ્ઞાન અસદ્ભૂત ઉપચારથી કરે છે. રાગ પોતાનું સ્વરૂપ નથી પણ તે જ્ઞેય છે. હું અખંડ જ્ઞાયક છું, એમાં અંતર એકાગ્રતારૂપી ક્રિયાને પ્રચંડ કરવાથી એટલે કે ચૈતન્ય તરફ વળતાં પોતાની જ્ઞાનપર્યાયને ચૈતન્યમાં અભેદ કરી છે. ચૈતન્યઅગ્નિ ઉજાળી પ્રચંડ કરી છે. આમ નિશ્ચય સ્વાનુભવ પ્રગટ થાય છે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રના રાગાદિને વ્યવહાર કહેવાય છે. નિશ્ચય ન પ્રગટે તો વ્યવહાર નામ પામતું નથી. વળી નિશ્ચય અને વ્યવહાર સાથે હોય છે, આગળપાછળ હોતાં નથી. સાધકદશામાં સાધકભાવ ને બાધકભાવ સાથે રહેલા છે, અમુક શુદ્ધનો ભાગ છે ને અમુક શુભનો ભાગ છે. જ્ઞાનકાંડ તે નિશ્ચય રત્નત્રય છે ને ક્રિયાકાંડ તે વ્યવહાર રત્નત્રય છે. આવી રીતે વ્યવહાર રત્નત્રયના બુદ્ધિપૂર્વક વિકલ્પનો અભાવ કરીને પોતાના સ્વભાવમાં ઉગ્ર પુરુષાર્થ કરે છે તે આત્માનો અનુભવ કરે છે.

*

# પ્રસાદ નં. ૨૫૫

## <u>પ્રવચનસાર પરિશિષ્ટ</u>

(અષાડ સુદ ૧૦, શનિવાર)

## <u>પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ અનુકૂળ છે, પરપદાર્થો અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ.</u>

શિષ્યે એમ પૂછ્યું હતું કે આત્મા કોણ છે કે જે જાણ્યે કલ્યાણ થાય ? આત્મા કોણ છે, તે કહેવાઈ ગયું છે. શાંતિ ને ધર્મ કેમ થાય ? તેનો ઉપાય શું છે ? તેનો ઉત્તર આપે છે. પહેલી વાત એ કરી કે અનાદિથી અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને પરવસ્તુ જે જ્ઞેય છે—જ્ઞાનમાં જણાવાયોગ્ય છે, તેની સાથે પ્રીતિ કરે છે. પરપદાર્થોથી લાભ થાય તેમ માનીને તેની મૈત્રી છોડતો નથી ને જ્ઞાનાનંદ સ્વભાવની મૈત્રી કરતો નથી. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. તેની અવસ્થામાં પુણ્ય-પાપ થાય છે, તે દોષ છે. તે દોષ તથા બીજા પદાર્થો આત્માથી પરચીજ છે. અજ્ઞાની પરચીજની મૈત્રી કરે છે. પર હોય તો ઠીક ને પર ન હોય તો ઠીક પડે નહિ તેવી મૈત્રીને મિથ્યાભાવ કહે છે. અનુકૂળ પદાર્થ જગતમાં હોય તો પોતાનો શુદ્ધ સ્વભાવ એક જ અનુકૂળ છે. પરચીજો અનુકૂળ-પ્રતિકૂળ નથી. પરચીજનો આત્મામાં અભાવ છે પણ અજ્ઞાની ભ્રાંતિ ઊભી કરીને પરને અનુકૂળ-પ્રતિકૂળ માની રાગ-દ્વેષ કર્યા કરે છે.

## <u>અનાદિથી મિથ્યાદ્રષ્ટિ જીવ જ્ઞેયો સાથે પ્રીતિ કરી મોહ-રાગ-દ્વેષ કર્યા કરે છે તેથી સંસારમાં રખડે છે.</u>

અહીં શિષ્ય પૂછે છે કે “હે પ્રભુ ! શાંતિ કેમ થાય ? અમો અનાદિકાળથી દુઃખી છીએ, સંસારમાં રખડીએ છીએ. અમારી અશાંતિ ટળી શાંતિ કેમ થાય ? અધર્મ ટળી ધર્મ કેમ થાય ? અકલ્યાણ કેમ ટળે ?”—એમ પૂછે છે. શ્રી ગુરુ જવાબ આપે છે કે ભાઈ, તું જ્ઞાનસ્વરૂપ છો. તારો સ્વભાવ જાણવા-દેખવાનો છે, તેને ભૂલીને તારામાં અનેક પ્રકારની જ્ઞપ્તિ–જાણવાની ક્રિયા થાય છે. તે જ્ઞાનપર્યાયો જ્ઞેયો સાથે મૈત્રી કરે છે. શરીર, મન, વાણી તથા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર સાથે મૈત્રી કરે છે તેને મિથ્યાદર્શન કહે છે. તે અનંત સંસારનું કારણ છે. તેને હિત-અહિતનું ભાન નથી. પરને મેળવું તો લાભ થાય, પરને દૂર કરું તો ઠીક પડે—એવી એવી માન્યતા કરે છે. તેને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે, તેની ખબર નથી. વળી સાચા દેવ-ગુરુનો સંયોગ મળે પણ જો તેનાથી લાભ માને તોપણ

મિથ્યાભાવ છે. કારણ કે તેઓ પણ આત્માથી પર છે. ઘણા જીવો તો કુદેવ કુગુરુના નિમિત્તે સંસારમાં રખડે છે. તેઓ કહે કે રાગ ઘટાડો, દાન કરો, બાહ્ય દયા કરો, ને આટલા પૈસા ખરચી નાખો. આમ પ્રરૂપણા સાંભળી અજ્ઞાનીને તે વાત પહેલેથી બેઠી તો હતી ને આવી વાત સાંભળતાં પોતાના અજ્ઞાનના કારણે તે જ વાત દ્રઢ કરે છે, પણ પૈસા પરવસ્તુ છે તેનાથી લાભ-નુકશાન નથી. પોતે રાગ ઘટાડે તો પુણ્ય છે પણ ધર્મ નથી. ધર્મ તો ચૈતન્યસ્વભાવથી થાય છે, એ વાત તેને બેસતી નથી ને પરવસ્તુ સાથે મૈત્રી કરી મિથ્યાત્વને સેવે છે ને ભ્રાંતિના લીધે રખડે છે. તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.

## પોતાના જ્ઞાનસ્વભાવના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન કરે છે ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભરાગ નિમિત્ત હોય છે તેથી કર્મકાંડથી જ્ઞાનકાંડ પ્રચંડ કર્યો એમ કહેવાય છે.

અનાદિનો મિથ્યાદ્રષ્ટિ જીવ સાચા દેવ-ગુરુ પાસે જઈ પોતાનું હિત કેમ થાય, તેનો ઉપાય શું, તે પૂછે છે. હિત કહો, શ્રેય કહો, સ્વતંત્ર કહો, કલ્યાણ કહો, શ્રેયનો માર્ગ કહો, સુખી થવું છે, કહો એ બધું એક જ છે. તેનો ઉપાય કહે છે.

‘‘પરંતુ હવે જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી’’ તેનું સ્પષ્ટીકરણ—પ્રથમ તો તે જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરે છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન વર્તે છે ને વીતરાગદશા વર્તે છે, તે સાચા દેવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથદશા વર્તે છે તે ગુરુ જ છે ને અનેકાંતને બતાવનારાં સાચાં શાસ્ત્ર છે એમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ કરવી જોઈએ ને તેમના દ્વારા વસ્તુસ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ. દેહ, મન, વાણી, કર્મ આત્માથી પર છે, રાગ-દ્વેષ વિકાર છે, વિકારથી રહિત આત્મા શુદ્ધ સ્વભાવી છે ને તેના આશ્રયે ધર્મ છે એમ પ્રથમ વ્યવહાર જાણપણું કરવું જોઈએ. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા છોડવી જોઈએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ પણ વ્યવહાર છે, પુણ્ય છે. હવે તે તરફનો વિકલ્પ છોડી તે શુભભાવ પણ હું નથી, હું તો જ્ઞાતાદ્રષ્ટા છું, દેહની ને જડની ક્રિયા વિનાનો, પુણ્ય-પાપ વિનાનો, શાંતસ્વરૂપ છું એવાં શ્રદ્ધા-જ્ઞાન કરે તો કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડ પ્રચંડ કર્યો કહેવાય છે. આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતાથી કલ્યાણ થાય છે, બીજી રીતે કલ્યાણ નથી. સાધકદશામાં સાચા દેવ-ગુરુ પ્રત્યેનો રાગ હોય છે ખરો પણ તેથી કલ્યાણ નથી. કલ્યાણ છે એમ ક્યાંય કહ્યું હોય તો તે નિમિત્ત બતાવવા કહ્યું છે, એમ સમજવું.

## પરપદાર્થોમાં ને પાપમાં સુખબુદ્ધિ ને પુણ્યથી ધર્મ છે એ માન્યતા અનાદિનો મોહ છે.

“અનાદિ પૌદ્‌ગલિક કર્મરચિત મોહને વધ્ય-ઘાતકના વિભાગ જ્ઞાનપૂર્વક જુદો કરવાને લીધે.....”

આત્મા વધ્ય છે–હણાવાયોગ્ય છે ને મોહ ઘાતક છે એટલે હણનાર છે. અનાદિના પુદ્‌ગલકર્મના નિમિત્તે થતા મોહને તથા આત્માને જ્ઞાનપૂર્વક જુદો પાડે છે. તે મોહ કેવો છે ? મોહ પ્રવાહરૂપે અનાદિથી છે. ને જીવ નવો નવો મોહ કરે છે તેમાં જડ કર્મ નિમિત્ત છે. સ્ત્રી, કુટુંબ, પૈસામાં સુખ છે ને પુણ્યમાં ધર્મ છે, એ માન્યતા મોહ છે. પૂર્વનાં પુણ્યથી આપણે સુખી છીએ—એમ માનવું તે ભ્રાંતિ છે. પુણ્યકર્મ ને તેના નિમિત્તે મળતા સંયોગો જડ છે. તેમાં પ્રીતિ કરે, પરથી લાભ માને, બૈરાં—છોકરાં સારાં હોય તો ઠીક પડે, ખાનપાન સારાં હોય તો ઠીક પડે. શરીર નિરોગી હોય તો ઠીક પડે એમ માનનાર પોતાને નમાલો માને છે. ચૈતન્ય અખંડ જ્ઞાનસ્વભાવી હું છું તેવી પ્રતીતિ કરતો નથી. પર ચીજો આત્માને લાભ-નુકશાન કરતી નથી. તીર્થંકર દેવના સમવસરણમાં અનંતવાર ગયો પણ તીર્થંકરદેવ ધર્મ પમાડી શક્યા નહિ કારણ કે તીર્થંકર પર છે. તે ધર્મ પમાડે નહિ પણ પોતે પામે તો તીર્થંકરને નિમિત્ત કહેવાય. અજ્ઞાની જીવ કહે છે કે :

**<u>પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ચાર દીકરા,</u>**
**<u>ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર.</u>**

આમ મોહથી સંસારના પદાર્થોમાં સુખ માન્યું છે. વળી ધર્મના નામે કદાચ બાહ્ય દયા, દાન, વ્રત, તપ કરે ને તેમાં રાગ ઘટાડે તો પુણ્ય છે, પણ તેનાથી લાભ માને તો મિથ્યાત્વ છે. કુગુરુઓએ ધર્મની વાત સોંઘી કરી નાખી છે. આટલા રૂપિયા દાનમાં આપો તો ધર્મ થઈ જશે એમ કહીને દયા-દાનમાં ધર્મ બતાવે છે. “પુણ્ય-પાપ રહિત આત્મા સમજવામાં ઘણો પુરુષાર્થ જોઈએ, એ આપણાથી થઈ ન શકે” એમ બતાવી અજ્ઞાની ગુરુએ પૈસા ખરચવાનું ને દયા-દાન-વ્રત-તપ કરવાનું બતાવ્યું તે અજ્ઞાનીને તુરત બેસી જાય છે, તેથી તેવાં નિમિત્તોમાં પ્રીતિ કરે છે, પણ શરીર જડ છે, તે ધર્મને મદદ કરે નહિ, દયા-દાન શુભભાવ છે તેથી લાભ નથી. લાભ પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનથી છે તે વાત કોઈ રીતે અજ્ઞાનીને બેસતી નથી. તેને કહે કે લાડવામાં મીઠાશ એટલે સુખ નથી તે માને ? ન જ માને. તે કહે કે પ્રત્યક્ષ સુખ દેખાય છે ને ? પૈસા ધૂળ છે—માટી છે, તેમાં સુખ

નથી. દયા-દાન વિકૃત સ્વરૂપ છે. પુણ્યથી લાભ થાય નહિ, પાપથી સુખ હોય નહિ છતાં અજ્ઞાની પુણ્ય-પાપમાં સુખ માને છે તે જ ભ્રાંતિ ને સંસાર છે.

## પર્યાયબુદ્ધિ આત્મા વધ્ય છે—હણાવાયોગ્ય છે ને મોહ ઘાતક છે એટલે હણનાર છે.

પરચીજમાં લાભ-નુકશાન માનવાની તથા પુણ્યથી ધર્મ માનવાની જે આત્માની યોગ્યતા થઈ તે આત્મા વધ્ય છે—હણાવાયોગ્ય છે, ને મોહ આત્માને હણનાર છે—ઘાતક છે. મિથ્યાત્વભાવ શાંતિનો હણનાર છે. અખંડ જ્ઞાનસ્વરૂપી હું ચૈતન્ય છું એવી અંતર એકાગ્રતા ચૂકીને નિમિત્તની મૈત્રીનો ભાવ આત્માને હણનાર છે. પરચીજથી લાભ માનવો, પરની રક્ષા કરી શકું છું, વગેરે ભાવ તે બધો મોહભાવ છે. અનંત શક્તિનો ભંડાર અંતરતત્ત્વ પડ્યું છે, તેને ન માનતાં નિમિત્તની મૈત્રી ને પુણ્યની મૈત્રી કરી તે પર્યાયબુદ્ધિ આત્મા હણાવાયોગ્ય છે ને તે મોહભાવ આત્માને હણે છે. અનાકુળ—શાંતરસને ઉત્પન્ન થવા દેતો નથી. આવા મોહમાં પુદ્ગલ કર્મ નિમિત્ત છે.

## શુદ્ધ ચૈતન્ય સ્વભાવને મોહ-રાગ-દ્વેષથી સમ્યક્‌ભેદજ્ઞાન વડે જુદો પાડે છે.

અનાદિના મોહનો નાશ કેવી રીતે કરે છે ? ‘વિભાગજ્ઞાનપૂર્વક જુદો કરવાને લીધે’ અહો ! આત્મા તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. શરીર, મન, વાણી જડ છે—પર છે. બીજા આત્માઓ સિદ્ધ, અર્હંત તથા ગુરુ તથા બૈરાં છોકરાં વગેરે આત્માથી પર છે ને રાગ-દ્વેષ હોવા છતાં રાગ-દ્વેષ જેટલો આત્મા નથી. આત્મા તો નિર્વિકારી જ્ઞાનસ્વરૂપ છે. પરમાં ભ્રાંતિ કરી સુખ માનું છું તે મારું સુખ નથી. હું તો અનાકુળ શાંત સ્વભાવી અનાદિઅનંત રહેનારો છું એવું ભાન કરી આત્મા તથા મોહનો વિભાગ કરે છે. બે ને જુદા પાડે છે. શુભાશુભભાવો વિકાર છે અને હું તો સાક્ષી છું, બધા પદાર્થોનો જાણનાર છું. ચૈતન્યસ્વભાવમાં કેવળજ્ઞાનરૂપી મૂડી ભરી છે. ‘**सिद्ध समान सदा पद मेरो**.’ આમ વિકાર વિનાની અંતરશક્તિ સિદ્ધના જેટલી પડી છે તે જ્ઞાનસ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન, એકાગ્રતાથી મિથ્યાત્વનો નાશ થાય છે. આ સિવાય બીજો ઉપાય નથી. આવી રીતે આત્મા ને મોહના વિભાગજ્ઞાનપૂર્વક અનાદિ પુદ્ગલકર્મરચિત મોહને જુદો કરે છે.

## સુખ માટે બહારમાં ને પુણ્યમાં મનના ઘોડા દોડાવ્યા પણ સમ્યક્જ્ઞાન થતાં ધર્મી જીવ શુદ્ધસ્વભાવ સાથે મૈત્રી કરે છે ને તેની સાથે સાદિ અનંત કાળ રહેવાના કોલકરાર કરે છે.

શુદ્ધ ચૈતન્ય સ્વભાવ સિવાય બીજું કોઈ શરણ નથી. પૈસાથી ધર્મ થતો નથી. પૈસા ખરચવામાં રાગ ઘટાડે તો પુણ્ય થાય પણ પુણ્યથી લાભ માને તો મિથ્યાત્વ થાય, માટે પુણ્ય શરણ નથી. અનાદિકાળથી જીવ પોતાના સુખ માટે બહાર શોધ કરે છે પણ ભાઈ, બહારમાં ક્યાંય સુખ નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ લક્ષ્મીનું શરણ શોધતો નથી તેથી દુઃખી થઈ રહ્યો છે. આનંદઘનજી ધર્મજિનેશ્વરના સ્તવનમાં કહે છે કે :

**દોડત દોડત દોડિયો જેતી મનની રે જોડ, જિનેશ્વર !**
**પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ, જિનેશ્વર**
**ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું ભંગ ન પડશો હો પ્રીત જિનેશ્વર !**
**બીજો મનમંદિર આણું નહિ એ અમ કુળવટ રીત જિનેશ્વર..ધર્મજિનેશ્વર**

હે ધર્મનાથ ભગવાન = આત્માનો શુદ્ધસ્વભાવ તે જ ધર્મનાથ છે ને તે જ શરણનો દાતાર છે. હે શુદ્ધ સ્વભાવ, મારા સુખ માટે મારા મનના વિચારો, જ્યાં સુધી દોડાવ્યા ત્યાં સુધી દોડાવ્યે રાખ્યા પણ હવે ગુરુગમ દ્વારા મને પ્રતીતિ થઈ છે, મેં નક્કી કરેલ છે કે સુખ તો મારી નજીક રહેવાથી મળે તેમ છે, બહારમાં બીજા કોઈ સાથે મૈત્રી કરવાથી મળે તેમ નથી. અધૂરી દશામાં પાપથી બચવા શુભભાવ આવે છે પણ તેમાં સુખ કે ધર્મ નથી. તેથી હે શુદ્ધ સ્વભાવ ! તારાં ગાણાં ગાઉં છું ને તારી સાથેની પ્રીતમાં સાદિ અનંતકાળ સુધીમાં ક્યાંય ભંગ પાડીશ નહિ. અનંત તીર્થંકરો, કેવળીઓ આ જ વિધિથી મોક્ષે ગયા છે. જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ સ્વભાવ એ એક જ અમારી ચીજ છે. પુણ્ય-પાપ અમારી ચીજ નથી તેથી જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ સ્વભાવ સિવાય બીજા કોઈને મારામાં દાખલ થવા દઈશ નહિ, જ્ઞાનસ્વભાવની રુચિ સિવાય પુણ્યની કે નિમિત્તની મૈત્રી થવા દઈશ નહિ. એ અમારી કુળવટની રીત છે. સિદ્ધ ભગવાન, તીર્થંકરો વગેરે થયા એ અમારું કુળ છે. તેઓ શુદ્ધ સ્વભાવના આશ્રયે મોક્ષે ગયા છે એથી અમારી કુળવટની રીત એ જ છે તેથી બીજા કોઈ પણ પુણ્ય ને વ્યવહારને મારા મનમાં આણીશ નહિ. આમ ધર્મી જીવ પોતાના શુદ્ધ સ્વભાવ સાથે કોલકરાર કરે છે ને વિકલ્પ ઊઠ્યો છે તેનો ઉપચાર ધર્મજિનેશ્વર ઉપર કરેલ છે.

આવી રીતે જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી ભેદજ્ઞાનપૂર્વક આત્માને મોહથી જુદો પાડે છે.

## આત્માનુભવના પ્રભાવથી પરિણતિ આત્મામાં નિશ્ચળ હોવાથી ધર્મી જીવ શાંત સમુદ્રની માફક અતિ નિષ્કંપ રહે છે.

“પોતે કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો.”

આવી રીતે ધર્મી જીવે પોતાની પરિણતિ સ્થિર કરી છે, તે કોના પ્રભાવ વડે? કોઈ નિમિત્તના પ્રભાવ વડે કે વ્યવહાર રત્નત્રયના અનુભવના પ્રભાવ વડે કહ્યું નથી. આવાં નિમિત્તોને મેળવું તો નિશ્ચળ થાઉં એમ કહ્યું નથી પણ ‘કેવળ’ આત્માના અનુભવના પ્રભાવ વડે નિશ્ચળ કરેલ છે. કેવળ શબ્દ ઉપર વજન છે. પરથી લાભ થાય, નિમિત્તોથી ધર્મ થાય એવા મોહના પ્રભાવ વડે નહિ, દયા-દાનના અનુભવ વડે નહિ. કેવળ = માત્ર આત્માના શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા એ જ આત્માનો અનુભવ છે. તેના પ્રભાવ વડે પોતાની પરિણતિ સ્થિર કરી છે. જેવી રીતે સમુદ્ર શાંત હોય છે ત્યારે સ્થિર દેખાય છે તેમ જ્ઞાનીની પરિણતિ પોતાના શુદ્ધ સ્વભાવ સાથે અભેદ થતાં પોતે અતિ નિષ્કંપ-સ્થિર-કોઈપણ પ્રકારની વૃત્તિના ઉત્થાન વિનાનો–શાંત રહે છે.

સંસારમાં અનાદિકાળથી જીવને ઊંધી ટેવ પડી ગઈ છે. જે બળદો જોતરે જોડાવાને ટેવાઈ ગયા હોય છે તે જોતરું ઉંચું કરવામાં આવતાં તુરત માથું જોતરામાં નાખી દે છે તેમ સંસારનો ડાહ્યો ગણાતો પુરુષ, છોકરા ના પાડતા હોય તોપણ, દુકાન ને વ્યવહારનાં કામમાં માથું માર્યા કરે છે ને સંસારરૂપી જોતરે જોડાય છે. ને કહે કે અમારે હાથે બહુ કામ થયાં છે, અમોને તે ફાવી ગયું છે, એમ સંસારમાં જે ટેવ પડી ગઈ હતી ને તેમાં રચ્યોપચ્યો રહેતો તે હવે પલટો ખાય છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર રહેવાની ટેવ પાડે છે. શરીરાદિ પરપદાર્થો હું નહિ, પુણ્ય-પાપ ભાવો હું નહિ, હું તો જ્ઞાયક સ્વભાવી છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી પરિપૂર્ણ વીતરાગતા પ્રગટ કરે છે. કેવળ શુદ્ધાત્મામાં લીન રહે તો શાંત સમુદ્રની માફક સ્થિર રહે છે.

## મિથ્યાદશામાં જ્ઞાનપર્યાયો એક પછી એક નિમિત્તોમાં ને રાગમાં કુદડી ફર્યા કરતી તેથી આત્મા પરિવર્તન પામતો હતો તે હવે મોહનો અભાવ થવાથી અનંત જ્ઞાનપર્યાયોમાં વ્યાપીને આત્મા બિલકુલ પરિવર્તન પામતો નથી.

“એકી સાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને અવકાશના અભાવને લીધે બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી.” જ્ઞપ્તિ વ્યક્તિઓ = જ્ઞાનની

પ્રગટ દશાઓ. સંસારદશામાં જ્ઞાનની પ્રગટ દશાઓ શેમાં રોકાતી ? જુદાં જુદાં નિમિત્તોમાં રોકાતી હતી. જેમ કે આ છોકરો સારો છે. વહુ કંકુવર્ણે પગલે આવી છે ત્યારથી ઘરમાં સરખાઈ છે. ઘર ભર્યું ભર્યું રહે છે. પણ મૂર્ખ ! પૈસા, મકાન વગેરે વોંકળાની વેળુ (નદીની રેતી)ની જેમ માટી સમાન છે—તે પુદ્‌ગલ છે. તે તારું ઘર નથી. તારું ઘર તો ચૈતન્યમૂર્તિ—જ્ઞાનઘર છે. પણ મિથ્યાદશામાં ચૈતન્યનાં સાચાં શ્રદ્ધા-જ્ઞાનથી પોતે ખાલી છે ને ધર્મના નામે કહે છે ભગવાન અમોને તારી દેશે, 'હે ભગવન્ ! આ ભવોનાં દુઃખ અમારાથી સહ્યાં જતાં નથી માટે તું ઉગાર' ભગવાન કહે છે કે "પુણ્ય-પાપ રહિત શુદ્ધ ચૈતન્યનાં શ્રદ્ધા-જ્ઞાન કર, પુણ્ય-પાપની રુચિ છોડ. અમો તારવા સમર્થ નથી, તું પોતે તારો તરણતારણ ચૈતન્યદેવ છો" પણ તે વાત અજ્ઞાનીને બેસતી ન હતી ને કુગુરુ બહારથી ધર્મ મનાવી દે કે શત્રુંજય ને સમેતશિખર જવાથી ધર્મ થશે, પાંચ લાખ રૂપિયા ખરચી નાખો તો ધર્મ થશે, રાગ મંદ પાડો તો ધર્મ થશે–એમ વાત કરે ને અજ્ઞાનીને તે વાત બેસી જતી હતી તેથી તેની જ્ઞાનપર્યાયો એક પછી એક નિમિત્તોમાં ને પુણ્ય-પાપના ભાવોમાં ફેરફુદડી માર્યા કરતી હતી. જેમ એક પૂણી કંતાઈ ગયા પછી બીજી પૂણી સાંધે છે તેમ એક રાગ પછી બીજો રાગ, બીજા પછી ત્રીજો રાગ—એમ અનાદિથી જ્ઞાનપર્યાયો રાગમાં ને પરપદાર્થોમાં ઘૂમરી ખાતી હતી તેથી તે પરિવર્તન પામતો હતો. તે હવે કેવળજ્ઞાન થતાં પર્યાયો ઘૂમરી ખાતી નથી ને પરિવર્તન પામતી નથી. નિમિત્તો મારાથી જુદા છે, શુભાશુભભાવો મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છું એવા નિશ્ચળ સ્વભાવમાં પરિણતિ એકાગ્ર હોવાથી જ્ઞાનીનો આત્મા બહારમાં જતો નથી. સાચાં શ્રદ્ધા, જ્ઞાન ને પરિપૂર્ણ લીનતા હોવાથી પર તરફ ને પુણ્ય તરફ વળવાનો અવકાશ નથી. કારણ કે મોહનો નાશ કર્યો છે તેથી જાણનક્રિયા પર્યાયો પરમાં જતી નથી ને સ્વનો છેડો છોડતી નથી. કેવળજ્ઞાન પ્રગટ્યું હોવાથી આત્મા એકીસાથે જ બધી જ્ઞાનપર્યાયોમાં વ્યાપીને બિલકુલ પરિવર્તન પામતો નથી.

## શરીર, દ્રવ્યકર્મ તથા ભાવકર્મ ત્રણે કાયા તરફનું લક્ષ છોડી શુદ્ધ સ્વભાવમાં સ્થિર થવું તે કાયોત્સર્ગ છે.

આ સમજ્યા વિના પૌષધ, પ્રતિક્રમણ, સામાયિકાદિ સાચાં હોઈ શકે નહિ. "**तावकायं, ठाणेणं, मोणेणं, झाणेणं अप्पाणं वोसिरामि**" વગેરે પાઠ બોલી જાય પણ કાયોત્સર્ગ કોને કહેવો તેની ખબર વિના કાયોત્સર્ગ થઈ શકે નહિ. શરીર સ્થિર બેસે તેને કાયોત્સર્ગ કહેતા નથી. શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. પુણ્ય-

પાપના ભાવો તે પણ કાયામાં જાય છે. શરીર, કર્મ ને પુણ્ય-પાપ એમ ત્રણે કાયા તરફનું લક્ષ છોડી જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં સ્થિરતા કરવી તે કાયોત્સર્ગ છે. જેમ નાળિયેરના ઉપલાં છાલાં, કાચલી ને રાતડથી રહિત ધોળા ટોપરાનો ગોળો છે તેમ ભગવાન આત્મા ધોળા ટોપરા જેવો છે. શરીર ઉપલાં છાલાં છે, કર્મ કાચલી સમાન છે, પુણ્ય-પાપના ભાવ રાતડ છે, ને તે બધાથી રહિત આનંદકંદ મીઠો અમૃતમય આત્મા છે તેમાં સ્થિર રહેવું તે કાયોત્સર્ગ છે.

**બધા માટે સુખી થવાનો ઉપાય-પોતાના શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં એ એક જ ઉપાય છે.**

ભાઈ, ધીરો થઈને સાંભળ. અનંતકાળથી આત્મલક્ષે રુચિપૂર્વક આત્માની વાત સાંભળી નથી. કુગુરુ સંભળાવનારા મળ્યા તેથી તેની વાત ખસતી નથી. આખી વાત અવલદોમ છે. જગતમાં ધર્મના નામે વર્તમાનમાં ચાલતી વાતને અને આ વાતને પૂર્વ પશ્ચિમ જેટલો આંતરો છે, ક્યાંય મેળ ખાય તેમ નથી. માટે પરપદાર્થની ને પુણ્ય-પાપની રુચિ છોડ ને આત્મામાં એકાગ્ર થા.

અહીં કોઈ પ્રશ્ન કરે કે બાળજીવો માટે કોઈ બીજો રસ્તો બતાવો.

**સમાધાન :—**બાળજીવો માટે ખોરાક રોટલી, દાળ-ભાતનો હોય કે બીજી ન ખાવાલાયક વસ્તુનો હોય ? જેમ ખાવા માટે બધા જીવો માટે ખોરાક એક વસ્તુ છે તેમ આત્માના મોક્ષ માટે એક જ ઉપાય છે, બીજો ઉપાય નથી. જેમ હીરો હથેળીમાં લેતાં તેની ચમક તરવરે છે તેમ આત્મા જ્ઞાનમાં તરવરે છે. શિષ્ય પૂછે છે કે ''હે પ્રભુ ! અમારા જ્ઞાનમાં પર નિમિત્તો તરવરે છે. હું શુદ્ધ ચૈતન્ય છું, તે તરવરતો નથી. અમો ક્યારે આત્મપ્રભુને ભેટીએ ? અનાદિકાળથી પરને એટલે વિકારને ભેટી રહ્યા છીએ તો શુદ્ધ ચિદાનંદ આત્માને ક્યારે ભેટીએ ?'' એમ શિષ્યે પૂછેલું તેનો ઉત્તર આપે છે. ભાઈ, તારું સુખ તો તારી પાસે છે. ભગવાન, ગુરુ કે શાસ્ત્ર કાંઈ આપી દે તેમ નથી. અનંતા સિદ્ધો થયા તે પોતાની શક્તિ અંતર હતી તે પ્રગટ કરીને થયા છે.

**''चेतनरुप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ ।''**

મારું સ્વરૂપ સદા ચૈતન્યરૂપ, ઉપમા રહિત, નિરાકાર સિદ્ધસમાન છે.

તારું રૂપ તો સદા શુદ્ધ છે, સિદ્ધસમાન છે. નિમિત્તો, પુણ્ય-પાપની એકાગ્રતા છોડી, તારામાં શ્રદ્ધા કરી ઠર તો તને આત્મભગવાનનો ભેટો થશે.

## તારી નજરની આળસે તારું ચૈતન્યરૂપ નિહાળવું બાકી રહ્યું છે.

અજ્ઞાની જીવને આ વાત બેસતી નથી. એક આંખની પાંપણ ચલાવવાની જીવની તાકાત નથી છતાં માને કે જડનું કામ હું કરું છું, ચોપડા હું લખી શકું એમ માને છે, મારા વિના કોઈ બીજાથી થાય નહિ એમ માને છે. તેમાં જો રાતમાં પક્ષઘાત થયો તો બધું પડ્યું રહે છે. શરીરના પક્ષઘાતની આસ્થા આત્મા પલટાવી શકતો નથી તો પરનું ને ચોપડાનું કે દુકાનનું કરી શકું છું, એ માન્યતા જ મિથ્યા છે. આમ વેપારમાં પૈસા માટે મમતાના પરિણામ કર્યા કરે છે. ભાઈ, તું પૈસા ખાતો નથી પણ મમતા ખાય છે. તો આટલી બધી મમતા કોના માટે ? જ્યારે દયા-દાનાદિના પરિણામથી પણ ધર્મ તથા સુખ નથી તો પાપના પરિણામથી ને પરપદાર્થથી સુખ હોય એમ કેમ બને ? છતાં પાપથી ને નિમિત્તથી લાભ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. બહારના કામમાં પોતાને હોંશિયાર માને છે. ત્યાં તે પ્રકારનો રાગ ને પુરુષાર્થ કરે છે પણ એક રજકણ ફેરવવાની તાકાત આત્મામાં નથી માટે સ્વ તરફ પુરુષાર્થ કરી તારું ચૈતન્યનિધાન અંદર ભર્યું પડ્યું છે તેને જો. તારી નજરની આળસે તારું રૂપ નિહાળવું બાકી રહ્યું છે. પર ચીજ તારામાં નથી. જે ચીજ તારામાં નથી તેની મૈત્રી શું ? જ્યાં તું નથી ને જેમાં તું નથી એવી પરચીજની મૈત્રી શું ? તું તારામાં ને તે તેમાં—માટે એકવાર ચૈતન્યને નિહાળ.

## જ્ઞાની જ્ઞેયભૂત પદાર્થોને જાણી લ્યે છે પણ કોઈપણ જ્ઞેય પ્રત્યે તેને પ્રીતિ વર્તતી નથી.

અહીં તો શિષ્ય સમજીને ઉપાય કરે છે ને પોતાની પરિણતિ પોતામાં સ્થિર કરે છે. ને તે પરિવર્તન પામતો નથી, ત્યારે શું થાય છે તે વાત કરે છે. નિષ્કંપ રહેવું, પરિવર્તન ન પામવું, બાહ્યપદાર્થ સાથે મૈત્રી ન થવી, અંતર્મુખ થવું—વગેરે સમજાવવાનો ક્રમ છે.

''ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થ વ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી.''

મિથ્યાત્વદશામાં પરમાં સુખબુદ્ધિ હતી ત્યારે અનેક બાહ્યપદાર્થો સાથે મૈત્રી પ્રવર્તતી હતી. હવે પોતાનાં જ્ઞાન ને સુખ પોતામાં છે એમ નક્કી કરીને પરિપૂર્ણ દશા પ્રગટ થતાં બહારમાં વલણ જતું નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં બધા જ્ઞેયભૂત પદાર્થો—દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર જેમ છે તેમ જણાય છે. જેમ અરીસામાં બધી વસ્તુ જણાય છે તેમ ચૈતન્ય અરીસામાં મકાન, દાગીના, કપડાં, સમેતશિખર, શેત્રુંજય—બધું જણાઈ જાય છે ને પોતાના જ્ઞાન-સ્વરૂપની બહાર

નીકળવાનો અભાવ થયો છે. તે જ્ઞેયોને જાણશે ખરો પણ એ પદાર્થોથી મને લાભ થશે તેમ માનશે નહિ. ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાનના ધ્વનિથી લાભ થશે તેવી માન્યતા નથી તેથી તેની સાથે મૈત્રી થતી નથી. કારણ કે તે જાણે છે કે વાણી પર છે, વાણીથી જ્ઞાન થતું નથી પણ જ્ઞાનસ્વભાવ અંતર શક્તિરૂપ પડ્યો છે તે વ્યક્ત થાય છે. ચૈતન્યની ખાણ ખોદતાં જ્ઞાન પ્રગટે છે. વીતરાગદશા ન થાય ત્યાં સુધી રાગ આવે છે પણ રાગ અને નિમિત્તથી લાભ માનતો નથી, પણ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવથી લાભ માને છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને ગૃહસ્થદશામાં સ્ત્રી, કુટુંબાદિ હોય છે પણ તેને લાભદાયક માનતો નથી. વિષયોમાં સુખબુદ્ધિ ધર્મી જીવને હોતી નથી. આસક્તિ થઈ જાય છે પણ આસક્તિથી ને નિમિત્તોથી લાભ માનતો નથી. આમ દ્રષ્ટિનું ચક્ર સવળું થયું છે તેથી તેને કોઈ પણ જીવ પ્રત્યે મૈત્રી પ્રવર્તતી નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર ને સાક્ષાત્ ભગવાનની વાણી પ્રત્યે પ્રીતિ વર્તતી નથી. કેવળજ્ઞાન પ્રગટી ગયું હોય તેને પછી કાંઈ જાણવાનું બાકી નથી પણ નીચલી દશાવાળો સાધકદશાથી માંડીને કેવળજ્ઞાન સુધીની દશાનો ક્રમ સમજે છે.

## <u>જ્ઞાની પોતાના જ્ઞાતાસ્વભાવમાં વિશેષ પુરુષાર્થ લાવી સ્થિર થતાં રાગ-દ્વેષનો નાશ કરે છે.</u>

"અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાના લીધે અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા, પૌદ્ગલિક કર્મને રચનારા રાગ-દ્વેષ-દ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો."

અજ્ઞાનદશામાં આત્મવિવેક ન હતો. ભગવાન જાણે ! આત્મા શું હશે ? હાલે ચાલે ને બોલે તે આત્મા—એમ માનતો, અથવા તો શુભાશુભભાવ તે આત્મા, એમ માનતો હતો. પણ ભાઈ, શરીર, મન, વાણી વગેરે જડ પરમાણુની અવસ્થા છે. શુભાશુભભાવ વિકાર છે. આત્મા શરીર, મન, વાણીથી રહિત અને વિકારથી પણ રહિત શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે, એમ ભાન કરી, પોતામાં સુસ્થિત રહે છે. પ્રથમ બહિર્મુખ વલણ હતું. હવે અંતર્મુખ વલણ કરવાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી. આ જગતમાં કોઈ વસ્તુ અનુકૂળ કે પ્રતિકૂળ છે જ નહિ. હું તો જ્ઞાતા છું. આમ દ્રષ્ટિ થવાથી પરને અનુકૂળ માની રાગ કરવાનો ને પ્રતિકૂળ માની દ્વેષ કરવાનો રહ્યો નહિ. પણ પોતાના સ્વભાવમાં સારી રીતે સ્થિત રહે છે. તેથી રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી ને નવાં જડ કર્મો બંધાતા નથી. આને રાગ-દ્વેષની પરિણતિ દૂર કરી કહેવાય છે. રાગને દૂર કરી શકાતો નથી પણ પોતાના સ્વભાવમાં સ્થિર થતાં રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી એને રાગ-દ્વેષ દૂર કર્યા કહેવાય છે.

આનું નામ જ્ઞાનની ક્રિયા. આ ધર્મની ક્રિયા જે ક્રિયાના ફળમાં વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટે. આમાં આત્માનો અનુભવ થયો તે મોહનો વિભાગ થયો. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે હોય છે ને કુદેવાદિ નિમિત્તરૂપે હોતા નથી. છતાં સાચાં દેવ-ગુરુથી લાભ થયો માનતો નથી. વળી "અત્યંત અંતર્મુખ થયેલો" શબ્દમાં અત્યંત ઉપર વજન છે. સ્વમાં ઉગ્રપણે ઢળેલો—જે પાછો ન ફરે પણ વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ કરે તેવો.

## જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માની પ્રાપ્તિ આ એક જ અપૂર્વ છે.

"પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે."

અનાદિકાળથી અનંતા ભવો કર્યા. નરકના, કીડીના, કાગડાના, કૂતરાના, સ્વર્ગના, મનુષ્યના ઘણા ભવો કર્યા પણ ક્યાંય જ્ઞાનાનંદ આત્માનો અનુભવ થયો નહિ. દ્રવ્યલિંગી મુનિપણું ધારણ કર્યું ને સ્વર્ગમાં ગયો તે અપૂર્વ નથી. અનંતવાર એવા ભવ કર્યા છે ને સંયોગ મળ્યા છે તે અપૂર્વ નથી. વળી ધર્મના નામે વ્રત, તપ, ક્રિયાકાંડ કર્યા તે અપૂર્વ નથી. અપૂર્વ શું છે ? જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માની પ્રાપ્તિ થવી તે અપૂર્વ છે. કેવો છે આત્મા ? **જ્ઞાન ને વીતરાગી આનંદસ્વભાવી આત્મા છે. તેની શ્રદ્ધા-જ્ઞાન કરી વીતરાગી પર્યાય પ્રગટ કરવી તે અપૂર્વ છે.**

આ આત્માની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખી આત્માના જ્ઞાનકાંડથી મોહનો નાશ થાય છે. **આને ભગવાનનો ભેટો કહે છે, ભગવાનનો સાક્ષાત્કાર કહે છે.** સિદ્ધ ભગવાન ઉપરથી નીચે દર્શન દેવા આવતા નથી પણ **ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં પરિપૂર્ણ શુદ્ધપર્યાય પ્રગટ થવી તે ભગવાનને ભેટ્યા કહેવાય છે.**

## જુઓ, આચાર્ય ભગવાન ઉલ્લાસમાં સાગમટે નોતરૂં આપે છે કે જગતના સર્વે જીવો જ્ઞાનાનંદ પરમાત્મદશાને પ્રાપ્ત કરો જ.

"જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ" અહીં હવે આચાર્ય ભગવાન ઉલ્લાસમાં આવી સાગમટે નોતરૂં આપે છે. જગત એટલે જગતમાં રહેનારા હે આત્માઓ ! પુણ્ય-પાપ રહિત આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી શુદ્ધ આત્માને અનુભવો ને પરમ આનંદદશાને પ્રાપ્ત કરો જ. ત્રણ પ્રકારના આત્મા છે.

૧. જે જીવ શરીરની ક્રિયા તથા વિકારને આત્માનાં માને છે તે બહિરાત્મા છે.

૨. શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. વિકાર આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો જ્ઞાનાનંદસ્વભાવી છે એવાં શ્રદ્ધા-જ્ઞાન થયાં છે પણ હજી અલ્પરાગ વર્તે છે તે સાધક જીવ અંતરાત્મા છે.

3. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ઉપરાંત પરિપૂર્ણ લીનતા કરી વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પ્રગટ કરે છે તે જીવ પરમાત્મા છે.

અહીં આચાર્ય ભગવાન કહે છે કે હે જીવો ! **આ પરમાત્મપદને જરૂર પ્રાપ્ત કરો જ. ન થાય તેમ કહેશો નહિ, મૂંઝાશો નહિ, પરમાત્મા જરૂર થાઓ. બહિરાત્મપણું છોડી, જેવો આત્મા છે તેવાં શ્રદ્ધા-જ્ઞાન કરી અંતરાત્મપણું પ્રગટ કરી વિશેષ પુરુષાર્થ લાવી પરમાત્મદશાને પ્રાપ્ત કરો જ.** આમ આચાર્ય ભગવાનનો આદેશ ને ઉપદેશ છે. પ્રાપ્ત કરો જ. 'જ' શબ્દ ઉપર વજન છે. એટલે જરૂર પ્રાપ્ત કરો. જરૂર એ જ પરમદશાને અનુભવો—એ એમનો ઉગ્ર પુરુષાર્થ બતાવે છે.

*

## અજ્ઞાનીની અજ્ઞાનદશા ને જ્ઞાનીની જ્ઞાનદશા વચ્ચે આંતરો.

(વ્યાખ્યાનો ઉપરથી સારાંશ)

પ્રાપ્તિના પ્રકારની રીતમાં પ્રથમ આચાર્ય ભગવાને સંસારનું કારણ બતાવેલ હતું ને પછી સંસાર ટાળવાનો ને શુદ્ધ આત્માની પ્રાપ્તિનો પ્રકાર બતાવ્યો. તેનો સાર નીચે મુજબ છે.

૧ (અ) અજ્ઞાની જીવને મોહભાવના છે તેમાં અનાદિ પુદ્‌ગલકર્મ નિમિત્ત છે. (અજ્ઞાનીમાં 'અનાદિ' શબ્દ વાપરેલ છે તે અજ્ઞાન અનાદિથી છે, એમ બતાવે છે.)

(બ) જ્ઞાનીને જ્ઞાનકાંડ પ્રચંડ છે એટલે જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા છે. તેમાં કર્મકાંડ (વ્યવહાર રત્નત્રય) નિમિત્ત છે. ને જ્ઞાનકાંડથી અનાદિ કર્મરચિત મોહને જુદો કરે છે. (જ્ઞાનીમાં 'હવે' શબ્દ વાપરેલ છે. તે સાદિ એટલે સમ્યક્ જ્ઞાનની શરૂઆત બતાવે છે.)

૨ (અ) અજ્ઞાની જીવને મોહભાવનો પ્રભાવ છે.

(બ) જ્ઞાનીને આત્માના અનુભવનો પ્રભાવ છે.

3 (અ) અજ્ઞાનીની આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાય છે.

(બ) જ્ઞાનીની આત્મપરિણતિ નિશ્ચળ રહે છે.

૪ (અ) અજ્ઞાની તોફાની સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થાય છે.

(બ) જ્ઞાની શાંત સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહે છે.

૫ (અ) અજ્ઞાની ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞાનપર્યાયો વડે પરિવર્તન પામે છે.

(બ) જ્ઞાની એકી સાથે જ અનંત જ્ઞાનપર્યાયોમાં વ્યાપીને પરિવર્તન પામતો નથી.

૬ (અ) અજ્ઞાનીને જ્ઞાનપર્યાયોનાં નિમિત્તો એવા જ્ઞેયભૂત પદાર્થો સાથે મૈત્રી પ્રવર્તે છે.

(બ) જ્ઞાનીને જ્ઞાનપર્યાયોનાં નિમિત્તો એવા જ્ઞેયભૂત પદાર્થો સાથે ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી.

૭ (અ) અજ્ઞાનીને આત્મવિવેકનો અભાવ છે.

(બ) જ્ઞાનીને આત્મવિવેક સુસ્થિત થયો છે.

૮ (અ) અજ્ઞાની અત્યંત બહિર્મુખ છે.

(બ) જ્ઞાની અત્યંત અંતર્મુખ થયેલો છે.

૯ (અ) અજ્ઞાની રાગ-દ્વેષરૂપે પરિણમે છે.

(બ) જ્ઞાની રાગ-દ્વેષરૂપે પરિણમતો નથી.

૧૦ (અ) અજ્ઞાનીને નવાં પુદ્‌ગલકર્મો બંધાય છે.

(બ) જ્ઞાનીને નવાં પુદ્‌ગલકર્મો બંધાતા નથી.

૧૧ (અ) અજ્ઞાનીને આત્મપ્રાપ્તિ દૂર જ છે.

(બ) જ્ઞાની અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.

*

## પ્રવચનસાર પરિશિષ્ટ

(અષાડ સુદ ૧૧, રવિવાર)

## “ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવમાં પ્રતીતિને લીનતા કરવાથી પરમાત્મદશા પ્રાપ્ત થાય છે.”

આત્માની પ્રાપ્તિનો ઉપાય કહ્યો. આત્મા અંતરંગમાં શુદ્ધ સ્વભાવી છે પણ અવસ્થામાં વિકારભાવ કરી પરવસ્તુથી લાભ માની જે મોહ કરે છે તે જીવને શુદ્ધ સ્વભાવનું ભાન નથી. વર્તમાન પર્યાયમાં રાગ-દ્વેષ વડે ખંડખંડ અવસ્થા થાય છે.

તેની રુચિ છોડી તથા પરવસ્તુની રુચિ છોડી પરથી લાભ થાય તેવી માન્યતા છોડી ધર્મીજીવ અખંડ જ્ઞાનસ્વભાવી આત્માની પ્રચંડ જ્ઞાનદ્રષ્ટિ કરીને મોહને જુદો કરે છે. એકલા ચૈતન્ય સ્વભાવમાં જ વીર્યને રોકવાથી પરિણતિ નિશ્ચલ રહે છે ત્યારે પોતામાં અતિ નિષ્કંપ રહે છે ને જ્ઞાન પર્યાય પોતા તરફ વળવાથી પર વસ્તુની મૈત્રી છૂટી જાય છે. તેનો આત્મ વિવેક સુસ્થિત થાય છે. અજ્ઞાનદશામાં પરવસ્તુથી લાભ માનીને બહિર્મુખ થતો તે દ્રષ્ટિ છોડીને હું જ્ઞાતા છું, જ્ઞાનથી ભરેલો છું એવી અંતર્મુખ દ્રષ્ટિ થઈ, અંતર્મુખ વળ્યો તેથી રાગ-દ્વેષની પરિણતિ ઉત્પન્ન થતી નથી. તે અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવની પ્રાપ્તિ કરે છે. કેવો છે આત્મા ? વિકાર સ્વભાવી આત્મા નથી. પરનું ભલું ભૂંડું કરે તેવો આત્મા નથી. પરથી, ભલું ભૂડું થાય એવો આત્મા નથી. રાગ-દ્વેષ તો દુઃખ છે. દુઃખ રહિત અંતરજ્ઞાનાનંદ ભગવાન આત્માની પ્રતીતિ ને રમણતા કરવાથી અત્યંતપણે પ્રગટ યુક્ત દશાને પામે છે. આ ઉપાય કહ્યો.

## "ત્રણે કાળ મોક્ષનો ઉપાય એક જ છે."

"જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ." આચાર્ય ભગવાન આદેશ આપે છે કે હે જીવો ! આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે, તેને તમો પામો. લોકો પૈસામાં આનંદ માને છે, પુણ્ય-પાપમાં આનંદ માને છે, પણ તેમાં આનંદ નથી. લોકો આત્માને પુણ્ય સ્વભાવી, પરનું કરવારૂપ સ્વભાવી, પરથી લાભ ઉઠાવે તેવા સ્વભાવી, શરીર સ્વભાવી માને છે પણ તે માન્યતા ભ્રમ છે. પરથી લાભ થાય તેવું બહિરાત્મપણું છોડી, અંતરાત્મપણું પ્રગટ કરી, પરમાત્મદશા પ્રગટ કરી, અશરીરી સિદ્ધ દશાને પ્રાપ્ત કરો જ. પૂર્વે કેવળી તથા સિદ્ધ થયા એ આ જ ઉપાયથી થયા છે. વર્તમાન મહાવિદેહમાં આ રીતે કેવળી થઈને તીર્થંકરપદે બિરાજે છે ને સિદ્ધદશા પ્રાપ્ત કરે છે. ને ભવિષ્યમાં પણ આ જ ઉપાયથી પરમાત્મદશાને પ્રાપ્ત કરશે.

## "હે ભવ્યજીવો ! તમો પણ પરમ આનંદ દશાને પ્રાપ્ત કરો જ."

અહીં આચાર્યભગવાન ઉપદેશ કરતાં આદેશ પણ આપે છે કે હે ભવ્યજીવો તમો પણ જ્ઞાનાનંદ સ્વભાવને પ્રાપ્ત કરો જ. "આપ મુએ સબ ડૂબ ગઈ દુનિયા" માટે તમો તમારું કરો. પોતાના શુદ્ધ સ્વભાવના અવલોકનની આળસે સંસાર હતો પણ જેવો શુદ્ધ સ્વભાવ દ્રષ્ટિમાં લીધો કે તુરત જ દ્રષ્ટિ અપેક્ષાએ સંસારનો નાશ થયો ને તે પરમાત્મા જરૂર થવાનો. અહીં આચાર્ય ભગવાનને ચૈતન્યનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા વર્તે છે. પોતે પરમાત્મા થવાના જ એવી નિઃશંકતા વર્તે છે. જરા

શુભ વિકલ્પ ઊઠ્યો એટલે તમો બધા પણ આ પરમાત્મદશાને પામો એમ ઉલ્લાસપૂર્વક કહ્યું છે. જેમ સાકરની ઉપર જરા મેલ દેખાય તે સાકરનું સ્વરૂપ નથી. મીઠાશ ને ધોળાશ વગેરે ગુણોનો પિંડ તે સાકર છે તેમ દયા, દાન, વ્રત, વિકલ્પો ઉપર ઉપર દેખાય છે તે મેલ છે, ઉપાધિ છે. તે રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ અમૃતરસથી ભરેલો છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન ને મોક્ષદશાને પ્રાપ્ત કરો. આચાર્ય ભગવાન બધા જીવોને સંબોધે છે. આ બધાય જીવો પરમાત્મા થઈ શકશે કે નહિ એવી શંકા તેમને ઉઠતી નથી. કારણ કે આચાર્ય ભગવાન પોતે પરમાત્મદશાને પ્રાપ્ત કરવાના છે એવી નિઃશંકતા તેમને વર્તે છે તેથી બહારમાં પણ કથન એ પ્રકારે આવેલ છે.

## “બહારના પદાર્થોનું આત્મા કાંઈ કરી શકતો નથી. દ્રષ્ટિ ફેરવ ને સ્વભાવ દ્રષ્ટિ કર. સુખનો એક જ ઉપાય છે.”

અહીં કોઈ પ્રશ્ન કરે કે અમારે બહારનું કરવું કે પરમાત્મા થવું ?

**સમાધાન :—**ભાઈ, પ્રથમ દ્રષ્ટિ ફેરવ. બહારનું, શરીરનું, પૈસાનું, કુટુંબનું થવું તારે આધીન નથી. જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપ વિકારમાં લાભ માનવાની દ્રષ્ટિને છોડ ને જ્ઞાનાનંદ સ્વભાવની દ્રષ્ટિ કરતા પરમાત્મપદની પ્રાપ્તિ થશે. અહીં આચાર્ય ભગવાને લક્ષ્મીને પ્રાપ્ત કરો એમ કહ્યું નથી, મનુષ્ય કે સ્વર્ગના ભવો પ્રાપ્ત કરો એમ કહ્યું નથી. શુભાશુભ ભાવોને પ્રાપ્ત કરો એમ કહ્યું નથી, તમો અધૂરા રહો એમ કહ્યું નથી પણ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરો, એમ કહ્યું છે કારણ કે શરીરાદિ પર છે, તેમાં સુખ નથી. પુન્ય-પાપના ભાવો શુભ વિકાર છે, એ અધર્મભાવ છે. એ વિનાનું કાયમી તત્ત્વ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. એવાં શ્રદ્ધા-જ્ઞાન કરો તો પરમાત્મપદને પામશો. આ એક જ ઉપાય છે બીજો ઉપાય નથી. “એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ” પરમાર્થને પામવાનો રસ્તો એક જ છે, બે નથી.

અહીં શ્લોક પણ છે :—(પા. ૪૪૯—૪૫૦)

(અર્થ :—આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્ય સરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે. જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહા જ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે. ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જનો સ્યાત્કાર, લક્ષણ જિનેશ શાસનના વશે પામો (–સ્યાત્કાર જેનું ચિન્હ છે એવા જિન ભગવાનના શાસનનો આશ્રય કરીને પામો).

## "કેવું છે સ્વતત્ત્વ ? સ્વતત્ત્વ આનંદને અમૃતના પુરથી ભરચક વહેતી નદીમાં ડૂબેલું છે...."

(૧) કેવું છે સ્વતત્ત્વ ! આનંદમૃતના પુરથી ભરચક વહેતી કેવલ્ય સરિતામાં જે ડૂબેલું છે, અર્હન્ત તથા સિદ્ધ ભગવંતો અંતરદ્રષ્ટિના અવલંબનથી પરમાત્મદશાને પામ્યા છે. જેમ નદીનું મીઠું પાણી વહ્યે જાય છે, તેમ મુક્તિરૂપી નદીમાં આનંદરૂપી અમૃતનું પૂર ભરચક વહ્યે જાય છે. દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ ઝેર છે, અમૃત નથી માટે તેનાથી રહિત ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા કર. વર્તમાન પર્યાયમાં દુઃખ હોવા છતાં ત્રિકાળી સ્વભાવમાં આનંદ છે. વર્તમાન પર્યાયમાં ઉપાધિ હોવા છતાં ત્રિકાળી સ્વભાવ નિરુપાધિમય છે. વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં ત્રિકાળી સ્વભાવ પરિપૂર્ણ શુદ્ધ છે. જગતના જીવો વિષયોમાં આનંદ માને છે તે આનંદ નથી, તે ઝેરનો આનંદ છે, સુખ નથી, જેમ ચોમાસામાં નદી બે કાંઠે વહે છે તેમ સ્વભાવ ભરચક ભરેલો છે. કૈવલ્ય સરિતામાં ચૈતન્ય રત્ન ડૂબેલું છે તેમાંથી તે બહાર નીકળતું નથી. આ સ્વતત્ત્વને ઓળખીને રમણતા કરો.

## (૨) જેમાં (સ્વતત્ત્વમાં) લોકાલોકને જોવાને સમર્થ એવી મહાજ્ઞાનરૂપી લક્ષ્મી મુખ્ય છે.....

(૨) "જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદન રૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે." કેવું છે સ્વતત્ત્વ ! જેમાં કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી ભરી છે, જે લોકાલોકને જોવાને સમર્થ છે, સિદ્ધ ભગવાનને તથા અર્હંતને પ્રગટ થયેલ છે તેથી તેઓ જગતને પ્રત્યક્ષ જાણે છે. આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ અનંતા ગુણો છે પણ તેમાં જ્ઞાનગુણ મુખ્ય છે. તે સ્વ-પર પ્રકાશક છે. પોતાને જાણે છે ને પરને પણ જાણે છે.

## (3) "જે ઉત્તમ રત્નના કિરણ જેવું સ્પષ્ટ છે, ઇષ્ટ છે ને આનંદમય છે."

(૩) "ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા સ્વતત્ત્વને" જેવી રીતે ઉત્તમ રત્નના કિરણ સ્પષ્ટ હોય છે. તેમાં ડાઘા હોતા નથી. તેમ શુદ્ધાત્મ તત્ત્વ પણ વિકાર રહિત સ્પષ્ટ છે. માટે પરની તેમ જ વિકારની રુચિ છોડ. વળી સ્વતત્ત્વ જ આત્માને ઇષ્ટ છે. પુણ્ય-પાપના ભાવો ઇષ્ટ નથી, નિમિત્તો ઇષ્ટ નથી. લોકાલોકને જોવું તે ઇષ્ટ નથી પણ સ્વતત્ત્વ ઇષ્ટ છે. આનંદથી, ભરેલી નદીમાં સ્વતત્ત્વ એકમેક થયેલું છે. એવા સ્વભાવને પામો.

## "સ્યાત્કાર લક્ષણવાળું જિનેશ શાસન."

"એવા સ્વતત્ત્વને જનો સ્યાત્કાર લક્ષણ જિનેશ શાસનના વશે પામો." હે જનો ! આવા સ્વતત્ત્વને સ્યાત્કાર ચિન્હવાળા જિન ભગવાનના શાસનનો આશ્રય કરીને પામો. સ્યાત્કાર = કોઈ અપેક્ષાએ કથન કરવું તે, દ્રષ્ટાંતો :—આત્મામાં દુઃખ લાગે છે ને ? કોઈ અપેક્ષાએ બરાબર છે. વર્તમાન પર્યાયમાં દુઃખ હોવા છતાં સ્વભાવમાં દુઃખ નથી. સ્વભાવમાં સુખ છે. આત્મામાંસ અશુદ્ધતા દેખાય છે ને ? જવાબ—કથંચિત્ વર્તમાન પૂરતી છે. ત્રિકાળ સ્વભાવમાં સંસાર નથી. ભય પામીશ નહિ. અમો દુઃખી છીએ ને? કથંચિત્ વર્તમાન પૂરતા દુઃખી છો સ્વભાવમાં દુઃખી નથી.

આ પુણ્ય-પાપ દેખાય છે ને ? કથંચિત્ ક્ષણિક વર્તમાન પૂરતો દેખાય છે. સ્વભાવમાં પુણ્ય-પાપ નથી.

જે વખતે પર્યાયમાં દુઃખ છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવ સુખથી ભરેલો છે.

જે વખતે પર્યાયમાં અશુદ્ધતા છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવ શુદ્ધતાથી ભરેલો છે.

જે વખતે પર્યાયમાં અલ્પજ્ઞતા છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવ સર્વજ્ઞતાથી ભરેલો છે.

જે વખતે પર્યાયમાં ક્રોધ છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવ ક્ષમાનો દરિયો છે.

જે વખતે શરીરના સંયોગરૂપે દેખાય છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ શરીરના સંયોગરહિત છે.

જે વખતે કર્મના સંયોગરૂપે દેખાય છે તે જ વખતે ત્રિકાળી સ્વભાવ કર્મના સંયોગ રહિત છે.

આમ અપેક્ષા બરાબર સમજવી જોઈએ. આત્માનું તત્ત્વ પરિપૂર્ણ, શુદ્ધ, અસંગ છે.

પણ વર્તમાન અમોને એવું પ્રગટ ભાસતું નથી ને ? કથંચિત્ પર્યાયમાં ભાસતું નથી, પણ અંતરમાં અનંત શક્તિ ભરેલી ભાસે છે.

નિમિત્ત વિના ભાસતું નથી ને ? ખોટી વાત છે તું સદાય નિમિત્ત વિનાનો છો. તું નિમિત્તનો આશ્રય લ્યે તો પણ તે કથંચિત્ છે. સ્વભાવમાં નિમિત્તનો આશ્રય નથી.

આત્મતત્ત્વ સર્વથા વિકારી હોય તેમ બને નહિ કારણ કે સ્વભાવમાં વિકાર નથી.

આત્મ તત્ત્વ સંસાર અવસ્થામાં સર્વથા અવિકારી હોય તેમ બને નહિ, કારણ કે પર્યાયમાં વિકાર છે. ભાઈ સાહેબ ! અમો તો પામર છીએ ને ? કથંચિત્ પર્યાયમાં પામરતા છે. સ્વભાવમાં પામરતા નથી પણ પ્રભુતા છે. પામરતા પર્યાયમાં કબૂલી છે તે જ વખતે સ્વભાવમાં પ્રભુતા છે એવી શ્રદ્ધા કરે તો પામરતા ટળીને પ્રભુતા થશે.

બૈરાં છોકરામાં, પૈસામાં આનંદ દેખાય છે તેવો આનંદ પ્રત્યક્ષ દેખીએ તો માનીએ ? પ્રથમ નક્કી કર કે તે આનંદ નથી પણ આકુળતા ને દુઃખ છે. તે કથંચિત્ સમય પૂરતા છે. ત્રિકાળ સ્વભાવમાં શુદ્ધતા, અભેદતા, અખંડતા ભરેલી છે. એવી શ્રદ્ધા કર, આ જ માર્ગ છે.

## "તેવા આનંદમય સ્વતત્ત્વને સ્યાત્કાર ચિન્હવાળા જિન ભગવાનના શાસન દ્વારા પામો."

શ્રીમદે કહ્યું છે કે 'સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો.' આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. તેનું લક્ષ કરીને જે જિનેશ્વર ભગવાનની આજ્ઞાને આધીન વર્તે છે એટલે કે તેમણે કહેલા સ્યાદ્વાદ, કથન મુજબ શ્રદ્ધા-જ્ઞાન કરે છે તેને ધર્મ થાય છે. પુણ્ય-પાપના ભાવો વિકાર છે, તે સમય પૂરતા છે. આત્મા તો વિકાર રહિત શુદ્ધ છે. તેના અવલંબનથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાનાનંદનું પૂર વહે છે. અનંતા સિદ્ધો થઈ ગયા છે, તેમને જ્ઞાનાનંદનું પૂર વહી રહ્યું છે, તારામાં એવું પૂર વહે તેવી શક્તિ છે. આવા લક્ષણ વડે લક્ષ્યને ઓળખો. 'સ્વરૂપ લક્ષે' કહ્યું છે.

અજ્ઞાની જીવો કહે છે કે જેમ તપેલાને કાટ ચડ્યો હોય તો સીંદરીથી ઘસીએ તો કાટ જાય તેમ અનાદિના નિદ્ધત ને નિકાચિત કર્મોનો કાટ આત્માને ચોંટ્યો છે, તે તપશ્ચર્યા વિના શી રીતે જાય ? એમ અજ્ઞાની દલીલ કરે છે.

ભાઈ, શુભ ભાવ તે તપ નથી. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરી તેમાં ઠરવું તે તપ છે ને ચારિત્ર છે. સમજ્યા વિનાનો તપ ફોતરાં ખાંડવા સમાન છે માટે પ્રથમ સાચાં શ્રદ્ધા-જ્ઞાન તો કરો પછી ક્રમે ક્રમે રાગ ટળી વીતરાગ દશા થશે.

**"સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,**
**તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,**

**અંતે થાય નિજસ્વરૂપમાં લીન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"**

સ્વરૂપનું લક્ષ રાખીને દેવાદિ, દેવ વસ્તુસ્વરૂપ શું કહે છે તે પ્રમાણે વર્તવું. વર્તમાનપર્યાયમાં વિકાર છે ને આત્મા ત્રિકાળ સ્વભાવે તો શુદ્ધ છે. સ્વભાવમાં રમણતા કરતો વિકાર ઘટતો જશે. અંતે વીતરાગતા ને કેવળદશાની પ્રાપ્તિ થશે. જેવી રીતે લક્ષણથી લક્ષ્ય પદાર્થ ઓળખાય છે તેમ અહીં સ્યાત્કાર લક્ષણ છે—અપેક્ષાથી કથનનું જ્ઞાન તે લક્ષણ છે ને લક્ષ્ય આત્મા છે એવા પ્રકારે સ્યાત્કાર ચિન્હ દ્વારા આત્માને ઓળખીને સ્વતત્ત્વને પામો.

(હવે, અમૃતચંદ્ર સૂરિ આ ટીકાના રચનાર છે, એમ માનવું યોગ્ય નથી. એવા અર્થના કાવ્ય દ્વારા યથાર્થ વસ્તુ સ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વ પ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે.)

## શ્લોક ૨૦

(અર્થ :—) (ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્મા તેમને પરિણમાવી શકતો નથી. તેમ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે—પ્રમેયપણે પરિણમે છે. શબ્દો તેમને જ્ઞેય બનાવી—સમજાવી શકતા નથી માટે) "આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવા યોગ્ય) છે, વાણીથી ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે" અને અમૃતચંદ્ર સૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે. એમ મોહથી જનો ન નાચો (–ન ફુલાઓ). (પરંતુ) સ્યાદ્વાદ વિદ્યાના બળથી, વિશુદ્ધ જ્ઞાનની કળાવડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (–પરમાનંદ પરિણામે પરિણમો).

## આત્મા શબ્દોને પરિણમાવતો નથી,
## પુદ્‌ગલો સ્વયં શબ્દરૂપે પરિણમે છે.

આચાર્ય ભગવાન કહે છે કે "અમોએ આત્માને વાણી દ્વારા કહ્યો તે વાત સાચી નથી. ચૈતન્યના સ્વરૂપને શબ્દોથી વર્ણવવાની તાકાત આત્માની નથી, તે વાણીની તાકાત છે." આચાર્ય ભગવાન નિર્માની છે. માટે આમ કહે છે, એમ ન સમજવું. ત્રણે કાળ આત્મા વાણીનો કર્તા નથી. આત્મા તો જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે. કોઈ કહે કે 'આ ટીકાના રચનાર અમો છીએ" તો તેમ માનવું યોગ્ય નથી. ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્મા તેમને પરિણમાવી શકતો નથી.

અહીં કોઈ પૂછે છે કે તો પછી ભીંતમાંથી અવાજ કેમ નીકળતો નથી?

**સમાધાન :—**ભાષાના કાળે ભાષા થાય છે. ભાષાનો પર્યાય ન થવાનો હોય તે ન થાય. જ્યારે પરિણમવાનો યોગ્ય કાળ હોય ત્યારે પરિણમે છે, આત્મા તેનો કર્તા નથી.

અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે અમારો કંઠ કેવો સારો છે ! અમો ભાષણ કરીએ ત્યારે હજારો માણસ ભેગા થાય ને સ્તબ્ધ થઈ જાય. પણ ભાઈ, એમ માનવું તે ભ્રમ છે. આત્મા ચૈતન્ય અરૂપી પદાર્થ છે. પુદ્‌ગલ અચેતન, રૂપી પદાર્થ છે. આત્મામાં ભાષાની ખાણ નથી કે તે બોલે. બન્નેને અત્યંત અભાવ છે. જગતમાં ભાષાવર્ગણાના પરમાણુ પડ્યા છે તે શબ્દરૂપે પરિણમન કરે છે. આત્મા તેને પરિણમાવી શકતો નથી. આત્મા જ્ઞાન કરે અથવા અભિમાન કરે પણ ભાષાનું પરિણમન કરી શકે નહિ.

## શરીર, વાણી વગેરે પુદ્‌ગલનું પરિણમન છે

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની ઓમ ધ્વનિ જડ છે. રૂપી પુદ્‌ગલ છે, તેનું પરિણમન પુદ્‌ગલ પરમાણુના કારણે થાય છે. જડની પર્યાય આત્મા કરી શકતો નથી. અજ્ઞાની અહંકાર કરે છે. અહીં તો બીજું કહેવું છે કે જેમ ઝીણા લોટમાંથી મેસુબ બને છે ને જાડા લોટમાંથી મગજ બને છે તેમ ઝીણા પરમાણુમાંથી વાણી બને છે ને જાડા પરમાણુમાંથી શરીર બને છે. શરીર ને વાણીનો કર્તા પુદ્‌ગલ પરમાણુ છે. આત્મા તેનો કર્તા નથી.

અહીં કોઈ પૂછે કે જેવું બોલવા માગે તેવું આત્મા બોલી શકે ને ?

**સમાધાન :—**ભાઈ, તું ઇચ્છા કરી શકે છે પણ તારી ઇચ્છાની તાકાત નથી કે ભાષા કરી શકે ? ભાષા સ્વતંત્ર ને ઇચ્છા સ્વતંત્ર છે. આવા ભાન વિના અજ્ઞાની કહે કે અમો સામાયિક કરીએ, પૌષધ કરીએ, પ્રતિક્રમણ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ પણ ભાઈ, જે જીવ શરીરની કે વાણીની ક્રિયાનો સ્વામી થાય છે તે અજ્ઞાની છે, તેને ધર્મ થતો નથી. માટે આચાર્ય ભગવાન કહે છે કે અમોએ શાસ્ત્રની રચના કરી છે, એમ માનશો નહિ કારણ કે આત્મા શબ્દોને પરિણમાવી શકતો નથી.

## ભગવાનની ઓમ ધ્વનિ પણ પદાર્થોને જ્ઞેય બનાવી—સમજાવી શકતી નથી.

ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે પરિણમે છે. શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી. શબ્દમાં તાકાત નથી કે તે આત્માને સમજાવે. પણ જ્ઞાન વડે આત્મા સમજી શકાય એવો છે માટે તારા જ્ઞાનપર્યાય વડે તારા આત્માને પ્રમેય બનાવ. શબ્દોના કારણે જ્ઞાન થાય તે વાત કોઈ રીતે બની શકતી નથી.

શબ્દ તો પુદ્ગલની પર્યાય છે ને સમજણ તે આત્માની જ્ઞાનપર્યાય છે. જો શબ્દથી જીવ સમજતો હોય તો ઘણા તીર્થંકરો થઈ ગયા તેનાથી બધા સમજી જવા જોઈએ પણ એમ બનતું નથી. પોતે સમજે તો વાણીને નિમિત્ત કહેવાય.

જ્ઞાનમાં તાકાત છે કે તે આત્માને પ્રમેય બનાવે.

વાણીમાં તાકાત નથી કે તે આત્માને પ્રમેય બનાવે.

પુણ્ય-પાપની તાકાત નથી કે તે આત્માને ખ્યાલમાં લાવે.

ભગવાનની વાણી જ્ઞાન કરાવી આપે એવી તાકાત વાણીમાં નથી.

જ્ઞાન આત્મામાં છે, વાણીમાં નથી. આમ વસ્તુસ્વરૂપ સમજે તો કામ આવે.

## આત્માસહિત બધા પદાર્થો વાણી દ્વારા સમજવા યોગ્ય થાય એવી તે પદાર્થોની લાયકાત નથી.

"આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવા યોગ્ય છે) એમ મોહથી જનો ન નાચો."

આ જગતમાં આત્મા સહિત છ દ્રવ્યો છે. તે વાણીથી સમજાવવા યોગ્ય છે, એમ મોહથી ન નાચો. તે પદાર્થો જ એવા છે કે તે વાણીથી પ્રમેય બની શકે તેવા નથી. પદાર્થો વાણીથી સમજાવવા યોગ્ય છે એમ ન માનો. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને વસ્તુસ્વરૂપ બનાવ્યું નથી પણ જેવું સ્વરૂપ છે તેવું જાણ્યું ને વાણી દ્વારા આવ્યા. તે વાણીમાં એમ આવ્યું કે વાણી દ્વારા સમજવા યોગ્ય થાય તેવો આત્મા નથી. પુદ્ગલ વગેરે બીજાં દ્રવ્યો પણ વાણી દ્વારા સમજવા યોગ્ય થાય તેવાં નથી, પણ તે પદાર્થો જ્ઞાન દ્વારા જાણી શકાય—પ્રમેય થઈ શકે એવા છે. જે પદાર્થો જ્ઞાન દ્વારા જાણી શકાય—પ્રમેય થઈ શકે તે વાણી દ્વારા પ્રમેય થઈ શકે એમ કેમ બને ?–ન જ બને. માટે આત્મા સહિત છ દ્રવ્યો વાણીથી સમજાવવા યોગ્ય છે એવા મોહથી, હે જનો ! તમો ન કુલાઓ એટલે કે એવો મોહ તમો કરો નહિ.

## ભગવાનની વાણી પદાર્થોને સમજાવી શકે ને જ્ઞાન આપે એવી વાણીમાં તાકાત નથી.

"વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે એમ મોહથી જનો ન નાચો." વાણી તો ભાષા વર્ગણાનું પરિણમન છે. તે તો જડની પર્યાય છે ને સમજણ થવી તે આત્માની પર્યાય છે. બન્નેને અત્યંત અભાવ છે. માટે વાણીથી જ્ઞાન થતું નથી પણ પોતાથી જ્ઞાન થાય છે, એમ સાચું જ્ઞાન કરો. વાણીથી જ્ઞાન થતું હોય તો

જેટલા વાણી સાંભળે તે બધાને સરખું જ્ઞાન થવું જોઈએ, પણ એમ બનતું નથી. વાણીથી સમજૂતી થાય છે એમ જ્યાંસુધી મિથ્યામાન્યતા જીવની રહે ત્યાંસુધી તેનું લક્ષ સદાય વાણી ઉપર જ રહ્યા કરશે. વાણી ઉપરનું લક્ષ છોડી પોતાના જ્ઞાનસ્વભાવ ઉપર લક્ષ કરવાનો પ્રસંગ આવશે નહિ ને તેને સાચું જ્ઞાન કદી થશે નહિ માટે વાણીથી સમજૂતી થાય છે એવા મોહથી જનો ન નાચો. એવા મિથ્યાભાવથી કુદકા ન મારો.

## આત્મા વાણી થતા અક્ષરનો કર્તા થઈ શકે એવી આત્મામાં તાકાત નથી.

"અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે એમ મોહથી જનો ન નાચો."

અહીં આચાર્ય ભગવાન કહે છે કે અમો સમજાવનાર છીએ એમ ન માનો. અમો આ શબ્દોના કર્તા નથી. પુદ્‌ગલ શબ્દરૂપે પરિણમે છે. આ પરમાણુઓ જગતના પદાર્થો છે. તેનામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થયા કરે છે. એક અક્ષર અનંતા પરમાણુની સ્કંધરૂપ અવસ્થા છે. તેના અમો પરિણમાવનાર નથી ને વાણી જે બોલાય છે તેના પણ અમો કર્તા નથી.

અહીં કોઈ કહે કે આવું તે હોય ! વ્યવહારે પણ ન બોલી શકાય ? આત્મા આ બોલે છે ને !

સમાધાન :—ભાઈ, આત્મા બોલતો નથી. બોલે તે આત્મા નહિ, બોલે તે બીજો. બોલે તે જડ. અજ્ઞાની જીવ કંઠનું, સૂરનું, ભાષાનું અભિમાન કરે છે. ભાષાનો કર્તા આત્મા નથી. આચાર્ય ભગવાન કહે છે કે અમોને વાણીના, શબ્દના કર્તા ન બનાવો. અમોને જડના કર્તા ન બનાવો. ભાષા ભાષાપણે છે ને આત્માપણે નથી, આત્મા આત્માપણે છે ને ભાષાપણે નથી. માટે આત્મા ભાષાનો કે અક્ષરનો કર્તા છે, અથવા અમૃતચંદ્રસૂરિ આ ટીકાના કરનાર છે એવા મોહથી જનો ન નાચો, એટલે કે એવો મોહ કરો નહિ.

## જ્ઞાન, પદાર્થ, વાણી ત્રણે એક સાથે હોવા છતાં સ્વતંત્ર છે, એકબીજાને પરાધીન નથી.

ધર્મી જીવને સ્વભાવમાં ઠરી ન શકે ત્યાંસુધી વિકલ્પ ઊઠે છે ને ભાષામાં આવે કે કુંદકુંદ આચાર્યભગવાનનો ને અમૃતચંદ્રાચાર્ય ભગવાનનો ઉપકાર ઘણો છે. એવી ભાષા ભાષાના કારણે નીકળે છે. જ્ઞાનમાં ભાષાનો અભાવ છે. જ્ઞાન-પદાર્થ ને વાણી ત્રણે છે ખરા, કોઈનો પણ અભાવ નથી, છતાં ત્રણે સ્વતંત્ર છે.

અમુક શબ્દો બોલાયા ત્યારે શબ્દ તથા પદાર્થને જાણનાર જ્ઞાન છે, પદાર્થ પણ છે ને શબ્દો પણ છે. ત્રણે સાથે હોવા છતાં એકબીજાને પરાધીન નથી, એમ અહીં કહેવું છે. નિમિત્તને લીધે વાણી નીકળી નથી. ઇચ્છાને લીધે વાણી નીકળી નથી પણ વાણી નીકળે ત્યારે જો ઇચ્છા હોય તો ઇચ્છાથી વાણી નીકળી એમ કથન કરવામાં આવે છે પણ ઇચ્છાથી વાણીનું પરિણમન થાય છે, એમ માની લેશો નહિ.

## <u>પ્રશંસા, નિંદા વગેરે જડની પર્યાયો છે, આત્મા તેનો કર્તા નથી, તેનાથી આત્માને લાભ-નુકશાન નથી.</u>

આમ જ્યારે આત્મા વાણીનો કે શબ્દરૂપે લખાયાની પર્યાયનો કર્તા નથી તો તેનાથી ઘણા દૂર વર્તતા પદાર્થોને દૂર કરી શકે કે લાવી શકે, તે વાત અશક્ય છે. અજ્ઞાની જીવ માને છે કે રીતભાત સારી હોય તો રૂપિયા ભેગા કરી શકાય. ધ્યાન રાખ્યું તો મોતીના દાણા જેવા અક્ષર થયા. પણ ભાઈ, એ બધી માન્યતા મિથ્યા છે. પરપદાર્થોનું પરિણમન આત્માને આધીન નથી માટે તેનું અભિમાન છોડ. વળી આમ નક્કી કરે તો ઘણું સમાધાન થાય. કોઈ જીવની પ્રશંસા ને નિંદા કરે તો વિચારે કે કોણ કોની નિંદા કરે ? પ્રશંસા કે નિંદાના શબ્દો તો જડની પર્યાય છે. તેને સામો જીવ કરી શકતો નથી. તે જડની પર્યાયને લીધે મને લાભ કે નુકસાન નથી. આમ સાચી સમજણ થતાં શાંતિ થાય છે. અજ્ઞાની જીવ જ્ઞાતાદ્રષ્ટા નહિ રહેતાં પ્રશંસા કે નિંદાથી મને આમ થયું એમ મિથ્યાત્વનાં લાકડાં ખોસે છે. અહીં આચાર્ય ભગવાન કહે છે કે આત્મા વાણીનો કર્તા છે એવા મોહથી ન નાચો.

## <u>અનેકાંત સ્વરૂપ સમ્યગ્જ્ઞાનના બળથી શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરી પરમ આનંદને અનુભવો.</u>

‘‘પરંતુ સ્યાદ્વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (–પરમાનંદ પરિણામે પરિણમો).’’

આત્મા વાણીનો કર્તા છે ને વાણીથી જ્ઞાન છે તેવો મોહ કરશો નહિ. પરંતુ સ્યાદ્વાદ વિદ્યાના બળથી ને વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આત્માનો અનુભવ કરો. આત્મા સ્વપણે છે ને પરપણે નથી; આત્મા આત્માપણે છે, વાણીપણે નથી; ભાષા ભાષાપણે છે, આત્માપણે નથી; અલ્પજ્ઞતા પર્યાયમાં હોવા છતાં સર્વજ્ઞ થઈ શકાય છે. વિકાર હોવા છતાં અવિકાર થઈ શકાય છે. એવી સ્યાદ્વાદવિદ્યાના બળથી અનુભવ કરો. જુઓ, અહીં શબ્દ ‘સ્યાદ્વાદવિદ્યા’ વાપરેલ છે. સ્યાદ્વાદ કથન કહ્યું

નથી. પણ અનેકાંત સમ્યગ્જ્ઞાન લીધું છે. નિમિત્તને તથા પુણ્ય-પાપને વેદવાની દ્રષ્ટિ છોડીને અખંડ સ્વભાવની દ્રષ્ટિ કરીને અનુભવ કરો. વર્તમાન પર્યાયમાં રાગ-દ્વેષ હોવા છતાં ને જ્ઞાનની પર્યાયમાં વ્યક્તરૂપે આખો આત્મા ભલે પ્રત્યક્ષ ન જણાય, છતાં આખો આત્મા શુદ્ધ પરિપૂર્ણ છે એવી પ્રતીતિ કરી શકાય છે. આમ અંતરજ્ઞાનમાં નક્કી કરેલ છે તેને વિશુદ્ધ જ્ઞાનકળા કહેવાય છે. જ્ઞાનકળા વડે સ્વતત્ત્વને પ્રાપ્ત કરો એમ કહ્યું છે પણ નિમિત્ત વડે, પુણ્ય-પાપ વડે, રાગ વડે, વાણી વડે પ્રાપ્ત કરો એમ કહ્યું નથી. જ્ઞાનકળા વડે આ એક આખા શાશ્વત નિરાકુળ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરીને આજે પરમાનંદ પરિણામે પરિણમો. પરમાં ન નાચો, મોહમાં ન નાચો, પુણ્યમાં ન નાચો, વાણીનું ને રાગનું અભિમાન છોડો, ને જ્ઞાનની દ્રઢતા કરો.

કોઈ કહે કે પંચમકાળ છે ને આવો પરમાનંદનો અનુભવ કરવાનું કેમ કહ્યું ?

સમાધાન :—ભાઈ, આ કળા સામે કોણ જુએ છે ? દ્રષ્ટિ અખંડ શુદ્ધ ચૈતન્ય ઉપર જ છે. પંચમકાળમાં સ્વરૂપ સમજાય તેવું નથી, એમ કહીને સ્વરૂપને જે જીવ કઠણ માને છે તે જીવોને પુણ્યની રુચિ એટલે કે જડની રુચિ છે, પણ આત્માની રુચિ નથી. આત્માનું સ્વરૂપ કઠણ કહેનારા અને પુણ્ય તથા જડનું કાર્ય સહેલું કહેનારા ને માનનારા બહિરાત્મા છે. તેથી આચાર્ય ભગવાન કહે છે કે મોહને છોડી સ્યાદ્વાદ વિદ્યાના બળથી પરમ શુદ્ધ આનંદ દશાને આજે જ પામો, એમ આશીર્વાદપૂર્વક આદેશ આપે છે.

*

# પ્રસાદ નં. ૨૫૭

## પ્રવચનસાર પરિશિષ્ટ

## સ્યાદ્વાદ વિદ્યા વસ્તુના અનેકાંત સ્વરૂપને બતાવે છે.

"પરંતુ સ્યાદ્વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો અવ્યાકુળપણે નાચો (પરમાનંદ પરિણામે પરિણમો)."

અહીં આચાર્ય ભગવાન આશીર્વાદપૂર્વક આદેશ આપે છે કે અનેકાંતરૂપી જ્ઞાનથી સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને પરમ આનંદને અનુભવો. કેવી છે સ્યાદ્વાદ વિદ્યા ? વર્તમાન વિકાર હોવા છતાં ત્રિકાળ સ્વભાવમાં વિકાર નથી. આત્મવસ્તુ એક હોવા છતાં અનંતાગુણોનો પિંડ છે ને અનંતા ગુણો હોવા છતાં વસ્તુએ એક છે. એક છે તે જ અનેક છે, અનેક છે તે જ એક છે. ત્રિકાળ સ્વભાવ નિર્મળ હોવા છતાં પર્યાયમાં મલિનતા છે. આત્મા દ્રવ્યદ્રષ્ટિએ કાયમ રહેનારો છે તે જ સમય સમયની અવસ્થાદ્રષ્ટિએ ક્ષણિક છે. આમ પર્યાયમાં વિકલ્પ દ્વારા જીવ નક્કી કરે છે તે વખતે રાગસહિત દેખાય છે તો પણ તે જ વખતે સ્વભાવ રાગરહિત છે. કોઈપણ પર્યાય લ્યો તો પર્યાય ગુણ વગર ન હોય ને ગુણ પર્યાય વગર ન હોય. આનું નામ સ્યાદ્વાદ વિદ્યાનું બળ અથવા અનેકાંત છે. તેથી જ્ઞાન વિશુદ્ધતા પામ્યું છે.

## અનેકાંત શ્રુતજ્ઞાનના બળ વડે શુદ્ધ આત્માને પામી પરમ આનંદને અનુભવો.

આવા અનેકાંતમય વિશુદ્ધ જ્ઞાનના બળથી આ એક, આ શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો પરમાનંદરૂપે પરિણમો. સમયે સમયે જે જ્ઞાનની પર્યાય દેખાય છે તે વડે એકાગ્ર થવાય છે પણ નિમિત્ત વડે કે પુણ્ય વડે એકાગ્ર થવાતું નથી. પરમેશ્વરે આત્મા બનાવ્યો નથી પણ બતાવ્યો છે. તેઓ કહે છે કે શરીર, સ્ત્રી, લક્ષ્મી આદિનો આત્મા ધણી નથી, પુણ્ય-પાપનો પણ ધણી નથી. પણ અંતર જ્ઞાન, આનંદાદિ લક્ષ્મી પડી છે તેનો આત્મા ધણી છે. એમ સમ્યગ્જ્ઞાન કળા વડે આખા સ્વતત્ત્વને પર્યાયમાં લક્ષમાં લ્યે ને દેહની ક્રિયા ને પુણ્ય-પાપની ક્રિયાની રુચિ છોડે તો સ્વતત્ત્વના આનંદનો અનુભવ થાય તેમ છે. ત્રિકાળી સ્વભાવ ઉપર વર્તમાન પર્યાય વડે દ્રષ્ટિ કરે તો આજે આત્માનું ભાન થઈ અંતર અનુભવ થઈ શકે એમ છે. વળી શાશ્વત સ્વ તત્ત્વ કહ્યું છે. ભૂતકાળમાં જ હતો એમ નહિ, તેમ જ

વર્તમાન જેટલો પણ નહિ પરંતુ ત્રણે કાળ શાશ્વત રહેનારો છે. વર્તમાન પર્યાય પૂર્ણ નહિ હોવા છતાં પૂર્ણને લક્ષમાં લ્યે છે. એક સમયની પર્યાયમાં આખું શાશ્વત દ્રવ્ય આવી જતું નથી છતાં એક સમયની પર્યાય આખા દ્રવ્યને પ્રતીતિમાં લ્યે છે એનું નામ સ્યાદ્વાદ છે. આવા જ્ઞાનના બળથી શુદ્ધ ચૈતન્યકંદ આત્માને પ્રાપ્ત કરી જનો પરમ આનંદદશા પ્રાપ્ત કરો એમ આચાર્ય ભગવાન આદેશ સાથે આશીર્વાદ આપે છે. **પણ જે સમજે તેને માટે આશીર્વાદ છે.**

(હવે કાવ્ય દ્વારા ચૈતન્યનો મહિમા ગાઈને, તે જ એક અનુભવવાયોગ્ય છે એમ પ્રેરણા કરીને, આ પરમ પવિત્ર પરમાગમની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.)

## કળશ ૨૧

**અર્થ :—**આ રીતે (આ પરમાગમમાં) અમંદપણ (જોરથી, બળવાનપણે, મોટે અવાજે) જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું. (અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે. જાણે કે કાંઈ હોમાયું જ ન હોય ! તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે.) તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે–ઉગ્રપણે અનુભવો (અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો) કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ) નથી, ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.

## આ પરમ આગમમાં દિવ્યધ્વનિનો સાર
## થોડો ઘણો બળવાનપણે કહેવાયો છે.

તીર્થંકર ભગવાનની વાણીમાં જે વસ્તુસ્વરૂપ આવેલું તે મહામુનિઓએ ઝીલેલું છે. કુંદકુંદાચાર્ય ભગવાન બે હજાર વરસ પહેલાં સીમંધર ભગવાનની વાણી સાંભળવા આઠ દિવસ મહાવિદેહક્ષેત્રમાં ગયા હતા. તે વાણી સાંભળીને ભરતક્ષેત્રમાં આવીને આ પરમાગમ બનાવેલ છે. તેથી ભગવાનની વાણીનો સાર આમાં છે એટલે કે પ્રવચનનો સાર છે. તેમાં જોરથી થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું છે. જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર, ચરણાનુયોગ અધિકારમાં ઘણું કહેવાઈ ગયું છે. આત્મા શરીરાદિથી પર છે, વિકાર તેનું સ્વરૂપ નથી. આત્મા તો જ્ઞાન આનંદ સ્વરૂપ છે, તેનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી મોક્ષ થાય તેમ છે, બીજો ઉપાય નથી. આ વીતરાગ માર્ગ એક જ છે, એમ જોરથી કહીએ છીએ, ધીમે ધીમે કહેતા

નથી. કોણ જાણે મોક્ષ કેમ થતો હશે ? આવી રીતે હશે કે આમ હશે ? એમ ડામાડોળ રાખતા નથી. પરથી કે પુણ્યથી ધર્મ નથી, વિકાર ક્ષણિક છે, આત્મા વિકાર રહિત છે તેનાથી જ ધર્મ છે. આ વસ્તુ આત્માથી પ્રત્યક્ષ પ્રગટ થયેલ છે, સર્વજ્ઞથી રજીસ્ટર થયેલ છે. આમ થોડુંઘણું કહેવામાં આવેલ છે.

## છતાં ચૈતન્યના મહિમા પાસે એ તત્ત્વનું વર્ણન તુચ્છતાને પામે છે.

છતાં પણ જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું તે જેમ અગ્નિમાં નાખવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય તેવી રીતે અનંત મહાત્મ્યવાળા ચૈતન્યસ્વરૂપી આત્મા એ સમસ્ત વર્ણનને ખાઈ જાય છે એટલે કે ચૈતન્યના મહિમા પાસે

અનુભવો, અંદર નજર કરો, નજર કરનારને નજરમાં લ્યો, દેખનારને (દ્રષ્ટાને) દ્રશ્ય બનાવો, જ્ઞાતાને જ્ઞેય બનાવો, શ્રદ્ધા કરનારને શ્રદ્ધેય બનાવો, પ્રબળપણે અનુભવો.

અહીં કોઈ કહે કે ભાઈસાહેબ, અમારે તો દાતણ વિના ન ચાલે, ચોખા વિના ન ચાલે, ચા વિના ન ચાલે, એવી અમારી સ્થિતિ છે. બૈરાં, છોકરાં, ધંધા પાણી અમોને ગળે વળગ્યા છે. તમો કહો છો કે અનંત લક્ષ્મીનો ભંડાર છે પણ અમોને તે લક્ષ્મી ક્યાંય નજરમાં આવતી નથી.

## પરનો ભરોસો છોડી આત્માની શક્તિનો ભરોસો કર, અનંત જીવો એ જ ઉપાયથી મોક્ષે ગયા છે.

સમાધાન :—એ બધી પરવસ્તુ વગર જ જીવે ચલાવ્યું છે પણ તે વિના ન ચાલે તેવી ઊંધી માન્યતા વગર ચલાવ્યું નથી. આત્માનું સ્વરૂપ સમજીને ઊંધી માન્યતા કાઢી નાખ. એક પરમાણુને ફેરવવાની તાકાત જીવમાં નથી. પરમાણુ પરમાણુના કારણે છે ને જીવ જીવના કારણે છે. તું પોતે અનંત શક્તિનો ધણી છો એવો ભરોસો આવતો નથી. જગતની બધી વસ્તુનો ભરોસો આવે પણ પોતાના આત્માની અનંત શક્તિનો ભરોસો આવતો નથી. જેટલા પરમેશ્વર થઈ ગયા તે પણ પ્રથમ સંસારદશામાં હતા, પ્રથમ ઊંધી માન્યતા હતી પણ પછી સાચી શ્રદ્ધા કરી. આત્મા દેહ, મન, વાણીથી રહિત, પુણ્ય-પાપથી રહિત શુદ્ધ છે એવાં શ્રદ્ધા, જ્ઞાન કરીને, સ્થિરતા કરીને, મોક્ષપદને પામ્યા છે. આ એક જ ઉપાય છે. કર્મને યાદ કરીશ નહિ. કોઈ કહે કે આ વિકાર થાય છે ને ? અરે ! વિકારને પણ યાદ કરીશ નહિ. વિકાર તારું સ્વરૂપ નથી, ક્ષણિક છે. તારા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને પ્રબળપણે અનુભવો.

અહીં કોઈ કહે કે આત્માને જ અનુભવવાનું કહો છો, બીજું કાંઈ કરવાનું નહિ ? પૈસા રળવાનુ, દયા કરવાનું, દાન કરવાનું, પૂજા કરવાનું કાંઈ નહિ ?

## પરની ક્રિયા આત્મા કરી શકતો નથી, શુભભાવ વિકારી ક્રિયા છે. શુદ્ધ આત્મા જાણવા-દેખવાની ક્રિયાવાળો છે.

**સમાધાન :—**ભાઈ, પરવસ્તુની ક્રિયા આત્મા કરી શકતો નથી. જે કરી શકતો નથી તે કરવાનું કેવી રીતે કહેવાય ? દયા, દાન, પૂજા વગેરેના ભાવો અથવા કમાવાના ભાવો ઊઠે છે તે બધા વિકાર છે, આકુળતાવાળા છે. જેમાં દુઃખ છે તે તારું ખરું સ્વરૂપ નથી માટે તેના ઉપરનું લક્ષ છોડી શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ કરી, સ્થિર થા ને એનો અનુભવ કર. જાણવા-દેખવાના સ્વભાવથી ભરેલો ધ્રુવ દરિયો છે. જેમ ગોળનો સ્વભાવ ગળપણ છે તેમ આત્માનો સ્વભાવ જાણવા દેખવાનો છે. તેમાં એકાગ્ર થઈ સ્થિર થા તો તેમાંથી શાંતિ પ્રગટ થશે. આ એક જ અભંગ, અચળ ઉપાય છે.

## શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એક જ ઉત્તમ વસ્તુ છે, બીજું કાંઈ ઉત્તમ નથી.

ચૈતન્યને અનુભવવાનું કહ્યું એનું કારણ એ છે કે આ લોકમાં બીજું કાંઈ ઉત્તમ નથી, ચૈતન્ય જ એક પરમતત્ત્વ છે.

૧. બૈરાં, છોકરાં, કુટુંબ, મકાન, લક્ષ્મી ઇત્યાદિ આ જગતના પદાર્થો ઉત્તમ ચીજ નથી. કારણ કે તે પરવસ્તુ છે.

૨. રાજાપણું મળવું, શેઠાઈ મળવી, મનુષ્યભવ મળવો, દેવના ભવો મળવા— તે પણ ઉત્તમ નથી કારણ કે તે પરવસ્તુ છે.

૩. ત્રિલોકનાથ પ્રભુ સર્વજ્ઞદેવ પોતાના માટે ઉત્તમ છે પણ બીજાને માટે ઉત્તમ નથી કારણ કે તે પરદ્રવ્ય છે.

૪. દયા-દાનના પરિણામ ઉત્તમ ચીજ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વનું વ્યવહાર જ્ઞાન, પૂજા, ભક્તિ, વ્રત આદિ કષાયમંદતાના પરિણામ– વ્યવહાર રત્નત્રય પણ ઉત્તમ નથી કારણ કે તે ઉપાધિભાવ છે— વિભાવભાવ છે, તે ચૈતન્યનું ખરું સ્વરૂપ નથી.

૫. કોઈ કહે કે મંગલિકમાં ચાર ઉત્તમ આવે છે, તે ઉત્તમ ખરા કે નહિ ? અર્હંત લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવલીપણતો ધમ્મો લોગુત્તમા. ચારે ઉત્તમ ખરા ?–ના. ચારેને જાણનારો ઉત્તમ છે.

૬. આખી ચૈતન્યવસ્તુ ઋદ્ધિથી ભરેલી છે, તેવી દ્રષ્ટિ કરીને અભેદ થયેલો શુદ્ધ ચૈતન્ય આત્મા એક જ ઉત્તમ છે. નિરુપાધિ સ્વભાવ, પુણ્ય-પાપની લાગણી વિનાનો શુદ્ધસ્વભાવ, જાણવા–દેખવાનો સ્વભાવ ભરપૂર ભરેલો છે એવો ચૈતન્યમય આત્મા એક જ ઉત્તમ છે.

અહીં આચાર્યભગવાને 'બીજું કાંઈ ઉત્તમ નથી' એમ નાસ્તિથી પહેલાં વાત કહીને છેવટે ચૈતન્ય જ એક પરમ તત્ત્વ છે એમ અસ્તિથી વાત કરીને આ મહાન પરમાગમ પ્રવચનસાર પૂરું કર્યું છે.

આ મહાન આગમમાં જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર ને ચરણાનુયોગચૂલિકામાં ઘણું કહેવાયું છે. વસ્તુનું સ્વરૂપ બહુ અલૌકિક રીતે કહેવાયું છે. વાદવિવાદ કરવાથી પાર આવે તેમ નથી માટે જેને શ્રેય કરવું હોય, કલ્યાણ કરવું હોય, મુદ્દાની રકમ હાથમાં લેવી હોય તે સર્વેનો સાર એ જ છે કે આત્મા શુદ્ધ ચૈતન્યકંદ છે. તેની રુચિ કરીને રમણતા કર, આ એક જ સાર છે. વ્યવહારની વાતો ઘણી આવે પણ વ્યવહારથી પરમાર્થ પમાતો નથી. નીચેના મુદ્દા ખાસ લક્ષમાં લેવા જેવા છે.

## (૧) પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાન ને આનંદસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરો જ.

(પૃષ્ઠ ૪૪૯) "પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે. જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ." દયા, દાન, વ્રત, તપના ભાવ ઘણીવાર કર્યા છે. પાંચ મહાવ્રતનું પાલન કરી દ્રવ્યલિંગ ધારણ કર્યું છે. તેના ફળમાં અનંતીવાર નવમી ગ્રૈવેયકે ગયો છે. સાધુપણા વખતે ઈન્દ્રાણી ડગાવે કે બીજા પરિષહો આવે તોપણ ડગે નહિ તેવું સાધુપદ પણ અપૂર્વ નથી. એવા ક્રિયાકાંડ તો ઘણીવાર કર્યા છે. રાજા ઘણીવાર થયો છે, ગૃહસ્થના ભવ કર્યા છે, નિર્ધન ને સધનના ભવ કર્યા છે, નરક ને નિગોદના ભવ કર્યા છે, તેમાં નવાઈ નથી.

સંસારના લોલુપી જીવને પાંચ પચીસ લાખ રૂપિયા મળ્યા ત્યાં તો માને કે 'હું પહોળો ને શેરી સાંકડી.' બાપા પાસે પૈસા ન હતા ને અમે અમારી કળાને લીધે કમાયા. આમ અભિમાન કરે છે. ભાઈ, એ જડનું અભિમાન કર નહિ એની પ્રાપ્તિ પુણ્યના યોગે થાય છે, તે અપૂર્વ નથી.

બીજો જીવ ધર્મના નામે કહે કે અમોએ વ્રત કર્યાં. પૂજા કરી, અમારા જેટલી તપશ્ચર્યા કોઈએ નહિ કરી હોય એવું અભિમાન કરે છે, પણ ભાઈ, એના કરતાં પણ વિશેષ ક્રિયાકાંડ કરીને નવમી ગ્રૈવેયકે અનંતી વાર ગયો તે અપૂર્વ નથી.

વિષયોમાં સુખ નથી, પુણ્યમાં સુખ નથી. તે આત્માનો સ્વભાવ નથી. આત્મા પોતે જ્ઞાન ને સુખ સ્વરૂપ છે એમ નક્કી કરીને અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવને અનુભવો. પૂર્વે એક વાર પણ અનુભવ્યો નથી માટે તે જ અપૂર્વ છે. અહો ભવ્ય પ્રાણીઓ ! આનંદને જન્મ આપનાર આત્માઓ ! તમો વિકારને જન્મ આપનાર નથી. શ્રદ્ધા, જ્ઞાન, આનંદ અંતરમાં છે તેની પ્રસુતિ કરો. પ્રથમ શ્રદ્ધા-જ્ઞાન કરી સ્વભાવ તરફ ઢળતાં પરમાત્મપદને પ્રાપ્ત કરો જ.

## (૨) મહાજ્ઞાનરૂપી લક્ષ્મીવાળા પ્રકાશ ને આનંદમય સ્વતત્ત્વને સ્યાત્કાર લક્ષણ જિનેશશાસનના વશે પામો.

(પૃષ્ઠ ૪૫૦) પ્રકાશમાન—આનંદમય સ્વતત્ત્વને જનો સ્યાત્કારલક્ષણ જિનેશ શાસનના વશે પામો.

કેવું છે સ્વતત્ત્વ ? મુક્તિ સરિતામાં ડૂબેલું છે, મહાજ્ઞાનરૂપી લક્ષ્મી જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું સ્પષ્ટ છે, ઇષ્ટ છે ને પ્રકાશમાન છે, એવા સ્વતત્ત્વને સ્યાત્કાર લક્ષણ જિનેન્દ્રના શાસનના વશે પામો. આચાર્ય ભગવંતનો અંતર પોકાર છે કે "પ્રાપ્ત કરો જ." કેવું છે અનેકાંત ? ગોળના રવા ઉપર જરા ધૂળ દેખાતી હોય તે તેનું સ્વરૂપ નથી, પણ અંદર ગોળ મીઠો ભર્યો છે તેમ વિકાર જરા ઉપર દેખાતો હોય તે આત્માનું સ્વરૂપ નથી પણ અંદર આત્મા અમૃતકુંભ છે.

પર્યાયે પલટતો છે, અંતર દ્રવ્ય સ્વભાવે કૂટસ્થ છે;

વસ્તુપણે એક છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અપેક્ષાએ અનેક છે.

પોતાપણે છે ને પરપણે નથી. પરથી અભાવ સ્વરૂપ છે.

કર્મ, શરીર, દેવ-ગુરુ-શાસ્ત્ર, બૈરાં, છોકરાં, લક્ષ્મી ઇત્યાદિથી અભાવ સ્વરૂપ છે ને પોતાથી પોતાના સ્વરૂપ છે.

આમ સ્યાત્કાર ચિહ્ન દ્વારા સ્વતત્ત્વને પામો.

## (3) સ્યાદ્વાદ વિદ્યાના બળથી શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરી પરમાનંદરૂપે પરિણમો.

(પૃષ્ઠ ૪૫૦) "સ્યાદ્વાદ વિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો અવ્યાકુળપણે નાચો."

અજ્ઞાની ચીજ શરીરના બળનું અભિમાન કરે છે, તે તો પર ચીજ છે. લગ્ન કરતી વખતે વરપક્ષવાળા ગાય છે કે લક્ષ્મીનો બળિયો લગ્ન કર્યા વિના પાછો ફરશે નહિ. (તે લક્ષ્મીના બળમાં તો કાંઈ માલ નથી ને લગ્નના ભાવ વિકાર છે, તેમાં સુખ નથી) તેમ અહીં કહે છે કે 'સ્યાદ્વાદ વિદ્યાનું બળ' પ્રાપ્ત કર્યું છે. તેણે પુણ્ય-પાપની રુચિ છોડી છે ને પોતાના સ્વભાવમાં જ્ઞાન જોડ્યું છે. તે પુણ્ય-પાપથી કે જગતના મેણાથી રોક્યો રોકાય તેવો નથી. જેમ દાગીનો વર્તમાની ઘડેલો દેખાય એટલું જ સોનું નથી, તે તો વર્તમાન પર્યાય છે. સોનું અખંડ પરિપૂર્ણ છે. તેમ વર્તમાન ઉઘાડ જેટલો આત્મા નથી. અંદર આત્મા અનંત અનંત શક્તિનો ભંડાર ભર્યો છે તેવી પ્રતીતિ જેણે સ્યાદ્વાદના બળથી કરી તે જીવ કોઈનો રોક્યો રોકાશે નહિ પણ મોક્ષલક્ષ્મીને જરૂર વરશે. એટલા માટે અહીં આચાર્ય ભગવાન કહે છે કે સ્વતત્ત્વને પ્રાપ્ત કરી પરમ આનંદરૂપે પરિણમો.

## ચિત્સ્વરૂપ આત્માને જ આજે ઉગ્રપણે અનુભવો.

(પૃષ્ઠ ૪૫૧) "તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે—ઉગ્રપણે અનુભવો."

આ શુદ્ધ ચૈતન્યનાં શ્રદ્ધા-જ્ઞાન કરી, પુરુષાર્થ કરી, લીનતા કરી, તેને અનુભવો. આજે જ અનુભવો. વાયદા કરશો નહિ. જુઓ, આચાર્ય ભગવંતના અપૂર્વ પુરુષાર્થના અપૂર્વ ભણકાર ને અપૂર્વ ઉપદેશ !

**આ ચારે બોલમાં આરાધકપણું કહ્યું છે, ઉગ્રપણું બતાવ્યું છે. તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિનો સાર મૂકી દીધો છે. હવે વખત ગાળો નહિ. નિમિત્ત વિકાર ને અંશની રુચિ છોડો ને સ્વભાવની રુચિ કરી સ્વભાવને આજે જ અનુભવો. આ પ્રમાણે આચાર્ય ભગવાનનો આદેશ, ઉપદેશ અને આશીર્વાદ છે.**

આમ (શ્રીમદ્ ભગવંતકુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત) તત્ત્વદીપિકા નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

*

આજે પ્રવચનસારજી પૂરું થતાં ધર્મપ્રેમી વૈરાગ્યવંત પંડિત ભાઈ શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે પરમ ઉપકારી શ્રી સદગુરુદેવશ્રીની 'સંસાર સાગર તારવા'વાળી સ્તુતિ ગાઈ હતી.

મંગલમય પ્રવચનકાર શ્રી સદગુરુદેવનો જય હો !

* * *